પ્રાચીન તીર્થોદ્ધારક આ. મ. શ્રી. વિજય

નીતિ હર્ષ. મહેન્દ્ર સદ્ગુરૂભ્યો નમઃ

શ્રી મનોહર મહિમા

# પ્રાચીન
# સ્તવન-સજ્ઝાયાદિ સંગ્રહ


સંગ્રાહક

પૂ. સાધ્વીજીશ્રી મહિમાશ્રીજી મ૦ સા૦



: પ્રકાશક :

મહેતા નગરદાસ પ્રાગજીભાઈ

જૈન બુકસેલર

ઠે. પતાસા પોળના નાકામાં, અમદાવાદ. ૧

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
જૈનાચાર્ય શ્રી વિજયનીતિસૂરિહર્ષસૂરિ
સદ્‌ગુરૂભ્યો નમઃ

# ્રી મનોહર મહિમા પ્રાચીન

# વન-સજ્ઝાયાદિ સંગ્રહ

પૂ. સાધ્વીજીશ્રી મહિમાશ્રીજી મ૦ સા૦


: પ્રકાશક :

મહેતા નાગરદાસ પ્રાગજીભાઈ
જૈન બુકસેલર
ઠે. પતાસા પોળના ઢાળમાં, અમદાવાદ. ૧

ંવત્ ૨૪૮૬] નીતિ સંવત્ ૧૯ [વિક્રમ સંવત્ ૨૦૧૬

## પ. પૂ. સ્વ. શ્રી મનોહરશ્રીજી મ. સાહેબના ભક્તિ વત્સલ શિષ્યા પૂ. મહિમાશ્રીજી મહારાજનો

# આદર્શ જીવન-વૃત્તાંત

પરમ પૂજ્ય તપાગચ્છાધિપતિ, અખિલાગમ રહસ્ય વેદી, સ્વશાખાગ્રણી, રૈવતાચલ ચિત્રકૂટાદિ તીર્થોદ્ધારક, સચ્ચારિત્ર ચૂડામણિ, શાસનસંરક્ષક, શ્રી ૧૦૦૮ શ્રીમદ્ આચાર્યદેવ વિજય નીતિસૂરીશ્વરજી મહારાજ સાહેબના પટ્ટાલંકાર, સ્વર્ગસ્થ શિષ્ય રત્ન શ્રી ૧૦૦૮ શ્રીમદ્ આચાર્ય-દેવ વિજય હર્ષસૂરીશ્વરજી મહારાજ સાહેબના આજ્ઞાવર્તિની, સચ્ચારિત્રશીલ, સૌમ્યાકૃતી, વિદુષી સાધ્વીજીશ્રી મહિમાશ્રીજી મહારાજ સાહેબના યત્કિંચિત્ જીવન-વૃતાંતને આનંદપૂર્વક કહેવાય છે.

પ. પૂ. ગુરૂણીજી મહારાજશ્રી મહિમાશ્રીજી મહારાજ સાહેબ ગુર્જર દેશમાં મહાપ્રભાવી, શ્રી શંખેશ્વરજી તીર્થના નજીકમાં આવેલ શ્રી જીનેશ્વરના ભવ્ય ગગનચુંબી ચૈત્યોથી સુશોભિત રાજધાન્ય નામનું સુંદર ધર્મક્ષેત્ર છે, તે નગરના નિવાસી, શ્રાદ્ધગુણસંપન્ન, શ્રેષ્ટિવર્ય શ્રી જગજીવનદાસ સવાઈચંદના ધર્મપત્ની મણીબહેનની કુક્ષિથી વિ. સં. ૧૯૬૦ ના ફા. વ. ૯ ના દિવસે પુત્રી રત્નનો જન્મ થયો હતો. તેનું નામ મથુરીબ્હેન રાખવામાં આવ્યું હતું. તે મથુરી બ્હેને ધર્મી માતા-પિતાને ત્યાં બાલ્યકાલ શરૂ કર્યો. સંસ્કારી માતા-પિતા, સંસ્કારી ગામ, સંસ્કારી જીવ. એટલે સારા સંસ્કારની ખામી ક્યાંથી હોય ?

ઉક્ત મથુરીબ્હેન બાલ્યકાલમાં જ દેવદર્શન, વ્રતપચ્ચક્ખાણ વ્યાખ્યાન શ્રવણ, તીર્થ સ્પર્શન વિગેરે ગુણોથી વિભૂષિત બન્યા હતા અર્થાત્ ઉક્ત ગુણો સ્હેજે તેમનામાં ઉતર્યા હતા.

અનુક્રમે બાલ્યકાલ વ્યતીત કરી યૌવનકાળ પામ્યા ત્યારે તેમના પિતાશ્રીએ રાધનપુરના વતની શ્રેષ્ઠિવર્ય શ્રી પૂનમચંદ દીપચંદના સદ્‌ગુણી પુત્ર મણિલાલભાઇ સાથે તેમનું લગ્ન કર્યું હતું. પરંતુ દુર્ભાગ્યના યોગે તેમને ફક્ત ચાર માસમાં જ વૈધવ્ય પ્રાપ્ત થયું હતું. તેમને બાલ્યાવસ્થાના ધર્મના સંસ્કાર હોવાથી યત્કિંચિત્‌ પણ કલેશ નહિ કરતા, વિશેષ ધર્મારાધના કરવામાં લીન બની ગયા.

તેમની સંયમ લેવાની ઉચ્ચ ભાવના થવાથી પૂ. ગુ. મ. મનોહરશ્રીજી મહારાજ સાહેબના પરિચયથી તેમની પાસે દીક્ષા લેવાની ભાવના જાગૃત થઈ, પૂ. પિતાશ્રી તથા શ્વસુર પક્ષના સંબંધીની મહાકષ્ટે અનુમતિ લઈને ઉંમર વર્ષ ૨૪ ની વયમાં વિક્રમ સંવત ૧૯૮૦ ના અષાડ સુદ ત્રીજના દિવસે પૂ. શ્રી મનોહરશ્રીજી મહારાજના શિષ્યા થયા અને તેમનું નામ મહિમાશ્રીજી રાખવામાં આવ્યું. જેવું તેમનું નામ છે તેવા જ ગુણો તેમનામાં છે.

હાલમાં મરૂધર, કચ્છ, સૌરાષ્ટ્ર, ગુર્જર વિગેરે દેશોમાં વિચરી ભવ્ય જીવોને સદુપદેશામૃત આપી જૈન શાસનની ઘણી જ ઉન્નતિ કરી રહ્યા છે.

નાની ઉંમરમાં જ સિદ્ધિતપ, ચત્તારિઅટ્ઠ, સમોસરણ, સિંઘાસણ, સોળ, પંદર, અગીયાર, દસ, નવ, અટ્ઠાઈ, વીશ સ્થાનક, તપ તેર કાઠીયાના અટ્ઠમ, ગણધરના છટ્ઠ વિગેરે તેમજ બીજી પણ ઘણી જ તપશ્ચર્યા કરીને જેમણે પોતાના સંયમ જીવનની સાર્થકતા કરી છે. તેમ તેમના ગુણો અમારામાં પણ તેમના ચરણની સેવાથી પ્રાપ્ત થાય તેજ અભ્યર્થના.

નિવેદિકા

ચરણોપાસિકા ચંદ્રાશ્રી.

# પ્રસ્તાવના

આ અસાર સંસારમાં પરિભ્રમણ કરતાં જન્મ-મરણાદિના અનંત દુઃખોથી સંતપ્ત થયેલા જીવો-પ્રાણીઓ સુખની ઈચ્છાવાળા હોવા છતાં વાસ્તવિક સુખ મેળવી શકતા નથી. દેવાદિ ગતિમાં જે કંઈ સુખનો અનુભવ કરાય છે. તે પણ પરિણામે દુઃખરૂપ હોવાથી, એટલે કે દુઃખ મિશ્રિત હોવાથી દુઃખ જ ગણાય છે.

સુખ તો એ જ કહેવાય કે, જે સુખનો કોઈ કાળે પણ ધ્વંસ-ક્ષય ન થાય, અને આત્માને અખંડ આનંદની પ્રાપ્તિ થાય. તેજ વાસ્તવિક સુખ છે. આધ્યાત્મિક ભાવનાઓને સતેજ કરી, પરમપદને અનુકુલ પ્રવૃત્તિઓમાં આત્માને જોડી, મોક્ષ સ્થાનમાં બિરાજમાન સિદ્ધ પરમાત્માઓ એક સમયમાં જે સુખનો અનુભવ કરી રહ્યા છે. તે સુખનો અનુભવ પલ્યોપમ, સાગરોપમ, વિગેરે લાંબા કાળ સુધી પૌદ્ગલિક સુખનો અસ્વાદ લેતાં ઈંદ્ર, ચંદ્ર, નાગેન્દ્ર, અને ચક્રવર્તિઓ પણ કરી શકતા નથી. અર્થાત્ સંસારી જીવોના અનંતા કાળના પૌદ્ગલિક સુખ કરતાં એક સમયનું સિદ્ધ પરમાત્માનું સુખ અનંતગણુ ઝળહળી રહ્યું છે. ઉપરોક્ત અનંત સુખને પ્રાપ્ત કરવા માટે તેનાં શુદ્ધ કારણો મેળવવા જોઇએ. કારણ કે કારણને અનુરૂપ કાર્યોની ઉત્પત્તિ થાય છે. જેવી રીતે ઘડો બનાવવા માટે માટીની જરૂર પડે છે તેવી જ રીતે મોક્ષ પ્રાપ્ત કરવામાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની

પ્રાપ્તિ યા વિશુદ્ધિ વીતરાગ પ્રભુની ભક્તિથી તેમજ પૂર્વે થઈ ગયેલા મહાન ઋષિમુનિઓના ગુણગાનથી ભાવિકોને સાંપડે છે.

આપણા પૂર્વાચાર્યોએ જૈન-જૈનેતર સમાજ ઉપર ઘણો ભારે ઉપકાર કર્યો છે. લગભગ ૧૯-૨૦ સદીમાં રાસ, દુહા, ચોપાઈ અને બીજા ગુજરાતી સાહિત્યમાં જનતા રાચવા લાગી ત્યારે જૈન જનતાને પણ પોતાના આદર્શમાં ઝીલતી રાખવા આ મહર્ષિઓએ અનેકાનેક પ્રકારનું પૂજા, સ્તવન, સજ્ઝાય વિગેરે સુગેય સાહિત્ય સર્જ્યું.

સામાન્ય જનતા તો તત્ત્વનું જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યનું પોષણ આ સાહિત્ય દ્વારા જ ઘણાખરા ભાગે મેળવે છે. સ્તવનોમાં શ્રી જીનેશ્વર ભગવાનના ગુણો અને કેવલ નિર્ભય વૈરાગ્ય પણ સજ્ઝાયોમાં ગુંથાયો છે. તેમજ કરણીય કાર્યો અને ઉપદેશ પણ આ દ્વારાજ બાલજીવો પ્રાપ્ત કરી શકે તે દ્રષ્ટિએ આ પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું છે. જો કે પ્રાચીન સ્તવન, સજ્ઝાય, ચૈત્યવંદનાદિના ઘણા પ્રકાશનો વર્તમાનમાં દગ્ગોચર થાય છે. તેમાં આ **મનોહર મહિમા** પ્રાચીન ચૈત્યવંદન, સ્તવનાદિ સંગ્રહના પ્રકાશનથી એક વધુ ઉમેરો થાય છે. પ્રત્યેક વ્યક્તિ વિવિધ દ્રષ્ટિએ સંગ્રહ કરે છે. સમાજમાં પણ ભિન્ન ભિન્ન પ્રકૃતિ અને દષ્ટિવાળી વ્યક્તિઓ વિદ્યમાન હોય છે તે દ્રષ્ટિએ જોતાં ભિન્ન ભિન્ન દ્રષ્ટિએ પ્રકાશિત થતાં ભિન્ન ભિન્ન પ્રકાશનો પણ અત્યંત આવકારને પાત્ર છે.

આ પુસ્તક પરમપૂજ્ય મનોહરશ્રીજી મ. સાહેબના ભક્તિવત્સલ શિષ્યા ગુરૂણીજી મહારાજ શ્રી મહિમાશ્રીજી મ૦ સાહેબના સદુપદેશથી મળેલી આર્થિક સહાયથી બહાર પાડવામાં આવ્યું છે.

આ પુસ્તકમાં ગોઠવેલ સ્તવન, સજ્ઝાયાદિને વાચકવૃંદ કંઠસ્થ કરી, પ્રતિક્રમણાદિમાં ઉપયોગ કરે અને વિશેષમાં સ્વપર કલ્યાણ સાધી શકે, આ હેતુથી મૂકવામાં આવેલ છે.

આ પુસ્તિકાના પ્રકાશનમાં મેટર વ્યવસ્થા તરીકે તેમજ પ્રુફો કાળજીપૂર્વક શોધી, પુસ્તિકાને આદર્શ બનાવવામાં શ્રીયુત્ પંડિત હરજીવનદાસ ભાયચંદ શાહનો અગણિત ફાળો હોઈ તેની આ સ્થળે, નોંધ લેતા અત્યાનંદ થાય છે. તેમજ આ પુસ્તિકામાં આવેલ સ્તવન સજ્ઝાયાદિનો સંગ્રહ કરવામાં પરમપૂજ્ય મહિમાશ્રીજી મ. સાહેબની શિષ્યા–પ્રશિષ્યાઓનો અત્યંત સુપ્રયત્ન હોઈ, આ સ્થળે તેઓશ્રીનો પણ આભાર માનીએ છીએ.

આ પુસ્તક પ્રકાશનમાં અશુદ્ધિ આદિ દોષોનો સંભવ હોય તો તે દોષોને નિવારણ કરી વાંચવા નમ્ર વિજ્ઞપ્તિ છે. અને વાચક જ્ઞાનીઓ પોતે કંઠસ્થ કરી બીજાને કંઠસ્થ કરાવવાનો સ્તુત્ય પ્રયાસ કરે એજ અમારી નમ્ર આગ્રહભરી અભ્યર્થના.

પ્રકાશક

# સહાયકોની શુભ નામાવલિ

| રૂા. | નામ | ગામ |
|---|---|---|
| ૧૦૧ | મહેન્દ્ર ભાઇલાલ | રાધનપુર |
| ૧૦૧ | કાન્તિલાલ જગજીવનદાસ | ,, |
| ૧૦૦ | રતિલાલ જગજીવનદાસ | ,, |
| ૧૦૦ | કાન્તિલાલ મોતિલાલ | ,, |
| ૧૦૦ | વસંતલાલ મોતીલાલ | ,, |
| ૧૦૦ | પંડિતજી-હરગોવનદાસ ત્રીકમલાલ | ,, |
| ૧૦૦ | બાબુભાઇ પ્રભુલાલ | ,, |
| ૧૦૧ | કાન્તિલાલ જેસિંગલાલ | ઉણ |
| ૧૦૧ | આત્મારામ નથુભાઈ | અમદાવાદ |
| ૧૦૧ | જયંતિલાલ મણીલાલ | ,, |
| ૧૦૦ | બાપુલાલ હાલચંદ | નાયકા |
| ૧૦૦ | રતિલાલ ઓખાચંદ | કનેજ |
| ૧૦૦ | પ્રેમચંદ મનસુખલાલ | થરા |
| ૧૦૦ | એક બ્હેન તરફથી શ્રી શાહ ખાતે. | પાટણ |
| ૧૦૦ | માજની વચ્છરાજ અભેચંદ | ધોરાજી |
| ૫૧ | વડેચા વધીલાલ નથુચંદ | સમી |
| ૫૧ | મણિલાલ હીરાચંદ | પાટણ |

પૂ. સંવિગ્ન શાખાગણી સકલાગમ રહસ્યવેદી પૂ. પા.

## જૈનાચાર્ય વિજયહર્ષ સૂરીશ્વરજી મ. સા.



જન્મ સં. ૧૯૪૧. ફાગણ સુદ ૫. થાવલા. (મારવાડ)
દીક્ષા સં. ૧૯૫૮ ,, ,, ૬ દાહોદ

ગણિપદ સં. ૧૯૭૦. માગશર સુદ ૧૩. રાધનપુર
પંન્યાસપદ સં. ,, ,, ૧૫ ,,

**આચાર્યપદ : સં. ૧૯૮૮. જેઠ. સુદ ૬. ફલોધી. મારવાડ**
**સ્વર્ગવાસ : સં. ૨૦૧૬. પોષ. સુદ ૮. અમદાવાદ**

| | | |
|---|---|---|
| ૫૧ | પરશોતમદાસ મણિલાલ | અમદાવાદ |
| ૩૧ | એક બ્હેન તરફથી શ્રી શાહ ખાતે. | ,, |
| ૩૧ | ચીમનલાલ પુરૂષોત્તમદાસ | રાધનપુર |
| ૨૫ | સારાભાઈ હરિલાલ | અમદાવાદ |
| ૨૫ | કલાવતીબેન સારાભાઈ | ,, |
| ૨૫ | શ્રીપાલકુમાર સકરચંદ | ,, |
| ૨૫ | મંગળદાસ જીવરામ | મહેસાણા |
| ૨૫ | મોહનલાલ દોલચંદ | પાટણ |
| ૨૫ | બાપુલાલ પ્રેમચંદ | રાધનપુર |
| ૨૧ | પનાલાલ મણિલાલ | ,, |
| ૨૧ | રાજકરણ રીખવચંદ | મોરવાડા |
| ૧૧ | મફતલાલ પ્રભુલાલ | રાધનપુર |

## જરૂરી સુધારો

પૃ-૯૮-લીટી ૨૧ માં વધારો-રાજગૃહી નયરી મનોહરૂં, શ્રેણિક બહુ બળવંતરે લાલા.

પૃ-૧૦૫-લીટી ૫, માં વધારો-હાહાકાર નગર થયો સા૦ એમ દિન ત્રણ વહિ જાય તો. ૧૦.

# અનુક્રમણિકા


| નંબર | નામ | પૃષ્ટસંખ્યા |
|---|---|---|
| ૧ | શ્રી ગૌતમસ્વામીનું પ્રભાતીઉં | ૧ |
| ૨ | ,, ગુરૂ ગુણાવલી સ્તુતિ | ૨ |
| ૩ | ,, વિજયહર્ષસૂરીશ્વરજી મહારાજને શોકાંજલી | ૩ |
| ૪ | ,, ચોવીશ જિનેશ્વરનાછંદ | ૫ |

**ચૈત્યવંદનો**

| નંબર | નામ | પૃષ્ટસંખ્યા |
|---|---|---|
| ૫ | શ્રી બીજનું ચૈત્યવંદન | ૧૧ |
| ૬ | ,, પંચમીનું ,, | ૧૨ |
| ૭ | ,, અષ્ટમીનું ,, | ૧૩ |
| ૮ | ,, ,, ,, | ૧૩ |
| ૯ | ,, નેમનાથનું ,, | ૧૪ |
| ૧૦ | ,, રોહિણી તપનું ,, | ૧૫ |
| ૧૧ | ,, પંચતીર્થનું ,, | ૧૬ |
| ૧૨ | ,, સિદ્ધચક્રજીનું ,, | ૧૭ |
| ૧૩ | ,, નવપદજીનું ,,–૧ | ૧૭ |
| ૧૪ | ,, ,, ,,–૨ | ૧૮ |
| ૧૫ | ,, સિદ્ધભગવાનનું ,, | ૧૮ |
| ૧૬ | ,, જિનપૂજાનું ,, | ૧૯ |
| ૧૭ | ,, પરમાત્માનું ,, | ૨૦ |
| ૧૮ | ,, સામાન્યજિન ,, | ૨૧ |
| ૧૯ | ,, સીમંધરસ્વામીનું ,, | ૨૨ |
| ૨૦ | ,, આદીશ્વરજિનનું ,, | ૨૨ |
| ૨૧ | શ્રી શત્રુંજય તીર્થના ઉત્તમ ૨૧ નામ ગર્ભિત ચૈત્યવંદન | ૨૩ |
| ૨૨ | ,, સિદ્ધાચલનું ,, | ૨૫ |
| ૨૩ | ,, પાર્શ્વનાથનું ,, | ૨૫ |
| ૨૪ | ,, શંખેશ્વર પાર્શ્વજિન ,, | ૨૫ |
| ૨૫ | ,, શંખેશ્વર પાર્શ્વજિન છંદ | ૨૭ |
| ૨૬ | ,, મહાવીરસ્વામીના પંચ કલ્યાણનું ,, | ૨૮ |
| ૨૭ | ,, મહાવીર સ્વામીનું ,,–૧ | ૨૮ |
| ૨૮ | ,, ,, ,,–૨ | ૨૯ |
| ૨૯ | ,, ,, ,,–૩ | ૨૯ |
| ૩૦ | ,, ,, ,,–૪ | ૩૦ |
| ૩૧ | ,, ,, ,,–૫ | ૩૦ |
| ૩૧ | ,, નેમિનાથ જિન ,, | ૩૧ |
| ૩૨ | ,, ,, ,, | ૩૧ |
| ૩૩ | ,, ,, ,, | ૩૧ |
| ૩૪ | ,, શાંતિનાથ જિન ,, | ૩૨ |
| ૩૫ | ,, પાર્શ્વનાથ જિન ,, | ૩૨ |
| ૩૬ | ,, દીવાળી પર્વનું ,, | ૩૩ |

| નંબર | નામ | પૃષ્ઠસંખ્યા |
|---|---|---|
| | **સ્તુતિઓ** | |
| ૩૭ | શ્રી સીમંધર સ્વામીની સ્તુતિ | ૩૩ |
| ૩૮ | ,, મૌન એકાદશીની થોય | ૩૪ |
| ૩૯ | ,, ચૈત્રી પુનમની સ્તુતિ | ૩૫ |
| ૪૦ | ,, પાંચમની થોય | ૩૬ |
| ૪૧ | ,, પંચમી સ્તુતિ | ૩૭ |
| ૪૨ | ,, ,, ,, | ૩૮ |
| ૪૩ | ,, ત્રીજની ,, | ૩૯ |
| ૪૪ | ,, ચોથની ,, | ૩૯ |
| ૪૫ | ,, અગિઆરસની ,, | ૪૦ |
| ૪૬ | ,, તેરશની ,, | ૪૧ |
| ૪૭ | ,, સિદ્ધાચલજીની ,, | ૪૨ |
| ૪૮ | ,, નવપદ ઓળીની ,, | ૪૩ |
| ૪૯ | ,, ઋષભ જિન ,, | ૪૪ |
| ૫૦ | ,, અભિનંદન જિન ,, | ૪૫ |
| ૫૧ | ,, પદ્મપ્રભ જિન ,, | ૪૫ |
| ૫૨ | ,, વાસુપૂજ્ય જિન ,, | ૪૬ |
| ૩ | ,, શાંતિનાથ જિન ,, | ૪૭ |
| ૪ | ,, નેમિનાથ જિન ,, | ૪૮ |
| | ,, પાર્શ્વનાથ જિન ,, | ૪૮ |
| | ,, નેમનાથની ,, | ૪૯ |
| | ,, આદીશ્વરની ,, | ૫૦ |
| | ,, મહાવીરસ્વામીની ,, | ૫૧ |
| | ,, સિદ્ધચક્રની ,, | ૫૨ |
| ૬૦ | શ્રી આદીશ્વરજીની સ્તુતિ | ૫૩ |
| ૬૧ | ,, મહાવીરસ્વામીની ,, | ૫૪ |
| ૬૨ | ,, અક્ષયનિધિ તપની વિધિ | ૫૫ |
| | **સ્તવનો** | |
| ૬૩ | શ્રી અક્ષયનિધિ તપની ઢાલોનું સ્તવન | ૬૪ |
| ૬૪ | ,, જ્ઞાનપંચમીની ઢાલો | ૭૧ |
| ૬૫ | ,, અષ્ટાપદજીનું સ્તવન | ૭૪ |
| ૬૬ | ,, દસ પચ્ચખ્ખાણનું સ્તવન | ૭૭ |
| ૬૭ | ,, પંચમી ,, | ૮૦ |
| ૬૮ | ,, આઠમનું ,, | ૮૮ |
| ૬૯ | ,, ,, ,, | ૯૧ |
| ૭૦ | ,, મૌન એકાદશી ,, | ૯૪ |
| ૭૧ | ,, છ આવશ્યકનું ,, | ૯૭ |
| ૭૨ | ,, ષટ્પર્વી મહાત્મ્ય ,, | ૧૦૨ |
| ૭૩ | ,, પાંચ કારણનું ,, | ૧૧૧ |
| ૭૪ | ,, બાર આરાનું ,, | ૧૧૭ |
| ૭૫ | ,, આંતરાનું ,, | ૧૨૬ |
| ૭૬ | ,, રોહિણી તપ વિધિ ,, | ૧૩૧ |
| ૭૭ | ,, ઋષભદેવ સ્વામીનું ,, | ૧૩[illegible] |

નંબર નામ પૃષ્ઠસંખ્યા

૭૮ ,, મલ્લિનાથનું ,, ૧૪૪
૭૯ ,, નેમનાથજીનું ,, ૧૪૯
૮૦ ,, મહાવીરસ્વામીનું સત્તાવીશ ભવનું ,, ૧૫૬
૮૧ ,, સીમંધરસ્વામીનું ,, ૧૬૬
૮૨ ,, સિદ્ધાચલજીનું ,, ૧૬૮
૮૩ ,, અઠ્ઠાઈનું ,, ૧૭૦
૮૪ ,, ઋષભદેવનું ,, ૧૭૭
૮૫ ,, સીમંધરસ્વામીનું ,, ૧૭૯
૮૬ ,, ગોડી પાર્શ્વનાથ આધારે મેઘાશાનું ,, ૧૮૩
૭૭ ,, સીમંધરસ્વામીનું વિનતિ ૩૫ ,, ૧૯૮
૮૮ ,, ભરતક્ષેત્રના લેખનું ,, ૧૯૯
૮૯ ,, ચંદનબાળાની વીરને વિનંતિ ૩૫ ,, ૨૦૨
૯૦ ,, મહાવીરસ્વામીનું ,, ૨૦૩
૯૧ ,, શાંતિ જિન ,, ૨૦૫
૯૨ ,, સીમંધર સ્વામીનું સ્તવન ૨૦૬
૯૩ ,, મહાવીર સ્વામીનું સ્તવન ઢાળો ૨૦૭

નંબર નામ પૃષ્ઠસંખ્યા

**સજ્ઝાયો**

૯૪ ,, નેમરાજિમતીની સજ્ઝાય ૨૧૦
૯૫ ,, અગીઆરસની ,, ૨૧૧
૯૬ ,, માનની ,, ૨૧૩
૯૭ ,, પરદેશી રાજાની ,, ૨૧૫
૯૮ ,, સુબાહુ કુમારની ,, ૨૧૭
૯૯ ,, સીતાજીની ,, ૨૧૯
૧૦૦ ,, બાર ભાવનાના બાર ,, ૨૨૦
૧૦૧ ,, દશ વૈકાલિકની ,, ૨૩૪
૧૦૨ ,, પાંચ મહાવ્રતની ,, ૨૪૭
૧૦૩ ,, દ્રૌપદીજીની ,, ૨૫૧
૧૦૪ ,, અરિહંતપદની ,, ૨૫૨
૧૦૫ ,, સિદ્ધપદની ,, ૨૫૩
૧૦૬ ,, સ્થુલીભદ્રજીની ,, ૨૫
૧૦૭ ,, પડિક્કમણાની ,, ૨૫
૧૦૮ ,, સીતાજીની ,, ૨૫
૧૦૯ ,, ગૌતમ પૃચ્છાની ,, ૨૬
૧૧૦ ,, ચેતનની ,, ૨૬
૧૧૧ ,, ગૌતમસ્વામીની ,, ૨૬
૧૧૨ ,, કેશી અને ગૌતમ ગણધરની,, ,, ૨
૧૧૩ ,, રાજુલ ને રહનેમિની ,,

| નંબર | | નામ | | પૃષ્ટસંખ્યા |
|---|---|---|---|---|
| ૧૧૪ | ,, | હરિશ્ચંદ્ર નૃપની | ,, | ૨૬૯ |
| ૧૧૫ | ,, | કૃષ્ણ વાસુદેવની | ,, | ૨૭૪ |
| ૧૧૬ | ,, | ભરત ચક્રવર્તિની | ,, | ૨૮૧ |
| ૧૧૭ | ,, | બાહુબળીની દીક્ષા વખતે ભરતચક્રીનો કરૂણ વિલાપ સજ્ઝાય–૧ | | ૨૮૩ |
| ૧૧૭ | ,, | અભિમાન ત્યાગ કરવાની બાહુ-બળીની સજ્ઝાય | | ૨૮૫ |
| ૧૧૯ | ,, | ૭ ભાઈની ઢાળો | | ૨૮૬ |
| ૧૨૦ | ,, | વૈરાગ્યની સજ્ઝાય | | ૩૧૨ |
| ૧૨૧ | ,, | ચંદનબાળાની | ,, | ૩૧૩ |
| ૧૨૨ | ,, | ,, | ,, | ૩૧૭ |
| ૧૨૩ | ,, | રોહિણીની | ,, | ૩૨૦ |
| ૧૨૪ | ,, | સિદ્ધની સજ્ઝાય | | ૩૨૧ |
| ૧૨૫ | ,, | મરૂદેવીમાતાની | ,, | ૩૨૩ |
| ૧૨૬ | ,, | થાવચ્ચા કુમારની | ,, | ૩૨૫ |
| ૧૨૭ | ,, | નંદમણીયારની | ,, | ૩૨૯ |
| ૧૨૮ | ,, | સંગતની | ,, | ૩૩૩ |
| ૧૨૯ | ,, | છઠ્ઠા રાત્રિ-ભોજન વિરમણ વ્રતની સજ્ઝાય | | ૩૩૪ |
| ૧૩૦ | ,, | દશ ચંદરવાની | ,, | ૩૩૫ |
| ૧૩૧ | ,, | શ્રેણિક નૃપની | ,, | ૩૩૯ |
| ૧૩૨ | ,, | સુદર્શન શેઠની | ,, | ૩૪૨ |
| ૧૩૩ | ,, | મેઘકુમારની | ,, | ૩૫૦ |
| ૧૩૪ | ,, | સૂરિકાન્તાની | ,, | ૩૫૫ |
| ૧૩૫ | ,, | સુકુમાલિકાની | ,, | ૩૫૬ |
| ૧૩૬ | ,, | અમરકુમારની | ,, | ૩૬૦ |
| ૧૩૭ | ,, | સામાન્ય | ,, | ૩૬૪ |
| ૧૩૮ | ,, | રાત્રિભોજનની | ,, | ૩૬૫ |
| ૧૩૯ | ,, | કુણિકનો રાજ્યલોભ | ,, | ૩૬૭ |
| ૧૪૦ | ,, | સોળ સ્વપ્નની | ,, | ૩૬૮ |
| ૧૪૧ | ,, | દેવકીજીના ૭ પુત્રની | ,, | ૩૭૦ |
| ૧૪૨ | ,, | મહાવીર સ્વામીનો ચુડો | | ૩૭ |
| ૧૪૩ | ,, | શંખેશ્વર પાર્શ્વનાથનો સલોકો. | | ૩૭ |
| ૧૪૪ | ,, | સિદ્ધાચલની સ્તુતિ | | ૩ |
| ૧૪૫ | ,, | સિદ્ધચક્રની | ,, | |
| ૧૪૬ | ,, | પંચકલ્યાણકની | | |
| ૧૪૭ | ,, | રાત્રિક અ | | |
| ૧૪૮ | ,, | સાધુના પા | | |

# ॥ श्री सिद्धाचलजीनुं स्तवन ॥

॥ હરણી જવ ચરે લલના ॥ એ દેશી ॥ કરજોડી
કહે કામિની લલના, લાલા હો પ્રીતમજી અવધાર, એહ
ગિરિવરૂ રે લલના, સફલ કરો લહી આપણો લલના, લાલા
હો માનવનો અવતાર ॥ એહ ગિરિ૦ ૧ ॥ નવલખો
ટીલોશ્યું કરૂં લલના, લાલા હોંશે જવાલી જોડાવે ॥એહ૦॥
સુનંદાનો નાહલો લ૦ લાલાહો ત્રિભુવન તિલક ભેટાવી
॥ એહ૦ ॥ ૨ ॥ ઋષભસેનાદિક જિનવરા લ૦ લાલાહો
મુક્તિ ગયા ઈણ ઠામ ॥એહ૦॥ જિનતણી ફરસી ભૂમિકા
લ૦ લાલાહો સિદ્ધ અનંતાનો ઠામ ॥ એહ૦ ॥ ૩ ॥ ઈણિ
ચોવીશી સિદ્ધાચલે લ૦ લાલાહો નેમિ વિના ત્રેવીશ
॥ એહ૦ ॥ ભાવી ચોવીશી આવશે લલના, લાલાહો પદ્મ-
નાભાદિ જિનેશ ॥ એહ૦ ॥ ૪ ॥ આદિ જિણંદ સમોસર્યા
લ૦ લાલાહો પૂર્વ નવાણું વાર ॥ એહ૦ ॥ ચોમાસું અજિત
જિનેશ્વર લ૦ લાલાહો શાન્તિ ચોમાસું સાર ॥ એહ૦ ॥
॥ ૫ ॥ પાંચ કોડિ પરિવારશું લ૦ લાલાહો ઋષભસેન
પુંડરિક ॥ એહ૦ ॥ ચૈત્રી પુનમ શિવ સંપદા લ૦ લાલાહો
...મી થયા નિરભીક ॥ એહ૦ ॥ ૬ ॥ કાર્તિક પુનમ કામિત
... લ૦ લાલાહો દ્રાવિડ વારિષેણ દોય ॥ એહ૦ ॥ દસ
...નિ મહંતશું લ૦ લાલાહો પ્રણમી પાતક ધોય
... ॥ ૭ ॥ નમિ વિનમિ વિદ્યાધરા લ૦ લાલાહો બે
...સંગાતે ॥ એહ૦ ॥ ફાગણ સુદી દશમી શમી

લ૦ લાલાહો કીધો કર્મનો ઘાત ॥ એહ૦ ॥૮॥ ઋષભ વં શ નરપતિ ઘણાં લ૦ લાલાહો ભરત અંગજ કેઇ પાટ ॥ દે ૩૦॥ સિદ્ધક્ષેત્ર શ્રેણિ ચઢી લ૦ લાલાહો રોપ્યા ધર્મના ઘાટ ॥ ॥ એહ૦ ॥૯॥ નારદ એકાણુ લાખશું લ૦ લાલાહો રામ ભરત ત્રણ કોટી ॥ એહ૦ ॥ વીશ કોટીશું પાંડવા લ૦ લાલાહો દેવકી સુત ષટ્ કોટી ॥ એહ૦ ॥ ૧૦ ॥ હરિનંદન હોય વંદિએ લ૦ લાલાહો શાંબ પ્રદ્યુમ્નકુમાર ॥ એહ૦ ॥ સાઢી આઠ કોડિ સાથે થયા લ૦ લાલાહો શિવસુંદરી ભરથાર ॥ એહ૦ ॥૧૧॥ થાવચ્ચા સુત સંયમી લ૦ લાલાહો સહસશું અણુસણ કીધ ॥ એહ૦ ॥ નેમિ શિષ્ય નંદિષેણજી લ૦ લાલાહો અજિત શાન્તિ સ્તવ કીધ ॥ એહ૦ ॥૧૨॥ સુવ્રત સહસ મુણીંદશું લ૦ લાલાહો શુક પરિવ્રાજક સિદ્ધ ॥ એહ૦ ॥ પંચસયા સેલક સૂરિ લ૦ લાલાહો મંડિક મુણિસુ પ્રસિદ્ધ ॥ એહ૦ ॥ ૧૩ ॥ સિદ્ધાચલ વિમલગિરિ લ૦ લાલાહો મુક્તિ નિલય સિદ્ધ ઠામ ॥ એહ૦ ॥ શત્રુંજય આદિ જેહના લ૦ લાલાહો ઉત્તમ એકવીશ નામ ॥ એહ૦ ૧૪ ॥ ભવસાયર તરીએ જિણે લ૦ લાલાહો તીરથ તેહ કહાય ॥ એહ૦ ॥ કારણ સકલ સફલ હોય લ૦ લાલાહો આતમ વીર્ય સહાય ॥ એહ૦ ॥ ૧૫ ॥ કીર્તિસ્તંભ એ જૈનનો લ૦ લાલાહો શિવમંદિર સોપાન ॥એહ૦॥ ક્ષમાવિજય ગુરૂથી લહી લલના૦ લાલાહો સેવક જિન ધરે ધ્યાન ॥ એહ૦ ॥ ૧૬ ॥

---

# ॥ श्री सीमंधरजिननी स्तुति ॥

જોરં જપ્પં વિહતુ સુવ્વયનમી તિત્થેસરા નંતરે ।
દિખ્ખં ગિન્હિઅ પત્તકેવલમહે વંદે હી ભવ્વે જિણે ॥
વંદે પૂવ્વવિદેહ વાસવસૂરા સંગારહારોવમં ।
તં સીમંધર સામીઅં જિણુવરં કલ્લાણુકપ્પદ્દુમં ॥ ૧ ॥

જુત્તં સઠિસયં વિદેહપણુગે એરાવહે ભારહે ।
પત્તેયં પણુપંચસિત્તરિસયં એવં અહેસીપુરા ॥
ઇક્કિકંમિ વિદેહ સંપઈપુણો ચત્તારિ ચત્તારિજો ।
તે સવ્વે અઈણુાગએ જિણુવરે બદ્ધંજલી વંદીમો ॥ ૨ ॥

જો ગંભીર ભવેંધુકુવ્વ કુહરુ તારે કરાલંબનં ।
જો નિસ્સેસ સમીહી અથ્થઘડણુા કપ્પદ્દુમો પાણીણું ॥
મિચ્છત્તાઈ મહંધયાર લહરી સંહાર સુરુગ્ગમં ।
તંદુદ્ધંત કુવાઈદિપ્પ દલણું વંદી જિણુંદાગમં ॥ ૩ ॥

જા સીમંધરસામી પાયકમલે સિંગારભંગી સયા ।
ખુદ્દો વદ્દવ વદ્દધમ્મમી નિઉણા સવ્વસ્સ સંઘસ્સ જા ॥
જા અટ્ટારસ બાહુ દંડકલિઆ સીંહાસણે સોહયા ।
સા કલ્લાણુ પરંપરા દિસઉ મે પંચગીરા દેવયા ॥ ૪ ॥

# શ્રી મનોહર મહિમા પ્રાચીન
# સ્તવન સજ્ઝાયાદિ સંગ્રહ

---

## गौतमस्वामीनुं प्रभातीउं

( રાગ પ્રભાતીયાનો )

માતપૃથ્વી સુતપ્રાત ઉઠી નમો, ગણધર ગૌતમ નામ ગેહે. પ્રહસમે પ્રેમશું જેહ ધ્યાતાં સદા, ચઢતી કલા હોય વંશ વેલે–॥ મા૦ ૧ ॥ વસુભૂતિનંદન વિશ્વજન વંદન, દુરિત નિકંદન નામ જેહનું, અભેદબુદ્ધે કરી ભવિજન જે ભજે, પૂર્ણ પહોંચે સહી ભાગ્ય તેહનું ॥ મા૦ ૨ ॥ સુરમણિ જેહ ચિંતામણિ સુરતરૂ, કામિતપૂરણ કામધેનુ, એહજ ગૌતમ તનુ ધ્યાન હૃદયે ધરો, જેહ થકી અધિક નહીં માહાત્મ્ય કહેનું ॥ મા૦ ૩ ॥ જ્ઞાનબલ તેજને સકલ સુખ સંપદા, ગૌતમ નામથી સિદ્ધિ પામે, અખંડ પ્રચંડ પ્રતાપ હોય અવનિમાં, સુરનર જેહને શિશ નામે ॥ મા૦ ૪ ॥ પ્રણવ આદે ધરી માયાબીજે કરી, સ્વમુખે ગૌતમ નામ ધ્યાવે, કોડિ મનકામના સકલ વેગેં ફલે, વિઘ્નવૈરી સવે દૂર જાવે ॥ મા૦ ૫ ॥ દુષ્ટ દૂરે ટલે સ્વજન મેલો મલે, આદિ ઉપાધિને વ્યાધિ નાસે, ભૂતના પ્રેતનાં જોર ભાંજે વલી, ગૌતમ નામ જપતાં ઉલ્લાસે ॥ મા૦ ૬ ॥ તીર્થ અષ્ટાપદે આપલબ્ધે જઈ, પન્નરશે ત્રણને દિખ્ખ

દીધી, અઠ્ઠમપારણે તાપસ કારણે, ક્ષીરલબ્ધે કરી અખુટ કીધી ॥ મા૦ ૭ ॥ વરસ પચાસ લગે, ગૃહવાસે વસ્યા, વરસ વલી ત્રીશ કરી વીર સેવા, બાર વરસાં લગે કેવળ ભોગવ્યું, ભક્તિ જેહની કરે નિત્ય દેવા ॥ મા૦ ૮ ॥ મહિયલ ગૌતમ ગૌત્ર મહિમાનિધિ, ઋદ્ધિને સિદ્ધિ સુખ કીર્તિદાઇ, ઉદય જસ નામથી, અધિક લીલા લહે, સુજસ સૌભાગ્ય દોલત સવાઇ ॥ મા૦ ૯ ॥ ઇતિ ગૌતમ પ્રભાતીઉ.

---

# ગુરુગુણાવલી સ્તુતિ

## ભુજંગી છંદ

(સેવો પાસશંખેશ્વરો મનશુદ્ધે) એ રાગ

ગુરૂ નીતિસૂરીશ્વર નામ સારૂં, નીતિ ન્યાયના પંથ દેખાડનારૂં, નીતિ ધર્મના મૂળને રોપનારી, નમો શ્રી ગુરૂ બાળથી બ્રહ્મચારી. ॥ ૧ ॥ લઘુ વયમાં સંસારના ભાવજાણી, દુનીયાને જ્ઞાની દીવાની પિછાણી, જેઓ સગીર વયમાં, થયા ભેખધારી, નમો શ્રીગુરૂ બાળથી બ્રહ્મચારી. ॥ ૨ ॥ જેઓ ચારિત્ર ચુડામણીમાં જણાતા, વલી જ્ઞાન ક્રિયાનું પાત્ર ગણાતા; બુદ્ધિ ત્યાગ વૈરાગ્યને ધારનારી, નમો શ્રીગુરૂ બાળથી બ્રહ્મચારી. ॥ ૩ ॥ જેણે રૈવત ચિત્રકુટાદિ તીર્થો, ઉદ્ધાર કરાવી મહાડંકો દીધો; કરી શાસન ઉન્નતિ શોભનારી, નમો શ્રીગુરૂ બાળથી બ્રહ્મચારી. ॥ ૪ ॥ ઘણા ગામમાં પાઠશાળા ખોલાવી, અજ્ઞાન અંધાર દીધું હઠાવી; પ્રભાવિકતા મેળવી આપે સારી, નમો શ્રીગુરૂ બાળથી બ્રહ્મચારી. ॥૫॥

સૂરિમંત્રનો આપ નિત્ય જાપ જપતાં, વચન સિદ્ધિથી લોકનાં કાર્ય સરતાં; કેટલી કહું ખ્યાતિ ગુરૂજી તમારી ? નમો શ્રીગુરૂ બાળથી બ્રહ્મચારી. ॥ ૬ ॥ વર્ષ અડસઠનું આયુ પુરી, સમાધિ મરણથી ગયા સ્વર્ગપુરી; કરી નામ અમરકીર્તિ વધારી, નમો શ્રીગુરૂ બાળથી બ્રહ્મચારી. ॥૭॥ દેવલોકથી ખબર લેજો અમારી, નહિ ભૂલીયે યોગ્ય શિક્ષા તમારી; રૂણી અમે આપની આજ્ઞાકારી, નમો શ્રીગુરૂ બાળથી બ્રહ્મચારી. ॥ ૮ ॥ તુમ વિરહથી સદ્બોધ કોણ દેશે, ? તુમ સંતતિની ખબર કોણ લેશે; હતી જીંદગી આપની તારનારી, નમો શ્રીગુરૂ બાળથી બ્રહ્મચારી. ॥ ૯ ॥ સર્વ શાસ્ત્રના યોગ વાહી કહાયા, અમ જેવા પામરને સૂરિ બનાયા; શાંત, દાંત, ગંભીર, યોગ, ક્ષેમકારી, નમો શ્રીગુરૂ બાળથી બ્રહ્મચારી. ॥ ૧૦ ॥ નીતિ નામથી હોજો અમ સુખશાતા, કર્મ નિર્જરે સદ્ગુરૂ ગુણગાતાં; વિજયોદય થાય આનંદકારી, નમો શ્રીગુરૂ બાળથી બ્રહ્મચારી. ॥ ૧૧ ॥

---

# विजयहर्षसूरीश्वरजी महाराजने शोकांजली

(રાગ) સારી સારી વાત

ઘડી ઘડી ગુરૂજીની યાદ સતાવે, યાદ સતાવે મુજને ભાનભૂલાવે રે, રોજ ગુરૂ યાદ આવે ઘડી. (૧) જન્મ થયો છે થાવલા ગામે, સંયમ ગ્રહ્યો છે દાહોદ નગરે, ગુરૂ નિશ્રાએ આરાધનાનાં દીવડા ઝગાયે રે, રોજ યાદ આવે

ઘડી ઘડી. (૨) અઠ્ઠાવન વર્ષના લ્હાણા વહી ગયાં, સંયમ માર્ગે લીન બની ગયાં; મુક્તિ પૂરીનાં પૂનીત પંથે, રંગ લગાયે રે, રોજ યાદ. ઘડી ઘડી. (૩) ત્યાગી તપસ્વી જ્ઞાની ધ્યાની, હતાં અમારાં જીવન સૂકાની, ભવસાગરમાં ડૂબતી નૈયા, પાર લગાયે રે, રોજ યાદ. ઘડી ઘડી. (૪) બે હજાર સોળે પોષ સુદી અષ્ટમીએ, પ્રયાણ કર્યું છે સ્વર્ગની વાટે, વસમી વિદાય આપની સાલે, નહિ રહેવાયે રે, રોજ યાદ. ઘડી ઘડી. (૫) ગુરૂ વિણ અમથી કેમ રહેવાશે, વિયોગના દહાડા દોહિલા જાશે; સ્વર્ગ ગમનની વાત સુણીને આઘાત થાયે રે, રોજ યાદ. ઘડી ઘડી. (૬) પ્રાણ આધાર તો ચાલ્યા ગયા રે, ટળવળતા તો મૂકી ગયા રે; જીવનભરમાં ગુરૂ ઉપકારો, કેમ ભૂલાયે રે, રોજ યાદ. ઘડી ઘડી. (૭) દુર્ગતિનાં જેણે પ્રયાણ થંભાવ્યા, સદ્‌ગતિએ જેણે પગલાં મંડાવ્યા; આચાર્યશ્રી હર્ષસૂરીજી, કેમ ભૂલાયે રે, રોજ યાદ. ઘડી ઘડી. (૮) હર્ષસૂરીજી ગયા સિદ્ધિની સડકે, મહેન્દ્ર રહ્યા આજ એકલાં તડપે, શાસન દેવ સૌ સહાયક બનો રે. રોજ યાદ. ઘડી ઘડી. (૯) શુન્ય બની આજે દશે દિશાઓ, કૃપા કરીને દર્શન દેખાડો; શત શત વંદન પરિવાર, કરે ભાવે રે. રોજ યાદ. ઘડી ઘડી. (૧૦)

॥ ॐ श्री वीतरागाय नमः ॥

# चोवीश जिनेश्वरना छंद.

## ॥ दुहा ॥

આર્યા ॥ બ્રહ્મસુતા વાણી ગિર્વાણી । સુમતિ વિમલ આપો બ્રહ્માણી । કમલ કમંડલ પુસ્તક પાણી । હું પ્રણમું જોડી જુગ પ્રાણી ॥ ૧ ॥ ચોવીસે જિનવર તણા । છંદ રચું ચોસાલ । ભણતાં શિવસુખ સંપજે । સુણતાં મંગલ માલ ॥ ૨ ॥

## ॥ छंद जाति सवैया ॥

આદિ જિણંદ નમે નરઇંદ સપુનમચંદ સમાન મુખં ॥ સમામૃત કંદ ટાલે ભવફંદ મરૂદેવીનંદ કરત સુખં ॥ લગે જસ પાય સુરિંદ નિકાય ભલા ગુણ ગાય ભવિક જનં ॥ કંચન કાય નહિ જસ માય નમે સુખ થાય શ્રી આદિજિનં ॥ ૧ ॥ અજિતજિણંદ દયાલ મયાલ કૃપાલ વિસાલ નયન જુગં । અનુપમ ગાલ મહામૃગ ચાલ સુભાલ સુજાનુ બાહુ જુગં ॥ મનુષ્યમેલીહ મુનિસરસિંહ અબીહ નીરીહ ગયે મુગતી । કહે નય ચિત્ત ધરી બહુ ભક્તિ નમો જિનનાથ ભલી જુગતી ॥ ૨ ॥ અહો સંભવનાથ અનાથકો નાથ મુગતિકો સાથ મિલ્યો પ્રભુ મેરો । ભવોદધિપાજ ગરિબ-નિવાજ સવે શિરતાજ નિવારત ફેરો ॥ જિતારીકો જાત સુસેના માત નમે નર જાત મિલી બહુ ઘેરો । કહે નય

શુદ્ધ ધરિ બહુ બુદ્ધ જિતાવની નાથ હું સેવક તેરો ॥ ૩ ॥ અભિનંદન સ્વામી લિયે જશ નામ સરે સવિ કામ ભવિક તણો । વનિતા જસ ગામ નિવાસીકો ઠામ કરે ગુણ ગ્રામ નરિંદ ઘણો ॥ મુનિશ્વર ભૂપ અનુપમ રૂપ અકલ સ્વરૂપ જિનેંદ્ર તણો । કહે નય ખેમ ધરી બહુ પ્રેમ નમે નર પાવત સુખ ઘણો ॥ ૪ ॥ મેઘ નરિંદ મલ્હાર વિરાજિત સોવનવાન સમાન તનુ । ચંદ સુચંદ વદન સુહાવન રૂપ-વિનિર્જિત કામ તનુ ॥ કર્મકી કોડી સવે દુખ છોડી નમે કરજોડી કરિ ભક્તિ । વંશ ઈક્ષ્વાકુ વિભૂષણ સાહિબ સુમતિ જીનંદ ગએ મુક્તિ ॥ ૫ ॥ હંસપાદ તુલ્ય રંગ રતિ અર્ધ રાગરંગ અઢિસે ધનુષ ચંગ દેહકો પ્રમાણ હે । ઉગતો દિણંદ રંગ લાલકેસુ કુલ રંગ રૂપ હે અનંગ ભંગ અંગ કેરોવાન હે ॥ ગંગકો તરંગ રંગ દેવનાથહિ અભંગ જ્ઞાનકો વિલાસ રંગ શુદ્ધ જાકો ધ્યાન હે । નિવારીએ કલેશ સંગ પદ્મપ્રભુસ્વામિ ધીંગ દિજિએ સુમતિ સંગ પદ્મ કેરો જાણ હે ॥ ૬ ॥ જિણંદ સુપાસ તણા ગુણ રાસ ગાવે ભવિ ભાવ આણંદ ઘણે । ગમે ભવપાસ મહિમા નિવાસ પૂરે સવિ આસ કુમતિ હણે ॥ ચિંહુ દિસે વાસ સુગંધ સુખાસ ઉસાસ નીઃસાસ જિનેંદ્ર તણો । કહે નય ખાસ મુનીંદ્રસુપાસ તણો જસ વાદ સદૈવ ભણો ॥ ૭ ॥ ચંદ્ર ચંદ્રિકા સમાન રૂપ સૈલસે સમાન દોઢસો ધનુષમાન દેહકો પ્રમાણ હે । ચંદ્રપ્રભુ સ્વામી નામ લીજીયે પ્રભાત જામ પામીયે સુખ ઠામ ઠાણ ગામ જસનામ હે ॥ મહાસેન

અંગજાત લક્ષ્મણાભિધાન માત સવિજગ જંતુ તાત ચંદ્ર-
સમકાંત હે ॥ કહે નય છોડી વાત ધ્યાઇયે જો દિનરાત
પામીયે તો સુખ સાત દુખકો ભીજાત હે ॥ ૮ ॥ દુધ
સિંધુ ફેન પીંડ ઉજલો કપુર ખંડ ધેનુ ખીરકો મંડ શ્વેત
પદ્મ ખંડ હે । ગંગકો પ્રવાહ પિંડ સંભુ શેલ સુધ દંડ
અમૃત સરસ કુંડ સુધ યાકો તુંડ હે ॥ સુવિધિ જિનંદ
સંત કીજીયે દૂકર્મ અંત શુભ ભક્તિ જાસ દંત શ્વેત જાકો
વાન હે । કહે નય સુણો સંત પૂજીયે જો પુષ્પ દંત પામીયે
તો સુખ સંત શુદ્ધ જાકો ધ્યાન હે ॥ ૯ ॥ શિતલ શિતલ
વાણી ઘનાઘન ચાહત કે ભવિકેકી કિશોરા । કોક દિણંદ
પ્રજાસુ નરીંદ વલી જિમ ચાહત ચંદ ચકોરા ॥ વિંધ ગયંદ
શચી સુરિંદ સતિ નિજ કંત સુમેઘ મયૂરા ॥ કહે નય
નેહ ધરી ગુણ ગેહ તથા હું ધાવત સાહેબ મેરા ॥ ૧૦ ॥
વિષ્ણુ ભૂપકો મલ્હાર જગ જંતુ સુખકાર વંશકો શૃંગાર-
હાર રૂપકો આગાર હે । છોડી સવિ ચિત્તકાર માન મોહકો
વિકાર કામ ક્રોધકો સંચાર સર્વ વેરી વાર હે ॥ આદર્યો
સંજમભાર પંચ મહાવ્રત સાર ઉતારે સંસારપાર જ્ઞાનકો
ભંડાર હે । ઇગ્યારમો જિણંદસાર ખડ્ગી જીવ ચિન્હધાર
કહે નય વારોવાર મોક્ષકો દાતાર હે ॥ ૧૧ ॥ લાલ કેસુ
ફુલ લાલ રતી અર્ધ રંગ લાલ ઉગતો દિણંદ લાલ લાલ-
ચોલ રંગ હે । કેસરીકી જીહ લાલ કેસરકો ગોલ લાલ
ચુનડીકો રંગ લાલ લાલ પાન રંગ હે ॥ લાલ કીર ચંચુ
લાલ હીંગલો પ્રવાલ લાલ કોકિલાકી દૃષ્ટિ લાલ લાલ

ધર્મરંગ હે । કહે નય તેમ લાલ બારમો જિણંદ લાલ જયાદેવિ માત લાલ લાલ જાકો અંગ હે ॥ ૧૨ ॥ કૃતવર્મ નરિંદ તણો એહ નંદ નમંત સુરેંદ્ર પ્રમોદ ધરી । ગમે દુખ દંદ દીયે સુખવૃંદ જાકે પદ સોહત્ત ચિત્ત ધરી ॥ વિમલ જિનંદ પ્રસન્ન વદન જાકે શુભ મન્ન સુગંગ પરિકરિ એક મન્ન કહે નય ધન્ય નમો જિનરાજ સુપ્રીત ધરી ॥ ॥૧૩॥ અનંત જિણંદ દેવ દેવમાં દેવાધિદેવ પૂજો ભવી નિતમેવ ધરી બહુ ભાવના। સુર નર સારે સેવ સુખ કાંયો સ્વામી હેવ । તુજ પાખે ઓર દેવ ન કરૂં હું સેવના ॥ સિંહસેન અંગ જાત સુજસાભિધાન માત જગમાં સુજસ ખ્યાત ચીહું દિશે વ્યાપતો ॥ કહે નય તાસ કીજીએ જો સુપ્રભાત નિજ હોઇ સુખ સાત કિર્તિ કોડી આપતો ॥૧૪॥ જાકે પ્રતાપ પરાજિત નિર્બલ ભૂતલ થઇ ભમે ભાનુ આકાસે ॥ સૌમ્ય વદન વિનિર્જિત અંતર શ્યામ શશી નવી હોત પ્રકાસે। ભાનુ મહિપતિ વંસે કુસેસય બોધ ન દીપત ભાનુ પ્રકાસે ॥ નમે નય નેહ નિતુસાહિબ એહ ધર્મ જિણંદ ત્રિજગ પ્રકાસે ॥ ૧૫ ॥ સોલમા જિણંદ નામે શાંતિ હોય ઠામો ઠામે સિદ્ધિ હોઇ સર્વ કામે નામ કે પ્રભાવથે ॥ કંચન સમાન વાન ચાલીસ ધનુષ માન ચક્રવર્તિ કોભિધાન દીપતો તે સરથે ॥ ચૌદ રયણ સમાન દીપતા નયન નિધાન કરત સુરેંદ્ર ગાન પુણ્યકે પ્રભાવથે ॥ કહે નય જોડી હાથ અબહું થયો સનાથ પાઇઓ સુમતી સાથ શાંતિનાથકે દિદારથે ॥ ૧૬ ॥ કહે કુંથુ જિણંદ મયાલ દયાલ નિધિ

સેવકની અરદાસ સૂણો । ભવ ભીમ મહાર્ણવ પૂર અગાહ
અથાગ ઉપાધિ સુનીર ઘણો । બહુ જન્મ જરા મરણાદિ
વિભાવ નિમિત્ત ઘણાદિ કલેશ ઘણો ॥ અબતારકતાર ક્રિપા
પર સાહિબ સેવક જાણીએ છે આપણો ॥ ૧૭ ॥ અરદેવ
સુદેવ કરે નર સેવ સવે દુખ દોહગ દુર કરે ઉપદેશ ઘનાઘન
નીર ભરે ભવિ માન સમાનસ ભૂરીભરે ॥ સુદર્શન નામ
નરેસર અંગજ ભવ્ય મને પ્રભુ વાસ વસે ॥ તસ સંકટ
શોક વિયોગ કુયોગ દરિદ્ર કુસંગતિ ન આવત પાસે ॥૧૮॥
નીલ કીર પંખ નીલ નાંગવલિ પત્ર નીલ તરૂવર રાજી નીલ
નીલ નીલ દ્રાખ હે । કાચકો સુગોલ નીલ પાછિકો સુરંગ
નીલ ઇંદ્ર નીલ રત્ન નીલ નીલ નીલ ચાસ હે ॥ જમુના
પ્રવાહ નીલ ભૃંગરાજ પંખી નીલ જેહવો અશોક વૃક્ષ
નીલ, નીલ નીલ રંગ હે । કહે નય તેમ નીલરાગથે અતિવ
નીલ મલ્લીનાથ દેવ નીલ નીલ જાકો અંગ હે ॥ ૧૯ ॥
સુમિત્ર નરીંદ તણો વરનંદ સુચંદ્ર વદન સોહવત હે । મંદર
ધીર સેવે નરહીર સુસામ શરીર વિરાજિત હે ॥ કચ્છુલવાંન
સુક છપ યાન કરે ગુણગાન નરિંદ ઘણો । મુનિસુવ્રત સ્વામી
તણો અભિધાન લહે નય માન આનંદ ઘણો ॥ ૨૦ ॥ અરી-
હંત સરૂપ અનુપમ રૂપકે સેવક દુઃખને દુર કરે । નિજ
વાણી સુધારસ મેઘ જલે ભવિમાનસ માનસ ભૂરી ભરે ॥
નમી નાથકો દર્શન સાર લહી કુંણ વિષ્ણુ મહેશ ધરે જો
ફરે । અબ માનવ મુઢ લહિ કુણ સકર છોડકે કંકર હાથ
ધરે ॥ ૨૧ ॥ જાદવ વંશ વિભૂષણ સાહિબ નેમિ જિણંદ

મહાનંદકારી ॥ સમુદ્રવિજય નરિંદ તણો સુત ઉજવલ સંખ સુલક્ષણધારી ॥ રાજુલ નાર મુકી નીરધાર ગયે ગીરનાર ક્લેશ નિવારી ॥ કજ્જલ કાય શિવા દેવી માય નમે નય પાય મહા વ્રત ધારી ॥ ૨૨ ॥ પાર્શ્વનાથ અનાથકો નાથ સનાથ ભયો પ્રભુ દેખતથે ॥ સવિ રોગ વિજોગ કુજોગં મહા દુઃખ દુર ગએ પ્રભુ ધ્યાવતથે ॥ અશ્વસેન નરેશ સપુત વિરાજિત ઘનાઘનવાન સમાન તનુ । નય સેવક વંછીત પૂરણ સાહિબ અભિનવ કામ કરિ રમનુ ॥ ૨૩ ॥ કમઠ કુલંઠ ઉલંઠ હઠી હઠી ભંજન જાસ પ્રતાપ વિરાજે । ચંદન વાણીસુ વામા નંદન પુરૂસાદાણી બિરૂદ જસ છાજે ॥ જસ નામકે ધ્યાન થકો સવિ દોહગ દારિદ્ર દુઃખ મહા ભય ભાંજે । નય સેવક વંછિત પૂરણ સાહિબ અષ્ટમહા સિદ્ધિ નિત્ય નીવાજે ॥ ૨૪ ॥ સિદ્ધારથ ભૂપ તણો પ્રતિરૂપ નમે નરભુપ આનંદ ધરી । અચિંત્ય સ્વરૂપ અનુપમ રૂપકે લંછન સોહત જાસ હરી ॥ ત્રિસલા નંદન સમુદ્રમ કંદન લઘુપણે કંપિત મેરૂ ગિરિ । નમે નય ચંદ વદન વિરાજિત વીર જિણંદ સુપ્રીત ધરી ॥ ૨૫ ॥ ચોવીસ જિનંદ તણા ઇહ છંદ ભણે ભવિવૃંદ જે ભાવ ધરી । તસ રોગ વિયોગકુ જોગકું ભોગ સવિ દુખ દોહગ દુર ટળે ॥ તસ અંગણ બાર ન લાભે પાર સુમતિ તોખાર હેખાર કરે । કહે નય-સાર સુમંગલ ચાર ઘરે તસ સંપદ ભુરી ભરે ॥ ૨૬ ॥ સંવેગી સાધુ વિભૂષણ વંસ વિરાજિત શ્રી વિનિત વિમલ જનાનંદકારી । તસ સેવક સંજમધીર સુધીરકે ધીરવિમલ-

ગણી જયકારી ॥ તાસપદાંબુજ ભૃંગ સમાન શ્રીનયવિમલ મહાવ્રત ધારી, કહે એ છંદ સુણો ભવિવૃંદકે ભાવધરીને ભણો નરનારી ॥ ૨૭ ॥

---

# बीजनुं चैत्यवंदन

ચોવીશમો જિનરાજજી, ચંપાપુરી આવે, ચૌદ સહસ્ર અણગારના, સ્વામી તેહ કહાવે. ૧ અઢી કોશ ઉંચો સહિ, સમોવસરણ વિરચાવે, ત્રિભુવન પતિ ગુરૂ તેહમાં, ઉપદેશ વરસાવે. ૨ જિતશત્રુ રાજાતિહાં, પ્રભુને વંદન આવે, તે પણ સમવસરણ માંહિ, બેસી હરષીત થાવે. ૩ ભવિક જીવ તારણ ભણી, ગૌતમ પૂછે જિનને, બીજ તિથિ મહિમા કહો, સંશય હરણ પ્રભુ અમને. ૪ તવ પ્રભુ પર્ષદા આગલે, બીજનો મહિમા ભાખે, પંચ કલ્યાણક જિનતણા, તે સહુ સંઘની સાખે. ૫ બીજે અજિત જિન જનમીઆ, બીજે સુમતિ ચ્યવન, બીજે વાસુપૂજ્યજી, લહ્યું કેવલ જ્ઞાન. ૬ દશમા શીતલનાથજી, બીજે શિવ પામ્યા, સાતમા ચક્રી અરજિન, જનમ્યા ગુણધામ. ૭ એ પાંચે જિન સમરતાંએ, ભવિ પામો હોય ધર્મ, સર્વ વિરતિને દેશ વિરતિ, ટાળે પાતિકમર્મ. ૮ વીર કહે દ્વિતિયા તિથિ, તે કારણ તુમે પાળો, ચંદ્રકેતુ રાજા પરે, આતમ અજુવાળો. ૯ તે સાંભળી બહુ આદરે, પ્રાણી બીજ તિથિ સાર, તે આરાધતાં કેઈના, થયા આતમ ઉધાર. ૧૦ ચઉવિહાર

ઉપવાસ કરી, બીજ આરાધો વિવેક, નયસાગર કહે વીર જિન, દ્યો મુજને શિવ એક. ૧૧

## पंचमीनुं चैत्यवंदन

સકલ સુરાસર સાહિબો, નમીએ જિનવર જેમ, પંચમી તિથિ જગ પરવડો, પાળો જન બહુ પ્રેમ. ૧ જિનકલ્યાણક એ તિથે, સંભવ કેવળ જ્ઞાન, સુવિધિ જિનેશ્વર જનમીયા, સેવો થઈ સાવધાન. ૨ ચ્યવન ચંદ્ર પ્રભુ જાણીએ, અજિત સુમતિ અનંત, પંચમી દિન મોક્ષે ગયા, ભેટો ભવિજન સંત. ૩ કુંથુજિન સંયમ ગ્રહ્યો, પંચમી ગતિજિન ધર્મ, નેમી જન્મ વખાણીએ, પંચમી તિથિ જગશર્મ. ૪ પંચમીના આરાધને, પામે પંચમ જ્ઞાન, ગુણમંજરી વરદત્ત તે, પહોંચ્યા મોક્ષ સુઠાણ. ૫ કાર્ત્તિક શુદિ પંચમીથકી, તપ માંડી જે ખાસ, પંચ વરસ આરાધીએ ઉપર વળી પંચ માસ. ૬ દશ ક્ષેત્રે નેવું જિન તણાં, પંચમી દિનનાં કલ્યાણ, એહ તિથે આરાધતાં, પામે શિવ પદ ઠાણ. ૭ પડિક્કમણાં દોય ટંકના, કરીએ શુદ્ધ આચાર, દેવ વંદો ત્રણ કાળના, પહોંચાડે ભવપાર. ૮ નમો નાણસ્સ ગુણણું ગણો, નોકારવાળી વીશ, સામાયિક શુદ્ધ મને, ધરીએ શિયલ જગીશ. ૯ એણીપેરે પંચમી પાળશે, ભવિજન પ્રાણી જેહ, અજરામર સુખ પામશે, હંસ કહે ગુણ ગેહ. ૧૦

# अष्टमीनुं चैत्यवंदन

મહા સુદિ આઠમને દિને, વિજયાસુત જાયો, તેમ ફાગણ સુદિ આઠમે, સંભવ ચવી આવ્યો. ૧ ચૈતર વદની આઠમે, જનમ્યા ઋષભ જિણંદ, દીક્ષા પણ એ દિનલહી, હુઆ પ્રથમ મુનિચંદ. ૨ માધવ સુદિ આઠમ દિને, આઠ કર્મ કર્યાં દૂર, અભિનંદન ચોથા પ્રભુ, પામ્યા સુખ ભરપુર. ૩ એહીજ આઠમ ઉજળી, જનમ્યા સુમતિ જિણંદ, આઠ જાતિ કળશા ભરી, નવરાવે સુર ઇંદ્ર. ૪ જનમ્યા જેઠ વદિ આઠમે, મુનિસુવ્રત સ્વામી, નેમિ અષાઢ સુદિ આઠમે, અષ્ટમી ગતિ પામી. ૫ શ્રાવણ વદની આઠમે, નમિ જનમ્યા જગભાણ, તેમ શ્રાવણ સુદિ આઠમે, પાસજીનું નિર્વાણ. ૬ ભાદરવા વદિ આઠમ દિને, ચવિઆ સ્વામી સુપાસ, જિન ઉત્તમ પદ પદ્મને, સેવ્યાથી શિવવાસ. ૭

---

# अष्टमीनुं चैत्यवंदन

રાજગ્રહી ઉદ્યાનમાં, શ્રીવીર પ્રભુ પધાર્યા, દેવ ઇંદ્ર ચોસઠ મલી, પ્રણમે પ્રભુ પાયા. ૧ રજતહેમમણિ રયણના, તિહુયણકોટ બનાય, મધ્ય મણિમય આસને, બેઠા શ્રી જિનરાય. ૨ ચઉવિહ ધર્મની દેશના, નિસુણે પરષદા બાર, તવગૌતમ મહારાજને, પૂછે પર્વ વિચાર. ૩ પંચપવી તુમે વર્ણવી, તેમાં અધિકી કોણ, વીર કહે સુણો ગોયમા, અષ્ટમી પર્વ વિષેણ. ૪ બીજ ભવી કરતાં થકાં, બિહુ વિધ

ધર્મ મુણંત, પંચમી તપ કરતાંથકાં, પાંચે જ્ઞાન ભણંત. ૫ અષ્ટમી તપ કરતાં થકાં, આઠે કર્મ હણંત, એકાદશી કરતાં થકાં, અંગ અગીયાર ભણંત. ૬ ચૌદે પુરવધર ભલાએ, ચૌદશ આરાધે, અષ્ટમી તપ કરતાં થકાં, અષ્ટમી ગતિ સાધે. ૭ દંડવીરજ રાજા થયો, પામ્યો કેવલ નાણુ, અષ્ટમી તપ મહિમા વડો, ભાખે શ્રી જિન ભાણુ. ૮ અષ્ટ કર્મ હણવા ભણીએ, કરીએ તપ સુજાણુ, ન્યાય મુનિ કહે ભવિ તુમે, પામો પરમ કલ્યાણ. ૯

---

## नेमनाथनुं चैत्यवंदन

નેમી જિનેસર ગુણ નીલો, બ્રહ્મચારી સિરદાર ॥ સહસ પુરૂષશું આદરી, દીક્ષા જિનવર સાર ॥ ૧ ॥ પંચાવનમેં દિન લહ્યા, નિરૂપમ કેવલનાણ ॥ ભવિક જીવ પડિબોધવા, વિચરે મહિયલ જાણ ॥ ૨ ॥ વિહાર કરંતા આવિયાએ, બાવીસમા જિનરાય ॥ દ્વારિકા નયરી સમોસર્યા, સમવસરણ તિહાં થાય ॥ ૩ ॥ બાર પરખદા તિહાં મલી, ભાખે જિનવર ધર્મ ॥ સર્વ પર્વ તિથિ સાચવો, જિમ પામો શિવ શર્મ ॥ ૪ ॥ તવ પૂછે હરિ નેમને, ભાંખો દિન મુજ એક ॥ થોડો ધર્મ કર્યો થકી, શુભ ફલ પામુ અનેક ॥ ૫ ॥ નેમ કહે કેશવ સુણો, વરસ દિવસમાં જોય ॥ માગશિર સુદી એકાદશી, એ સમો અવર ન કોય ॥ ૬ ॥ ઇણ દિન કલ્યાણક થયાં, નેઉ જિનના સાર ॥

એ તિથિ વિધિ આરાધતાં, સુવ્રત થયા ભવપાર ॥ ૭ ॥ તે માટે મોટી તિથિ, આરાધો મન શુદ્ધ ॥ અહોરત્તો પોસહ કરો, મન ધરી આતમ બુદ્ધ ॥ ૮ ॥ દોઢસો કલ્યાણક તણું એ, ગણણું ગણો મન રંગ ॥ મૌન ધરી આરાધીયે, જિમ પામો સુખસંગ ॥ ૯ ॥ ઉજમણું પણ કીજીએ, ચિત્ત ધરી ઉલ્લાસ ॥ પૂંઠાંને વીંટાંગણા, ઇત્યાદિક કરો ખાસ ॥ એમ એકાદશી ભાવશું. આરાધે નર રાય ॥ ક્ષાયિક સમક્તિનો ધણી. જિન વંદી ઘેર જાય ॥ ૧૦ ॥ એકાદશી ભવિયણ ધરો એ, ઉજ્વલ ગુણ જિમ થાય ॥ ક્ષમાવિજય જસ ધ્યાનથી, શુભ સુરપતિ ગુણ ગાય ॥ ૧૧ ॥

---

# रोहिणी तपनुं चैत्यवंदन

શ્રી વાસુપુજ્ય જીન વંદીયે જગદીપક જીનરાજ, રોહિણી તપ વર્ણવું ભવજળ તારણ જહાજ. ૧. સુદી વૈશાખે રોહીણી, ત્રીજતણે દિન જાણ, શ્રી આદીશ્વર જીનવર, વર્ષી પારણે જાણ. (૨) રોહીણી નક્ષત્રને દિને, ચઉવિહાર ઉપવાસ, પોસહ પડિક્કમણું કરી, તોડો કર્મનો પાસ. (૩) તે દિનથી તપ માંડીયે, સાત વર્ષ લગે સીમ, સાત માસ ઉપર વળી, ધરીયે અહીજ નીમ. (૪) જીમ રોહિણી કુંવરી અને અશોક નામે ભુપાળ, એ તપ પુરણ ધ્યાઇએ, પામ્યા સુર ગતિ સાર. (૫) તિમ ભવિજન તપ કીજીએ, શાસ્ત્રતણે અનુસાર, જન્મમરણના ભય થકી, ટાળે એ તપ સાર. (૬)

તપ પુરાણુ તેહજ સમે, કરી ઉજમણું સાર, યથા શકતી હોય જેહની, તિમ કરીએ ધરી પ્યાર. (૭) વાસુ પુજય જીન બિંબની, પુજા કરો ત્રણુ કાળ, દેવ વાંદો વળી ભાવશું, સ્વસ્તીક પર્યવિશાળ. (૮) એ તપ જે સહી આદરે, પહોંચે મનના કોડ, મન વાંછીત ફળે તેહના, હંસ કહે કરજોડ. (૯)

---

# पंचतीर्थनुं चैत्यवंदन

વિહરમાન જિનંદ વંદુ ઉદિત કેવલ ભાસ્કરં, અસંખ લોક નિવાસ પ્રભુના, શાશ્વતા અઘનાસ્કરં ॥ ૧ ॥ અષ્ટાપદ સમેત ચંપા નેમ ગઢ ગિરિ મંડણો, શ્રીવીર પાવા વિમલગિરિવર કેસરા દુઃખ ખંડનો ॥ ૨ ॥ આબુ તારણગઢ સુચંગા શિવ અભંગા કારણા, શ્રીઅંતરિક જીનંદ પાસ થંભણા દુઃખ વારણા ॥ ૩ ॥ સંખેશ્વરા અલવેસરા જગ પાવના જીરાવલા, ચિંતામણી ફલોધી પાર્શ્વ મલ્લિ ભવોદધિ નાવલા ॥ ૪ ॥ વરકાણુ રાણુ નાડોલ નગરે વીર ઘાણે ગોડીચે, શ્રી નાડુલાઈ શ્રીવીર રાતા વંદિયે ભવ તોડિયે ॥ ॥ ૫ ॥ શ્રી પાલી પાટણ રાજનગરે ઘનોઘ મંડણ પાસજી, ઈમ જેહ થાનક ચૈત્ય જિનવર ભવિક પૂરે આશજી ॥ ૬ ॥ સહુ સાધુ ગણધર કેવલી મુનિ સંઘ ભવજલ તારણા, શુદ્ધ જ્ઞાન દરિસણ ચરણ સાચા મહાનંદના કારણા ॥૭॥ એ તીરથ વંદન ભવનિકંદન ભવિક શુદ્ધ મન કીજીયે, નિજ રૂપ ધારો ભરમ ફારો અધન આતમ લીજીયે ॥૮॥

---

# श्री सिद्धचक्रजीनुं चैत्यवंदन

જૈનેદ્રમિંદ્રમહિતં ગતસર્વદોષં, જ્ઞાનઘનંત ગુણરત્ન-વિશાલકોષં ॥ કર્મક્ષયં શિવમયં પરિનિષ્ટિતાર્થં, સિદ્ધં ચ બુદ્ધમવિરૂદ્ધ મહં ચ વંદે ॥ ૧ ॥ ગચ્છાધિપં ગુણગણં ગણિનં સુસૌમ્યં ॥ વંદામિ વાચકવરં શ્રુતદાનદક્ષં ॥ ક્ષાંત્યાદિધર્મકલિતાં મુનિમાલિકાં ચ, નિર્વાણ સાધનપરં નરલોકમધ્યં ॥ ૨ ॥ સદ્દર્શનં શમમયં શ્રી જિનોક્તસત્યં, તત્વપ્રકાશકુશલં સુખદં સુબોધં ॥ છિન્નાશ્રવં સુમતિગુપ્તિ-મયં ચરિત્રં, કર્માષ્ટકાષ્ટદહનં સુતપં શ્રયામિ ॥ ૩ ॥ પાપો-ઘનાશનકરં વરમંગલં ચ, ત્રૈલોકયસારમુપકારપરં ગુરૂં ચ ॥ ભાવાર્તિશુદ્ધિવરકારણમુત્તમાનાં, શ્રીમોક્ષસૌખ્યકરણં હરણં ભવાનાં ॥ ૪ ॥ ભવ્યાબ્જબોધતરણિં ભવ સિંધુનાવં, ચિંતામણે સુરતરોરધિકં સુભાવં ॥ તત્ત્વત્રિપાદનવકં નવ કારરૂપં, શ્રીસિદ્ધચક્રસુખદં પ્રણમામિ નિત્યં ॥ ૫ ॥

---

# श्री नवपदनुं चैत्यवंदन : १ : लु

શ્રી સિદ્ધચક્રમહા મંત્રરાજ–પૂજા પર સિદ્ધ, જાસ નમનથી સંપજે–સંપૂરણ રિદ્ધ : ૧. અરિહંતાદિક નવપદ, નિત્ય નવનિધિદાતાં, એ સંસાર અસાર સાર, હોય પાર વિખ્યાતા. ૨. અમલાચલ પદ સંપજે–પૂરે મનનાં કોડ, મોહન કહે વિધિયુત કરો–જિમ હોય ભવનો છેદ. ૩.

---

# શ્રી નવપદનું ચૈત્યવંદન : ૨ : જુ

સુલલિત નવપદધ્યાનથી, પરમાનંદ લહીએ, ધ્યાન અગ્નિથી કર્મના, ઇંધણ પુર્ણ દહીએ. ૧. ઈતિ ભીતિને રોગ શોક, સવિ દૂર પણાસે, ભોગ સંજોગ સુબુદ્ધિતા, પ્રાપ્તિ સુવિલાસે. ૨. સિદ્ધચક્ર તપ કીજતાં એ, ઉત્તમ પ્રભુતા સંગ, મોહન નાણુ પ્રસિદ્ધતા, ગંગારંગ તરંગ. ૩.

---

# सिद्ध भगवाननुं चैत्यवंदन

તુમ્હે તરણ તારણ, દુઃખનિવારણ, ભવિકજન આરા-ધનં ॥ શ્રી નાભિનંદન જગતવંદન, નમો સિદ્ધ નિરંજનં ॥૧॥ જગત ભૂષણ વિગત દૂષણ, પ્રણવ પ્રાણ નિરૂપકં ॥ ધ્યાન રૂપ અનુપમ ઉપમ, નમો સિદ્ધ નિરંજનં ॥ ૨ ॥ ગગન મંડલ મુક્તિ પદ્મં, સર્વ ઉર્ધ્વં નિવાસનં ॥ જ્ઞાન જ્યોતિ અનંત રાજે ॥ નમો૦ ॥ ૩ ॥ અજ્ઞાન નિદ્રા વિગત વેદન, દલિત મોહ નિરાઉખં ॥ નામગોત્ર નિરંતરાય. ॥ નમો૦ ॥ ૪ ॥ વિકટ ક્રોધા માન યોધા, માયા લોભ વિસર્જનં ॥ રાગ દ્વેષ વિમર્દિત અંકુર, ॥ નમો૦ ॥ ૫ ॥ વિમલ કેવલ જ્ઞાન લોચન, ધ્યાન શુકલ સમિરિતં ॥ યોગિ-નામિતિ ગમ્યરૂપં. ॥ નમો૦ ॥ ૬ ॥ યોગમુદ્રા સમ સમુદ્રા, કરી પલ્યંકાસનં ॥ યોગિનામિતિ ગમ્યરૂપં. ॥ નમો૦ ॥ ૭ ॥ જગત જનકે દાસ દાસી, તાસ આશ નિરાસનં ॥ યોગીનામિતિ ગમ્યરૂપં ॥ નમો૦ ॥ ૮ ॥ સમય સમક્તિ

દષ્ટિ જનકી, સોય યોગી અયોગિકં ॥ દેખિતા મિલિન હોવે. ॥ નમો૦ ॥ ૯ ॥ તીર્થ સિદ્ધ અતીર્થ સિદ્ધા, ભેદ પંચ દશાદિકં ॥ સર્વ કર્મ વિમુક્તિ ચેતન. ॥ નમો૦ ॥ ૧૦ ॥ ચંદ્ર સૂર્ય દીપ મણીકી, જયોતિ તેને ઓલંગીકં ॥ તજ્જયોતિથી કોઈ અપર જ્યોતિ, ॥ નમો૦ ॥ ૧૧ ॥ એક માંહે અનેક રાજે, નેક માંહિ એકકં ॥ એક નેકકી નહિ સંખ્યા. ॥ નમો૦ ॥ ૧૨ ॥ અજર અમર અલખ અનંતં, નિરાકાર નિરંજનં પર ॥ બ્રહ્મ જ્ઞાન અનંત દર્શન, ॥ નમો૦ ॥ ૧૩ ॥ અચલ સુખકી લહેરમાં, પ્રભુ લીન રહે નિરંતરં ॥ ધર્મ ધ્યાનથી સિદ્ધ દર્શન. ॥ નમો૦ ॥૧૪॥ ધ્યાને ધુપ મને પુષ્પચં, પંચ ઇંદ્રિ હુતાશનં ॥ ક્ષમા જાપ સંતોષ પૂજા, પૂજો દેવ નિરંજનં. ॥ નમો૦ ॥ ૧૫ ॥ તુમ્હે મુક્તિ દાતા કર્મ ઘાતા, દીન જાણી દયા કરો સિદ્ધાર્થનંદન જગતવંદન મહાવીર જિનેશ્વરં ॥ નમો૦ ॥ ૧૬ ॥

---

# जिन पूजनुं चैत्यवंदन

પ્રણમી શ્રી ગુરૂરાજ આજ, જિન મંદિર કેરો, પુન્ય ભણી કરશું સફલ, જિન વચન ભલેરો. ૧ દેહરે જાવા મન કરે, ચોથતણું ફલ પામે. જિનવર જુહારવા ઉઠતાં, છઠ્ઠ પોતે આવે. ૨ જાવા માંડયું જેટલે, અઠ્ઠમતણું ફલ હોયે, ડગલું ભરતાં જીન ભણી, દશમતણું ફલ હોય. ૩ જાઈશું જિનવર ભણી, મારગ ચાલંતા, હોવે દ્વાદશતણું

પુન્ય, ભક્તિ માણુંતા. ૪ અર્ધ પંથ જિનવર ભણી, પંદર ઉપવાસ, દીઠે સ્વામી તણો ભવન, લહીયે એક માસ. ૫ જિનવર પાસે આવતાં, છ માસી ફલ સિદ્ધ, આવ્યા જિનવર બારણે, વર્ષી તપ ફલ લીધ. ૬ સો વરસ ઉપવાસ પુન્ય, પ્રદક્ષિણા દેતાં; સહસ વર્ષ ઉપવાસ પુન્ય, જે નજરે જોતાં. ૭ ભાવે જિનવર જુહારીયે, ફળહોવે અનંત, તેહથી લહીયે સોગણું. જો પૂજે ભગવંત. ૮ ફલ ઘણો ફૂલની માલનો, પ્રભુ કંઠે ઠવંતા. પાર ન આવે ગીત નાદ, કેરા ફલ થુણુંતા, ૯ શિર પૂજી પૂજા કરોએ, સુર ધૂપતણો ધૂપ, અક્ષત સાર તે અક્ષય સુખ, દીપે તનુ વરરૂપ. ૧૦ નિર્મલ તન મને કરીયે, થુણુંતા ઈંદ્ર જગીશ, નાટક ભાવના ભાવતાં, પામે પદવી જગીશ. ૧૧ જિનવર ભક્તિ વાલીયે, પ્રેમે પ્રકાશી, સુણી શ્રી ગુરૂ વયણુસાર, પૂર્વ રૂષિએ ભાખી. ૧૨ અષ્ટ કર્મને ટાલવા, જિનમંદિર જઈશું. ભેટી ચરણ ભગવંતના, હવે નિર્મલ થઈશું. ૧૩ કીર્ત્તિવિજય ઉવજ્ઝાયનોએ, વિનય કહે કરજોડ, સફલ હોજો મુજ વિનતિ, જિન સેવાનો કોડ. ૧૪

---

## श्री परमात्मानुं चैत्यवंदन

જગન્નાથને તે નમું હાથ જોડી, કરૂં વિનતિ ભક્તિ શું માન મોડી, કૃપાનાથ સંસાર કુપાર તારો, લહ્યો પુન્યથી આજ દેદાર તારો. ૧ સોહિલા મળે રાજ્ય દેવાદિ ભોગો,

પરમ દોહિલો એક તુજ ભક્તિ જોગો, ઘણા કાલથી તું લહ્યો સ્વામી મીઠો, પ્રભુ પાર ગામી સહુ દુઃખ નીઠો. ૨ ચિદાનંદ રૂપી પર બ્રહ્મ લીલા. વિલાસી વિભો ત્યક્ત કામાગ્નિ કિલા, ગુણાધાર જોગીશ નેતા અમાયી, જયત્વં વિભો ભૂતલે સુખદાયી. ૩ ન દીઠી જેણે તાહરી યોગમુદ્રા, પડ્યા રાત દિને મહા મોહ નિદ્રા, કિસી તાસ હોશે ગતિ જ્ઞાન સિંધો, ભમંતા ભવે હે જગજ્જીવ બંધો. ૪ સુધાસ્યંદીને દર્શનં નિત્ય દેખે, ગણું તેહનો હે વિભો જન્મ લેખે, ત્વદાજ્ઞા વિષે જે રહ્યા વિશ્વ માંહે, કરે કર્મની હાણ ક્ષણ એક માંહે. ૫ જિનેશાય નિત્યં પ્રભાતે નમસ્તે, ભવિ ધ્યાન હોજો હૃદયે સમસ્તે, સ્તવી દેવના દેવને હર્ષ પૂરે, મુખાં ભોજ ભાલી ભજે હેજ ઉરે. ૬ કહે દેશના સ્વામિ વૈરાગ્ય કેરી, સુણે પર્ષદા બાર બેઠી ભલેરી, સુધાબોધધારા સમી તાપ ટાળે, બહુ બંધવા સાંભળે એક ઢાળે. ૭ લહે મોક્ષના સુખ લીલા અનંતી, વરક્ષાયિક જ્ઞાન ભાવે લહંતી, ચિદાનંદ ચિત્તે ધરે ધ્યેય જાણી, કહે રામ નિત્યે જપો જિનવાણી. ૮

---

# सामान्य जिन चैत्यवंदन

જય જય તું જિનરાજ આજ, મલીયો મુજ સ્વામી, અવિનાશી અકલંકરૂપ, જગ અંતર જામી. ૧ રૂપારૂપી ધર્મદેવ, આતમ આરામી, ચિદાનંદ ચેતન અચિંત્ય, શિવ

લીલા પામી. ૨ સિદ્ધ બુદ્ધ તું વંદતા, સકલ સિદ્ધવર બુદ્ધ, રામ પ્રભુ ધ્યાને કરી, પ્રગટે આતમ ઋદ્ધ. ૩ કાળ બહુ સ્થાવર ભમ્યો, ભમીયો ભવમાંહી, વિકલેંદ્રિયમાંહી વસ્યો, પણ સ્થિરતા નહીં ક્યાંહી. ૪ તિર્યંચ પંચેંદ્રિયમાંહી દેવ, કરમેં હું આવ્યો, કરી કુકર્મ નરકે ગયો, તુમ દરિશન નહીં પાયો. ૫ એમ અનંત કાળે કરીએ, પામ્યો નર અવતાર, હવે જગતારક તુંહી મળ્યો, ભવજલ પાર ઉતાર. ૬

## श्री सीमंधर स्वामीनुं चैत्यवंदन

સીમંધર જિનવિચરતા, સોહે વિજય મોઝાર. સમવસરણ રચે દેવતા, બેસે પર્ષદા બાર. ૧ નવતત્વની દીયે દેશના, સાંભળી સુરનર કોડ, ષટ્ દ્રવ્યાદિક વર્ણવે. લે સમકિત કરજોડ ૨ ઈહાથકી જિન વેગળા, સહસ તેત્રીસ શત એક, સત્તાવન જોજન વળી, સત્તર કળા સુવિશેષ. ૩ દ્રવ્ય થકી જિન વેગળા, ભાવથકી હૃદય મોઝાર. ત્રિહુ કાલે વંદન કરૂં, શ્વાસ માંહે સોવાર. ૪ શ્રી સીમંધર જિનવરૂએ, પૂરે વાંછિત કોડ, કાંતિવિજય ગુરૂ પ્રણમતા, ભક્તિ બે કરજોડ. ૫.

## श्री आदीश्वर जिननु चैत्यवंदन

ધુરે સમરૂં શ્રી આદિદેવ, વિમલાચલ સોહીએ, સૂરતિ મૂરતિ અતિ સફળ, ભવિયણનાં મન મોહીએ. ૧. સુંદર

રૂપ સોહામણો, જોતાં તૃપ્તિ ન હોય, ગુણ અનંત જિનવર તણાં, કહી શકે નવ કોય. ૨. વીતરાગ દર્શન વિના, ભવસાગરમાં રૂળ્યો, કુગુરૂ કુદેવે ભોળવ્યો, ગાઢો જલ ભરીયો. ૩. પૂર્વ પૂણ્ય પસાઉલે, વીતરાગ મેં આજે, દર્શન દીઠું તાહરૂં, તારણ તરણ જહાજ. ૪ સુરઘટને સુરવેલડી, આંગણે મુજ આઈ, કલ્પવૃક્ષ ફળ્યો વળી, નવનિધિ મેં પાઈ. ૫. તુજ નામે સંકટ ટળે, નાસે વિષમ વિકાર, તુજ નામે સુખ સંપદા, તુજ નામે જયકાર. ૬. આજ સફલ દિન માહરો એ, સફળ થઈ મુજ યાત્રા, પ્રથમ તીર્થંકર ભેટીયા, નિર્મળ કીધાં ગાત્ર ૭. સુરનર કિંનર કિંનરી, વિદ્યાધરની કોડ, મુક્તિ પ્હોચ્યાં કેવલી, વંદુ બે કરજોડ. ૮. શ્રી શત્રુંજય મંડણોએ, મરૂદેવા માત મલ્હાર, સિદ્ધિ-વિજય સેવક કહે, તુમ તરિયા મુજતાર. ૯.

---

## श्री शत्रुंजय तीर्थनां उत्तम २१ नाम गर्भित चत्यवंदन १

સિદ્ધાચલ શિખરે ચઢી, ધ્યાન ધરો જગદીશ, મન વચ કાય એકાગ્રશું, નામ જપો એકવીશ. ૧. શત્રુંજયગિરિ વંદીએ, બાહુબલી શિવઠામ, મરૂદેવ પુંડરીકગિરિ, રૈવત-ગિરિ વિશરામ. ૨. વિમલાચલ સિદ્ધરાજજી, નામ ભગીરથ સાર, સિદ્ધક્ષેત્રને સહસ્રકમલ, મુક્તિ નિલય જયકાર. ૩. સિદ્ધાચલ શતકૂટગિરિ, ઢંકને કોડી નિવાસ, કદંબગિરિ લોહિત નમો, તાલધ્વજ પુણ્ય રાસ. ૪. મહાબલ દઢ

શક્તિ સહી, એમ એકવીસે નામ, સાતે શુદ્ધિ સમાચરી, કરીએ નિત્ય પ્રણામ. ૫. દગ્ધ શૂન્યને અવિધિ દોષ, અતિ પ્રવૃત્તિ જેહ, ચાર દોષ છંડી ભજો, ભક્તિભાવ ગુણ ગેહ. ૬. મનુષ્ય જન્મ પામી કરી, સદ્ગુરૂ તીરથ યોગ, શ્રી શુભવીરને શાસને, શિવ રમણી સંયોગ. ૭.

---

## श्री सिद्धाचलजीनुं चैत्यवंदन २

શ્રી સિદ્ધાચલ તીર્થનાયક વિશ્વતારક જાણીયે, અકલંક શક્તિ અનંત સુરગિરિ, વિશ્વાનંદ વખાણીયે; મેરૂ મહીધર હસ્તગિરિવર, ચર્ચગિરિવર ચિહ્ન એ, શ્વાસમાં સો વાર વંદુ નમો ગિરિ ગુણવંત એ. ૧. હસિત વદને હેમગિરિને પૂજીએ પાવન થઈ, પુંડરીક પર્વતરાજ શતકુટ, નમત અંગ આવે નહી, પ્રીતિમંડણ કર્મ છંડણ શાશ્વતો સુર કંદ એ શ્વાસમાં. ૨. આનંદ ધર પુન્યકંદ સુંદર મુક્તિરાજે મન ઠસ્યો, વિજયભદ્ર સુભદ્ર નામે અચલ દેખત દિલ વસ્યો, તાલ મૂલને ઢંક પર્વત, પુષ્પદંત જયવંત હે શ્વાસમાં. ૩. બાહુબલ મરૂદેવી ભગીરથ, સિદ્ધક્ષેત્ર કંચનગિરિ, લોહિતાક્ષ કુલિનીવાસમાં, જસ રૈવતાચલ મહાગિરિ, શેત્રુંજામણિ પુન્ય રાશિ, કુંવર કેતુ કહત હે. શ્વાસમાં. ૪. ગુણકંદ કામુક દ્રઢ શક્તિ સહજાનંદ સેવા કરે, જય જગત તારણ જ્યોતિ રૂપ, માલવતને મનોહરે, ઇત્યાદિક બહુ કીર્તિ માણેક, કરત સુર સુખ અનંત હે. શ્વાસમાં. ૫.

---

## श्री पार्श्वनाथनुं चैत्यवंदन

જય જય શિખર ગિરીશ ઈશ વીશ જિનેશ્વર નામી, અણુસણ કરી ઇહાં કને પંચમી ગતિ પામી. ૧. બીજા પણ બહુ મુનિવરા શિવગતિના ગામી, પરમાતમ પદ પામીઆ વંદું શિર નામી. ૨. એ અવદાત સુણી કરી હું એ પદ કામી, આવ્યો છું તુજ આગલે કામે કીજે ખામી. ૩. શ્રી શામળીઆ પાર્શ્વનાથ તું છે દીન દયાળ, એ અરજી સુણી માહરી ઘો શિવ વરમાળ. ૪. હું અનાથ ભમીયો ઘણું ન મળ્યો તુમ સમ નાથ, આપી પદ પોતા તણું રાખો નિજ સાથ. ૫. રાગ રીસ ક્રોધે ભર્યો નિંદકને અવિવેક, એ સઘળું ઉવેખીને રાખો મુજ ટેક. ૬. મુજ પાપીનાં પાપને દૂરે કરી હજુર, નિજ લક્ષ્મીને આપશો આશા છે ભરપૂર. ૭.

---

## श्री शंखेश्वर पार्श्वजिन चैत्यवंदन

સકલભવિજનચમત્કારી, ભારી મહિમાજેહનો; નિખિલ આતમરમા રાજીત નામજપીએ તેહનો; દુષ્ટકર્માષ્ટક ॥ ગંજરીજે, ભવિકજનમનસુખકરો, નિત્ય જાપ જપીએ પાપ ખપીએ, સ્વામીનામશંખેશ્વરો. ॥ ૧ ॥ બહુપુન્ય રાશિદેશ કાશી, તથ્થનયરીવણારસી; અશ્વસેનરાજા રાણી વામારુપે રતિતનુસારીખી; તસકુખેસુપન ચૌદ સુચિત, સ્વર્ગથી પ્રભુ-અવતર્યો; નિત્યજાપજપીએ પાપખપીએ, સ્વામીનામ શંખે-

શ્વરો ॥ ૨ ॥ પોષ માસે કૃષ્ણ પક્ષે, દશમી દિનપ્રભુ જનમિયો; સુરકુમરીસુરપતિ ભક્તિભાવે, મેરુશૃંગેસ્થાપિયો; પ્રભાતેપૃથ્વીપતિ પ્રમોદે. જન્મમહોચ્છવ અતિ કર્યો, નિત્યજાપજપીએ પાપખપીએ, સ્વામીનામશંખેશ્વરો ॥ ૩ ॥ ત્રણ લોકતરુણીમનપ્રમોદી, તરુણવયજબ આવીઆ, તવમાતતાતને પ્રસન્નચિતે, ભામિની પરણાવીઆ; કમઠશઠકૃતઅગ્નિકુંડે નાગબલતો ઉદ્ધર્યો; નિત્યજાપજપીએ પાપખપીએ, સ્વામીનામશંખેશ્વરો ॥ ૪ ॥ પોષ વદિ એકાદશી દિન, પ્રવ્રજ્યા જિનઆદરે; સુરઅસુરરાજા ભક્તિસાજા, સેવનાઝાઝી કરે; કાઉસગ્ગકરતા દેખી કમઠે, કીધપરિસહ આકરો; નિત્યજાપજપીએ પાપખપીએ સ્વામી નામ શંખેશ્વરો. ॥ ૫ ॥ તવ ધ્યાન ધારા રુઢ જિનપતિ, મેઘધારે નવિચલ્યો; તિહાં ચલિત આસન ધરણ આયા, કમઠ પરિસહ અટકલ્યો; દેવાધિદેવની કરે સેવા, કમઠનેકાઢીપરો; નિત્યજાપજપીએ પાપખપીએ સ્વામી નામ શંખેશ્વરો. ॥ ૬ ॥ કર્મ વામી કેવળજ્ઞાનકમળા, સંઘચઉવિહસ્થાપીને, પ્રભુગયા મોક્ષે સમેતશિખરે, માસઅણસણપાળીને, શિવ રમણીરંગે રમે રસીઓ ભવિકતસસેવા કરો; નિત્યજાપજપીએ પાપખપીએ, સ્વામીનામશંખેશ્વરો, ॥ ૭ ॥ ભૂત પ્રેત પિશાચવ્યંતર, જલણજલોદર ભય ટળે; રાજરાણી રમાપામે, ભક્તિભાવે જો મળે, કલ્પતરુથી અધિક દાતા, જગતત્રાતા જયકરો; નિત્યજાપજપીએ પાપખપીએ, સ્વામી નામ શંખેશ્વરો ॥ ૮ ॥ જરાજર્જરી ભૂતયાદવ સૈન્ય, રોગનિવારતા, વઢીયાર દેશે

નિત વિરાજે, ભવિક જીવને તારતા; એ પ્રભુતણાં પદપદ્મ-સેવા, રુપકહે પ્રભુતા વરો; નિત્યજાપજપીએ પાપ ખપીએ, સ્વામી નામ શંખેશ્વરો ॥ ૯ ॥

---

# श्री शंखेश्वर पार्श्वजिन छंद

॥ સેવો પાસ શંખેસરો મન્ન શુદ્ધેં, નમો નાથ નિશ્ચેં કરી એક બુદ્ધ ॥ દેવી દેવલાં અન્યને શું નમો છો, અહો ભવ્યલોકો ભુલા કાં ભમો છો ॥ ૧ ॥ ત્રિલોકના નાથને શું તજો છો, પડયા પાશમાં ભૂતને કાં ભજો છો ॥ સુરધેનુ છંડી અજા શું અજો છો, મહાપંથ મૂકી કુપંથે વજો છો ॥ ૨ ॥ તજે કોણ ચિંતામણિ કાચમાટેં, ગ્રહે કોણ રાસભને હસ્તિ સાટેં ॥ સુરદ્રુમ ઉપાડી કુણ આક વાવે, મહા મૂઢ તે આકુલા અંત પાવે ॥ ૩ ॥ કિહાં કાંકરો ને કિહાં મેરુશૃંગં, કિહાં કેશરીને કિહાં તે કુરંગં ॥ કિહાં વિશ્વનાથં કિહાં અન્ય દેવા, કરો એકચિત્તેં પ્રભુ પાસ સેવા ॥ ૪ ॥ પૂજો દેવ પ્રભાવતી પ્રાણનાથં સહુ જીવને જે કરે છે સનાથં ॥ મહા તત્ત્વ જાણી સદા જેહ ધ્યાવે, તેનાં દુઃખ દારિદ્ર દૂરેં પલાવે ॥ ૫ ॥ પામી માનુષોને વૃથા કાં વમો છો, કુ શીલે કરી દેહને કાં દમો છો નહીં મુક્તિવાસં વિના વીતરાગં, ભજો ભગવંતં તજો દૃષ્ટિરાગં ॥ ૬ ॥ ઉદયરત્ન ભાખે સદા હેત આણી, દયા-ભાવ કીજે પ્રભુ દાસ જાણી ॥ આજ માહરે મોતીડે મેહ વુઠા, પ્રભુ પાસ શંખેશ્વરો આપ તૂઠા ॥ ૭ ॥

## महावीर स्वामीना पंच कल्याणकनुं चैत्यवंदन

સિદ્ધારથ સુત વંદીએ, ત્રીશલા દેવી માય; ક્ષત્રિય કુંડમાં અવતર્યા, પ્રભુજી પરમ દયાળ. ૧. ઉજ્વળી છઠ્ઠ અષાઢની, ઉતરા ફાલ્ગુની સાર; પુષ્પોતર વિમાનથી, ચવીયા શ્રી જિન ભાણ. ૨. લક્ષણ અડહિય સહસએ, કંચન વર્ણી કાય; મૃગપતિ લંછન પાઉલે, વીર જિનેશ્વર રાય. ૩ ચૈત્ર સુદી તેરશ દિને, જન્મ્યા શ્રી જિનરાય; સુર નર મળી સેવા કરે, પ્રભુનું જન્મ કલ્યાણ. ૪ માગશર વદિ દશમી દિને, લીએ પ્રભુ સંજમભાર, ચઉનાણી જિનજી થયાં, કરવા જગ ઉપકાર. ૫. સાડા બાર વરસ લગે, સહ્યાં પરિષહ ઘોર; ઘનઘાતી ચઉ કર્મ જે, વજ્ર કર્યાં ચકચુર. ૬. વૈશાખ સુદી દશમી દીને, ધ્યાન શુકલ મન ધ્યાય; શમી વૃક્ષ તળે પ્રભુ, પામ્યા પંચમ નાણ. ૭ સંઘ ચતુર્વિધ સ્થાપવા, દેશના દીયે મહાવીર; ગૌતમ આદિ ગણધરૂ, કર્યા વજીર હજુર. ૮ કાર્તિક અમાવાસ્યાદિને, શ્રી વીર લહ્યા નિર્વાણ; પ્રભાતે ઇંદ્રિ ભુતીને, આપ્યું કેવળ નાણ. ૯. જ્ઞાન ગુણે દીવા કર્યાએ, કાર્તિક કમળા સાર; પુણ્યે મુગતિ વધુ વર્યા; વરતે મંગળ માળ. ૧૦.

---

## महावीर स्वामीनुं चत्यवंदन १

ત્રીશ વરસ ગૃહવાસ જાસ, ત્રણ જ્ઞાની સ્વામી, ચઉનાણી ચારિત્રીયા, નિજ આતમ રામી. ૧. બાર વરસ ઉપર

વળી, સાડા ખટ માસ, ઘોર અભિગ્રહ આદર્યો, કિમ કીજે તાસ. ૨. માધવ સુદી દશમી દિને, પામ્યા કેવલ નાણ, પદ્મ કહે મહોત્સવ કરો, ચઉવીહ સુર મંડાણ. ૩.

## महावीर स्वामीनुं चैत्यवंदन २

ત્રીસ વરસ કેવલપણે; વિચર્યા મહાવીર, પાવાપુરી પધારીયા, શ્રી જિન શાસન ધીર. ૧. હસ્તિપાલ નૃપરાયની, રજ્જુકા સભા મોઝાર, ચરમ ચોમાસુ ત્યાં રહ્યા; લેઈ અભિગ્રહ સાર. ૨. કાશી કોસલ દેશના, ઘણા રાય અઢાર, સ્વામી સુણી સૌ આવીયા, વંદણને નિરધાર. ૩. સોલ પહોર દીધી દેશના, જાણી લાભ અપાર, દીધી ભવિહિત કારણે, પિધી તેહીજ પાર. ૪. દેવ શર્મા બોધન ભણી, ગોયમ ગયા સુજાણ, કાર્તિક અમાવાસ્યા દિને, પ્રભુ પામ્યા નિર્વાણ. ૫. ભાવ ઉદ્યોત ગયો હવે, કરો દ્રવ્ય ઉદ્યોત, ઈમ કહી રાય સરવે વલી, કીધી દીપક જ્યોત. ૬. દિવાલી તીહાંથી થઈ, જગમાંહી પ્રસિદ્ધ, પદ્મ કહે આરાધતાં, લહીએ અવિચલ રિદ્ધ. ૭.

## महावीर स्वामीनुं चैत्यवंदन ३

નવ ચોમાસી તપ કર્યા, ત્રણ માસી કર્યા દોય, દોય દોય અઢી માસી કર્યાં તિમ, દોઢ માસી હોય. ૧. બહોતેર પાસખમણ કર્યા, માસ ખમણ કર્યા બાર, ષટ્દ્વિમાસી તપ

આદર્યા, બાર અઠ્ઠમ તપ સાર ર. ષડ માસી એક તપ કર્યો, પંચ દિન ઊણા ષડ માસ, બસે ઓગણીસ છઠ્ઠ ભલા, દીક્ષા દિન એક ખાસ. ૩. ભદ્ર પ્રતિમા દોય ભલી, મહા ભદ્ર દોય ચાર, દશ દિન સર્વ તો ભદ્રના, લાગઠ નિરધાર. ૪. ત્રિણ પાણી તપ આદર્યા, પારણાદિક જાસ, દ્રવ્યા હાર પારણા કર્યા, ત્રણસો ઓગણ પચાસ. ૫. છદ્મસ્થ એણી પરે રહ્યાએ, સહ્યા પરીસહ ઘોર, શુકલ ધ્યાન અનલે કરી, બાલ્યાં કર્મ કઠોર. ૬. શુકલ ધ્યાન અંતે રહ્યાએ, પામ્યા કેવળ જ્ઞાન, પદ્મવિજય કહે પ્રણમતાં, લહીએ નિત્ય કલ્યાણ. ૭.

---

## महावीर स्वामीनुं चैत्यवंदन ४

સુણી નિર્વાણ ગૌતમ ગુરૂ, પાછા વળતાં જેમ, ચિંતવતા વીતરાગતા, વીતરાગ હુઆ તેમ. ૧. વીર નાણ નિર્વાણ વળી, ગૌતમ કેવલ જ્ઞાન, ગુણણુ ગણીએ તેહનું, છઠ્ઠ તપ સુણી નિર્વાણ. ર. સંભારે ગૌતમ નામથી, કેવલી પચ્ચાસ હજાર, નાણ દીવાળી પ્રણમતાં, પદ્મ કહે ભવપાર. ૩.

---

## महावीर स्वामीनुं चैत्यवंदन (५)

જ્ઞાન ઉજ્વલ દિવા કરો મેરૈયા સજ્ઝાય, તપ જપ સેવ સુવાળીયા અધ્યાતમ કહેવાય. ૧. શુદ્ધઆહાર સુંદ્ધ-ભક્ષીકા સત્ય વચન તંબોલ, શીયલ આભુષણ પહેરીએ

કરિએ રંગરોળ. ૨ નિદ્રા આળસ દુર કરી મોહ ગેહ સમારો, કેવલ લક્ષ્મી લાવવા નિજ ગેહ સમારો. ૩. દાનાદિક સ્વસ્તીકએ સાધર્મીક સેણ, એમ દિવાલી કીજીએ સુણીએ ગુરૂ વેણ. ૪. એમ દિવાલી દિન ભલાએ જીન ઉત્તમ નિર્વાણ, પદ્મ કહે આરાધતાં લહીએ અવિચલ ઠાણ. ૫.

---

# श्री नेमिनाथजिन चैत्यवंदन

સમુદ્ર વિજય કુલચંદ નંદ શિવાદેવી જાય, જાદવ વંશ નભોમણિ શૌરિપુરિ ઠાય. ૧. બાલથકી બ્રહ્મચર્ય ધર, ગતમાર પ્રચાર, ભક્તિ નિજ આત્મિક ગુણ, ત્યાગી સંસાર. ૨. નિષ્કારણ જગજીવનો એ આશાનો વિશ્રામ, દીનદયાળ શિરોમણિ, પૂરણ સુરતરૂકામ. ૩. પશુ પોકાર સુણી કરી છંડી ગૃહવાસ, તત્ક્ષણ સંજમ આદરી કરી કર્મનો નાશ. ૪. કેવળશ્રી પામી કરીએ, પહોંચ્યા મુક્તિ મોઝાર, જન્મ મરણ ભય ટાળવા, જ્ઞાન સદા સુખકાર. ૫.

---

# अथ श्रीनेमिनाथजिन चत्यवंदन

( ઉપજાતિ છન્દઃ )

વિશુદ્ધવિજ્ઞાનભૃતાં વરેણ શિવાત્મજેન પ્રશમાકરેણ । યેન પ્રયાસેન વિનૈવ કામં વિજિત્ય વિક્રાન્તરં પ્રકામમ્ ॥ ॥ ૧ ॥ વિહાય રાજ્યં ચપલસ્વભાવં રાજીમતિં રાજકુમારિકાં ચ । ગત્વા સલીલં ગિરનારશૈલં ભેજે વ્રતં કેવલમુક્તિયુક્તમ્ ॥ ૨ ॥ નિઃશેષયોગીશ્વરમૌલિરત્નં જિતેન્દ્રિ-

યત્વે વિહિતપ્રયત્નમ્ । તમુત્તમાનન્દનિધાનમેકં નમામિ નેમિં વિલસદ્વિવેકમ ॥ ૩ ॥

## श्रीशान्तिनाथ जिन चैत्यवंदन

॥ દ્રુતવિલંબિતં છન્દઃ ॥

વિપુલનિર્મલકીર્તિભરાન્વિતો, જયતિ નિર્જરનાથનમસ્કૃતઃ । લઘુવિર્જિતમોહધરાધિપો જગતિ યઃ પ્રભુશાન્તિજિનાધિપઃ ॥ ૧ ॥ વિહિતશાન્તસુધારસમજ્જનં, નિખિલદુર્જયદોષવિવર્જિતમ્ । પરમપુણ્યવતાં ભજનીયતાં, ગતમનન્તગુણૈઃ સહિતં સતામ્ ॥ ૨ ॥ તમચિરાત્મજમીશમધીશ્વરં, ભવિકપદ્મવિબોધદિનેશ્વરમ્ । મહિમધામ ભજામિ જગત્રયે, વરમનુત્તરસિદ્ધિસમૃદ્ધયે ॥ ૩ ॥

## श्री पार्श्वनाथनुं चैत्यवंदन

ૐ નમઃ પાર્શ્વનાથાય વિશ્વચિન્તામણીયતે ॥ હ્રીં ધરણેંદ્રવૈરૂટ્યા પદ્મદેવીયુતાય તે ॥ ૧ ॥ શાન્તિતુષ્ટિમહાપુષ્ટિ. ધૃતિકીર્તિવિધાયિને ॥ ૐ હ્રીં દ્વિડ્વ્યાલવૈતાલ સર્વાધિવ્યાધિનાશિને ॥ ૨ ॥ જયાજિતા ખ્યાવિજયા, ખ્યાપરાજિતયાન્વિતઃ ॥ દિશાં પાલૈર્ગ્રહૈર્યક્ષૈર્વિદ્યાદેવી ભિરન્વિતઃ ॥ ॥ ૩ ॥ ૐ અસિઆઉસાયનમસ્તત્ર ત્રૈલોક્યનાથતામ્ ॥ ચતુઃષષ્ટિસુરેન્દ્રાસ્તે । ભાસન્તે છત્રચામરૈઃ ॥ ૪ ॥ શ્રીશંખેશ્વરમંડન ! પાર્શ્વજિન પ્રણુતકલ્પતરુકલ્પ ! ॥ ચુરય દુષ્ટવ્રાતં ॥ પૂરય મે વાંછિતં નાથ ! ॥ ૫ ॥

## श्री दीवाळी पर्वनुं चैत्यवंदन

ચરમ ચોમાસું વીરજી, પાવાપુરી નયરી, મુનિવરવૃંદે આવીયા, જિત અંતર વયરી. ૧. દેશ અઢારના નરપતી, વંદે પ્રભુ પાય, સોળ પહોરની દેશના, દીધી જિનરાય. ૨ પુન્ય પાપ ફલ કેરડાં, પંચાવન ભાખ્યાં, છત્રીશ અણુ-પૂછયાં વળી, અજ્ઝયણાં દાખ્યાં. ૩. પ્રધાન અધ્યયન ભાવતાં, પામ્યા પ્રભુ નિરવાણ, કાર્તિક અમાસને દહાડલે, પણ અક્ષર માન. ૪. ગણ રાયે દીવા કર્યા, દ્રવ્ય ઉદ્યોતને-કાજ, દીવાળી તે દિન થકી, પ્રગટી પુન્ય સમાજ. ૫. ઉત્તમ ગુરૂ ગૌતમ ભણીએ, ઉપનું કેવલનાણ, પદ્મવિજય કહે મોટકો, એહ પરમ કલ્યાણ. ૬.

---

## श्री सीमंधर स्वामीनी स्तुति

મુજ આંગણ સુરતરૂ ઉગીયો, કામધેનુ ચિંતામણી પુગીયો, સીમંધરસ્વામી જો મિલે, તો મનનાં મનોરથ સવિફલે. (૧) હું વંદુ વિશે વિહરમાન, કેવલજ્ઞાની યુગ પ્રધાન, સીમંધર સ્વામી ગુણ નિધાન જીત્યા જેણે કોહ લોહ મોહ માન. (૨) આંબા વન સમરે કોકીલા, મેહને વંછે જીમ મોરિલા, મધુકર માલતી પરિમલ રમે, તિમ આગમે મારૂં મન ભમે. (૩) જયલચ્છી શાસન દેવતા, રત્નત્રયી ગૃહ જે સાધના, વિમલ સુખ પામે તે સદા, સીમંધર જીન પ્રણમું મુદા. (૪)

---

# श्री मौन एकादशीनी थोय

નયરા દ્વારામતી કૃષ્ણુ નરેશ, રાજા રાજ્ય કરે સુવિશેષ તેજે જાણે દિનેશ, સમવસર્યા શ્રી નેમિજીનેશ, પરિકર સહસ અઢારમુનીશ, પ્રણમે સુરનર ઈશ, તવ વંદે શ્રીકૃષ્ણ નરેશ, સ્વામી દાખો દિવસ વિશેષ પૂછે નામી શીશ; જેણે દિન પૂણ્ય કર્યું લવલેશ, બહુ ફલદાયક હોય અશેષ, તે દાખો જીનેશ. ૧. નેમી જીણંદ વદે એમ વાણી, અર્ધ-માગધી જે કહેવાણી, સાંભળે સારંગ પાણી, મૃગશીર શુદિ અગ્યારસ જાણી, દોઢસો કલ્યાણકની ખાણી, વેદ પૂરાણે વખાણી, શ્રી મુનિસુવ્રત સ્વામી વખાણી, સુવ્રતશેઠે તે શુભ જાણી, આરાધી ચિત્ત આણી, તે તપથી થયા કેવલનાણી, જિન ચઉવીશતણી એમ કહાણી, શીવસુખની નીશાણી, ૨. ત્રણ જીનના મલી પંચ કલ્યાણક, ત્રણ ચોવીશી નવજીન ભાણ, એકલાં ભરત પ્રમાણ, પણયાલીશે જીનવર જાણ, પંચોતેર તેહના કલ્યાણ, ઐરાવતે તીમ જાણ, દશ ક્ષેત્રે એણીપરે પ્રમાણ, નેવું જીનના દોઢસો કલ્યાણ, અગ્યારસ દીન જાણ, દીક્ષા જન્મ અને વલીનાણ, તીમ વલી પામ્યા જિન નિર્વાણ, આગમ વયણ પ્રમાણ. (૩) પન્નર સહસ જીન નામ ગુણીજે, મૌનધરીને પોસહ લીજે, અહોરત્તહ પાળીજે, જીન પૂજીને પારણું કીજે, વર્ષ અગ્યાર લગે ઈમ કીજે, પાપ પડલ સવિ છીજે, શક્તિએ જાવજ્જીવ કરીજે, ગુરૂ વચ સરસ સુધારસ પીજે, નરભવનું ફળ લીજે,

એમ અંબાઇ સાનિધ્ય કીજે, ધીરવિમલ કવિજગ જાણીજે, કવિ નય એમ પભણીજે. (૪)

## श्री चैत्री पुनमनी स्तुति

શ્રી વિમલાચલ સુંદર જાણું, ઋષભ આવ્યા જીહાં પૂર્વ નવાણું, તીર્થ ભૂમિકા પીછાણું, તે તો શાશ્વત પ્રાયે ગીરિંદ, પૂર્વ સંચિત પાપ નીકંદ, ટાળે ભવભય ફંદ, પુરવસાહમાં અતિ ઉદાર, બેઠા સોહે નાભિમલ્હાર, સન્મુખ પુંડરીક સાર, ચૈત્રી પુનમદિન જે અજવાળી, ભવિ આરાધો મિથ્યાત્વ ટાળી, જીમલહો શિવવધુ નારી. (૧) આબુ અષ્ટાપદને ગીરનાર, સમેતશીખરને વળી વૈભાર, પુંડરીક ચૈત્ર જુહાર, શ્રી જીન અજીત તારંગે વરીજે, શ્રી વરકાણો બંભણુવાડે, તોડે કર્મની જાડે, તારંગો સંખેશ્વર પાસ, શ્રી ગોડીજીની આસ, પોસીના જીન સુવિશાલ, ચૈત્રી પુનમ સુંદર જાણી, એ સવિ પૂજો ભવિપ્રાણી જીમ થાવો કેવલ નાણી. (૨) ભરત આગલ શ્રી ઋષભજી બોલે, નહીં કોઇ ચૈત્રી પુનમ દિન તોલે એમ જિન વચન જ બોલે, ચૈત્રી પુનમ દિન એ ગિરિઅંત, છઠ્ઠ કરી જાત્રા સાતકરંત, ત્રીજે ભવે મોક્ષ લહંત, ચૈત્રી પુનમ દિન એ ગિરિસિદ્ધ, પંચ કોડ કેવલીજી સિદ્ધ, પુંડરીકે શિવપદ લીધ, એમ જાણીને ભવિ આરાધો, ચૈત્રી પુનમ દિન શુભ ચિત્ત સાધો, મુક્તિનાં ખાતાં બાંધો. (૩) પુંડરીકગિરિની શાસનદેવી મરૂદેવીનંદન ચરણપૂજેવી ચક્કેશ્વરી તું દેવી, ચઉવિહ સંઘને

મંગલ કરજો, તુજ સેવક પર લક્ષ્મીજ વરજો. સયલવિઘ્ન સંહરજો, અપ્રતિચક્ર તું મોરીમાત, તું જાણે મોરી ચિત્તની વાત, પુરજે મનની ખાંત, પંડિત અમરકેસર સુપસાય, ચૈત્રી પુનમ દિનમહિમા લહાય લબ્ધિવિજય ગુણ ગાય. (૪)

---

# श्री पांचमनी थोय

કારતક સુદ પંચમી તપ કીજે, ગુરૂમુખથી ઉપવાસ કરીજે, આગળ જ્ઞાન ભણીજે. દીપક પંચ પ્રગટ કરીજે, બહુ સુગંધી ધુપ ધરીજે, સુરભી કુસુમ પુજીજે. પંચ વરણના ધાન ઢોઈજે, વળી પાંચે શ્રીફળ મૂકીજે, પકવાન પાંચ ઢોઈજે. નમો નાણસ્સ પદ એકગુણીજે, ઉતરાભિ મુખ સામા રહીજે, સહુસ દેવ ગુણીજે. (૧) પંચમી તપ વીધિસુ આરાધો, પાંચે નાણ તે સર્વ સાધો, જસ સૌભાગ્ય જ વાધો. શ્રી નેમજન્મ કલ્યાણક જાણો, વરસે વારૂ એક દીવસે વખાણો, તપ કરી ચીતમાં આણો. પાંસઠ માસે તપ પુરો થાવે, વરદતની પરે કષ્ટપલાયે, આગળ જ્ઞાન ભણાવે. ગુણમંજરી કુંવરી ગુણખાણી, તપ કરી હુઈ એ શીવઠકુરાણી, સુણો એ જીનેશ્વર વાણી. (૨) પાટીપોથી ઠવણી કવળી, કાંબી કાતરને પાળી ધવલી, લેખણ ખડીયા ચવળી. સઘળા પાઠાને રૂમાલ, ચાબખી લેખે ઝાક ઝમાલ, નોકારવાલી પરવાલ. કળશ આરતી મંગળ દીવા, વાસકુંપી ધોતિયા ધરેવો, શ્રીજીનબિંબ પૂજેવો. પાંચપાંચ વસ્તુ સર્વ એહ, સિદ્ધાંત લખાવી જે ગુણગેહ, કરીએ ઊજમણું ધરી

નેહ. (૩) પાંચમનો તપ એણીપેરે કીજે, પાંચમનું મહાત્મ્ય શ્રવણે સુણીજે, લક્ષ્મી તણો લાહો લીજે, મન વચન કાયા વસ કરીજે, દાન સુપાત્રે અધીકો દીજે, સ્વામીની ભક્તિ કરીજે. શ્રી નેમનાથની શાસન દેવી, સુરનરનારી જેણે સેવી, શ્રી સંઘના વિઘ્ન નીવારી. શ્રી વિશાલ સોમ સૂરી ગણધર બીરાજે, શ્રીદયાવિમળ પંડીત તરુછાજે, શ્રી જશવિજય અધિક બીરાજે. (૪)

---

## श्री पंचमी स्तुति

( શત્રુંજય ગિરિ તીરથ સાર—એ દેશી )

શ્રી જીન નેમિ જિનેસર સ્વામી, એકમને આરાધો ધામી. પ્રભુ પંચમ ગતિ પામી ।। પંચ રૂપ કરે સુર સામી, પંચ વરણ કલશે કલનામી, સત્રિ સુરપતિ શિવ-કામી ।। જન્મ મહોત્સવ કરે ઈન્દ્ર ઇન્દ્રાણી, દેવ તણી, એ કરણી જાણી. ભક્તિ વિશેષ વખાણી ।। નેમજી પંચમી તપ કલ્યાણી, ગુણમંજરી વરદત્તપરે પ્રાણી, કરો ભાવ મન આણી ।। ૧ ।। અષ્ટાપદ ચોવીશ જિણંદ, સમેત શિખરે વીશ શુભ ભવિવંધ, શત્રુંજય આદિ જિણંદ ।। ઉત્કૃષ્ટ સત્તરીસય જિણંદ; નવકોડી કેવલી જ્ઞાન દિણંદ, નવકોડી સહસ મુણિંદ; સંપ્રતિ વીશ જિણંદ સોહાવે, દોય કોડી કેવલી નામ ધરાવે; દોય કોડી સહસ મુનિ કહાવે, જ્ઞાન-પંચમી આરાધો ભાવે, નમો નાણસ્સ જપતાં દુઃખ જાવે. મનવંછિત સુખ થાવે ।। ૨ ।। શ્રી જિનવાણી સિદ્ધાન્તે

વખાણી, જોયણ ભૂમિ સુણે સવિ પ્રાણી ॥ પીજીયે સુધા સમાણી ॥ પંચમી એક વિશેષ વખાણી; અજુઆલી સઘલી એ જાણી, બોલે કેવલ નાણી ॥ જાવજજીવ એકવર્ષે કરેવી, સૌભાગ્ય પંચમી નામે લેવી, પ્રત્યેક માસે અહેવી ॥ પંચ પંચ વસ્તુ દેહરે ઢોવી, એમ સાડાપંચ વર્ષ કરેવી, આગમ વાણી સુણેવી ॥ ૩ ॥ સિંહગમની સિંહલકી બિરાજે, સિંહનાદ પરે ગુહિર ગાજે, વદન ચંદ પરે છાજે ॥ કટિ મેખલા નેઉર સુવિરાજે, પાયે ઘુઘરા ઘમઘમ વાજે, ચાલતી બહુત દિવાજે ॥ ગઢ ગિરનાર તણી રખવાલ, અંબ લૂંબજૂતિ અંબા બાલા, અતિ ચતુરા વાચાલા ॥ પંચમી તપસી કરત સંભાલા, દેવી લાભવિમલ સુવિશાલા, રત્નવિમલ જયમાલા ॥ ૪ ॥

---

# श्री पांचमनी स्तुति

॥ શ્રીશત્રુંજય ગિરિ તીરથ સાર ॥ એ દેશી ॥

॥ ધર્મ જિણંદ પરમ પદ પાયા, સુવ્રતા નામે રાણી જાયા, સુરનર મનડે ભાયા ॥ પણ ચાલીસ ધનુષની કાયા, પંચમી દીન તે ધ્યાને ધ્યાયા, તવમેં નવનિધિ પાયા ॥ ૧ ॥ નેમિ સુવિધિના જનમ કહીજે, અજિત અનંત સંભવ સિવ લીજે, દીક્ષા કુંથુ અહીજે ॥ ચંદ્ર ચ્યવન સંભવનાણ સુણીજે, ત્રિહુ ચોવીસી ઈમિ જાણીજે, સહુ જિનવર પ્રણમીજે ॥ ૨ ॥ પંચ પ્રકારે આગમ ભાખે, જિનવર ચંદ સુધારસ ચાખે, ભવિજન હૈયડે રાખે ॥ પંચજ્ઞાન તણો

વિધિ દાખે, પંચમી ગતિનો મારગ ભાખે, જેહથી સવી દુઃખ નાસે ॥ ૩ ॥ જિન ભક્તિ પ્રજ્ઞપ્તિ દેવી, ધર્મનાથ જિનપદ પ્રણમેવિ, કિંન્નર સુર સંસેવિ ॥ બોધિબીજ શુભ દૃષ્ટિ લહેવી, શ્રી નયવિમલ સદામતિ દેવી, દુશ્મન વિઘ્ન હરેવિ ॥ ૪ ॥

## श्री त्रीजनी स्तुति

( સંખેસર પાસજી પૂજીએ—એ દેશી )

શ્રેયાંસ જિણેસર શિવ ગયા, તે ત્રીજ દીને નિરમલ થયા ॥ એંશી ધનુ સોવન મય કાયા, ભવ ભવ તે સાહિબ જિનરાયા ॥ ૧ ॥ વિમલ કુંથુ ધર્મ સુવિધિ જિના, જસ જન્મ જ્ઞાન જનુજ્ઞાન ધના ॥ વર્તમાન કલ્યાણક પંચ થયા, જિણજી દીન નિત કરજો મયા ॥ ૨ ॥ ત્રિણ તત્વ જિહાં કિણ ઉપદિશ્યાં, તે પ્રવચન વયણાં ચિત્ત વસ્યાં ॥ ત્રિણ ગુપ્તિગુપ્તા મુનિવરા, તે પ્રવચન વાંચે શ્રુત ધરા ॥૩॥ ઇશર સુર માનવી સુહંકરા, જે સમકિત દૃષ્ટિ સુરવરા ॥ ત્રિકરણ શુધ સમક્તિ તણી, નય લીલા હોજો અતિ ઘણી ॥ ૪ ॥

## श्री चोथनी स्तुति

( શ્રાવણ સુદ દિન પંચમીએ—એ દેશી )

સર્વાર્થ સિદ્ધથી ચવિએ, મરૂદેવી ઉયરે ઉત્પન્નતો ॥ યુગલા ધર્મ શ્રીઋષભજીએ, ચોથ તણો દિન ધન્નતો ॥૧॥

મલ્લિ પાસ અભિનંદન એ, ચવિયા વલિ પાસ નાણુ તો ॥ વિમલ દીક્ષા ઈમ ખટ થયા એ, સંપ્રતિ જિન કલ્યાણુ તો ॥ ૨ ॥ ચાર નિક્ષેપે સ્થાપના એ, ચઉવિહ દેવ નિકાય તો ॥ ચઉમુખ ચઉવિધ દેશના એ, ભાખે સૂત્ર સમુદાય તો ॥ ૩ ॥ ગૌમુખ યક્ષ ચક્કેસરી એ, શાસનની રખવાલ તો ॥ સુમતિ સંયોગ સુવાસના એ, નય ધરિ નેહ નિહાલતો ॥ ૪ ॥

---

# श्री अगिआरसनी स्तुति

॥ સ્નાતસ્યા પ્રતિમસ્ય ॥ એ દેશી ॥

॥ મલ્લિદેવનો જન્મસંયમ, મહા જ્ઞાન લહ્યા જે દીને ॥ તે એકાદશી વાસર, શુભકર કલ્યાણુમાલાલયઃ ॥ વૈદેહેશ્વરકુંભજલધિવંશપ્રોલ્લાસનેચંદ્રમાઃ, માતા યસ્ય પ્રભાવતી ભગવતી કુંભધ્વજો વ્યાજતઃ ॥૧॥ જ્ઞાનં શ્રી ઋષભાજિતસ્ય, સુમતિર્પ્રાદૂર્ભવ સાન્નમે ॥ પાર્શ્વારૌ ચરણંચ મોક્ષમગમત્, પદ્મપ્રભાખ્ય પ્રભુઃ ॥ ઈત્યેતદ્દશકં ચ યત્ર દિવસે, કલ્યાણકાનાં શુભં ॥ જાતં સંપ્રતિ વર્તમાનજિનપ દદ્યુર્મહામંગલમ્ ॥ ૨ ॥ સાંગોપાંગ મનંતપર્યવગુણોપેતં સદોપાસકે ॥ એકાદશ પ્રતિમાશ્ચ યત્રગદિતા, શ્રદ્ધાવતાં તીર્થપે; સિદ્ધાંતાભિધ ભૂપતિર્વિજયતે, વિભ્રત્સદૈ કાદશા, ચારાંગાદિમયં વપુર્વિલસિતં, ભક્ત્યા, નુતં ભાવતઃ ॥ ૩ ॥ વૈરોટ્યા વિદધાતિ મંગલતતિં, સદ્દર્શનાનામિહ ॥ શ્રી મન્મલ્લિ

જિનેશ શાસનસૂર, કુબેરનામા પુનઃ ॥ દિગ્પાલગૃહયક્ષદક્ષ-નિવહા, સર્વેઽપિયે દેવતા ॥ તે સર્વે વિદધાતુ સૌખ્યમતુલં જ્ઞાનાત્મનાં સૂરિણાં ॥ ૪ ॥

---

## श्री तेरसनी स्तुति

॥ શ્રી શત્રુંજય ગિરિ તીરથ સાર ॥ એ દેશી ॥

॥ પઢમ જિણેસર શિવપદ પાવે, તેરસે અનુભવ ઓપમ આવે, સકલ સમિહિત લાવે ॥ શાંતિનાથ વળી મોક્ષ સિધાવે, દર્શન જ્ઞાન અનંત સુખપાવે, સિદ્ધ સ્વરૂપી થાવે ॥ નાભિરાય મરૂદેવી માત, ઋષભદેવના જે વિખ્યાત, કંચન કોમલ ગાત ॥ વિશ્વસેન નૃપ અચિરા માત, સેવો શાંતિ જગતના તાત, જેહના શુભ અવદાત ॥ ૧ ॥ પદ્મચંદ્ર શ્રેયાંસ જિનેશા, ધર્મ સુપાસ જે જગ જન ઈશા, સંયમ લે શુભ લેશા ॥ વીર અનંતને શાંતિ મહીશા, જન્મ થયા એહના. સુજગીસા, ચવીયા અજીત જીનેશા ॥ એકાદશ કલ્યાણક હિસા, તેરસ દીને સવિ અમર મહિસા, પ્રણમે જેની સદિશા ॥ સકલ જિનેસર ભવન દિનેસા, મદન માન નિર્મંથન મળશા, તે સેવો વીસવાવીસા ॥ ૨ ॥ તેર કાઠિયાને જે ગાળે, તેર ક્રિયાના સ્થાનક ટાળે, તે આગમ અજુવાલે ॥ તેર સયોગીના ગુણઠાણે, તે પામીને ઝાએઝાણ, તેહને કેવલ નાણ ॥ ભક્તિમાન બહુમાન ભણીજે, આશાતના તેહની ટાલીજે, જિનમુખ તેર પદ લીજે ॥ ચાર ગુણા ને તેર કરીજે, બાવન ભેદ વિનય ભણીજે, જિમ સંસાર

તરીજે ॥ ૩ ॥ ચક્કેસરી ગોમુખ સુર ધરણી, સમકિત ધારી સાનિધ્ય કરણી, ઋષભ ચરણ અનુસરણી ॥ ગોમુખ સુરનો મનડો હરણી, નિર્વાણી દેવી જય કરણી, ગરૂડ યક્ષ સુર ધરણી ॥ શાંતિનાથ ગુણ બોલે વર્ણી, દુશ્મન દુર કરણ રવિ ભરણી ॥ સંપ્રતિ સુખવિસ્તરણી, કીર્તિ કમલા ઉજ્વલ કરણી, રોગ સોગ સંકટ ઉદ્ધરણી, જ્ઞાનવિમલ દુઃખ હરણી ॥ ૪ ॥

---

## श्री सिद्धाचलजीनी थोय

॥ સકલ મંગલ લીલા મુનિ ધ્યાન, પરભવ ધૃતનું દિધું દાન, ભવિજન એહ પ્રધાન ॥ મરૂદેવાએ જનમજ દીધો, ઇંદ્ર સેલડી આગલ કીધો, વંસ ઈખ્ખાગ તે સીધો ॥ સુનંદા સુમંગલા રાણી. પુરવ પ્રીત ભલી પટરાણી, પરણાવે ઇંદ્ર ઇંદ્રાણી ॥ સુખ વિલસે રસ અમીરસ ગુંજે, પુરવ નવાણું વાર શેત્રુંજે, પ્રભુ જઈ પગલે પુજે ॥ ૧ ॥ આદિ નહીં અંતર કોઇ એહનો; કેમ વર્ણવીજે સખી ગુણ એનો, મોટો મહિમા તેનો ॥ અનંતા તીર્થંકર ઇણ ગિરિ આવે, વિહરમાન વ્યાખ્યાન સુણાવે, દિલભરી દિલ સમજાવે ॥ સકલ તીર્થનું એહીજ ઠામ, સર્વે ધર્મનું એહીજ ધ્યાન, એ મુજ આતમરામ ॥ રે રે મુરખ મનસું મુંજે, પુજીયે દેવ ઘણા શેત્રુંજે, જ્ઞાનની સુખડી ગુંજે ॥ ૨ ॥ સોવન ડુંગર ટુંક રૂપાની, અનોપમ માણેક ટુંક સોનાની, દીસે દેરાં દધાની ॥ એક ટુંકે મુનિ અણસણ કરતા, એક

ટુંકે મુનિવ્રત તપ કરતા, એક ટુંકે ઉતરતા ॥ સૂરજકુંડ જલધિપ લગાવો, મહીપાલનો કોટ ગમાવો, તેને તે સમુદ્ર નિપાવો ॥ સવાલાખ શેત્રુંજય મહાતમ, પાપતણી તિહાં ન રહે રાતમ, સુણતાં પવિત્ર થાય આતમ ॥ ૩ ॥ રમણિક ભુઇરૂગઢ રઢીયાલો; નવખંડ કુમર તીર્થ નિહાલો, ભવિજન પાપ પખાલો ॥ ચોખા ખાણને વાઘણ પોળ, ચંદન તલાવડી ઓલખાજોર, કંચન ભરોરે અંધોલ ॥ મોક્ષ બારીનો જગ જસ મોટો, સિદ્ધસિલા ઉપર જઈ લોટો; સમકિત સુખડી ઓટો ॥ સોના ગભારે સોવન જાલી, ઝારો જિનની મુર્તિ રસાલી, ચક્કેસરી રખવાલી ॥ ૩ ॥

---

# श्री नवपद ओळीनी थोय

અંગ દેશ ચંપાપુરી વાસી, મયણાંને શ્રીપાલસુ ખાસી, સમકિતસુમન વાસી ॥ આદિ જિણેસરની ઉલ્લાસી, ભાવ પૂજા કીધી મન આસી, ભાવધરી વીસવાસી ॥ ગલિત કોડ ગયો તિણે નાસી, સુવિધિસુ સિદ્ધચક્ર ઉપાસી, થયો સ્વર્ગનો વાસી ॥ આસો ચઇતરની પુરણ માસી, પ્રેમે પુજો ભક્તિ વિકાસી, આદિ પુરૂષ અવિનાશી ॥ ૧ ॥ કેસર ચંદન મૃગમદ ઘોળી, હરખેસુ ભરી હેમ કચોલી, શુદ્ધ જલે અઘોલી ॥ નવ આંબેલની કીજે ઓલી આસો સુદ સાતમથી ખોલી, પૂજે શ્રી જિન ટોલી ॥ ચિહું ગતિની મહા આપદ ચોલી, દુરગતિનાં દુઃખ દૂરે ઢોલી, કર્મ નિકાચિત રોલી ॥ ક્રોધ કષાય તણા મદ લોલી, જિમ

શિવ રમણી ભમર ભોળી; પામો સુખની ઓળી ॥ ૨ ॥ આસો સુદી સાતમ સુવિચારી, ચૈત્રી પણ ચિત્તશું નિરધારી, નવ આંબેલની સારી ॥ ઓળી કીજે આળસ વારી, પુનિમ લગે સચિત પરિહારી, દેહરે દેવ જુહારી ॥ પડિકકમણા બે કીજે ધારી, સિદ્ધચક્ર પુજો સુખકારી, શ્રી સિદ્ધાંત મઝારી ॥ શ્રી જિન ભાષિત પર ઉપકારી, નવપદ જાપ જપો નરનારી, જિમ લહો મુક્તિની બારી ॥ ૩ ॥ શ્યામ ભ્રમર સમવેણી કાલી, અતિ સુંદર સોહે સુકુમાલી, જાણે રાજ મરાલી ॥ જલહલ ચક્ર ધરે રૂપાલી, શ્રી જિન શાસનની રખવાલી, ચકકેશ્વરી મેં ભાલી, જે ઓલી કરે ઉજમાલી, તેહનાં વિઘન હરે સાબાલી, સેવક જિન સંભાલી ॥ ઉદય રત્ન કહે આસન વાળી; જે જિન નામ જપે જપમાલી, તે ઘેર નિત્ય દિવાલી ॥ ૪ ॥

---

# श्री ऋषभजिन स्तुतिः

ભવ્યાંભોજવિબોધનૈકતરણે વિસ્તારીકર્માવલિ—રંભાસામજ નાભિનંદન મહાનષ્ટાપદાભાસુરૈઃ ॥ ભકત્યા વંદિત પાદપદ્મ વિદુષાં સંપાદય પ્રોજ્ઝિતા-રંભાસામ જનાભિનંદન મહાનષ્ટાપદાભાસુરૈઃ ॥ ૧ ॥ તે વઃ પાંતુ જિનોતમાઃ ક્ષતરુજો નાચિક્ષિપુર્યન્મનો ॥ દારા વિભ્રમરોચિતાઃ સુમનસો મંદારવા રાજિતાઃ ॥ યત્પાદૌ ચ સુરોજ્ઝિતાઃ સુરભયાંચકુઃ પતંત્યોંબરા—દારાવિભ્રમરોચિતાઃ સુમનસો મંદારવારાજિતાઃ ॥ ૨ ॥ શાંતિં વસ્તનુતાન્મિથોનુગમનાદ્યનૈગ-

માદ્યૈન્યૈ—રક્ષોભં જન હેતુલાં છિતમદોદીર્ણાંગજાલં કૃત ॥ તત્પૂજ્યૈર્જગતાં જિનૈઃ પ્રવચનં દધ્યત્કુવાગ્રાવલી—રક્ષોભંજનહેતુલાંછિતમદો દીર્ણાંગજાલંકૃતં ॥ ૩ ॥ શીતાંશુત્વિષિ યત્ર નિત્યમદધત્ગંધાઢયધૂલીકણા—નાલી કેસરલાલસા સમુદિતાશુ ભ્રામરીભાસિતા ॥ પાયાદ્વઃ શ્રુતદેવતા નિદધતી તત્રાબ્જકાંતિ ક્રમૌ ॥ નાલીકેસરલાલસા સમુદિતા શુભ્રામરીભાસિતા ॥ ૪ ॥

---

## श्री अभिनंदन जिन स्तुतिः

### દ્રુતવિલંબિતવૃત્તમ્.

ત્વમશુભાન્યભિનંદન નંદિતા—સુરવધૂનયનઃ પરમોદરઃ ॥ સ્મરકરીંદ્રવિદારણકેસરિન્ ॥ સુરવ ધૂનયનઃ પરમોદરઃ ॥ ૧ ॥ જિનવરાઃ પ્રવતધ્વમિતામયા ॥ મમતમોહરણાય મહારિણઃ ॥ પ્રદધતો ભુવિ વિશ્વજનીનતા—મમતમોહરણાયમહારિણઃ ॥ ૨ ॥ અસુમતાં મૃતિજાત્યહિતાય યો ॥ જિનવરાગમ નો ભવમાયતં ॥ પ્રલઘુતાં નય નિર્મથિતોદ્ધતા જિનવરાગમનોભવમાય તં ॥ ૩ ॥ વિશિખશખજુષા ધનુષાસ્તસ—ત્સુરભિયા તતનુન્નમહારિણા ॥ પરિગતાં વિશદામિહ રોહિણીં ॥ સુરભિયાતતનું નમ હારિણા ॥ ૪ ॥

---

## श्री पद्मप्रभजिन स्तुतिः

### વસંતતિલકાવૃત્તમ્.

પાદદ્વયી દલિતપદ્મમૃદુઃ પ્રમોદ—મુન્મુદ્રતામરસદામલતાંતપાત્રી ॥ પાદ્મપ્રભી પ્રવિદધાતુ સતાં વિતીર્ણ—મુન્મુ-

દ્રતામરસદામલતાંતપાત્રી ॥ ૧ ॥ સામે મતિં વિતનુતાજ્જિન-
પંક્તિરસ્ત—મુદ્રા ગતામરસભાસુરમધ્યગાદ્યાં ॥ રત્નાંશુભિ-
વિંદધતી ગગનાંતરાલ—મુદ્રાગતામરસભાસુરમધ્યગાદ્યાં ॥૨॥
શ્રાંતિચ્છિદં જિનવરાગમમાશ્રયાર્થ—મારામમાનમ લસંતમ-
સંગમાનાં ॥ ધામાગ્રિમં ભવસરિત્પતિસેતુ મસ્ત-મારામમા-
નમલસંતમસં ગમાનાં ॥ ૩ ॥ ગાંધારિ વજ્રમુસલે જયતઃ
સમીર-પાતાલસત્કુવલયાવલિનીલભે તે ॥ કીર્તિઃ કરપ્રણયિની
તવ યે નિરૂદ્ધ—પાતાલસત્કુવલયા વલિની લભેતે ॥ ૪ ॥

---

## श्री वासुपूज्यजिन स्तुतिः

( સ્રગ્ધરાવૃત્તમ્ )

પૂજ્ય શ્રીવાસુપૂજ્યાવૃજિનજિનપતે નૂતનાદિત્યકાંતે-
માયાઽસંસારવાસાઽવનવર તરસાલી નવાલાનબાહો ॥ આનમ્રા
ત્રાયતાં શ્રીપ્રભવ ભવભયાદ્વિભ્રતી ભક્તિભાજા—માયાસં
સારવાસાવનવરતરસાલીનબાલા નબાહો ॥ ૧ ॥ પૂતો યત્પા-
દપાંસુઃ શિરસિ સુરતતેરાચરચ્ચૂર્ણશોભાં ॥ યા તાપત્રાઽસ-
માનાઽમતિમદ મવતી હારતારા જયંતી ॥ કીર્તેઃ કાંત્યા
તતિઃ સા પ્રવિકિરતુતરાં જૈનરાજી રજસ્તે । યાતાપત્રાસ-
માનાપ્રતિમદમવતીહારતા રાજયંતી ॥ ૨ ॥ નિત્યં હેતૂ-
પપત્તિમતિહતકુમતપ્રોદ્ધતધ્વાંતબંધા—ઽપાપાયાસાદ્યમાનામ-
દન તવ સુધાસારહૃદ્યા હિતાનિ ॥ વાણી નિર્વાણમાર્ગપ્ર-
ણયિપરિગતા તીર્થનાથ ક્રિયાન્મે—ઽપાપાયાસાદ્યમાનામદનત
વસુધાસાર હૃદ્યાહિતાનિ ॥ ૩ ॥ રક્ષઃ ક્ષુદગ્રહાદિપ્રતિહતિ-

શમિની વાહિતશ્વેતભાસ્વ--ત્સન્નાલીકા સદામા પરિકરમુદિતા સા ક્ષમાલાભવંતં ॥ શુભ્રા શ્રીશાંતિદેવી જગતિ જનયતાત્ કુંડિકા ભાતિ યસ્યાઃ, સન્નાલિકા સદામા પરિકરમુદિતા સાક્ષમાલા ભવંતં ॥ ૪ ॥

---

# श्री शांतिनाथजिन स्तुतिः

## શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્.

રાજંત્યા નવપદ્મરાગરુચિરૈઃ પાદૈર્જિતાષ્ટાપદા--દ્રેકોપદ્રુતજાતરૂપવિભયા તન્વાય ધીર ક્ષમાં ॥ બિભ્રત્યાઽમરસેવ્યયા જિનપતે શ્રીશાંતિનાથાઽસ્મરે--દ્રેકોપદ્રુત જાતરૂપ વિભયાઽતન્વાઽયંધી રક્ષ માં ॥ ૧ ॥ તે જીયાસુરવિદ્વિષો જિનવૃષા માલાં દધાના રજા—રાજ્યા મેદુરપારિજાતસુમનઃ સંતાનકાંતાં ચિતાઃ ॥ કીર્ત્યા કુંદસમત્વિષેષદપિ યે ન પ્રાપ્તલોકત્રયી--રાજ્યા મેદુરપારિજાતસુમનઃ સંતાનકાંતાંચિતા ॥૨॥ જૈનેંદ્રં મતમાતનોતુ સતતં સમ્યગ્દશાં સદ્ગુણા--લીલાભિગમહારિ ભિન્નમદનં તાપાપહ્યદ્યામરં ॥ દુર્નિર્ભેદ્યનિરંતરાંતરતમોનિર્નાશિ પર્યુલ્લસ--લ્લીલાભંગમહારિભિન્નમદનંતાપાપહ્યદ્યામરં ॥ ૩ ॥ દંડચ્છત્રકમંડલુનિ કલયન્ સ બ્રહ્મશાંતિઃ ક્રિયાત્ । સંત્યજયાનિશમીક્ષણેન શમિનો મુક્તાક્ષમાલીહિતં ॥ તત્પાષ્ટાપદપિંડપિંગલરુચિર્યોઽધારયન્મૂઢતાં ॥ સંત્યજયાનિ શમી ક્ષણેન શમિનો મુક્તાક્ષમાલી હિતં ॥૪॥

---

# श्री नेमिनाथजिन स्तुतिः

( શાર્દુલવિક્રીડિતવૃતમ્ )

ચિક્ષેપોર્જિતરાજકં રણમુખે યો લક્ષસંખ્યં ક્ષણા-- દક્ષામં જન ભાસમાનમહસં રાજીમતીતાપદં ॥ તં નેમિં નમ નમ્રનિર્વૃતિકરં ચક્રે યદૂનાં ચ યો । દક્ષામંજનભાસમાનમહસં રાજીમતીતાપદં ॥ ૧ ॥ પ્રાવ્રાજીજ્જિતરાજકા રજ ઈવ જ્યાયોઽપિ રાજ્યં જવા—દ્યા સંસારમહોદધાવપિ હિતા શાસ્ત્રી વિહાયોદિતં ॥ યસ્યાઃ સર્વત એવ સા હરતુ નો રાજી જિનાનાં ભવા—ત્યાસં સારમહો દધાવપિહિતાશાસ્ત્રી વિહાયોદિતં ॥ ૨ ॥ કુર્વાણાણુપદાર્થદર્શનવશાદ્ભાસ્વત્પ્રભાયાસ્રપા—માનત્યા જનકૃતમોહરત મે શસ્તાઽદરિદ્રોહિકા ॥ અક્ષોભ્યા તવ ભારતી જિનપતે પ્રોન્માદિનાં વાદિનાં । માનત્યાજનકૃત્તમોહરતમેશ સ્તાદરિદ્રોહિકા ॥૩॥ હસ્તલંબિતચૂતલુંબિલતિકા યસ્યાજનોઽભ્યાગમ—દ્દ્વિશ્વાસેવિતતામ્રપાદપરતાં વાચા રિપુત્રાસકૃત્ ॥ સા ભૂતિં વિતનોતુ નોઽર્જુનરુચિઃ સિંહેઽધિરૂઢોલ્લસ—દ્દ્વિશ્વાસે વિતતામ્રપાદપરતાંવા ચારિપુત્રાઽસકૃત્ ॥ ૪ ॥

---

# श्री पार्श्वनाथजिन स्तुतिः

( સ્રગ્ધરા વૃત્તમ્ )

માલામાલાનબાહુર્દધદ્દધદરં યામુદારા મુદારા—લીનાઽલીનામિહાલીમધુરમધુરસા સૂચિતોમાચિતો મા ॥ પાતાત્પાતાત્સ પાર્શ્વો રુચિરરુચિરદો દેવરાજીવરાજી—પત્રાઽપત્રા યદીયા

તનુરતનુરવો નંદકો નોદકો નો ॥ રાજી રાજીવવકત્રા તરલતરલસત્કેતુરંગ તુરંગ—વ્યાલવ્યાલગ્નયે ધાડચિતરચિત-રણે ભીતિહૃદ્યાતિહૃદ્યા ॥ સારા સારાજ્જિનાનામલમમલમતે બોધિકામાધિકામા-દવ્યાદવ્યાધિકાલાનનજનનજરાત્રાસમાના-સમાના ॥ ૨ ॥ સદ્યોડસદ્યોગભિદ્ધાગમલગમલયા જૈનરાજી-નરાજી—નૂતાનૂતાર્થધાત્રીહ તતહતતમઃપાતકાડપાતકામા ॥ શાસ્ત્રા શાસ્ત્રા નરાણાં હૃદયહૃદયશોભેધિકાડબાધિકા ચા—દેયા દેયાન્મુદં તે મનુજમનુ જરાં ત્યાજયંતી જયંતિ ॥૩॥ યાતા યા તારતેજાઃ સદસિ સદસિભૃત્કાલકાંતાલકાંતા—ડપારિંપારિંદ્રરાજં સૂરવસૂન્વધૂપૂજિતારં જિતારં ॥ સા ત્રાસાત્ ત્રાયતાં ત્વા મવિષમવિષભૃદ્ભૂષણાડભીષણા ભી—હીનાડહીનાગ્રપત્ની કુવલયવલયશ્યામદેહાડમદેહા ॥ ૪ ॥

---

## (१) श्री नेमनाथनी स्तुति

### રાગ—( પાર્શ્વજીણંદા વામાનંદા )

રાજા સમુદ્રકેરા વંશે અવતરિયા પ્રભુ, તરૂણાવસ્થે કામ નિવરી, તજી મમતા વિભુ, દીક્ષા લઈને કેવલ પામ્યા થયા મુક્તિ પતિ વંદુ એવા નેમિજીનને મુદા નિત ચીત વતી ૧. દોય જીણંદા, નીલાવર્ણે ધોળા શુભ દોપ્રભુ, રાતા વર્ણે જીનયુગ પ્યારા, કાલા તિમ દો પ્રભુ, જીનવર સોળે, કંચનવર્ણે, સ્વામી સમતાકરા, જીનપતિ સર્વે, દીન દયા દેજો, સુખને ખરા. ૨. પ્રભુ મુખવાણી લાગે મીઠી, ઈક્ષુ

રસની ઝરી, સંશય ટાળે ભવિજનકેરાં પીતાં એહીજ ખરી, નિર્મલ તત્ત્વો જીનમતકેરાં હાંસે કરી જાણીયે, તિમિર અનાદિ ટાળી કરી શ્રદ્ધા શુદ્ધ આણીયે. ૩. મૃગપતિ પીઠે સુંદરી બેસી રહી સૂરી અંબીકા, મુખ થકી ગાતી નેમિજીનનાં ગુણો હીતકારિકા, જીન વર સેવક સૌભાગ્યનાં ટાળો વિઘ્ન સવી, કંચનવર્ણે જીનગુણ રાતી ભક્તિ ભરી એહવી. ૪

---

# श्री आदीश्वरनो स्तुति

( રાગ—જાદવકુલશ્રીનંદ સમોએ )

પાયકમલ જસ ભાવશું એ, વંદે ઇંદ નરિંદતો, નાભિકુલ નભમાં વળીએ સોહે જીમ દિણંદતો, પાંચસો ધનુષની ધારતએ દેહી પ્રભુ ગુણવંત તો, પ્રણમું તેહને પ્રેમથીએ આદીશ્વર ભગવંતતો ૧. જગજીવનાં દુઃખ વારક એ મિથ્યાતમ હરનાર તો, ભવભય સર્વે ટાલત એ પૂરણ જગદાધાર તો, શુકલ ધ્યાનને ધ્યાઈને એ પામ્યા કેવલજ્ઞાન તો, ટાળો સર્વે જીનપતિએ અમસહુ દુઃખની ખાણ તો. ૨. આદીશ્વર મુખ સાંભળીએ, ત્રીપદી ગણધારતો, નય-નિક્ષેપના ભંગથીએ વિરચીવાણી સુસારતો, પ્રબલ મિથ્યા-ત્વના મેઘથીએ સંચિત જનમન મેલતો, વારે તેહન મૂલ-થીએ, જલસમ વાણી સ્હેલતો. ૩. ગોમુખ યક્ષ ચક્રેશ્વરી એ નિર્મલ સમક્તિવંતતો, પ્રભુ શાસન રખવાળ એ, અતિશય ઋદ્ધિ મહંતતો, આદિ પ્રભુપદ સેવતાંએ ટાળો

અમ મનભ્રાંતિતો, સેવક સૌભાગ્ય એમ ભાસિતએ, આપો મન બહુ શાંતિ તો. ૪.

---

# શ્રી મહાવીરસ્વામીની સ્તુતિ

રાગ—શ્રી શત્રુંજય તીરથ સાર.

શાસન નાયક શ્રી મહાવીર, સાત હાથ હેમ વરણુ શરીર, હરિ લંછન જિન ધીર, જેહનો ગૌતમ સ્વામી વજીર, મદન સુભટ ગંજન વડવીર, સાયર પરે ગંભીર, કાર્તિક અમાવાસ્યે નિર્વાણ, દ્રવ્ય ઉદ્યોગ કરે નૃપ જાણુ, દીપક શ્રેણી મંડાણુ, દિવાલી પ્રગટયું અભિધાન, પશ્ચિમ રજનીએ ગૌતમ જ્ઞાન, વર્ધમાન ધરું ધ્યાન. ૧. ચઉવીસ એ જિનવર સુખકાર, પર્વ દિવાળી અતિ મનોહાર, સકલ પર્વ શિણુગાર, મેરૈયાં કરે ભવિ અધિકાર, મહાવીર સર્વ-જ્ઞાયપદ સાર, જપીયે દોય હજાર, મજ્ઝિમરજની દેવ વંદીજે, મહાવીર પારંગતાય નમીજે, તસ સહસ દોય ગુણીજે, વળી ગૌતમ સર્વજ્ઞાય નમીજે, પર્વ દિવાળી એણીપરે કીજે, માનવ ભવ ફલ લીજે. ૨. અંગ અગીયાર ઉપાગજબાર, પયન્ના દશ છછેદ મુલ સુત્ર ચાર, નંદી અનુયોગ દ્વાર, છ લાખ છત્રીશ હજાર, ચોદ પુરવ વિરચે ગણધાર, ત્રિપદીના વિસ્તાર, વીર પંચમ કલ્યાણક જેહ, કલ્પસુત્ર માંહિ ભાખ્યું તેહ, દીપોચ્છવ ગુણ ગેહ, ઉપવાસ છઠ્ઠ અટ્ઠમ કરે જેહ, સહસ લાખ કોડી ફલ લહે તેહ, શ્રી જિનવાણી એહ. ૩. વીર નિર્વાણ સમય સુર જાણી,

આવે ઇન્દ્ર અને ઈન્દ્રાણી, ભાવ અધિક મન આણી, હાથ ગ્રહી દીપી નિશી જાણી, મેરૈયા મુખ બોલે વાણી, દીવાલી કહેવણી, એણી પરે દીપોચ્છવ કર હો પ્રાણી, સકલ સુમંગલ કારણ જાણી, લાભ વિમલ ગુણ ખાણી, વદતિ રત્નવિમલ બ્રહ્માણી, કમલ કમંડલ વીણા પાણી, ઘો સરસ્વતી વર વાણી. ૪.

---

# श्री सिद्धचक्रनी स्तुति

( રાગ—શ્રી શત્રુંજય તીરથ સાર )

સિદ્ધચક્ર યંત્રીશ્વર સારો, મંત્ર શિરોમણી જગદાધારો, પ્રત્યક્ષ ચમકારો, અનુપમાયે અતિશય વંતો, ગુણ સમુદ્રનો કોણ લહે અંતો, ત્રિભુવન મહિમા વંતો, મનની આધિ તનની વ્યાધિ, દુર કરે ભવની ઉપાધિ, પામે વંછિત સાધિ, શાંત દશાને એકાગ્રચિતે, સકલ કાર્ય કરે શુભ રીતે, પાપ કર્મને જીતે. ૧. દેવ તત્ત્વોમાં હોય પ્રસિદ્ધા, બાર ગુણોને આઠ સમૃદ્ધા, અરિહંતને પ્રભુ સિદ્ધા, સુરી પાઠકને જે જગ સાધુ, અઢી દ્વીપમાં વળી આરાધું, એ ત્રણ ઈષ્ટ ગુરૂ સાધુ, છત્રીશ પચીશને સતાવીશી, સર્વોત્તમ ધર્મીગુણ મણીશી, પ્રણમો પરમેષ્ટી અધીશી, દર્શન અડસઠ જ્ઞાન એકાવન, ચારિત્ર સીતેર પચાશ પાવન, તપગુણ ચઉધર્મ થાય. ૨. શ્રી જૈન ધર્મનું શાસન સાર, મુનિચંદ્ર સુરી શ્રુતો દધિ પાર, ત્રીભુવનજન હિતકાર, ચઉદ પુર્વમાં નવપદ ધાર, શ્રીપાલ

મયણા માટે ઉદ્ધાર, આરાધક જય જયકાર, આસો ચૈત્ર સુદ સાતમથી, પુણીમ લગે આંબીલતપથી, રહો શુદ્ધ જાપના જપથી. સ્નાત્ર પુજાને અષ્ટ પ્રકારી, દિનદિન ભાવના ચઢતે અપારી, જસ મહિમા અપરંપારી. ૩. પ્રતિક્રમણું કરી શુદ્ધ ભાવે, દોય ટંક પડિલેહના થાવે, ત્રીકાલ દેવ વંદાવે, ગુણ પરમાણે અમાસના દેવો. સ્વસ્તીક ફલનૈવેદ્યને ઢોવો, નિતનિત પ્રભુ મુખ જોવો, એકેક પદની વીશ જપ માલા, ગુરૂગમ વિધિ જાનો વિશાલા, પર્વોમાં શાસ્વત વહાલા, શ્રી વિમલેશ્વર સાનીધકારી, ચક્કેશ્વરીમા વિઘ્ન વિદારી, આત્મ શક્તિ જયકારી. ૪.

---

# श्री आदीश्वरजीनी थोय

અતિ સુઘટ સુંદર ગુણ પુરંદર. મંદરરૂપ સુધીર, ઘન કર્મ કદલી દલન દંતી સિંધુ સમ ગંભીર, નાભી રાય નંદન વૃષભ લંછન રૂષભ જગદાધાર, શ્રી રાજવિજય સુરીંદ તેહના વંદે પદ અરવીંદ. ૧. સુરનાથ સેવિત વિબુધ વંદિત વિદિત વિશ્વાધાર, દોય શામલા દોય ઉજલા દોય નીલવર્ણ ઉદાર, જાસુસ ફુલ સમાન દોય સોલ સોવન વાન, શ્રી રાજવિજય સુરીરાજ અહોનીશ ધરે તેહનું ધ્યાન. ૨. અજ્ઞાન મહાતમ રૂપ રજની વેગે વિદંસણ તાસ, સિદ્ધાંત શુદ્ધ પ્રબોધ ઉદયો દિનકર કોડી પ્રકાશ, પદ બંધ શોભિત તત્વ ગર્ભિત સુત્ર પીસ્તાલીશ, અતિ સરસ તેહના અર્થ પ્રકાશે શ્રી રાજવિજય સુરીશ. ૩. ગજ ગામીની

અભીરામ કામીની દામી નીસી દેહ, શા કમલ નયાણી વિપુલ વયણી ચકકેશ્વરી ગુણ ગેહ, શ્રી રાજવિજય સુરીંદ પાયે નિત્ય નમતી જેહ, કહે ઉદય રત્ન વાચક જૈનશાસન વિઘ્ન નિવારો તેહ. ૪.

---

## श्री महावीरस्वामीनी स्तुति

સીદ્ધારથ કુલ મુકુટ નગીનો, ત્રીશલા રાણી જાયાજી, છપ્પન દીકકુમરી કરી મહોત્સવ, ગીત મનોહર ગાયાજી, હરી હરખે મહોચ્છવ કરી મેરૂગીરી, આનંદ અંગ ન માયજી, જય જય કરી જનની ઘર મેલી, પ્રણુમી પ્રમોદીત થાયજી ૧. એક કોડી ને સાઠ જ લાખ ભૃંગાર, ઉદક ભરીયાજી, ચંગીરી સ્વસ્તિક બહુ આદે, અષ્ટ મંગળ આગે ધરીયાજી. એણીપરે ઓચ્છવ કરી અનુપમ, ચોવીશ જીનના સુરાજી, અઠ્ઠાઈ ઓચ્છવ કરી નંદીશ્વર, ઠામ ગયા પુન્ય પુરાજી. ૨. જ્ઞાન આરાધો જ્ઞાન જ સાધો, જ્ઞાન વિના નર ભૃંગાજી, જ્ઞાન વિના નર ભૂલા ભમતા, કાશ કુસુમ પર શૃંગાજી, કૃત્ય અકૃત્ય જીવ સાધન જાણે, જો હૃદય જ્ઞાન દીવોજી, જ્ઞાન વિના કોઈ પાર ન પામે, જ્ઞાની પુરૂષ ચિરંજીવોજી. ૩. સ્વર્ગવાસી સ્વર્ગ ભુવનની, ગળે મોતીની માળાજી, માતંગદેવી યક્ષ સિદ્ધાઈ, વીર શાસન રખવાળીજી, સંકટ ચુરે વંછીત પુરે, દેવી ત્રુઠી દયાળજી, વીર વિમળ શિષ્ય સાનીધ્યકારી, વિશુદ્ધ દેવી મયાળજી. ૪.

---

# श्री अक्षय निधि तपनी विधि

આ તપ શ્રાવણ વદ ૪ ને દિવસે શરૂ કરી સોળ દિવસે પૂરો કરવો, તેમાં સુવર્ણનો રત્નજડિત કુંભ કરાવવો અથવા શક્તિ પ્રમાણે બીજી કોઇ રૂપા વિગેરે ધાતુનો કરાવવો અથવા છેવટ શક્તિ ન હોય તો માટીનો કરાવવો, પછી તે કુંભ ઘરમાં, દેરાસરમાં અથવા ઉપાશ્રયે પવિત્ર સ્થાને ડાંગરની ઢગલી કરી તે ઉપર પધરાવવો, (બનતા સુધી કુંભ પાસે અખંડ દીવો ફાનસમાં યત્ના પૂર્વક ૧૬ દિવસ સુધી રાખવો,) તેની સમીપે સ્વસ્તિક કરી તે ઉપર શ્રી કલ્પસૂત્ર પધરાવવું, દરરોજ બે ટંક પડિક્કમણું કરવું, દેવવંદન પડિલેહણ કરવાં, ભુમિ શયન કરવું, બ્રહ્મચર્ય પાળવું, એકાસણાનો તપ ૧૫ દિવસ પર્યંત કરવો, છેલ્લે દિવસે એટલે ભાદ્રપદ શુદિ ૪ થે (સંવચ્છરીએ) ઉપવાસ કરવો, આ પ્રમાણે ચાર વર્ષ પર્યંત કરવાથી ૬૪ દિવસે આ તપ પૂર્ણ થાય છે, દરરોજ દેવ પૂજા કરવી, પુસ્તક ઉપર ચંદરવો બાંધવો, જ્ઞાનને ધૂપ દીપ કરી હંમેશા રૂપાનાણે પૂજવું, (કયારે પૂજવું તે વિધિમાં બતાવેલ છે,) શક્તિ ના હોય તો પહેલે છેલ્લે દિવસે રૂપાનાણે પૂજવું, અને વચલા દિવસોમાં યથા શક્તિ દ્રવ્યવડે પૂજવું, 'નમો નાણસ્સ' એ પદની ૨૦ નવકારવાળી દરરોજ ગણવી, (કોઈ જગ્યાએ ૐ હ્રીઁ કલીઁ નમો નાણસ્સ એમ કહેલ છે,) ૨૦ લોગસ્સનો કાઉસગ્ગ કરવો, નીચે બતાવેલી

વિધિ મુજબ દરરોજ વિધિ કરવી, કુંભની ઉપર શ્રીફળ મૂકી લીલા કે પીળા રેશમી વસ્ત્ર વડે બાંધી રાખવો, દરરોજ તેની અંદર વિધિને અંતે એકેક પસલી અક્ષતની નાખવી, સોળ દિવસે કુંભ ભરાઈ જાય તેમ કરવું, છેલ્લે દિવસે કુંભની સમીપે રાત્રી જાગરણ કરવું, પૂજા પ્રભાવના કરવી, અક્ષયનિધિતપનું સ્તવન દરરોજ ગાવું, સાંભળવું, પારણાને દિવસે (ભાદ્રપદ શુદિ ૫. મે) કુંભને ફુલની માળા પહેરાવી, સૌભાગ્યવતી સ્ત્રીને માથે મૂકવો, સર્વ જાતિના પક્કવાન્ન સુખડી વિગેરે યથાશક્તિ કરાવી, તેના થાળ પણ સૌભાગ્યવતી સ્ત્રીઓને માથે મૂકવા, હાથી ઘોડા વાજીંત્રો વિગેરેથી મોટી ધામધુમ સાથે વરઘોડો ચડાવી કુંભ લઇને દેરાસરે આવવું. કુંભ વાળી સ્ત્રીઓએ ત્રણ પ્રદક્ષિણા કરી પ્રભુ પાસે કુંભ મૂકવો, નૈવેદ્યના થાળ પણ પ્રભુ પાસે ધરવા, જ્ઞાનના પુસ્તકને ગુરૂમહારાજ પાસે લઈ જઈ ત્યાં પધરાવી ગુરૂ પૂજા તથા જ્ઞાનપૂજા રૂપા નાણાથી કરવી (ગુરૂપૂજાનું દ્રવ્ય ગુરૂ સમિપે ધરવું, તે દિવસે યથા શક્તિ સ્વામી વાત્સલ્ય, પ્રભાવના વિગેરે કરવું. જેટલા સ્ત્રી કે પુરૂષ આતપ કરતા હોય તે દરેક ને માટે કુંભ જૂદા જૂદા પધરાવવા. કલ્પ સૂત્ર એક જ પધરાવવું. આ તપ શ્રાવકને કરવાનો છે, આ ભવ પર ભવમાં મહાન લાભ આપનાર આ તપ છે, ગરણું "નમોનાણસ્સ" એ પદને નવકારવાળી વીસ પ્રમાણે ગણવું, સાથીયા વિગેરે ૫૧ એકાવન કરવા, ૨૦ વીસ પણ કરવાં. ॥ અક્ષય નિધિ તપની વિધિ સંપૂર્ણ. ॥

## દરરોજ કરવાની વિધિ નીચે પ્રમાણે,
## ૨, શ્રી અક્ષય નિધિ તપની વિધિ.

પ્રથમ ઇરિયાવહી પ્રતિક્રમવા, પછી ઇચ્છાકારેણ૦ અક્ષય નિધિ તપ આરાધન નિમિત્તે ચૈત્ય વંદન કરૂં, ઇચ્છં કહી નીચે પ્રમાણે ચૈત્ય વંદન કરવું.

શાસન નાયક સુખ કરણ, વર્દ્ધમાન જીનભાણ, અહ-નિશ એહની સિર વહુ, આણા ગુણમણિ ખાણ. ॥ ૧ ॥ તે જીનવરથી પામીયા, ત્રીપદી શ્રી ગણધાર, આગમ રચના બહુ વિધ, અર્થ વિચાર અપાર. ॥ ૨ ॥ તે શ્રી શ્રુતમાં ભાખિયાએ, તપ બહુ વિધ સુખકાર, શ્રી જીન આગમ પામીને, સાધે મુનીશિવ સાર, ॥ ૩ ॥ સિદ્ધાંત વાણી સુણવા રસિક, શ્રાવક સમક્તિધાર, ઇષ્ટ સિદ્ધિ અર્થે કરે, અક્ષય નિધિ તપ સાર. ॥ ૪ ॥ તપ તો સૂત્રમાં અતિ ઘણા, સાધે મુનિવર જેહ, અક્ષય નિધાનને કારણે શ્રાવકને ગુણ ગેહ ॥ ૫ ॥ તે માટે ભવી તપ કરોએ સર્વ ઋદ્ધિ મળે સાર, વિધિ શું એહ આરાધતાં; પામી જે ભવપાર. ॥ ૬ ॥ શ્રી જીનવર પૂજા કરો, ત્રિકશુદ્ધે ત્રીકાલ, તેમ વળી શ્રુત જ્ઞાનની, ભક્તિ થઈ ઊજમાળ, ॥ ૭ ॥ પડિક્ક-મણાં બે ટંકના, બ્રહ્મચર્યને ધરીએ જ્ઞાનીની સેવા કરી સહેજે. ભવજળ તરીએ. ॥ ૮ ॥ ચૈત્ય વંદન શુભ ભાવથીએ, સ્તવન થોઈ નમસ્કાર, શ્રુતદેવી ઉપાસના, ધીર વિજય હિતકાર. ॥ ૯ ॥

પછી જંકિંચિ કહીને નમુથ્થુણં કહેવું.

પછી બે જાવંતિ કહી, નમોઽર્હત્ કહી, નીચે પ્રમાણે સ્તવન કહેવું.

(લાવો લાવોને રાજ મોંઘા મૂલાં મોતી–એ દેશી.)

તપ વરકીજેરે, અક્ષયનિધિ અભિધાને; સુખ ભરલીજેરે, દિનદિન ચડતેવાને, (એ આંકણી) પર્વપજૂસણ પર્વસિરોમણી, જે શ્રી પર્વ કહાય, માસ પાસ છઠ દસમ દુવાલસ, તપ પણ એદિન થાય. ॥ ૧ ॥ તપવર૦ પણ અક્ષય નિધિ પર્વપજૂસણ, કેરો કહે જિનભાણ, શ્રાવણ વદ ચોથે પ્રારંભી, સંવચ્છરી પરિમાણ ॥ ૨ ॥ તપવર૦ એતપ કરતાં સર્વ ઋદ્ધિ વરે, પગપગ પ્રગટે નિધાન, અનુક્રમે પામે તેહ પરમ પદ, સાન્વપિ નામ પ્રધાન. ॥૩॥ તપવર૦ પરમત્સરથી કર્મ બંધાણું, તેણે પામી દુઃખ જાળ, એ તપ કરતાં તે પૂરવનું, કર્મ થયું વિસરાળ. ॥ ૪ ॥ તપવર૦ જ્ઞાનપૂજા શ્રુત દેવી કાઉસગ્ગ, સ્વસ્તિક અતિ સોહાવે, સોવન કુંભ જડિત નિજ શક્તિ, સંપૂરણ ક્રમે થાવે. ॥ ૫ ॥ તપવર૦ જઘન્ય મધ્યમ ઉત્કૃષ્ટથી કરીએ, ઇગ દોય તિન વરીસ, વરસ ચોથે શ્રુત દેવી નિમિત્તે, એ તપ વીસવાવીસ ॥ ૬ ॥ તપવર૦ એણે અનુસારે જ્ઞાનતણું વર, ગરણું ગણીએ ઉદાર, આવશ્યકાદિ કરણી સંયુક્ત, કરતાં લઈ ભવપાર. ॥ ૭ ॥ તપવર૦ ઈહિ ભવપરભવદોષ આશંસા, રહિત કરો ભવિ પ્રાણી, જે પર પુદ્ગળ ગ્રહણ ન કરવું, તે તપ કહે વર નાણી. ॥ ૮ ॥ તપવર૦ રાતિ-

જગા પૂજા પરભાવના, હય ગય રથ સણગારીજે. પારણા દિન પંચશબ્દે વાજે, વાજંતે પધરાવીજે. ॥ ૯ ॥ તપવર૦ ચૈત્યવિશાળ હોય તિહાં આવી, પ્રદક્ષિણા વળી દીજે, કુભ વિવિધ નૈવેદ્ય સંઘાતે, પ્રભુ આગળ ઢોઇજે. ॥ ૧૦ ॥ તપવર૦ રાધનપુરે એ તપ સુણી બહુજન, થયા ઉજમાળ તપ કાજે, એહમા મુખ્ય મંડાણ ઓચ્છવમાં, મસાલીયા દેવરાજ ॥ ૧૧ ॥ તપવર૦ સંવત અઢાર તેંતાલીસ વરસે, એ તપ બહુ ભવીકીધો, શ્રી જિન ઉત્તમ પાદ પસાયે, પદ્મવિજય ફલ લીધો ॥ ૧૨ ॥ તપવર૦ સંપુર્ણ. ॥

ત્યાર પછી જયવીયરાય, કહી ॥ સુયદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં ॥ અન્નથ્થ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી નમોઽર્હત્ કહી ॥ સુય દેવયા ભગવઈ, નાણા વરણીય કમ્મસંઘાયં, તેસિં ખવેઉ સયયં, જેસિં સુયસાયરે, ભત્તિ. ॥ ૧ ॥ એ ગાથ કહેવી પછી પચ્ચખ્ખાણ કરવું, પછી પૂજાની ઢાળ કહેવી તે નીચે પ્રમાણે—

દુહો.

સપ્તમ પદ શ્રી જ્ઞાનનો, સિદ્ધ ચક્ર પદમાંહી;
આરાધી જે શુભમને, દિન દિન અધીક ઉછાહિં. ॥ ૧ ॥

અન્નાણસંમોહતમોહરસ્સ, નમોનમોનાણદિવાયરસ્સ, પંચપ્પયાસુઉવંગારગસ્સ, સન્નાણતવ્વત્થ પયા સગસ્સ. ॥૧॥ હુવે જેહથી સર્વ અજ્ઞાન રોધો, જિનાધીશ્વર પ્રોક્ત અર્થાવ બોધો, મતિઆદિ પંચ પ્રકારે પ્રસિદ્ધો, જગદ્ ભાસતે સર્વ

દૈવાવિરૂદ્ધો ॥ ૨ ॥ પ્રદીપ પ્રભાવે સુભક્ષં અભક્ષં, સુપેયં અપેયં સુકૃત્યં અકૃત્યં, જેણે જાણીએ લોકમધ્યે સુનાણું, સદા મેવિશુદ્ધં તદૈવ પ્રમાણું ॥ ૩ ॥

ઢાલ

ભવ્ય નમો સુણ જ્ઞાનને, સ્વપર પ્રકાશક ભાવેજી. પર જાય ધર્મ અનંતતા, ભેદા ભેદ સ્વભાવેજી. ॥ ૧ ॥ (ચાલ)

જે મુખ્ય પરિણતિ સકલ જ્ઞાયક, બોધ ભાવવિલચ્છના ॥ મતિ આદિ પંચ પ્રકાર નિર્મળ, સિદ્ધ સાધન લચ્છના ॥ સ્યા દ્વાદસંગી તત્ત્વરંગી, પ્રથમ ભેદા ભેદતા ॥ સવિકલ્પને અવિકલ્પ વસ્તુ, સકલ સંશય છેદતા ॥ ૨ ॥

॥ પૂજા ઢાળ ॥

ભક્ષા ભક્ષ ન જેવિણ લહિયે, પેય અપેય વિચાર ॥ કૃત્ય અકૃત્ય નજેવિણ લહિયે, જ્ઞાનતે સકલ આધારરે ॥ ॥ ભવિકા ॥ સિ૦ ॥ ૧ ॥ પ્રથમ જ્ઞાનને પછી અહિંસા, શ્રીસિદ્ધાંતે ભાખ્યું, જ્ઞાનને વંદો જ્ઞાનમાનંદો, જ્ઞાનીયે શિવસુખ ચાખ્યું રે, ॥ ભવિકા. ॥ ૨ ॥ સકલ ક્રિયાનું મૂળ જે શ્રદ્ધા, તેહનું મૂળ જે કહિયે ॥ તેહ જ્ઞાનનિત નિતવંદીજે, તેવિણ કહો કેમ રહિયે રે ॥ ભવિકા. ॥ ૩ ॥ પંચ જ્ઞાન માંહિ જેહ સદાગમ, સ્વપર પ્રકાશક જેહ ॥ દીપક પરે ત્રિભુવન ઉપકારી, વળી જેમ રવિશશિ મેહ રે ॥ ભવિકા. ॥ ૪ ॥ લોક ઊર્ધ્વ અધોતિર્યગ જ્યોતિષ, વૈમાનિકને સિદ્ધ ॥ લોકા લોક પ્રગટ સવિ જેહથી, તેહ જ્ઞાને મુજ શુદ્ધ રે ॥ ભવિકા ॥ સિદ્ધ ચક્ર૦ ॥ ૫ ॥

॥ ઢાળ ॥

જ્ઞાનાવર્ણી જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે, તો હુએ એહિજ આતમા, જ્ઞાન અબોધતા જાય રે. ॥ વી૦ ॥ ૧ ॥

પછી ૐ હ્રીં પરમાત્મને નમઃ જ્ઞાનપદેભ્યઃ કલશં યજામહેસ્વાહાઃ ॥ એ મંત્ર બોલીને, જ્ઞાનને ફરતી કલશથી ધારાવાડી દેવી. પછ', વાસક્ષેપ, રૂપાનાણું કે પૈસો, હાથમાં લઈને નીચે પ્રમાણે થોય કહેવી.

॥ દુહા ॥ સુખકર શંખેશ્વર નમી, થુણશું શ્રીશ્રુતનાણ ॥ ચઉમુંગા શ્રુત એક છે, સ્વપર પ્રકાશક ભાણ ॥ ૧ ॥ અભિલાપ્ય અનંતમે, ભાગે રચિયો જેહ ॥ ગણધર દેવે પ્રણમીયો, આગમ રયણ અછેહ ॥ ૨ ॥ ઈમ બહુલી વક્તવ્યતા, છઠાણ વડીયા ભાવ, ક્ષમા શ્રમણભાષ્યે કહ્યું, ગોપય સર્પિ જમાત ॥ ૩ ॥ લેશ થકી શ્રુત વરણવું, ભેદ ભલા તસ વીસ ॥ અક્ષયનિધિ તપને દિને, ક્ષમાશ્રમણ તેવીસ ॥ ૪ ॥ સૂત્ર અનંત અર્થ મયી, અક્ષય અંશ લહાય ॥ શ્રુતકેવલી કેવલીપરે, ભાખે શ્રુત પર્યાય ॥ ૫ ॥ શ્રી શ્રુતજ્ઞાનને નિત નમો, ભાવ મંગલને કાજ ॥ પૂજન અર્ચન દ્રવ્યથી, પામો અવિચલ રાજ ॥ ૬ ॥ આ છેલ્લો દુહો ખમાસમણ દીઠ કહેવો ॥ ઈગસય અડવીસ સ્વરતણા, તિહાં આકાર અઢાર ॥ શ્રુત પર્યાય સમાસમે, અંશ અસંખ્ય વિચાર ॥ શ્રીશ્રુ૦ ॥ ૧ ॥ બત્રીશ વર્ણ સમાય છે, એક શ્લોક મઝાર ॥ તેમાંહે એક અક્ષર ગ્રહે, તે

અક્ષર શ્રુતસાર ॥ શ્રીશ્રુત૦ ॥ ૨ ॥ ક્ષયોપશમ ભાવે કરી, બહુ અક્ષરનો જેહ ॥ જાણગ ઠાણાંગ આગલે, તે શ્રુતિનિધિ ગુણગેહ ॥ શ્રીશ્રુત૦ ॥ ૩ ॥ કોડિ એકાવન અડલખા, અડસય અઠ્યાસી હજાર ॥ ચાલીસ અક્ષર પદ તણાં. કહે અનુયોગદ્વાર ॥ શ્રીશ્રુત૦ ॥ ૪ ॥ અર્થાંતે ઈહાં પદ કહ્યું, જિહાં અધિકાર ઠરાય, તે પદ શ્રુતને પ્રણમતા, જ્ઞાનાવર્ણીય હઠાય ॥ શ્રીશ્રુત૦ ॥ ૫ ॥ અઢાર હજાર પદેકરી, અંગ પ્રથમ સુવિલાસ ॥ દુગણા શ્રુત બહુ પદ ગ્રહે, તે પર શ્રુત સમાસ ॥ શ્રીશ્રુત૦ ॥ ૬ ॥ પિંડપ્રકૃતિમાં એકે પદે, જાણે બહુ અવદાત ॥ ક્ષયોપશમની વિચિત્રતા, તેહજ શ્રુત સંઘાત ॥ શ્રીશ્રુત૦ ॥ ૭ ॥ પંચોતેર ભેદે કરી, સ્થિતિ બંધાદિ વિલાસ ॥ કમ્મપયડી ગ્રહે, શ્રુત સંઘાત સમાસ ॥ શ્રીશ્રુત૦ ॥ ॥ ૮ ॥ ગત્યાદિક જે માર્ગણા, જાણે તેહમાં એક ॥ વહેંચણ ગુણઠાણાદિકે. તસ પ્રતિપત્તિ વિવેક ॥ શ્રીશ્રુત૦ ॥ ૯ ॥ જે બાસટ્ઠ માર્ગણ પદે, લેશ્યા આદિ નિવાસ ॥ સંગ્રહ તરતમ યોગથી તે પ્રતિપત્તિ સમાસ ॥ શ્રીશ્રુત૦ ॥ ૧૦ ॥ સંતપદાદિક દ્વારમાં, જે જાણે શિવલોક ॥ એક દોય દ્વારે કરી, શ્રદ્ધાશ્રુત અનુયોગ । ॥ શ્રીશ્રુત૦ ॥ ૧૧ ॥ વળી સત્તાદિક નવ પદે, તિહાં માર્ગણાભાસ ॥ સિદ્ધતણી સ્તવના કરે, શ્રુત અનુયોગ સમાસ ॥ શ્રી શ્રુત૦ ॥ ૧૨ ॥ પ્રાભૃત પ્રાભૃત શ્રુત નમું, પૂર્વના અધિકાર ॥ બુદ્ધિ બલ પ્રભાવથી, જાણે એક અધિકાર ॥ શ્રીશ્રુત૦ ॥ ૧૩ ॥ પ્રાભૃત પ્રાભૃત શ્રુતસમા,

સાન્નિધ લબ્ધિ વિશેષના, બહુ અધિકાર ઇસ્યા ગ્રહે, ક્ષીરાશ્રવ ઉપદેશ ॥ શ્રીશ્રુત૦ ॥ ૧૪ ॥ પૂર્વભવ ગત વસ્તુ જિકે, પ્રાભૃત શ્રુત તે નામ ॥ એક પ્રાભૃત જાણે મુનિ, તાસ કરૂં પ્રણામ ॥ શ્રીશ્રુત૦ ॥ ૧૫ ॥ પૂર્વલબ્ધિ પ્રભાવથી, પ્રાભૃત શ્રુત સમાસ ॥ અધિકાર બહુલા ગ્રહે, પદ અનુસાર વિલાસ ॥ શ્રીશ્રુત૦ ॥ ૧૬ ॥ આચારાદિક નામથી, વસ્તુનામ શ્રુત સાર ॥ અર્થ અનેકવિધે ગ્રહે, તે પણ એક અધિકાર ॥ શ્રીશ્રુત૦ ॥ ૧૭ ॥ દુગસય પણ-વીસ વસ્તુ છે, ચૌદ પૂર્વનો સાર ॥ જાણે તેહને વંદના, એક સાસે સોવાર ॥ શ્રીશ્રુત૦ ॥ ૧૮ ॥ ઉત્પાદાદિક પૂર્વ જે, સૂત્ર અર્થ એક સાર॥ વિદ્યામંત્ર તણો કહ્યો, પૂર્વશ્રુત ભંડાર ॥ શ્રીશ્રુત૦ ॥ ૧૯ ॥ બિંદુસાર લગે ભણે, તેહિજ પૂર્વ સમાસ ॥ શ્રીશુભ વીરને શાસને, હોજ્યો જ્ઞાન પ્રકાશ ॥ શ્રીશ્રુત૦ ॥ ૨૦ ॥ ઇતિ અક્ષયનિધિ તપ ખમાસ-મણ વિધિ ॥

ખમાસમણા દિધા પછી ચોખા નિર્મલ બે હાથે પસલી ભરીને ઉપર રૂપાનાણું, અથવા પૈસો, સોપારી મુકીને ઉભા રહી જ્ઞાનની સ્તુતિ કરીએ, ॥ દુહો, જ્ઞાન સમો કોઈ ધન નહીં, સમતા સમુ નહિ સુખ ॥ જીવિત સમી આશા નહિ, લોભ સમો નહિ દુઃખ ॥ ૧ ॥ પછી પસલી કુંભમાં નાખવી, સોલમે દીવસે કુંભ પુરો ભરવો, પછી ખમાસમણુ દેઈને ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ શ્રુત દેવતા આરાધ-નાર્થં કાઉસગ્ગ કરૂં. ઇચ્છં, શ્રુત દેવતા આરાધનાર્થં

કરેમિ કાઉસગ્ગં, અન્નત્થ, કહી એકનવકારનો કાઉસગ્ગ કરવો (નમોઽર્હત્ કહીને, જ્ઞાનની થોય કહેવી.)

ત્રિગડે બેસી શ્રીજિનભાણ, બોલે ભાષા અમીય સમાણ, મત અનેકાંત પ્રમાણ. ॥

અરિહંત શાસન સફરી સુખાણ, ચઉઅનુયોગ જિહાં ગુણ ખાણ, આતમ અનુભવ ઠાણ. ॥

સકલ પદારથ ત્રિપદી જાણ, જોજન ભૂમિ પસરે વખાણ, દોષ બત્રિશ પરિહાણ. ॥

કેવલી ભાખિત તે શ્રુતનાણ, વિજયલક્ષ્મિ સૂરિ કહે બહુમાન, ચિત્ત ધરજો તે સયાણ. ॥ ૧ ॥

પછી પ્રદક્ષિણા દેવી, પછી હંમેશાં અક્ષયનિધિની ઢાલો કહેવી અથવા સાંભળવી. તે નીચે પ્રમાણે.

# श्री अक्षयनिधि तपनी ढालोनुं स्तवन

॥ દુહા ॥ શ્રી શંખેશ્વર શિરનામી, કહું તપ વલી સુવિચાર ॥ અક્ષય નિધિ તપ ભાખીયો, પ્રવચન સાર ઉદ્ધાર ॥ ૧ ॥ તપ તપતાં અરિહા પ્રભુ, કેવલ નાણને હેત ॥ નાણ લહી તપ તજી કીયો, શિવ રમણી સંકેત ॥ ૨ ॥ તિમ સુંદરી પરે તપ કરો, અક્ષયનિધિ ગુણવાન, શ્રુત કેવલીયે જે રચ્યો, કલ્પસૂત્ર બહુ માન ॥ ૩ ॥

॥ ઢાલ ॥ ૧ ॥ રૂડીને રઢીયાલીરે વાલા તારી વાંસલીરે

॥ એ દેશી ॥

॥ જંબુ ભરતે રે નયરી રાજગ્રહીરે, સંવર શેઠ વસે

એક સાર ॥ ગુણવંતી નારીરે, કઠણ આજીવિકારે, ઘર દારિદ્ર તણો ભંડાર ॥ સુંદરી સેવોરે અક્ષયનિધિ તપ ભલોરે ॥ ૧ ॥ એ આંકણી ॥ પુણ્ય સંજોગેરે પ્રિયા ગરભે ફલીરે, તબ તસ વૃત્તિ ચલી ઘરબાર ॥ કેઈ વ્યવહારીરે વણજ કરાવતારે, વાધ્યો શેઠ તણો વ્યવહાર ॥ સુંદરી૦ ॥ ॥ ૨ ॥ પૂરણ માસેરે જન્મી કુમારિકારે, પ્રગટ્યો નાલ નિક્ષેપ નિધાન ॥ લક્ષણવંતીરે પુત્રી પ્રભાવથીરે; રાય સુણી કરતો બહુ માન ॥ સુંદરી૦ ॥ ૩ ॥ પુત્રની પેરેરે જન્મ ઓચ્છવ કર્યોરે, સજ્જનવર્ગ નોતરીયા ગેહ ॥ સંવર શેઠેરે થાપ્યું સુંદરીરે; નામ મહોત્સવ કરી ધરી નેહ ॥ ॥ સુંદરી ॥ ૪ ॥ બાલ સ્વભાવેરે રમતી સુંદરીરે, જિહાં જિહાં ભૂમિ ખણંતી રમાય ॥ પૂર્વ પુન્યેરે મણિ માણેક ભર્યોરે, તિહાં તિહાં દ્રવ્યનિધિ પ્રગટાય ॥ સુંદરી. ॥ ૫ ॥ આણી આપેરે તાતને સુંદરીરે, તિણે તે શેઠ હુઓ ધનવંત ॥ યૌવન જાગેરે રંભા ઉર્વશીરે, દેખી શેઠ કરે વરચિંત ॥ ॥ સુંદરી ॥ ૬ ॥ શેઠ સમુદ્રપ્રિયાભિધ નગરમાંરે, કમલ સિરિ નારી તસ પુત્ત ॥ શ્રીદત્તનામેરે રૂપ કલા ભર્યોરે, તસ પરણાવી તે ધન જુત્ત ॥ સુંદરી. ॥ ૭ ॥ પુણ્ય પનોતીરે સાસરે સુંદરીરે, આવી તત્ક્ષણ નિધિ પ્રગટાય ॥ પગ અંગુઠેરે કાંકરો કાઢતાં રે, પૂર્ણ કલશ ધન લેતી જાય ॥ સુંદરી. ॥ ૮ ॥ મોસાલે ભાણેજીને તેડયાં ભોજનેરે ॥ તેહરે ઘર પણ લક્ષ્મી નમાય ॥ ઈમ જિહાં બાલારે શા પગલાં ઠવેરે, નિધિ પ્રગટે સહું સુખિયાં થાય ॥ સુંદરી ॥૯॥

વહુને માનેરે સસરો ભલી પરેરે ॥ રાજા પણ ચિત્ત વિસ્મય થાય ॥ એક દિન આવ્યા રે ધર્મ ઘોષ સૂરિવરારે, રાજા પ્રમુખ તે વંદન જાય ॥ સુંદરી. ॥ ૧૦ ॥ સુંદરી પૂછે રે કહો કુણ કારણેરે પગ પગ પામું ઋદ્ધિ રસાલ ॥ સૂરિ કહે સાચોરે પૂર્વ ભવનં કર્યોરે અક્ષયનિધિ તપ થઈ ઉજમાલ ॥ સુંદરી. ॥ ૧૧ ॥

॥ ઢાલ ॥ ૨ ॥ જસોદા તમારો કાન, મહી વેચતાં માગે દાણ—એ દેશી ॥

( અથવા ચોપાઈની દેશી )

ખેટકપુર સંયમ અભિધાન, શેઠ પ્રિયા ઋજુમતિ ગુણવાન ॥ ઋજુમતિ તપ રાતિ રહે, જ્ઞાન ભક્તિ સુખ સંપદ લહે ॥ ૧ ॥ રયણાવલી કનકાવલી કરે, એકાવલી વિધિયે ઉચરે ॥ પાડોસી વસુ શેઠે વરી, સોમસુંદરી બહુ મચ્છર ભરી ॥ ૨ ॥ પુણ્યવતી તપ રતિ બહુ, ઋજુમતિ પ્રશંસે સહુ ॥ સોમસુંદરી સુણી નિંદા કરે, ડાકણી પરે છલ જોતી ફરે ॥ ૩ ॥ ભુખ્યો બ્રાહ્મણ બગાયો ઢોર, ચાંપ્યો નાગ નાસંતો ચોર ॥ રાડ ભાંડને માતો સાંઢ, એ સાતેથી ઉગરીયે માંડ ॥ ૪ ॥ લાગ્યુ ઘર શેઠ સંજમ તણું, સોમસુંદરી ચિત્ત હરખ્યું ઘણું ॥ નારી પ્રભાવે ન બળી એક છડી, વળી એક દિન ઘેર ધાડજ પડી ॥ ૫ ॥ પાડોસણ મન ચિન્તે ઈસુ, પાપી શેઠનું ન ગયું કિસું ॥ હેતી શ્રાપને નિર્ધન થયા, તે દંપતિ સુરલોકે ગયા ॥ ૬ ॥

સોમસુંદરી ગુણી મચ્છર ભરી, અશુભ કર્મ ઉપાર્જન કરી ॥ પામી મરણ સા કોઈક ગુણી, શ્રાવક મુખ નવકારજ સુણી ॥ ૭ ॥ જિતશત્રુ મથુરાનો રાય; ચઉસુત ઉપર બેટી થાય ॥ સર્વ ઋદ્ધિ નામજ તસદઇ, પંચ ધાવસું મોટી થઇ ॥ ૮ ॥ શત્રુ સૈન્ય સમૂહે નડયો, જિતશત્રુ રણયોગે પડયો ॥ લુંટ પડી જબ રાજદ્વાર, કુંવરી પણ નાઠી તેણીવાર ॥ ૯ ॥ ઉજાતિ એક અટવી પડી, રવિ ઉદયે માર્ગ શિર ચડી ॥ વનફલ વૃતેં વનચર થઇ, યૌવન વેલા નિષ્ફલ ગઇ ॥ ૧૦ ॥ એક વિદ્યાધર દેખી કરી, પરણી સા નિજ મંદિર ધરી ॥ તિણિ વેલા ઘર લાગી ગયું, સર્વ રૂદ્ધિ પગલેથી થયું ॥ ૧૧ ॥ વિદ્યાધરે ફરી વનમાં ધરી, પલ્લિપતિ એક ભીલે હરી ॥ ત્રીજે દીન ઘર તેનું બલ્યું, નારી નિંદન સહુ જન ભલ્યું ॥ ૧૨ ॥ સાર્થવાહ કર વેચી તીણે, ચાલ્યો નિજ દેસાવર ભણી ॥ પંથ વચે લુટાણો તેહ, સર્વ ઋદ્ધિ નાઠા લઇ દેહ ॥ ૧૩ ॥ વનમાં સરોવર તીરે ખડી, રાજકુમારી કર્મે નડી ॥ પુન્યે મુનિ મલ્યા ગુણ ગેહ, મીઠે વયણે બોલાવી તેહ ॥ ૧૪ ॥

( ઢાલ ॥ ૩ ॥ છોરી જાટડીની—એ દેશી. )

છોરીરે બેટી તું તો રાયની હે, કાંઈ ઉભી સરોવર પાળરે ॥ શું દુઃખ ચિંતવે ॥ સિરદાર સહુને સુખ કરે, મહારાજ મુનિ એમ ઉચરે ॥ પૂર્વભવ મચ્છર કરી હે, કાંઈ ફલી તરૂ શાખા ડાલરે ॥ સોમ સુંદરી ભવે ॥ સિર.॥

॥ મ૦ ॥ ૧ ॥ તાત મરણ પુર લુંટીયું હે, કાંઇ પડી તું અટવી મોઝારરે ॥ દુઃખ પામી ઘણી ખેચરશું ઈણે ભવે લહ્યો હે ॥ સુખ સંભોગ એક વારરે, વલી વનચર પણું ॥ ॥ સિ. ॥ મ૦ ॥ ૨ ॥ જ્ઞાની ગુરૂ વયણાં સુણી હે. રાજકુમારી પુછાયરે ॥ ગુરૂ ચરણે નમી, આ દુઃખથી કિમ છુટીયે હે ॥ કહીયે કરી સુપસાયરે, દુઃખ વેલા ખમી ॥ ॥ સિ. ॥ મ૦ ॥ ૩ ॥ અક્ષયનિધિ તપ વિધિ કરો હે, જ્ઞાન ભક્તિ વિસ્તારરે ॥ શક્તિ ન ગોપવી શ્રાવણ વદી ચોથે થકી હે ॥ સંવત્સરી દિન સારરે, પૂરણ તપ તપી ॥ ॥ સિ. ॥ મ૦ ॥ ૪ ॥ ચોથભક્ત એકાસણા હે, શક્તિતણે અનુસારરે ॥ ઘટ અક્ષત ભરો, વિધિ ગુરૂગમથી આચરો હે ॥ ગણણું દોય હજારરે. પડિક્કમણાં કરો ॥ ॥ સિ. ॥ મ૦ ॥ ૫ ॥ એક વરસ જઘન્યથી હે, તીન વરસ ઉક્કિટ્ઠરે ॥ ઈણ વિધિ તપ કરો, શાસન દેવી કારણે હે ॥ ચોથે વરસ વીસી ઠરે. વળી એ આદરો ॥ સિ. ॥ ॥ મ૦ ॥ ૬ ॥ આભવ મનવંછિત ફલે હે, પરભવ ઋદ્ધિ ન માયરે ॥ હરિ ચક્રિપરે, ઈમ નિસુણી કુમરી તિહાં હે ॥ વાંદી ગુરૂના પાયરે, ગઈ ગામાંતરે ॥ સિ. ॥ મ૦ ॥ ૭ ॥ પરઘર કરતાં ચાકરી હે, આજીવિકા નિર્વાહરે ॥ સુખ દુઃખમાં કરે, અલ્પ વિધિયે તપતિણે કર્યો હે ॥ પ્રથમ વરસ ફરિ ચાહેરે, બીજે ભલિપરે ॥ સિ. ॥ મ૦ ॥ ૮ ॥ ચોથે વરસ તપ માંડતાં હે, કોઈક હુંઈ ધનવંતરે ॥ એક દિન આવીઆ, વિદ્યાધર ક્રીડા વશે હે ॥ પૂર્વ નેહ ઉલ-

સંતરે, દેખી નિજ પ્રિયા ॥ સિ. ॥ મ૦ ॥ ૯ ॥ થાપી જઈ અંતે ઉરે હે, સા કહે શીલવ્રત મુખ્યરે ॥ ઇણિ કાયા ધરી, શેષાયુ અણુસણે મરી હે ॥ સંવર પુત્રી તુજરે, કહું સુણુ સુંદરી ॥ સિ. ॥ મ૦ ॥ ૧૦ ॥

( ઢાલ ॥ ૪ ॥ કોશ્યા વેશ્યા કહે રાગીજી, મનોહર મન ગમતા—એ દેશી )

નિજ પૂર્વભવ સુણી તેહજી, સુંદરી સુકુમાલી, જાતિ સ્મરણુ વરે તેહજી ॥ સું૦ ॥ તપ ફલે લહો ઋદ્ધિ રસા-લજી ॥ સું૦ ॥ કહે ધર્મઘોષ અણગારજી ॥ સું૦ ॥ ૧ ॥ કહે સુંદરી સર્વે સાચુંજી ॥ સું૦ ॥ તેહવા મેં તુમને જાણ્યાજી ॥ સું૦ ॥ તુમ જ્ઞાન માંહે નહિ કાચુંજી ॥ સું૦ ॥ અવંતિ માંહે વખાણ્યાંજી ॥ સું૦ ॥ ૨ ॥ સૂરિ વંદી નિજ ઘર આવેજી ॥ સું૦ ॥ તપ અક્ષય નિધિ મંડાવેજી ॥ સું૦ ॥ રાજા રાણી તિણિ વેલાજી ॥ સું૦ ॥ શેઠ સામંત સર્વ ભેલાજી ॥ સું૦ ॥ ૩ ॥ પગ પગ પ્રગટે જે નિધાનજી ॥ સું૦ ॥ કરે પ્રભાવના બહુ માનજી ॥ સું૦ ॥ નામ સુંદરી તો વિસરાણીજી ॥ સું૦ ॥ તે તો અક્ષય નિધિ કહેવાણીજી ॥ સું૦ ॥ ૪ ॥ મનમોટે પૂર્ણ ફલ લીધુંજી ॥ સું૦ ॥ પંચમીયે પારણું કીધુંજી ॥ સું૦ ॥ જ્ઞાન ભક્તિ મહોચ્છવ દેખીજી ॥ સું૦ ॥ દેવી દેવ હુઆ અનિમેષીજી ॥ સું૦ ॥ ૫ ॥ સુખ વિલસંતા સંસારજી ॥ સું૦ ॥ હુઆ સુત ચઉ પુત્રી ચારજી ॥ સું૦ ॥ લિયો અંતે

સંયમ ભારજી ॥ સું૦ ॥ ઘનઘાતિ ખપાવ્યાં ચારજી ॥ ॥ સુ૦ ॥ ૬ ॥ લહિ કેવલ શિવપુર જાવેજી ॥ સું૦ ॥ ગુણ અગુરૂલઘુ નિપજાવેજી ॥ સું૦ ॥ અવગાહન લક્ષણ સંતાજી ॥ સું૦ ॥ તિહાં બીજા સિદ્ધ અનંતાજી ॥સું૦॥ ॥ ૭ ॥ તસ ફરસિત દેશ પ્રદેશેજી ॥ સું૦ ॥ અસંખ્ય ગુણા સુવિશેષેજી ॥ સું૦ ॥ જુઓ પ્રથમ ઉપાંગે ઠામજી ॥ સું૦ ॥ શુભવીર કરે પ્રણામજી ॥ ૮ ॥

( ઢાળ ॥ ૫ ॥ કોઈલો પર્વત ધુંધલોરે લોલ—એ દેશી )

વીર જીણેસર ગુણનીલોરે લોલ, એ ભાખ્યો અધિકાર રે ॥ સુગુણનર ॥ વરતે શાસન જેહનુંરે લોલ, એકવીસ વરસ હજારરે ॥ સુગુણનર ॥ વીર જીણેસર ગુણનીલોરે, એ ભાખ્યો અધિકારરે ॥ સુ૦ ॥ એ આંકણી ॥ ૧ ॥ ॥ વી. ॥ જિહાં સફલજિનગુણ થુણીરે લોલ, દિહા સફલ પ્રભુ ધ્યાનરે ॥ સુ૦ ॥ જન્મ સફલ પ્રભુ દરિસણેરે લોલ ॥ વાણીયે સફલ કાનરે ॥ સુ૦ ॥ વીર જિણેસર ગુણ નીલોરે લોલ, એ ભાખ્યો અધિકારરે ॥ વી. ॥ ૨ ॥ તાસ પરંપર પાટવીરે લોલ, શ્રી વિજયસિંહ સુરીસરે ॥ સુ૦ ॥ સત્યવિજય બુધ તેહનારે લોલ, કપુરવિજય કવિ શિષ્યરે ॥ સુ૦ ॥ વી. ॥ ૩ ॥ ક્ષમાવિજય ગુરૂ તેહનારે લોલ, શ્રીજસવિજય પન્યાસરે ॥ સુ૦ ॥ શ્રીશુભવિજય સુગુરૂ નમીરે લોલ, સુરત રહી ચઉમાસરે ॥ સુ૦ ॥ વી. ॥ ૪ ॥ ચંદ્ર મુનિ વસુ હિંમકરૂરે લોલ, વરસે શ્રાવણમાસરે ॥ સુ૦॥ શ્રીશુભવીરને

શાસનેરે લોલ, હોજો જ્ઞાનપ્રકાશરે ॥ સુ૦ ॥ વી૦ ॥ ૫ ॥

॥ કલશ ॥ એ પંચ ઢાલ રસાલ ભક્તિ, પંચ જ્ઞાન આરાધવા ॥ કામ પ્રમાદ કિરિયા પંચ છડી, પંચમી ગતિ સાધવા ॥ નભ કૃષ્ણ પંચમી સ્તવન રચીઆ, અક્ષય નિધિકે કારણે ॥ શુભવીર જ્ઞાને દેવસુંદરી, નાચવા ઘરબારણે ॥ ૧ ॥ ઇતિ અક્ષય નિધિ તપ સ્તવન સંપૂર્ણ ॥

---

ૐ

# श्री ज्ञानपंचमीनी ढालो लिख्यते

### ઢાલ

જાલમ જોગીડારે—એ દેશિ ॥ શ્રી વાસુપૂજ્ય જીનેસર વયણુથી રેં ॥ રૂપ કુંભ કંચન કુંભ મુનિહોય ॥ રોહિણી મંદીર સુંદર આવીયારે ॥ નમી ભવ પુછે દંપતિ સોય ॥ ૧ ॥ ચઉનાણિ વયણે દંપતી મોહીયાં રે ॥ એ આંકણી ॥ રાજા રાણિ નિજ સુત આઠનારે ॥ તપ ફલ નિજ ભવ ધારી સંબંધ, વિનય કરી પુછે મહારાજનેરે ॥ ચાર સુતાના ભવ પ્રબંધ ॥ ચ. ॥ ૨ ॥ રૂપવંતિ શિયલવંતિ ને ગુણવંતિરે ॥ સરસ્વતી જ્ઞાનકલા ભંડાર ॥ જન્મથી રોગ શોક દિઠો નથિરે ॥ કુંણ પુન્યે લીધો એહ અવતાર ॥ ચ. ॥ ૩ ॥

---

## ઢાલ—૧ લી.

વાલાજી વાગે છે વાંસલિરે—એ દેશી. ॥ ગુરૂ કહે વૈતાઢય ગિરિવરૂરે ॥ પુત્રી વિદ્યાધરી ચ્યાર ॥ નિજ આયુ જ્ઞાનીને પુછીયુરે ॥ કરવા સફલ અવતાર ॥ ૧ ॥ અવધારો અમ વીનતિરે ॥ એ આંકણી ॥ ગુરૂ કહે જ્ઞાન ઉપયોગથી રે ॥ એક દ્વિવસનું આયુ ॥ એહવાં વચન શ્રવણે સૂણ્યારે મનમાં વીમાસણ થાએ ॥ અ. ॥ ૨ ॥ થોડામાં કારજ ધર્મનારે ॥ કીમ કરીએ મુનિરાજ ॥ ગુરૂ કહે જોગ અસંખ્ય છે રે ॥ જ્ઞાનપંચમી તુમકાજ ॥ અ. ॥ ૩ ॥ ક્ષણ અરધે સવી અઘ ટલેરે ॥ શુભ પરિણામે સાધ્ય ॥ કલ્યાણક નવ જિન તણાં રે ॥ પંચમી દીવસે આરાધ ॥ અ. ॥ ૪ ॥

## ઢાલ—૨ જી.

જઈને કેજો—એ દેશી ॥ ચૈત્ર વદી પંચમી દીને ॥ સૂણો પ્રાણિજીરે ॥ ચવીયા ચંદ્રપ્રભુ સ્વામી ॥ લહે સુખ ઠામ ॥ સૂણ પ્રાણિજી રે ॥ ૧ ॥ એ આંકણી ॥ અજિત સંભવ અનંતજી ॥ સૂ. ॥ પંચમી સુદી શિવ ધામ ॥ શુભ પરિણામ ॥ સૂ. ॥ ૧ ॥ વૈશાખ સુદી પંચમી દીને ॥ સૂ. ॥ સંજમ લિયો કુન્થુનાથ ॥ બહુ નર સાથ ॥ સૂ. ॥ જેષ્ટ શુદિ પંચમી વાસ રે ॥ સૂ. ॥ મુગતિ પામ્યા ધર્મ-નાથ ॥ શીવપુરી સાથ ॥ સૂ. ॥ ૨ ॥ શ્રાવણ શુદિ પંચમી દીને ॥ સૂ. ॥ જનમ્યા નેમ સુરંગ ॥ અતિ

ઉછરંગ ॥ સૂ. ॥ માગશર વદ પંચમી દીને ॥ સૂ. ॥ સુવિધિ જન્મ શુભ સંગ ॥ પુન્ય અભંગ ॥ સૂ. ॥ ૩ ॥ કાર્તિક વદ પંચમી તિથિ ॥ સૂ. ॥ સંભવ કેવલ જ્ઞાન ॥ કરો બહુ માન ॥ સૂ૦ ॥ દશ ક્ષેત્રે નેઉં જીના ॥ સૂ. ॥ પંચમી દિનનાં કલ્યાણ ॥ સુખનાં નિધાન સૂ૦ ॥ ૪ ॥

## ઢાલ—૩ જી.

હાંરે મારે જોબનિયાં—એ દેશી ॥ હાંરે મારે જ્ઞાની ગુરૂનાં ॥ વયણ સુણિ હીતકારજો ॥ ચ્યાર વિદ્યા ધરી પંચમી વિધિશું આદરે રે લોલ ॥ ૧ ॥ એ આંકણી ॥ હાંરે મારે શાસન દેવતા પંચમ મનોહારજો ॥ ટાલીરે આશાતના દેવ વદન સદારે લોલ ॥ ૨ ॥ હાંરે મારે તપ પૂરણથી ॥ ઉજમણાનો ભાવજો ॥ એહવે વિધુત યોગે ॥ સુરપદવી વર્યા રે લોલ ॥ ૨ ॥ હાંરે મારે ધર્મ મનોરથ આલસ તજતાં હોયજો ॥ ધન્ય તે આતમ અવીલંબી કારજ કર્યાં રે લોલ ॥ ૪ ॥ હાંરે મારે દેવ થકિ તુમ કુખે લિયો અવતાર જો ॥ સાંભલી રોહિણી જ્ઞાન આરાધન ફલ ઘણાં રે લોલ ॥ ૫ ॥ હાંરે મારે ચ્યારે ચતુરા વિનય વિવેક વિચારજો ॥ ગુણ કેતાં એ લખાયે તુમ પુત્રી તણાં રે લોલ ॥ ૬ ॥

## ઢાલ—૪ થી.

આસણનારે જોગી—એ દેશી ॥ જ્ઞાની વયણથી ચ્યારે એહની ॥ જાતિસ્મરણ પામ્યા રે ॥ જ્ઞાની ગુણવંતા ॥

ત્રીજા ભવમાં ધારણ કીધી ॥ સિધ્યાં મનનાં કામ રે ॥ જ્ઞાની ગુણવંતા ॥ ૧ ॥ એ આંકણી ॥ શ્રી જિનમંદિર પંચ મનોહર ॥ પંચવરણ જિન પડિમારે ॥ જ્ઞા. ॥ જિનવર આગમને અનુસારે ॥ કરીએ ઉજમણાં મહીમા રે ॥ જ્ઞા. ॥ ૨ ॥ પંચમી આરાધન તિથીં પંચમી ॥ કેવલનાણ તે થાએ રે ॥ જ્ઞા. ॥ શ્રી વિજયલક્ષ્મીસૂરિ અનુભવ નાણેં ॥ સંઘ સયલ સુખદાયા રે ॥ જ્ઞાની. ॥ ૩ ॥ ઇતિ પંચમી તપ સ્તવન ઢાલો સંપૂર્ણ ॥

---

# श्री अष्टापदजीनुं स्तवन

॥ નીંદરડી વેરણ હુઈ રહી ॥ એ દેશી ॥

શ્રી અષ્ટપદ ઉપરે, જાણી અવસર હો આવ્યા આદિનાથકે ॥ ભાવે ચોસઠ ઇંદ્રિશું, સમવસરણ હો મલ્યા મોટા સાથકે ॥ શ્રી૦ ॥ ૧ ॥ વિનીતાપુરીથી આવિયો, બહુ સાથે હો વલી ભરત ભૂપાલ કે ॥ વાદી હીયડા હેજસું, તાત મુરતીહો નિકે નયણે નિહાલકે ॥ શ્રી૦ ॥ ૨ ॥ લઇ લાખીણા ભામણા, કહે વયણા હો મેરા નયણા ધન્નકે ॥ વિણ સાંકલ વિણ દોરડે, બાંધી લીધું હો વાહાલા તેં મન્નકે ॥ શ્રી૦ ॥ ૩ ॥ લઘુ ભાઈએ લાડકા, તે તો તાતજી હો રાખ્યા હીયડા હજુરકે ॥ દેશના સુણી વાંદી વદે, ધન્ય જીવડા હો જે તર્યા ભવપુરકે ॥ શ્રી૦ ॥ ૪ ॥ પૂછે પ્રેમે પુરીયો, આ ભરતે હો આગલ જગદીશકે ॥

તીર્થંકર કેતા હોશે, ભણે ઋષભજી હો અમ પછી ત્રેવીસકે ॥ શ્રી૦ ॥ ૫ ॥ માઘની સાંભળી તેરસે, પ્રભુ પામ્યા હો પદ પરમાનંદકે ॥ જાણી ભરતેશ્વર ભણે, સસનેહા હો નાભિરાયાના નંદકે ॥ શ્રી૦ ॥ ૬ ॥ મનમોહન દીન એટલા, મુજ સાથે હો રૂષણા નવિલીધકે ॥ હેજ હિયાનો પર હરી, આજ ઉંડી હો અબોલડા લીધકે ॥ શ્રી૦ ॥ ૭ ॥ વિણુ વાંકે કાંઈ વિસારિયા, તેં તોડચા હો પ્રભુ પ્રેમના ત્રાગકે ॥ ઇંદ્રે ભરતને બુઝવ્યા, દોસ મ દીયો હો એ જિન વીતરાગકે ॥ શ્રી૦ ॥ ૮ ॥ શોક મુકી ભરતેસરૂ, વારધિકને હો વલી દીધ આદેશકે ॥ શુભ કરો જિન થાનકે, સંસકાર્યા હો તાતજી રીસહેસકે ॥ શ્રી૦ ॥ ૯ ॥ વલી બંધવ બીજા સાધુના, તીહાં કાધાહો ત્રણ થુભ અનુપકે ॥ ઉંચો સ્ફટિકનો કુટડો, દેખી ડુંગરહો હરખ્યા ભણે ભૂપકે ॥ શ્રી૦ ॥ ૧૦ ॥ રતન કનક શુભ ઢુંકડો, કરો કંચન હો પ્રાસાદ ઉત્તંગકે ॥ ચોવારો ચુંપે કરી, એક જોયણુ હો માન મનરંગકે ॥ શ્રી૦ ॥ ૧૧ સિંહ નિષિદ્યા નામનો, ચોરાસી હો મંડપ પ્રાસાદકે ॥ ત્રણ કોશ ઉંચો કનકનો, ધ્વજ કલશે હો કરે મેરૂંસુ વાદકે ॥ શ્રી૦ ॥ ૧૨ ॥ વાન પ્રમાણે લંછને, જિન સરખી હો તીહાં પ્રતિમા કીધકે ॥ દોયચાર આઠ દસ ભણી, ઋષભાદિક હો પૂખે પરસિદ્ધકે ॥ શ્રી૦ ॥ ૧૩ ॥ કંચન મણી કમલે ઠવિ, પ્રતિમાની હો આણી નાસિકા જોડકે ॥ દેવ વંદે રંગ મંડપે; નીલાં તોરણ હો કરી કોરણી કોડકે ॥ શ્રી૦ ॥ ૧૪ ॥ બંધવ

એન માતા તણી, મોટી મુરતી હો મણી રતને ભરાયકે ॥ મરૂદેવા મયગલ ચઢી, સેવા કરતી હો નિજ મુરતીની પાયકે ॥ શ્રી૦ ॥ ૧૫ ॥ પાડિહારજ છત્ર ચામરા. જક્ષાદિક હો કીધા અનિમેષકે ॥ ગોમુખ ચતુર ચકકેશ્વરી, ગઢવાડી હો કુંડ વાવ્ય વિશેષ કે ॥ શ્રી૦ ॥ ૧૬ ॥ પ્રતિષ્ઠા પ્રતિમા તણી, કરાવે હો રાજા મુનિવર હાથકે ॥ પૂજા સ્નાત્ર પ્રભાવના, સંઘ ભક્તિ હો ખરચી ખરી આથકે ॥ શ્રી૦ ॥ ૧૭ ॥ પડતે આરે પાપીયા, મત પાડો હો કોઇ વીરૂઈ વાંટકે ॥ એર એક જેયણ આંતરે, ઈમ ચિંતવી હો કરે પાવડિયાં આઠકે ॥ શ્રી૦ ॥ ૧૮ ॥ દેવ પ્રભાવે એ દેહરાં, રહેશે અવિચલ હો છઠ્ઠા આરાની સીમકે ॥ વાંદે આપ લબ્ધિ બલે, નર તેણે ભવહો ભવસાગર ખીમકે ॥ શ્રી૦ ॥ ૧૯ ॥ કૈલાસગિરિના રાજીઆ, દીઓ દરીસણ હો કાંઈ મ કરો ઢીલકે ॥ અરથી હોયે ઉતાવલા, મતરાખોહો અમશું અડખીલકે ॥ શ્રી૦ ॥ ૨૦ ॥ મન માન્યાને મેલવે, આવા સ્થાને હો કોઈ ન મલે મિત્ર કે, અંતરજામી મીલ્યા પછી, કિમ ચાલે હો રંગ લાગ્યો મજીઠકે ॥ શ્રી૦ ॥ ૨૧ ॥ ઋષભજી સિદ્ધિ વધુ વર્યાં, ચાંદલિયા હો તે દેકેલ દેખાડકે ॥ ભલે ભાવે વાંદિ કરી, માગું મુક્તિના હો મુજ બાર ઉઘાડકે ॥ શ્રી૦ ॥ ૨૨ ॥ અષ્ટાપદની જાતરા, ફલ પામેહો ભાવે ભણે ભાસકે ॥ શ્રીભાવવિજય ઉવજઝાયનો, ભાણ ભાખે હો ફલે સઘલી આશકે ॥ શ્રી૦ ॥ ૨૩ ॥

# दस पच्चक्खाणनुं स्तवन

॥ દુહા ॥ સિદ્ધારથ નંદન નમું, મહાવીર ભગવંત ॥ ત્રિગડે બેઠા જિનવરૂ, પરખદાબાર મિલંત ॥ ૧ ॥ ગણધર ગૌતમ તિણે સમે, પુછે શ્રી જિનરાય ॥ દસ પચ્ચખ્ખાણ કીસાં કહ્યા, કીહાં કવણ ફલ થાય ॥ ૨ ॥

॥ ઢાલ ॥ ૧ ॥ સીમંધરકર ॥ શ્રી જિનવર ઈમ ઉપદીશે સાંભલ ગૌતમ સ્વામ ॥ દશ પચ્ચખ્ખાણ કીધાં થકાં, લહીયે અવિચલ ઠામ ॥ ૧ ॥ શ્રી ॥ [૧]નવકારશી [૨]બીજી પોરિસી [૩]સાઢપોરિશી, [૪]પુરિમઢ્ઢ ॥ [૫]એકાસણ [૬]નિવિકહી, [૭]એકલઠાણું, [૮]દિત્તઢ્ઢ ॥ શ્રી ॥ ૨ ॥ દત્તિ [૯]આંબેલ [૧૦]ઉપવાસ સહિ, એહજ દશ પચક્ખાણ ॥ એહના ફલ સૂણો ગૌતમા, જુજુંઆં કરૂં વખાણ ॥ શ્રી ॥ ૩ ॥ રત્નપ્રભા શર્કરાપ્રભા, વાલુપ્રભા ત્રીજીય જાણ ॥ પંકપ્રભા ધુમપ્રભા તમપ્રભા, તમતમા ઠામ ॥ શ્રી ॥ ૪ ॥ નરક સાતે રહિ-સહીં, કરમ કઠન કરે જોર ॥ જીવ કરમ વશ કરે જૂદા, ઉપજે તિણુહીજ ઠોર ॥ શ્રી ॥ ૫ ॥ છેદન ભેદન તાડના, ભુખ તૃષા વલી ત્રાસ ॥ રોમ રોમ પીડા કરે, પરમા-ધામીનો ત્રાસ ॥ શ્રી ॥ ૬ ॥ રાત દિવસ ક્ષેત્ર વેદના, તિલ ભર નહીં તિહાં સુખ ॥ કિધાં કરમ તિહાં ભોગવે, પામે જીવ બહુ દુઃખ ॥ શ્રી ॥ ૭ ॥ એક દિનની નવકારસી, જે કરે ભાવ વિશુદ્ધ ॥ સો વરસ નરકનો આઉખો, દૂરી કરે જ્ઞાની બુદ્ધ ॥ શ્રી ॥ ૮ ॥ નિત્ય કરે નવકારશી, તે

નર નરકે નહી જાય ॥ ન રહે પાપ વળી પાછલા, નિર્મળ હોવેજી કાય ॥ શ્રી ॥ ૯ ॥

॥ ઢાલ ॥ ૨ વિમલાસર તિલો ॥ એ દેશી ॥

સુણ ગૌતમ પોરિસી કિયા, મહામોટો ફલ હોય ॥ ભાવશું જે પોરિસી કરે, દુર્ગતિ છેદે સોય ॥ સુ૦ ॥ ૧ ॥ નરક માંહે જીવ નારકી, વરસ એક હઝાર ॥ કરમ ખપાવે નરકમાં કરતાં બહુત પુકાર ॥ ૨ ॥ દુર્ગતિ માંહે નારકી, દશહજાર પરિમાણ ॥ નરકનો આઉ ખિણ એકમેં, સાઢ પોરસાં કરેહાણ ॥ ૩ ॥ પુરિમઢ કરતાં જીવડાં, નરકે તે નહીં જાય ॥ લાખ વરસ કરમના કટે. પુરિમઢ કરત ખપાય ॥ ૪ ॥ લાખ વરસ દસ નારકી, પામે દુઃખ અનંત ॥ એટલા કરમ એકાસણે, દુરે કરે મન ખંત ॥ ૫ ॥ એક કોડિ વરસાં લગે કરમ ખપાવે જીવ ॥ નિવિ કરતાં ભાવશું, દુર્ગતિ હણે સદીવ ॥ ૬ ॥ દસ કોડી જીવ નરકમેં, જીતરો કરે કર્મ દૂર ॥ તિતરો એકલ ઠાણહિ, કરે સહી ચકચુર ॥ ૭ ॥ દત્તિ કરંતા પ્રાણીયા, સો કોડે પરિમાણ ॥ ઇતરાં વરસ દુર્ગતિ તણાં, છેદે ચતુર સુજાણ ॥ ૮ આંબિલનો ફલ બહુ કહ્યો, કોડી દસ હજાર ॥ કરમ ખપાવે ઇણે પરે, ભાવે આંબિલ અધિકાર ॥ ૯ ॥ કોડી હજાર દસ વરસ સહી, દુઃખ સહે નરક મઝાર ॥ ઉપવાસ કરે એક ભાવસું, પામે મુક્તિ દુવાર ॥ ૧૦ ॥

॥ ઢાલ ૩॥ કેઈક વર માગે સિના ભણી ॥ એ દેશી ॥

લાખ કોડી વરસાં લગે, નરકે કરતા બહુ રીવરે ॥

છઠ્ઠનું તપ કરતાં થકાં, નરક નિવારે જીવરે ॥ ૧ ॥ સુણ ગૌતમ ગણધર સહી ॥ ૧ ॥ નરક વિષે દશ કોડી લાખહી, જીવ લહે તિહાં અતિ દુઃખરે ॥ તે દુઃખ અઠ્ઠમ તપ હુંતી, દૂર કરે પામે સુખરે ॥ સુ૦ ॥ ૨ ॥ છેદન ભેદન નારકી, કોડા કોડી વરસ સોઈરે ॥ સુ૦ ॥ દુર્ગતિ કર્મને પરિહરે, દશમે એટલો ફલ હોઈરે ॥ સુ૦ ॥ ૩ ॥ નિત્ય ફાસુ જલ પીવતાં, કોડા કોડી વરસનાં પાપરે ॥ સુ૦ ॥ દૂર કરે ખીણ એકમાં, જીવ નિશ્ચયે નિરધારરે ॥ સુ૦ ॥ ૪ ॥ એ તો વલી અવિશેષે ફલ કહ્યો, પંચમી કરતા ઉપવાસરે ॥ સુ૦ ॥ તે તો પામે જ્ઞાન પાંચ ભલાં, કરતા ત્રિભુવન ઉજ્જાસરે ॥ સુ૦ ॥ ૫ ॥ ચૌદશ તપ વિધિશું કરે, ચૌદ પૂરવનો હોય ધારરે ॥ સુ૦ ॥ બાહ્ય તપ એકાદશી, કરતાં લહીયે શિવવાસરે ॥ સુ૦ ॥ ૬ ॥ અષ્ટમી તપ આરાધતાં, જીવ ન ફરે ઈણ સંસારરે ॥સુ૦॥ ઈમ અનેક ફલ તપ તણા, કહેતાં વલી નાવે પારરે ॥ સુ૦ ॥ ૭ ॥ મન વચન કાયાયે કરી, તપ કરે જે નર નારીરે ॥ સુ૦ ॥ અનંત ભવના પાપથી, છુટે જીવડો નિરધારરે ॥ સુ૦ ॥ ૮ ॥ તપ હુંતિ પાપી તર્યા નિસ્તર્યો અરજુન માલીરે ॥ સુ૦ ॥ તપ હુંતે દિન એકમાં, શીવ પામ્યા ગજસુકુમાલરે ॥ સુ૦ ॥ ૯ ॥ તપના ફલ સૂત્રે કહ્યાં, પચખાણ તણા દશ ભેદરે ॥ સુ૦ ॥ અવર ભેદ પણ છે ઘણા, કરતાં છેદે તીન વેદરે ॥ સુ૦ ॥ ૧૦ ॥

॥ કલશ ॥ પચ્ચક્ખાણ દસ વિધ ફલ પ્રરૂપ્યાં, મહા-

વીર જિન દેવએ । જે કરે ભવિયણ તપ અખંડિત તાસ સુરપતિ સેવ એ ।। સંવત વિધુ ગુણ અશ્વશશિ વળી, પોશ શુદ દશમી દીને । પદ્મરંગ વાચક શિષ્ય તસ ગણિ, રામચંદ તપ વિધિ ભણે ।। ઇતિ શ્રી પચ્ચખ્ખાણ સ્તવન.

---

# श्री पंचमी स्तवन

( ઈડર આંબા આંબલીરે--એ દેશી. )

।। ઢાલ ૧ ।। શ્રી ગુરૂ ચરણ નમી કરીરે, પ્રણમી સરસ્વતી માય ।। પંચમી તપ વિધિશું કરોરે, નિર્મલ જ્ઞાન ઉપાય ।। ભવિક જન કીજે એ તપસાર ।। ૧ ।। જનમ સફલ નિરધાર ।। ભવિક. ।। લહીએ સુખશ્રીકાર ।। ભવિક૦ કીજે૦ ।। એ આંકણી ।। સમવસરણ દેવે રચ્યુંરે, બેઠા નેમી જિણંદ ।। બારે પરખદા આગલેરે, ભાખે શ્રી જિનચંદ ।। ભવિક૦ ।। ૨ ।। જ્ઞાન વડો સંસારમાંરે, શિવપુરનો દાતાર ।। જ્ઞાનરૂપી દીવો કહ્યોરે પ્રગટયો તેજ અપાર ।। ભવિક૦ ।। ૩ ।। જ્ઞાન લોચન જબ નિરખીયેરે, તવ દેખે લોક અલોક ।। પસુઆપરે તે માનવીરે, જ્ઞાન વિના સવિ ફોક ।। ભવિક૦ ।। ૪ ।। જ્ઞાની શ્વાસોશ્વાસમારે, કરમ કરે જે નાસ ।। નારકીના તે જીવનેરે, કોડિ વરસસુ વિલાસ ।। ભવિક૦ ।। ૫ ।। આરાધક અધિકા કહ્યોરે, ભગવતી સૂત્ર મઝાર ।। કીરીઆ વંતને આ લેરે, જ્ઞાન સકલ સિરદાર ।। ભવિક૦ ।। ૬ ।। કષ્ટ ક્રિયા તો સહુ

કરેરે, તેહથી નહિ કોઇ સિદ્ધ ॥ જ્ઞાન ક્રિયા જબ દો મિલેરે, તબ પામો બહુલી રિદ્ધ ॥ ભવિકજન૦ ॥ ૭ ॥ કુણે આરાધી એહવીરે, કોઈને ફલી તતકાલ ॥ તેહ ઉપર તુમે સાંભલોરે, એહની કથા રસાલ ॥ ભવિક૦ ॥ ૮ ॥ જંબુદ્વિપ સોહામણોરે, ભરતક્ષેત્ર અભિરામ ॥ પદ્મપુર નગરે શોભતોરે, અજિતસેન રાય નામ ॥ ભવિક૦ ॥ ૯ ॥ શીલ સોભાગી આગલેરે, યશોમતિ રાણીનાર ॥ વરદત્ત બેટો તેહનોરે, મૂરખમાં શિરદાર ॥ ભવિક૦ ॥ ૧૦ ॥ માત પિતા મન રંગશુંરે, મુકે અધ્યાપક પાસ ॥ પણ તેહને નવી આવડેરે, વિદ્યા વિનય વિલાસ ॥ ભવિક૦ ॥ ॥ ૧૧ ॥ જિમ જિમ યૌવન જાગતોરે, તિમ તિમ તનુ બહુ રોગ ॥ કોઢ થયો વળી તેહનેરે, વિસમા કરમના ભોગ ॥ ભવિક૦ ॥ ૧૨ ॥ આદરીએ આદર કરીરે, સૌભાગ્ય પંચમી સાર ॥ સુખ સઘલાં સેહેજે મિલેરે, પામે જ્ઞાન અપાર ॥ ભવિક૦ ॥ ૧૩ ॥

॥ દુહા ॥ તિલકપુર શેઠ વસે તિહાં, સિંહદાસ ગુણવંત ॥ જૈનધરમ કરતાં લહે, કંચનકોડિ અનંત ॥૧॥ કપુરતિલકા સુંદરી, ચાલે કુલ આચાર ॥ તેહની કુંખે અવતરી, ગુણમંજરી વરનાર ॥ ૨ ॥ મુંગી થઈ તે બલિકા, વચન વદે નહીં એક ॥ જિમ જિમ અતિ ઔષધ કરે, તિમ તમ તનુ બહુ રોગ ॥ ૩ ॥ સોલવરસ તેહને થયાં, પરણે નહિ કુમાર ॥ એહને કોઈ વંછે નહીં, સ્વજનાદિક પરિવાર ॥ ૪ ॥

( ઢાલ ॥ ૨ ॥ બન્યોરે કુંવરજીનો સેહેરો—એ દેશી )

એહવે આવી સમોસર્યા, શ્રી વિજયસેન સુરિંદરે ॥ સુંદર ॥ જ્ઞાની ગુરૂને વાંદવા, પુત્ર સહિત ભૂપ વૃંદરે ॥ સું૦ ॥ ૧ ॥ સદગુરૂ દીએ દેશનારે, સાંભલો ચતુરસુજાણ રે ॥ સુંદર૦ ॥ જ્ઞાન ભણો ભવિ ભાવસું, જિમ લહો કોડી કલ્યાણરે ॥ સું૦ ॥ સ૦ ॥ ૨ ॥ સિંહદાસ સુત આપણો, આવી નમ્યો કરજોડીરે ॥ સું૦ ॥ વિધિશું વાદી દેશના, સાંભલવાના કોડરે ॥ સું૦ ॥ સ૦ ॥ ૩ ॥ જ્ઞાન આશાતના જે કરે, તે લહે દુઃખ અનેકરે ॥ સું૦ ॥ વાચા પણ નવિ ઉપજે, બાલપરે વિવેકરે ॥ સું૦ ॥ સ૦ ॥ ૪ ॥ ઇહ ભવ પરભવ દુઃખ લહે, દુષ્ટ કુષ્ટાદિક રોગરે ॥ સું૦ ॥ પરભવ પુત્ર ન સંપજે, કલત્રાદિક વિયોગરે ॥ સું૦ ॥ સ૦ ॥ ૫ ॥ સિંહદાસ પુછે હવે, નિજ બેટીની વાતરે ॥ સું૦ ॥ શે કરમે રોગ ઉપનો, તે કહો સકલ અવદાતરે ॥ સું૦ ॥ સ૦ ॥ ૬ ॥ ગુરૂ કહે શેઠજી સાંભલો, પુરવભવ વિરતંતરે ॥ સું૦ ॥ ધાતકી ખંડ મધ્ય ભરતમાં, ખેટક નગર નિરખંત રે ॥ સું૦ ॥ સ૦ ॥ ૭ ॥ જિનદેવ વણિક વસે તિહાં, સુંદરી નામે નારરે ॥ સું૦ ॥ પાંચ બેટા ગુણ આગલા, ચાર સુતા મનોહારરે ॥ સું૦ ॥ સ૦ ॥ ૮ ॥ એક દિન ભણવા મુકીયા, હુંશધરી મન માંહીરે ॥ સું૦ ॥ ચપલાઈ કરે ચોગુણી, ન ભણે હરખે ઉચ્છાહિરે

॥ સુ૦ ॥ સ૦ ॥ ૯ ॥ શીખામણ પંડયો દીએ, આવી રૂએ માતા પાસરે ॥ સુ૦ ॥ કોપ કરી વલતુ કહે, બેઠા રહો ઘરવાસરે ॥ સુ૦ ॥ સ૦ ॥ ૧૦ ॥ ચુલામાંહિ નાખિયાં, પુસ્તકપાટી સોયરે ॥ સુ૦ ॥ રીસે ધમધમતી કહે, આખર મરશે સહું કોયરે ॥ સુ૦ ॥ સ૦ ॥ ૧૧ ॥ કંથ કહે નારિ પ્રત્યે, કોણ દીએ કન્યા-દાનરે ॥ સુ૦ ॥ મુરખ ગુણ ગ્રહેનહિ, ન લહે આદર માનરે ॥ સુ૦ ॥ સ૦ ॥ ૧૨ ॥ બિહુ જણ માંહિ બોલતાં, ક્રોધ વસ્યો વિકરાલરે ॥ સુ૦ ॥ જિનદેવે માર્યું મૂશલું, મરણ પામી તતકાલરે ॥ સુ૦ ॥ સ૦ ॥ ૧૩ ॥ તેહ મરી ગુણમંજરી, અવતરી તાહરે ગેહરે ॥ સુ૦ ॥ જાતિ સમરણ ઉપનું, પ્રગટી પુન્યની રેલરે ॥ સુ૦ ॥ સ૦ ॥ ૧૪ ॥ સાચું સાચું સહું કહે, જ્ઞાન ભણો ગુણ ખાણરે ॥ સુ૦ ॥ તપનો જો ઉદ્યમ કરો તો, લહો કેવલ નાણરે ॥ સુ૦ ॥ સ૦ ॥ ૧૫ ॥

॥ દુહા ॥ પાંસઠ મહિના કીજીએ, માસ માસ ઉપ-વાસ ॥ પોથી થાપો આગલે, સ્વસ્તિક પુરો ખાસ ॥ ૧ ॥ પાંચ પાંચ ફલ મુકીએ, પાંચ જાતિનાં ધાન ॥ પાંચ વાટી દીવો કરો, પાંચ ઢોઉપકવાન ॥ ૨ ॥ કુસુમ ભલાં આણી કરી, ધુપ પૂજા કરી સાર ॥ નમો નાણસ્સ ગુણણું ગણો, ઉત્તર દિશિ હોય હજાર ॥ ૪ ॥ ભક્તિ કરે સાહમ્મી તણી, શક્તિ તણે અનુસાર ॥ જીનવર જુગતે પુજતાં,

પામે મોક્ષદુવાર ॥ ૪ ॥ બાર ઉપવાસ ન કરી શકે, વરસ માંહિ દીન એક ॥ જાવ જીવ આરાહિયે, આણી પરમ વિવેક ॥ ૫ ॥

( ઢાલ ॥ ૩ ॥ ચુડલે યોવન ઝલ રહ્યો--એ દેશી. )

॥ રાયજન ॥ મુનીવર દીએ ધર્મદેશના, સુણીયે દેઈ કાન ॥ રા૦ ॥ આલસ મુકી આદરો, અજુઆલો નિજજ્ઞાન ॥ રા૦ ॥ મુ૦ ॥ રાયપૂછે હરખેકરી, સાંભલો ગુરૂ ગુણ-વંત. રાયજન૦. વરદત્તે કર્મ કીશ્યાં કર્યાં, કોઢે અંગ ગલંત ॥ રા૦ ॥ ૨ ॥ ભવિક જીવ હિત કારણે, ગુરૂ કહે મધુરી વાણી. રા૦. પૂરવભવની વારતા, સાંભલો ચતુર સુજાણિ રાયજન૦ ॥ મુ૦ ॥ ૩ ॥ જંબુદ્વીપ ભરતક્ષેત્રમાં, શ્રીપુરનગર વિસાલ; રા૦. વસુ શેઠના સુત બે ભલા, વસુસાર વસુદેવ નિહાલ. ॥ રા૦ ॥ ૪ ॥ વનરમતાં ગુરૂ વાંદિયા, શ્રી મુનિ સુંદરસુરિ; રા૦. સાંભલતાં સંજમ લીયે, તપ કરે આનંદપુર ॥ રા૦ ॥ ૫ ॥ સકલ કલાગુણ આગલો, લઘુભાઈ અતિસાર; રા૦. વસુદેવને કીધો પાટવી, પંચસયાં સિરદાર ॥ રા૦ ॥ ૬ ॥ પગ પગ પુછે તેહને, સૂત્ર અરથ નિરધાર; રા૦. પલક એક ઉંઘે નહીં, તવ ચિંતે અણગાર ॥ રા૦ ॥ ૭ ॥ પાપ લાગ્યું મુજ કીહાં થકી, એવડો શો કંઠ શોષ, રા૦. મૂઢ મૂરખ સંસારમાં, કાયા કરે નિજ પોષ ॥ રા૦ ॥ ૮ ॥ બાર દિવસ મોને રહ્યો, પ્રગટ થયો તવ પાપ; રા૦. જેવાં કરમ જે કો કરે,

તે લહે સઘલાં આપ ॥ રા૦ ॥ ૯ ॥ તુજ કુલે આવી અવતર્યો, દીપાવ્યો તુજ વંશ, રા૦. વૃદ્ધભાઈ મરી ઉપન્યો, માન સરોવર હંસ ॥ રા૦ ॥ ૧૦ ॥ સયલ કથા સુણતાં લહ્યો, જાતિ સમરણ બોલ; રા૦. ધન ધન જ્ઞાની ગુરૂ મિલ્યા, રોગ થયા આલમાલ ॥ રા૦ ॥ ૧૧ ॥ વિધિસાથે પંચમી કરે, રાજાદિક પરિવાર; રા૦. રોગગયા સવિ તેહના, જિમ જાયે તડકે ઠાર ॥ રા૦ ॥ ૧૨ ॥ સ્વયંવર મંડપ માંડીયો, પરણી એક હજાર; રા૦. હરખ્યો વરદત્ત ઈમ કહે, જૈનધરમ જગ સાર; રા૦. અજિતસેન ચારિત્ર લીયો, સાચા શ્રી ગુરૂ હાથ ॥ રા૦ ॥ ૧૪ ॥ સુખ વિલસે સંસારના, વરતાવે નિજ આણ; રા૦. પુત્ર જનમએ હવે થયો, ઉગ્યો અભિનવ ભાણ ॥ રા૦ ॥ ૧૫ ॥

( દુહા ) ગુણમંજરી સુંદર ભઈ, પરણી સા જિનચંદ ॥ ચારિત્ર સાધી નીરમલું, પામે વૈજયંતસુરિંદ ॥ વરદત્ત મનમાં ચિંતવે, આપુ સુતને રાજ ॥ હવે હું સંજમ આદરૂ, સાધુ આતમ કાજ ॥ ૨ ॥ અશુભ ધ્યાન દુરે કરે, ધરતાં જીનવર ધ્યાન ॥ કાલ ધરમ પામી ઉપન્યો, પુષ્કલાવતી વિજયપ્રધાન ॥ ૩ ॥

( ઢાલ--૪ ॥ સહીયાં હે પીઉ ચાલીયો—એ દેશી. )

સૌભાગ્ય પંચમી આદરો, જિમ પામો હો સુખ સઘલાં વડવીરતો ॥ ચોથ ભત્તે શુદ્દી પંચમી, વ્રત ધરવું હો ભોંયે સુવું ધીરતો ॥ સો૦ ॥ ૧ ॥ ત્રણ કાલ દેવ

વાંદીએ, કીજે દીજે હો ગુરૂને બહુ માનતો ॥ પડિક્કમણું દોય વારના, જિમ વાધે હો ઉત્તમ ગુણ ધ્યાનતો ॥ સૌ૦ ॥ ૨ ॥ નયરી પુંડરીગીણી સોહતી, વિરાજે હો અમરસેન ભુપાલતો ॥ તસ ધરણી શીલે સતી ગુણવતી કુખેહો અવતરીયો બાલતો ॥ સૌ૦ ॥ ૩ ॥ સજ્જન સંતોષી સામટાં, નાથ થાપેહો સુરસેન અભિરામતો ॥ ચંદકલા જેમ વાધતી, તેમ સાધેહો, વાધે નિજ નામતો ॥ સૌ૦ ॥ ૪ ॥ યોવનવય જાણી પિતા, સો કન્યા હો પરણાવી સારતો ॥ રાજ દેઈ નિજ પુત્રને, અમરસેન પહોતોહો પર લોક મોજારતો ॥ સૌ૦ ॥ ૫ ॥ શ્રી સિમંધર આવ્યા સાંભલી, વાંદવાનેહો આવે તીહાં ભૂપ તો ॥ જ્ઞાન આરાધન દેશના, દેખાડે હો વરદત્ત સ્વરૂપ તો ॥ સૌ૦ ॥ ૬ ॥ સૂરસેન હવે વિનવે, પ્રભુ પ્રકાશો હો તે કુણ વરદત્ત તો ॥ સકલ વાત માંડી કહી, તપ માંડયો હો કીજે રંગ રત્તતો ॥ સૌ૦ ॥ ૭ ॥ જિનવર વાંદી આવીઆ, સંવેગે હો મુકે ઘર ભારતો ॥ સિંહતણી પરે આદરી, જિણે લહીએ હો ભવજલનો પાર તો ॥ સૌ૦ ॥ ૮ ॥ પંચમહાવ્રત આદર્યો, સહસ વરસે હો પામે કેવલજ્ઞાનતો ॥ અવિચલ સુખ એણે લહ્યાં, ઈમ નિસુણિહો આરાધોજ્ઞાનતો ॥ સૌ૦ ॥ ૯ ॥ જંબુદ્વીપ માંહે વલી, વિજય રમણી હો નગરી ચોસાલ તો ॥ અમરસેન અમરાવતી, પુણ્ય પ્રગટયો હો, આવ્યોએ બાલ તો ॥ સૌ૦ ॥ ૧૦ ॥ ગુણમંજરી જીવ ઉપન્યો, રાજાને હો હુઓ ઉછરંગ તો ॥ રાજકરે નિજ

તાતનું પ્રેમે પરણે હો કન્યા સુખ સંગ તો ॥ સૌ૦ ॥ ॥ ૧૧ ॥ દીન મનમાં ચિંતવે, હું તો સાધુ હો નિજ આતમ કાજ તો ચાર સહસ્સ બેટા થયા, પાટ આપેહો નિજસુત શિરતાજ તો ॥ સૌ૦ ॥ ૧૨ ॥ સિંહ-તણી પરે નીકલે, લાખ પૂરવ હો સંયમ શીરતાજ તો ॥ તપ તપે અતિ આકરા, કેવલ પામી હો લહે શિવરાજતો ॥ સૌ૦ ॥ ૧૩ ॥

( ઢાલ ૫ ॥ રાગ ધનાશ્રી ॥ ખજાનાની )

તપ ઉજમણું એણી પરે સુણીએ, વ્રત સારૂ ધન ખરચોજી પાંચમ દિન પામી કીજીએ, જ્ઞાનાદિકને આચરોજી ॥ પાંચ પ્રતી સિદ્ધાંતની સારી, પાઠાં પાંચ રૂમાલજી ॥ ખડીયો લેખણ પાટી પોથી, ઠવણી કવલી દ્યો લાલજી ॥ ૧ ॥ સ્નાત્ર મહોત્સવ વિધિશું કીજે, રાતીજગે ગીત ગાયોજી ॥ ચૈત્યાદિકની પૂજા કરતાં, જીનવરના ગુણગાઓજી ॥ ગુણમંજરી વરદત્ત તણીપરે, કીજે ત્રિકરણ શુદ્ધજી ॥ એ વિધ કરતાં થોડે કાલે, લહીએ સઘળી સિદ્ધજી ॥ ૨ ॥ વાસકુંપી ધુપ ધાણુ વલિ કીજીયે, ઝરમર પાંચ મંગાવોજી ॥ ગુરૂને વાંદી પુસ્તકને પુજી, સામી સામીણો નોતરાવોજી ॥ ગુરૂને તેડી બે કરજોડી આદરસું વોહોરાવોજી ॥ પારણું કીજે લાહો લીજે, પાંચમ તપ ઉજવાવોજી ॥ ૩ ॥ નેમિ જિણેસર અતિ અલવેસર, કેશર વર સમ કાયાજી એ ઉપદેશ સુણીને સમજયા, જ્ઞાન

લોચન દેખાયાજી ॥ વરદત્ત ગણધર આગે કહીએ, લહીએ ભવિજન પ્રાણીજી ॥ સૌભાગ્ય પંચમી તપ આરાધો, નિસુણી જીનવર વાણીજી ॥ ૪ ॥ દેહ નિરોગ સોભાગી થાઓ, પાઓ રંગરસાલજી ॥ મુરખપણું દૂરે છાંડો, માંડો જ્ઞાન વિશાલજી ॥ સૌભાગ્ય પંચમી જે નર કરશે, તે વરશે મંગલ માલજી ॥ ગજરથ છોડો સુંદર મંદિર, મણિમય ઝાક ઝમાલજી ॥ ૫ ॥ સંવત સત્તર અઠ્ઠાવન માંહિ, સિદ્ધપુર રહી ચોમાસુજી ॥ કાર્તિક શુદી પાંચમ દીને ગાયો, સફલ ફરી મુજ આસજી ॥ તપગચ્છ નાયક દિનકર સરીખા, શ્રીવિજયપ્રભ સુરિંદાજી ॥ શ્રીવિજયરત્ન સુરીશ્વર રાજે, પ્રણમે પરમાનંદાજી ॥ ૬ ॥ કલશ ॥ ઇમ નેમ જિનવર સયલ સુખકર, ઉપદિશે ભવિ હિત કરો ॥ તપગચ્છ નાયક શિવસુખદાયક, લાયક માંહી પુરંદરો ॥ શ્રી લાભકુશલ વિબુધ સુખકર, વીર કુશલ પંડિત વરો ॥ સૌભાગ્ય કુશલ સુગુરૂ સેવક, કેશવ કુશલ જયકરો ॥ ઇતિ શ્રી સૌભાગ્યપંચમી સ્તવન સંપૂર્ણમ્ ॥

---

## श्री आठमनुं स्तवन

દુહા ॥ પંચ તીરથ પ્રણમું સદા, સમરી શારદ માય ॥ અષ્ટમી સ્તવન હરખે રચું, સુગુરૂ ચરણ પસાય ॥ ૧ ॥

॥ ઢાલ ॥ ૧ ॥ હાંરે લાલા જંબુદ્વીપના ભરતમાં, મગધ દેશ મહંતરે ॥ લા૦ ॥ અષ્ટમી તીથિ મનોહરૂ ॥

હાંરે લાલા ॥ ચેલણા રાણી સુંદરી, શિયલવતી સીરદારરે ॥ લા૦ ॥ અ૦ ॥ ૧ ॥ શ્રેણિક સુત બુધ છાજતા, નામે અભય કુમારરે ॥ લા૦ ॥ અ૦ ॥ ૨ ॥ હાં૦ વર્ગણા આઠ મીટે એહથી ॥ એહ સાધે સુખ નિધાનરે ॥ લાલા ॥ અષ્ટ મદ ભાજે વજ્રા છે, પ્રગટે સમક્તિ નિધાનરે ॥ લા૦ ॥ અ૦ ॥ ૩ ॥ હાં૦ અષ્ટ ભય નાસે એહથી, બુદ્ધિ તણો ભંડારરે ॥ લાલા ॥ અષ્ટ પ્રવચન જે સંપજે, ચારિત્ર તણો આગારરે ॥ લા૦ અ૦ ॥ ૪ ॥ હાં૦ અષ્ટમી આરાધન થકી, અષ્ટ કરમ કરે ચકચુરરે ॥ લાલા૦ ॥ નવનિધિ પ્રગટે તસ ઘરે, સંપુરણ સુખ ભરપુરરે ॥ લા૦ ॥ અ૦ ॥૫॥ હાં૦ અડદૃષ્ટિ ઉપજે એહથી, શીવ સાધે ગુણ અંકુરરે ॥ લાલા૦ ॥ સિદ્ધના આઠગુણ સંપજે, શીવ કમલા રૂપસરૂપ રે ॥ લા૦ ॥ અ૦ ॥ ૬ ॥

॥ ઢાલ ॥ ૨ ॥ જીહો રાજગૃહી રળીયામણી, જીહો વિચરે વીર જીણંદ ॥ જીહો સમવસરણ ઇંદ્રે રચ્યું, જીહો સુરાસુરની વૃંદ ॥ ૧ ॥ જગત સહુ વંદો વીર જીણંદ ॥ એ આંકણી ॥ જીહો દેવરચીત સિંહાસણે ॥ જીહો બેઠા વીર જીણંદ ॥ જીહો અષ્ટ પ્રતિહારજ શોભતા ॥ જીહો ભામંડલ ઝલકંત ॥ જગત૦ ॥ ૨ ॥ જીહો અનંત ગુણી જીનરાજજી, જીહો પરઉપગારી પ્રધાન ॥ જીહો કરૂણા સિંધુ મનોહરૂ, જીહો ત્રિલોકે જગભાણ ॥ જગત૦ ॥ ૩ ॥ જીહો ચોત્રીશ અતિશય વિરાજતા, જીહો વાણી ગુણ

પાંત્રીસ ॥ જીહો બારે પરખદા ભાવશું, જીહો ભગતે નમાવે શીષ ॥ જગત૦ ॥ ૪ ॥ જીહો મધુરી ધ્વની દીયે દેશના, જીહો જીમરે અસાઢોરે મેઘ ॥ જીહો અષ્ટમી મહિમા વરણવે, જીહો જગત બંધુ કહે તેમ ॥ જગત૦ ॥૫॥

॥ ઢાલ ॥ ૩ ॥ રૂડીને રઢિયાલીરે વાલા તારી દેશનારે, તેતો જોજન લગે સંભળાય ॥ ત્રિગડે વિરાજેરે જિન દીયે દેશનારે, શ્રેણીક વંદે પ્રભુના પાય ॥ અષ્ટમી મહિમા કહો કૃપા કરીરે, પુછે ગોયમ અણગાર ॥ અષ્ટમી આરાધન ફલ સિધનુંરે ॥ ૧ ॥ વીર કહે તીથી મહિમા એહનાંરે, ઋષભનું જનમકલ્યાણ ॥ ઋષભ ચારિત્ર હોય નીરમલુંરે, અજિતનું જનમ કલ્યાણ ॥ અ૦ ॥ ૨ ॥ સંભવ ચ્યવન ત્રીજા જિનેસરૂરે, અભિનંદન નિરવાણ ॥ સુમતિ જનમ સુપાર્શ્વ ચ્યવન છેરે, સુવિધિ નેમિ જનમ કલ્યાણ ॥ અ૦ ॥ ૩ ॥ મુનિસુવ્રત જનમ અતિગુણ નિધિરે, નમી શીવપદ લીયું સાર ॥ પાર્શ્વનાથ નિર્વાણ મનોહરૂરે, એ તિથિ પરમ આધાર ॥ અ૦ ॥ ૪ ॥ ગૌતમ ગણધર મહિમા સાંભલીરે, અષ્ટમી તિથિ પરિમાણ ॥ મંગલ આઠતણી ગુણ માલિકારે, તસઘેર શીવ કમલા પરધાન ॥ અ૦ ॥ ૫ ॥

॥ ઢાલ ॥ ૪ આવશ્યક નિર્યુક્તિએ ભાસે, મહાનિશિથી સૂત્રેરે ॥ ઋષભ વંશ ધુર વીરજી આરાધે, શીવસુખ પામે પવિત્રરે શ્રી જિનરાજ જગત ઉપગારી ॥ એ

આંકણી ॥ એ તિથી મહિમા વીરજી પ્રકાશે, ભવિક જીવને ભાસેરે, શાસન તારૂં અવિચલ રાજે, દિનદિન દોલત વાધેરે ॥ શ્રી૦ ॥ ૨ ॥ ત્રિસલારે નંદન દોષ નિકંદન, કર્મ શત્રુને જિત્યારે ॥ તીર્થંકર આહંત મનોહર, દોષ અઢારને વરજ્યારે ॥ શ્રી૦ ॥ ૩ ॥ મન મધુકર જિનપદ પંકજ લીનો, હરખી નીરખી પ્રભુધ્યાઉરે ॥ શિવકમલા સુખ દીયો પ્રભુજી, કરૂણાનંદ પદ પાવુંરે ॥ શ્રી૦ ॥ ૪ ॥ વૃક્ષ અશોક સુરકુસુમની વૃષ્ટિ, ચમર છત્ર વિરાજેરે ॥ આસન ભામંડલ જિનદીપે, દુંદુભી અંબર ગાજેરે ॥ શ્રી૦ ॥ ૫ ॥ ખંભાત બંદર અતિય મનોહર, જીનપ્રાસાદ ઘણા સોહિએરે બિંબ સંખ્યાનો પારન લેવું, દર્શન કરી મન મોહિએરે ॥ શ્રી૦ ॥ ૬ ॥ સંવત અઢાર ઓગણચાલિસ વર્ષે, આશ્વિન માસે ઉદારોરે, શુકલપક્ષ પંચમી ગુરૂવારે, સ્તવન રચ્યું છે ત્યાંરેરે ॥ શ્રી૦ ॥ ૭ ॥ પંડિત દેવ સોભાગી બુદ્ધિ લાવણ્ય, રતન સોભાગી તેણે નામરે ॥ બુદ્ધિ લાવણ્ય લીયો સુખ સંપુરણ, શ્રી સંઘને કોડ કલ્યાણરે ॥ શ્રી૦ ॥ ૮ ॥

---

## श्री अष्टमी स्तवन

॥ દુહા ॥ જય હંસાસણી શારદા, વરદાતા ગુણવંત ॥ માતા મુજ કરૂણા કરી, મહિયલ કરો મહંત ॥ ૧ ॥ સોલ કલા પૂરણ શશિ, નિર્જિત એણે મુખેણ ॥ ગજગતિ

ચાલે ચાવતી, ધારતી ગુણવર શ્રણ ॥ ૨ ॥ કવિ ઘટના નવનવિકરે, કેવલ આણી ખંત ॥ માતા તુજ સુપસાઉલે, પ્રગટે ગુણ બહુભ્રાંત ॥ ૩ ॥ માતા કરૂં તુજ સાન્નિધે, અષ્ટમી સ્તવન ઉદાર ॥ શત મુખે જીભે કો સ્તવે, તુજ ગુણ નાવે પાર ॥ ૪ ॥

( ઢાલ ॥ ૧ ॥ નવમા નેમિ જિણંદને—એ દેશી )

અષ્ટમી તિથિ ભવિ આચરો, સ્થિરકરી મન વચ કાયારે ॥ ધ્યાન ધરમનું ધ્યાઈએ, ટાળીએ દુષ્ટ અપાયરે ॥ એ–આંકણી ॥ ૧ ॥ પોસહ પણ ધરીએ સહી, સમતા ગુણ આદરીયેરે ॥ રાજ્યકથાદિક વરજીએ, ગુણીજન ગુણ આચરીએરે ॥ અ૦ ॥ ૨ ॥ ષટ લેશ્યામાંહે કહી, આદ્ય ત્રિહું અપ્રશસ્તરે ॥ વરજો સજ્જન દૂર એ, ધરો ત્રિહું અંત પ્રશસ્તરે ॥ અ૦ ॥ ૩ ॥ શલ્ય ત્રિહું દુરે તજો, વરજો કુમતિ કુનારીરે ॥ સદ્‌ગતિ કેરી નિવારીકા, દુર્ગતિ કેરી એ બારીરે ॥ અ૦ ॥ ૪ ॥ રમીએ સુમતિ નારીસું, કરીએ દાન સહાયરે ॥ મૈત્રી પ્રમોદ કરૂણાદિક, ધરીએ દિલ સુખદાયરે ॥ અ૦ ॥ ૫ ॥ વાચના પૃચ્છના તિમ વલી, અનુપ્રેક્ષા ધર્મ સંગરે ॥ પરાવર્ત્તના પંચ ભેદ એ, કરીએ ધરી મનરંગરે ॥ અ૦ ॥ ૬ ॥ જ્ઞાનાવરણીય દર્શના, વરણી વેદનીય તેમરે ॥ મોહ આયું નામ ગોત્રએ, આઠમું અંતરાયરે ॥ અ૦ ॥ ૭ ॥ એ અષ્ટ કર્મ વિનાશિની, અષ્ટમી તિથિ જિન ભાખીરે ॥ આરાધનાદિક એ ક્રિયા, માનવ ગતિ એક સાખીરે ॥ અ૦ ॥ ૮ ॥

( ઢાલ ॥ ૨ ॥ મુનિવર આર્યસુહસ્તીરે—એ દેશી )

બાસઠ માર્ગણા દ્વારરે પ્રભુજીએ કહ્યાં, સુંદર સુલલિત વયણથીએ ॥ તેહમાં દશ દ્વારરે મોક્ષ જિનેશ્વરે કહિયા, અવરમાં નવિ લહ્યાં એ ॥ ૧ ॥ તિણુ કારણ દિવ્ય મોક્ષરે, કારણ સુખ તણા, પામે માનવ ભવથકી એ ॥ દુલહો દશ દૃષ્ટાંતરે, લહિય મનુજ ભવ, હારો મત વિષય થકી એ ॥ ૨ પંચ ભરત મઝારરે, પંચ ઐરાવત, પંચ મહાવિદેહમાં એ ॥ પંનર કર્મભૂમિરે, નાણી જિનવરે, ધર્મ કહ્યાં નહિ અન્યમાં એ ॥ ૩ ॥ ક્રોધ માનને માયારે, લોભ તિમ વલી, એ ચારે દુઃખદાયીયા એ ॥ અપ્રત્યાખ્યાનાદિકરે, કરતાં ભેદ એ, સોલ હોએ તજો ભાઈઆએ ॥ ૪ ॥ થોડા પણ એકષાયરે, કીધાં દુઃખ દીએ, મિત્રાનંદ તણી પરે એ ॥ તે માટે તજો દુરરે, હૃદયથકી વલી, જેમ અનુક્રમે શિવ સુખ વરો એ ॥ ૫ ॥ અષ્ટમી તિથિ આરાધેરે, અષ્ટ પ્રવચન, માતા આરાધક કહુ એ ॥ અનુક્રમે લહે નિર્વાણરે, એ તિથિ આરાધે, મુક્તિ રમણી, સન્મુખ જુવે એ ॥ ૬ ॥ અભય દાન સુપાત્રરે, અષ્ટમી પર્વણી, દિજે અઢલક ચિત્તશું એ ॥ પામે બહૂલી ઋદ્ધિરે, પરમ પ્રમોદશું, લીજે લાહો વિત્તશું એ ॥ ૭ ॥

॥ કલશ ॥ શ્રી પાર્શ્વજિન પસાય ઈણિપરે, સંવત સતર અઢાર એ ॥ વૈશાખ સુદી વર અષ્ટમી દિન, કુમતિ દિનપતિ વાર એ ॥ શ્રી શુભવિજય ઉવજ્ઝાય જયકર, શિષ્ય

ગંગવિજય તણો ॥ નય શિષ્ય પભણે ભક્તિ રાગે, લહ્યો આનંદ અતિ ઘણો ॥ ૧ ઇતિ શ્રી અષ્ટમી સ્તવનમ્ ॥

---

## ॥ मौन एकादशी स्तवनम् ॥ ढाल. १ ॥

( વૈરાગી થયો—એ દેશી. )

પ્રણમી પુછે વીરનેરે, શ્રી ગોયમ ગણરાય । મૃગશિર સુદિ એકાદશીરે, તપથી શું ફલ થાયરે ॥ જિનવર ઉપદિશે, તિહાં સાંભલે સહુ સમુદાયરે ॥ જિન૦ ॥ ૧ ॥ વીર કહે ગોયમ સુણોરે, હરિ આગલ કહ્યો નેમ । તેમ તુમ આગલ હું કહુંરે, સાંભલો મનધરી પ્રેમરે ॥ જિન૦ ॥ ૨ ॥ દ્વારિકા નયરી સમોસર્યારે, એકદિન નેમિ જિણંદ ॥ કૃષ્ણ આવ્યા તિહાં વાંદવારે, પુછે પ્રશ્ન નરિંદરે ॥ જિ૦ ॥ ૩ ॥ વર્ષ દિવસનાં દિન મિલીરે તિનસો સાઠ કહંત ॥ તેહમાં દિન કુણ એહવોરે, તપથી બહુ ફલ હુંતરે ॥ જિન૦ ॥ ૪ ॥ મૃગશર શુદિ એકાદશીરે, વર્ણવી શ્રી જગનાથ ॥ દોઢસો કલ્યાણક થયારે, જિનનાં એકણ સાથરે ॥ જિન૦ ॥ ૫ ॥ શ્રી અરજિન દીક્ષા ગ્રહીરે, "નમિ" ને કેવલ નાણ ॥ જન્મદીક્ષા કેવલ લહ્યારે, શ્રીમલ્લિ જગભાણરે ॥ જિન૦ ॥ ૬ ॥ વર્તમાન ચોવિગીનારે, ભરતે પંચ કલ્યાણ ॥ એ પાંચ ભરતે થઈરે, પંચાધિક વીશ જાણરે૦ ॥ જિન૦ ॥ ૭ ॥ પાંચે ઐરાવતે મિલીરે, કલ્યાણક પંચ પંચ ॥ દશ ક્ષેત્ર સહુ એ મિલીરે, પચાસ

કલ્યાણક સંચરે ॥ જિન૦ ॥ ૮ ॥ અતીત અનાગત કાળનાંરે, વર્ત્તમાનના વલી જેહ ॥ દોઢસો કલ્યાણક કહ્યારે, ઉત્તમ ઇણુદિન એહરે જિન૦ ॥ ૯ ॥ જે એકાદશી તપ કરેરે, વિધિ પૂર્વક ગુણ ગેહ ॥ દોઢસો ઉપવાસો તણોરે, ફલ લહે ભવિયણ તેહરે ॥ જિન૦ ॥ ૧૦ ॥

( ઘોડી તો આવી તારા દેશમાં મારૂજી–એ દેશી ) ઢાલ–૨

હવે એકાદશી તપ તણો માધવજી, વિધિ કહું નિર્મલ, બુદ્ધિ હો ગુણરાગી નરેશ્વર સાંભલો જાદવજી, દેવ જુહારો દેહરે ॥ મા૦ ॥ ગુરૂવંદો ભાવ વિશુદ્ધિ હો ॥ ગુ૦ ॥ ૧ ॥ અહોરત્તો પોસહ કરી ॥ મા૦ ॥ ગુરૂ મુખે કરો પચ્ચખ્ખાણહો ॥ ગુ૦ ॥ દેવ વંદો ત્રણ ટંકના ॥ મા૦ ॥ સાંભલો સદગુરૂ વાણીહો ॥ ગુ૦ ॥ ૨ ॥ દોઢસો કલ્યાણક તણો ॥ મા૦ ॥ ગુણનો ગુણો એક મનેહો ॥ ગુ૦ ॥ ભણુણ ગુણણ કિરીયા વિના ॥ મા૦ ॥ નવિ બોલે અન્ય વચનહો ॥ ગુ૦ ॥ ૩ ॥ મૌન ગ્રહો નિશી-દિવસનો ॥ મા૦ ॥ રાખો શુભ પરિણામહો ॥ ગુ૦ ॥ મૌન એકાદશી તે ભણી ॥ મા૦ ॥ નિરૂપમ એવું નામહો ॥ ગુ૦ ॥ ૪ ॥ પ્રથમ દિને એકાસણું ॥ મા૦ ॥ પારણે એહિજ રીત હો ॥ ગુ૦ ॥ બારવર્ષ તપ ઈમ કરે ॥મા૦॥ શુદ્ધ ધર્મશું પ્રીત હો ॥ ગુ૦ ॥ ૫ ॥ અંગ અગ્યારે તે ભણે ॥ મા૦ ॥ પડિમા તપ અગ્યાર હો ॥ ગુ૦ ॥ પ્રતિમાસે ઉપવાસનો ॥ મા૦ તપ કરે નિરૂપમ વાર હો

॥ ગુ૦ ॥ ૬ ॥ સુવ્રતશેઠ તણી પરે ॥ મા૦ ॥ મન રાખે સ્થિરતા જોગ હો ॥ ગુ૦ ॥ તો એકાદશી દશમે ભવે ॥ મા૦ ॥ વહે શિવવધુ સંજોગહો ॥ ગુ૦ ॥ ૭ ॥

( દેશી લલનાની ઢાલ. ૩ )

હવે ઉજમણું તપ તણું, એકાદશી દિનસાર લલના,
દિન ઈગ્યારે દેહરે, સ્નાત્ર પૂજા અધિકાર લલના ॥

ભગવંત ભાખે હરિભણી ॥ ૧ ॥ ઢોણું ઢોવિયે દેહરે, ધાન્ય ઈગ્યાર પ્રકાર ॥ લ૦ ॥ શ્રીફલ ફોફલ સુખડી, નવ નવી ભાત ઈગ્યાર લ૦ ॥ ભ૦ ॥ ૨ ॥ કેસર સુખડ ધોતીયાં, કાંચન કલશ શંગાર ॥ લ૦ ॥ ધૂપ ધાણાને વાટકી, અંગલૂહણ ઘન સાર ॥ લ૦ ॥ ભ૦ ॥ ૩ ॥ અંગ ઈગ્યારે લિખાવીયે, પુઠાને રૂમાલ ॥ લ૦ ॥ ઝાબી દોરા દાબડી, લેખણ કાંબી નિહાલ ॥ લ૦ ॥ ભ૦ ॥ ૪ ॥ ઝીલમલ ચન્દ્રુઆ ભલા, ઠવણી સ્થાપના કાજ ॥ લ૦ ॥ પાટી જપમાલા ભલી, વાસના વટુઆ સાજ ॥ લ૦ ॥ ભ૦ ॥ ૫ ॥ મીજણાને વળી પૂજણા, કવલી કોથળી તામ ॥ લ૦ ॥ રેશમની પાટી રૂચડી, મુહપત્તિ જયણા કામ ॥ લ૦ ॥ ભ૦ ॥ ૬ ॥ જ્ઞાનના ઉપગરણ ભલા, ઈગ્યાર ઈગ્યાર માન ॥ લ૦ ॥ સાધર્મિક ઈગ્યારને, પોષીજે પકવાન ॥ લ૦ ॥ ભ૦ ॥ ૭ ॥ તે સાંભલી હરિ હરખીયા, આદરે વ્રત પચ્ચખ્ખાણ ॥ લ૦ ॥ તિથિ એકાદશી તપ કરે, બાર વર્ષ ગુણ ખાણ ॥ લ૦ ભ૦ ॥ ૮ ॥ તીર્થંકર પદ તિણ થકી,

ગોત્ર નિકાચિત કીધ ॥ લ૦ ॥ અમમ નામે જિન બારમા, હોસી તપ ફલ સીધ ॥ લ૦ ॥ ભ૦ ॥ ૯ ॥ ઇણ વિધિ શ્રીવીરે કહ્યો, એ અધિકાર અશેષ ॥ લ૦ ॥ તેહ ભણી તપ તુમે આદરો, લેશો સુખ સુવિશેષ ॥ લ૦ ॥ ભ૦ ॥૧૦॥

---

॥ કલશ ॥ શ્રીવીરજિનવર સયલ સુખકર વરણવી એકાદશી, તે સુણીય વાણી ભવિક પ્રાણી તપ કરણ મન ઉલ્લસી ॥ જશવંત સાગર સુગુણ આગર શિષ્ય જિનેન્દ્ર-સાગરે, એકાદશી યહ સ્તવન કીધો, સુણીય ભવિયણ આદરે ॥ ૧ ॥

---

# श्री छ आवश्यकनुं स्तवन

॥ દુહા ॥ ચોવીસે જિનવર નમું, ચતુર ચેતના કાજ ॥ આવશ્યક જિણ ઉપદિશ્યા, તે થુણશ્યું જિનરાજ ॥ ૧ ॥ આવશ્યક આરાધીયે, દીવસ પ્રત્યે દોયવાર ॥ દુરિત દોષ દૂરે ટલે, એ આત્મ ઉપકાર ॥ ૨ ॥ સામાયિક ચઉવિસત્થો, વંદન પડિક્કમણેણ ॥ કાઉસગ્ગ પચ્ચખ્ખાણકરે, આતમ નિર્મળ એણ ॥ ૩ ॥ ઝેર જાય જિમ જાંગુલી, મંત્ર તણો મહિમાય ॥ તેમ આવશ્યક આદરે, પાતક દુર પલાય ॥ ૪ ॥ ભાર તજી જિમ ભારવહીં, હેલે હળવો થાય ॥ અતિચાર આલોયતાં, જન્મ દોષ તિમ જાય ॥ ૫ ॥

( ઢાલ ॥ ૧ ॥ કપુર હોય અતિ ઉજલુંરે ॥ એ દેશી )

॥ પહેલું સામાયિક કરોરે, આણી સમતા ભાવ ॥

રાગ દ્રેષ દૂરે કરોરે, આતમ એહ સ્વભાવરે ॥ પ્રાણી સમતા છે ગુણ ગેહ ॥ એતો અભિનવ અમૃત મેહરે ॥ પ્રાણ૦ ॥ ૧ ॥ આપે આપ વિચારીએરે, રમીએ આપ સ્વરૂપે ॥ મમતા જે પરભાવનીરે, વિષમા તે વિષ કુપરે ॥ પ્રા૦ ॥ ૨ ॥ ભવ ભવ મેળવી મુકીયાંરે, ધન કુટુંબ સંજોગ ॥ વાર અનંતી અનુભવ્યારે, સવિ સંજોગ વિજોગરે ॥ પ્રાણી૦ ॥ ૩ ॥ શત્રુ મિત્ર જગકો નહીંરે, સુખ દુઃખ માયા જાલ ॥ જો જાગે ચિત્ત ચેતનારે, તો સવિ દુઃખ વિસરાલરે ॥ પ્રાણ૦ ॥ ૪ ॥ સાવદ્ય જોગ સવી પરિહરોરે, એ સમાયક રૂપ ॥ હુઆ એ પરિણામથીરે, સિદ્ધ અનંત અરૂપરે ॥ પ્રાણી૦ ॥ ૫ ॥

( ઢાલ ॥ ૨ ॥ સાહેલડીની ॥ એ દેશી )

॥ આદીશ્વર આરાહીયે સાહેલડીરે, અજિત ભજો ભગવંત તો ॥ સભવનાથ સોહામણા ॥ સા૦ ॥ અભિનંદન અરિહંત તો ॥ ૧ ॥ સુમતિ પ્રદ્મપ્રભુ પુજીએ ॥ સા૦ ॥ સમરૂં સ્વામી સુપાર્શ્વતો ॥ ચંદ્રપ્રભ ચિત્ત ધારીએ ॥ સા૦ ॥ સુવિધિ સુવિધિ ઋદ્ધિ વાસતો ॥ ૨ ॥ શીતલ ભૂતલ દિનમણી ॥ સા૦ ॥ શ્રી પુરણ શ્રેયાંસતો ॥ વાસુપૂજ્ય સુર પૂજીઆ ॥ સા૦ ॥ વિમલ વિમલ જસ હોતનો ॥ ૩ ॥ કરૂં અનંત ઉપાસના ॥ સા૦ ॥ ધર્મ ધર્મ ધુર ધાર તો ॥ શાંતિ કુંથુ અર મલ્લિ નમું ॥ સા૦ ॥ મુનિસુવ્રત વડવીર તો ॥ ૪ ॥ ચરણ નમું નમિનાથના ॥ સા૦ ॥ નેમિશ્વર

કરૂં ધ્યાન તો ॥ પાર્શ્વનાથ પ્રભુ પૂજીએ સાહેલડીરે, વંદુ શ્રીવર્દ્ધમાન તો ॥ ૫ ॥ એ ચોવીસે જિનવરા ॥ સા૦ ॥ ત્રિભુવન કરણ ઉદ્યોતતો ॥ મુક્તિ પંથ જેણે દાખવ્યો ॥ સા૦ ॥ નિર્મલ કેવલ જ્યોતિ તો ॥ ૬ ॥ સમકિત શુદ્ધ એહથી હોય ॥ સા૦ ॥ લીજે ભવનો પાર તો ॥ બીજું આવશ્યક ઇશ્યું ॥ સા૦ ॥ ચઉવીસથ્થો સાર તો ॥ ૭ ॥

( ઢાલ ॥ ૩ ॥ ગીરિમાં ગોરો ગીરૂઓએ ॥ એ દેશી )

॥ બે કર જોડી ગુરૂ ચરણે દેઉ વાંદણાંરે ॥ આવશ્યક પચવીશ ધારોરે, ચારવાર ગુરૂ ચરણે, મસ્તક નામીએરે ॥ બાર કરી આવર્ત ખામોરે ॥ ધારોરે ધારોરે દોષ બત્રીશ નિવારીએરે ॥ ૧ ॥ ખામોરે આમોરે વલી તેત્રીસ આશાતનારે ॥ ૨ ॥ ગીતાર્થ ગુણી ગિરૂઆ ગુરૂને વંદતાંરે, નીચ ગોત્ર ક્ષય જાયે થાયેરે, થાયરે થાયેરે ઉંચ ગોત્રની અરજનારે ॥ ૩ ॥ આણ આલંગે કોઇ ન જગમાં તેહ નારે, પરભવ લહે સૌભાગ્યે ભાગ્યરે ॥ ભાગ્યરે ભાગ્યરે દીપે જગમાં તેહનું રે ॥ ૪ ॥ કૃષ્ણરાય મુનિવરને દીધાં વાંદણાંરે, ક્ષાયિક સમકિત સાર પામ્યારે, પામ્યારે પામ્યારે તીર્થંકર પદ પામશેરે, ॥ ૫ ॥ શીતલ આચાર્ય જિમ ભાણેજને રે, દ્રવ્ય વાંદણાં દીધ ભાવેરે, ભાવેરે ભાવેરે દેતાં વલી કેવલલહ્યુંરે ॥ ૬ ॥ એ આવશ્યક ત્રીજું એણીપેરે જાણજોરે, ગુરૂવંદણ અધિકાર કરજોરે ॥ કરજોરે કરજોરે વિનય ભક્તિ ગુણવંતની રે ॥ ૭ ॥

(ઢાલ ॥ ૪ ॥ ચેતન ચેતોરે ચેતના એ ॥ એ દેશી)

॥ જ્ઞાનાદિક જિનવર કહ્યાંરે, જે પાંચે આચાર તો ॥ હોય વાર તે દિન પ્રતિરે, પડિક્કમીએ અતિચાર ॥ જયો જિન વીરજીરે ॥ ૧ ॥ આલોઇને પડિક્કમીરે, મિચ્છામિ દુક્કડં દેય ॥ મન વચ કાયા શુદ્ધ કરીરે, ચારિત્ર ચોકખું કરેય ॥ જયો૦ ॥ ૨ ॥ અતિચાર શલ્ય ગોપવેરે, ન કરે દોષ પ્રકાશ ॥ માછી મલ્લ તણી પરેરે, તે પામે પરિહાસ ॥ જયો૦ ॥ શલ્ય પ્રકાશે ગુરૂ મુખેરે, હોય તસ ભાવ વિશુદ્ધ ॥ તે હસી હારે નહીરે, કરે કર્મશું યુદ્ધ ॥ જયો૦ ॥ ૩ ॥ અતિચાર ઈમ પડિક્કમીરે, ધર્મ કરો નિઃશલ્ય ॥ જિતપતાકા તિમ વરોરે, જિમ જગ પલ્લહી મલ્લ ॥ જયો૦ ॥ ૫ ॥ વંદિતુ વિધિશું કહોરે, તિમ પડિકમણા સૂત્ર ॥ ચોથું આવશ્યક ઈસ્યુરે, પડિક્કમણા સૂત્ર પવિત્ર ॥ જયો૦ ॥ ૬ ॥

(ઢાલ ૫) હવે નિસુણી ઇહાં આવીયા ॥ એ દેશી)

॥ વૈદ્ય વિચક્ષણ જેમ હરે એ, પહેલાં સોલ વિકારતો ॥ દોષ શેષ પછી રૂઝવાએ, કરે ઔષધ ઉપચાર તો ॥ ૧ ॥ અતિ ચાર વણ રૂઝવાએ, કાઉસ્સગ્ગ તિમ હોય તો ॥ નવપલ્લવ સંયમ હુવે એ, દૂષણ નવી રહે કોય તો ॥૨॥ કાયાની સ્થિરતા કરી એ, ચપલ ચિત્ત કરો ઠામતો ॥ વચન જોગ સવિ પરિહરિએ, રમીએ આતમરામ તો ॥૩॥ શ્વાસ ઉશ્વાસાદિક કહ્યાએ, જે સોલે આગાર તો ॥ તેહ વિના સવિ પરિહરો એ, દેહતણા વ્યાપાર તો ॥ ૫ ॥

આવશ્યક એ પાંચમું એ, પંચમ ગતિ દાતાર તો ॥ મન-શુદ્ધે આરાધીયે એ, લહીએ ભવનો પાર તો ॥ ૫ ॥

( ઢાલ ॥ ૬ ॥ વાલમ વહેલા આવજો—એ દેશી )

સુગુણ પચ્ચખ્ખાણ આરાધજો, એહ છે મુક્તિનું હેતરે ॥ આહારની લાલચ પરિહરો, ચતુર ચિત્ત તું ચેતરે ॥ સુ૦ ॥ ૧ ॥ શલ્ય કાઢયું વણ રૂજવ્યું, ગઈ વેદના દૂરરે ॥ પછી ભલા પથ્ય ભોજન થકી, વધે દેહ જેમ નૂરરે ॥ સુ૦ ॥ ૨ ॥ તિમ પડિક્કમણ કાઉસ્સગ્ગથી, ગયો દોષ સવી દુષ્ટરે ॥ પછી પચ્ચખ્ખાણ ગુણ ધારણે, હોય ધર્મ તનુ પુષ્ટરે ॥ સુ૦ ॥ ૩ ॥ એહથી કર્મ કાદવ ટલે, એહ છે સંવર રૂપરે ॥ અવિરતિ કુપથી ઉદ્ધરે, તપ અકલંક સ્વરૂપરે ॥ સુ૦ ॥ ૪ ॥ પૂર્વ જન્મ તપ આચર્યો, વિશલ્યા થઈ નાર રે ॥ જેહના નવણના નીરથી, શમે સકલ વિકારરે ॥ સુ૦ ॥ ૫ ॥ રાવણે શક્તિ શસ્ત્રે હણ્યો, પડયો લક્ષ્મણ સેજરે ॥ હાથ અડતાં સચેતન થયો, વિશલ્યા તપ તેજરે ॥ સુ૦ ॥ ૬ ॥ છઠ્ઠું આવશ્યક કહ્યું, એહવું તે પચ્ચખ્ખાણરે ॥ છએ આવશ્યક જેણે કહ્યા, નમું તે જગ ભાણરે ॥ સુ૦ ॥ ૭ ॥

॥ કલશ ॥ તપગચ્છનાયક મુક્તિદાયક શ્રીવિજયદેવ સૂરિશ્વરો ॥ તસપદ દીપક મોહ ઝીપક, શ્રીવિજય પ્રભ સુરી ગણધરો ॥ શ્રીકીર્ત્તિવિજય ઉવજ્ઝાય સેવક, વિનય-વિજય વાચક કહે ॥ છ આવશ્યક જે આરાધે, તેહ શિવ સંપદ લહે ॥ ૧ ॥ ઇતિ ષડાવશ્યક સ્તવનં ॥

# श्री षट्पर्वी महात्म्य स्तवन

શ્રીગુરૂપદ પંકજ નમીરે, ભાખું પર્વ વિચાર ॥ આગમ ચરિત્રને પ્રકરણે રે, ભાખ્યો જેમ પ્રકારો રે ॥ ભવિયણ સાંભલો ॥ ૧ ॥ નિદ્રા વિકથા ટાલીરે, મુકી આમળો ॥ એ આંકણી ॥ ચરમ જિણંદ ચોવીશમોરે, રાજગ્રહી ઉદ્યાન ॥ ગૌતમ ઉદ્દેશી કહેરે, જિનપતિ શ્રી વર્દ્ધમાનરે ॥ ભવિ૦ ॥ ૨ ॥ પક્ષમાં ષટ તિથિ પાળીએરે, આરંભાદિક ત્યાગ ॥ માસમાં ષટ પર્વી તિથિરે, પોસહ કેરા લાગ રે ॥ ભવિ૦ ॥ ૩ ॥ દુવિધ ધર્મ આરાધવારે, બીજ તે અતિ મનોહાર ॥ પંચમી નાણ આરાધવા રે, અષ્ટમી કર્મ ક્ષયકારારે ॥ ભવિ૦ ॥ ૪ ॥ ઇગ્યારસ ચૌદશી તિથિરે, અંગ પૂર્વને કાજ ॥ આરાધી શુભ ધર્મનરે, પામો અવિચલ રાજરે ॥ ભવિ૦ ॥ ૫ ॥ ધનેશ્વર પ્રમુખે થયા રે, પર્વ આરાધ્યાં રે એહ ॥ પામ્યા અવ્યાબાધનેરે, નિજગુણ રિદ્ધિ વરેહરે ॥ ભવિ૦ ॥ ૬ ॥ ગૌતમ પૂછે વીરનેરે, કહો તેનો અધિકાર ॥ સાંભળી પર્વ આરાધવારે, આદર હોય અપારરે ॥ ભવિ૦ ॥ ૭ ॥

( ઢાલ ॥ ૨ ॥ એકવીસાની—એ દેશી )

ધનપુરમાં રે, શેઠ ધનેશ્વર શુભમતિ ॥ શુદ્ધ શ્રાવકરે, પર્વ તિથે પોસહ વ્રતી ॥ ધનશ્રી તસરે, પત્ની નામ સોહામણો ॥ ધનસાર સૂત રે, શેઠ તેહનો જન્મનો કામણો ॥ ૧ ત્રોટક ॥ કામણો નિજહિત કારણ માટે, શેઠજી

આઠમ દિને ॥ લઈ પોસહ શૂન્ય ઘરમા, રહ્યા કાઉસ્સગ સ્થિરમને ॥ ઈણ અવસરે સોહમ ઇંદો, બેઠો નિજસુર પર્ષદા ॥ કરે પ્રશંસા શેઠની ઈમ, સાંભલે બહુ સુર તદા ॥ ૨ ॥ જો ચળાવે રે સુરપતિ જઈને આપ દિ, પણ શેઠજીરે પોસહમાંહિ ચલે નહિ ॥ ઇમ નિસુણી રે મિથ્યાત્વી એક ચિંતવે ॥ હું ચળાવુ રે જઈને હરકોઈ કૌતુકે ॥ ૩ ॥ ત્રોટક ॥ શેઠના મિત્રનું રૂપ કરીને, કોટી સુવર્ણનો ઢગ કરી, કહે લ્યો એ શેઠ તો પણ, નવિ ચળ્યા જેમ સુરગિરિ ॥ પછી પત્નીનું રૂપ કરીને, આલિંગનાદિક બહુ કરે ॥ અનુકૂલ ઉપસર્ગે તો હી શેઠજી, ધ્યાન અધિકેરૂ ધરે ॥ ૪ ॥ કરે બિહામણું રે તાપ પ્રમુખ દેખાડતો ॥ નારીને સુત રે આવી ઈણિપરે ભાખતો ॥ પારો પોસહરે અવસર તુમચો બહુ થયો ॥ તવ શેઠજીરે ચિંતવે કામ કેતો થયો ॥ ૬ ॥ ત્રોટક ॥ સજ્ઝાયને અનુસાર કરીને, જાણ્યું છે હજી રાત એ ॥ પોસહ હમણાં પારીયે કિમ નવી થયો પ્રભાત એ ॥ તવ પિશાચનું રૂપ કરીને, ચામડિ ઉતારતો ॥ ઘાત ઉછાલન શિલા સ્ફાલન, સાયર માંહિ નાંખતો ॥ ૬ ॥ ઈમ પ્રતિકૂલ રે, ઉપસર્ગે પણ નવિ ચળ્યા ॥ પ્રાણાંતરે અષ્ટમી વ્રતથી નવી ચળ્યા ॥ તવ તે સુર રે માગ માગ મુખ ઈમ કહે ॥ પણ ધ્યાન માંરે તે વાત પણ નવી લહે ॥ ૭ ॥ ત્રોટક ॥ તવ તેણે રત્ન અનેક કોટિ, વૃષ્ટિ કીધી જાણીએ ॥ બહુ જણા પર્વ આરાધવાને, સાદરા ગુણખાણએ ॥ રાજા પણ તે દેખી

મહિમા, શેઠને માને ઘણું ॥ કહે ધન્ય ધન્ય શેઠજી તુમ, સફલ જીવિત હું ગણું ॥ ૮ ॥

( ઢાલ ॥ ૩ ॥ સાહેલડી—એ દેશી )

તેહ નગરમાંહે વસે ॥ સાહેલડીરે ॥ ત્રણ પુરૂષ ગુણવંત તો ॥ ઘાંચી હાલિ એક ધોબી સાહેલડીરે ॥ ષટપર્વી પાલંત તો ॥ ૧ ॥ સાધર્મિક જાણી કરી ॥ સા૦ ॥ શેઠ કરે બહુ માનતો ॥ પારણે અશન વસન તથા ॥ સા૦ ॥ દ્રવ્યતણું બહુ દાન તો ॥ ૨ ॥ સાધર્મિક સગપણ વડું ॥ સા૦ ॥ એ સમ અવર ન કોઈ તો ॥ શેઠ સંગે તે ત્રણ જણા ॥ સા૦ ॥ સમક્તિ દૃષ્ટિ હોય તો ॥ ૩ ॥ એક દિન ચૌદસને દિને સાહેલડીરે, રાય ધોબીને ગેહતો ॥ ચિવર રાય રાણી તણાં ॥ સા૦ ॥ મોકલિયાં વરનેહ તો ॥ ૪ ॥ આજ જ ધોઈ આપજ્યો ॥ સા૦ ॥ મહોચ્છવ કૌમુદી કાલ તો ॥ રજક કહે સુણો માહરે ॥ સા૦ ॥ કુટુંબ સહિત વ્રત પાલ તો ॥ ૫ ॥ ધોવું નહિ ચૌદસ દિને ॥ સા૦ ॥ તવ નૃપ બોલે જાણતો ॥ નૃપ આણાયે નિયમ શો ॥ સા૦ ॥ જેહથી જાયે પ્રાણ તો ॥ ૬ ॥ સજ્જન શેઠ પણ ઇમ કહે ॥ સા૦ ॥ એહમાં હઠ નવિ તાણતો ॥ રાજકોપ અપભ્રાજના ॥ સા૦ ॥ ધર્મ તણી પણ હાણતો ॥ ૭ ॥ વળી રાયાભિયોગેણં ॥ સા૦ ॥ છે આગાર પચ્ચખ્ખાણ તો ॥ તવ ધોબી ચિત્ત ચિંતવે ॥સા૦॥ દૃઢતા વિણ ધર્મ હાણતો ॥ ૮ ॥ ધોવું નવિ માન્યું

તિણે ॥ સા૦ ॥ રાયે સુણી તે વાત તો ॥ કુટુંબ સહિત નિગ્રહ કરૂં ॥ સા૦ ॥ કાલે જો હું નૃપ સાચ તો ॥ ૯ ॥ દૈવ યોગે તે રાતમાં ॥ સા૦ ॥ શૂલ વ્યથા નૃપ થાય તો ॥ ૧૦ ॥ પડવે દિન ધોઈ કરી ॥ સા૦ ॥ આપ્યા વસ્ત્ર તે રાય તો ॥ નિર્વાહ સુખે થયો ॥ સા૦ ॥ ધર્મતણે સુપસાયતો ॥ ૧૧ ॥

( ઢાલ ॥ ૪ ॥ ભરત નૃપ ભાવશું—એ દેશી )

નરપતિ ચૌદસને દિનેએ, ઘાણી વાહન આદેશ ॥ કરે તેલી પ્રતેએ, રજકપરે તે અશેષ ॥ વ્રત નિયમ પાલિયે એ ॥ ૧ ॥ એ આંકણી ॥ ભૂપતિ કોપે કલકલ્યો એ, ઇણ અવસર પરચક્ર ॥ આવ્યું દેશ ભાંજવાએ, મહા-દુર્દાન્ત તે ચક્ર ॥ ૨ ॥ વ્રત નિ૦ ॥ નૃપ પણ સન્મુખ નીકલ્યોએ, યુદ્ધ કરણને કાજ ॥ વિકલ ચિત્તથી થયો એ, ઇમ રહી તેલિની લાજ ॥ વ્રત૦ ॥ ૩ ॥ હાલિને આઠમ દિને એ, દીધું મુહૂર્ત તત્કાલ ॥ તીણે પણ ઈમ કહ્યું એ, ખેડીશ હલ હું કાલ ॥ વ્રત ॥ ૪ ॥ કોપે ભરાણો ભૂપતિ એ, ઇણ અવસર તિહાં મેહ ॥ વરસણ લાગ્યો ઘણું એ, ખેડી ન થાશે હેવ ॥ વ્રત ॥ ૫ ॥ ત્રણે અખંડ વ્રત પાલતાં એ, પુણ્ય અતોલથી તેહ ॥ મરણ પામી સ્વર્ગે ગયા એ, છઠ્ઠે દેવ લોકે જેહ ॥ વ્રત૦ ॥ ૬ ॥ ચઉદ સાગરને આઉખે એ, ઉપના તે તતખેવ ॥ હવે શેઠ ઉપના એ, બારમે દેવલોક દેવ ॥ વ્રત૦ ॥ ૭ ॥ મૈત્રી

થઈ તે ચ્યારને એ, શ્રેષ્ઠી સુરને તામ ॥ કહે ત્રણ દેવતા એ, પ્રતિ બોધજો અમ સ્વામ ॥ વ્રત૦ ॥ ૮ ॥ તે પણ અંગિકરે તદા એ, અનુક્રમે ચ્યવિઆ તેહ ॥ ઉપન્યા ભિન્ન દેશમાં એ, નરપતિ કુલમાં તેહ ॥ વ્રત૦ ॥ ૯ ॥ જે ધીર વીર હીર નામથીએ, દેશ ધણિ વડરાય ॥ થયા વ્રત દૃઢ થકી એ, બહુ નૃપ પ્રણમે પાય ॥ ૧૦ ॥

( ઢાળ ॥ ૫ ॥ સુરતિ માસની—એ દેશી. )

ધીરપુરે એક શેઠને પર્વદિને વ્યવહાર ॥ કરતાં લાભ ઘણો હોવે, લોકને અચરિજકાર ॥ અન્ય દિને હાનિ પણ, હોયે પુન્ય પ્રમાણ ॥ એક દીન પુછે જ્ઞાનીને, પૂર્વભવ મંડાણ ॥ ૧ ॥ જ્ઞાની કહે સુણ પરભવ, નિર્ધન પણ વ્રત રાગ ॥ આરાધીને પર્વતિથે આરંભનો ત્યાગ ॥ અન્યદિને તુમે કીધો, સહેજે પણ વ્રતભંગ ॥ તીણે એ કર્મ બંધાણાં, સાંભલો એ કંત ॥ ૨ ॥ સાંભલી તે સહુ કુટુંબશું, પાલે વ્રત નીરમાય ॥ બીજ પ્રમુખ આરાધે, સવિશેષે સુખદાય ॥ ગ્રાહક પણ બહુ આવે અર્થે થાવે લાભ અપાર ॥ વિશ્વાસી બહુ લોકથી, થયો કોટી શીરદાર ॥ ૩ ॥ નિજકુલ શોષક વાણીઆ, જાણો આ જગત પ્રસિદ્ધ ॥ તિણે જઈ રાયને વાણીએ ॥ ઇણી પરે ચુગલી કીધ ॥ ઇણે કોટી નિધાન લાધો, તે સ્વામીનો હોય ॥ નરપતિ પુછે શેઠને, વાત કહો સહુ કોય ॥ ૪ ॥ શેઠ કહે સુણો નરપતિ, મહારે છે પચ્ચખ્ખાણ ॥ સ્થુળ મૃષા-

વાદને વલી, સ્થુલ અદત્તાદાન ॥ ગુરૂ પાસે વ્રત આદર્યું, તે પાલું નીરમાય ॥ પિશુન વણીક કહે સ્વામીએ, ધર્મ ધુતારો થાય ॥ ૪ ॥ તસ વચને કરી તેહના, દ્રવ્ય તણો અપહાર ॥ કરીને ભૂપતિ રાયે, પુત્ર સહિત નિજદ્વાર ॥ રાજદ્વારે રહ્યો ચિંતવે, આજ લહ્યો મે કષ્ટ ॥ પણ આજ પંચમી તિથિ તિણે, લાભ હોય કોઈ લષ્ટ ॥ ૬ ॥ પ્રાતઃસમે નૃપ દેખે, ખાલી નિજ ભંડાર ॥ શેઠ ઘરે મણિ રત્ન સુવર્ણ, ભર્યા શ્રી શ્રીકાર ॥ આવી વધામણી રાયને, તે બિહુની સમકાળ ॥ શેઠ તેડી કહે નરપતિ, વાત સુણો ઇણ તાલ ॥ ૭ ॥

( ઢાલ ॥ ૬ ॥ હરણી જવ ચરે લલના—એ દેશી. )

ભૂપતિ ચમકયો ચિત્તમાં લલના, લાલહો, દેખી એ અવદાત, વ્રત ઇમ પાલીયે લલના ॥ ખેદ લહી ખામે ઘણું લલના, લાલહો પ્રશ્ન પુછે સુખ શાત ॥ વ્રત ઇમ પાલીયે લલના ॥ ૧ ॥ કહો શેઠ એ કેમ નીપન્યુ લલના, લાલહો, તુજ ઘર ધન કિમ હોય ॥ વ્ર૦ ॥ શેઠ કહે જાણું નહી લલના, લાલહો, કિણી પરે એ મુજ થય ॥ વ્ર૦ ॥ ૨ ॥ પણ મુજને પર્વને દિહાડે લલના, લાલહો લાભ અણચિંત્યો થાય ॥ વ્ર૦ ॥ પર્વદિને વ્રત પાલીયું લલના, લાલહો તે પુન્યનો મહિમાય ॥ વ્ર૦ ॥ ૩ ॥ પર્વ મહિમા ઇમ સાંભલી લલના, લાલહો ભૂપતિને તત્કાલ ॥ વ્ર૦ ॥ જાતિ સ્મરણ ઉપન્યું લલના, લાલહો નિજભવ

દિઠો રસાલ ॥ વ્ર૦ ॥ ૪ ॥ ધોબીનો ભવ સાંભર્યો લલના, લાલહો પાલ્યું જે વ્રત સાર ॥ વ્ર૦ ॥ જાવ જીવ નૃપ આદરે લલના, લાલહો ષટપર્વી વ્રત ધાર ॥ વ્રત૦ ॥ ૫ ॥ આવી વધામણી તેણે સમે લલના, લાલહો સ્વામી ભરાણા ભંડાર ॥ વ્ર૦ ॥ વિસ્મિત રાય થયો તદા લલના, લાલહો હિયડે હર્ષ અપાર ॥ વ્રત૦ ॥ ૬ ॥

(ઢાલ ૭ સાહેબજી શ્રી વિમલાચલ ભેટિયે હો લાલ એ દેશી)

સાહેબજી શેઠ અમરપ્રગટ થયો હો લાલ, ભાખે રાયને એમ ॥ સા૦ ॥ તું નવિ મુજને ઓળખે હો લાલ, હું આવ્યો તુજ પ્રેમ ॥ ૧ ॥ સાહેબજી પર્વ તિથિ ઈમ પાળીએ હો લાલ, સાહેબજી શ્રેષ્ટી સુરહું જાણજો હોલાલ ॥ તુજ પ્રતિબોધન આજ ॥ સા૦ ॥ શેઠ સાનિધ્ય કરવા વલી હો લાલ, કીધું મેં સવિ કાજ ॥ સા૦ ॥ પર્વ૦ ॥ ૨ ॥ સાહેબજી ધર્મ ઉદ્યમ કરે જે સદા હો લાલ, જાવું છું સુણી વાત ॥ સા૦ ॥ તેલિકહાલિક રાયને હો લાલ, પ્રતિ બોધન અવદાત ॥ સા૦ ॥ પર્વ ॥ ૩ ॥ તિહાં જઈ પૂર્વ-ભવ તણા હો લાલ, રૂપ દેખાવે તાસ ॥ સા૦ ॥ દેખીને તે પામીયા હો લાલ, જાતિ સ્મરણ ખાસ ॥ સા૦ ॥ ॥ પર્વ ॥ ૪ ॥ તે બેઉ શ્રાવક થયા હો લાલ, પાલે નિત ષટ પર્વ ॥ સા૦ ॥ ત્રણે તે નર રાયને હો લાલ, સહાય કરે તે સુપર્વ ॥ સા૦ ॥ પર્વ ॥ ૫ ॥ નિજ નિજ દેશે નીવારતા હો લાલ, મારી વ્યસન સવિ જેહ ॥ સા૦ ॥

ચૈત્ય કરાવે તેહવાં હો લાલ. પ્રતિમા ભરાવે તેહ ॥ સા૦ ॥ પર્વ ॥ ૬ ॥ સંઘ ચલાવે સામટા હો લાલ, સ્વામીવચ્છલ ભલી ભાતે ॥ સા૦ ॥ પર્વદિને નિજ નગરમાં હો લાલ, પડહુઅમારી વિખ્યાત ॥ સા૦ ॥ પર્વ ॥ ૭ ॥ પર્વ તિથિ સહુ પાલતા હો લાલ, રાજા પ્રજા બહુ ધર્મ ॥ સા૦ ॥ ઇતિ ઉપદ્રવ સહુ ટળે હોલાલ, નહિ નજિ પરચક્ર ભર્મ ॥ સા૦ ॥ પર્વ ॥ ૮ ॥ ધર્મથી સુર સાનિધ્ય કરે હો લાલ, ધર્મ પાલી પાલે રાજ ॥ સા૦ ॥ કોઈ સદ્ગુરૂ સંજોગથી હો લાલ, થયા ત્રણે ઋષિ રાજ સાહેબજી ॥ સા૦ ॥ પર્વ ॥ ૯ ॥

॥ ઢાલ ૮ ॥ ટુંક અને ટોડા વિચરે રે એ દેશી )

ત્રણે નરપતિ આદર્યોરે ચોખ્ખો ચરિત્ર ભાર ॥ સંજમ રંગ લાગ્યોરે ॥ તપ તપતા અતિ આકરારે, પાલે નિરતિચાર ॥ સંયમ૦ ॥ ૧ ॥ ધ્યાનબલે ખેરૂ કર્યારે, ઘનઘાતિ જે ચ્યાર ॥ સંયમ૦ ॥ કેવલ જ્ઞાન લહિ કરીરે, વિચરે મહિયલ સાર ॥ સં૦ ॥ ૨ ॥ શ્રેષ્ટી સુર મહિમા કરેરે, ઠામ ઠામ મનોહાર ॥ સં૦ ॥ દેશના દેતા કેવલીરે, ભાખે નિજ અધિકાર સં૦ ॥ ૩ ॥ પર્વ તિથિ આરાધીયેરે, ભવિયણ ભાવ ઉલ્લાસ ॥ સં૦ ॥ ઈમ મહિમા વિસ્તારીનેરે, પામ્યા શિવપુર વાસ ॥ સં૦ ॥ ૪ ॥ બારમા દેવલોકથી ચવીરે, શ્રેષ્ઠી સુર થયા રાય ॥ સં૦ ॥ મહિમા પર્વનો સાંભલીરે, જાતિ સ્મરણ થાય ॥ સં૦ ॥ ૫ ॥ સંજમ

અહી કેવલ લહીરે, પામ્યા અવિચલ ઠાણુ ॥ સં૦ ॥ અવ્યાબાધ સુખી થયારે, કેવલ ચિદ્ આરામ ॥ સં૦ ॥ ૬ ॥

॥ ઢાલ ૯ ॥ ગીરૂઆરે ગુણ તુમ તણા એ દેશી)

ઉજમણાં એ તપ તણાં કરો, તિથિ પરિમાણ ઉપગરણાંરે ॥ રત્ન ત્રય સાધન તણા ભવિ, ભવસાયર નિસ્તરણાંરે ॥ ૧ ॥ ઉજમણા૦ ॥ જો પણ સહુ દિન સાધવા, તો પણ તેની અશક્તેરે ॥ પર્વ તિથિ આરાધીને, તુમે ઉજવજો બહુ ભક્તિરે ॥ ઉ૦ ॥ ૨ ॥ શ્રાદ્ધવિધિ વર ગ્રંથનાં; ભલો ભાખ્યો એ અવદાતોરે ॥ ભગવતીને મહાનિશીથમા કહ્યો, તિથિ અધિકાર વિખ્યાતોરે ॥ ઉ૦ ॥ ૩ ॥ તપગચ્છ ગગનાંગણ રવિ, શ્રી વિજયસિંહ ગણધારોરે ॥ અંતેવાસી તેહના, શ્રી સત્યવિજય સુખકારોરે ॥ ઉ૦ ॥ ૪ ॥ કર્પૂરવિજય વર તેહના, વર ક્ષમાવિજય પન્યાસરે, જિન વિજય જગમાં જયો, શિષ્ય ઉત્તમવિજય તે ખાસરે ॥ ઉ૦ ॥ ૫ ॥ તસપદચરણ ભ્રમર સમા, રહિ સાણંદ ચોમાસુરે ॥ અઢાર ત્રીસ સંવત્સરે, સુદ તેરસ ફાગુણ માસોરે ॥ ઉ૦ ॥ ૬ ॥ પદ્મવિજયભક્તે કરી, શ્રી વિજય ધર્મ સૂરિ રાજેરે ॥ વર્દ્ધમાન જિન ગાઇઆ, શ્રી અમીઝરા પ્રભુ પાસેરે ॥ ઉ૦ ॥ ૭ ॥

કલશ ॥ પર્વ તિથિ આરાધો, સુવ્રત સાધો, લાધ્યો ભવ સફલો કરો ॥ સંવેગ સંગી તત્ત્વરંગી; ઉત્તમ વિજય ગુણાકરો ॥ તસ શિષ્યનામેં સુગુણ કામેં, પદ્મવિજયે

આદર્યો, શુભ એહ આદર ભવિ સહોદર, નામ ષટપર્વી ચર્યો ॥ ઇતિ ષટપર્વી મહિમા ગુણવર્ણન સ્તવન સંપૂર્ણ ॥

---

# श्री पांच कारणनुं स्तवन

॥ દુહા ॥ સિદ્ધારથ સુત વંદીયે, જગદીપક જિનરાય ॥ વસ્તુ તત્ત્વ સવિ જાણીયે, જસ આગમથી આજ ॥ ૧ ॥ સ્યાદ્વાદથી સંપજે, સકલ વસ્તુ વિખ્યાત ॥ સપ્તભંગી રચના વિના, બંધ ન બેસે વાત ॥ ૨ ॥ વાદ વદે નય જૂજુઆ, આપ આપણે ઠાણ ॥ પૂરણ વસ્તુ વિચારતાં, કોઈ ન આવે કામ ॥ ૩ ॥ અંધ પુરૂષ એહ ગજ ગ્રહી, અવયવ એકેક ॥ દ્દષ્ટિવંત લહે પૂર્ણ ગજ, અવયવ મલી અનેક ॥ ૪ ॥ સંગતિ સકલ નયે કરી, જુગતિ યોગ શુદ્ધબોધ ॥ ધન્ય જિનશાસન જગ જયો, જિહાં નહિ કિશ્યો વિરોધ ॥ ૫ ॥

( ઢાલ ॥ ૧ ॥ રાગ—આશાવરી )

શ્રી જિનશાસન જગ જયકારી, સ્યાદ્વાદ શુદ્ધરૂપ રે । નય એકાંત મિથ્યાત નિવારણ, અકલ અભંગ અનૂપરે ॥ શ્રી૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ કોઈ કહે એક કાલતણે વશ, સકલ જગત ગતિ હોય રે ॥ કાલે ઉપજે કાલે વિણસે, અવર ન કારણ કોયરે ॥ શ્રી૦ ॥ ૨ ॥ કાલે ગર્ભ ધરે જગ વનિતા, કાલે જન્મે પુતરે ॥ કાલે બોલે કાલે ચાલે, કાલે ઝાલે ઘરસુતરે ॥ શ્રી૦ ॥ ૩ ॥ કાલે દુધથકી

દહીં થાયે, કાલે ફલ પરિપાકરે ॥ વિવિધ પદારથ કાલ ઉપાયે, કાલે સહું થાય ખાખરે ॥ શ્રી૦ ॥ ૪ ॥ જિન-ચોવીશ બાર ચક્રવર્તિ, વાસુદેવ બલદેવરે ॥ કાલે કવલિત કોઈ ન દીસે, જસુ કરતા સુર સેવરે ॥ શ્રી૦ ॥ ૫ ॥ ઉત્સર્પિણી અવસર્પિણી આરા, છએ જુઈ જુઈ ભાતરે ॥ ષટ ઋતુકાલ વિશેષ વિચારો, ભિન્ન ભિન્ન દિન રાતરે ॥ શ્રી૦ ॥ ૬ ॥ કાલે બાલ વિલાસ મનોહર, યૌવને કાલા કેશ રે ॥ વૃદ્ધ પણુ વલી પલી વપુ અતિ દુર્બલ, શક્તિ નહિ લવ લેશરે ॥ શ્રી૦ ॥ ૭ ॥

॥ ઢાલ ૨ ॥ ગિરૂઆ ગુણ વીરજી—એ દેશી.

તવ સ્વભાવવાદી વદેજી, કાલ કિસ્યું કરે રંક ॥ વસ્તુ સ્વભાવે નીપજે જી, વિણસે તિમજ નિઃશંક ॥ સુવિવેક વિચારી, જુઓ જુઓ વસ્તુ સ્વભાવ ॥ ૧ ॥ એ આંકણી ॥ છતે યોગ જોબનવતી જી, વાંઝણી ન જણે બાલ ॥ મુછ નહિં મહિલા મુખે જી, કર તલ ઉગે ન વાલ ॥ સુ૦ ॥ ૨ ॥ વિણુ સ્વભાવ નવિ નિપજે જી, કેમ પદારથ કોઈ ॥ આંબ ન લાગે લીંબડે જી, બાગ વસંતે જોય ॥ સુ૦ ॥ ૩ ॥ મોર પિચ્છ કુણ ચીતરેજી, કોણ કરે સંધ્યા રંગ ॥ અંગ વિવિધ સવિ જીવનાં જી, સુંદર નયના કુરંગ ॥ સુ૦ ॥ ૪ ॥ કાંટા બોર બહુલનાજી, કોણે અણીયાલા કીધ ॥ રૂપ રંગ ગુણ જુ જુઆ જી, તરૂ ફલ ફુલ પ્રસિદ્ધ ॥ સુ ॥ ૫ ॥ વિષધર મસ્તક નિત્ય વસેજી, મણિ હરે

વિષ તતકાલ ॥ પર્વત સ્થિર ચલ વાયરોજી, ઉર્ધ્વ અગ્નિની જ્વાલ ॥ સુ૦ ॥ ૬ ॥ મત્સ્ય તુંબ જલમાં તરે જી, બુડે કાગ પહાણ ॥ પંખી જાતે ગયણે ફિરેજી, ઈણી પરે સયલ વિનાણ ॥ સુ૦ ॥ ૭ ॥ વાયુ સુંઠથી ઉપશમેજી, હરડે કરે વિરેચ ॥ સીજે નહિં કણ કાંગડું જી, શક્તિ સ્વભાવ અનેક ॥ સુ૦ ॥ ૮ ॥ દેશ વિશેષે કાષ્ઠના જી, ભૂમિમાં થાય પહાણ ॥ શંખ આસ્તિનો નીપજે જી, ક્ષેત્ર સ્વભાવ પ્રમાણ ॥ સુ૦ ॥ ૯ ॥ રવિ તાતો શસી શીતલોજી, ભવ્યાદિક બહુ ભાવ ॥ છએ દ્રવ્ય આપ આપણાંજી, ન તજે કોઈ સ્વભાવ ॥ સુ૦ ॥ ૧૦ ॥ ઇતિ સ્વભાવવાદ ॥

( ઢાલ ॥ ૩ ॥ કપુર હોય અતિ ઉજલોરે—એ દેશી, )

કાલ કિસ્યું કરે બાપડો જી, વસ્તુ સ્વભાવ અકજ્જ ॥ જો નવિ હોય ભવિતવ્યતાજી, તો કિમ સીઝે કજ્જરે ॥ પ્રાણી મકરો મન જંજાલ, ભાવીભાંવનિહાલ રે ॥ પ્રા૦ ॥ મ. ॥ ૧ ॥ એ આંકણી ॥ જલ નિધિ તરે જંગલ ફરેજી, કોડ જતન કરે કોય ॥ અણ ભાવી હોવે નહીં જી, ભાવી હોયતે હોયરે ॥ પ્રા૦ ॥ ૨ ॥ આંબેમોર વસંતમાંજી, ડાલે ડાલે કેઈ લાખ ॥ કેઈખર્યાં કેઈ ખાખટીજી, કેઈ આંબા કેઈ સાખરે, ॥ પ્રા૦ ॥ ૩ ॥ બાઉલ જેમ ભવિતવ્યતાજી, જિણ જિણ દિશી ઉજાય ॥ પરવશ મન માણસ તણુજી, તૃણ જેમ પુંઠે ધાયરે ॥ પ્રા૦ ॥ ૪ ॥ નિયતિ વશે વિણ ચિંતવ્યુંજી, આવિ મલે તતકાલ ॥ વરસા

સોનું ચિંતવ્યુંજી, નિયતિ કરે વિસરાલરે ॥ પ્રા૦ ॥ ૫ ॥ બ્રહ્મદત્ત ચક્રી તણાંજી, નયણ હણે ગોવાલ ॥ દોય સહસ્સ જસ દેવતાજી, દેહતણા રખવાલરે ॥ પ્રા૦ ॥ ૬ ॥ કોકુહો કોયલ કરેજી, કેમ રાખી શકે પ્રાણ ॥ આહેડી શર તાકીયોજી ઉપર ભમે સીંચાણરે ॥ પ્રા૦ ॥ ૭ ॥ આહેડી નાગે ડશ્યોજી, બાણ લાગ્યો સિંચાણ ॥ કોકુહો ઉડી ગયોજી, જુઓ જુઓ નિયતિ પ્રમાણેરે ॥ પ્રા૦ ૮ ॥ શસ્ત્રહણ્યાં સંગ્રામમાંજી, રાને પડયા જીવંત ॥ મંદિરમાંથી માનવીજી, રાખ્યાહી ન રહંતરે ॥ પ્રા૦ ॥ ૯ ॥ ઇતિ ભવિતવ્યતા વાદ ॥

( ઢાલ ॥ ૪ ॥ રાગ મારૂણી મનોહર હીરજીરે—એ દેશી. )

કાલ સ્વભાવ નિયત મતિ કુડી, કર્મ કરે તે થાય ॥ કર્મ નિરય તિરય નર સુરગતિજી, જીવ ભવાંતરે જાય ॥ ચેતન ચેતીયેરે કર્મ સમો નહીં કોય ॥ ચેતન૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ કર્મે રામ વસ્યા વનવાસે, સીતા પામે આલ, કર્મે લંકા પતિ રાવણનું, રાજ થયું વિસરાલ ॥ ચે૦ ॥ ૨ ॥ કર્મે કીડી કર્મે કુંજર, કર્મેનર ગુણવંત, કર્મે રોગ સોગ દુઃખ પીડિત, જનમ જાય વિલપંત ॥ ચે૦ ॥ ૩ ॥ કર્મે વરસ લગે રિસહેસર, ઉદક ન પામે અન્ન, કર્મે વીરને જુઓ યોગમાંરે ॥ ખીલા રોપ્યા કન્ન ॥ ચે૦ ॥ ૪ ॥ કર્મે એક સુખપાલે બેસે, સેવક સેવે પાય ॥ એક હય ગય રથ ચઢયા ચતુરનર, એક આગળ

ઉજાય ॥ ચે૦ ॥ ૫ ॥ ઉદ્યમ માની અંધતણી પરે, જગ હીડે હા હુંતો ॥ કર્મ બલી તે લહે સકલફલ, સુખભર સેજે સુતોરે ॥ ચે૦ ॥ ૬ ॥ ઉંદર એકે કીધો ઉદ્યમ, કરંડીયો કર કોલે ॥ માંહે ઘણા દિવસનો ભૂખ્યો, નાગ રહ્યો દુઃખ ડોલેરે ॥ ચે૦ ॥ ૭ ॥ વિવર કરી મૂષક તસ મુખમાં, દીયે આપણો દેહ ॥ માર્ગ લઇ વન નાગ પધાર્યા, કર્મ મર્મ જુઓ એહ ॥ ચે૦ ॥ ૮ ॥ ઈતિ કર્મ વિવાદ ॥

ઢાલ–૫ ॥ હવે ઉદ્યમ વાદી ભણેએ, એ ચારે અસમર્થ તો ॥

સકલ પદાર્થ સાધવાએ, એક ઉદ્યમ સમર્થ તો ॥ ૧ ॥ ઉદ્યમ કરતાં માનવીરે, શું નવિ સીઝે કાજ તો ॥ રામે રયણાયર તરીએ, લીધું લંકા રાજ્ય તો ॥ ૨ ॥ કર્મ નિયત તે અનુસરે એ, જેહમાં શક્તિ ન હોય તો ॥ દેઉલ વાઘ મુખે પંખીયાંએ, પીચું પેસંતા જોયતો ॥ ૩ ॥ વિણ ઉદ્યમ કેમ નીકલે એ, તીલ માંહેથી તેલ તો ॥ ઉદ્યમથી ઉંચી ચઢે એ, જુઓ એકેંદ્રિય વેલ તો ॥ ૪ ॥ ઉદ્યમ કરતાં એક સમે એ, જે નવિ સીઝે કાજ તો ॥ તેહ ફરી ઉદ્યમથી હુવેએ, જો નવિ આવે વાજતો ॥ ૫ ॥ ઉદ્યમ કરી ઓર્યા વિના એ, નવી રંધાયે અન્ન તો ॥ આવી ન પડે કોલીયોએ, મુખમાં પખે જતન્ન તો ॥ ૬ ॥ કર્મ પુત્ત ઉદ્યમ પિતાએ, ઉદ્યમે કીધાં કર્મ નો ॥ ઉદ્યમથી દુરે ટલે એ, જુઓ કર્મનો મર્મ તો ॥ ૭ ॥ દ્રઢપ્રહારી

હત્યા કરીએ, કીધાં પાપ અનંત તો ॥ ઉદ્યમથી ખટ માસમાં એ, આપ થયો અરિહંત તો ॥ ૮ ॥ ટીંપે ટીંપે સર ભરે એ, કાંકરે કાંકરે પાલ તો ॥ ગિરિ જેવા ગઢ નીપજે એ, ઉદ્યમ શક્તિ નિહાળ તો ॥ ૯ ॥ ઉદ્યમથી જળ બિંદુઓ એ, કરે પાષાણમાં ઠામ તો ॥ ઉદ્યમથી વિદ્યા ભણે એ, ઉદ્યમ જોડે દામ તો ॥ ૧૦ ॥

॥ ઢાલ ॥ ૬ ॥ એ છંડી કીહાં રાખી—એ દેશી. )

એ પાંચે નય વાદ કરંતા, શ્રી જિન ચરણે આવે ॥ અમિય સરસ જિન વાણી સુણીને, આનંદ અંગ ન માવેરે ॥ પ્રાણી સમક્તિ મતિ મન આણો. નય એકાંત મ તાણોરે ॥ પ્રા૦ ॥ તે મિથ્યામતિ જાણોરે ॥ પ્રાણી સમક્તિ મતિ મન આણો ॥ ૧ ॥ એ આંકણી ॥ એ પાંચે સમુદાય મિલ્યા વિણ, કોઈ કામ ન સીઝે ॥ અંગુલીયોગે કર તણી પરે, જે બુઝે તે રીઝેરે ॥ પ્રાણી૦ ॥ સ૦ ॥ ૨ ॥ આગ્રહ આણી કોઈ એકને, એહમાં દીજે વડાઈ ॥ પણ સેના મિલી સકલ રણાંગણ, જીત સુભટ લડાઈ ॥ પ્રાણી૦ ॥ સ૦ ॥ ૩ ॥ તંતુ સ્વભાવે પટ ઉપજાવે, કાલ ક્રમે રે વણાયે ॥ ભવિતવ્યતા હોયે તો નીપજે, નહીં તો વિઘ્ન ઘણાંયરે ॥ પ્રાણી૦ ॥ સ૦ ॥૪॥ તંતુ વાય ઉદ્યમ ભોક્તાદિક, ભાગ્ય સકલ સહકારી ॥ એમ પાંચે મલી સકલ પદારથ, ઉત્પત્તિ જુઓ વિચારીરે ॥ પ્રાણી૦ ॥ સ૦ ॥ ૫ ॥ નિયતિ વશે હલુ કરમો થઇને,

નિગોદ થકી નીકલીયો ॥ પુણ્યે મનુજ -ભવાદિક પામી, સદ્ગુરૂને જઈ મલીયોરે ॥ પ્રાણી૦ ॥ સ૦ ॥ ॥ ભવસ્થિતિનો પરિપાક થયોતવ, પંડિત વીર્ય ઉલ્લસીયો; ભવ્ય સ્વભાવે શિવગતિ પામી, શિવપુર જઈને વસીયો રે ॥ પ્રાણી૦ ॥ સ૦ ॥ ૭ ॥ વર્દ્ધમાન જિન એણી પરે વિનયે, શાસન નાયક ગાયો ॥ સંઘ સકલ સુખ હોયે જેહથી, સ્યાદ્વાદ રસ પાયોરે ॥ પ્રાણી૦ ॥ સ૦ ॥ ૮ ॥

॥ કલશ ॥ ઇમ ધર્મ નાયક, મુક્તિદાયક, વીર જિનવર સંથુણ્યો ॥ સય સત્તર સંવતવન્હિ લોચન, વર્ષ હર્ષ ધરી ઘણો ॥ શ્રી વિજયદેવ સુરિંદ પટધર, શ્રી વિજયપ્રભ મુણિંદ એ ॥ શ્રી કીર્ત્તિવિજય વાચક શિષ્ય ઇણિપરે, વિનય કહે આણંદ એ ॥ ૧ ॥

---

# श्री बार आरानुं स्तवन

॥ દુહા સરસ્વતી ભગવતી ભારતી, બ્રહ્માણી કરી સાર ॥ આરા બારતણા વળી, કહીશું સોય વિચાર ॥ ૧ ॥ વર્દ્ધમાન જિનવર નમું, જસ અતિશય ચોત્રીસ ॥ સમવસરણ બેઠા પ્રભુ, વાણી ગુણ પાંત્રીસ ॥ ૨ ॥ ગૌતમ પૂછે વીરને, પર ઉપગારી અકામી ॥ અનેક બોલ વિવરી કરી, ભાખે ત્રિભુવન સ્વામી ॥ ૩ ॥

॥ ઢાલ ॥ ૧ ॥ ચોપાઈ ॥

સ્વામી વચન કહે સુકુમાલ, આ કહીયે અવસર્પિણી કાલ ॥ દસ કોડાકોડી સાગર જોય, તિહાં ષટ આરા ગૌતમ હોય ॥ ૧ ॥ સુસમ સુસમા પહેલો સાર, ત્યારે જુગલ ધરે અવતાર ॥ બીજો સુસમા આરો લહુ, ત્યારે જુગલ જુગલણી કહું ॥ ૨ ॥ સુસમ દુસમા ત્રીજો વલી, ત્યારે જુગલ કહે કેવલી ॥ અંતે કુલગર હુઆ સાત, નાભિહુઆ આદીશ્વર તાત ॥ ૩ ॥

॥ દુહા ॥ આદિ ધર્મ જેણે થાપીઓ, શીખવ્યા પુરૂષ અનંત ॥ ત્રીજા આરામાંહે વલી, મુક્તિ ગયા ભગવંત ॥ ૧ ॥

(ઢાલ ॥ ૨ ॥ રાગ પરઝીઓ ॥ મનોહરજી—એ દેશી)

પછી વલી ગૌતમ ચોથે આરે, હુઆ ત્રેવીસ જિણન્દો ॥ એકાદશ ચક્રવર્ત્તી તિહાં હુઆ, ત્રીજે ભરત નરિંદોરે ॥ ૧ ॥ ગૌતમ સાંભલોરે, દીન દીન પડતો કાલ ॥ એ આંકણી ॥ ક્રોધ લોભ મદ મત્સર વધશે, દે અણહુંતા આલ ॥ ગૌ૦ ॥ દીન૦ ॥ ૨ ॥ ચક્રી આઠ ગયા નર મુક્તિ, બે ચક્રી સુર મોટા ॥ સુભૂમરાય બ્રહ્મદત્ત ગયા નરકે, પુન્યકાજ હુઆ ખોટા ॥ ગૌ૦ ॥ દીન૦ ॥ ૩ ॥ વાસુદેવ નવ નિશ્ચય હુઆ, નરક તણી લહી વાટયો ॥ જે ભૂપતિ સંગ્રામ કરંતા, ત્રિણ સયાને સાઠયો ॥ ગૌ૦ ॥ દીન૦ ॥ ૪ ॥ ઇહ પ્રતિવાસુદેવ નવ નીકા, નવિ છંડે

ધન નારી ॥ વાસુદેવ તણે કરે મારે, તે નરક તણા અધિકારી ॥ ગૌ૦ ॥ દીન૦ ॥ ૫ ક નવ બલદેવ હુઆ ઇણે આરે, નવ નારદ તે મોટા ॥ સુરગતિ મુક્તિ તણા ભજનારા, શિયલ વજા કછોટા ॥ ગૌ૦ ॥ દીન૦ ॥ ૬ ॥

॥ દુહા ॥ ગૌતમ અંત્યે હૂં હવો, તવ કાયા કર સાત ॥ મુજશાસનમાંહે જેહવું, હશે તે ભાખુ વાત ॥૧॥

॥ ભાખે વીર જિણેસર ત્યારે, મેં સંજમ લીધો જ્યારે ॥ વરસ ત્રણ ગયાં તિહાંયશાલે, ત્યારે કુશિષ્ય મિલ્યો ગોશાલેરે ॥ ભાખે૦ ॥ ૧ ॥ તેજોલેશ્યા તે પણ ગ્રહી તો, દોય મુનિવર જિન દહતુ જાઈરે ॥ અંતે પાતક આલોઈને, બારમે સ્વર્ગે સુર હોઈરે ॥ ભાખે૦ ॥૨॥

॥ દુહા ॥ વીર કહે કેવલી પછી, વિચમાંહે એતો કાલ ॥ ચઉદ વરસે ઉપન્યો, નિન્હવ સોય જમાલ ॥ ૧ ॥ તિષ્ય ગુપ્તિ બીજો સહી, સોલે વરસે તેહ ॥ અંતે તે પાછા વલે, સમક્તિ પામે જેહ ॥ ૨ ॥

( ઢાલ ॥ ૪ ॥ રાગ ગોડી ॥ ભાવી પટધર વીરનો–એ દેશી)

દુસમ આરોરે આગલે, વીસ સો વરસનું આયુ છે ॥ હોશે વરસ વીસનું, દોય હાથની કાય ॥ કહું તુજ ગૌતમ ગણધરા ॥ ૧ ॥ વળી કહે વીર જીણેસરૂ, માહરો સુધર્મા શીષ્ય ॥ છેડે હોસે દુપ્પસહ મુનિ, તે વિચે ઉદય ત્રેવીસ ॥ કહે૦ ॥ ૨ ॥ યુગપ્રધાન જિણે કહ્યા, જસ એક અવતાર ॥ પંચમ આરે તે તે હશે, દોય સહસને

ચાર ॥ કહે૦ ॥ ૩ ॥ યુગ પ્રધાન સરિખા હશે, મુનિવર લાખ અગીયાર ॥ તે ઉપર અધિકા કહું, મુનિવર સોલ હજાર ॥ કહે૦ ॥ ૪ ॥ જૈન ભૂપતિ જગમાં હશે, કરશે ધર્મ ઉદ્ધાર ॥ લાખ અગીઆરને ઉપરે, સંખ્યા સોલ હજાર ॥ કહે૦ ॥ ૫ ॥ વીર પછી ગૌતમ જશે, બારે વરસે મોક્ષ ॥ વીસે સિદ્ધિગતે સુધર્મા, પ્રણુમી પાતિક શોષ ॥ કહે૦ ॥ ૬ ॥

॥ દુહા ॥ વીર થકી વરસ ચોસઠે, મુક્તિ જંબુ સ્વામી ॥ જંબુ જાતે સહી જશે, દસવાનાં તસ ઠામ ॥૧॥

( ઢાલ ॥ ૫ ॥ રાગ આશાવરી કાનજી બજાવે વાંસલી )
એ દેશી.

મનઃપર્યવ ત્યારે નહીંરે, પરમ અવધિ જ્ઞાન ॥ પુલાક લબ્ધિ આહારક તનુરે, ક્ષપક શ્રેણી નિધાન ॥ ૧ ॥ ઉપશમ શ્રેણી જિન કલ્પશુંરે, સંજમ ત્રિણ જાય ॥ કેવલ-જ્ઞાન નવમું લહેરે, તવ મોક્ષ પલાય ॥ ૨ ॥ વીર કહે વરસ મુજ પછીરે, ચિઉત્તરે થાય ॥ પ્રભવ સ્વામી ત્રીજે પાટેરે, પરલોકે જે જાય ॥ ૩ ॥ શય્યંભવસૂરિ મુનિવરૂરે, જે ચોથે પાટે થાય ॥ વીરથી વરસ અઠાણુંએરે, લહે શુભ ગતિ વાટ ॥ ૪ ॥ વીરથી વરસ ગયાં ઘણાંરે એકસો અડતાલ ॥ યશોભદ્ર સુરલોકમાંરે, તવ દેતા ફાલ ॥ ૫ ॥ છઠ્ઠે પાટે સંભૂતિ વિજયરે, હશે પંડિત જાણ ॥ વીરથી એકસો સિતેરે રે, વરસે નિરવાણ ॥ ૬ ॥

॥ દુહા ॥ તવપૂર્વ ઓછા થયા, સુણ ગૌતમ કહે વીર ॥ ભદ્રબાહુ લગે તે હશે, જેહમાં અર્થ ગંભીર ॥૧॥

( ઢાલ ॥૬॥ રાગ ગોટી ॥ સિંહતણી પરે એકલો ॥ એ દેશી)

વરસ બસેં ચઉદે વલીરે, નિન્હવ ત્રીજો જે હોય ॥ આષાઢાચારજ તણોરે, શિષ્ય કહ્યો વલી સોયરે ॥ ગૌતમ સાંભલોરે ॥ ૧ ॥ નિન્હવ સો વર્ષે સહીરે, પામે સમકિત સાર ॥ બસે પંદર વરસ વલીરે, સ્થુલિભદ્ર લહે પારો રે ॥ ગૌ૦ ॥ ૨ ॥ પૂર્વ અનુયોગ ત્યારે નહીંરે, સૂક્ષ્મ મહા પ્રણિધાન ॥ પહેલું સંઘયણ થાકીઉંરે, વળી પહેલું સંસ્થાનોરે ॥ ગૌ૦ ॥ ૩ ॥ બસેં વીસ વરસે વલીરે, નિન્હવ ચોથોરે જેહ ॥ અશ્વમિત્ર નામ જે હશેરે, પાછો વલશે નર તેહરે ॥ ગૌ૦ ॥ ૪ ॥ વીર પછી વરસ જશેરે, બસેંને અટ્ઠાવીશ ॥ તવ નિન્હવ હોસે પાંચમોરે, ધનગુપ્તનો શિષ્યરે ॥ ગૌ૦ ॥ ૫ ॥

દુહા ॥ ગંગાચારજ તે સહી, તે મતિ આણે ઠાહિ ॥ ચારસેને સિતેરે, વીરથી વિક્રમ રાય ॥ ૧ ॥ જે નિજ સંવત થાપશે, પરદુઃખ ભંજણહાર ॥ જૈન શિરોમણિ તે હશે, શૂરવીર દાતાર ॥ ૨ ॥

( ઢાલ ॥ ૭ ॥ રાગ ધનાશ્રી ॥ પાટ કુસુમની ન પુજરૂપે )
એ દેશી.

વીર કહે વરસ મુજથી જાશે, પંચસયાં ચઉંઆલ ॥ રોહોગુપ્ત નિન્હવ હોય છઠ્ઠો, ભમશે તે બહુ કાલ હો ॥ ગૌતમ દિન દિન કુમતિ વધશે ॥ ૧ ॥ ભૂપતિ નહીં કોઇ

સંયમ ધારી, દાન પચાવી દેસેહો ગોતમ ॥ પંચસયાં ચોરાસી વરસે, હોશે ગોષ્ટામાહીલ ॥ સાતમો નિન્હવ તેને કહીએ, ચાલે ભુંડી ચાલે હો ॥ ગો૦ ॥ ૨ ॥ પંચસયાં ચોરાસી ગૌતમ, વરસ ગયાં તું જોઈ ॥ દસપૂર્વ થાકશે ત્યારે, વયરસ્વામી લગે હોઈ હો ॥ ગૌ૦ ॥ ૩ ॥ વીરથી વરસ છસે નવ જાયે, તામ દિગંબર થાય ॥ સર્વ વિસંવાદી એ નિન્હવ, આઠમો તેહ કહાય હો ॥ ગો૦ ॥ ૪ ॥ વરસ છસેને સોલજ અંતે, પૂર્વ સાડા નવ છેદ ॥ દુર્બલિકા પુત્ર જ લગે હોઇ, પાછલ સોયને ખેદ હો ॥ ગૌ૦ ॥ ૫ ॥

॥ દુહા ॥ નવસેં ત્રાણું વરસજ ગયે, પુસ્તકારૂઢ જ હોય ॥ ચોથે પર્યુષણ આણુસે, કાલિકાચાર્ય સોય ॥ ૧ ॥

( ઢાલ ॥ ૮ ॥ રાગ પરજીઓ ॥ હિતકરી હીરજીનું—એ દેશી )

॥ અથ સિંધુ ॥ વીરથી વરસ હજાર ગયા પછીરે, પૂર્વ હોયે તવ છેદોરે ॥ તેરસયારે વરસે મત હશેરે, બોલે નવનવ ભેદોરે ॥ ઇન્દ્રભૂતિ મોહ્યોરે વીર વચન રસેરે ॥૧॥ એ આંકણી ॥ દિન દિન કાલ પડતો સહી હશેરે, પુન્યવંતા નર કયાંહીરે ॥ નીચ કુલીરે નરપતિ બહુ થશેરે, પાપતણી મતિ પ્રાહેરે ॥ ઇંદ્ર૦ ॥ ૨ ॥ વાસ વૈરાગ્ય વિનય થોડા થશેરે, ન મલે મન્ય મન્નોરે ॥ સુપુરૂષ છતે સહુ સગપણ છાંડશેરે, વાહાલો હોશે ધન્નોરે ॥ ઇંદ્ર૦ ॥ ૩ ॥ કલિયુગમાહેરે મુનિ લોભી હશેરે, વિરલા કહી વ્યવહારોરે ॥

ધર્મ તજશે ક્ષત્રી નર વલીરે, બ્રહ્મ ધરે હથિયારોરે ॥ ઈંદ્ર૦ ॥ ૪ ॥

દુહા ॥ ગૌતમ વીર થકી જશે, વરસ સયાં ઓગણીસ ॥ પાંચ માસને ઉપરે, ભાષા આરજ દીસ ॥ ૧ ॥

( ઢાલ ॥ ૯ ॥ રાગ રામગીરી ॥ રામ ભણે હરી ઉઠીથે ) એ દેશી.

તામ કલંકીરે ઉપજે, કુલ ચંડાલ અસાર રે ॥ માતા જસોદારે બ્રાહ્મણી, હોશે તીહાં અવતાર રે ॥ દુર્ગતી ગામી રે તે સહી ॥ ૧ ॥ ચૈત્ર સુદીરે આઠમ દિને, વિષ્ણુ જનમ તે હોયરે ॥ દેહવરણ તસ ઉજલું, પીલાં લોચન દોઈરે ॥ દુ૦ ॥ ૨ ॥ રૂદ્ર કલંકી ચતુર્મુખા, એ હોશે ત્રણ જ નામો રે ॥ છાસી વરસનું આઉખું, પાટલીપુર જસ ગામરે ॥ દુ૦ ॥ ૩ ॥ છઠ્ઠો ભાગજ ભીખનો, લેશે કલંકી રાય રે ॥ ષટ દરસણરે માને નહીં, દંડ કુદંડ થાયરે ॥ દુ૦ ॥ ૪ ॥ ઈંદ્રિ ઈહાં પછે આવશે, ધરશે વિપ્રનું રૂપરે ॥ વેગે હણશેરે રાયને, લેશે નરકનું કુપરે ॥ દુ૦ ॥ ૫ ॥

દુહા ॥ તેહનો સુત સુંદર હશે, દત્ત ભૂપ અભિરામ ॥ શત્રુંજય ઉદ્ધાર કરાવશે, રાખે જગમાં નામ ॥ ૧ ॥

(ઢાલ ॥ ૧૦ ॥ રાગ રામગિરી ॥ પ્રણમી તુમ ગુરૂજી )

આગલ આરે પાંચમેજી, દુપ્પસહ મુનિવર હોય ॥ સુર ગતિ માંહેથી આવશેજી. આગલ સુરપતિ સોય ॥ સોભાગી છેહલો મુનિવર એહ ॥ ૧ ॥ એ આંકણી ॥

છેહલો સંઘ દુપ્પસહ તણોજી, આણુ ન ખંડે તેહ ॥ સોભાગીο ॥ વીસ વરસનું આઉખુંજી, બાર વરસ ઘર વાસ ॥ ચાર વરસ મુનિવર પણુંજી, વરસ ચાર ગચ્છ ધાર ॥ સોο ॥ ૨ ॥ ફુલુક શ્રીનામે સાધવીજી, નાયલ શ્રાવક સોય ॥ સત્યશ્રી નામે શ્રાવિકાજી, સંઘ ચતુર્વિધ હોય ॥ સોο ॥ ૩ ॥ સુવિહિત સંઘ છેલ્લો સહીજી, અલ્પ આઉખુંરે ત્યાંહી ॥ સંઘશ્રુત શ્રેય વલીજી, જાશે પોરજ માંહે ॥ સોο ॥ ૪ ॥ વિમલ વાહન નરપતિ જી, સુધર્મ મંત્રીરે જેહ ॥ ન્યાય નીતિ અગ્નિ જશેજી, વળી મધ્યાન્હે તેહ ॥ સોο ॥ ૫ ॥

દુહા ॥ જૈન ધર્મ એતાં લગે, પછી નહીં પુન્ય દાન ॥ વાયુ મેઘ ભુંડા હશે, સુણ ગૌતમ તસ માન ॥ ૧ ॥

( ઢાલ ॥ ૧૧ ॥ રાગ સારંગ ॥ મગધ દેશનો રાજા રાજેસર ॥ એ દેશી. )

માન પ્રકાશે મેઘજ કેરૂ, પહેલો તે જલધાર ॥ બીજો અગ્નિતણો તિહાં હોશે, ત્રીજો તે વિષધાર હો ॥ ગૌતમ સુણતું મધુરી વાણ ॥ ૧ ॥ ચોથો આંબિલનો ઘન વરસે, વીજલીનો વરસાદ ॥ એકેકો મેઘ ત્યાંહિ વરસે, વાસર રાતજ સાત હો ॥ ગૌο ॥ ૨ ॥ બોતેર બોલ વૈતાઢયજ કેરા, છે વળી શાશ્વતા ત્યાંય ॥ નરનારી પંખી હય હરણાં, તે રેહશે તે માંહે હો ॥ ગૌο ॥ ૩ ॥ આગળ છઠ્ઠો આરો હોશે, દુસમ દુસમાનામ ॥ એકવીસ સહસ વરસનો

જાણો, નહીં નગરી નહીં ગામ હો ॥ ગૌ૦ ॥ ૪ ॥ ગર્ભધરે ખટ વરસની નારી, બિલવાસી મચ્છ ખાય ॥ છેલ્લે કાયા એક હાથની હોશે, સોલ વરસનું આયુ હો ॥ ગૌ૦ ॥ ૫ ॥

દુહા ॥ આગલ વલી ઉત્સર્પિણી, ત્યાં ષટ આરા જોય. ॥ પહેલો છઠ્ઠો સારિખો, દુસમ દુસમા સોય ॥ ૧ ॥

( ઢાલ ॥ ૧૨ ॥ રાગ કેદારો ॥ વાંદાંયણાના—એ દેશી. )

આગલ બીજો આરો સારો, ત્યારે મેઘ હોવે વલી ચારો ॥ પુષ્કરાવર્ત્ત ખીર અમૃત અપારો, ચોથો વરસે ઘૃતની ધારો ॥ ૧ ॥ વાધશે વન વનસ્પતિ બહુ ગામો, આગલ સાતે કુલવર તામો ॥ દુસમ સુસમા ત્રિજો અભિ· રામો, ત્રેવીસ જિનના તીહાં ઠામો ॥ ૨ ॥ નવ નારદ ચક્રી અગીઆરો, નવ બલદેવ હશે તીહાં સારો ॥ વાસુદેવ નવ તેણી વારો, નવ પ્રતિવાસુદેવ અપારો ॥ ૩ ॥ સુસમ દુસમા ચોથા માંહિ, એક જિનવર એક ચક્રી ત્યાંહી ॥ અંતેતે જુગલ હોશે બહુ જાંહિ, આઉ પલ્યોપમ ભદ્રક પ્રાહિં ॥ ૪ ॥ આગલ સુસમ પંચમ આરો, જુગલ દેહ બે ગાઉ ધારો ॥ છટ્ઠો સુસમ સુસમા સંભારો, જુગલ દેહ ત્રણ ગાઉ વિચારો ॥ ૫ ॥ પૂછ્યાં વચન કહ્યાં વલી વીરે, ચિત્તમાં ધરીયા ગૌતમ ધીરે ॥ ભણતાં સુણતાં સુખહ શરીરે, ઋદ્ધિ રમણીઘર ભરી વીરે ॥ ૬ ॥

કલશ ॥ ભલે સ્તવન કીધું, નામ દીધું, ગૌતમ

પ્રશ્નોત્તર સહી ॥ સંવત સિદ્ધિ મુનિ અંગ ચંદે, ભાદ્રવા સુદી તિહાં તહિં ॥ તપગચ્છ તિલક સમાન સોહે, ગુરૂશ્રી વિજયાનંદ સૂરિશ્વરૂ ॥ સાગણનો વીત ઋષભ શ્રાવક, કહે ગચ્છ મંગલ કરૂ ॥ ॥ ॥ ઇતિશ્રી બાર આરાનું સ્તવન ॥

---

# श्री आंतरानुं स्तवन

॥ દુહા ॥ શારદ શારદના સુપરે, પદ્મ પંકજ પ્રણમેય ॥ ચોવિસે જિન વરણવું, અંતર યુત સંખેય ॥ ૧ ॥ વીર પાર્શ્વને આંતરૂ, વરસ અઢીસેં હોય ॥ પંચ કલ્યાણક પાર્શ્વના, સાંભલજો સહુ કોય ॥ ૨ ॥

ઢાલ ॥ ૧ ॥ નિરૂપમ નયરી વણારસી જી, શ્રીઅશ્વસેન નરીંદતો ॥ વામા રાણી ગુણ ભર્યાજી, મુખ જિમ પુનમ ચંદ તો ॥ ભવી ભાવ ધરીને પ્રણમો પાસ જિણંદતો ॥ ૧ ॥ એ આંકણી ॥ પ્રાણુત કલ્પ થકી ચવ્યાજી, ચૈત્ર વદી ચોથને દીન તો ॥ તેહની કુખે અવતર્યાજી, પ્રભુ જિમ કિન્નર સિંહ તો ॥ ભવિ૦ ॥ ૨ ॥ પોસ બહુલ દશમી દીનેજી, જન્મ્યા પાસ કુમાર તો ॥ જોબન વય પ્રભુ આવીયાજી, વરીયા પ્રભાવતી નારી તો ॥ ભવિ૦ ॥ ૩ ॥ કમઠ તણો મદ ગાલીયોજી, ઉધર્યો નાગ સજોર તો ॥ વદ અગીઆરસ પોસનીજી, સંજમ લીયે ઋદ્ધિ છોડતો ॥ ભવિ૦ ॥ ૪ ॥ ગાજ વિજ ને વાયરો જી, મુસલધાર મેઘ તો ॥ ઉપસર્ગ કમઠે કર્યોજી, ધરણેંદ્રે નિવાર્યો તેહ

તો ॥ ભવિ૦ ॥ ૫ કર્મ ખપાવી કેવલ લહીજી, ચૈત્ર વદી ચોથ સુજાણતો ॥ શ્રાવણ શુદ દીન આઠમેજી, પ્રભુજીનું નીર્વાણ તો ॥ ભવિ૦ ॥ ૬ ॥ એકસો વરસનું આઉખુંજી, પાસ ચરિત્રે કહ્યું એમ તો ॥ વરસ ચોરાસી સહસનું જી, આંતરૂં પાસને નેમ તો ॥ ભવિ૦ ॥ ૭ ॥

( ઢાલ ॥ ૨ ॥ સોરીપુરનયર સોહામણું, જગજીવનારે નેમ ॥ સમુદ્રવિજય નરપાલ હો, દીલરંજનારે નેમ ॥ ચવિયા અપરાજિત થકી, જગ જીવનારે નેમ ॥ કારતક વદ બારસ દીનહો, દીલ રંજનારે નેમ ॥ ૧ ॥ શીવા દેવી કુખે અવતર્યા ॥ જગ૦ ॥ માન સર જિમ મરાલ હો ॥ દીલ૦ ॥ શ્રાવણ શુદી દીન પંચમી ॥ જગ૦ ॥ પ્રસવ્યો પુત્ર રતનહો ॥ દીલ૦ ॥ ૨ ॥ જોબન વય પ્રભુ આવીયા ॥ જગ૦ ॥ નીલકમલદલવાન હો ॥ દી૦ ॥ પરણો સુંદર સુંદરી ॥ જગ૦ ॥ ઈમ કહે ગોપી કાન હો ॥ દી૦ ॥ ॥ ૩ ॥ શ્રી ઉગ્રસેનની કુંવરી ॥ જગ૦ ॥ વરવા કીધી જાન હો ॥ દી૦ ॥ પશુ દેખી પાછા વળ્યા ॥ જગ૦ ॥ હુવા જાદવ કુલ હેરાન હો ॥ દી૦ ॥ ૪ ॥ તોડે હારને તીહાં રડે ॥ જગ૦ ॥ રાજુલ દુઃખ ન માય હો ॥ દીલ૦ ॥ કહે પીયુજી પાયે પડું ॥ જગ૦ ॥ છોડી મુને મત જાઓ ॥ દીલ૦ ॥ ૫ ॥ કીડીસું કટક કાંકરો ॥ જગ૦ ॥ એ તુમ કુણ આચાર હો ॥ દી૦ ॥ માણસના દીલ દુહવો ॥ જગ૦ ॥ પશુઆંશું કરો પ્યારહો ॥ દી૦ ॥ ૬ ॥ નવભવ નેહ નિવારીઓરે ॥ જગ૦ ॥ દેઈ સંવચ્છરી દાન હો ॥ દી૦ ॥

શ્રાવણ સુદ છઠને દીનેરે ॥ જગ૦ ॥ સંજમ લીએ વડ વાન હો ॥ દીલ૦ ॥ ૭ ॥ તારી રાજુલ સુંદરી ॥ જગ૦ ॥ દેઈને દીક્ષા દાન હો ॥ દી૦ ॥ અમાવાસ્યા આસોજ તણીરે ॥ જગ૦ ॥ પ્રભુ લહે કેવલ જ્ઞાન હો ॥ દીલ૦ ॥ ૮ ॥ સહસ વરસ પ્રભુ આઉખુંરે ॥ પાલી શ્રી જિનરાજ હો ॥ દીલ૦ ॥ અષાઢ સુદી દીન આઠમેરે ॥ જગ૦ ॥ પ્રભુ લહે શીવપુરરાજ હો ॥ દીલ૦ ॥ ૯ ॥

( ઢાલ ॥ ૩ ॥ થારા મહેલા ઉપર મેહ ઝબુકે વીજલી હો લાલ ॥ એ દેશી )

પાંચ લાખ વરસ નમિ નેમને આંતરૂ હો લાલ, નમી નેમને આંતરૂ ॥ મુનિસુવ્રત નમિ નાથને છ લાખ ચિત્ત ધરૂં હો લાલ, છ લાખ ચિત્ત ધરૂં ॥ ચોપન લાખ વરસ મુનિસુવ્રત મલ્લિને હો લાલ, મુનિસુવ્રત મલ્લિને, કોડ સહસ વલી જાણો મલ્લી અર નાથને હો લાલ મલ્લી અરનાથને ॥ ૧ ॥ કોડ સહસ વરસ કરી, ઉણો પલ્યનું હો લાલ, ઉણો પલ્યનું ॥ ચોથો ભાગ અરનાથવલી કુંથુનાથને હો લાલ, વલી કુંથુનાથને ॥ પલ્યોપમનું અરધ જાણો શાતિ કુંથુને હો લાલ, જાણો શાંતિ કુંથુને ॥ શાંતિ ધર્મ પલ્યોપમ ઉણે સાગર ત્રણનું હો લાલ, સાગર ત્રણનું ॥ ૨ ॥ સાગર ચાર અનંતને ધર્મ જિણંદને હો લાલ, ધર્મ જિણંદને ॥ નવ સાગર વળી અનંત વિમલ જિન ચંદ્રને હો લાલ, અનંત વિમલ જિન ચંદ્રને ॥ સાગર

ત્રીસ વિમલ વાસુપૂજ્યને હો લાલ, વિમલ વાસુપૂજ્યને ॥ સાગર ચોપન શ્રી વાસુપૂજ્ય શ્રેયાંસને હો લાલ, વાસુ-પૂજ્ય શ્રેયાંસને ॥ ૩ ॥ લાખ પાંસઠ સહસ છવીસ વરસસો સાગરૂ હો લાલ, વરસસો સાગરૂ ॥ ઉણો સાગર કોડ શ્રેયાંસ શીતલ કરે હો લાલ, શ્રેયાંસ શીતલ કરે ॥ સુવિધિ શીતલને નવ કોડ સાગર ભાવજ્યો હો લાલ, સાગર ભાવજો ॥ સુવિધિ ચંદ્રપ્રભુ નેઉ કોડી સાગર ભાવજો હો લાલ, સાગર મન ભાવજો ॥ ૪ ॥ સાગર નવસેં કોડ સુપાસ ચંદ્રપ્રભુ હો લાલ, સુપાસ ચંદ્રપ્રભુ ॥ સાગર નવ સહસ કોડ સુપાસ પદમ પ્રભુ હો લાલ, સુપાસ પદમ પ્રભુ ॥ સુમતિ પદ્મ પ્રભુ નેઉ સહસ કોડ સાગરૂ હો લાલ, કોડ સાગરૂ ॥ સુમતિ અભિનંદન નવ લાખ કોડ સાગરૂ હો લાલ, કોડ સાગરૂ ॥ ૫ ॥ દસ લાખ કોડ સાગર સંભવ અભિનંદને હો લાલ, સંભવ અભિનંદને ॥ ત્રીસ લાખકોડ સાગર સંભવ અજિતને હો લાલ, સંભવ અજિતને ॥ પચાસ લાખ કોડ સાગર અજિત જિન ઋષભને હો લાલ, અજિત જિન ઋષભને ॥ એક કોડા કોડ સાગરૂ ઋષભને વીરને હો લાલ, ઋષભને વીરને ॥ ૬ ॥ સહસ બેંતાલીસ તીન વરસ વલી જાણીએ હો લાલ, વરસ વલી જાણીયે ॥ સાડા આઠ મહિના ઉણા તે વખાણીએ હો લાલ, ઉણા તે વખાણીયે ॥ નવસે એંસી વરસે હોઈ પુસ્તક વાંચના હો લાલ, પુસ્તક વાંચના ॥ અંતર કાલ જાણો જિન ચોવી-સનો હો લાલ, કે જિન ચોવીસનો ॥ ૭ ॥

( ઢાલ ॥ ૪ ॥ દીન સકલ મનોહર—એ દેશી. )

જયો આદિ જિણેસર, ત્રિભુવનનો અવતંસ ॥ નાભી રાજા મરૂદેવા, કુલ માન સર હંસ ॥ સર્વાર્થ સિદ્ધથી ચવિ, ઇક્ષ્વાકુ ભૂમિવર ઠામ ॥ અસાડ વદી ચોથે, અવતર્યા પુરૂષ પ્રસન્ન ॥ ૧ ॥ ચૈત્ર વદી આઠમે, જન્મ્યા શ્રી જિનરાય ॥ આવે ઇંદ્ર ઇંદ્રાણી, પ્રભુજીના ગુણગાય ॥ સુનંદા સુમંગલા, વરિયા જોબન પાય ॥ ભરતાદિક એકસો, પુત્ર પુત્રી દો થાય ॥ ૨ ॥ કરી રાજની થાપના, વાસિ વનિતા ઇંદ્ર ॥ જગમાં નિતિ ચલાય, મારૂ દેવીનો નંદ ॥ પ્રભુ શીલ્પ દેખાડી, ચારે જુગલ આચાર ॥ નરકલા બહોંતેર, ચોસઠ મહિલા સાર ॥ ૩ ॥ ભરતાદિકને દીએ, અંગાદિકનું રાજ્ય ॥ સુરનર ઇમ જંપે, જય જય શ્રીજિનરાજ ॥ દેઈ દાન સંવચ્છરી, પ્રભુ લીએ સંયમ ભાર, ચાર સહસ રાજાશું, ચૈત્ર વદ આઠમ સાર ॥ ૪ ॥ પ્રભુ વિચરે મહીયલ, વરસ દિવસ વિણુ આહાર ॥ ગજરથને ઘોડા, જન દિએ રાજકુમારી ॥ પ્રભુતો નવિ લેવે, જુવે શુદ્ધ આહાર ॥ પડિલાભ્યા પ્રભુજી, શ્રી શ્રેયાંસકુમાર ॥ ૫ ॥ ફાગણ અંધારિ, અગીઆરસ શુભ ધ્યાન ॥ પ્રભુ અઠ્ઠમ ભકતે, પામ્યા કેવલનાણુ ॥ ગઢ ત્રણે રચેં સુર, સેવા કરે કરજોડ ॥ ચક્ર રત્ન ઉપન્યો, ભરતને મન કોડ ॥ ૬ ॥ મારૂદેવા મોહે, દુઃખ આણે મનજોર ॥ મારો ઋષભ સહે છે, વનવાસી દુઃખ ઘોર ॥ તવ ભરત પયંપે, ત્રિભુવન કેરો રાજ ॥ તુમ પુત્ર ભોગવે, જુઓ માતા આજ ॥ ૭ ॥ ગજરથ બેસાડી,

સમવસરણુની પાસ ॥ ભરતેસર આવે, પ્રભુવંદન ઉલ્લાસ ॥ સુણી દેવની દુંદુભી, ઉલસિત આણુંદપુર ॥ આવ્યાં હરખનાં આંસું, તિમિર પડલ ગયાં દૂર ॥ ૮ ॥ પ્રભુની ઋદ્ધિ દેખી, એમ ચિંતે મનમાંહે ॥ ધિક ધિક કુડી માયા, કોના સુત કોના તાત ॥ એમ ભાવના ભાવતાં, પામ્યાં કેવલજ્ઞાન ॥ તતક્ષણ મારૂદેવા, તિહા લહ્યો નિર્વાણ ॥ ૯ ॥ ધન્ય ધન્ય એ પ્રભુજી, ધન્ય એહનો પરિવાર ॥ લાખ પૂર્વ ચોરાસી, પાલી આયુ ઉદાર ॥ મહા વદી તેરસ દિને, પામ્યા સિદ્ધિનું રાજ ॥ અષ્ટાપદ શિખરે, જય જય શ્રી જિનરાજ ॥ ૧૦ ॥

॥ કલશ ॥ ચોવીસ જિનવર તણો અંતર, ભણ્યો અતિ ઉલ્લાસ એ, સંવત સતર તહોંતેરે, એમ રહી ચોમાસુંએ ॥ સંઘતણો આગ્રહ ગ્રહી મેં, શ્રી વિમલવિજય ઉવજ્ઝાયએ ॥ તસ શિષ્ય રામવિજય નામે, વર્યો જય જય કાર એ ॥ ઇતિ શ્રી આંતરાનું સ્તવન સંપૂર્ણ ॥

---

# श्री रोहिणी तप विधि स्तवन

॥ દુહા ॥ સુખકર શંખેશ્વર નમી, શુભગુરૂને આધાર ॥ રોહિણી તપ મહિમા વિધિ, કહિશું ભવિ ઉપગાર ॥ ૧ ॥ ભક્ત પાન કુચ્છિત દિએ, મુનિને જાણ અજાણ ॥ નરક તીર્યંચમાં જીવ તે, પામે બહુ દુઃખ ખાણ ॥ ૨ ॥ તે

પણ રોહિણી તપ થકી, પામી સુખ સંસાર ॥ મોક્ષે ગયા તેમનો કહું, સુંદર એ અધિકાર ॥ ૩ ॥

(ઢાલ ॥ ૧ ॥ શીતલજિન સહેજાનંદી ॥ એ દેસી)

મઘવા નગરી કરી ઝંપા, અરિવર્ગ થકી નહિ કંપા, આભરતે પુરી છે ચંપા, રામ સીતા સરોવર પંપા ॥ ૧ ॥ પનોતા પ્રેમથી તપ કીજે, ગુરૂપાસે તપ ઉચરીએ ॥ એ આંકણી ॥ વાસુપૂજ્યના પુત્ર કહાય, મઘવા નામે તિહાં રાય, તસ લક્ષ્મીવતી છે રાણી, આઠ પુત્ર ઉપર એક જાણી ॥ પ૦ ॥ ૨ ॥ રોહિણી નામે થઈ બેટી, નૃપવલ્લભસું થઈ મોટી, યૌવન વયમાં જબ આવે, તબ વરની ચિંતા થાવે ॥ પ૦ ॥ ૩ ॥ સ્વયંવર મંડપ મંડાવે, દૂરથી રાજપુત્ર મિલાવે, રોહિણી શણગાર ધરાવી, જાણું ચંદ્ર પ્રિયા ઈહાં આવી ॥ પ૦ ॥ ૪ ॥ નાગપુર વિતશોક ભૂપાલ, તસ પુત્ર અશોક કુમાર, વરમાલા કંઠે ઠાવે, નૃપ રોહિણીને પરણાવે ॥ પ૦ ॥ ૫ ॥ પરિકરસું સાસરે, જાવે, અશોકને રાજ્યે ઠાવે, પ્રિયા પુણ્યે વધી બહુ ઋદ્ધિ. વિતશોકે દીક્ષા લીધી ॥ પ૦ ॥ ૬ ॥ સુખ વિલસે પંચ પ્રકાર, આઠ પુત્ર સુતા થઈ ચાર, રહી દંપતિ સાતમે માલે, લઘુ પુત્ર રમાડે ખોલે ॥ પ૦ ॥ ૭ ॥ લોકપાલાભિધાનને બાલ, રહી ગોખે જુએ જન ચાલ, તસ સન્મુખ રોતિ નારી, ગયો પુત્ર મરણ સંભારી ॥ પ૦ ॥ ૮ ॥ શિર છાતી કુટે મલી કેતી, માય રોતી જલજલી દેતી, માથાના કેશ તે

રોલે, જોઈ રોહિણી કંતને બોલે ॥ ૫૦ ॥ ૯ ॥ આજ મેં નવું નાટક દીઠું. જોતાં બહુ લાગે મીઠું, નાચ શીખી કીંહાંથી નારી, સુણી રોશે ભર્યો નૃપ ભારી ॥ ૫૦ ॥ ૧૧ ॥ કહે નાચ શીખો ઇણિ વેલા, લેઈ પુત્ર બાહિર દીએ ઝોલા, કરથી વિછોડયો તે બાલ, નૃપ હાહાકારે તતકાલ ॥ ૫૦ ॥ ૧૧ ॥ પુરદેવ વિચેથી લેતા, ભુંય સિંહાસન કરી દેતા, રાણી હસતી હસતી જુએ હેઠું, રાજા એ કૌતક દીઠું ॥ ૫૦ ॥ ૧૨ ॥ લોક સઘળા વિસ્મય પામે, વાસુપૂજ્ય શિષ્ય વન ઠામે, આવ્યા રૂપ સોવન કુંભ નામા, શુભ વીર કરે પરણામ ॥ ૫ ॥ ૧૩ ॥

(ઢાલ ॥ ૨ ॥ ચોપાઈની દેશી)

ચઉનાણી નૃપ પ્રણમિ પાય, નિજ રાણીનું પ્રશ્ન કરાય ॥ આ ભવદુઃખ નવિ જાણ્યા એહ, એ ઉપર મુજ અધિકો નેહ ॥ ૧ ॥ મુનિ કહે ઇણ નગરે ધનવંતો, ધનમિત્ર નામે શેઠ જ હતો ॥ દુર્ગંધા તસ બેટી થઈ, કુબ્જા કુરૂપા દુર્ભગા ભઈ ॥ ૨ ॥ યોવન વય ધન દેતા સહી, દુર્ભગપણે કોઈ પરણે નહીં ॥ નૃપ હણતાં કૈતવ શિષેણ; રાખી પરણાવી સા તેણે ॥ ૩ ॥ નાઠો તે દુર્ગંધા લહી, દાન દેયંતાં સા ઘરે રહી ॥ જ્ઞાનીને પરભવ પૂછતી, મુનિ કહે રૈવતગિરિ તટ હતી ॥ ૪ ॥ પૃથ્વીપાલ નૃપ સિદ્ધિમતિ, નારી નૃપ વનમાં ક્રિડતી ॥ રાય કહે દેખી ગુણવંતા, તપસીમુનિ ગોચરીએ જતા ॥ ૫ ॥ દાન દીયો

ઘર પાછાં વલી, તબ ક્રીડા રસે રીસે બલી ॥ મૂર્ખ પણે કરી બલતે હૈયે, કડવો તુંબડ મુનિને દીએ ॥ ૬ ॥ પારણું કરતાં પ્રાણ જ ગયા, સુરલોકે મુનિ દેવજ થયા ॥ અશુભ કર્મ બાંધે સા નારી, જાણી નૃપ કાઢે પુર બારે ॥ ૭ ॥ કુષ્ઠ રોગ દિન સાતે મરી, ગઈ છઠ્ઠી નરકે દુઃખ ભરી ॥ તિરીય ભવે અંતરતા લહી, મરીને સાતમિ નરકમાં ગઈ ॥ ૮ ॥ નાગણ કરભી ને કુતરી, ઉંદર ઘીરોલી જલો શુકરી ॥ કાકી ચંડાલણ ભવ લહી, નવકાર મંત્ર તિહાં સદહી ॥ ૯ ॥ મરીને શેઠની પુત્રી ભઇ, શેષ કર્મ દુર્ગંધા થઈ ॥ સાંભલિ જાતિ સ્મરણ લહી, શ્રી શુભ વીર વચન સદ્દહી ॥ ૧૦ ॥

(ઢાલ ॥ ૩ ॥ ગજરા મારૂજી ચાલ્યા ચાકરીરે ॥ એ દેશી)

દુર્ગંધા કહે સાધુને રે દુઃખ ભોગવિયાં અતિરેક ॥ કરૂણા કરીને દાખીએરે જિમ જાએ પાપ અનેક રે ॥ જિમ ॥ ૧ ॥ મુનિ કહે રોહિણી તપ કરોરે, સાત વરસ ઉપર સાત માસ ॥ રોહિણી નક્ષત્રને દિનેરે, ગુરૂમુખ કરીએ ઉપવાસરે ॥ ગુરૂ૦ ॥ ૨ ॥ તપથી અશોક નૃપની પ્રિયારે, થઈ ભોગવી ભોગવિલાસ ॥ વાસુપૂજ્ય જિન તીર્થેરે, તમો પામશો મોક્ષ નિવાસરે ॥ તમો૦ ॥ ૩ ॥ ઉજમણે પુરે તપેરે, વાસુપૂજ્યની પડિમા ભરાય ॥ ચૈત્ય અશોક તરૂ તલેરે, અશોક રોહિણી ચિતરાયરે ॥ અશો૦ ॥ ૪ ॥ સાહમિવચ્છલપધરાવીનેરે, ગુરૂ વસ્ત્ર સિદ્ધાંત લખાય ॥

કુમારસુગંધ તણી પરેરે, દુષ્કર્મ સકલ ક્ષય જાય રે ॥ દુષ૦ ॥ ૫ ॥ સાધુ કહે સિંહપુરમાંરે સિંહસેન નરેસર સાર ॥ કનકપ્રભા રાણી તણોરે, દુર્ગંધી અનિષ્ટ કુમારરે ॥ દુર્ગં૦ ॥ ૬ ॥ પદ્મપ્રભુને પુછતારે, નિજ જલ્પે પૂર્વ ભવ તાસ ॥ બાર જોજન નાગપુરથીરે, એક શિલા નિલગીરિ પાસરે ॥ એક૦ ॥ ૭ ॥ તે ઉપર મુનિ ધ્યાનથીરે, ન લહે આહેડી શિકાર ॥ ગોચરી ગત શિલા તળેરે, કોપ્યો ધરે અગ્નિ અપારરે ॥ કોપ્યો ॥ ૮ ॥ શિલા તપી રહ્યા ઉપરેરે, મુનિ આહાર કરે કાઉસગ્ગ ॥ ક્ષપક શ્રેણી થઇ કેવલીરે, તત્ક્ષણ પામ્યા અપવર્ગરે ॥ તત૦ ॥ ૯ ॥ આહેડી કુષ્ટી થઈ રે, ગયો સાતમી નરક મઝાર ॥ મચ્છ મઘા અહીં પાંચમીરે, સિંહ ચોથી ચિત્ર અવતાર સિંહ૦ ॥ ૧૦ ॥ ત્રીજી બિલાડો બીજીએરે, ધુક પ્રથમ નરક દુઃખ જાલ ॥ દુઃખના ભવ ભમી તે થયોરે, એક શેઠ ઘરે પશુપાલ રે ॥ એક૦ ॥ ૧૧ ॥ ધર્મ લહી દવમાં બલ્યોરે, નિદ્રાએ હૃદય નવકાર ॥ શ્રી શુભવીરના ધ્યાનથીરે, તુજ પુત્ર પણે અવતાર ॥ તુજ૦ ॥ ૧૨ ॥

(ઢાલ ॥ ૪ ॥ મારી અંબાના વડલા હેઠ ॥ એ દેશી)

નિસુણી દુર્ગંધ કુમાર, જાતિ સ્મરણ પામતોરે ॥ પદ્મપ્રભુ સરણે શીષ, નામી ઉપાય તે પૂછતોરે ॥ પ્રભુ વયણે ઉજમણે યુક્ત, રોહિણીનો તપ સેવિયોરે ॥ દુર્ગંધ પણું ગયું દૂર, નામે સુગંધી કુમાર થયો રે ॥ રોહિણી

તપ મહિમા સાર, સાંભળતાં નવ વિસરેરે ॥ એ આંકણી ॥ ૧ ॥ રહી વાત અધુરી એહ, સાંભળશો રોહિણીને ભવેરે ॥ ઈમ સુણી દુર્ગંધા નારી, રોહિણી તપ કરે ઓચ્છવેરે ॥ સુગંધિ લહિ સુખ ભોગ, સ્વર્ગે દેવી સોહામણીરે ॥ તુજ કાંતા મઘવા ધુઆ; ચવિચંપાએ થઈ રોહિણી રે ॥ રો૦ ॥ ૨ ॥ તપ પુણ્ય તણે પ્રભાવ, જન્મથી દુઃખ ન દેખીઓરે ॥ અતિ સ્નેહ કીસ્યો અમ સાથ, રાય અશોકે વલી પુછીયુંરે ॥ ગુરૂ બોલે સુગંધિ રાય, દેવ થઈ પુષ્કલાવતીરે ॥ વિજયે થઈ ચક્રિ તેહ, સંજમધર હુઆ અચ્યુતપતિરે ॥ રો૦ ॥ ૩ ॥ ચવિને થયા તમે અશોક, એક તપે પ્રેમ બન્યો ઘણોરે ॥ સાત પુત્રની સુણજ્યો વાત, મથુરામાં એક માહણોરે ॥ અગ્નિ શર્મા સુત સાત, પાટલિપુર જઈ ભીક્ષા ભમેરે ॥ મુનિ પાસે લઈ વૈરાગ, વિચર્યા સાતે રહી સંજમેરે ॥ રો૦ ॥ ૪ ॥ સૌધર્મે હુઆ સુરસાત, તે સુત સાતે રોહિણી-તણા રે ॥ વૈતાઢચે ભિલ્લચુલ ખેટ, સમકિત શુદ્ધ સોહામણોરે ॥ ગુરૂદેવની ભક્તિ પસાય, ધુર સ્વર્ગે થઈ દેવતારે ॥ લઘુ સુત આઠમો લોકપાલ, રોહિણીનો તે સુર સેવતારે ॥ રો૦ ॥ ૫ ॥ વલી ખેટ સુતા છે ચાર, રમવાને વનમાં ગઈરે ॥ તીહાં દીઠા એક અણગાર, ભાખે ધર્મ વેલા થઈ રે ॥ પૂછયાથી કહે મુનિ ભાસ, આઠ પહોર તુમ આયુછેરે ॥ આજ પંચમીનો ઉપવાસ, કરશો તો ફલદાય છેરે ॥ રો૦ ॥ ૬ ॥ ધુજંતી કરી પચ્ચખ્ખાણ, ગેહ અગાસે

જઈ સોવતિરે ॥ પડી વિજળીયે વલી તેહ, ધુર સુર લોકે દેવી થતીરે ॥ ચવી થઈ તુમ પુત્રી ચાર, એક દિન પંચમી તપ કરીરે ॥ ઈમ સાંભલી સહુ પરિવાર, વાત પૂર્વ ભવની સાંભળીરે ॥ રો૦ ॥ ૭ ॥ ગુરૂ વંદી ગયા નિજ ગેહ, રોહિણી તપ કરતાં સહુરે ॥ મોટી શક્તિ બહુ માન, ઉજમણાં વસ્તુ બહુરે ॥ ઈમ ધર્મ કરી પરિવાર, સાથે મોક્ષપુરી વરીરે ॥ શુભ વીરના શાસન માંહ, સુખ ફલ પામો તપ આદરીરે ॥ રો૦ ॥ ૮ ॥

॥ કલસ ॥ ઈમ ત્રિજગ નાયક મુક્તિદાયક વીર જિનવર ભાખીયો ॥ તપ રોહિણીનો ફલ વિધાને, વિધિ વિશેષે દાખીયો ॥ શ્રી ક્ષમાવિજય જસવિજય પાટે, શુભ-વિજય સુમતિ ધરો ॥ તસ ચરણ સેવક કહે પંડિત, વીર વિજયો જય કરો ॥ ઇતિ શ્રી રોહિણી તપ વિધિ સ્તવન સંપૂર્ણ ॥

---

## श्री ऋषभदेवस्वामीनुं स्तवन

૧ ॥ દુહા ॥ પુરિસા દાણી પાસજી. બહુ ગુણમણિ વાસ ॥ ઋદ્ધિ વૃદ્ધિ મંગલ કરણ, પ્રણમું મન ઉલ્લાસ ॥ ૧ ॥ સરસતી સામિની વિનવું, કવિ જન કેરી માંય ॥ સરસ વાણી મુજને દીયો, મોટો કરી પસાય ॥ ૨ ॥ લબ્ધિ વિનય ગુરૂ સમરીએ, અહર્નિશ હર્ષ ધરેવ ॥ જ્ઞાન

દૃષ્ટિ જેથી લહી, પદ પંકજ પ્રણમેવ ॥ ૩ ॥ પ્રથમ જિણેસર જે હુઓ, મુનિવર પ્રથમ વખાણ ॥ કેવલધર પહેલો જે કહે, પ્રથમ ભિક્ષાચર જાણ ॥ ૪ ॥ પહેલા દાતા એ કહ્યો, આ ચોવીસી મઝાર ॥ તેંહ તણા ગુણ વરણવું, આણો હર્ષ અપાર ॥ ૫ ॥

( ઢાલ ॥ ૧ ॥ ધન્ય ધન્ય સંપ્રતિ સાચો રાજા )
એ દેશી ॥ રાગ આશાવરી.

પહેલે ભવ ધન સાર્થવાહે, સમક્તિ પામ્યા સારરે ॥ આરાધી બીજે ભવ પામ્યા, જુગલતણો અવતાર રે ॥ ૧ ॥ સેવો સમક્તિ સાચું જાણી, એ સવિ ધર્મની ખાણી રે નવિ પામે જે અભવ્ય અનાણી, એહવી જિનની વાણી રે ॥ સેવો૦ ॥ ૨ ॥ એ આંકણી ॥ જુગલ ચવિ પહેલે દેવલોકે, ભવ તિજે સુર થાયરે ॥ ચોથે ભવે વિદ્યાધર કુલે થયા, મહાબલ નામે રાય રે ॥ સેવો૦ ॥ ૩ ॥ ગુરૂ પાસે દીક્ષા પાલીને, અણુસણ કીધું અંતરે ॥ પાંચમે ભવે બીજે દેવલોકે, લલિતાંગ સુર દીપંતરે ॥ સેવો૦ ॥ ૪ ॥ દેવ-ચવી છઠ્ઠે ભવે રાજા, વજ્રજંઘ એણે નામેરે ॥ તીહાંથી સાતમે ભવે અવતરીઆ, જુગલા ધર્મશું ઠામેરે ॥ સેવો૦ ॥ ૫ ॥ પૂર્ણ આયુ કરી આઠમે ભવે, સુધર્મ દેવલોકે દેવરે ॥ દેવ તણી ઋદ્ધિ બહુલી પામ્યા, દેવતણા વળી ભોગરે ॥ સેવો૦ ॥ ૬ ॥ મુનિભવ જિવાનંદ નવમે ભવે, વૈદ ચવી થયો દેવરે ॥ સાધુની વૈયાવચ્ચ કરી, દિક્ષા લઈ

પાળે સ્વયમેવરે ॥ સેવો૦ ॥ ૭ ॥ વૈદ જીવ દસમે ભવે સ્વર્ગે, બારમે સુર હોય રે ॥ તિહાંકણે આયુ ભોગવી પુરૂં, બાવીસ સાગર જોયરે ॥ સેવો ૮ ॥ અગીઆરમે ભવે દેવ ચવીને, ચક્રી હુઓ વજ્રનાભરે ॥ દીક્ષા લઈ વીસ સ્થાનક સાધી, લીધો જિનપદ લાભરે ॥ સેવો૦ ॥ ૯ ॥ ચૌદ લાખ પૂર્વની દીક્ષા, પાલી નિર્મળ ભાવેરે ॥ સર્વાર્થ સિદ્ધ અવતરીયા, બારમે ભવ આયરે ॥ સેવો૦ ॥ ૧૦ ॥ તેત્રીસ સાગર આયુ પ્રમાણે, સુખ ભોગવે તિહાં દેવરે ॥ તેરમા ભવ કેરો હવેહું, ચરિત્ર કહું સંખેવરે ॥સેવો૦॥૧૧॥

( ઢાલ ॥ ૨ ॥ વાડી ફુલી અતિ ભલી મનભમરારે
એ દેશી )

જંબુદ્વીપ સોહામણું ॥ મન મોહનારે ॥ લાખ જોજન પરિમાણ ॥ લાલ મન મોહનારે ॥ દક્ષિણ ભરત ભલું તિહાં ॥ મન મોહનારે ॥ અનુપમ ધર્મનું ઠામ ॥ લાલ મન મોહનારે ॥ ૧ ॥ નયરી વિનિતા જાણીએ ॥ મન૦ ॥ સ્વર્ગપુરી અવતાર ॥ લાલ૦ ॥ નાભીરાય કુલગર તિહાં ॥ મન૦ ॥ મરૂદેવી તસ નારિ ॥ લાલ૦ ॥ ૨ ॥ પ્રીતિ ભક્તિ પાલે સદા ॥ મન૦ ॥ પીયુશું પ્રેમ અપાર ॥ લાલ૦ ॥ સુખ વિલસે સંસારનાં ॥ મન૦ ॥ સુરપેરે સ્ત્રી ભરથાર ॥ લાલ૦ ॥ ૩ ॥ એક દિન સૂતી માલીયે ॥ મન૦ ॥ મરૂદેવી સુપવિત્ર ॥ લાલ૦ ॥ ચોથ અંધારી અષાડની ॥ મન૦ ॥ ઉત્તરાષાઢા નક્ષત્ર ॥ લાલ૦ ॥ ૪ ॥ તેત્રીસ સાગર

આઉખે ॥ મન૦ ॥ ભોગવી અનુપમ સુખ ॥ લાલ૦ ॥ સર્વાર્થ સિદ્ધથી ચવી ॥ મન૦ ॥ સુર અવતરીઓ કુખ ॥ લાલ૦ ॥ ૫ ॥ ચઉદ સુપન દીઠાં તીસે ॥ મન૦ ॥ રાણી મધ્યમ રાત ॥ લાલ૦ ॥ જઇ કહે નિજ કંતને ॥ મન૦ ॥ સુપન તણી સવિ વાત ॥ લાલ૦ ॥ ૬ ॥ કંથ કહે નિજ નારીને ॥ મંન૦ ॥ સુપન અર્થ વિચાર ॥ લાલ૦ ॥ કુલ દીપક ત્રિભુવનપતિ ॥ મન૦ ॥ પુત્ર હોશે સુખ કાર ॥ લાલ૦ ॥ ૭ ॥ સુપન અર્થ પીઉથી સુણી ॥ મન૦ ॥ મન હરખ્યા મરૂદેવી ॥ લાલ૦ ॥ સુખે કરી પ્રતિપાલના ॥ મન૦ ॥ ગર્ભ તણી નિત મેવ ॥ લાલ૦ ॥ ૮ ॥ નવ માસવાડા ઉપરે ॥ મન૦ ॥ દિન હુવા સાઢાસાત ॥ લાલ૦ ॥ ચૈત્ર વદ આઠમ દીને ॥ મન૦ ॥ ઉત્તરાષાઢા વિખ્યાત ॥ લાલ૦ ॥ ૯ ॥ મજ્ઝિમ રયણીને સમે ॥ મન૦ ॥ જન્મ્યો પુત્ર રતન ॥ લાલ૦ ॥ જન્મ મહોચ્છવ તવ કરે ॥ મન૦ ॥ દિશીકુમરી છપ્પન્ન ॥ લાલ૦ ॥ ૧૦ ॥

( ઢાલ ॥ ૩ ॥ દેશી હમચડીની )

આસન કંપ્યું ઇંદ્રતણુંરે, અવધિજ્ઞાને જાણી ॥ જિનનો જન્મ મહોચ્છવ તવ કરવા, આવે ઇંદ્ર ઇંદ્રાણીરે ॥ હમચડી ॥ ૧ ॥ સુર પરિવારે પરિવર્યારે, મેરૂ શિખર લઈ જાય ॥ પ્રભુને નમણ કરીને પૂજી, પ્રણમી બહુ ગુણ ગાયરે ॥ હમચડી૦ ॥ ૨ ॥ આણી માતા પાસે મેહેલી, સુર સુરલોકે પહુંતા ॥ દીન દીન વાધે ચંદ્ર તણી પરે,

દેખી હરખે માતારે ॥ હમચડી૦ ॥ ૩ ॥ વૃષભ તણું લંછન પ્રભુ ચરણે, માત પિતાએ દેખી ॥ સુપન માંહે વલી જે પહેલો, દીઠો ઉજ્વલ વેષીરે ॥ હમચ૦ ॥ ૪ ॥ તેહુથી માત પિતાએ દીધું, ઋષભ કુમાર ગુણ ગેહ ॥ પાંચસે ધનુષ પ્રમાણે ઉંચી, સોવન વરણી દેહરે ॥ હમચડી૦ ॥ ૫ ॥ વીસ પુર્વ લખ કુમાર પણેરે, રહીયા પ્રભુ ઘરવાસે ॥ સુમંગલા સુનંદા કુંવારી, પરણ્યા દોય ઉલાસેરે ॥ હમચડી૦ ॥ ૬ ॥ ત્યાશી લાખ પૂર્વ ઘરવાસે, વસીય ઋષભ જિણંદ ॥ ભરતાદિક સુત શત હુઆરે, પુત્રી દોય સુખ કંદરે ॥ હમચડી૦ ॥ ૭ ॥ તવ લોકાંતિક સુર આવીનેરે, કહે પ્રભુ તીર્થ થાપો ॥ દાન સંવચ્છરી દેઈ દિક્ષા, સમય જાણી પ્રભુ આપેરે ॥ હમચડી૦ ॥ ૮ ॥ દીક્ષા મહોચ્છવ કરવા આવે, સપરિવાર સુરિંદો ॥ શિબિકા નામે સુદર્શનારે, આગલ ઠવે નરીંદરે ॥ હમચડી ॥ ૯ ॥

( ઢાલ ॥ ૪ ॥ રાગ મારૂ—એ દેશી )

ચૈત્ર વદી આઠમ દીનેરે, ઉત્તરાષાઢારે ચંદ ॥ શિબિકાયે બેસી ગયારે, સિદ્ધારથ વનચંદોરે ॥ ૧ ॥ ઋષભ સંયમ લીયે ॥ એ આંકણી ॥ અશોક તરૂતલે આવીનેરે, ચઉ મુઠી લોચ કીધ ॥ ચાર સહસ વડ રાજવીરે, સાથે ચારિત્ર લીધરે ॥ ઋ૦ ॥ ૨ ॥ ત્યાંથી વિચર્યા જિનપતિરે, સાધુતણે પરિવાર ઘરઘર ફરતાં ગૌચરીરે, મહીઅલ કરે વિહારરે ॥ ઋ૦ ॥ ૩ ॥ ફરતાં તપ કરતાં થકાંરે, વરસ

દિવસ હુઆ જામ ॥ ગજપુર નયર પધારીયારે, દીઠા શ્રેયાંસે તામરે ॥ ઋ૦ ॥ ૪ ॥ વરસી પારણું જિન જઇરે, શેલડી રસ તિહાં કીધ ॥ શ્રેયાંસે દાન દેઈનેરે, પરભવ શંબલલીધરે ॥ ઋ૦ ॥ ૫ ॥ સહસવરસ લગે તપતપીરે, કર્મ કર્યાં ચકચુર ॥ પુરિમતાલપુર આવીયારે, વીચરતાં બહુ ગુણપુરારે ॥ ઋ૦ ॥ ૬ ॥ ફાગણ વદિ અગીયારસેરે, ઉત્તરાષાઢારે યોગ ॥ અઠ્ઠમ તપ વડહેઠલેરે, પામ્યા કેવલ નાણરે ॥ ઋષભ૦ ॥ ૭ ॥

( ઢાલ ॥ ૫ ॥ કપુર હોવે અતિ ઉજલોરે—એ દેશી. )

સમવસરણ દેવે મલીરે, રચિયું અતિહિ ઉદાર ॥ સિંહાસન બેસી કરીરે, દીએ દેશના જિન સાર ॥ ચતુરનર ॥ ૧ ॥ કીજે ધર્મ સદાઇ, જિમ તુમ શિવસુખ થાય ॥ ચતુરનર૦ ॥ કીજે૦ ॥ એ આંકણી ॥ બારે પરખદા આગલેરે, કહે ધર્મ ચ્યારે પ્રકાર ॥ અમૃત સમ દેશના સુણીરે પ્રતિ બોધ્યા નરનાર ॥ ચતુરનર૦ ॥ ૨ ॥ ભરતતણા સુત પાંચસેરે, પુત્રી સાતસેં જાણ ॥ દિક્ષા લીયે જિનજી કનેરે, વૈરાગે મન આણ ॥ ચતુરનર૦ ॥ ૩ ॥ પુંડરીક પ્રમુખ થયારે, ચોરાસી ગણધાર ॥ સહસ ચોરાસી તિમ મલીરે, સાધું તણો પરિવાર ॥ ચતુરનર૦ ॥ ૪ ॥ બ્રાહ્મી પ્રમુખ વલી સાહુણીરે, ત્રણ લાખ સુવિચાર ॥ પાંચ સહસ ત્રણ લાખ ભલારે, શ્રાવક સમકિત ધાર ॥ ચતુરનર૦ ॥ ૫ ॥ ચોપન સહ પંચ લાખ કહીરે, શ્રાવિકા

શુદ્ધ આચાર ॥ ઈમિ ચઉવિહ સંઘ થાપીનેરે, ઋષભ કરે વિહાર ॥ ચતુરનર૦ ॥ ૬ ॥ ચારિત્ર એક લખ પૂર્વનુંરે, પાલ્યું ઋષભ જિણંદ ॥ ધર્મ તણે ઉપદેશથીરે, તાર્યા ભવિજન વંદ ॥ ચતુરનર૦ ॥ ૭ ॥ મોક્ષ સમય જાણી કરીરે, અષ્ટાપદ ગીરિ આય ॥ સાધુ સહસ દશસું તિહાંરે, અણુસણ કીધું ભાવ ॥ ચતુરનર૦ ॥ ૮ ॥ મહા વદી તેરસ દીનેરે, અભિજીત નક્ષત્ર ચંદ્ર યોગ ॥ મુક્તિ પહોત્યા ઋષભજીરે, અનંત સુખ સંજોગ ॥ ચતુરનર૦ ॥ ૯ ॥

( ઢાલ ॥ ૬ ॥ રાગ ધનાશ્રી ॥ કડખાની—એ દેશી. )

તું જયો તું જયો, ઋષભ જિન તું જયો, અલ- જયો હું તુમ દરસન કરવા ॥ મેહેર કરો ઘણી, વિનવું તુમ ભણી, અવર ન કોઇ કોઈ ઘણીજગ ઉધરવા ॥ તુજ૦ ॥ ૧ ॥ જગમાંહે મેહને મોર જિમ પ્રીતડી, પ્રીતડી જેહવી ચંદ્ર ચકોરા ॥ પ્રીતડી રામ લક્ષ્મણ તણી જેહવી, રાત દિન નામ ધ્યાયું દરસ તોરા ॥ તુજ૦ ॥ ૨ ॥ શિતલ સુરતરૂ તણી તીહાં છાંયડી, શીતલો ચંદ ચંદન ઘસારો ॥ શીતલું કેલ કપુર જિમ શીતલું, શીતલો તિમ મુઝમન મુખ તમારો ॥ તુજ૦ ॥ ૩ ॥ મીઠડો શેલડી રસ જિમ જાણીએ, ખટરસ દ્રાખ મીઠી વખાણી ॥ મીઠડી આંબલા શાખજિમ તુમ તણી, મિઠડી મુજમન તિમ તુમ વાણી ॥ તુજ૦ ॥ ૪ ॥ તુમ તણા ગુણ તણો [૧] પારહું નવિ લહૂ, એક જીભે કેમ મેં કહીજે ॥ તાર મુજ તાત

સંસાર સાગર થકી, રંગશું શીવરમણી વરીજે ॥તુ૦॥ ૫ ॥

કલશ ॥ ઇમ ઋષભ સ્વામી, મુક્તિગામી ચરણ નામી શીરએ ॥ મરૂદેવી નંદન સુખ નંદન, પ્રથમ જિન જગદીશએ ॥ મનરંગ આણી, સુખવાણી, ગાઈઓ જગ હિતકરૂ ॥ કવિરાય લબ્ધિ જિન સુરસેવક પ્રેમ વિજય આનંદ વરે ॥ ઇતિ શ્રી રૂષભસ્વામીના તેર ભવનું સ્તવન ॥

---

# श्री मल्लीनाथनुं स्तवन

॥ દુહા ॥ નવપદ સમરી મનશુદ્ધ, વલી ગૌતમ ગણધાર ॥ સરસ્વતી માતા ચિત્ત ધરૂં, વાધે વચન ઉદાર ॥ ૧ ॥ મલ્લીનાથ ઓગણીસમા, જિનવર જગમાં જેહ ॥ ગુણ ગાઈશું તેહના, સુગુણ સુણો ધરી નેહ ॥ ૨ ॥ કિણ દેડી કિણ નગરમેં, કવણ પિતા કુણ માત ॥ પાંચ કલ્યાણક પરગડા, વિગત કરી કહું વાત ॥ ૩ ॥

( ઢાલ ॥ ૧ ॥ રામચંદકે બાગમે ચંપો મોય રેહ્યોરી ) એ દેશી.

ઇણહીજ જંબુદ્વીપ, ક્ષેત્ર ભરત સુખકારી ॥ નયરી મિથિલા નામ, અલકાને અણુહારિ ॥ ૧ ॥ તિહાં નૃપ કુંભ નરેસર રાય, રાણી પ્રભાવતી નામે ॥ શીયલ ગુણ સમિહિત, જસ પસર્યો ઠામો ઠામે ॥ ૨ ॥ એક દિવસે તે નાર, સુતી સેજ મોઝારિ ॥ દેખી ચૌદે સુપન, તે

જાગી તિણિવારે ॥ ૩ ॥ પતિની પહોતી પાસ, સુપન સહું તે કહીયા ॥ નૃપ હરખ્યો મન માંહે, અનુપમ હેતે લહીયા ॥ ૪ ॥ સુપન તણે અનુસાર, પુત્રી હોશે પુન્ય-વંતી ॥ અરથ સુણીને તેહ, ઘરપોહોતી ગહગહતી ॥ ૫ ॥ કહું પુર્વ ભવ વાત, જિહાંથી ચવી આવ્યા ॥ વીતશોકા નામે નગરી, મહાબલ નામ કહાયા ॥ ૬ ॥ તે મલીયા છએ મિત્ર, સહૂ મલી દીક્ષા લીધી ॥ મહાબલ વંચ્યા મિત્ર, તપમે માયા કીધિ ॥ ૭ ॥ સેવ્યાં સ્થાનક વીસ, ગોત્ર તીર્થંકર બાંધ્યો ॥ સ્ત્રી વેદ ઉદાર, પુન્યમેં પાપએ સાધ્યો ॥ ૮ ॥ અણસણ કરીય તે વાર, જિન ધર્મશું લય લઈ ॥ છએ જીવ જયન્ત વિમાન, સુર પદ્રી તીહાં પાઈ ॥ ૯ ॥

(ઢાલ ॥ ૨ ॥ શ્રી ચંદ્રપ્રભુ પાહુણો રે ॥ એ દેશી)

ઇણહીજ જંબુદ્રીપમાંરે, ભરત ક્ષેત્ર કહેવાયરે ॥ છએ મિત્ર તિહાં જે ઉપનારે, તે સુણજ્યો ચિતલાયરે ॥ ઇણ-હીજ૦ ॥ ॥ ૧ ॥ પડિબુદ્ધા ઇખ્ખવાગમાંરે, વદછાય અંગરાયરે ॥ શંખ કાશીનો રાજીયોરે, રૂપી કુણાલ કહાયરે ॥ ઈણિહીજ ॥ ૨ ॥ આદિત શત્રુ કુરુ દેશમાંરે, જિતશત્રુ પંચાલ કહાયરે ॥ જયંતથી ચવી તે સહુરે, ઈહાં અવતાર લહાયરે ॥ ઇણહીજ૦ ॥ ૩ ॥ મહાબલ જીવ તિહાં થકીરે, પુન્યવંત પ્રધાનરે ॥ ફાગણસુદી ચોથનેરે, ચવિયા શ્રી જયંતવિમાનરે ॥ ઈણ૦ ॥ ૪ ॥ પ્રભાવતી ઉર અવતર્યારે,

માસ હુઆ જવ તીનરે ॥ ડોહલો એવો ઉપનોરે, વિષ્ણુ પૂજ્યા રહે દીનરે ॥ ઇણુહીજ૦ ॥ ૫ ॥ જલ થલ ઉપના ફૂલનીરે, સુવું સેજ બિછાયરે ॥ પાંચ વરણુ ફૂલચંદુઆરે, સુગંધ સરૂપ સહાયરે ॥ ઈણુહીજ૦ ॥ ૬ ॥ નવસરો હાર ફૂલાં તણોરે, હું પેહેરૂં મનરંગ ॥ વાણુવ્યંતર તે દેવતારે, પુરે તેહ સુગંધરે ॥ ઈણુહીજ૦ ॥ ૭ ॥ મૃગસીર શુદી અગીઆરસેરે, જાયી પુત્રી રતનરે ॥ અર્ધ નીશા વીત્યા પછીરે, માતાજી હરખી મનરે ॥ ॥ ઈણુહીજ૦ ॥ ૮ ॥

(ઢાલ ॥ ૩ ॥ આદર જીવ ક્ષમા ગુણુ આદર ॥ એ દેશી)

છપ્પન્ન કુમરિ આઈ તિહાં હરખે, જિનવર વંદી પાયજી ॥ જન્મ મહોચ્છવ કરીય જુગતીસું, ગઈ નિજગૃહ મતિ લાયજી ॥ છપ્પન્ન૦ ૧ ॥ ચોસઠ ઇંદ્ર તિહાંકણે આવી, મેરૂશિખર નવરાયજી ॥ ગીત મધુર ધ્વનિ નાટક કરકે, મુકી ગયા નિજ ઠામજી ॥ છપ્પન્ન૦ ॥ ૨ ॥ હવે પ્રભાત થયો કુંભ રાજા. જન્મ મહોચ્છવ કીધજી ॥ દશ ઉઠાણે બહુ જન જમાવી, મલ્લિ કુંવરી નામ દીધજી ॥ છપ્પન્ન૦ ॥ ૩ ॥ એક શત વરસ થયા કેઈ ઉણા, અવધિ પ્રયુંજી જ્ઞાનજી ॥ પૂર્વભવ છએ મિત્રો કેરા, લહી આવાગ મને નામજી ॥ છપ્પન્ન૦ ॥ ૪ ॥ તે મુજ રૂપે મોહ્યા સઘલા, આસા એણે ઠામજી ॥ ઈમ જાણી કુંવરીગૃહ માંહે, કનક મૂર્તિ કરી તામજી ॥ છપ્પન્ન૦ ॥ ૫ ॥ મસ્તકે રોજ કવલ એક મુકે, આપ જિમે તિણે માંહીજી ॥ દિવસ કેતે તે દુર્ગંધ

પ્રગટી, મિત્રો દેખાઈ ઉછાંહીજી ॥ છપ્પન્ન૦ ॥ ૬ ॥ તે દેખી છએ મિત્ર પ્રતિ બોધ્યા, સહૂ ગયા નિજ નિજ ગેહજી ॥ હવે મલ્લી દીક્ષા અવસર જાણી, દે વર્ષીદાન તેહજી ॥ છપ્પન્ન૦ ॥૭॥

(ઢાલ ॥ ૪ ॥ જિન પ્રતિમા હો જિન સારીખી કહી ॥ એ દેશી)

॥ મૃગશીર શુદી અગીઆરસે આવીયા, તીનસે નર લઈ સાથ ॥ તીનસે નારી હો વલી લીધી દિક્ષા, છોડી સહુ ઘર આય ॥ મૃગસીર૦ ॥ ૧ ॥ તીણહીજ દિન સંધ્યા સમય થયાં, લહીયે કેવલ નાણ ॥ તત્ક્ષણ સમવસરણ દેવે કીધાં, સીધ્યાં સઘલા કાજ ॥ મૃગ૦ ॥ ૨ ॥ પરખદા બારહ લહી બેઠાં તિહાં, સુણી ધર્મ ધરિ નેહ ॥ તીણ સમે છએ મિત્ર પણ આવીયા, લઈ દિક્ષા તજી નેહ ॥ મૃગ૦ ॥ ૩ ॥ અઠ્ઠાવીશ ગણધર થાએ જિનવરને, સાધુ સહસ ચાલીશ ॥ સાધ્વી સહસ પંચાવન જેહને, કરે ધર્મ નિશદીશ ॥ મૃગ૦ ॥ ૪ ॥ સહસ ચોરાસી એક લખ શ્રાવક, શ્રાવકણી લખ તીન ॥ સહસ પાંસઠ છે ઉપર જેહને, તપ જપ કરે નીસ દીન ॥ મૃગ૦ ॥ ૫ ॥ સહસ પંચાવન આયુ પાલીને, ઉપશમ ધરીયે ઉદાર ॥ પરઉપગારી હો શ્રી જિનવર તણો, નામ લીયે નિસ્તાર ॥ મૃગ૦ ॥ ૬ ॥ પાંચસે સાધુ અઢીસેં સાધવી, લઈ સાથે પરીવાર ॥ સમેતશિખરે જિનવર ચાલીયા, સમિતિ ગુપ્તિ સુવિચાર ॥ મૃગ૦ ॥ ૭ ॥

(ઢાલ ॥ ૫ ॥ આજહો પરમારથ પાયો ॥ એ દેશી)

મલ્લિહો સમેતશિખર સિધાયા, ગિરિવર દેખી બહુ

સુખ પાયા ॥ સઘલાં સાધ્યારે મન ભાયા, છોડી સકલ સંસારની માયા ॥ મલ્લિ૦ ॥ ૧ ॥ સહૂ જીવનાં પુઢવી પદ પમજ્જણુ કીધા, સાધના મન વંછીત સિદ્ધા ॥ ડાભ સંથારે સુમન વીધા; ધર્મ શુકલ ધ્યાન સાથે લીધા ॥ મલ્લિ૦ ॥ ૨ ॥ ચોરાસી લખ જીવ ખમાયા, પાપ અઢારે દૂર ગમાયા ॥ સિદ્ધિવધૂ મિલવા ઉમાયા, પડિલેહી છોડી નિજ કાયા ॥ મલ્લિ૦ ॥ ૩ ॥ સાધવી અંતર પરખદ રહીયે, બારહ પરખદા સાધુની કહીયે ॥ કાઉસ્સગ્ગ કરીને કાયા દહીયે, સિદ્ધ ધ્યાનસું શિવપદ લહીયે ॥ મલ્લિ૦ ॥ ॥ ૪ ॥ રૂતુ વસંત ફાગણુ સુખદાઈ, શુકલપક્ષ બારસ અતિસા સાઇ ॥ અરધી નીશા જીમ ભરણી આઈ, તબ મલ્લિ નિજ મુગતિ સીરી પાઈ ॥ મલ્લિ૦ ॥ ૫ ॥ અવિનાશી અવિકાર કહાઈ, પરમ અતીંદ્રિય સુખ લહાઈ ॥ સમાધાન સરવગ સહાઈ, પરમ રસ સરવંગ સહાઈ મલ્લિ૦ ॥ ૬ ॥ સિદ્ધ બુદ્ધ અવિરૂદ્ધ એ કહીયે, આદિ ન કોઈ એહનો લહાયે ॥ મૃગશિર સુદ અગીઆરસ આયા, જિન વચને કરી સદહીએ ॥ મલ્લિ૦ ॥ ૭ ॥

॥ કલશ ॥ સંવત સત્તર વરસ છપ્પન્ન, આસો માસ ઉદાર એ ॥ પ્રતિપદા તિથિ શુકલ પક્ષે, જેસલમેર મોઝાર એ ॥ પ્રધાન પાઠક શ્રી કુશલ ધીરે, ગુરૂએ સાંનિધ્ય કરી ॥ એ સ્તવન કીધો કુશલ લાભે, ધર્મ માર્ગ મનમેં ધરી ॥ ઇતિ શ્રી મલ્લિનાથજી જિન સ્તવન ॥

# श्री नेमनाथजीनुं स्तवन

॥ ઢાલ ॥ ૧ ॥ સરસતી સામિણી પાય નમુંજી, ગાયશું નેમિ જિણંદ ॥ સમુદ્રવિજય કુલે ઉપનોજી, પ્રગટયો પુનમચંદ ॥ સુણો નર નેમ સમો નહી કોય ॥ સૌરીપુરનો રાજીઓજી, શિવાદેવી સુત સોય ॥ સુણોનર૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ ચૌદ સુપન સુચિત ભલાજી, જનમ્યા નેમિ કુમાર ॥ જોબન વય પ્રભુ આવીયાજી, સકલ લોક શણગાર ॥ સુણો૦ ॥ ૨ ॥ એક દીન આવે મલપતાજી, આયુધ-શાલા જ્યાંય । શંખ ચક્રને ગદા ભલીજી, સારંગ ધનુષ ત્યાંહ ॥ સુણો૦ ॥ ૩ ॥ નેમિ ધનુષ ચઢાવીયોજી, ચક્ર ભમાડયું ત્યાંહ ॥ ગદા ઉપાડી ફેરવીજી, શંખલીઓ કરમાંહ ॥ સુણો૦ ॥ ૪ ॥ નેમિ વજાવે શંખનેજી, નાદે ડોલ્યારે ઇંદ્ર ॥ શેષનાગ પાતાલમાંજી, ગગને તારાચંદ્ર ॥ સુણો૦ ॥ ૫ ॥ વનમાં બીન્યા મૃગપતીજી, હંસ સરોવર કંઠ ॥ નારી બીનીકામિનીજી, આલંબી પીયા કંઠ ॥ સુણો૦ ॥ ૬ ॥ શબ્દ સુણ્યો જબ શંખનોજી, કરતો કૃષ્ણ વિચાર ॥ કહે કુણ વયરી ઉપનોજી, રાજ લીયે નિરધાર ॥ સુણો૦ ॥ ૭ ॥ હરિ હેલમાંહે આવિયાજી, જ્યાંછે નેમિ કુમાર ॥ મુખથી મીઠું બોલતાંજી, હીયડે રોષ અપાર ॥ સુણો૦ ॥ ૮ ॥ કૃષ્ણ કહે સુણો રાજીયાજી, નેમિ નિરૂપમ નામ ॥ બલ પરીક્ષા ઈહાં કીજીએજી, આછે અનોપમ ઠામ ॥ સુણો૦ ॥ ૯ ॥ કૃષ્ણે કર લંબાવીયોજી, ઝાલી નેમ કુમાર ॥ કણયર કાંબ

જિમ વાલીયોજી, ક્ષણ નવ લાગી વાર ॥ સુણો૦ ॥ ૧૦ ॥ કૃષ્ણે કર ધર્યો નેમનોજી, વાલ્યો કિમહી ન જાય ॥ નેમે કૃષ્ણ ધંધોલીઓજી, હરી મન ઝાંખો થાય ॥ સુ૦ ॥ કૃષ્ણ વલ્યા ઘર આપણેજી, ચિત્ત હૃદય મોઝાર ॥ બત્રીસ સહસ અંતેઉરીજી, બોલાવી ઘર નાર ॥ સુ૦ ॥ ૧૨ ॥ નેમ કુંવર છે લાડકાજી, બંધવ શ્યામ શરીર ॥ વિવાહ તાસ મનાવવાજી, પેહેરો કંચુક ચીર ॥ સુણો૦ ॥ ૧૩ ॥

॥ ઢાલ ॥ ૨ ॥ ટોલે મીલિ સવિ હરની નારી, પ્રમદા પહોતી ગઢ ગીરનારી, ખંડોખલી માંહિ ભરીઉ નીર, ઝીલે પહેરી આછાં ચીર ॥ ૧ ॥ નેમ તણો ઇમ ઝાલી હાથ, હાસ્ય વિનોદ કરતી નેમ સાથ ॥ સોવન શૃંગી નીરે ભરી, છાંટે નેમ કુંવરને ફીરી ॥ ૨ ॥ એક મુખ નેમ કુમારનું ધુએ, વદન એક ચીર જઈ લુહે ॥ દેવર મારા સુંદર સાર, પરણો નારી નેમ કુમાર ॥ ૩ ॥ ભોલા દેવર કરો વિચાર, નારી વિના કુણ કરસે સાર ॥ ભોયણ સુયણ ફોફલ પાન, નારી વિના કુણ દેશે માન ॥ ૪ ॥ નારી વિના નર હાલી હોય, બાર પરૂણો નાવે કોય ॥ સાધુ સાધવી શ્રાવક સોય, ભક્તિ કરે જો સ્ત્રી ઘર હોય ॥ ૫ ॥ નેમ કહે સુણો ભાભી વાત, એ પ્રીછું હું સવિ અવદાત ॥ નારી મોહે જે નર પડયા, સાતે નરકે તે રડવડયા ॥ ૬ ॥ એ નારી નવ કેહની હોય, તું પણ હૃદય વિચારી જોય ॥ સુરનર કિંનર દાનવ જેહ, નારી આપ્યા તેહને છેહ ॥ ૭ ॥ ભોજમુજ

પરદેશી જેહ, શબ્દ વિડંબ્યા નારી તેહ ॥ દીક ધનને જિમ નારી નડચો, રાય ભર્તુહરિ ઇમ રડવડચો ॥ ૮ ॥ બ્રહ્મરાય ઘર ચુલણી જેહ, પોતે પુત્ર મરાવે તેહ॥ ગૌતમ ઋષિની અહલ્યા નાર, ઈંદ્ર ભોગવે ભુવન મઝાર ॥ ૯ ॥ એ નારીનો જુઓ વિચાર, જોતાં કાંઈ નવ દીસે સાર ॥ સમજ્યા તે નર મુકી ગયા, નવિ સમજ્યા તે ખુંચી રહ્યા ॥ ૧૦ ॥ અક્કલ ગઈ નરની વલી એમ, જિહાંથી પ્રગટચા તિહાં બહુ પ્રેમ ॥ ઉત્પત્તિ જોઈ ન તું આપણી, સમજી મુક તે મતા પાપિણી ॥ ૧૧ ॥ માત પિતાને જોગે વલી, શોણી શુક્ર ગયા બહુ મિલી ॥ જગ સઘલો તિહાં જઈ ઉપનો, નાનો મોટો એમ નીપનો ॥ ૧૨॥ તો તે સાથે શો વલી રંગ, ન કરૂં નારીકેરો સંગ॥ ભોગ કરંતાં હિંસા બહુ, નરનારી તુમે સુણજ્યો સહૂ ॥ ૧૩ ॥ બેઈંદ્રિ પંચેંદ્રિ જેહ નવ નવ લાખ કહીજે તેહ ॥ મનુષ્ય અસંખ્ય સંમૂર્છિમ જાણી, ભોગ કરંતાં તેહની હાણ ॥ ૧૪ ॥ ઈસ્યાં વચન જમ નેમે કહ્યાં, અંતેઉર સવિ ઝાંખાં થયાં ॥ કૃષ્ણ રાય પ્રત્યે જઈ કહે, નેમનાથ ગૃહ વાસે નવિ રહે ॥૧૫॥ ગૌરી ગંધારી લક્ષ્મણા, રૂક્મિણી બોલ કહે તિહાં ઘણા ॥ જંબુ-વતીને સુસીમા સતી, સત્યભામાને પદ્માવતી ॥ ૧૬ ॥ પટરાણી એ હરિની હશે, દેવર મતિ કાંતાહારી ખસે ॥ ઋષભ દેવ સામુ નવિ જોય, જન્મ કુંવારો ન રહ્યો કોય ॥ ૧૭ ॥ ભરતરાય તો પરણ્યો ખરી, ચઉ સઠિ સહસ જો અંતઉરી ॥ હમણાં તારો બંધવ ભલો, બત્રીસ સહસ નિરવહે એકલો

॥ ૧૯ ॥ ઇસ્યાં વચન કહે હરીની નારી, પાસે ઉભા દેવમુરારિ નેમ ન બોલ્યા મુખથી ફરી, માન્યું માન્યું કહે સુંદરી ॥ ૨૦ ॥

॥ ઢાલ ॥ ૩ ॥ ઉગ્રસેન ઘર બેટડી, મન ભમરારે ॥ નામે રાજુલ નાર, લાલ મન ભમરારે ॥ કૃષ્ણ દેવ તિહાં આવિયા ॥ મન૦ ॥ રાય તણે દરબાર ॥ લાલ મન૦ ॥ ૧ ॥ ઉગ્રસેન ઘણું હરખીયા મન૦ ॥ ધન્ય ધન્ય દિન મુજ આજ ॥ લાલ૦ ॥ હરી આવ્યા મુજ આંગણે ॥ મન૦ ॥ તો સરીઆં સવિ મુજ કાજ ॥ લાલ૦ ॥ ૨ ॥ કૃષ્ણ કહે સુણો રાજીયા ॥ મન૦ ॥ મુજ બંધવ તુજ ધુઅ ॥ લાલ ॥ પ્રેમ ધરી પરણાવીયે ॥ મન૦ ॥ જિમ વાધે બહુ નેહ ॥ લાલ૦ ॥ ૩ ॥ હરી વિવાહ મેલીઓ ॥ મન૦ ॥ નેમ તણો નિરધાર ॥ લાલ૦ ॥ મંડપ ઘાલ્યો બારણે ॥ મન ભમરારે ॥ તોરણું બાંધ્યા સાર ॥ લાલ૦ ॥ ૪ ॥ ખાજાં લાડુ લાપશી ॥ મન૦ ॥ અતિ પ્રૌઢાં પકવાન ॥ લાલ૦ ॥ જમો જલેબી પાતળી ॥ મન૦ ॥ જીમ વાધે નિજવાન ॥ લાલ૦ ॥ ૫ ॥ પેંડા મરકી મને ગમે ॥ મન૦ ॥ તનમની કોહળા પાક ॥ લાલ૦ ॥ ઉપર ભોજન અતિ ભલાં ॥મન૦॥ સુંદર શોભિત શાક ॥લાલ૦॥ ૬ ॥ સજન કુટુંબ સંતોષીયા ॥ મન૦ ॥ નેમ વધાર્યો વાન ॥ લાલ૦ ॥ ખુંપ ભર્યો શિર શોભતો ॥ મન૦॥ મુખ ચાવે બહુ પાન ॥ લાલ૦ ॥ ૭ ॥ કાને કુંડલ રયણમઈ

॥ મન૦ ॥ કમર બાંધીરે કમાય ॥ લાલ૦ ॥ ચામર વિંઝે ચિહું દિસે ॥મન૦॥ ગજ ચઢીયા નેમરાય ॥ લાલ૦ ॥ ૮ ॥ ચીર પીતાંબર પામરી ॥ મન૦ ॥ કંઠે કુસુમનો હાર ॥ લાલ૦ ॥ ગજરથ ઘોડા પાલખી ॥ મન૦ ॥ આગલ બહુ અસવાર ॥ લાલ૦ ॥ ૯ ॥ છપ્પન્ન કોડિ યાદવ મલ્યા ॥ મન૦ ॥ ચાલી જિનવર જાન ॥ લાલ૦ ॥ કોકિલ કંઠ કામિની ॥મન૦॥ ગોપી કરે તિહાં ગાન ॥ લાલ૦ ॥૧૦॥ ઢોલ દદામા ગડગડે ॥ મન૦ ॥ પંચ શબ્દ તિહાં સાર ॥ લાલ૦ ॥ તોરણ આવ્યા નેમજી ॥ મન૦ ॥ સુણીઓ પશુનો પોકાર ॥ લાલ૦ ॥ ૧૧ ॥

॥ ઢાલ ॥ ૪ ॥ હરિણી કહે સુણો કંથ હમારા, હમણાં પ્રાણ હણશે તુમારા ॥ એ આવે જિન નેમ કુમારા, કર કાંઈ તુ આતમ સારા ॥ ૧ ॥ હરણો કહે સહુકો ખેમ, અતિ અપરાધે, મહણે નેમ ॥ વિણ અવગુણ પ્રભુ કિમે ન મારે, હરણો વચન વદે તિણવારે ॥ ૨ ॥ હું ન કરૂં પરકેરી આશ, જઈ જંગલમાં પુરૂ વાસ ॥ પર્વત પાણી ચરિ ઘાસ, નવી ઠાકુર નહી કહી દાસ ॥ ૩ ॥ વિણ અપરાધે મૃગને મારે, તે નર ભમશે ગતિ જો ચ્યારે ॥ વાત કરે નર પશુઅ પોકારે, શબ્દ સુણીને આપ વિચારે ॥ ૪ ॥ જો પરણું તો પશુ હણાય, મુજ અનુકંપા નાઠી જાય ॥ ભોગ ભોગવી કુણ દુઃખીયો થાય, નેમનાથ રથ ફેરી જાય ॥ ૫ ॥ વરસી જે દીધું દાન, સહસ પુરૂષ શું

સંયમ ધ્યાન ॥ ચોપન દિન છદ્મસ્થા માન, નેમે પામ્યું કેવલ જ્ઞાન ॥ ૬ ॥

॥ ઢાલ ॥ ૫ ॥ રાજીમતી તો પુંઠે જાય, નેમ વિના દુઃખ સબલો થાય ॥ કહે કંથ મુજ અવગુણી, નીર વિના કિમ રહે પોયણી ॥ ૧ ॥ અષ્ટ ભવાંતર આગે નેહ, તો કિમ આપે હમણાં છેહ ॥ સ્વામી કઠિન હૃદય મત કરો, પરણવાને પાછા વલો ॥ ૨ ॥ ઇસ્યાં વચન ભાખે મુખ તિહાં, વાઘ સિંહ બોલે વન માંહે ॥ હીયડે ચિંતે રાજુલ નારી, કીશાં કરમ કીધાં કીરતાર ॥ ૩ ॥ કે મેં જલમાં નાંખ્યા જાલ, કે મેં માય વિછોહ્યાં બાલ ॥ કે મેં સતીને ચડાવ્યાં આલ, કે મેં ભાખી વિરૂઈ ગાલ ॥ ૪ ॥ કે મેં વન દાવાનલ દીયા, કે મેં પરધન વંચી લીયા ॥ કે મેં શીલ ખંડના કરી, તો મુજને નેમે પરિહરિ ॥ ૫ ॥ ઇસ્યાં વચન ભાંખે સુંદરી, નેમ તણે પાસે સંચરી ॥ સ્વામી વચન સુણ્યાં જબ સાર, મનથી ચિંતે અથીર સંસાર ॥૬॥ રાજિમતી વૈરાગીણી થઇ, હારદોર તિહાં છોડે સહી ॥ કંકણ ચુડી અલગી ઠવી, લઈ સંયમને હૂઈ સાધવી ॥ ૭ ॥ સુણી વ્યાખ્યાન વળી એક મને, ત્રુટચો મેઘ ચમકી કામિની ॥ વસ્ત્ર લાગ્યું કાચું નીર, ભીનું રાજુલ તણું શરીર ॥ ૮ ॥ રહનેમી ઉભા છે જિહાં, રાજુલ વસ્ત્ર સુકવતી તિહાં ॥ રહનેમી દીઠાં સુંદરી, પરવશ પુતાં તવ ઇંદરી ॥ ૯ ॥ પ્રગટ થઈ નર બોલ્યો યતિ, ભાભી દુઃખમ ધરસ્યો રતિ ॥ નેમ

ગયો તો મુજને વરો, કામ ભોગ મુજ સાથે કરો ॥૧૦॥ અંગ વિભૂષણુ સવિ આદરો, નગર અમારે પાછા ફરો ॥ તુજ કારણુ હું મુકું જોગ, જો તું મુજસ્યું વિલસે ભોગ ॥૧૧॥ એક વચન માનો સુંદરી, આગલ સંજમ લેજો ફરી ॥ કુપ છાંયડી કરપી જેમ ધન્ન, વિસમે ઠામે ઉગ્યું છે વન ॥૧૨॥ તેના ફલ જેમ તિહાં વિસમે, તિમ તું યોવન કાં એળે ગમે ॥ રાજુલ કહે સુણુ મુઢ ગત આણુ, પશ્ચિમ દીશે ઉગે જો ભાણુ ॥ ૧૩ ॥ ચંદ્ર થકી વરસે અંગાર, તોહે ન વાંછું તુજ ભરથાર ॥ પર્વત પાણી પાછાં ચઢે, કાયર સુરા જયમ જો વઢે ॥ ૧૪ ॥ પાપ કરીને પામે લીલ, તોએ ન ખંડુ મારૂં શીલ ॥ વમી વસ્તુને શું આદરે, વિષય કાજે કાં દુર્ગતિ ફરે ॥ ૧૫ ॥ રહનેમી મન ઝાંખો થયો, હે હે વચન કિશ્યોમેં કહ્યો ॥ ઉત્તમ કુલીન ન રહી લાજ, ધિગ ધિગ તું રે વિરૂઆ કાજ ॥ ૧૬ ॥ આતમ નિંદા કરતો આપ, મુજ ભાઈ પોઢાં લાગ્યાં પાપ ॥ નેમ તણાં જે વંદે પાય, લેઈ સંયમને મુક્તિ જાય ॥ ૧૭ ॥ રાજિમતી તિહાં બહુતપ તપે, અરિહંત નામ હૃદયમાં જપે ॥ નેમે તારી ઘરની નાર, રાજુલ મુકી મુગતિ મોઝાર ॥ ૧૮ ॥

॥ ઢાલ ॥ નેમનાથ નિત્ય વંદો બાવીસમારે, વંદોરે નેમનાથ રાજેમતિરે ॥ સંવત સોલ સત સટ્ઠિ સંઘ સહુ સાંભલોરે ॥ પોસમાસ સુદ બીજે ગુરૂરે ॥ સ્થંભ નયર માંહે જિન થુણ્યોરે ॥

॥ કલશ ॥ ઇમ નેમિજિનવર, પુણ્ય દિનકર, સકલ ગુણ મણિ સાગરો ॥ જસ નામ જપતાં કર્મ ખપીએ, છુટીએ ભવ આગરો ॥ તપગચ્છ મુનિવર સકલ સુખકર શ્રી વિજયસેન સૂરીસરો ॥ તસ તણો શ્રાવક ઋષભ બોલે, થુણ્યો નેમિ જિણેસરો ॥ ઇતિ શ્રી નેમિનાથ સ્તવન સંપૂર્ણ.

---

# श्री महावीर स्वामीनुं सत्तावीस भवनुं स्तवन

॥ મારૂં મન મોહ્યુંરે શ્રી સિદ્ધાચલેરે ॥ એ દેશી ॥

॥ પહેલાને સમરૂં પાસ સંખેશ્વરોરે, વલી શારદ સુખકંદ ॥ નિજ ગુરૂ કેરારે ચરણ કમલ નમુંરે, થુણશું વીર જીણંદ ॥ ભવિ તમે સુણોરે, સત્તાવીસ ભવ મોટકારે ॥ ૧ ॥ એ આંકણી ॥ નયસાર નામેરે અપર વિદેહમાંરે, મહિપતિને આદેશ ॥ કાષ્ટ લેવા નર વન ગયો પરિકરારે, ગિરિગહનને પરદેશ ॥ ભવિ૦ ॥ ૨ ॥ આહાર વેલારે રસવતિ નિપનીરે, દાનરૂચી ચિત્તલાય ॥ અતિથિ જુએરે ઇણ અવસરેરે, ધરી અંતરથી ભાવ ॥ ભવિ૦ ॥ ૩ ॥ પુણ્ય સંયોગેરે મુનિવર આવિયારે, માર્ગ ભૂલ્યા છે તેહ ॥ નિરખી ચિંતેરે ધન્ય મુજ એ ભાગ્યનેરે, રોમાંચિત થયા દેહ ॥ ભવિ૦ ॥ ૪ ॥ નિરવદ્ય આહાર દેઇને ઈમ કહેરે, નિસ્તારો મુજ સ્વામ ॥ જોગ જાણીને મુનિ દીયે દેશનારે, સમકિત લહ્યો અભિરામ ॥ ભવિ૦ ॥ ૫ ॥ માર્ગ દેખાડી

વાંદીને વળ્યારે, સમરંતો નવકાર ॥ દેવગુરૂ ધર્મ તત્ત્વને આદરીરે, શાસ્વતો સુખ દાતાર ॥ ભવિ૦ ॥ ૬ ॥ પહેલે ભવે ઈમ ધર્મ આરાધીનેરે, સૌધર્મે થયો દેવ ॥ એક પલ્યોપમ આઉખું ભોગવીરે, બીજે ભવે સ્વયમેવ ॥ ભવિ૦ ॥૭॥ ત્રીજે ભવ ચક્રિભરતેસરૂરે, તસ હુઆ મરિચિ કુમાર ॥ પ્રભુ વચનામૃત સાંભલ્યો રંગર્થીરે, દીક્ષિત થયો અણગાર ॥ ભવિ૦ ॥ ૮ ॥

॥ ઢાલ ॥ ૨ ॥ ચતુર સનેહી મોહના ॥ એ દેશી ॥

॥ એક દિન ગ્રીષ્મ કાલમાં, વિચરંતો એકાકીરે ॥ અલગો સ્વામી થકી રહે, જ્ઞાનમદે અતિ છાકીરે ॥ ત્રીજો ભવ ભવિ સાંભલો ॥ ૧ ॥ ટેક ॥ તપને તપે અતિ આકરો, મેલે મલિન છે દેહરે ॥ શ્રમણ પણું દુક્કર ઘણું, જલવાયે નહીં એહરે ॥ ત્રીજો૦ ૨ ॥ ઘર જાવું જુગતું નહી, એમ ધારીને વિરચેરે ॥ વેશ નવો ત્રિદંડીનો, ચંદન દેહ તે ચરચેરે ॥ ત્રી૦ ॥ ૩ ॥ કર કમલે ગ્રહું દંડને, ભગવું કપડું કરવુંરે ॥ પાયે ઉપાનહ પહેરણે, માથે છત્રને ધરાવુંરે ॥ ત્રી૦ ॥ ૪॥ પરિમિત જલશું સ્નાનહો, મુંડ જટા જુટ ધારૂંરે ॥ રાખું જનોઇ સુવર્ણની, પ્રાણી સ્થુલ ન મારૂંરે ॥ ત્રી૦ ॥૫॥ વેષ કરીને લિંગનો, ધર્મ કરે વલી સાચોરે ॥ વાણી ગુણે પડિબોહતો, જેહવો હીરો કાચોરે ॥ ત્રી૦ ॥ ૬ ॥ જાણી દીક્ષા યોગ્યને, આણી મુનિને આપેરે ॥ જણજણ આગલ રાગથી, સાધુ તણા ગુણ થાપેરે

॥ ત્રી૦ ॥ ૭ ॥ આદિ જિણંદ સમોસર્યા, સાકેતન ઉદ્યા- નેરે ॥ ભરતજી વંદન સંચર્યા, વંધા હરખ અમાનેરે ॥ત્રી૦॥ ॥ ૭ ॥ ભરતજી વંદિને સંચરે, કોઇ અછે તુમ સરખોરે ॥ સ્વામી કહે સુણ રાજીઆ, તુમ સુત મરિચિ એ પરખોરે ॥ ત્રી૦ ॥ ૯ ॥ વાસુદેવ પહેલો હોશે, ચક્રવર્તી અમુકા- ચેરે ॥ તીર્થંપતિ ચોવીસમો, નામે વીર કહાયેરે ॥ ત્રી૦ ॥ ૧૦ ॥ પુલક્તિ થઈ પ્રભુ વંદીને, મરિચી નિકટે પહોતોરે ॥ ત્રણ પ્રદક્ષિણા દેઇને, વંદે મન ગહગતોરે ॥ ત્રી૦ ॥ ૧૧ ॥ ગુણ સ્તવના કરી ઈમ કહે, વંદુછું એહ મરમરે ॥ વાસુદેવ ચક્રી થઈ, થાસ્યો જિનપતિ ચરમ રે ॥ ત્રી૦ ॥ ૧૨ ॥ જિન વચનામૃત દાખવી, રંગે ઉલટ આણીરે ॥ પ્રણમી ભરત ઘરે ગયો, મરિચીને ગુણ નિધિ જાણીરે ॥ ત્રી૦ ॥ ૧૩ ॥

॥ ઢાલ ॥ ૩ ॥ નદી જમુનાકે તીર ઉડે દોય પંખીઆં ॥ એ દેશી ॥

॥ મરિચિ ઈમ ચિંતવે ભરત વચન સુણિ, મુજ સમ અવરન કોય છે જગમાનું ગુણી, જેટલા લાભ જગતનાં છે તે મેં લહ્યા, અહોશ્રી આદિ જિણંદે તે નિજ મુખથી કહ્યા ॥ ૧ ॥ રત્નાકર મુજ વંશ અનોપમ ગુણયુતા, દાદો જિનમાં મુખ્ય ચક્રીમાં મુજપિતા ॥ અહો ઉત્તમ કુલ માહરૂં હું સહુ શિરે ॥ ધન ધન મુજ અવતાર હરિમાં હું ધુરે ॥ ૨ ॥ ચક્રવર્તી થઈ ચરમ જિણેસર થાઈશું, કનક

કમલ પરે નિજપદ કમલને ઠાયશું ॥ સુરનર કોડા કોડ મલી મુજ પ્રણમશે, પ્રતિહારજ વર આઠસું સમવસરણ થશે ॥ ૩ ॥ મદ કરવાથી નીચ ગોત્ર ઈમ બાંધીઉં, ભવ ભવ નીચ કર્મનું ફલ ઇહાં સાધીઉં ॥ એક દિન રોગ ઉદયથી મને એમ ચિંતવે, સેવાકારક શિષ્ય કરૂં કોઈક હવે ॥ ૪ ॥ સાર ન પુછે એમુનિ પરિચિત છે ઘણા, ડુંગરા દુરથકી દિસે રળિઆમણા ॥ એવે કપિલ નામે એક નૃપ સુત આવીઓ, તેને મરિચીએ પ્રભુનો ધર્મ સુણાવિયો ॥ ૫ ॥ યોગ્ય જાણી કહે જાઓ મુનિપાસે તુમે, દીક્ષા લ્યો શુભ ભાવથી કહીએ છીએ અમે ॥ કપિલ કહે તવ ધર્મ નથી શું તુમ ગચ્છે, મનથી ચિંતે અજોગ એ મુજ લાયક અછે ॥ ૬ ॥ મરિચી કહે જો કપીલ ઈહાં પણ ધર્મ છે, ચિત્ત રૂચે તિહાં સેવીએ એ હિત મર્મ છે ॥ ઈમ ઉત્સૂત્ર કહયાથી સંસાર વધારીયો. સાગર કોડા કોડ અપારા ચોરીયો ॥ ૭ ॥ ચોરાસી લખ પૂર્વનું આયુષ ભોગવી, અંતે અનાલોચિત ત્રીજે ભવથી ચવી ॥ દશ સાગર ભવ ચોથે પંચમ સ્વર્ગથી, ઉપન્યો પંચમ ભવ હવે બ્રાહ્મણ વર્ગમાં ॥ ૮ ॥ એંસી પૂર્વ લખ આઉખે કૌશિક દ્વિજ થયો, થૂણા નયરીએ છઠ્ઠે ભવ ભમતાં ગયો ॥ બહોતેર લખ પુર્વાયુષ્ય દ્વિજ નામથી, અંતે ત્રિદંડી થઈને મુઓ તે અકામથી ॥ ૯ ॥ સાતમે સોહમ ચૈત્યપુરે ભવ અઠમે, અગ્નિદ્યોત દ્વિજ લખ પુર્વાયુ સાઠમે ॥ અંતે ત્રિદંડી થઈને હવે નવમે ભવે, ઈશાને અમૃત સુખ રંગે અનુભવે ॥ ૧૦ ॥

॥ ઢાલ ॥ ૪ ॥ દશરથ પૂર્વદ્વિપનું ભવિકા સિદ્ધગિરિ ધ્યાઓ ॥ એ દેશી ॥

અગ્નિભૂતિ દ્વિજ દસમે આયો, મંદરપુરમાં તેહ સુહાયો ॥ લાલન તેહ સુહાયો ॥ છપ્પન લખ પૂર્વાયુ ધરતો, અંતે ત્રિદંડીયો થઈને તે ફરતો ॥ લાલન થઈને તે ફરતો ॥ ૧ ॥ ઇગ્યારમે ભવે સનત્કુમાર બારમે શ્વેતાંબીયે અવતાર ॥ લા૦ ॥ ॥ શ્વે૦ ॥ ભિભારદ્વીજ અંતે ત્રિદંડી, ચુંઆલીસ લાખ પૂર્વાયુ મંડિ ॥લા૦॥પુ૦॥૨॥ તેરમે ભવ થયો માહેંદ્રદેવ, ચૌદમે થાવર બ્રાહ્મણ દેવ ॥ લા૦ ॥બ્રા૦॥ ચોત્રીસ લાખ પુર્વાયુ પાલી, ત્રિદંડીયો થઇ કાયાને ગાળી. ॥ લા૦ ॥ કા૦ ॥૩॥ પનરમે ભવે પાંચમે સ્વર્ગે, તીહાંથી ચવી ભમિયો ભવ વરગે ॥ લા૦ ॥ ભ૦ ॥ સોલમે ભવે વિશ્વભૂતિ નામે, ક્ષત્રીય સૂત ઉપન્યો તે સકામે ॥લા૦॥ ॥ ઉ૦ ॥ ૪ ॥ વિશાખભૂતિ ધારણીનો જાયો, સંભૂતિસાધુયે તેહ વંદાયો ॥ લા૦ ॥ તે૦ ॥ સહસ વરસ જિણ ચરણ આરાધિ, તપસી થયો અતિ વીરમી ઉપધિ ॥લા૦॥વી૦॥ ॥ ૫ ॥ એક દિન મથુરામાં ગોચરી આલ્યો, વરજાત્રા જતાં ભાઈએ ભાલ્યો ॥ લા૦ ॥ ભા૦ ॥ એહવે એક ગાયે તસ માર્યો, ભૂમિ પડયો અતિ ક્રોધ ધાર્યો ॥ લા૦ ॥ ક્રો૦ ॥૬॥ તે જોતાં ગૌ ગગને ભમાડી, એમ નિજ ભુજ બલ તેલને દેખાડી ॥ લા૦ ॥ તે૦ ॥ અણસણ સાથે નિયાણું કીધું, તપ સાટે બલ માગીને લીધુ ॥ લા૦ ॥ મા૦ ॥ ૭ ॥ કોડ

વરસનું જીવિત સારિ, સત્તરમે શુક્ર સ્વર્ગે અવતારી ॥લા૦॥ ॥ સ૦ ॥ અઢારમે ભવે પુત્રીનો કામી, પ્રજાપતિ પોતનપુર સ્વામી ॥ લા૦ ॥ પુ૦ ॥ ૮ ॥ મૃગપતિ રાણી કુખે ધરિયો, સાત સુપન સૂચિત અવતરીયો ॥ લા૦ ॥ સૂ૦ ॥ બાલ-પણે જેણે સિંહને હણીયો, ત્રિપૃષ્ટ નારાયણ કરી સુણીયો ॥ લા૦ ॥ ના૦ ॥ ૯ ॥ ત્રણસેં સાઠ સંગ્રામ તે કીધો, સજ્યા પાલકને દુઃખ દીધો ॥ લા૦ ॥ પા૦ ॥ લાખ ચોરાસી વરસનું આય, ભોગવી સાતમી નરકે તે જાય ॥લા૦॥ન૦॥ ॥ ૧૦ ॥ ઓગણીસમે ભવે દુઃખ અતિવેદી, વીસમે ભવ હુઓ ભવ સિંહ સખેદી ॥ લા૦ ॥ સિં ॥ ચોથી નરકમેં ભવ એકવીસમે, બહુ ભવ ભમતાં હવે બાવીસમો ॥લા૦॥ ॥હ૦॥૧૧॥ કોઈ શુભયોગે નરભવ પાયો, ત્રેવીસમે ભવ ચક્રી ગવાયો ॥ લા૦ ॥ ચ૦ ॥ ધનંજય ધારણીનો તે બેટો, મુકા નગરીયે ભુજબલ તેજો ॥લા૦॥ભુ૦॥૧૨ ખટ ખંડ પૃથ્વીમાં આણ મનાવી, ચૌદ રયણ નિધિ સંપદ પાઈ ॥લા૦॥સં૦॥ પોટિલાચાર્ય ગુરૂ તિહાં વાંદી, દીક્ષા, આદરી મનથી આનંદી ॥ લા૦ ॥ મ૦ ॥ ૧૩ ॥ ચોરાસી લાખ પૂર્વ પ્રમાણ આયુ પાળી હવે ચોવીસમે જાણ ॥ લા૦ ॥ ચો૦ ॥ મહાશુક્ર હુવા અમર ઉમંગે, અમૃત સુખ ભોગવે રંગે ॥ લા૦ ॥ ॥ ભો૦ ॥ ૧૪ ॥

॥ ઢાલ ॥ ૫ ॥ દશરથ પૂરવ દીપતું ॥ એ દેશી ॥

॥ આ ભરતે છત્રિકા પુરી, પચવીસમે ભવે આયાજી ॥

ભદ્રા જિતશત્રુ નૃપ કુલે, નન્દન નામ સુહાયાજી ।।ત્રોટક।।
નામ નંદન ત્રિજગ વંદન, પોટિલાચારજ કન્હે ।। ગ્રહી
ચરણ દમતો કરણ, વિચરે મૃગપતિ જિમ વને ।। ૧ ।। તીહાં
માસખમણે, વીસ સ્થાનક, તપ તપી દુઃકર પણે ।। પદ
બાંધિયું ઈહાં તીર્થંકરનું, ભાવથી આદર ઘણે ।। ચાલ ।।
અભિગ્રહી માસખમણ કીયાં, જાવજીવ વિહરંતોજી ।। ઉલ-
સિત ભાવે તપ તપી, કીધો કરમનો અંતોજી ।। ૨ ।। ત્રોટક।।
ભવ અંત કીધો કાજ સિધ્ધ્યો તાસ સંખ્યા હું કહું, અગી-
આર લાખને સહસ એંસી, છસેં પીસ્તાલીસ લહું ।। દીન
પાંચ ઉપર અધિક જાણો, લાખ પચવીસ સહસનું ।। આઊખું
પાલી ભ્રમણ ટાલી, કામ કીધું મરદનું ।। ૩ ।। ।। ચાલ ।।
અણસણ માસ સંલેખણા, કરી વધતે પરિણામેજી ।। સવિ
જગજંતુ ખમાવીને, ચવિયો તીહાંથી સકામેજી ।। ૪ ।।
।। ત્રોટક ।। ચવિયો સકામે સ્વર્ગ દશમે, વીસ સાગરે સુર
હુઓ, તીહા વિવિધ સુર સુખ ભોગવે, ખટ વીસમો ભવ
એ જુઓ ।। મરિચી ભવે એ કર્મ બાંધ્યું, તે હજી ખુટયું
નહીં, ચરિમ સત્તાવીસમે ભવે, ઉદય આવ્યું તે સહી
।। ૫ ।। ચાલ ।। ઋષભદત્ત બ્રાહ્મણ વસે, વર માહણ કુંડ
ગામજી, તસ ઘરની ગુણ ગોરડી, દેવાનંદા ઈતિ નામેજી
।। ૬ ।। ત્રોટક૦ ।। દેવાનંદા કુખે આયા ચૌદ સુપના નિસિ
લહે ।। તવ ઇંદ્ર અવધિએ જોઈને, હરિણગમેષીને કહે ।।
નગર ક્ષત્રીય કુંડગામે સિદ્ધારથ છે નરપતિ ।। તસ પટ્ટ-

રાણી તેહ ખાણી નામે ત્રિશલા ગુણવતી ॥ ૬ ॥ ચાલ ॥ તીહાં જઇ ગર્ભનો પાલટો એ, તુમને છે આદેશજી ॥ કોઈ કાલે એમ નવી બન્યું, દ્વિજ કુલ હોય જિનેશજી ॥ ૭ ॥ ત્રોટક ॥ દ્વિજ કુલે ન હોય જિનપતિ વલી, એહ અચરિજની કથા, લવણમાં જિમ અમૃત લહરિ મરૂમાં સુરતરૂ યથા ॥ એમ ઈશવયણાં સાંભળી પહોંચી તીહાં પ્રણમે પ્રભુ, બિહુ ગર્ભ પલટી રંગભરથી જઈ કહે તે નીજ વિભુ ॥૯॥

॥ ઢાલ ॥ ૬ ॥ હાંરે કાંઇ જોબનીયાનો ચટકો દહાડા ચ્યારજો ॥ એ દેશી ॥

॥ હાંરે મારે એંસી દીન ઈમ વસીને દ્વિજ ઘરમાંહિજો, ત્રીશલા કુંખે ત્રિભુવન નાયક આવિયા રે ॥ લોલ ॥ હાંરે મારે તેહજ રાતે ચૌદ સુપન લહે માતજો, સુપન પાઠક તેડીને અર્થ સુણાવિયારે લોલ ॥ ૧ ॥ હાંરે મારે ગર્ભ સ્થિતી પૂર્ણ થયે જનમ્યા સ્વામીજો, નારક સ્થાવર જનના સુખને ભાવતા રે લોલ ॥ ૨ ॥ હાંરે મારે સૂતિ કર્મને કરતી ધરતી હર્ષજો, અમરિરે ગુણ સમરી જિનપદ પાવતીરે લોલ ॥ ૨ ॥ હાંરે મારે સોહમ ઈંદ્રાદિકનો ઓચ્છવ હુંતજો, સિદ્ધારથ પણ તિમ વલી મન મોટે કરેરે લોલ ॥ હાંરે મારે નામ ઠવ્યું શ્રી વર્દ્ધમાન કુમારજો, દિન દિન વાધે પ્રભુજી કલ્પતરૂપરેરે લોલ ॥ ૩ ॥ હાંરે મારે દેવે અભિધા દિધું શ્રી મહાવીરજો, જોવન વય વલી સંઠવે નવ નવ ભોગરે લોલ ॥ હાંરે મારે ઈમ કરતાં માત

પિતા ગયાં સ્વર્ગ મોજારજો, લોકાંતિક તવ આવી કરે ઉપયોગનેરે લોલ ॥ ૪ ॥ હાંરે મારે વરસીદાન દઈને સંજમ લીધજો, પરિસહને ઉપસર્ગ સહ્યા પ્રભુએ ઘણારે લોલ ॥ હાંરે મારે લાખ વરસ તપસી પૂર્વ ભવ નાથજો, તો પણ આ ભવ તપની રાખી નહીં મણારે લોલ ॥ ૫ ॥ હાંરે મારે બે ખટમાસી તેમાં પણ દિન ઉણાજો, નવ ચઉમાસી બે ત્રણમાસીને લહુંરે લોલ ॥ હાંરે મારે બે અઢીમાસી ખટ બે માસી જાણજો, દોઢમાસી દોય માસ ખમણ બારે કહુંરે લોલ ॥ ૬ ॥ હાંરે મારે બોંતેર પાસ ખમણ વલી અઠ્ઠમ બારજો, દોયસત ઓગણત્રીસ એ છઠ્ઠ તપને ભણુંરે લોલ ॥ હાંરે મારે આદિ પ્રભુ તપ તપીયા તે વિણું નીરજો, ત્રણસેં ગુણ પંચાસ એ પારણે દિન ગણુંરે લોલ ॥ ૭ ॥ હાંરે મારે તિમ અપ્રતિ બંધી બેઠા નહીં ભગવંતજો, બાર વરસમાં નિદ્રા બે ઘડીની કરીરે લોલ ॥ હાંરે મારે તેમ નિરમલ ધ્યાને ઘાતિકર્મ ખપાયજો, દર્શન જ્ઞાન વિલસી કેવલને વરીરે લોલ ॥ ૮ ॥ હાંરે મારે પ્રભુ કેવલ પામ્યા રજુવાલિકા તીરજો, આવેરે વિચરંતા ચિત્ત ઉમંગથીરે લોલ ॥ હાંરે મારે અતિ ઉલસે થઈને સુરનર કોડા કોડજો, જિન વચના મૃત સુણવા આવે રંગથીરે લોલ ॥ ૯ ॥

॥ ઢાલ ॥ ૭ । દેશી હમિરિયાની ગીતની છે ॥

॥ મહસેન વનમાં સમોસર્યા. જગનાયક જિનચંદ સુજ્ઞાની ॥ સમવસરણ રચના કરી, પ્રણમેં ચોસઠ ઇંદ્ર સુજ્ઞાની

॥ વીર જીણંદને વંદીએ ॥ ૧ ॥ એ આંકણી ॥ પ્રતિહા-
રજ વર આઠસું શોભે પ્રભુને દેદાર ॥ સુજ્ઞાની ॥ દીવ્ય
ધ્વનિ દેવે દેશના, સાંભલે પરખદા બાર ॥ સુજ્ઞાની ॥વીο॥
॥ ૨ ॥ ઈંદ્રભૂતિ દ્વિજ પ્રમુખને, ગણુધર થાપે ઈગ્યાર
॥ સુજ્ઞાની ॥ દર્શન નાણુ ચરણુ ધરા, ચૌદ સહસ અણુ-
ગાર ॥ સુજ્ઞાની ॥ વીરο ॥ ૩ ॥ છત્રીસ સહુસ સુસાહુણી,
ચારસેં વાદિ પ્રમાણુ ॥ સુજ્ઞાની ॥ વૈક્રિય લબ્ધિને કેવલી,
સાતસેં સાતસેં જાણુ ॥ સુજ્ઞાની ॥ વીરο ॥ ૪ ॥ ઓહી
નાણીધર તેરસે, મનઃ પર્યવશત પંચ ॥ સુજ્ઞાની ॥વીરο॥
॥ ૫ ॥ દોઢ લાખ નવ સહસ છે, શ્રમણોપાસક સાર
॥ સુજ્ઞાની ॥ શ્રાવિકા વળી ત્રણુ લાખને, ઉપર સહસ અઢાર
॥ સુજ્ઞાની ॥ વીરο ॥ ૬ ॥ ચઉવિધ સંઘની સ્થાપના,
કરતા ફિરતા નાથ ॥ સુજ્ઞાની ॥ ભવિક કમલ પડિબોહતા,
મેલતા શિવપુર સાથ ॥ સુજ્ઞાની ॥ વીરο ॥ ૭ ॥ પુત
સપુત ન એહવા, જગમાં દીસે કોય ॥ સુજ્ઞાની ॥ બ્યાસી
દીન કુખે વસ્યા, એ ઉપકારને જોય ॥સુજ્ઞાની॥ વીરο ॥૮॥
શિવપુર તેહને પહોચાવીયા, બ્રાહ્મણુ બ્રાહ્મણી દોય ॥સુજ્ઞાની॥
જગવત્સલ જિન વંદતા, હિયડું હરખીત હોય ॥સુજ્ઞાની॥
વીરο ॥ ૯ ॥ ત્રીસ વરસ ગૃહવાસના, ભોગવી ભોગ
ઉદાર ॥ સુજ્ઞાની ॥ છદ્મસ્થાન વસ્યા સહિ, બારસાધિક વર્ષ
ધાર ॥ સુજ્ઞાની ॥ વીરο ॥ ૧૦ ॥ ત્રીસ વરસ જીણે અનુભવ્યો,
કેવલ લીલવિલાસ ॥ સુજ્ઞાની ॥ પૂર્ણ આઉખું પાલીને બોંતેર
વરસનું ખાસ ॥ સુજ્ઞાની ॥ વીરο ॥ ૧૧ ॥ દિવાલી દીન

શિવ વર્યા, છોડી સયલ જંજાલ ॥ સુજ્ઞાની ॥ સહજાનંદી સુખ લહ્યું આતમ શક્તિ અજુઆલ ॥ સુજ્ઞાની ॥ વીર૦ ॥ ૧૨ ॥ ભૂત ભાવિ વર્ત્તમાનના, સુર સુખ લેઈ અશેષ ॥ સુજ્ઞાની ॥ નભપ્રદેશ ઠવે કરી, કીજે વર્ગ વિશેષ ॥ સુજ્ઞાની ॥ વીર૦ ॥ ૧૩ ॥ ઇણીપરે વર્ગ અનંતના, કરીયે સહુ સમુદાય ॥ સુજ્ઞાની ॥ અવ્યાબાધિત સુખતણો, અંશ ન એક લખાય ॥ સુજ્ઞાની ॥ વીર૦ ॥ ૧૪ ॥ નિજગુણ ભોગી ભોગવે, સાદિ અનંતો કાલ ॥ સુજ્ઞાની ॥ નિજ સત્તાને વિલસતા, નિશ્ચય નય સંભાલ ॥ સુજ્ઞાની ॥ વીર૦ ॥ ૧૫ ॥ ઇમ અમૃત પદને વરી, બેઠા થઈ નિશંક ॥ સુજ્ઞાની ॥ વર્દ્ધમાન ભાવેકરી, વંદે નિત નિત રંગ ॥ સુજ્ઞાની ॥ વીર૦ ॥ ૧૬ ॥

॥ કલશ ॥ ઈમ વીર જિનવર સયલ સુખકર દુરિત દુઃખહ જિમ મણી, યુગ બાણ વસુ શશી માન વરસે, સંથુણ્યો ત્રિભુવન ધણી ॥ સગવીસ ભવનું સ્તવન ભવિયણ, સાંભલી જે સદ્દહે ॥ તે ઋદ્ધિ વૃદ્ધિ સુ સિદ્ધિ સઘલે, સદા રંગ વિજયલહે ॥ ઇતિ શ્રી સત્તાવીસ ભવનું વીર જિન સ્તવન સંપૂર્ણ. ॥

---

# श्री सीमन्धरस्वामीनुं स्तवन

॥ શ્રી સીમંધરસ્વામીજી, જીવન જગદાધાર ॥ વાહલા સુણો એક વિનતિ, મારા પ્રાણ તણા આધાર ॥ પ્રભુજી

માનીએ મહારાજ ॥ ૧ ॥ હિયડુ તે મુજ હે જાલુઓ, શંસયભયા ઉભરાય ॥ એક પલક ધીરજ નવી ધરે, કહું કવણ આગલ જાય ॥ પ્રભુ૦ ॥ ૨ ॥ ક્ષણુ ક્ષણુ મનોરથ નવનવા, ઉપજે તે મનડાંમાંહિ ॥ ફરી તે મનમાં વીરમે, કાંઈ જેમ કુવાની છાંહિ ॥ પ્ર૦ ॥ ૩ ॥ એક ઘડી અથવા અધઘડી, જો પ્રભુ મલે એકાંત ॥ તો વાત સવી મનની કહું, ભાંજે તે સઘલી ભ્રાંત ॥ પ્ર૦ ॥ ૪ ॥ ભલે સરજ્યાં તે પંખેરૂઆં, મન ચિંતવે તિહાં જાય ॥ માણુસને ન સરજી પાંખડી, તીણે રહ્યું મન અકલાય ॥ પ્ર૦ ॥ ૫ ॥ કુણુ મિત્ર જગ એહવો મિલે, જે લહે મનની વાત ॥ વેધે નહી મન જેહશું, કીમ મિલે તેહસુધાત ॥ પ્રભુજી૦ ॥ ૬ ॥ નવનવા રંગી જીવડા, અતિ વિષમ પંચમ કાલ ॥ આપ આપણા મન રંગમાં, સહુકો થઈ રહ્યા લાલ ॥ પ્રભુજી૦ ॥ ૭ ॥ કહું કુણુ આગલ વાતડી, કુણુ સાંભલે વલી તેહ ॥ ટાલે તે કુણુ પ્રભુ તુમ વિના, મનડાતણા સંદેહ ॥ પ્રભુજી૦ ॥ ૮ ॥ સંસાર સઘલો જોવતાં, મુજ મન ન રૂચે કાંહી ॥ જીમ કમલ વનનો ભમરલો, તેને અવર ન ગમે કાંહી ॥ પ્રભુજી૦ ॥૯॥ ધન્ય મહાવિદેહના લોકને, જે રહે સદા પ્રભુ પાસ ॥ મુખચંદ દેખી તુમ તણો, પુરેતે મનની આશ ॥ પ્રભુજી૦ ॥૧૦॥ તુમ વયણા અમૃત સારીખા, શ્રવણે સુણે નિત્યમેવ ॥ સંદેહ પુછી મનતણો, નિર્ણયકરી નિત્યમેવ ॥ ૧૧ ॥ શે ગુનહે અમને અવગુણી, પ્રભુજી વસ્યા અતિદુર ॥ શી ભક્તિ એવી તે હુંતિ, જે કર્યા આપ હજુર ॥ પ્રભુજી૦

॥ ૧૨ ॥ જો ગુન્હા લાખ ગમે કરી, સેવક હલેતાં જેહ ॥ તો પણ પોતાના ત્રેવડી, સાહેબન દાખો છેહ ॥ પ્રભુજી૦ ॥ ૧૩ ॥ વળી વળી શું કહીએ ઘણું, પ્રભુ વિનતિ મન માંહી ॥ ઈમ ભક્તને ઉવેખતાં, નહીં ભલા દીસો કાંહી ॥ પ્રભુજી૦ ॥ ૧૪ ॥ મુજ સરિખા કોડી ગમે, સેવક તુમારે સ્વામ ॥ પણ મારે પ્રભુ તુમ વિના, ન અવર મન વીસરામ ॥ પ્રભુજી૦ ॥ ૧૫ ॥ એ અરજ મારી સાંભળી, કરૂણા કરી મન સાથ ॥ કહે હંસ પ્રભુ હેજે હવે, દરીસણ દીજે નાથ ॥ પ્રભુજી૦ ॥ ૧૬ ॥

---

## श्री सिद्धाचलजीनुं स्तवन

॥ નાભિનંદન પૂર્વ નવાણું, શ્રી આદીશ્વર આવ્યા ॥ અજિત શાંતિ ચોમાસું રહીયા, સુરનરપતિ મન ભાવ્યા, ભવિ તુમે વંદોરે, સિદ્ધાચલ સુવિચારી ॥ પાપ નિકંદોરે ગિરિ ગુણ મનમાં ધારી ॥ ૧ ॥ ચૈત્ર સુદી પુનમને દિવસે, ગુણ રયણાયર ભરીયા ॥ પાંચ કોડિસું પુંડરિક ગણધર, ભવ સાયરને તરિયા ॥ ભવિ૦ ॥ ૨ ॥ પોતરા પ્રથમ પ્રભુજી કેરા, દ્રાવિડ વારિષેણ જાણો ॥ કાર્તિક સુદી પુનમને દિવસે, દસ કોડી ગુણ ખાણી ॥ ભવિ૦ ॥ ૩ ॥ કુંતા માતા સતી શિરોમણી, યદુવંશી સુખકારી ॥ પાંડવ વીસ કોડીશું સિદ્ધા, અશરિરી અણુહારી ॥ ભવિ૦ ॥ ૪ ॥ ફાગણ સુદી દશમીને સેવો, નમિ વિનમી બે કોડિ, આતમ ગુણ નિર્મલ

નિપજાવ્યા, નાવે એહની જોડી ॥ ભવિ૦ ॥ ૫ ॥ ચૈત્ર વદી ચૌદસ શિવ પામી, નમિ પુત્રી ચોસઠ્ઠ ॥ રત્નત્રયી સંપૂર્ણ સાધી, પામી એ પરમઠ્ઠ ॥ ભવિ૦ ॥ ૬ ॥ ફાગણ સુદી તેરસે શિવ પામ્યા, શાંબ પ્રદ્યુમન ગુણ ખાણી ॥ સાડી આઠ કોડીશું મુનિવર, પરણી શિવ પટરાણી ॥ ભવિ૦ ॥૭॥ રામ ભરત ત્રણ કોડી મુનિશું, અચલ થયા અરિહંત ॥ છેહલા નારદ લાખ એકાણું સમરો મન કરી સંત ॥ ભવિ૦ ॥૮॥ એક સહસશું થાવચ્ચા સુત, પંચ સયા સેલગજી ॥ એક હજારસું શુક પરિવ્રાજક, પામ્યા પદ અવિચલજી ॥ ભવિ૦ ॥ ૯ ॥ અતીત ચોવીસીના ચોવીસમા, પ્રભુ તેહના ગણધર વંદો ॥ કદંબ નામ એક કોડીશું સિદ્ધ થયા સુખકંદો ॥ ભવિ૦ ॥ ૧૦ ॥ એક હજારને આઠ સંઘાતે, બાહુ બલિ મુનિ મોટા ॥ ત્રણ કોડિ જયરામ ઋષીશ્વર, સિદ્ધ થયા નહીં ખોટા ॥ ભવિ૦ ॥ ૧૧ ॥ અંધકવિષ્ણુ પિતા મા ધારિણી, તેહ તણા દસ પુત્ર ॥ ગૌતમ સમુદ્ર પ્રમુખ શિવ પામ્યા, રાખ્યું ઘરનું સૂત્ર ॥ ભવિ૦ ॥ ૧૨ ॥ વળી તેહના આઠ પુત્ર વખાણો, અસોમ આદિ કુમારા ॥ સોલ વરસ સંજમ આરાધી, પામ્યા ભવનો પારા ॥ ભવિ૦ ॥૧૩॥ અનાધૃષ્ટિને દારૂગ મુનિ દોય, આતમ શક્તિ સમારી ॥ ઋષભ સેનાદિક તીર્થંકર પણ, ઈહાં વરીઆ શિવનારી ॥ ભવિ૦ ॥ ૧૪ ॥ ભરત વંશે રાજાદિ ઘણેરા, આતમ ધર્મને સાંધ્યો ॥ શુક રાજન શોકાગત સુણીઓ, મુક્તિ નિલય ગુણ વાધ્યો ॥ ભવિ૦ ॥૧૫॥ જાલિ મયાલિને

ઉવયાલિ, દેવકી ખટ સુત વારૂ ॥ સિદ્ધ થયા મંડુક મુનિ વળી, નમતાં મન હોય ચારૂ ॥ ભવિ૦ ॥ ૧૬ ॥ અતીત કાલે સિદ્ધા અનંતા, સીદ્ધશે વલી અનંતા ॥ સંપ્રતિકાલે મોટું તીરથ, ઈમ ભાંખે ભગવંતા ॥ ભવિ૦ ॥૧૭॥ ધન્ય એ તીરથ મોટો મહિમા, પામી પાતિક જાયે, ક્ષમાવિજય જસ તીરથધ્યાને, શુભ મન સિદ્ધિ થાયે ॥ ભવિ૦ ॥ ૮ ॥ ઇતિ શ્રી સિદ્ધાચલ સ્તવન સંપૂર્ણ ॥

---

# श्री अट्ठाइनुं स्तवन लिख्यते

॥ દુહા ॥

સ્યાદ્વાદ સુદ્ધોદધિ, વૃદ્ધિ હેતુ જિનચંદ ॥ પરમ પંચ પરમેષ્ટીમાં ॥ તાસ ચરણ સુખકંદ ॥ ૧ ॥ ત્રિગુણ ગોચર નામ જે, બુદ્ધિ ઇશાનમાં તેહ ॥ થયા લોકોત્તર સત્વથી, તે સર્વે જીનગેહ ॥ ૨ ॥ પંચ વરણ અરિહા વિભૂ, પંચ કલ્યાણુક ધ્યેય ॥ ખટ અઠાઈ સ્તવન રચું, પ્રણમી અનંત ગુણગેહ ॥ ૩ ॥

॥ ઢાલ પહેલી ॥

॥ કપુર હોએ અતિ ઉજલો રે ॥ એ દેશી ॥

ચૈત્ર માસ સુદી પક્ષમાં રે ॥ પ્રથમ અઠ્ઠાઈ સંયોગ ॥ જીહાં સિદ્ધચક્રની સેવના રે ॥ અધ્યાતમ ઉપયોગ રે ॥ ભવિકા પર્વ અઠ્ઠાઈ આરાધ ॥ મન વંછિત સુખ સાધ રે

॥ ભવિકા૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ પંચ પરમેષ્ટી ત્રિકાલનાં રે ॥ ઉત્તર ચઉ ગુણકંત ॥ શાસ્વતા પદ સિદ્ધચક્રનાં રે ॥ વંદતાં પુન્ય મહંત રે ॥ ભ૦ ॥ ૨ ॥ લોચન કર્ણ યુગલ મુખે રે ॥ નાસિકા અગ્ર નિલાડ ॥ તાલુ સિર નાભિ હૃદે રે ॥ ભમુંહ મધ્યે ધ્યાન પાઠ રે ॥ ભ૦ ॥ ૩ ॥ આલંબન સ્થાનક કહ્યાં રે ॥ જ્ઞાનિયેં દેહ મઝાર ॥ તેહમાં વિગત વિષયપણે રે ॥ ચિત્તમાં એક આધાર રે ॥ ભ૦ ॥ ૪ ॥ અષ્ટ કમલદલ કર્ણીકા રે ॥ નવ પદ થાપો ભાવ ॥ બહિર યંત્ર રચિ કરી રે ॥ ધારો અનંત અનુભાવ રે ॥ ભ૦ ॥ ૫ ॥ આસો સુદી સાતમ થકી રે ॥ બીજી અઠ્ઠાઈ મંડાણ ॥ બસેં ત્રેતાલીસ ગુણે કરી રે ॥ અસિઆ ઉસાદિક ધ્યાન રે ॥ ભ૦ ॥ ૬ ॥ ઉત્તરાધ્યયન ટીકા કહે રે ॥ એ હોય શાસ્વતિ યાત્ર ॥ કરતા દેવ નંદિશ્વરે રે ॥ નર જિમ ઠામ સુપાત્ર રે ॥ ભવિકા૦ ॥ ૭ ॥

॥ ઢાલ બીજી ॥

॥ ભવિકા સિદ્ધચક્ર પદ વંદો ॥ એ દેશી. ॥

આષાઢ ચોમાસાની અઠ્ઠાઈ ॥ જિહાં અભિગ્રહ અધિકાઈ ॥ કૃષ્ણ કુમારપાલ પરે પાલો ॥ જીવદયા ચિત્ત લાઈ રે ॥ પ્રાણી અઠ્ઠાઈ મહોચ્છવ કરીયે ॥ સચિત્ત આરંભ પરિહરીયે રે ॥ પ્રા૦ ॥ ૧ ॥ દિસિ ગમન તજો વર્ષા સમયે ॥ ભક્ષ્યાભક્ષ્ય વિવેક ॥ અછતિ વસ્તુ પણ વિરતિયે બહુ ફલ ॥ વંકચુલ વિવેક રે ॥ પ્રા૦ ॥ ૨ ॥ જે જે દેહ

અહીને મુકયાં ॥ દેહથી જે હિંસા થાય ॥ પાપ આકર્ષણુ અવિરતિ યોગે ॥ તે જીવ કર્મ બંધાય રે ॥ પ્રા૦ ॥ ૩ ॥ સાયક દેહતા જીવ જે ગતિમાં ॥ વસિયા તસ હોય કર્મ ॥ રાજા રંકને કિરીયા સરિખી, ભગવતિ અંગનો મર્મ રે ॥ પ્રા૦ ॥ ૪ ॥ ચોમાસી આવશ્યક કાઉસગ્ગના ॥ પંચ સત માન ઉસાસા ॥ છઠ્ઠ તપની આલોયણુ કરતાં ॥ વિરતિ સધર્મ ઉલ્લાસ રે ॥ પ્રા૦ ॥ ૫ ॥

॥ ઢાલ ત્રીજી ॥

॥ જીન રયણુજી દસદિસ નિરમલતા ધરે ॥ એ દેશી ॥

કાર્તિક સુદીમાં જી ધરમ વાસર અડધારીયે ॥ તિમ વલી ફાગુણે જી પર્વ અઠ્ઠાઇ સંભારીયે ॥ ત્રણુ અઠ્ઠાઇ જી ચૌમાસી ત્રણુ કારણી ॥ ભવી જીવનાં જી પાતિક સર્વ નિવારણી ॥ ૧ ॥ ત્રુટક ॥ નિવારણી પાતિક તણી એ જાણી ॥ અવધિજ્ઞાને સુરવરા ॥ નિકાય ચારના ઇંદ્ર હર્ષિત ॥ વદે નિજ નિજ અનુચરા ॥ અઠ્ઠાઈ મહોત્સવ કરણુ સમયે ॥ શાસ્વતા એ દેખીયે ॥ સવિ સજ થાઓ દેવદેવી ॥ ઘંટ નાદ વિસેષિયે ॥ ૨ ॥ ચાલ ॥ વલી સુરપતિ જી ઉદઘોષણા સુરલોકમાં ॥ નીપજાવે જી પરિકર સહિત અશોકમાં ॥ દ્વિપ આઠમે જી નંદિશ્વર સવિ આવિયા ॥ શાસ્વતિક પ્રતિમા જી પ્રણુમી વધાવે ભાવીયા ॥ ૩ ॥ ત્રુટક ॥ ભાવીયા પ્રણુમિ વધાવે પ્રભુને ॥ હરખ બહુલેં નાચતા ॥ બત્રીસ વિધના કરીય નાટિક ॥ કોડિ સુરપતિ માચતા ॥ હાથ જોડી માન

મોડિ ॥ અંગ ભાવ દેખાવતી ॥ અપછરા રંભા અતિ અચંભા ॥ અરિહા ગુણ આલાવતિ ॥ ૪ ॥ ચાલ ॥ ત્રણ અ-ટ્ઠાઈમાં જી ખટ કલ્યાણુક જિનતણા ॥ તથા આલયજી બાવન જિનનાં બિંબ ઘણાં ॥ તસ સ્તવનાજી સદ્ભૂત અર્થ વખા-ણતાં ॥ ઠામે પોહચે જી પછે જિન નામ સંભારતાં ॥૫॥ ॥ ત્રુટક ॥ સંભારતાં પ્રભુનું નામ નિસદિન ॥ પરવ અટ્ઠાઈ મન ધરે ॥ સમક્તિ નિરમલ કરણ કારણ ॥ શુભ અભ્યાસ એ અનુસરે ॥ નર નારી સમક્તિવંત ભાવે ॥ એહ પર્વ આરાધશે ॥ વિઘન નિવારે તેહનાં સહિ ॥ સૌભાગ્ય લક્ષ્મી વાધશે ॥ ૬ ॥

॥ ઢાલ ચોથી ॥

આદિ જિણંદ મયા કરી ॥ એ દેશી ॥

પરવ પજુસણમાં સદા ॥ અમારી પડહો વજડાવો રે ॥ સંઘ ભગતિ દ્રવ્ય ભાવથી ॥ સાહમિવચ્છલ શુભ દાવરે ॥ મહોદય પર્વ મહિમા નિધિ ॥ ૧ ॥ સાહમીવચ્છલ એકણ પાસે ॥ એકત્ર કર્મ સમુદાય રે ॥ બુદ્ધિ તોલાયે તોલીયે ॥ તુલ્યલાભ ફલ થાય રે ॥ મ૦ ॥ ૨ ॥ ઉદાઈ ચરમ રાજ-ઋષી ॥ તિમ કરો ખાંમણાં સત્ય રે ॥ મિચ્છામિદુક્કડં દેઈને ॥ ફરી સેવો પાપ વત્તરે ॥ મ૦ ॥ ૩ ॥ તેહ કહ્યા માયા મૃષાવાદી ॥ આવશ્યક નિર્યુક્તિ માંહે રે ॥ ચૈત પરવાડિ કિજીયે ॥ પૂજા ત્રિકાલ ઉછાંહ રે ॥ મ૦ ॥ ૪ ॥ છેહલી ચ્યાર અટ્ઠાઈયે ॥ મહા મહોત્સવ કરે દેવા રે ॥ જિવાભિગમે ઈમ ઉચ્ચરે ॥ પ્રભુ શાસનના એ મેવા રે ॥મ૦૫॥

## ॥ ઢાલ પાંચમી ॥

॥ અરણિક મુનિવર ચાલ્યા ગોચરી ॥ એ દેશી ॥

અઠ્ઠમનો તપ વાર્ષિક પર્વમાં ॥ શલ્ય સહિત અવિરુદ્ધરે ॥ કારક સાધક પ્રભુના ધર્મનો ॥ ઇચ્છારોધે હોય શું ॥ તપને સેવો રે કાંતા વિરતિના ॥ ૧ ॥ છુટે ॥ સો વરસે રે મર્મ અકામથી ॥ નારકી તે તો સકામે રે ॥ પાપ રહિત હોય નવકારસી થકી ॥ સહુરુતે પોરસી ઠામરે ॥ તપ ॥ ૨ ॥ વધતો વધતોરે તપ કરવા થકી ॥ દસ ગુણો લાભ ઉદારરે ॥ત૦॥ દશ લાખ કોડ વરસનું અઠ્ઠમે ॥ દુરિત મિટે નિરધારો રે ॥ ૩ ॥ પંચાસ વરસ સુધી તપ્યાં લખમણાં ॥ માયા તપ નવિ શુદ્ધ રે ॥ અસંખ્ય ભવ ભમ્યાં રે એક કુવચન થકી ॥ પદ્મનાભ વારે સિદ્ધ રે ॥ ત૦ ॥ ૪ ॥ આહાર નિરહતા રે સમ્યગ તપ કહો ॥ જુઓ અભ્યંતર તત્વ રે ॥ ભવોદધિ સેતુ રે અઠ્ઠમ તપ ભણી ॥ નાગકેતુ ફલ તપ રે ॥ ત૦ ॥ ૫ ॥

## ॥ ઢાલ છઠ્ઠી ॥

॥ સ્વામી શ્રીમંધર વિનતી ॥ એ દેશી ॥

વાર્ષિક પડિક્કમણાં વિષે ॥ એક હજાર શુભ આઠ રે ॥ સાસ ઉસાસ કાઉસગ્ગ તણાં ॥ આદરી ત્યજો કર્મ કાઠ રે ॥ પ્રભુ તુમ શાસન અતિ ભલું ॥ ૧ ॥ દુગ લખ ચઉ સય અડ કહ્યાં ॥ પલ્ય પણુયાલિસ હજાર રે ॥ નવ ભાંગે પલ્યનાં ચઉ અહ્યા ॥ સાસમાં સુર આયુ સાર રે ॥પ્ર૦॥૨॥

ઓગણીસ લાખને ત્રેસઠી ॥ સહસ બસેં સતસઠ્ઠિ રે ॥ પલ્યોપમ દેવનું આઉખું ॥ નોકાર કાઉસગ્ગ જીઠું રે ॥પ્ર૦॥ ॥ ૩ ॥ એકસઠ લાખ ને પણતીસા ॥ સહસ બસેં દશ જાણુ રે ॥ એટલા પલ્યનું સુર આઉખું ॥ લોગસ્સ કાઉસગ્ગ માન રે ॥ પ્ર૦ ॥ ૪ ॥ ધેનુ ધણુ રૂપે રે જીવનાં ॥ અચલ છે આઠ પ્રદેશ રે ॥ તેહ પરે સર્વ નિર્મલ કરે ॥ પર્વ અઠ્ઠાઈ ઉપદેશ રે ॥ પ્ર૦ ॥ ૫ ॥

## ॥ ઢાલ સાતમી ॥

### ॥ લીલાવંત કુંવર ભલો એ દેશી ॥

સોહમ કહે જંબુ પ્રતે ॥ જ્ઞાનાદિ ધર્મ અનંત રે વિનીત ॥ એ આંકણી ॥ અર્થ પ્રકાશે વિરજી ॥ તિમ મેં રચિઓ સિદ્ધાંત રે ॥ વિનીત ॥ ૧ ॥ પ્રભુ આગમ ભલો વિશ્વમાં ॥ સઠ લાખ ત્રણસેં ને તેત્રીસ ॥ એ ગુણ સાઠ હજાર રે ॥ વિ૦ ॥ પીસ્તાલીસ આગમ તણો ॥ સંખ્યા જગદાધાર રે ॥ વિ૦ ॥ ૨ ॥ પ્ર૦ ॥ અથમીએ જીન કેવળ રવિ ॥ સુત દીપે વ્યવહાર રે ॥ વિ૦ ॥ ઉભય પ્રકાશક સૂત્રના ॥ સંપ્રતિ બહુ ઉપગાર રે ॥ વિ૦ ॥ ૩ ॥ પ્ર૦ ॥ પુન્ય ક્ષેત્રમાં સિદ્ધગીરી ॥ મંત્રમાંહે નવકાર રે ॥ વિ૦ શુકલધ્યાન છે ધ્યાનમાં ॥ કલ્પસૂત્ર તિમ સાર રે ॥વિ૦॥ ॥ ૪ ॥ પ્ર૦ ॥ વીર વર્ણવ છે જેહમાં ॥ શ્રી પર્વ તસુ સેવ રે ॥ વિ૦ ॥ છઠ્ઠ તપે કલ્પસૂત્ર સુણે મુદા ॥ ઉચિત વિધિ તતખેવરે ॥ વિ૦ ॥ ૫ ॥ પ્ર૦ ॥

## ॥ ઢાલ આઠમી ॥

॥ તપશું રંગ લાગ્યો ॥ એ દેશી ॥

નેઉં સહસ સંપ્રતિ નૃપે રે ॥ ઉદ્ધર્યા જૈન પ્રાસાદ રે ॥ છતિસ સહસ નવાં કર્યાં રે ॥ નિજ આયુ દિનવાદ રે ॥ મનને મોદે રે ॥ પૂજો પૂજો મહોદય પર્વ ॥ મહોત્સવ મોટે રે ॥ ૧ ॥ અસંખ્ય ભરતના પાટવી રે ॥ અઠ્ઠાઈ ધર્મનાં કામિ રે ॥ સિદ્ધગિરીયેં શિવપૂરી વર્યા રે ॥ અજરામર શુભ ધામિ રે ॥ મ૦ ॥ ૨ ॥ યુગપરધાન પૂરવ ધણી રે ॥ વયર સ્વામિ ગણધાર રે ॥ નિજ પિતુ મિત્ર પાસે જઈ રે ॥ જાચ્યાં કુસુ તઈયાર રે ॥ મ૦ ॥૩॥ વીસ લાખ કુલ લેઈ ને રે ॥ આવ્યા ગિરી હિમવંત રે ॥ શ્રીદેવી હાથે લીયા રે ॥ મહા કમલ ગુણવંત રે ॥ મુ૦ ॥ ૪ ॥ પછે જિનરાગીને સુપિયાં રે ॥ સુભિક્ષ નયર મઝાર રે ॥ સુગત મત ઉચ્છ દિને રે ॥ શાસન શોભા અપાર રે ॥ મ૦ ॥ ૫ ॥

## ॥ ઢાલ નવમી ॥

॥ ભરત નૃપ ભાવશું એ ॥ એ દેશી ॥

પ્રાતિહારાજ અડ પામીયે એ ॥ સિદ્ધ પ્રભુના ગુણ આઠ ॥ હરખ ધરી સેવીયે એ ॥ જ્ઞાન દર્શન ચારિત્રનાં એ ॥ આઠ આચારણાં પાઠ ॥ હ૦ ॥ સેવો સેવો પર્વ મહંત ॥ હ૦ ॥ ૧ ॥ પવયણ માતા સિદ્ધિનું એ ॥ બુદ્ધિ ગુણાં અડ દષ્ટિ ॥ હ૦ ॥ ગણિ સંપદ અડ સંપદા એ ॥

આઠમી ગતિ દિયે પુષ્ટિ ॥ હ૦ ॥ ૨ ॥ આઠ કર્મ અડ દોષને એ ॥ અડ મદ પરમાદ ॥ હ૦ ॥ પરિહરી આઠ વિધ કારણ ભજીએ ॥ આઠ પ્રભાવક વાદ ॥ હ૦ ॥ ૩ ॥ ગુર્જર હલિ દેશમાં એ ॥ અકબરશાહ સુલતાન ॥ હ૦ ॥ હિરજી ગુરૂનાં વયણથી એ ॥ અમારી પડહ વજડાવી ॥ હ૦ ॥ ૪ ॥ સેનસુરી તપગચ્છ મણિ એ ॥ તિલક આણંદ મુણિંદ ॥ હ૦ ॥ રાજ્યમાન રિદ્ધિ લહે એ ॥ સૌભાગ્ય લક્ષ્મી સુરિંદ ॥ હ૦ ॥ ૫ ॥ સેવો સેવો પર્વ મહંત ॥ હ૦ ॥ પુજા જિનવર અરવિંદ ॥ હ૦ ॥ પુન્ય પર્વ સુખસંપદ ॥ હ૦ ॥ પ્રગટે પરમાણંદ ॥ હ૦ ॥ કહે એમ લક્ષ્મી સુરિંદ ॥ હ૦ ॥ ૬ ॥

## ॥ कलस ॥

એમ પાસ પ્રભુનો પસાય પામી ॥ નામે અઠ્ઠાઇ ગુણ કહ્યા ॥ ભવિ જીવ સાધો નિત આરાધો ॥ આત્મ ધર્મે ઉમહ્યાં ॥ ૧ ॥ સંવત જિન અતિશય વસુ સસી ॥ ચૈત્ર પુનમે ધ્યાઇયા ॥ સૌભાગ્યસુરી-શિષ્ય લક્ષ્મીસુરી બહુ ॥ સંઘ મંગલ પાઇયા ॥ ૨ ॥

॥ ઈતિ શ્રી અઠ્ઠાઈ મહોત્સવ સ્તવન સંપૂર્ણમ્ ॥

## रुषभदेवनुं स्तवन

માતા મરૂદેવીનો લાડલો રે લોલ, પ્રભુ નાભિરાયા

કુલચંદ રે, અવધારો ઋષભ મારી વીનતી રે લોલ, પ્રભુ પાંચશે ધનુષ ઊંચી દેહડી રે લોલ, તારી કંચનવરણી છે કાયરે અવ૦ ॥ ૧ ॥ પ્રભુ ત્રણ ભુવન શીરદાર છે રે લોલ, મારા પ્રાણતણા આધારરે અવ૦ તારી મૂરતી મોહન વેલડી રે લોલ, મારું મનડું તે લીધું ચોરીરે અવ૦ ॥ ૨ ॥ મને માયા લાગી છે તાહરી રે લોલ, હવે ન ગમે કુટુંબ પરીવારરે અવ૦ કરી કામણ કિંહાં જાવશો રે લોલ, મારો દુઃખ ભર્યો દીલડો ઠારરે અવ૦ ॥ ૩ ॥ તમે મોહની મંત્રને સાધીયો રે લોલ, તેથી મોહી રહ્યા ત્રણ લોકરે અવ૦ મળી ચોસક ઇંદ્રિ સેવા કરે રે લોલ, સર્વ સુરનરના કેઈ થોકરે અવ૦ ॥ ૪ ॥ સજી સોળ શણગાર ઇંદ્રાણીયો રે લોલ, જીન આગળ રહી ગીત ગાયરે અવ૦ થયા થેઈ થયા થેઇ નાચતી રે લોલ, લેતી કુદડી ફરતી કાયરે અવ૦ ॥ ૫ ॥ માદળ ભુંગળ ભેરી વાજતી રે લોલ, ધૂમધૂમ નગારાની ધૂસરે અવ૦ પાયે નમતીને લેતી વારણા રે લોલ, પ્રભુ પુરજો અમારી હુંશરે અવ૦ ॥ ૬ ॥ કીમ મૌન કરીને બેસીયા રે લોલ, મને સેવક કહીને બોલાયરે અવ૦ મને દાન દેવો હવે મોક્ષનો રે લોલ, મારો જીવ રહ્યો લલચાયરે અવ૦ ॥ ૭ ॥ તમે મોક્ષ મફત નથી આપતા રે લોલ, મારી ખરી મજુરી ખરી જાતરે અવ૦ પ્રભુ રંગ રસીલા દીજીએ રે લોલ, મને શીવદ્વારીનો સાથરે અવ૦ ॥ ૮ ॥ તારા મુખડાને મટકે મોહીયો રે લોલ, મારો જીવ અટક્યો તુજ માંહીરે અવ૦ પ્યારી મોહની મૂરતી દેખતા રે લોલ,

મને અવરન આવે હાથરે અવ૦ ॥ ૯ ॥ મારી ભવોભવ પ્રીતિ પાળજો રે લોલ, સેવક જાણી રાખો તુમારી પાસરે૦ અવ૦ ॥૧૦॥ ધૂલેવા નગર ધૂસ વાજતી રે લોલ, દાદા ઋષભ તણો દરબારરે અવ૦ દાન દયા કરી દીજીયે રે લોલ, તો સુમતિ વિમળ ભવપારરે અવ૦ ॥ ૧૧ ॥

---

# श्रीसीमंधर स्वामीनु स्तवन

॥ ઢાલ ૧ લી ॥

સુણ સુણ સરસ્વતી ભગવતી, તારી જગ વિખ્યાત; કવિ જનની કીરતી વધે, તેમ તું કરજે માત ॥ ૧ ॥ મંધરસ્વામી મહાવિદેહમાં, બેઠા કરે વખાણ ॥ વંદણા મારી તીહાં જઇ, કહેજ્યો ચંદાભાણ ॥ ૨ ॥ મુજ હયડું શંસય ભર્યું, કુણ આગળ કહું વાત॰॥ જેહશું માંડી ગોઠડી, તે મુજ ન મલે ઘાત ॥ ૩ ॥ જાણો આવું તુમ કને વિષમ વાટ પંથ દૂર. ॥ ડુંગરને દરીઆ ઘણા, વિચે નદી વહે પૂર. ॥ ૪ ॥ તે માટે ઈહાં કને રહી, જેજે કરૂં વિલાપ ॥ તે તુમે પ્રભુજી સાંભળો, અવગુણ કરજ્યો માફ ॥ ૫ ॥

॥ ઢાળ ॥

ભરતક્ષેત્રના માનવિરે, જ્ઞાની વિણુ મુંઝાય ॥ તિણ કારણ તુમને સહુરે, પ્રભુજી મનમાં ચાહેરે, સ્વામિ આવો આણે ક્ષેત્ર ॥ જો તુમ દરીસણ દેખીયેરે, તો નિરમલ કીજે

મોરા નેત્રરે સ્વામી ॥ ૧ ॥ ગાડરિયો પરિવાર મલ્યોરે, ઘણું કરે તે ખાસ ॥ પરિક્ષાવંત થોડા હુવેરે; સીરધારૂ વિસવાસરે સ્વામી ॥ ૨ ॥ ધરમિની હાંસી કરેરે, પક્ષ વિહુણો સિદાય ॥ લોભ ઘણો જગ વ્યાપીયોરે, તેણે સાચો નવી થાયરે ॥ ૩ ॥ સમાચારી જુઇ જુઈરે, સહુ કહે માહરો ધર્મ ॥ ખોટો ખરો કિમ જાણીયે રે, તે કુણ ભાંજે ભરમ રે. સ્વામી. ॥ ૪ ॥

॥ ઢાલ ॥ ૨ ॥

વીરપ્રભુ જ્યારે વિચરતા, ત્યારે વરતતી શાંતિરે, ॥ જે જન આવીને પુછતા. તહારે ભાંજતી ભ્રાંતીરે ॥ હે, હે. જ્ઞાનીનો વીરહો પડયો, તે તો દહે મુજ દુઃખરે. સ્વામી શ્રીમંધર તુજ વિના, તેતો કુણ કરે સુખરે હે. ॥ ૨ ॥ ભુલો ભમેરે વાડોલીઆ, ઝીહાં કેવલી નાહીરે ॥ વિરહી ને રયણી જીસીરે, તીસી મુજ ઘડીજાયરે હે. ॥ ૩ ॥ વાત મુખે નવનવી સાંભળી, પણ નિરતી નવી થાયરે. ॥ જેજે દુર્ભાગીયા જીવડા ॥ તેતો અવતર્યો આંહીરે હે ॥ ૪ ॥ ધન્ય મહા વિદેહના માનવી, જીહાં જીનજી આરોગ્યરે ॥ નાણ દર્શન ચરણ આદરે, સંયમ લીયે ગુરૂયોગેરે હૈ. ॥ ૫ ॥

॥ ઢાળ ૩ ॥

મંધર સ્વામી માહરારે, તું ગુરૂ ને તું દેવ ॥ તું વિન અવર ન ઓલગુંરે, ન કરૂ અવરની સેવરે ॥ અહિંયા કને આવજો ॥ વલી ચતુર્વિધ સંઘ રે સાથે લાવજો. ॥ ૧ ॥

સંઘ કેમ કીરીયા કરે રે, કિણી પરે ધ્યાવે ધ્યાન ॥ વૃત પચ્ચખ્ખાણ કેમ આદરે, કેની પરે દેશે દાનરે. ॥ ૨ ॥ ઈહાં ઉચિતકિરતા ઘર્ણારે, અનુકંપા લવલેશ ॥ અભય સુપાત્ર અલ્પ હુવારે, એહવા ભરતમાં દેશોરે અહીં ॥ ૩ ॥ નિશ્ચય સરસવ જેટલો રે, બહુ ચાલ્યો વ્યવહાર ॥ અભ્યંતર વિરલા હુવારે, ઝાઝો બાહ્ય આચારોરે. ઈહાં ॥ ૪ ॥

॥ ઢાલ ॥ ૪ ॥

શ્રીમંધર તું માહરો સાહિબ, હું સેવક તુજ દાસરે ॥ ભમિ ભમિ ભવ કરી થાકિયો; હવે આવ્યો શીવરાજરે. શ્રી ॥ ૧ ॥ ઈણ વાટે વાટેમારગું નાવે, નાવે કાસીદ કોઈરે ॥ કાગળ કુણ સાથે પહોંચાડું, હું મુજ્યો તુમ મોહે રે. શ્રી ॥ ૨ ॥ ચાર કષાય ઘટમાં રહ્યા, વ્યાપી રાતો ઇંદ્રી રસેરે ॥ મદ કહો પણ કયારે વાપે, મન નાવે મુજ વેશરે ॥ ૩ ॥ તૃષ્ણાનું દુઃખ હોત નહી મુજને, હોત સંતોષનો ધ્યાનરે ॥ તો હું ધ્યાન ધરત પ્રભુ તારે, થિર કરી રાખત મન્નરે ॥ ૪ ॥ નીવડ પરિણામે ગોઠડી બાંધી, તે છુટું કીમ સ્વામીરે ॥ તે હું નર તુજમાં છે પ્રભુજી, આવો અમારી કનેરે ॥ ૫ ॥

॥ ઢાળ ॥ ૫ ॥

શ્રીમંધર જીન એમ કહે, પુછે તીહાંના લોકરે ॥ ભરત ક્ષેત્રની વારતા, સાંભળે સુરનર થોકરે ॥ ૧ ॥ ત્રીજો આરો બેઠા પછી, જાસે કેટલો કાલરે ॥ પદ્મનાભજીન

હુસે ॥ જ્ઞાની ઝાકઝમાલરે ॥ ૨ ॥ છઠ્ઠે આરે જે હુસે ॥ તે પ્રાણીના બહુ પાપ રે ॥ શાતા નહિરે એક ઘડી, રવિનો ઝાઝેરો તાવરે ॥ ૩ ॥ ઓછું આયું માણુસ તણું ॥ મોટા દેવના આયરે ॥ સુખ ભોગવતો સ્વર્ગના ॥ સાગર પલ્યો-પમ જાયરે ॥ ૪ ॥ સરાગીને એમ કહે ॥ હા તુમે તારો ભગવંતરે ॥ આપથી આપે તરે ॥ ઇમ સુણજો સહુ સંતરે ॥ ૬ ॥

॥ ઢાલ ॥ ૬ ॥

એહ સુત્રમાં જીવતે વાતો સાંભળીરે ॥ મકર હવે જીવ વિખવાદ ॥ જેરે તેં પુન્ય પુરવ કીધા નહીરે ॥ તો કીહાંથી પહોંચે આસ ॥ જીનજી કીમ મળેરે ॥ ૧ ॥ કહે ભોલા સુંચ્યલેલે. તુંસરાગી પ્રભુ વૈરાગીમાં વડોરે ॥ કીમ આવે પ્રભુ આંહી ॥ જી ॥ ૨ ॥ ચોલ મજીઠ સરખો જીનજી સાહીબોરે, તુંતો ગલીનો રંગ ॥ કટ કાચ તણો મુલ તુજમાં નહીરે ॥ પ્રભુ નગીનો રંગ ॥ જી૦ ॥ ૩ ॥ શ્રીભમર સરીખો ભોમી શ્રી ભગવંતજીરે ॥ તું તો માખી તોલ ॥ સરીખા સરીખે વીણુ કીમ બાજે ગોઠડીરે ॥ તું હ્રદય વિચારી બોલ ॥ જી૦ ॥ ૪ ॥ કરમ સાથે લપટાણો તું જીહાં લગેરે ॥ તીહાં લગે તુજનેકાસ ॥ સમતાનો ગુણ જયારે તુજમાં આવશેરે ॥ તિહારે જઈશ પ્રભુની પાસ ॥ જી૦

॥ ઢાળ ॥ ૭ ॥

શ્રી મંધર સ્વામી તણી ગુણમાલા જે નર ભાવે

ભણુશેરે ॥ તસ સીર વૈરી કોઈ નહી વ્યાપે ॥ કરમ શત્રુને હણુશેરે ॥ હમચડી ॥ હમચડી મારી હેલરે ॥ સીમંધર મોહન વેલરે ॥ સત્યકી રાણીને નંદન નીરખી ॥ સુખ સંપતીની ગેલરે ॥ હમચડી ॥ શ્રીમંધર સ્વામી તણી ગુણમાલા ॥ જે નારી નિત્ય ગણુશેરે ॥ સતી સોહાગણ પીહર પસરી ॥ પુત્ર સુલક્ષણ જણશેરે ॥ હમ૦ ॥ સીમંધર સ્વામી શીવપુર ગામી ॥ કવિતા કહે સીરનામી ॥ વંદણા માહરી હૃદયમાં ધારી ॥ ધરમલાભ દ્યો સ્વામીરે ॥ હમચડી૦ ॥ શ્રી તપગચ્છનો નાયક સુંદર ॥ શ્રી વિજયદેવ પટોધરરે ॥ કિરતી જેહની જગમાં ઝાઝી ॥ બોલે નરને નારીરે ॥ હમચડી૦ ॥ શ્રી ગુરૂવયણ સુણી બુદ્ધિ સારૂ ॥ સીમંધર જીન ગાયોરે ॥ સંતોષી કહે દેવગુરૂ ધર્મ, પુરવ પુન્યે પાયોરે ॥ હમચડી૦ ॥

॥ શ્રીમંધરસ્વામીનું સ્તવન સંપૂર્ણ સર્વ ગાથા ૩૮ ॥

---

## श्री गोडीपार्श्वनाथ आधारे मेघाशानुं स्तवन. प्रारंभः ॥

॥ દુહા ॥

પ્રણમું નિત પરમેશ્વરી, આપો અવિચલ માત ॥ લઘુતાથી ગિરૂતા કરે, તું શારદ સરસત ॥ ૧ ॥ મુઝ ઉપર મયા કરી, દેજે દોલત દાન ॥ ગુણ ગાઉં ગિરૂઆ

તણા, મહીયલ વાધે વાન ॥ ૨ ॥ ધવલધિંગ ગોડી ધણી, સહુકો આવે સંઘ ॥ મહિમાવાદી મોટકો નારંગને નવરંગ ॥ ૩ ॥ પ્રતિમા ત્રણે પાસની, પ્રગટી, પાટણમાંહિં ॥ ભક્તિ કરે જે ભવિજન, કુણ તે વલી કહેવાય ॥૪॥ ઉત્પત્તિ તેહની ઉચરૂં, શાસ્ત્રતણી કરી શાખ ॥ મોટા ગુણ મોટા તણા, ભાખે કવિજન ભાંખ ॥ ૫ ॥

॥ ઢાલ ૧ ॥ નદી જમુનાકે ॥ એ દેશી ॥

કાશી દેશ મઝારકે નયરી વણારસી ॥ એસમો અવર ન કોય જાણે લંકાજિસી ॥ રાજ કરે તિહાં રાજકે અશ્વસેન નરપતિ ॥ રાણી વામા માતકે તેહની દીપતી ॥ ૬ ॥ જન્મ્યા પાસ કુમારકે તેહની રાણીયેં, ઉચ્છવ કીધો દેવકે ઇંદ્ર ઇંદ્રાણીયેં ॥ જોવન પરણ્યા પ્રેમ કન્યા પરભાવતી, નિત નિત નવલા વેશ કરિ દેખાવતિ ॥ ૭ ॥ દીક્ષા લેઈ વનવાસ રહ્યા કાઉસગ્ગ જિહાં ॥ ઉપસર્ગ કરવા મેઘમાલી આવ્યો તિહાં ॥ કષ્ટ દઇને તેહ ગયો જે દેવતા ॥ ૮ ॥ વરસ તે સોનો આવખો ભોગવી ઉપનાં, જોતમાંહિ વલી જ્યોત તિહાં કેઈ રૂપનાં ॥ પાટણ માંહે મુરત ત્રણે પાસની, પેલી ભોંયરાંમાંહિ રાખે કોઈ શાસની ॥ ૯ ॥ એક દિન પ્રતિમા તેહ ગોડીની લેઈ કરી, પોતાના આવાસ માંહે કે તુરકે હિત ધરી ॥ ભોમી ખણિને માંહે ઘાલી તુરકે તિહાં, સુવે નિત પ્રેતે તેહકે સુજવાલી તિહાં ॥ ૧૦ ॥ એક દિન સોહણામાંહિં કે જક્ષ આવિ કહે, તિણ અવસર તે તુર્ક હૈયામાં ચિંતવે ॥ નહિતર મારીશ મરડીશ હવે હું તુજને, તે

માટે ઘર માંહેથી કાઢજે મુઝને ॥ ૧૧ ॥ પારકર માંહેથી મેઘાશા ઈહિ આવશે, તે તુજ દેશે લાવી ટકા એ પાંચસે ॥ દેજે મુરતિ એહ કાઢીને તેહને, મત કેજે કોઈ આગલ વાત તું કેહને ॥ ૧૨ ॥ થાશે કોટિ કલ્યાણ કે તાહરે આજથી, વાધસ્યે પંચમાંહે કે નામ તે લાજથી ॥ મનસું બીનો તુર્ક થઈને આકલો, આગલ જે થાયે વાત તે ભવિજન સાંભલો ॥ ૧૩ ॥

॥ ઢાલ ૨ ॥ સાભલોથલ ॥ એ દેશી ॥

લાખ યોજન જંબુ પરિમાણ, તેમાં ભરતક્ષેત્ર પરધાનરે ॥ મહારા સુગુણ સનેહી સુણજો ॥ પારકર દેશ શોભે રૂડો, જિમ નારીને સોહે ચુડારે ॥ મા૦ ॥ ૧૪ ॥ શાસ્ત્રમાંહિં જેમ ગીતા, જિમ સતીયોમાંહે સીતારે ॥ મા૦ ॥ વાજિંત્ર માંહે જીમ ભેર, જિમ પરવતમાંહે મોટો મેરરે ॥ મા૦ ॥ ૧૫ ॥ દેવમાંહે જિમ ઇંદ્ર, ગ્રહગણમાંહે જિમ ચંદ્રરે ॥ મા૦ ॥ બત્રીસ સહસ તે દેશ, તે માહે પારકર દેશ વિશેષરે મા૦ ॥ ૧૭ ॥ ભૂદેશર નામે નયર, તિહાં કોઈ ન જાણે વેરરે ॥ મા૦ ॥ રાજ કરેરે ખેંગાર, તે તો જાત તણો પરમારરે ॥ મા૦ ॥ ૧૮ ॥ તિહાં વણિક કરે વેપાર. અપછરા સરખી નારરે ॥ મા૦ ॥ મોટા મંદીર પરધાન, તે તો ચૌદસે બાવનરે ॥ મા૦ ॥ ૧૯ ॥ તિહાં કાજલશા વ્યવહારી, સહુ સંઘમાં છે અધિકારીરે ॥ મા૦ ॥ પુત્રકલત્ર પરિવાર, જસ માનિત છે દરબારરે ॥ મા૦ ॥ ૨૦ ॥ તેહ

કાજલશાની બાઈ, સા મેઘાસું કીધ સગાઈરે ॥ મા૦ ॥ એ દિન સાલો બનેવી, બેઠાં વાતું કરે છે એવીરે ॥ મા૦ ॥ ૨૧ ॥ ઈહાંથી દ્રવ્ય ઘણો લેઈ, જઈ લાવો વસ્તુ કેઈરે ॥ મા૦ ॥ ગુજરાત માંહેં તુમે જાજો, જે માલ મન આવે તે લેજોરે ॥ મા૦ ॥ ૨૨ ॥

॥ ઢાલ ॥ ૩ ॥ જે મલે તે લાવજોરે પ્રણમું એ દેશી ॥

સાલ કાજલ કહે વાત, મેઘા તણી અવદાત ॥ સાંભલી સદ્દહે એકે, વલતું એમ કહે એ ॥ ૨૩ ॥ ધન ઘણો લઈ હાથ, પરિવાર કર્યો સાથ ॥ કુંકુમ તિલક કિયોએ, શ્રીફલ હાથે દીયોએ ॥ ૨૪ ॥ જાઈશ હું પરભાત, સાથ કરી ગુજરાત ॥ શકુન ભલા સહીએ, તો ચાલું વહીએ ॥ ૨૫ ॥ લેઈ ઉંટ કંતાર, આવ્યો ચઉટા મઝાર ॥ કન્યા સન્મુખ મલીએ, કરતી રંગ રલીએ ॥ ૨૬ ॥ માલણ આવી તામ છાબ ભરિ છે દામ ॥ વધાવે શેઠ ભણીએ, આશિષ દે ઘણીએ ॥ ૨૭ ॥ મચ્છયુગલ મલ્યા ખાસ, વેદ બોલંતા વ્યાસ ॥ પતરી ભરી જોગણી, વૃષભ હાથે ઘણીએ ॥ ૨૮ ॥ ડાબો બોલે સાંઢ, દધિનો ભરિયો માટ ॥ ખરડાવો ખરો એ, સહુ કોઇએ ધરોએ ॥ ૨૯ ॥ આગલ આવ્યા જામ, સારંગ ત્રુઠા તામ ॥ ભરવ જમણી ભલિએ, દેવ ડાબા ચાલીએ ॥ ૩૦ ॥ જમણી રૂપારેલ, ઠારબથી તિણ વેલ ॥ નીલકંઠ તોરણ કિયો એ, ઉલસ્યો અતિ હયોએ ॥ ૩૧ ॥ હનુમને કીધી હાંક, મધુરાં બોલે કાક, લોક હસે સહુએ,

કામ હોશે બહુએ ॥ ૩૨ ॥ અનુક્રમે ચાલ્યા જાય, આવ્યા પાટણમાંહિં ॥ ઉતારા કિયા એ, શેઠજી આવીયાએ ॥૩૩॥ નિશીભર સુતા જ્યાંહિ, જક્ષ આવિને ત્યાંહિં ॥ સુહણે એમ કહેએ, તે સઘલો સદ્દહેએ ॥ ૩૪ ॥ તુરકતણે જઈ ધામ, તું જઈ દેજે દામ, પાંચસે રોકડાએ, તું દેજે દોકડાએ ॥ ૩૫ ॥. દેશે પ્રતિમા એક, પાસતણી સુવિવેક ॥ એહથી તુઝ થાશે એ, ચિંતા દૂર જાશે એ ॥ ૩૬ ॥ સંભલાવી જક્ષરાજ, તુર્કભણી કહે સાજ ॥ પ્રતિમા તું દેયજે એ, પાંચસેં ધન લેયજે એ ॥ ૩૭ ॥ એમ કરતાં પરભાત, તરકભણી કહે વાત ॥ મનમાંહેં ગહગહેએ; અચરિજ કુણ લહેએ ॥ ૩૮ ॥

॥ ઢાલ ॥ ૪ ॥ આસણ ॥ એ દેશી ॥

તરકભણી દીયે પાંચસેં દામ, પ્રતિમા આણે નિજ ઠામરે ॥ પાસજી મુરે ત્રુઠા ॥ પૂજે પ્રતિમા હર્ષ ભરાણો ભાવ આણીને ખરચ્યો નાણોરે ॥ પા૦ ॥ ૩૯ ॥ મુજ વએતે એ મૂરતિ આવી, મુજ આપશે દામ કમાવી રે ॥ પા૦ ॥ નાણું દેઇને રૂ તિહાં લીધો, મનમાન્યો કાર્ય સીધોરે ॥ પા૦ ॥ ૪૦ ॥ રૂના ભરીયા ઉંટ વીસ, માંહે બેસાડયા પ્રભુને ઉછાંહેરે ॥ પા૦ ॥ અનુક્રમે ચાલ્યા પાટણમાંથી, સાથે મુરતિ લેઈ તિહાંથી રે ॥ પા૦ ॥ ૪૧ ॥ આગલ રાધણપુરે આવ્યા, દાણી દાણ લેવાને આવ્યારે ॥ પા૦ ॥ ગણે ઉંટ રૂનો કરે લેખો, એક અધિકો ઓછો

દેખે રે ॥ પા૦ ॥ ૪૨ ॥ મેઘાશાને દાણી મલી પૂછે કહો શેઠજી કારણ શું છેરે ॥ પા૦ ॥ દાણી મલી વિચારે, મનમાં, એતો કૌતક દિસે છે એણમાંરે ॥ પા૦ ૪૩ ॥ તવ મેઘો કહે સાભલો દાણી, અમે મૂરતિ ગોડીની આણીરે ॥ પા૦ ॥ તે મૂરતિએ વરકિમાંહે, કિસ જાલવિએ બીજે ઠામેરે ॥ પા૦ ॥ ૪૪ ॥ પારસનાથ તણે સુપસાયે, દાણી દાણ મેલી ઘરે જાયેરે ॥ પા૦ ॥ યાત્રા કરી સહુ નિજઘર આવે, જિનપૂજા આનંદ પાવેરે ॥ પા૦ ॥ ૪૫ ॥ તિહાંથી આવ્યા પારકરમાંહે, ભૂદેશર નયર ઉછાહેરે ॥ પા૦ ॥ વધામણી દીધી જેણે પુરૂષે, થયો રલિયાત સહુ હરખેરે ॥ પા૦ ॥ ૪૬ ॥

॥ ઢાલ ૫ ॥ રાણપુરો રલિયામણો ॥ એ દેશી ॥

સંઘ આવે સહુ સામટારે લો, દરિસણ કરવાં કાજ ॥ ભવિ પ્રાણીરે ॥ ઢોલ નગારા દહદહેરે લો, નાદે અંબર ગાજ ॥ ભ૦ ॥ સુણજો વાત સુહામણીરે લો ॥ ૪૭ ॥ ઓછવ મોછવ ઘણા કરેરે લો, ભેટે શ્રી પાર્શ્વનાથ ॥ ભ૦ ॥ પૂજા પ્રભાવના કરે ઘણીરે લો, હરખ પામ્યા સહુ સાથ ॥ ભ૦ ॥ ૪૮ ॥ સંવત ચૌદ બત્રીસમેરે લો, ફાગણ સુદની બીજ ॥ ભ૦ ॥ થાવરવારે લો, નરપતિ પામ્યા રીઝ ॥ ભ૦ ॥ ૪૯ ॥ એક દિન કામલશા કહેરે લો, મેઘાશાને વાત ॥ ભ૦ ॥ નાણો અમારો લેઈ કરીરે લો, ગયા હતા ગુજરાત ॥ ભ૦ ॥ ૫૦ ॥ તે ધન તમેં કિહાં વાવર્યું રે

લો, તે દીયો લેખો આજ ॥ ભ૦ ॥ તવ મેઘો કહે શેઠજી રે લો, ખરચ્યાં ધરમને કાજ ॥ ભ૦ ॥ ૫૧ ॥ સ્વામીજી માટે સોંપીયોરે લો, પાંચસેં દીધા દામ ॥ ભ૦ ॥ કાજલ કહે એ શું કર્યું રે લો, પત્થર કોણ આવે કામ ॥ ભ૦ ॥ ૫૨ ॥ કાજલને મેઘો કહેરે લો, એ વ્યાપારમેં ભાગ ॥ ભ૦ ॥ તે પાંચસે શિર માંહરેરે લો, તેમાંહિં તુમને ન લાગ ॥ ભ૦ ॥ ૫૩ ॥ મેઘાસાની ભારજારે લો, મરગાદે છે નામ ॥ ભ૦ ॥ મહિયેોને મેરો બેહુ સરિખારે લો, દોએ સુત રતિય સમાન ॥ ભ૦ ॥ ૫૪

॥ ઢાલ ॥ ૬ ॥ કંત તમાકુ પરિહરો ॥ એ દેશી ॥

સા કાજલ મેઘાભણી, બેહું જણમાંહે સંવાદ ॥ મેરે-લાલ ॥ તિહાં મેઘો ધનરાજને, એક દિન કીધો સાજ ॥ ૫૪ ॥ સુણજો વાત સુહામણી ॥ એ પ્રતિમા પૂજો તમે, ભાવ આણીરે ચિત્ત ॥ મે૦ ॥ બાર વરસ લગે તિહાં, પૂજે ખરચે વિત્ત ॥ મે૦ ॥ એક દિન સુહણે એમ કહે, મેઘાસાને વાત ॥ મે૦ ॥ તું અમસાથે આવજે, પરવારિ પરભાત ॥ મે૦ ॥ વેલ લેજે ભાવલતણી, ચારણ જાત છે તેહ ॥ મે૦ ॥ દેવાનંદા અંકતણી, દોય વૃષભ છે જેહ ॥ મે૦ ॥ ૫૭ ॥ વેલ ખેડે તું એકલો, મત લેજે કોઈ સાથ ॥ મે૦ ॥ થલાવાડી ભણી હાંકજે, મુઝને રાખજે હાથ ॥ મે૦ ॥ ૫૮ ॥ એમ મેઘાને વિનવી ॥ જક્ષ ગયો નિજ ઠામ ॥ મે૦ ॥ રવિ ઉગે મેઘે તિહાં, કરવા માંડયો

કામ ॥ મે૦ ॥ ૫૯ ॥ વેલ લીધી ભાવલતણી, વૃષભ આણ્યા વલી દોય ॥ મે૦ ॥ વેલ જોડી સ્વામિતણી, તે જાણે સહુ કોય ॥ મે૦ ॥ ॥ ૬૦ ॥ તવ મેઘો તે વેલને, ખેડિ ચાલ્યો જાય ॥ મે૦ ॥ અનુક્રમે મારગ ચાલતાં, આવ્યા થલાવાડી માંય ॥ મે૦ ॥ ૬૧ ॥

॥ ઢાલ ॥ ૭ ॥

તિહાં મોટાને છોટા થલ ઘણાં, દિસે વૃક્ષતણો નહિં પારોરે ॥ વલી ભૂતપ્રેત વ્યંતર ઘણા, તિહાં ડરતણો નહિં પારોરે ॥ ૬૨ ॥ સાહા મેઘો એણી પરે ચિંતવે, હવે મુઝને કવણ આધારોરે ॥ તિહાં જક્ષ આવીને એમ કહે, તું મત કરે ફિકર લિગારરે ॥ ૬૩ ॥ સા૦ ॥ તિહાં વેલ હાંકિને ચાલિયો, આવ્યું ઉજડ ગોડિપુર ગામરે ॥ તિહાં વાવ સરોવર કુવા નહિં, નહિં મોલ મંદિરને ઠામરે ॥ ૬૪ ॥ સા૦ ॥ તિહાં વેલ થંભાણી હાલે નહિં, તવ સાહ હુઓ દિલગીરરે ॥ મુઝપાસે નથી કોઈ દોકડો, કેમ ભાંજસે મુઝ મન ભીડરે ॥ ૬૫ ॥ સા૦ ॥ તિહાં રાત પડી રવિ આથમ્યો, ચિંતાતુર થઈને બેઠોરે ॥ સા મેઘાભણી આવી કહે, સોહણામાંહે જક્ષ એકાંતોરે ॥ ૬૬ ॥ સા૦ ॥ હવે સાંભલ મેઘા હું કહું, આવ્યો છે ગોડિપુર ગામરે ॥ મોટો દેરાસર કરજે ઈહાં, ઉત્તમ જોઇને ઠામોરે ॥ ૬૭ ॥ સા૦ ॥ તું જાજે દક્ષિણ દિશભણી, તિહાં પડ્યું છે લીલું છાણું રે ॥ તિહાં કુઓ ઉમટસે પાણીતણો, વલિ

અગટશે પાણીની ખાખરે ॥ ૬૮ ॥ સા૦॥ પાસે ઉગ્યો છે ઉજલ આકડો, તે હેઠલ છે. ધન બાહોળોરે ॥ પુર્યો છે ચોખાતણો સાથિયો, તિહાં પાણીતણો કુવો પોતેરે ॥ ૬૯ ॥ સા૦ ॥

॥ ઢાલ ॥ ૮ ॥ સીતા રૂપે રૂડી ॥ એ દેશી ॥

સિલાવટ સિરોહી ગામે, તિહાં રહે છે ચતુર બહુ કામે હો ॥ શેઠજી સાંભલો ॥ રોગ છે તેહને શરીરે, નમણું કરી છાંટજે નીર હો ॥ શે૦ ॥ ૭૦ ॥ રોગ જાસે ને સુખ થાશે, બેઠો ઈહાં કિમ કમાસે હો ॥ શે૦ ॥ જક્ષ ગયો એમ કહીને, કરે શેઠજી ઉદ્યમ વહિને હો ॥ શે૦ ॥ ૭૧ ॥ જ્યોતિષ નિમિત્ત જોવરાવે, દેરાસરપાયો મંડાવે હો ॥ શે૦ ॥ શિલાવટને તેડાવે, વલી ધનનાં ખાણ ખણાવે હો ॥ શે૦ ॥ ॥ ૭૨ ॥ ગોડિપુર ગામ વસાવે, સગાસાઈઉ ને તેડાવે હો ॥ શે૦ ॥ એમ કરતાં બહુ દિન વીતાં, થયો મેઘો જગતવિદિતા હો ॥ શે૦ ॥ ૭૩ ॥ એક દિન સા કાજલ આવી, કહે મેઘાને વાત બનાવી હો ॥ શે૦ ॥ એ કામમાં ભાગ અમારો. અરધ તારો ને અરધ મારો હો ॥ શે૦ ॥ ૭૪ ॥ એમ કરી દેરાસર કરિએ, જિમ જગમાં જશ વરિજે હો ॥ શે૦ ॥ હવે મેઘો કહે તેહને, દામ જોઈએ છે કેઈને હો ॥ શે૦ ॥ ૭૫ ॥ સ્વામિજીને સુપસાયેં, ઘણા દામ છે ભાઈ આંહિં હો ॥ શે૦ ॥ એક દિન કહેતા આમ, એ પત્થરના કુણ કામ હો ॥ શે૦ ॥

૭૬ ॥ ક્રોધ વશે પાછો વલીયો, પણ દગો મનમાંહે, ભલિયો હો ॥ શે૦ ॥ હવે કાજલ મનમાં ચિંતે, મારૂં મેઘો થાઉં નચિંતે હો ॥ શે૦ ॥ ॥ ૭૭ ॥

॥ ઢાલ ॥ ૯ ॥ કોયલો પરવત ॥ એ દેશી ॥

પરણાવું પુત્રી માહરીરે લો, ખરચી દ્રવ્ય અપારરે ॥ ચતુરનર ॥ નાત જમાડું આપણીરે લો, તેડું મેઘો તિણ વારરે ॥ ચ૦ ॥ સાંભલજો શ્રોતા તમે રે લો ॥ ૭૮ ॥ જો મેઘો મારૂં તો ખરોરે લો, તો મુઝ હોય કરારરે ॥ ચ૦ ॥ દેવલ કરાવું હું એકલોરે લો, તો નામ રહે નિરધારરે ॥ ચ૦ ॥ ૭૯ ॥ એમ ચિંતવી વિવાહનોરે લો, કરે કાજલ તતકાલરે ॥ ચ૦ ॥ સાજનને તેડાવીયારે લો, ગોરીઉં ગાવે ધમાલરે ॥ ચ૦ ॥ ૮૦ ॥ સા મેઘાભણી નોતર્યોરે લો, મોકલે કાજલશાહરે ॥ ચ૦ ॥ વિવાહ ઉપર આવજોરે લો, અવશ્ય કરીને આંહીરે ॥ ચ૦ ॥ ॥ ૮૧ ॥ સાંભળી મેઘો ચિંતવેરે લો, કિમ કરિ જઈયેં ત્યાંહિં રે ॥ ચ૦ ॥ કામ અમારે છે ઘણુંરે લો, દેરાસરને આંહિંરે ॥ ચ૦ ॥ ૮૨ ॥ તવ મેઘો કહે તેહનેરે લો, તેડી જાઓ પરિવારરે ॥ ચ૦ ॥ કામ મેલી આવીયેંરે લો, તે જાણો નિરધારરે ॥ ચ૦ ॥ ૮૩ ॥ મેઘાસાના સહુ સાથમાંરે લો, પુત્રકલત્ર પરિવારરે ॥ ચ૦ ॥ ૮૪ ॥ કહે કાજલ મેઘો કિહાંરે લો, ઇહાં ન આવ્યો શા માટરે ॥ ચ૦ ॥ કિમ મેઘા વિણ ચાલશેરે લો, નાતતણી સવિ વાતરે ॥ચ૦॥ ૮૫ ॥

॥ ઢાલ ૧૦ ॥ કહે જક્ષ મેઘાભણીરે લો, તાહરે હવે આવી બનીરે લો, ॥ કાજલ આવશે તેડવારે લો, કુડ કરી તુજ છોડવારે લો ॥ ૮૬ ॥ તું મત જાજે તિહાં કણેરે લો, ઝેર દઈ હણશેરે લો ॥ તેડયા વિણ જાઓ નહિરેં લો, નમણ કરી લેજે સહિરે લો ૮૭ ॥ દુધમાંહેં દેશે ખરૂંરે લો, નમણ પીધે જાસે પરૂરે લો ॥ તે માટે તુઝને ઘણુંરે લો, માને વચન સોહામણુંરે લો ॥ ૮૮ ॥ જક્ષ કહી ગયો તેહવેરે લો, કાજલશા આવ્યો તેહવેરે લોલ, કહે મેઘાને સાંભલોરે લો, આવો મેલી મન આમળોરેં ॥ ૮૯ ॥ તુમ આવ્યા વિણુ કેમ સરેરે લો, નાતમાં શોભા કેણિપરેરે લો ॥ તમ સરિખા આલે સગારે લો, તો મન થાયે ઉમગોરે લો, ॥ ૯૦ ॥ જો અમને કાંઈ લેખવોરે લો, તો આડું અવલું મત દાખવોરે લો ॥ હઠ કરી બેઠા તુમેરે લો, ખોટી થાઈયેં છે અમેરે લો ॥ ૯૧ ॥ હું આવ્યો ધરતી ભરીરે લો, તો કિમ જાઉં પાછો ફરિરે લો ॥ સા મેઘે મન ચિંતવ્યું રે લો, અતિ તાણ્યું કિમ પરવરેરે લો ॥ ૯૨ ॥ કાજલ સાથે ચાલિયોરે લો, ભૂદેશરમાં આવીયોરે લો, ॥ નમણ વિસાર્યું તિહાંકણેરે લો ॥ ભાવી વસ્તુ આવી બનેરે લો ॥ ૯૩ ॥

॥ ઢાલ ૧૧ ॥ કંબલ મત ચાલે ॥ એ દેશી ॥

નાત જમાડી આપણી, દેઈને બહુ માન ॥ વરકન્યા પરણાવીયાં, દીધાં બહુલાં દાન ॥ ૯૪ ॥ કાજલ કહે નારી-ભણી, મેઘાસું અમ ભેલાં ॥ જમણ દેજો વિષ ભેલિને,

જિમતાં દુધજ વેલાં ॥ ૯૫ ॥ દુધતણી છે આખડી, તુમને કરીશ હું રીસ ॥ મેઘાને મેલવો નહિં, જમણ તવ તે પ્રીસ ॥૯૬॥ તવ નારી કહે પિઉજી, મેઘાને મત મારો ॥ કુલમાં લંછન લાગસે, પંચમાકારો હોશે. ॥ ૯૭ ॥ કાજલ તે માને નહિં, નારી કહી કહી હારી ॥ મન ભાંગ્યું મોતિ તણું, તેહને ન લાગે કારી ॥ ૯૮ ॥ એમ શીખવી નિજ નારિને, જમવાને બેઉ જણ બેઠા ॥ ભેલા એકજ થાલીએ, હિયે હરખે હેઠા ॥ ૯૯ ॥ દુધ આણ્યું તિણ નારીયેં, પીરસ્યું થાલી માંહિ ॥ કાજલ કહે મુઝ આખડી, પીધું મેઘાશાહે ॥ ૧૦૦ ॥ મેઘાને હવે તતખીણે, વિષ આપ્યું અંગોઅંગ ॥ શ્વાસોશ્વાસ રમી ગયા, પામ્યા ગતસ્વરંગ ॥૧॥

॥ ઢાલ ૧૨ ॥

આવી મૃગાદેવી ઉ દેખનેરે, રોતી કહે તિણિવારરે ॥ મહિયોને મેરૂ તે પિણ બેહુ જણારે, અતિ ઘણો કરેરે પોકારરે ॥ ૨ ॥ ફિટરે કુલહીણા કાજલ શ્યું કર્યુંરે લો, નાવી લાજ લગારરે ॥ મુખ દેખાડીશ કેમ લોકમાંરે, ધિગ-ધિગ તુજ અવતાર રે ॥ ફિ૦ ॥ ૩ ॥ વીરડા તેં ન જાણ્યું મન એહવુંરે, તારી ભગિનીનો કુણ સલુકરે ॥ મારે તો કર્મેં એ છાજ્યું મહીંરે, પડી દીસે છે મુજમાં ચુકરે ॥ ફિ૦ ॥ ૪ ॥ એહવા લખીયા છઠ્ઠી અક્ષરારે, તો હવે દીજે કુણને દોષરે, ॥ નિરધારી મેલી ગયો નાહલોરે, મુજને ન કીધો કહિઈ ( કોઈ ) રીસરે ॥ ફિ૦ ॥ ૫ ॥ એમ વલવલતી મૃગાદે કહેરે, વીરા તેં ત્રોડી મોરી આશરે ॥ તુઝને કિમ

ઉકલ્યું એહવુંરે, કોઈ ન થઈ પૂરિ આશરે ॥ ફિ૦ ॥ કુડ કરીને મુજને છેતરીરે, કીધો તેં મોટો અન્યાયરે ॥ મારાં નાનકડાં બિહું બાલુડાંરે, મિલસે કેહને ધ્યાયરે ॥ ફિ૦ ॥ ॥ ૭ ॥ અધવચ દેરાસર રહ્યારે, જગમાં નામ રહ્યું નિરધારરે ॥ નગરમાં વાત ઘરઘર વિસ્તરીરે, સહૂ કોના દિલમાં આવ્યો ખારરે ॥ ફિ૦ ॥ દ્વેષ રાખીને મેઘો મારિયોરે, એ તો કાજલ કપટ ભંડારરે ॥ મનનો મેલો દીઠો એહવોરે, એમ બોલે છે નરનારરે ॥ ૯ ॥ ફિ૦ ॥

॥ ઢાલ ૧૩ ॥ હોવે સાહિ૦ ॥ એ દેશી ॥

હો બેનિ અગ્નિદાહ હવે દેઈ કરી, સહુકો આવ્યા નિજ ઠામ હો ॥ બેનિ કાજલ કહે તું મત રૂએ, ન કરૂં એહવાં કામ હો ॥ ૧૦ ॥ હો બેનિ લેખ લખ્યો તે લાભીઓ, દીજે કોણને દોષ હો ॥ હો બેનિ જન્મ મરણ હાથે નહીં, તે શું રાખવો રોષ હો ॥ ૧૧ ॥ હો૦ ॥ હો બેનિ એ સંસાર છે કારમો, ખોટી માયાજાલ હો ॥ હો બેનિ એક આવે ઠાલિ ભરી, જેહવી અરહટની માલ હો ॥ ૧૨ ॥ હો૦ ॥ હો બેનિ સુખ દુઃખ સરજયાં પામીયે, નહિ કોઈને હાથ હો ॥ હો બેનિ મકરે ફિકર લગાર તું, બોહલિ છે. આપણી હાથ હો ॥ ૧૩ ॥ હો૦ ॥ હો બેનિ ખાઓ પીઓ સુખ ભોગવો, મ કરો ચિંતા લગાર હો ॥ હો બેનિ જે જોઇયે તે મુઝને કહો, તે આણું નિરધાર હો ॥ ૧૪ ॥ હો૦ ॥ હો બેનિ જિનનો પ્રાસાદ કરાવશું,

મહિતલ રાખશું નામ હો ॥ હો બેનિ ઈજત તે આપણુ ઘરતણી, ખોશું કિમ કરી નામ હો ॥૧૫॥ હો૦ હો બેનિ સોઢાને હાથે સોંપશું, જો ગોડીપુર ગામ હો ॥ હો બેનિ ચાલોને આપણે સહુ તિહાં, હું લેઈ આવું દામ હો ॥ ॥ ૧૬ ॥ હો૦ ॥ હો બેનિ અનુક્રમે ચાલ્યા સહુ મલિ, ગોડીપુર ગામ મઝાર હો ॥ હો બેનિ જિનનો પ્રાસાદ કરાવિયો, કાજલશાહે તિણુવાર હો ॥ ૧૭ ॥ હો૦

## ॥ ઢાલ ૧૪ ॥

દેરે શિખર ચઢાવીઓ, થિર ન રહે તિણીવારજી ॥ કાજલ મનમાં ચિંતવે, હવે કુણુ કરશું પ્રકારજી ॥ ૧૮ ॥ ભવિજન સાંભલો ભાવસું ॥ બીજીવાર ચઢાવીઓ, પડે હેઠો તતકાલજી ॥ સોહણામહીં જક્ષ આવીને કહે, મેહરાને સુવિસાલજી ॥ ભ૦ ॥ ૧૯ ॥ તું ચઢાવે જઈને, થિર રહેશે શિર જેહજી ॥ કાજલને જસ કિમ હોવે, મેઘો માર્યો તેહજી ॥ ભ૦ ॥ ૨૦ ॥ મેહરે શીખર ચઢાવીઓ, નામ રાખ્યાં જગમાંહેંજી ॥ મૂરત થાપી પાસની, સંઘ આવે ઉછાંહેંજી ॥ ભ૦ ॥ ૨૧ ॥ દેવ પરદેશી આવે ઘણા, આવે લોક અનેકજી ॥ ભાવ ધરી ભગવંતને, વાંદે અનેક વિવેકજી ॥ ભ૦ ॥ ૨૨ ॥ સંવત ચૌદ ચુમાલમાં, દેરે પ્રતિષ્ઠા કીધ ॥ મહિઓ મેરો મેઘા તણા, રંગે જગમાં જસ લીધજી ॥ ભ૦ ॥ ૨૩ ॥ ખરચે દ્રવ્ય ઘણાં તિહાં, રાય રાણા તિણવારજી ॥ માનતા માને લાખની, ટાલે કષ્ટ

અપારજી ॥ ભ૦ ॥ ૨૪ ॥ નિર્ધનીયાને ધન દીએ, અપુત્રીયાને પુત્રજી, રોગ નિવારે રોગીનાં, ટાલે દારિદ્ર સૂત્રજી ॥ ભ૦ ॥ ૨૫ ॥

॥ ઢાલ ૧૫ ॥ ધનાશ્રી ॥

આજ અમ ઘર રંગવધામણાં, આજ ત્રુઠા ગોઠીપાસ ॥ આજ ચિંતામણ આવી ચઢયો, આજ સફલ ફલી મન આશ ॥ આ૦ ॥ ૨૬ ॥ આજ સુરતરૂ ફલિઓ આંગણે, આજ પ્રગટી મોહનવેલ ॥ આજ બિછડીયા વાલા મિલ્યા, આજ અમ ઘર હુઈ રંગરેલ ॥ આ૦ ॥ ૨૭ ॥ આજ અમઘર આંબો મોહિઓ, આજ વૂઠી સોવનધાર ॥ આજ દૂધે વુઠા મેહુલા, આજ આવી ગંગા બાર આ૦ ॥ ૨૮ ॥ આજ ગાયો ગોડીપુરનો ધણી, શ્રી સંઘકેરે ઉછાંહ ॥ ચોમાસું કીધું ચોપસું, મોટી તે મહિયલ માંહે આ૦ ॥ ॥ ૨૯ ॥ ચઉઆણાં વાચા ચિહું, ખૂટમાં તેમાં મોટો જાણો ॥ મેઘદાળ દૂલભજી જાણીયે, ધરચીમાં ધણી નહિ કોઈ. ॥૩૦॥ એહવા રામના રાજતણી પરે, ચલાવે જગમાં રીત ॥ સોલંકી સાથમાં શોભતા, વિવેકી વાઘા સુવિનીત ॥ આ૦ ॥ ૩૧ ॥ પરમાણ વોરા પરતાપસી, સમરણ રાજકાજમાં કામ ॥ ભણસાલી નાથો તિહાં શોભતા, તેહને ઘરે ઓહલા દામ ॥ આ૦ ૩૨ ॥ સંઘવી લાધો તે જાણીયે, લૂણો મેતામાં હોય ॥ હેઠમાં હે દીપો વખાણીએ, વલી મનનો નેમજી જોય ॥ આ૦ ॥ ૩૩ ॥ સા રૂપો ટોલી જાણીએ,

તપગચ્છમાં તિલકસમાન ॥ મહીયળ મહાજન શોભતા, દિનદિન દોલત કરિ વાન ॥ આ૦ ॥ ૩૪ ॥ શ્રી હીરવિજયસૂરીશ્વરૂ, તેનાં શુભવિજય કવિ શિશ ॥ તેના ભાવવિજય કવિ દીપતા, તાસ શિશ ધનમુનિ દીસ ॥ આ૦ ॥ ૩૫ ॥ તેના રૂપવિજય કવિરાજના, તેના કૃષ્ણ નમું કરજોડ ॥ વલી રંગવિજય રંગે કરી, હું પ્રણમું પ્રણિપાત કોડ ॥ આ૦ ૩૬ ॥ સંવત અઢાર સતલોતરે, ભાદ્રવા માસ ઉદાર ॥ હાંજી તેરસ કુંજવાસરે, એમ નેમવિજય જયકાર ॥ આ૦ ॥ ૩૭ ॥ ઇતિ ॥

---

# श्री सीमंधर स्वामीनुं विनतिरुप स्तवन

સ્વસ્તી શ્રી મહાવિદેહ ક્ષેત્રમાં, જીહાં રાજે તીર્થંકર વીશ, તેણે નામું શીશ, કાગલ લખું કોડથી. ॥ ૧ ॥ સ્વામી જઘન્ય તીર્થંકર વીશ છે, ઉત્કૃષ્ટા એકસો સીત્તેર. તેમાં નહિ ફેર, કાગલ લખું કોડથી ॥ ૨ ॥ સ્વામી બાર ગુણે કરી યુક્ત છો, અંગે લક્ષણ એક હજાર, ઉપર આઠ સાર, કાગલ. ॥ ૩ ॥ સ્વામી ચોત્રીશ અતિશયે રાજતા, વાણી પાંત્રીશ વચન રસાલ, ગુણોતણી માળ, કાગલ. ॥ ૪ ॥ સ્વામી ગંધહસ્તી સમ ગાજતા, ત્રણ લોકતણા પ્રતિપાળ, છો દીન દયાળ, કાગલ. ॥ ૫ ॥ સ્વામી કાયા સુકોમળ શોભતી. શોભે સુવર્ણ સમાન વાન, કરૂં હું પ્રણામ, કાગલ. ॥ ૬ ॥ સ્વામી ગુણ અનંતા છે તાહરા, એક જીભે કહ્યા

કેમ જાય, લખ્યા ન લખાય, કાગલ. ॥ ૭ ॥ ભરત ક્ષેત્રથી લિખીતંગ જાણજો, આપ દર્શન ઈચ્છું દાસ, રાખું તુમ આશ, કાગલ. ॥ ૮ ॥ મેં તો પૂર્વે પાપ કીધાં ઘણાં, જેથી આપ દર્શન રહ્યો દૂર, ન પહોંચુ હજુર. કાગલ. ॥ ૯ ॥ મારા મનમાં સંદેહ અતિ ઘણા. આપ વિના કહ્યા કેમ જાય, અંતર અકળાય, કાગલ. ॥ ૧૦ ॥ આડા પહાડ પર્વતને ડુંગરા, તેથી નજર નાખી નવ જાય, દર્શન કેમ થાય, કાગલ. ॥ ૧૧ ॥ સ્વામી કાગલ પણ પહોંચે નહિં, નવિ પહોંચે સંદેશો સાંઈ, હું તો રહ્યો આંહિ. કાગલ. ॥ ૧૨ ॥ દૈવે પાંખ દીધી હોત પીઠમાં, ઉડી આવું દેશાવર દૂર, તો પહોંચુ હજુર. કાગલ. ॥ ૧૩ ॥ સ્વામી કેવળજ્ઞાને કરી દેખજો, મારા આતમના છો આધાર, ઉતારો ભવપાર, કાગલ. ॥ ૧૪ ॥ ઓછું અધીકું ને વિપરીત જે લખ્યું. માફ કરજો જરૂર જિનરાજ, લાગું તુમ પાય. કાગલ. ॥ ૧૫ ॥ સવંત અઢાર તેપન્નની સાલમા, હરખે હર્ષ વિજય ગુણ ગાય, પ્રેમે પ્રણમું પાય. કાગલ. ॥ ૧૬ ॥

---

## भरत क्षेत्रना लेखनुं स्तवन

(દેશી નમો રે નમો શ્રી શેત્રુંજા ગીરિવર)

સાંભળો જિનવર અરજ હમારી, જન્મ મરણ દુઃખ વાર રે, ભરત ક્ષેત્રથી લેખ પઢાવું લખું છું વિતક વાત રે,

તમે તો સ્વામી જાણો છો સારું. પણ જાણુ આગળ વખાણુ રે સાંભળો. ॥ ૧ ॥ જે દિનથી પ્રભુ વીર જિનેશ્વર મોક્ષે બીરાજવા જાયરે, સમવસરણ શોભા ભરતની લેઈ ગયા, અરિહંતનો પડિયો વિજોગરે. ॥ ૨ ॥ ગૌતમ ગણધર પટ ઉપર રાખ્યા, શ્રી સંઘને રખવાલ રે, તે પણ થોડા દિવસની ચોકી કરી ગયા શિવવાસ રે. સાં૦ ॥ ૩ ॥ કેવલ જ્ઞાન જંબુ લેઈ પહોંચ્યાં, સાથે દશ જણુસ રે. તત્વનાણું તે ગાંઠે બાંધ્યું, લેઈ ગયા પ્રભુ પાસરે. સાં૦ ॥ ૪ ॥ મન પજ્જવ અવધિ લેઈ નાઠા, ન રહ્યો પુરવ જ્ઞાન રે. સહસ તેત્રીસ જોજન અધિક, સંશય ભંજન વસો દુરરે સાં૦ ॥ ૫ ॥ ગોવાળ આધારે ગાયો ચરે છે, આવે નિજ નિજ ઠામ રે. તિન જ્ઞાનાધારે જીવતરે છે, પામે ભવજલ પાર રે. સાં૦ ॥ ૬ ॥ જિન પ્રતિમાં જીન વચન આધારે, સઘળો ભરત તે આજ રે. જીન આણાથી પ્રાણી શાલે, તેહનો ધન્ય અવતાર રે. સાં૦ ॥ ૭ ॥ ભરત ક્ષેત્ર માંહિ તિરથ મોટાં, સિદ્ધાચલ ગિરનાર રે. સમેત શીખર અષ્ટાપદ આબુ, ભવજલ તારણ નાવ રે. સાં૦ ॥ ૮ ॥ ભરતક્ષેત્રમાં વારતા ચલ રહી, કપટી હીન આચાર રે. સાચું કહેતાં રીષ ચઢાવે, ભાખે મુખ વિપરીત રે. સાં૦ ॥ ૯ ॥ વૈરાગે ખસીયાને રાગે ફસીયા, ચાલે નહિ તુજ પંથરે. યોગ્ય જીવતે વિરલા ઉઠાવે, તુજ આણાનો ભાર રે. સાં૦ ॥ ૧૦ ॥ શુદ્ધપ્રરૂપક સમતા ધારી, ચાલે સુત્રને ન્યાયરે. તેહના પણ છીદ્ર જુવે છે. ઊલટા કાઢે છે વાંક રે. સાં૦ ॥ ૧૧ ॥ આપ પ્રશંસા

આપણી કરતાં, દેખે નહિ પર ગુણ લેશ રે. પર પીડા દેખી હયું ન કંપે, એ મુજ મોટી ખોટ રે. સાં૦ ॥ ૧૨ ॥ તે દિન ભરતમાં કયારે હોશે, જન્મશેં શ્રી જીનરાજ રે. સમવસરણ વિરચાવી બીરાજે. સીજસે ભવિયોના કાજ રે સાં૦ ॥ ૧૩ ॥ સદ્ગુરુ સામે વ્રત મેં લીધાં, પાળ્યાં નહિ મન શુદ્ધ રે. દેવગુરૂની મેં આણા લોપી, જીન શાસનનો હું ચોર રે. સાં૦ ॥ ૧૪ ॥ કૃષ્ણ પક્ષી જીવ કયાંથી પામે, તુમ ચરણોની સેવ રે. ત્રણ જગતની ઠકુરાઈ તુમારી, રિદ્ધીતણો નહિ પાર રે. સાં૦ ॥ ૧૫ ॥ કર્મ અલુંજણ આકરો ફસીયો, ફરીયો ચોરાસીના ફેર રે. જન્મ જરા મરણ કરીને થાકયો. હવે તો શરણ આપરે. સાં૦ ॥૧૬॥ ઓછું પુન્ય દીસે છે મારૂં, ભરતક્ષેત્રે અવતાર રે. તુમ જેટલી પણ રિદ્ધી ન માગું, પણ માગું સમકિત દાન રે. સાં૦ ॥ ૧૭ ॥ ત્રીગડે બીરાજી ધર્મ પ્રકાશો, સુણે પર્ષદા-બાર રે. ધન્ય સુરનર ધન્ય નગરી વેલા, તેહને કરૂં હું પ્રણામ રે. ॥ ૧૮ ॥ મોટાની જો મહેર હોવે તો, કર્મ વૈરી જાયે દૂરરે. જગ સહુંનો ઉપકાર કરો છો, મુંજને મુકયો તે વિસાર રે. સાં૦ ॥ ૧૯ ॥ સદ્ગુરૂ શિખ ભલી પરે આપે, જીનવાણી હૈડે રાખે રે. સત્ય શિયલ તુજ સાથે ચાલે, કોણ કરે તુજ રોક રે. સાં૦ ॥ ૨૦ ॥

# चंदनबाळानी वीरने विनंतिरुप स्तवन

કરે વિનંતિ ચંદનબાળા વીરને રે. મારે ઘેર પધારો
જીવનના આધાર, મારે ઘેર પધારો પ્રાણતણા આધાર (કરે)
સાખી—બાળ મૃગાવતી રાણીને પુત્રી પ્રિયા ધરે પ્યાર.
ધનદત્ત શેઠ શેઠાણીને, કરે વિનંતિ અપાર,
લાવી પ્રેમ નજર કરી ગરીબ સેવક ઉપરે રે,
આપો પ્રભુજી દર્શન દુઃખડાંના હરનાર (કરે) ॥ ૧ ॥
સાખી—કોઇ વહોરાવે લાપસી, વિવિધ ભાતરસાલ.
કોઈ વહોરાવે લાડવા, પેંડા મોહન થાળ,
હું તો આપીશ લુખા બાકુળાવીર પ્રેમથી રે,
તે વહોરો તો પ્રભુજી આવો મ્હારે દ્વાર (કરે) ॥ ૨ ॥
સાખી—સોવન થાળ રત્ને જડીત, કાંઇ શોભિત લેઇ હાથ,
આપો તે મહાવીધિસે, સવિ મેવા પકવાન્ન સાર.
મારી પાસે સામગ્રી તે માંહેલી એકે નથી રે,
સુપડા માંહે રાખ્યા છે બાકુળા તૈયાર. (કરે) ॥ ૩ ॥
સાખી—સોળ સણગાર સજી કરી, પહેરી નવરંગ ચીર.
ઉભી ઘરને આંગણે, વાટ જોતી પ્રભુવીર.
હું તો બેઠી ઉભડક પગે ઉંબરા વીચમાંરે,
સ્મરણ કરતી પ્રભુજીનું શ્વાસોશ્વાસ મોઝાર ॥ કરે ॥ ૪ ॥
સાખી—મોટાને મોટા ગણે, એહીજ જગત વહેવાર,
મોટા છોટા સરીખા ગણે, તે વીતરાગ આચાર.
દયા લાવી પારણું કરો પ્રભુજી મ્હારા હાથથીરે,
હુંતો કરગરી અર્જ કરૂં છુ વારંવાર ॥ કરે ॥ ૫ ॥

સાખી—ઘરઘર ફરતા આવીયા, વીરપ્રભુ સતી દ્વાર,
એક બોલ અપુર્ણું રહ્યો, પાછા વળ્યા તેણીવાર.
પુરવ પુન્ય વિના દાન લાભ કયાંથી મળેરે,
એમ ચિંતવતા ચાલી આંખે આંસુધાર ॥ કરે ॥ ૬ ॥

સાખી—તેર બોલ પુરા થયા, પ્રભુ આવી ધર્યો હાથ,
બાકુલા લેઇ સતી હાથથી, પારણું કરે જગન્નાથ.
સાડી બાર કોટી વૃષ્ટિ તિહાં થઈ રે,
સુર દુંદુભી વાગે, દેવ કરે જયજયકાર રે. ॥ કરે ॥ ૭ ॥

સાખી—સોલ બોલ પુરણ થયા, સતિ શિર વાધ્યો વાન,
સુખ સઘળાં સર્વે મળ્યાં, જુઓ પ્રભાવિક દાન.
દીક્ષા લીધી સતીએ વીરપ્રભુના હાથથી રે;
છત્રીસ સહસ હજારમાં પ્રથમ સતી શિરદાર ॥ કરે ॥ ૮ ॥

સાખી—પાંચ માસ પચવીસ દિને, પારણું કર્યું જગનાથ,
પ્રભાતે ઉઠી સૌ જગજનો, સ્તવન ગાવો રસાળ,
વીરવિજય કહે દાન, આપો વીરને પ્રેમથી રે,
દાનથી જીવતર્યા છે અનંત સંસાર, ॥ કરે. ॥ ૯ ॥

---

## श्री महावीर स्वामीनुं स्तवन

હસ્તિપાલ રાજાની સભામાંરે, છેલ્લું ચોમાસુ રે વીર, બેતાલીશમું તે કર્યું રે, પ્રણમું સાહસ ધીરરે, વીર પ્રભુ સિદ્ધ થયા ॥ ૧ ॥ દેવ શર્માને પ્રતિબોધવારે, એમ જાય ગૌતમસ્વામ, ઉત્તરાધ્યયન પ્રરૂપતારે, મોક્ષ ગયા ભગવાનરે

વીર ।। ૨ ।। સર્વારથ મુહૂર્ત આવે થકેરે, છઠ્ઠ ચોવિહારો કીધ, અઢાર દેશના રાજા ભેગાં થયા રે, સઘળાએ પોસહ લીધરે. વીર ।। ૩ ।। પ્રભાતે ગૌતમ હુવેરે, પાછા વળી આવે તામ, દેવ સઘલા શોકાતુર કરેરે, એમ કહે ગૌતમ સ્વામરે, વીર૦ ।। ૪ ।। રાજા અને પ્રજા સહુરે, સબ શોકાતુર જાણ, દેવ દેવીઓ શોકાતુર કરેરે, શું કારણ છે આમરે વીર૦ ।। ૫ ।। તવ તે વળતું એમ કહેરે, સુણો સ્વામી ગૌતમ સ્વામ, આજની પાછલી રાતમાંરે, વીર પ્રભુ થયા નિરવાણરે વીર૦ ।। ૬ ।। વજ્રાહત તણી પરેરે, ગૌતમ મૂર્છારે ખાય, સાવધાન વાયુ ભેગા થયારે, પછી વિલાપ કરે મોહ અપારરે વીર૦ ।। ૭ ।। ત્રણ લોકનો સુરજ આથમ્યોરે, એમ કહે ગૌતમ સ્વામ, મિથ્યાત્વ રૂપી અંધ-કારનોરે, થાશે ગામો ગામરે વીર૦ ।। ૮ ।। રાક્ષસ સરિખા દુકાળ પડેરે, પડશે ગામો ગામરે, પાંચમા આરામાં માણસ દુઃખીયા થશેરે, તમે ગયા મોક્ષ મોઝારરે વી૦ ।। ૯ ।। ચંદ્ર વિના આકાશ જ્યું રે, દયા વિના ધર્મ ન હોય, સૂરજ વિના જંબુદ્વીપમાંરે, તુમ વિના એમ પ્રમાણેરે વી૦ ।।૧૦।। પાખંડી કુગુરૂ તણું રે, કોણ હઠાવશે જોરરે, જ્ઞાન વિમળસૂરિ એમ કહેરે, દીયો ઉપદેશ ભરપુરરે વીર૦ ।।૧૧।।

---

## श्री शांति जिन स्तवन

શાંતિ જીનેશ્વર સાહેબ વંદો, અનુભવ રસનો કંદોરે. મુખને મટકે લોચનને લટકે, મોહ્યા સુરનર વૃંદોરે. શાંતિ૦

॥ ૧ ॥ મંજરી દેખી કોયલ ટહૂકે, મેઘ ઘટા જેમ મોરોરે, તેમ જિન પ્રતિમા નીરખી હરખું, વળી જેમ ચંદ્ર ચકોરેરે શાંતિ૦ ॥ ૨ ॥ જિન પ્રતિમા જિનવર સી ભાખી, સૂત્ર ઘણાં છે સાખીરે, સુરવર મુનિવર વંદન પુજા, કરતા શીવ અભિલાષીરે શાંતિ૦ ॥ ૩ ॥ રાયપસેણી પ્રતિમા પૂજી, સૂરિયાભ સમકિત ધારીરે, જીવાભિગમે પ્રતિમા પૂજી, વિજય દેવ અધિકારીરે, શાંતિ૦ ॥ ૪ ॥ જિનવર બિંબ વિના નહિ વંદુ, આણંદજી એમ બોલેરે, સાતમે અંગે સમક્તિ મૂળે, અવર નહિ તસ તોલેરે. શાંતિ૦ ॥૫॥ જ્ઞાતા સુત્રે દ્રૌપદી પુજા, કરતી શીવસુખ માગેરે, રાય સિદ્ધાર્થે પ્રતિમા પુજી, કલ્પસુત્ર માંહે રાગેરે. શાંતિ૦ ॥ ૬ ॥ વિદ્યા ચરણ મુનિવરે વંદી, પ્રતિમા પાંચમે અંગેરે, જંઘા ચારણ મુનિવર વંદી, જિન પડિમા મન રંગેરે. શાંતિ૦ ॥ ૭ ॥ આર્ય સુહસ્તિસૂરી ઉપદેશે ચાવો સંપ્રતિ રાયરે, સવા કોડિ જિનબિંબ ભરાવ્યા, ધન્ય ધન્ય એહુની માયરે. શાંતિ૦ ॥ ૮ ॥ મોકલી પ્રતિમા અભયકુમારે, દેખી આદ્રકુમારરે, જાતિ સ્મરણે સમક્તિ પામ્યા, વરિયા શિવ સુખ સારરે. શાંતિ૦ ॥ ૯ ॥ ઇત્યાદિક બહુ પાઠ કહ્યા છે, સૂત્ર માંહી સુખકારીરે, સૂત્ર તણો એક વરણ ઉત્થાપે, તે કહ્યા બહુલ સંસારી રે. શાંતિ૦ ॥ ૧૦ ॥ તે માટે જિન આણા ધારી, કુમતી કદાગ્રહ વારીરે, ભક્તિ તણાં ફળ ઉત્તરાધ્યયને, બોધિ બીજ સુખકારીરે. શાંતિ૦ ॥ ૧૧ ॥ એક ભવે દોય પદવી પામ્યા, સોલમા શ્રી જિન રાયરે, મુજ મન મંદીરીયે પધરાવ્યા, ધવળ મંગળ ગવાય રે. શાંતિ૦

॥ ૧૨ ॥ જિન ઉત્તમ પદ રૂપ અનુપમ, કીર્તિ કમળાની શાખારે, જીવ વિજય કહે પ્રભુજીની ભક્તિ, કરતાં મંગળ માળરે. શાંતિ૦ ॥ ૧૩ ॥

---

## श्री सीमन्धरस्वामीनुं स्तवन

મલકતી ટોપી હીરલે ગુંથી, ગુંથી મલકતી ટોપીરે, બાલકુંવરને માથે સોહીએ, નાનડીયાને માથેરે, દેખત ભવિજન લોકે શ્રી આણુ સીમંધરસ્વામી, આદીશ્વરને ગાઇએ. શ્રી૦ ॥ ૧ ॥ એક ઓઢાડે રત્ન પીછોડે, બીજી પહેરાવી મોતી, એક અણીયાળી કાજળ સોહીએ, નજર કરી નિહાળીરે. શ્રી૦ ॥ ૨ ॥ એક તો ફુલની છાબ ભરાવે, બીજી તે હાર ગુંથાવે, એક પ્રભુને કંઠે સોહાવે, હરખે ભાવના ભાવે. શ્રી૦ ॥ ૩ ॥ કાકી મામી લાડ લડાવે, બેની મંગળ ગાવેરે, ફૂઈ પ્રભુનું નામ ધરાવે, ઇન્દ્રાણી હુલરાવેરે શ્રી૦ ॥ ૪ ॥ સોના રૂપાના પારણીયે પોઢાવું, હીરની દોરીયે હીંચોળું, માતા પ્રભુનું હાલરડું ગાવે, ઇન્દ્રાણી હુલરાવેરે શ્રી૦ ॥ ૫ ॥ પ્રભુને પાયે ઘુઘરા ઘમકે, મોજડી મોતીડા સોહાવે, પ્રભુજીને હાલે ત્યાં ઘુઘરા ઘમકે, માતા મનમાં હરખેરે. શ્રી૦ ॥ ૬ ॥ એમ કહે સુણુ વત્સ બાલુડા, મુજને લાગે પ્યારોરે, આપણુ શું છાતીશું ભીંજે, મુક્તિ તણા ફળ માગુંરે. શ્રી૦ ॥ ૭ ॥ શ્રી વીરવિજય કહે પ્રભુ સેવા તુમારી, હોજો અમને ઘણી દેવા, જ્યાં સમરું ત્યાં કેવળ હોજો, તુમ ચરણે મમ સેવારે. શ્રી૦ ॥ ૮ ॥

# श्री महावीर स्वामीनुं स्तवन

॥ દુહા ॥

શ્રી અરિહંત અનંત ગુણ, અતિશય પુરણ ગાત્ર,
મુનિ જૈનના સંયમી, તે ઉત્તમ કહે પાત્ર,
પાત્ર તણી અનુમોદના, કરતો જીરણ શેઠ. ॥ ૧ ॥
અચ્યુત સુરપણું લહે, બારમે દેવલોક ઠેઠ. ॥ ૨ ॥
દશ ચોમાસાં વીરજી, વિચરતાં સંજમ વાસ,
વિશાલા પુરી આવીયાજી, અગ્યારમે ચઉમાસ ॥ ૩ ॥

॥ ઢાળ ૧ લી ॥

ચઉમાસે અગ્યારમેજી, વિચરતાં સાહસ ધીર, વિશાલાપુરી આવીયાજી, સ્વામી શ્રી મહાવીર. જગતગુરૂ ત્રીશલાનંદનજી ॥ ૧ ॥ ભલે મેં ભેટયા શ્રી જીનરાય, સખીરે ચોક વધાવો આય, મેરા ભાગ્ય અનોપમ થાય, જગતગુરૂ ત્રીશલા નંદનજી. ॥ ૨ ॥ બળદેવનો છે દેહરોજી, તિહાં પ્રભુ કાઉસગ્ગ કીધ, પચ્ચખ્ખાણ ચઉમાસીનુંજી, સ્વામીએ તવ લીધ. જગત૦ ॥ ૩ ॥ જીર્ણશેઠ તિહાં વસેજી, પાળે શ્રાવક ધર્મ, આકારે તેણે ઓળખ્યોજી, શ્રી મહાવીર ધર્મનો મર્મ. જગત૦ ॥ ૪ ॥ આજ હશે ઉપવાસીઆજી, સ્વામી શ્રી વર્ધમાન, કાલે સહી પ્રભુ જીમશેજી, સ્વહસ્તે દેઈશું દાન. જગત૦ ॥ ૫ ॥ જીર્ણશેઠ એમ ચિંતવેજી, સફળ હોશે મુજ આશ, પક્ષ માસ ગણતાં થકાંજી, પૂરી થઈ ચૌમાસ. જગત૦ ॥ ૬ ॥ સામગ્રી સવિ આહારનીજી,

સહજે હુઈ તેણીવાર, પ્રભુજીનો મારગ પેખતાંજી; બેઠા ઘરને બહાર. જગત૦ ॥ ૭ ॥ ઘેર આવે છે પાહુણાજી, ન્હોતર્યા એકણુવાર, પ્રભુજી કચારે પધારસેજી, ન્હોતર્યા વારોવાર. જગત૦ ॥ ૮ ॥ પછી કરીશું પારણુજી, હું પ્રભુજીને પ્રતિલાભ, હોયે મનોરથ એહવાજી, તોહી ન વરસે આભ. જગત૦ ॥ ૯ ॥ અવસરે ઊઠયા ગોચરીજી, શ્રી સિદ્ધારથપુત, વિશાલાપુરી આવીયાજી, પુરણ ગૃહે પહુત્ત. જગત૦ ॥ ૧૦ ॥ મિથ્યાત્વી જાણે નહીજી, જંગમ તીરથ એહ, દાસીપ્રત્યે એમ કહેજી, કહ્યું એક ભિક્ષાદેહ. જગત૦ ॥ ૧૧ ॥ ચાટુ ભરીને બાકુલાજી, આણી પ્રભુજીને દીધ, નિરાગીએ તે લેઈજી, તિહા પ્રભુ પારણું કીધ. જગત૦ ॥ ૧૨ ॥ દેવ વજાડે દુદુંભીજી, જય જય બોલે કરજોડી, હેમવૃષ્ટિ તો તિહાં હુઈજી, સાડીબારહ કોડી. જગત૦ ॥ ૧૩ ॥ રાય લોક સબ એમ કહેજી, ધન્ય ધન્ય પુરણ શેઠ, ઉંચી કરણી તેં કરીજી, બીજા સહુ તુજ હેઠ. જગત૦ ॥૧૪॥ રાય કહે તેં શું દીયોજી, કીયો પારણું વીર, પૂર્ણ શેઠ તબ એમ કહેજી, મે વહોરાવી ખીર. જગત૦ ॥ ૧૫ ॥ જીરણ શેઠ તબ સાંભળીજી, વાજી દુદુંભી નાદ, અન્યત્ર કીયો પ્રભુ પારણોજી, મનમાં થયો વિખવાદ. જગત૦ ॥ ૧૬ ॥ હું જગમે બડો અભાગીયોજી, ઘરે ન આવ્યાં સ્વામ, કલ્પવૃક્ષ કેમ પામીએજી, મરૂમંડપ માંહી ઠામ. જગત૦ ॥ ૧૭ જેટલા મનોરથ મેં કર્યાજી, તે રહી ગયાં મન માંહ્ય, જીમ જીમ નિર્ધન ચિંતવેજી, તિમ તિમ નિષ્ફળ

થાય. જગત૦ ॥ ૧૮ ॥ પ્રભુજી કીધો તિહાં પારણું, કીધો અન્યત્ર વિહાર, આવ્યાં પાર્શ્વ સંતાનીયાંજી, તિહાં પ્રભુ કેવળ ધાર. જગત૦ ॥ ૧૯ ॥ રાજા મનમેં હરખીયોજી, લોક સહુ આનંદ, રાજા પ્રશ્ન કરે તિહાંજી, ગુરૂ ચરણ પદ વૃંદ. જગત૦ ॥ ૨૦ ॥ મારા નગરમાં કોણ છે જી, જીવ પુણ્યવંત જસવંત, કહે કેવળી આજતોજી, જીરણશેઠ મહંત, જગત૦ ॥૨૧॥ રાય કહે કિણે કારણેજી, જીરણ શેઠ મહંત, દાન દીયો જેણે વીરનેજી, તે પુરણ જસવંત. જગત૦ ॥ ૨૨ ॥ રાય પ્રત્યે કહે કેવળીજી, પુરણ દીધો દાન, હેમ વૃષ્ટિ તેહને હુઈજી, અવર ન કો પરમાણ. જગત૦ ॥ ૨૩ ॥ ભાવદાન તો વીરનેજી, દીધું છે જીરણ શેઠ, પુણ્યવંત તો તેહ છેજી, અંતર છે બહુ ઠેઠ. જગત૦ રાયે જીર્ણ વધાવીયોજી, અધિક માન સન્માન, સુખી નગરમાં થાપીયોજી, જોવો પુન્ય પ્રમાણ. જગત૦ ॥ ૨૫ ॥ એક ઘડી સુર દુદુંભીજી, મે નવિ સુણતો કાન, લહેતો જીરણ તો સહીજી, ઉત્તમ કેવળ જ્ઞાન. જગત૦ ॥ ૨૬ ॥ દેવલોક પર બારમોજી, જીરણે બાંધ્યો બંધ, વિણ દીધે દીવો ફલ્યોજી, ઉત્તમ શું સબંધ. જગત૦ ॥ ૨૭ ॥ દાન દીયો સુપાત્રનેજી, નિષ્ફળ કદીય ન હોય, દાન દીયો જે સાધુનેજી, જીરણ પરે ફળજોય. જગત૦ ॥ ૨૮ ॥ ચોખે ચિત્ત તપ કરોજી, દયા ધરો મનમાંહે, વાણી સુણો સદ્ગુરૂ તણીજી, દીયો સુપાત્રે દાન. જગત૦ ॥ ૨૯ ॥ એમ જાણી અનુમોદનાજી. દાન સુપાત્ર રસાળ, દાન દીયો જીણે વીરનેજી, તેહને નમે મુનિમળ. જગત૦ ॥ ૩૦ ॥

---

# श्री नेमराजिमतीनी सज्झाय

॥ રાણી રાજુલ કરજોડી કહે, એતો જાદવકુલ શણગારરે ॥ વાલા મારા ॥ ભવરે આઠેનો નેહલો, પ્રભુ મત મેલો વિસારીરે ॥ વાલા મારા ॥ ૧ ॥ વારિ હું જિનવર નેમજી, એક વિનતડી અવધારરે ॥ વા૦ ॥ સુરતરૂ સરખો સાહિબો, હું તો નિત્ય નિત્ય ધરૂં દેદારરે ॥ વા૦ ॥ મા૦ ॥ ૨ ॥ પ્રથમ ભવે ધનવતિનો; તું ધન નામે ભરતારરે ॥ વા૦ ॥ નિસાલે જાતાં મુજને, છાનો મેલ્યો મોતી કેરો હારરે ॥ વા૦ ॥ મા૦ ॥ ૩ ॥ દીક્ષા લેઈ હરખે કરી, તિહાં દેવતણો અવતારરે ॥ વા૦ ક્ષણવિરહ ખમતા નહીં, પણ ધરતા પ્યારરે ॥ વા૦ ॥ મા૦ ॥ ૪ ॥ ત્રીજે ભવે વિદ્યાધરૂ, તિહાં ચિત્રગતિ રાજકુમારરે ॥ વા૦ ॥ ભૂપતિ પદવી ભોગવો, હું રત્નવતી તુજનારરે ॥ વા૦ ॥ મા૦ ॥ ॥ ૫ ॥ મહાવ્રત પાલી સાધુના, તિહાં ચોથે ભવે સુરદારરે ॥ વા૦ ॥ આરણ્ય દેવલોકે બેઉ જણા, તિહાં સુખ વિલસ્યાં સવિકારરે ॥ વા૦ ॥ મા૦ ॥ ૬ ॥ પાંચમો ભવ અતિ શોભતો; તિહાં નૃપ અપરાજિત સારરે ॥ વા૦ ॥ પ્રીતમવંતી હું તાહરી, થઈ પ્રભુ હૈયાનો હારરે ॥ વા૦ ॥ મા૦ ॥ ૭ ॥ ગ્રહી દીક્ષા હરખે કરી, તિહાં છઠ્ઠે ભવે સુરદારરે ॥ વા૦ ॥ માંહેંદ્ર દેવલોકમાં, તિહાં, સુખ વિલસ્યાં વારોવારરે ॥ વા૦ ॥ મા૦ ॥ ૮ ॥ શંખ રાજા ભવ સાતમો, તિહાં જસમતિ પ્રાણ આધારરે ॥ વા૦ ॥ વીસ સ્થાનક

તીહા ફરસતાં, જિનવર પદ બાંધ્યું સારરે ॥ વા૦ ॥ મા૦ ॥ ૯ ॥ આઠમે ભવ અપરાજિતે, તિહાં વરસ ગયાં બત્રીસ હજારરે ॥ વા૦ ॥ આહારની ઈચ્છા ઉપની, એ તો પૂર્વ પુન્ય પ્રકાશરે ॥ વા૦ ॥ મા૦ ॥ ૧૦ ॥ હરિવંશમાંથી ઉપની, મારી શિવાદેવી સાસુ મલ્હારરે ॥ વા૦ ॥ નવમે ભવે કયાં પરિહરો, પ્રભુ રાખો લોક વ્યવહારરે ॥ વા૦ ॥ ॥ મા૦ ॥ ૧૧ ॥ એરે સંબંધ સુણી પાછલો, તિહાં નેમજી ભણે બ્રહ્મચારીરે ॥ વા૦ ॥ હું તમને તેડવા કારણે, આવ્યો સસરાજીને વાસરે ॥ વા૦ ॥ મા૦ ॥ ૧૨ ॥ અવિચલ કીધો એણે સાહિબો, રૂડો નેહલો મુક્તિમાં જાયરે ॥વા૦॥ માની વચન રાજિમતિ, તિહાં ચાલી પિઉડાની લારરે ॥ વા૦ ॥ મા૦ ॥ ૧૩ ॥ ધન્ય ધન્ય જિનબાવીસમો, જિણે તારી પોતાની નારરે ॥ વા૦ ॥ ધન્ય ધન્ય ઉગ્રસેનની નંદિની, જે સતીયોમેં સિરદારરે ॥ વા૦ ॥ મા૦ ॥ ૧૪ ॥ સંવત સત્તર ઈકોતેરે, તિહાં શુભ વેલા શુભ વારરે ॥ વા૦ ॥ કાંતિવિજય રાજુલનાં, તિહાં ગુણ ગાયા શ્રીકારરે ॥ વાલા મારા ॥ વારિહું જિનવર નેમજી ॥ ૧૫ ॥ ઈતિ નેમરાજિમતિ સજ્ઝાય ॥

---

## ॥ श्री अगीआरसनी सज्झाय ॥

॥ ઉલગાણુની ॥ દેશી ॥

॥ ગોયમ પૂછે વીરને, સુણો સ્વામીજી, મોન એકાદશી કિણે કહી, કિણે પાલી કિણે આદરી ॥ સુણો૦ ॥ એહ

અપૂર્વ દિન સહી ॥ ૧ ॥ વીર કહે સુણો ગોયમા, ગુણ ગેહાજી, નેમે પ્રકાશી એકાદશી, મૌન એકાદશી નિર્મલી, સુણો ગોયમજી ॥ ગોવિંદ કરે મલારસી ॥ ૨ ॥ દ્વારામતી નગરી ભણે, ॥ સુણો૦ ॥ નવ જોયણ આયામ વસી, છપ્પન કોડ જાદવ વસે ॥ સુણો૦ ॥ કૃષ્ણ બિરાજે તિણે નગરી ॥ ૩ ॥ વિચરંતા વિચરંતા નેમજી ॥ સુણો૦ ॥ આવી રહ્યા ઉજ્વલ શિખરે, મધુરી, ધ્વનિ દિયે દેશના ॥ સુણો૦ ॥ ભવિયણને ઉપગાર કરે ॥ ૪ ॥ ભવ અટવી ભીષણ ઘણી ॥ સુણો૦ ॥ તે તરવા પંચ પર્વી કહી, બીજે બે વિધ સાચવો ॥ સુણો૦ ॥ દેશ વિરતિ સર્વ વિરતિ સહી ॥ ૫ ॥ પંચમી જ્ઞાન આરાધીયે ॥ સુણો૦ ॥ પંચ વરસ પંચ માસ વળી, અષ્ટમી દિન અષ્ટ કર્મનો ॥ સુણો૦ ॥ પરભવ આયુનો બંધ કરે ॥ ૬ ॥ ત્રીજે ભાગે નવમે ભાગે ॥ સુણો૦ ॥ સત્તાવીસમે ભાગે સહી, અથવા અંતર્મુહૂર્ત્ત સમે ॥ સુણો૦ ॥ શ્વાસોશ્વાસમાં બંધકરે ॥ ૭ ॥ માયા કપટ જે કેલવે ॥ સુણો૦ ॥ નરક તિર્યંચનું આયુ ધરે, રાગ તણે વશ મોહીયો ॥ સુણો૦ ॥ વિકલ થયો પરવશ પણે ॥ ૮ ॥ કરણી અકરણી નવી ગણે ॥ સુણો૦ ॥ મોહ તિમિર અંધકાર પણે, મોહે મદ ઘાઢો ફિરે ॥ સુણો૦ ॥ દે ઘુમરી ઘણું જોર પણે ॥ ૯ ॥ ઘાયલ જિમ રહે ઘુમતો ॥ સુણો૦ ॥ કહ્યું ન માને નેહ પણે, જીવ રૂલે સંસારમાં ॥ સુણો૦ ॥ મોહ કર્મની સહી જાણી ॥ ૧૦ ॥ અલ્પ સુખ સરસવ જેવું ॥ સુણો૦ ॥ તો તેને મેરૂ સમાન ગણે,

લોભે લંપટ વાહીયો ॥ સુણો૦ ॥ નવિગણે તે અંધપણે ॥ ૧૧ ॥ જ્ઞાનિ વિણુ કહ્યો કુણ લહે ॥ સુણો૦ ॥ શું જાણે છદ્મસ્થપણે, અષ્ટમી એકાદશી ચઉદ્દશી ॥ સુણો૦ ॥ સામાયિક પોસહ કરે ॥ ૧૨ ॥ ધર્મને દિવસે કર્મનો ॥ સુણો૦ ॥ આરંભ કરે જે નરનારી, નિશ્ચય સદ્ગતિ નવિ લહે ॥ સુણો૦ ॥ અશુભ કર્મનાં ફલ છે ભારી ॥ ૧૩ ॥ પાંચ ભરત પાંચ ઐરવત ॥ સુણો૦ ॥ મહાવિદેહ તે પાંચ ભણી, કર્મભૂમિ સઘળી થઈ ॥ સુણો૦ ॥ કલ્યાણક પંચા સોય ભણો ॥ ૧૪ ॥ શ્રી વિશાલસોમ સૂરીશ્વર પ્રભુ ॥ સુણો૦ ॥ તપ ગચ્છના સિરદાર મુણિ, તસ ગુરૂ ચરણ કમલ નમી ॥ સુણો૦ ॥ સુવ્રત રૂપ સજ્ઝાય ભણી ॥૧૫॥ ઈતિ અગીઆરસની સજ્ઝાય સંપૂર્ણમ્ ॥

---

## ॥ श्री माननी सज्झाय ॥

॥ માન ન કરશોરે માનવી, કાચી કાયાનો શો ગર્વરે ॥ સુરનર કિન્નર રાજીઆ, અંતે મરી ગયા સર્વરે ॥ મા૦ ॥ માને જ્ઞાન વિનાશરે, માને અપયશ વાસરે ॥ માને કેવલ નાશરે ॥ એ આંકણી ॥ ૧ ॥ સોના વર્ણીરે ચહે ગલે, રૂપા વર્ણી ધુવાસરે ॥ કુમકુમ વર્ણીરે દેહડી, અગની પરજાલિ કરી છારરે ॥ મા૦ ॥ ૨ ॥ જે નર શીર કસી બાંધતાં, સાલુ કસબીના પાઘરે ॥ તે નર પોઢયા ચાધરા, ચાંચ મારે શિર કાગરે ॥ મા૦ ॥ ૩ ॥ કેઈ

ચાલ્યા કેઈ ચાલશે, કેતા ચાલણુ હારરે ॥ મારગ વહેરે ઉતાવલો, પડખે નહીં લગારરે ॥ મા૦ ॥ ૪ ॥ અંતરે પ્રાણુનો આવશે, ન જુએ વાર કુવારરે ॥ ભદ્રા ભરણીને યોગણી, શની સોલ વલી કાલરે ॥ મા૦ ॥ ૫ ॥ જે વહાલાં વિણુ એક ઘડી, સોહતો નહીં લગારરે ॥ તે વિના જનમારા વહી ગયા, નહી શુદ્ધિ નહીં સમાચારરે ॥ મા૦ ॥ ૬ ॥ જે નર જાગીરે બોલતા, વાવરતા મુખ પાનરે ॥ તે નર અગ્નિમાં પોઢીયા, કાયા કાજલ વાનરે ॥ મા૦ ॥ ॥ ૭ ॥ ચીર પીતાંબર પહેરતા, કંઠે કનકનો હારરે ॥ તે નર કાલે માટી થયા, જો જો અસ્થિર સંસારરે ॥મા૦॥ ॥ ૮ ॥ જે શિર છત્ર ઢળાવતા, ચઢતા હાથીને ખંધરે ॥ તે નર અંતેરે લઇ ગયા, દેઈ દોરડાના બંધરે ॥ મા૦ ॥ ॥ ૯ ॥ કોડી મણુની સીલા કર ગ્રહી, ગિરિધર કહાવે નામરે ॥ તરસે તરફડે ત્રીકમો, નહીં કોઈ પાણી પાનારરે ॥ મા૦ ॥ ૧૦ ॥ ચોસઠ સહસ અંતેઉરી, પાયક છન્નુ કરોડરે ॥ તે નર અંતેરે એકલો, સૂતો ચિવર ઓઢરે ॥ મા૦ ॥ ૧૧ ॥ જે જિહાં તે તિહાં રહ્યો, પાપને પુણ્ય બે સાથરે ॥ અહો સ્વરૂપને દેખીને, પુણ્ય કરો નિજ હાથરે ॥ મા૦ ॥ ૧૨ ॥ જે નર હસી હસી બોલતા, કરતાં ભોજન સારરે ॥ તે નર અંતેરે માટી થયા, ઘડાતા પાત્ર કુંભારરે ॥ મા૦ ॥ ૧૩ ॥ ચંપા વરણી દેહડી, કદલી કોમલ જંઘરે ॥ તે નર સુતારે કાષ્ટમાં, પડે ધડોધડ ડાંગરે ॥ મા૦ ॥ ૧૪ ॥ દેહ વિટંબના નર સુણો, ન કરો તર-

ણાનો લોભરે ॥ જે સંઘ સરખોરે રાજવી, અંતે ન રહ્યા તે થોભરે ॥ મા૦ ॥ ૧૫ ॥ અસ્થિર સંસાર જાણી કરી, મમતા ન કરો કોઈ રે ॥ કવિ ઋષભનીરે શીખડી, સાંભલજો સહુ કોઈ રે ॥ મા૦ ॥ ૧૬ ॥

---

## ॥ श्री परदेशी राजानी सज्झाय ॥

॥ પ્રભુજી વીર જિણંદને વંદીએ ॥ એ દેશી ॥

સૂરિવર શ્વેતાંબી નયરી સમોસર્યા, શ્રીકેશી ગણધાર હો ॥ પરદેશિ રાજા ॥ આવો સાંભલિયે દીયે ગુરૂ દેશના ॥ પ્રાણી ભવસાગર ભમતાં થકાં, લાધ્યો નર અવતાર હો ॥ ૫૦ ॥ ૧ ॥ પાપી આતમશું નિંદ્રા કરે, એ તો જાગરણ ઠામ હો ॥ ૫૦ ॥ નિશ્ચય નરક તણાં દુઃખ લાવવા, દુતી એ હિંસા નામ હો ॥ ૫૦ ॥ ૨ ॥ પ્રાણી આતમ સરખો પ્રાહુણો, આવ્યો છે જ ઘર દેહ હો ॥ ૫૦ ॥ તો તું તેહને કેમ નથી દેખતો, અસંખ્ય પ્રદેશી એહ હો ॥ ૫૦ ॥ ૪ ॥ એહનું મૂલ ઘર મોક્ષમાં મોટકું, એહને ઋદ્ધિ અપાર હો ॥ ૫૦ ॥ એતો અનંત ચતુમયી આતમા, એકત્રીસ ગુણનો ભંડાર હો ॥ ૫૦ ॥ ૪ ॥ નાવે નજરે તે ચર્મ નેત્રથી, જ્ઞાનથી દેખો સરૂપ હો ॥ ૫૦ ॥ એવાં વચન સુણી ગણધર તણાં, બોલ્યો નાસ્તિક ભૂપ હો ॥ ૫૦ ॥ ॥ ૫ ॥ સ્વામી જીવ કિહાં દિસે નહીં, જોયું મેં ચોર શરીર હો ॥ ૫૦ ॥ ઘાલી ભુંઇરા માંહે દઢ કીયો, જિહાં

ન સંચરે સમીર હો ॥ ૫૦ ॥ ૬ ॥ તો તે મરણ લહી જીવ કયાં ગયો, કયાંથી આવ્યા કમીયા જીવ હો ॥ ૫૦ ॥ એક જીવને સાટે એટલા, આવ્યો તોયે અજીવ હો ॥ ૫૦ ॥ ૭ ॥ જોયો પૂર્ણ કરી જીવ નવિ જડયો, જોયો તોળીને ભાર હો ॥ ૫૦ ॥ માટે જગમાંહે જીવ નથી કિહાં, પંચ-ભૂત પિંડ વિશેષ હો ॥ ૫૦ ॥ ૮ ॥ ગુરૂ કહે શંખ શબ્દ ભુંઇરે કરો, સાંભલે બાહિર કેમ હો ॥ ૫૦ ॥ કોહોને શબ્દ કિહાંથી આવીયો, જીવગતિ પણ તેમ હો ॥ ૫૦ ॥ ॥ ૯ ॥ અરણી કાષ્ટ ચૂરણ કરી જોઈએ, તો પણ અગ્નિ તે માંહિ હો ॥ ૫૦ ॥ દઇડો પત્ર તણો કરી જોઈએ, તેનો તોલીએ ભાર હો ॥ ૫૦ ॥ ૧૦ ॥ ફરીને તે પાછો વલી તોલિએ, કરીને પવન સંચાર હો ॥ ૫૦ ॥ માટે સૂક્ષ્મ સ્વરૂપ એ જીવનો, પામે કોઈ ન પાર હો ॥ ૫૦ ॥ ૧૧ ॥ પહોંચે આયુ અનંત પ્રભુ તણાં, કેવલ જ્ઞાને સંયુક્ત હો ॥ પણ તે ભાગ અનંતમો ન કહી શકે, આતમ સૂક્ષ્મ અનંત હો ॥ ૫૦ ॥ ૧૨ ॥ પૂણ્ય પાપનું ફલ પ્રત્યક્ષ છે, નિર્ભાગી ધનવંત હો ॥ ૫૦ ॥ માટે પુણ્ય સંયોગે પામીઓ, રાજ્યની ઋદ્ધિ મહંત હો ॥ ૫૦ ॥ ૧૩ ॥ એવો ગુરૂ ઉપદેશ તે સાંભલી, પ્રતિબોધ પામ્યો ભૂપાલ હો ॥ ૫૦ ॥ મૂલ સમક્તિ બારે વ્રત ગ્રહ્યાં, વૈરાગ્ય ચિત્ત વિશાલ હો ॥ ૫૦ ॥ ૧૪ ॥ રાણી સૂરિકાન્તા વ્યભિચારિયે, દિધું રાજાને વિષ હો ॥ ૫૦ ॥ શુભ ધ્યાને મરી સુર ઉપનો, એ સૂરિયાભ વિમાન હો ॥ ૫૦ ॥ ૧૫ ॥ પામી

નરભવ મોક્ષમાં તે જશે, મહાવિદેહ ક્ષેત્ર મોઝાર હો ॥ ૫૦ ॥ એમ વીરજી ગૌતમને કહે, રાયપસેણી વિચાર હો ॥ ૫૦ ॥ ૧૬ ॥ કેશી પાસ પ્રભુ સંતાનીયા, કીધો ત્યાંથી વિહાર હો ॥ ૫૦ ॥ સ્વામી ગૌતમ પાસે પડિવજ્યું, શાસન વીરનું સાર હો ॥ ૫૦॥ ૧૭॥ એતો ઉત્તરાધ્યયનથી જાણજો, ગણધર પ્રશ્ન વિચાર હો ॥ ૫૦ ॥ થાજો વિજય ખુશાલ પસાયથી, ઉત્તમ નિત્ય જયકાર હો ॥ ૫૦ ॥ ૧૮ ॥

---

# श्री सुबाहु कुमारनी सज्झाय

॥ હવે સુબાહુ કુમાર એમ વિનવે, અમે લઈશું સંજમ ભાર ॥ માડી મોરીરે ॥ મા મેં વીર પ્રભુની વાણી સાંભળી, તેણે મેં જાણ્યો અસ્થિર સંસાર ॥ માડી મોરીરે ॥ હવે હું નહીં રહુંરે સંસારમાં ॥ ૧ ॥ હાંરે જાયા તુજવિના સુના મંદિર માળીઆં, જાયા તુજ વિણ સુનો સંસાર ॥ જાયા મોરારે ॥ માણેક મોતીને મુદ્રિકા ॥ કાંઈ ઋદ્ધિ તણો નહીં પાર ॥ જાયા મોરારે ॥ તુજ વિના ઘડીય ન નીસરે ॥ ૨ ॥ હાંરે માજી તન ધન જોબન કારમું, કારમો કુટુંબ પરિવાર ॥ માડી મોરીરે ॥ કારમા સગપણમાં કુણ રહે, મેંતો જાણ્યો અસ્થિર સંસાર ॥ માડી૦ ॥ હવે હું ॥ ૩ ॥ હાંરે જાયા સંજમપંથ ઘણો આકરો, જાયા વ્રત છે ખાંડાની ધાર ॥ જાયા૦ ॥ બાવીસ પરિસહ જીતવા, જાયા રહેવુંજી વનવાસ ॥ જાયા૦ ॥ તુજ૦ ॥ ૪ ॥ હાંરે માજી વનમા તે

રહે છે મરગલા, તેની કુણ કરે છે સંભાળ ॥ માડી૦ ॥ વન મૃગની પરે ચાલશું, અમે એકલડા નિરધોર ॥ માડી૦ ॥ હવે૦ ॥ ૫ ॥ હાંરે જાયા શીયાલે શીત બહુ પડે જાયા ઉનાલે લુવાય ॥ જાયા મોરારે ॥ જાયા વરસા લોચની દોહીલો, કાંઈ ઘડીએ વરસ સોજાય ॥ જાયા મોરારે ॥ તુજ૦ ॥૬॥ હાંરે માજી નરક નિગોદમાં હું ભમ્યો, ભમ્યો અનંત અનંતી વાર ॥ માડી૦ ॥ છેદન ભેદન મેં સહ્યાં, તે કહેતાં ન આવે પાર ॥ માડી૦ ॥ હવે૦ ॥ ૭ ॥ હાંરે જાયા પાંચસેં પાંચસેં નારીયો, રૂપે અપ્સરા સમાન ॥ જાયા ॥ ઉંચા તે કુલનાં ઉપની, રહેવા પાંચસેં પાંચસેં મહેલ ॥ જાયા મોરારે તુજ૦ ॥ ૮ ॥ હારે માજી ઘરમાં જો નીકલે એક નાગણી, સુખે નિદ્રા ન આવે લગાર ॥ માડી મોરીરે ॥ તો પાંચસેં નાગણીયોમાં કેમ રહું, મારૂં મનડું આકુલ વ્યાકુલ થાય ॥ માડી મોરીરે હવે૦ ॥ ૯ ॥ હાંરે જાયા એટલા દિવસ હું તો જાણતી, રમાડીશ વહુરોના બાલ ॥ જાયા મોરારે ॥ દિવસ અટારો આવીયો, તું લેછે સંજમ ભાર ॥ જાયા૦ ॥ તુજ૦ ॥૧૦॥ હાંરે માજી મુસાફર આવ્યો કોઈ પરૂણલો, ફરી ભેગો થાય ન થાય ॥ માડી મોરીરે ॥ એમ માનવ ભવ પામવો દોહીલો ॥ ધર્મ વિના દુર્ગતિમાં જાય ॥ માડી૦ હવે ॥ ૧૧ ॥ હવે પાંચસો વહુરો એમ વિનવે, તેમાં વડેરી કરે જવાબ ॥ વાલમ મોરારે ॥ સ્વામી તમે તો સંજમ લેવા સંચર્યા, સ્વામી અમને કવણ આધાર ॥ વા૦ ॥ વાલમ વિના કેમ રહી શકું ॥ ૧૨ ॥ હાંરે માજી

માતપિતાને ભાઈ બેનડી, નારી કુટુંબને પરિવાર ॥ માડી૦ ॥ અંત સમય અલગા રહે, એક જૈન ધર્મ તરણ તારણહાર ॥ માડી૦ ॥ હવે૦ ॥ ૧૩ ॥ હાંરે માજી કાચી તે કાયા કારમી, સડી પડી વિણસી જાય ॥ માડી૦ ॥ જીવડો જાયે ને કાયા પડી રહે, મુઆ પછી બાળી કરે રાખ ॥ માડી૦ ॥ હવે૦ ॥૧૪॥ હવે ધારણી માતા રહી વિનવે, આ પુત્ર નહીં રહે સંસાર ॥ ભવિક જનરે ॥ એક દિવસનું રાજ ભોગવી, સંજમ લીધું મહાવીર સ્વામી પાસ ॥ ભવિક જનરે ॥ સોભાગી કુંવરે સંજમ આદર્યો ॥ ૧૫ ॥ તપ જપ કરી કાયા શોષવી, આરાધી ગયા દેવલોક, ॥ ભવિક જનરે ॥ પંનર ભવ પુરા કરી, મહાવિદેહ ક્ષેત્રમાં જાશે મોક્ષ ॥ ભવિક જનરે ॥ સોભાગી કુંવરે સંયમ આદર્યો ॥ ૧૬ ॥ હાંરે માજી વિપાક સૂત્રમાં ભાખીઉં, બીજા સૂત્ર અખંડ મોજાર ॥ ભવિક જનરે ॥ પ્રથમ અધ્યયને એ કહ્યું, સૂત્ર વિપાકમાં અધિકાર, ભવિક જનરે ॥ સોભાગી કુંવરે સંયમ આદર્યો ॥ ૧૭ ॥

---

## श्री सीताजीनी सज्झाय

॥ જનકસુતા સીતા સતી૦ રામચંદ્રની ઘરનારી રે૦ કૈકેયી વરઅનુભાવથી ॥ પોત્યાં વન મજારીરે ॥ ૧ ॥ અતિ રૂપે રાવણે હરી, તિહાં રાખ્યું શીલ અખંડરે, રાવણ હણી લંકા ગ્રહી, લક્ષ્મણ રામ પ્રચંડરે ॥ શીયલવંતી સીતા

વંદીએ ॥ ૨ ॥ અનુક્રમે અયોધ્યાએ આવીઆ, કરમવશે થયું દુઃખરે ॥ ગર્ભવંતી વને એકલી, મુકી પણ થયું સુખરે ॥ સી૦ ॥ ૩ ॥ લવ અને કુશ સુત પરગડા ॥ વિદ્યાવંત વિલાસરે ॥ અનુક્રમે દીજે ઉતર્યાં, જલ થયું અગ્નિ જાલારે શીલ૦ ॥ ૪ ॥ દીક્ષા ગ્રહી સુરપતિ થયા, અચ્યુતકલ્પે તેહરે૦ ॥ તિહાંથી ચવી ભવ અંતરે ॥ શિવ લેશે ગુણગેહરે૦ ॥ શીલ૦ ॥ ૫ ॥ લવકુશ હનુમાનજી, રામ લહ્યા શિવ વાસરે૦ ॥ રાવણ લક્ષ્મણ પામસે, જિન ગણધર પદ ખાસરે ॥ શીલ૦ ॥ ૬ ॥ પદ્મચરિત્રે એહના, વિસ્તારે અધિકારરે૦ જ્ઞાનવિમલ ગુરૂથી લહો, સુખ સંપત્તિ જય કારરે ॥ શીલ૦ ॥૭॥ શીયલવંતી સીતા વંદીએ ॥ સંપૂર્ણ ॥

# श्री बार भावनाना बार सज्झाय प्रारंभ

॥ દુહા ॥ પાસ જિનેસર પય નમી, સદ્‌ગુરૂને આધાર ॥ ભવિયણ જનને હિત ભણી, ભણશું ભાવના બાર ॥૧ ॥ પ્રથમ અનિત્ય અશરણ પણું, એહ સંસાર વિચાર ॥ એકલપણું અન્યત્વ તિમ, અશુચિ આશ્રવ સંભાર ॥ ૨ ॥ સંવર નિર્જર ભાવના, લોક સરુપ સુબોધિ ॥ દુલહ ભાવના જિન ધરમ, એણી પરે કર જીઉ સોધિ ॥ ૩ ॥ રસકુંપી રસ વેધિઓ, લોહથકી હોયે હેમ ॥ જીઉ ઇણ ભાવન શુદ્ધ હુયે, પરમ રૂપ લહે તેમ ॥ ૪ ॥ ભાવવિના દાનાદિકાં, જાણે અલૂણું ધાન ॥ ભાવ રસાંગ મલ્યા થકી, ત્રુટે કરમ નિદાન ॥ ૫ ॥

## ॥ ઢાલ પહેલી ॥ ભાવનાની દેશી ॥

પહેલી ભાવના એણી પરેં ભાવીયેંજી ॥ અનિત્ય પણું સંસાર ॥ ડાભ અણી ઊપર જલ બિંદુઓ જી, ઇંદ્ર ધનુષ અનુહાર ॥ ૧ ॥ સહેજ સંવેગી સુંદર આત્માજી, ધર જિન ધર્મશું રંગ ॥ ચંચલ ચપલાની પરેં ચિંતવે જી, કૃત્રિમ સવિ હુ સંગ ॥ સ૦ ॥ ૨ ॥ ઇંદ્રજાલ સુહણેં શુભ અશુભશું જી, કુડો તોષ ને રોષ ॥ તિમ ભ્રમ ભૂલ્યો અથિર પદારથેં જી, શ્યો કીજેં મન શોષ ॥ સ૦ ॥ ૩ ॥ ઠાર ત્રેહ પામરના નેહજ્યું જી, એ યૌવન રંગ રોલ ॥ ધન સંપદ પણ દીસે કારમી જી, જેહવા જલકલ્લોલ ॥ સ૦ ॥૪॥ મુંજ સરિખે માગી ભીખડી જી, રામ રહ્યા વનવાસ ॥ ઇણ સંસારે એ સુખ સંપદા જી, સંધ્યા રાગ વિલાસ ॥ સ૦ ॥ ૫ ॥ સુંદર એ તનુ શોભા કારમી જી, વિણસંતાં નહીં વાર ॥ દેવતણે વચને પ્રતિબુજીયો જી, ચક્રી સનત કુમાર ॥ સ૦ ॥ ૬ ॥ સૂરજ રાહુ ગ્રહણે સમજીઓ જી, શ્રી કીર્તિંધર રાય ॥ કરકંડુ પ્રહિબુજ્યો દેખીને જી, વૃષભ જરાકુલ કાય ॥ સ૦ ॥ ૭ ॥ કિહાં લગે ધુઆ ધવલ હરા રહે જી, જલ પરપોટા જોય ॥ આઉખું અથિર તિમ મનુષ્યનું જી, ગર્વ મ કરશો કોય ॥ જે ક્ષણમાં ખેરૂ હોય ॥ સ૦ ॥ ૮ અતુલિ બલ સુરવર જિનવર જિસ્યા જી, ચક્રિ હરિબલ જોડી ॥ ન રહ્યો એણે જગેં કોઈ થિર થઈ જી, સુરનર ભૂપતિ કોડી ॥ સ૦ ॥ ૯ ॥

॥ દુહા ॥ પલ પલ છીજે આઉખું, અંજલિ જલ જ્યું એહ ॥ ચલતે સાથે સંબલો, લેઈ શકે તો લેહ ॥૧॥ લે અચિંત્ય ગલશું ગ્રહી, સમય સીંચાણો આવી ॥ શરણ નહીં જિનવયણ વિણ, તેણે હવે અશરણ ભાવિ ॥ ૨॥

॥ રાગ રામગિરી, રામ ભણે હરિ ઊઠિયે ॥ એ દેશી ॥

બીજી અશરણ ભાવના, ભાવો હૃદય મઝાર રે ॥ ધરમ વિના પરભવ જતાં, પાપે ન લહીશ પાર રે ॥ જાઈશ નરક દુવાર રે, તિહાં તુજ કવણ આધાર રે ॥ ૧ ॥ લાલ સુરંગા રે પ્રાણીઆ ॥ મૂકને મોહ જંજાલ રે, મિથ્યા મતિ સવિ ટાલ રે, માયા આલ પંપાલ રે ॥ લા૦ ॥૨॥ માત પિતા સુત કામિની, ભાઈ ભયણિ સહાય રે ॥ મેં મેં કરતાં રે અજ પરે, કર્મેં ગ્રહ્યો જીઉ જાય રે ॥ આડો કોઈ નહિ થાય રે, દુઃખ ન લાયે વહેંચાય રે ॥ લા૦ ॥ ૩ ॥ નંદની સોવન ડુંગરી, આખર નાવી કેકાજ રે ॥ ચક્રી સુભૂમ તે જલધિમાં, હાર્યું ખટ ખંડ રાજ રે ॥ બુડયો ચરમ જહાજ રે, દેવ ગયા સવિ ભાજ રે, લોભે ગઈ તસ લાજ રે ॥ લા૦ ૪ ॥ દ્વીપાયન દહી દ્વારિકા, બલવંત ગોવિંદ રામ રે ॥ રાખી ન શકયા રે રાજવી, માત પિતા સુત ધામ રે ॥ તિહી રાખ્યાં જિનનામ રે, શરણ કીઓ નેમિસ્વામ રે ॥ વ્રત લેઈ અભિરામ રે, પોહોતા શિવપુર ઠામ રે ॥ લા૦ ॥ ૫ ॥ નિત્ય મિત્ર સમ દેહડી, સયણાં પર્વ સહાય રે ॥ જિનવર ધર્મ ઉગારશે, જિમ તે વંદનિક

ભાય રે ॥ રાખે મંત્રિ ઉપાય રે, સંતોષ્યો વલી રાય રે, ટાલ્યા તેહના અપાય રે ॥ લા૦ ॥ ૬ ॥ જનમ જરા મરણાદિકા, વયરી લાગા છે કેડ રે ॥ અરિહંત શરણું તે આદરી, ભવ ભ્રમણ દુઃખ ફેડ રે ॥ શિવસુંદરી ઘર તેડ રે, નેહ નવલ રસ રેડ રે, સિંચી સુકૃત સુરપેડ રે ॥ લા૦ ॥ ૭ ॥

॥ દુહા ॥ થાવચ્ચા સુત થરહર્યો, જોર દેખી જમ ધાડ ॥ સંયમ શરણું સંગ્રહ્યું, ધણ કણ કંચણ છાંડ ॥૧॥ ઈણ શરણે સુખિયા થયા, શ્રી અનાથી અણગાર ॥ શરણ લહ્યા વિણ જીવડા, ઈણી પરે રૂલે સંસાર ॥ ૨ ॥ ઇતિ દ્વિતીય ભાવના

॥ ઢલ ત્રીજી ॥ રાગ મારૂણી ॥

ત્રીજી ભાવના ઈણીપરે ભાવીયેં રે, એહ સ્વરૂપ સંસાર ॥ કર્મવશેં જીવ નાચે નવનવ રંગશું રે, એ એ વિવિધ પ્રકાર રે ॥ ૧ ॥ ચેતન ચેતીયે રે, લહી માનવ અવતાર ॥ ચે૦ ॥ ભવ નાટકથી જો હુઓ ઉભગો રે, તો છાંડો વિષય વિકાર રે ॥ ચે૦ ॥ ૨ ॥ કબહી ભૂજલ જલણાનિલ તરૂમાં ભમ્યો રે, કબહી નરક નિગોદ ॥ બિતિ ચઉરિંદ્રિયમાંહે કેઈ દિન વસ્યો રે, કબહીક દેવ વિનોદ ॥ ચે૦॥૩॥ કીડી પતંગ હરિ માતંગપણું ભજે રે, કબહી સર્પ શીયાલ ॥ બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય કહાવતો રે, હોવે શૂદ્ર ચંડાલ ॥ ચે૦ ॥ ૪ ॥ લખ ચોરાશી ચઉટે રમતાં રંગશું રે, કરી નવ નવ વેશ ॥ રૂપ કુરૂપ ધની નિર્દ્રવ્ય સોભાગિઓ રે, દુર્ભાગી દરવેશ ॥ ચે૦ ॥ ૫ ॥ દ્રવ્ય ક્ષેત્ર સુક્ષ્મ બાદર

ભેદશું રે, કાલ ભાવ પણ તેમ ॥ અનંત અનંતા પુદ્ગલ પરાવર્ત્તન કર્યાં રે, કહ્યો પન્નવણા એમ ॥ ચે૦ ॥ ૬ ॥ ભાઈ બહિન નારી તાતપણું ભજે રે, માતપિતા હોયે પુત્ર ॥ તેહજ નારી વેરીને વલિ વાલહો રે, એહ સંસારહ સૂત્ર ॥ ચે ॥ ૭ ॥ ભુવનભાનુ જિન ભાખ્યાં ચરિત્ર સુણી ઘણાં રે, સમજ્યા ચતુર સુજાણ ॥ કર્મ વિવરવશ મૂકી મોહ વિટંબના રે, મલ્યા મુગતિ જિન ભાણ ॥ ચે૦ ॥ ૮ ॥

॥ દુહા ॥ ઇમ ભવ ભવ જે દુઃખ સહ્યાં, તે જાણે જગનાથ ॥ ભય ભંજણ ભાવઠ હરણ, ન મલ્યો અવિહડ સાથ ॥ ૧ ॥ તિણ કારણ જીવ એકલો, છોડી રાગ ગલપાસ ॥ સવિ સંસારી જીવશું, ધરિ ચિત્ત ભાવ ઉદાસ ॥ ૨ ॥

॥ ઢાલ ચોથી ॥ રાગ ગોડી ॥

પૂત ન કીજેહો સાધુ વિસાસડો ॥ ચોથી ભાવના ભવિયણ મન ધરો, ચેતન તું એકાકી રે ॥ આવ્યો તિમ જઈશ પરભવ વલી, ઇહાં મૂકી સવિ બાકી રે ॥ મમ કરો મમતારે સમતા આદરો ॥ ૧ ॥ આણો ચિત્ત વિવેકો રે ॥ સ્વારથિયાં સજ્જન સહુએ મલ્યાં, સુખ દુઃખ સહેશે એકો રે ॥ મમ૦ ॥ ૨ ॥ વિત્ત વહેંચણ આવી સહુયે મલે, વિપત્ત સમય જાય નાસી રે ॥ દવ બલતો દેખી દશ દિશેં પુલે, જીમ પંખી તરૂવાસી રે ॥ મમ૦ ॥૩॥ ખટ ખંડ નવનિધિ ચૌદ રયણ ધણી, ચૌસઠ સહસ્સ સુનારી રે ॥ છેહડે છોડી તે ચાલ્યા એકલા, હાર્યા જેમ જૂઆરી રે ॥ મમ૦ ॥ ૪ ॥ ત્રિભુવન કંટક વિરૂદ ધરાવતો, કરતો ગર્વ ગુમાનો રે ॥

ત્રાગા વિણુ નાગા તેહુ ચલ્યા, રાવણુ સરિખા રાજાનો રે ॥ મમ૦ ॥ ૫ ॥ માલ રહે ઘર સ્ત્રી વિશ્રામિતા, પ્રેતવના લગેં લોકો રે ॥ ચય લગેં કાયા રે આખર એકલો. પ્રાણી ચલે પરલોકો રે ॥ મમ૦ ॥ ૬ ॥ નિત્ય કલહો બહુ મેલે દેખીએ, બિહું પણુ ખટ પટ થાય રે ॥ વલયાની પરેં વિહરિશ એકલો, ઈમ બૂજ્યો નમિરાયો રે ॥ મમ૦ ॥૭॥ ઇતિ ચતુર્થ ભાવના ॥

॥ દુહા ॥ ભવ સાયર બહુ દુઃખ જલેં, જામણુ મરણુ તરંગ ॥ મમતા તંતું તિણેં ગ્રહ્યો, ચેતન ચતુર મત્તંગ ॥ ૧ ॥ ચાહે જો છોડણુ ભણી, તો ભજ ભગવંત મહંત ॥ દૂર કરે પર બંધને, જિમ જલથી ઝલકંત ॥ ૨ ॥

॥ ઢાલ પાંચમી ॥ રાગ કેદારો ગોડી ॥

કપૂર હુવે અતિ ઉજલો રે એ દેશી ॥ પાંચમી ભાવના ભાવીયેં રે, જિઉ અન્યત્વ વિચાર ॥ આપ સવારથી એ સહુ રે. મલિઓ તુજ પરિવાર ॥ ૧ ॥ સંવેગી સુંદર, બૂજ મા મૂંઝ ગમાર ॥ તહારૂં કો નહીં ઈણુ સંસાર તું કેહનો નહિ નિરધાર ॥ સં૦ ॥ ૨ ॥ પંથસિરેં પંથી મલ્યા રે, કીજે કિણુશું પ્રેમ ॥ રાતિ વસે પ્રહ ઉઠ ચલે રે, નેહ નિવાહે કેમ ॥ સં૦ ॥ ૩ ॥ જીમ મેલો તીરથ મલે રે, જન વણુજની ચાહ ॥ કે ત્રોટો કે ફાયદો રે, લેઈ લેઈ નિજઘર જાય ॥ સં૦ ॥ ૪ ॥ જીહાં કારજ જેહનાં સરે રે, તિહાં લગે દાખે નેહ ॥ સૂરીકંતાની પરે રે, છટકી દેખાડે છેહ ॥ સં૦ ॥ ૫ ॥ ચુલણી અંગજ મારવા રે,

કૂડું કરી જતુંગેહ ॥ ભરત બાહુબલિ ઝુઝીયા રે, જો જો નિજના નેહ ॥ સં૦ ॥ ૬ ॥ શ્રેણિક પુત્રે બાંધીઓ રે, લીધું વહેંચી રાજ્ય ॥ દુઃખ દીધું બહુ તાતને રે, દેખો સુતનાં કાજ ॥ સં૦ ॥ ૭ ॥ ઈણિભાવના શિવપદ લહે રે, શ્રી મરુદેવી માય ॥ વીરશિષ્ય કેવલ લહ્યું રે, શ્રી ગૌતમ ગણુરાય ॥ સં૦ ॥ ૮ ॥ ઈતિ પંચમ ભાવના ॥

॥ દુહા ॥ મોહ વસુ મન મંત્રથી, ઇંદ્રિય મલ્યા કલાલ ॥ પ્રમાદ મદિરા પાઈ કે બાંધ્યો જીવ ભૂપાલ ॥ ૧ ॥ કર્મ જંજીર જડી કરી, સુકૃત માલ સવિ લીધ ॥ અશુભ વિરસ દુર્ગંધમય, તનગો તહરે દીધ ॥ ૨ ॥

॥ ઢાલ છઠ્ઠી ॥ રાગ સિંધુ સામેરી ॥

છઠ્ઠી ભાવના મન ધરો, જીઉ અશુચિ ભરી એ કાયા રે, શી માયા રે, માંડે કાચા પિંડશું એ ॥ ૧ ॥ નગર ખાલ પરે નિતુ વહે, કફ મલ મૂત્ર ભંડારો રે, તિમ દ્વારો રે, નર નવ દ્વાદશ નારીના એ ॥ ૨ ॥ દેખી દુર્ગંધ દૂરથી, તું મુહ મચકોડે માણે રે, નવિ જાણે રે, તિણ પુદ્ગલ નિજ તનુ ભર્યું એ ॥ ૩ ॥ માંસ રુધિર મેદારસેં, મજ્જાનર બીજે રે, શું રીજે રે, રુપ દેખી આપણું એ ॥ ૪ ॥ કૃમિવાલાદિક કોથલી, મોહરાયની ચેટી રે, એ પેટી રે, ચર્મ જડી ઘણા રોગની એ ॥ ૫ ॥ ગર્ભવાસ નવ માસનાં, કૃમિપરેં મલમાં વસિયો રે, તું રસિયો રે, ઉંચે માથે ઈમ રહ્યો એ ॥ ૬ ॥ કનક કુમરી ભોજન ભરી, તિહાં

દેખી દુર્ગંધ બૂજ્યા રે, એતિ જૂજ્યા રે, મલ્લિ મિત્ર નિજ કર્મશું એ ॥ ૭ ॥ ઇતિ છઠ્ઠી ભાવના ॥

॥ દુહા ॥ તન છિલ્લર ઇંદ્રી મચ્છા, વિષય કલણ જંબાલ ॥ પાપ કલુષ પાણી ભર્યું, આશ્રવ વહે ગડનાલ ॥ ૧ ॥ નિર્મલ પખ સહજે સુગતિ, નાણ વિનાણ રસલ ॥ શું બગની પરે પંકજલ, ચુંથે ચતુર મરાલ ॥ ૫ ॥

॥ ઢાલ સાતમી ॥ રાગ ધોરણી ॥

આશ્રવભાવના સાતમી રે, સમજો સુગુરુ સમીપ ॥ ક્રોધાદિક કાંઇ કરો રે, પામી શ્રીજિન દીપો રે ॥૧॥ સુણ સુણ પ્રાણીયા, પરિહર આશ્રવ પંચો રે ॥ દશમે અંગે કહ્યા, જેહના દુષ્ટ પ્રપંચો રે ॥ સુ૦ ॥ ૨ ॥ હોંશે જે હિંસા કરે રે, તે લહે કટુક વિપાક ॥ પરિહોંશે ગોત્રાસની રે, જો જો અંગવિપાકો રે ॥ સુ૦ ॥ ૩ ॥ મિથ્યા વયણે વસુ નડચો રે, મંડિક પરધન લેઈ ॥ ઈણ અબ્રહ્મે રોલવ્યા રે, ઇંદ્રાદિક સુર કેઈ રે ॥ સુ૦ ॥ ૪ ॥ મહા આરંભ પરિગ્રહે રે, બ્રહ્મદત્ત નરય પહુત્ત ॥ સેવ્યાં શત્રુપણું ભજે રે, પાંચે દુર્ગતિ દૂતો રે ॥ સુ૦ ॥ ૫ ॥ છિદ્ર સહિત નાવા જલે રે, બૂડે નીર ભરાય ॥ તિમ હિંસાદિક આશ્રવે રે, પાપે પિંડ ભરાયો રે ॥ સુ૦ ॥ ૬ ॥ અવિરતિ લાગે એકેંદ્રિયા રે, પાપ સ્થાન અઢાર ॥ લાગે પાંચેહી ક્રિયા રે, પંચમ અંગ વિચારો રે ॥ સુ૦ ॥ ૭ ॥ કટુક ક્રિયા થાનક ફલાં રે, બોલ્યા બીજે રે અંગ ॥ કહેતાં હિયડું કમકમે રે, વિરુઓ તાસ પ્રસંગો રે ॥ સુ૦ ॥ ૮ ॥ મૃગ પતંગ

અલિ માછલો રે, કરી એક વિષય પ્રપંચ ॥ દુઃખિયા તે કિમ સુખ લહે રે, જસ પરવશ એહ પંચો રે ॥ સુ૦॥૯॥ હાસ્ય નિંદા વિકથા વશે રે, નરક નિગોદે રે જાત ॥ પૂરવ-ધર શ્રુત હારીને રે, અવરાંની શી વાતો રે ॥ સુ૦ ॥ ૧૦ ॥ ઇતિ સપ્તમ ભાવના ॥

॥ દુહા ॥ શુભ માનસ માનસ કરી, ધ્યાન અમૃત રસ રેલિ ॥ નવદલ શ્રીનવકાર પય, કરી કમલાસન કેલિ ॥ ૧ ॥ પાતક પંક પખાલીને, કરી સંવરની પાલ ॥ પરમ હંસ પદવી ભજો, છોડી સકલ જંજાલ ॥ ૨ ॥

॥ ઢાલ આઠમી ॥ જલૂની દેશી ॥

આઠમી સંવર ભાવનાજી, ધરી ચિત્તશું એક તાર ॥ સમિતિ ગુપ્તિ સૂધી ધરોજી, આપો આપ વિચાર ॥ સલૂણા, શાંતિ સુધારસ ચાખ ॥ એ આંકણી ॥ વિરસ વિષય ફલ ફૂલડેજી, અટતો મન અલિ રાખ ॥ સ૦ ॥ ૧ ॥ લાભ અલાભે સુખ દુઃખેંજી, જીવિત મરણ સમાન ॥ શત્રુ મિત્ર સમ ભાવતો જી, માન અને અપમાન ॥ સ૦ ॥ ૨ ॥ કહીયે પરિગ્રહ છાંડશું જી, લેશું સંયમ ભાર ॥ શ્રાવક ચિંતે હું કદા જી, કરીશ સંથારો સાર ॥ સ૦ ॥ ૩ ॥ સાધુ આશંસા ઇમ કરે જી, સૂત્ર ભણીશ ગુરૂ પાસ ॥ એકલ મલ્લ પ્રતિમા રહી જી, કરીશ સંલેષણ ખાસ ॥ સ૦ ॥ ૪ ॥ સર્વ જીવહિત ચિંતવે જી, વયર મકર જગમિત્ત ॥ સત્ય વયણ મુખ ભાખિયે જી, પરિહર પરનું વિત્ત ॥ સ૦ ॥ ૫ ॥

કામ કટક ભેદણ ભણી જી, ધર તું શીલસનાહ ॥ નવ વિધ પરિગ્રહ મૂકતાં જી, લહિયે સુખ અથાહ ॥ સ૦ ॥૬॥ દેવ મણુઅ ઉપસર્ગ શું જી, નિશ્ચલ હોઈ સધીર ॥ બાવીશ પરિસહ જીપીયેં જી, જિમ જીત્યા શ્રીવીર ॥ સ૦ ॥ ૭ ॥ ઈતિ અષ્ટમ ભાવના ॥

॥ દુહા ॥ દઢ પ્રહારિ દઢ ધ્યાન ધરી, ગુણનિધિ ગજ સુકુમાલ ॥ મેતારજ મદન ભ્રમો, સુકોશલ સુકુમાલ ॥૧॥ ઈમ અનેક મુનિવર તર્યા, ઉપશમ સંવર ભાવ ॥ કઠિન સવિ નિર્જર્યાં, તિણ નિર્જર પ્રસ્તાવ ॥ ૨ ॥

॥ ઢાલ નવમી ॥ રાગ ગોડી, મન ભમરા રે ॥ એ દેશી ॥

નવમી નિર્જરા ભાવના ॥ ચિત્ત ચેતો રે ॥ આદરો વ્રત પચ્ચખ્ખાણ ॥ ચતુર ચિત્ત ચેતો રે ॥ પાપ આલોચો ગુરુ કને ॥ ચિ૦ ધરિયેં વિનય સુજાણ ॥ ચ૦ ॥ ૧ ॥ વેયાવચ્ચ બહુવિધ કરો ॥ ચિ૦ ॥ દુર્બલ બાલ ગિલાન ॥ ચ૦ ॥ આચારજ વાચક તણો ॥ ચિ૦ ॥ શિષ્ય સાધર્મિક જાણ ॥ ચ૦ ॥ ૨ ॥ તપસી કુલ ગણ સંઘનો ॥ ચિ૦ ॥ થિવિર પ્રવર્ત્તક વૃદ્ધ ॥ ચ૦ ॥ ચૈત્ય ભક્તિ બહુ નિર્જરા ॥ ચિ૦ ॥ દશમે અંગ પ્રસિદ્ધ ॥ ચ૦ ॥ ॥ ૩ ॥ ઉભય ટંક આવશ્યક કરો ॥ ચિ૦ ॥ સુંદર કરી સજ્ઝાય ॥ ચ૦ ॥ પોસહ સામાયિક કરો ॥ ચિ૦ ॥ નિત્ય પ્રત્યેં નિયમન ભાય ॥ ચ૦ ॥ ૪ ॥ કર્મસૂડન કનકાવલી ॥ ચિ૦ ॥ સિંહનિક્રીડિત દોય ॥ ચ૦ ॥ શ્રીગુણ રયણ

સંવત્સરુ ॥ ચિ૦ ॥ સાધુ પ્રતિમા દશ હોય ॥ ચ૦ ॥ ॥ ૫ ॥ શ્રુત આરાધના સાચવો ॥ ચિ૦ ॥ યોગ વહન ઉપધાન ॥ ચ૦ ॥ શુકલ ધ્યાન સૂધું ધરો ॥ ચિ૦ ॥ શ્રી આંબિલ વર્દ્ધમાન ॥ ચ૦ ॥ ચૌદ સહસ્સ અણગારમાં ॥ ચિ૦ ॥ ધન ધન્નો અણગાર ॥ ચ૦ ॥ સ્વયંમુખ વીર પ્રશંસીઓ ॥ ચિ૦ ॥ ખંધક મેઘ કુમાર ॥ ચ૦ ॥ ૭ ॥ ઈતિ નવમ ભાવના ॥

॥ દુહા ॥ મન દારુ તનનાલિ કરિ, ધ્યાનાનલ સલગાવી ॥ કર્મકટક ભેદણ ભણી, ગોલા જ્ઞાન ચલાવી ॥ ૧ ॥ મોહરાય મારી કરી, ઉંચો ચઢી અવલોય ॥ ત્રિભુવન મંડપ માંડણી, જિમ પરમાનંદ હોય ॥ ૨ ॥

॥ ઢાલ દશમી ॥ રાગ ગોડી

॥ જંબૂદ્રીપ મઝાર એ દેશી ॥

દશમી લોક સ્વરુપ રે, ભાવના ભાવીયે, નિસુણી ગુરુ ઉપદેશથી એ ॥૧॥ ઉર્ધ્વપુરુષ આકાર આકાર રે, પગ પહૂલા ધરી, કર દોઉ કટિ રાખિયે એ ॥ ૨ ॥ ઈણુ આકારેં લોકરે, પુદ્ગલ પૂરીઓ, જિમ કાજલની કૂપલી એ ॥ ૩ ॥ ધર્માધર્માકાશ રે, દેશ પ્રદેશ એ, જીવ અનંતે પૂરીઓ એ ॥૪॥ સાત રાજ દેશોન રે, ઉર્ધ્વ તિરિય મલી, અધો લોક સાત સાધિકૂં એ ॥ ૫ ॥ ચૌદરાજ ત્રસનાડી રે, ત્રસજીવાલય, એક રજ્જૂ દીર્ઘ વિસ્તરુ એ ॥ ૬ ॥ ઉર્ધ્વસુરાલય સાર

રે, નિરય ભુવન નીચે, નાભે નર તિરિ દો સુરાએ ॥ ૭ ॥ દ્વીપ સમુદ્ર અસંખ્ય રે, પ્રભુ મુખ સાંભલી, રાય ઋષિ શિવ સમજીઓ એ ॥ ૮ ॥ લાંબી પહોલી પણયાલ રે, લખજોયણ લહી, સિદ્ધ શિલા શિર ઉજલી એ ॥ ૯ ॥ ઉંચા ધનુસય તીન રે, તેત્રીશ સાધિકે, સિદ્ધ યોજનને છેહડે એ ॥ ૧૦ ॥ અજર અમર નિકલંક રે, નાણ દંસણ મય, તે જોવા મન ગહ ગહે એ ॥ ૧૧ ॥ ઇતિ દશમ ભાવના ॥

॥ દુહા ॥ વાર અનંતી ફરસીઓ, છાલી વાટક ન્યાય ॥ નાણ વિના નવિ સંભરે, લોક ભ્રમણ ભડવાય ॥ ૧ ॥ રત્નયત્ર ત્રિહું ભુવનમેં, દુલ્લહ જાણી દયાલ ॥ બોધિ રયણ કાજે ચતુર, આગમ ખાણિ સંભાલ ॥ ૨ ॥

॥ ઢાલ અગીઆરમી ॥ રાગ ખંભાતી ॥

દશ દૃષ્ટાંતે દોહિલો રે, લાધો મણુઅ જમારો રે ॥ દુલ્લહો ઉંબર ફૂલજ્યું રે, આરજ ઘર અવતારો રે ॥ મોરા જીવન રે, બોધિ ભાવના ઈગ્યારમી રે, ભાવો હૃદય મજારો રે ॥ મો૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ ઉત્તમ કુલ તિહાં દોહિલો રે, સહગુરુ ધર્મ સંયોગો રે ॥ પાંચે ઈંદ્રિય પરવડાં રે, દુલ્લહો દેહ નિરોગો રે ॥ મો૦ ॥ ૨ ॥ સાંભલવું સિદ્ધાંતનું રે, દોહિલું તસ ચિત્ત ધરવું રે ॥ સૂધી સદ્દહણા ધરી રે, દુક્કર અંગે કરવું રે ॥ મો૦ ॥૩॥ સામગ્રી સઘલી લહી રે, મૂઢ મુધા મમહારો રે ચિંતામણિ દેવે દીઓ રે, હાર્યો જેમ ગમારો રે ॥ મો૦ ॥૪॥ લોહ

કીલકને કારણે રે, કુણ યાન જલધિમાં ફોડે રે ॥ ગુણ કારણ કોણ નવલખો રે, હાર હીયાનો ત્રોડે રે ॥ મો૦ ॥ ૫ ॥ બોધિ રયણ ઉવેખીને રે, કોણ વિષયાર્થે તોડે રે ॥ કાંકર મણિ સમોવડિ કરે રે, ગજ વેચે ખર હોડે રે ॥ મો૦ ॥ ૬ ॥ ગીત સુણી નટણી કને રે, ક્ષુલ્લકેં ચિત્ત વિચાર્યું રે ॥ કુમારાદિક પણ સમજીયા રે, બોધિ રયણ સંભાર્યું રે ॥ મો૦ ॥ ૭ ॥

॥ દુહા ॥ પરિહર હરિહર દેવ સવિ, સેવ સદા અરિહંત ॥ દોષ રહિત ગુરુ ગણધરા, સુવિહિત સાધુ મહંત ॥ ૧ ॥ કુમતિ કદાગ્રહ મૂકતું, શ્રુત ચારિત્ર વિચાર ॥ ભવજલ તારણ પોતસમ, ધર્મ હિયામાં ધાર ॥ ૨ ॥

॥ ઢાલ બારમી ॥ ડુંગરીયાની દેશી ॥

ધન ધન ધર્મ જગહિત કરુ, ભાખ્યો ભલો જિનદેવ રે ॥ ઇહ પરભવ સુખ દાયકો, જીવડા જનમ લગી સેવ રે ॥૧॥ ભાવના સરસ સુર વેલડી, રોપી તું હૃદય આરામ રે ॥ સુકૃત તરુ લહિય બહુ પસરતી, સફલ ફલશે અભિરામ રે ॥ ભા૦ ॥ ૨ ॥ ક્ષેત્રશુદ્ધિ કરિય કરુણા રસે, કાઢી મિથ્યાદિક શાલ રે ॥ ગુપ્તિ ત્રિહું ગુપ્તિ રૂડી કરે, નીક તું સુમતિની વાલ રે ॥ ભા૦ ॥ ૩ ॥ સિંચ જે સુગુરુ વચનામૃતેં, કુમતિ કંથેર તજી સંગ રે ॥ ક્રોધ માનાદિક સૂકરા, વાનરો વારિ અનંગ રે ॥ ભા૦ ॥ ૪ ॥ સેવતા એહને કેવલી, પન્નર સય તીન અણગાર રે ॥ ગૌતમ

શિષ્ય શિવપુર ગયા, ભાવતાં દેવ ગુરુ સાર રે ॥ ભા૦ ॥ ૫ ॥ શુક પરિવ્રાજક સીધલે, અર્જુન માલી શિવ વાસ રે ॥ રાય પરદેશી જે પાપિઓ, કાપિઓ તાસ દુઃખ પાસ રે ॥ ભા૦ ॥ ૬ ॥ દુસમ સમય દુપ્પસહ લગે, અવિહડ શાસન એહ રે ॥ ભાવશું ભવિયણ જે ભજે, તેહ શુભમતિ ગુણ ગેહરે ॥ ભા૦ ॥ ૭ ॥

॥ દુહા ॥ તપગચ્છ પતિ વિજય દેવગુરુ, વિજયસિંહ મુનિરાય ॥ શુદ્ધ ધર્મ દાયક સદા, પ્રણમો એહના પાય ॥૧॥

॥ ઢાલ તેરમી ॥ રાગ ધન્યાશ્રી ॥

તુમે ભાવો રે, ભવિ ઇણી પરે ભાવના ભાવો ॥ તન મન વયણ ધર્મ લય લાવો, જિમ સુખ સંપદ પાવો રે ॥ ભ૦ ॥ ૧ ॥ લલના લોચન ચિત્તન ડોલાવો, ધન કારણ કાંઈ ધાવો ॥ પ્રભુશું તારો તાર મિલાવો, જો હોય શિવપુર જાવો રે ॥ કાંઈ ગર્ભાવાસ ન આવો રે ॥ ભ૦ ॥ ૨ ॥ જંબૂની પેરે જીવ જગાવો, વિષય થકી વિરમાવો ॥ એ હિત શીખ અમારી માની, જગ જસ પડહ વજાવો રે ॥ ભ૦ ॥ ૩ ॥ શ્રી જશસોમ વિબુધ વૈરાગી, જગ જસ ચિહું ખંડ ચાવો ॥ તાસ શિષ્ય કહે ભાવના ભણતાં, ઘર ઘર હોયે વધારો રે ॥ ભ૦ ॥ ૪ ॥ દુહા ॥ ભોજન નભ ગુણ વરસ શુચિ, સિત તેરસ કુજવાર ॥ ભગતિ હેતુ ભાવના ભણી, જેસલમેર મઝાર ॥ ભ૦ ॥ ૫ ॥ ઇતિ શ્રી જશસોમ શિષ્યજયસોમ કૃત દ્વાદશ ભાવના સંપૂર્ણ ॥

# श्रीवृद्धिविजयजीकृत दशवैकालिकनो सज्झाय प्रारंभः ॥ तत्र प्रथमाध्ययनसज्झाय प्रारंभः ॥

॥ સુગ્રીવ નયર સોહામણું જી ॥ એ દેશી ॥ શ્રીગુરૂપદપંકજ નમી જી, વલિ ધરી ધર્મની બુદ્ધિ ॥ સાધુક્રિયા ગુણ ભાખશું જી, કરવા સમક્તિ શુદ્ધિ ॥ મુનીશ્વર, ધર્મ સયલ સુખકાર ॥ તુમ્હેં પાલો નિરતિચાર ॥ મુનીશ્વર, ધર્મ સયલ સુખકાર ॥ ૧ ॥ એ આંકણી ॥ જીવદયા સંયમ તવો જી, ધર્મ એ મંગલરૂપ ॥ જેહનાં મનમાં નિત્ય વસે જી, તસ નમે સુર નર ભૂપ ॥ મુ૦ ॥ ધ૦ ॥ ૨ ॥ ન કરે કુસુમકિલામણા જી, વિચરતો જિમ તરૂવૃંદ ॥ સંતોષે વલી આતમા જી, મધુકર ગ્રહિ મકરંદ ॥ મુ૦ ॥ ધ૦ ॥ ૩ ॥ તેણિ મુનિ ઘર ઘર ભમી જી, લેતો શુદ્ધ આહાર ॥ ન કરે બાધા કોઈને જી, દિયે પિંડને આધાર ॥ મુ૦ ॥ ધ૦ ॥ ૪ ॥ પહિલે દશવૈકાલિકે જી, અધ્યયને અધિકાર ॥ ભાખ્યો તે આરાધતાં જી, વૃદ્ધિવિજય જયકાર ॥ મુ૦ ॥ ધ૦ ॥ ૫ ॥

॥ શ્રી દ્વિતીયાધ્યયનસજ્ઝાય પ્રારંભઃ ॥

॥ શીલ સોહામણું પાલીયેં ॥ એ દેશી ॥ નમવા નેમિ જિણંદને, રાજુલ રૂડી નાર રે ॥ શીલસુરંગી સંચરે, ગોરી ગઢગિરનાર રે ॥ ૧ ॥ શીખ સુહામણી મન ધરો ॥ એ આંકણી ॥ તુમે નિરૂપમ નિર્ગ્રંથ રે ॥ સવિ અભિલાષ તજી કરી, પાલો સંયમપંથ રે ॥ શી૦ ॥ ૨ ॥ પાઉસ ભીની પદ્મિની, ગઈ તે ગુફામાંહિ તેમ રે ॥ ચતુરા ચીર નિચોવતી,

દીઠી રુષિ રહનેમિ રે ॥ શી૦ ॥ ૩ ॥ ચિત્ત ચલે ચારિત્રિયો, વયણુ વદે તવ એમ રે ॥ સુખ ભોગવીયે સુંદરી, આપણે પૂરણુ પ્રેમ રે ॥ શી૦ ॥ ૪ ॥ તવ રાયજાદી એમ ભણે, ભૂંડા એમ શું ભાખે રે ॥ વયણુવિરૂદ્ધ એ બોલતાં, કાંઈ કુલલાજ ન રાખે રે ॥ શી૦ ॥ ૫ ॥ હું પુત્રી ઉગ્રસેનની, અને તું યાદવકુલ જાયો રે ॥ એ નિર્મલ કુલ આપણાં, તો કેમ અકારજ થાયો રે ॥ શી૦ ॥ ૬ ॥ ચિત્ત ચલાવી એણિ પરે, નિરખીશ જો તું નારી રે ॥ તો પવનાહત તરૂપરે, થાઈશ અથિર નિરધારીરે ॥ શી૦ ॥ ૭ ॥ ભોગ ભલા જે પરહર્યા, તે વલી વાંછે જેહ રે ॥ વમનભક્ષી કૂતરા સમો, કહીયે કુકર્મી તેહ રે ॥ શી૦ ॥ ૮ ॥ સરપ અંધક કુલતણા, કરે અગ્નિ પ્રવેશ રે ॥ પણ વમિયું વિષ નવિ લીયે, જુઓ જાતિ વિશેષ રે ॥ શી૦ ॥ ૯ ॥ તિમ ઉત્તમ કુલ ઉપના, છોડી ભોગસંજોગ રે ॥ ફરિ તેહને વાંછે નહિં, હુવે જો પ્રાણુવિયોગ રે ॥ શી૦ ॥ ૧૦ ॥ ચારિત્ર કિમ પાલી શકે, જો નવિ જાયે અભિલાષ રે ॥ સીદાતો સંકલ્પથી, પગ પગ ઈમ જિન ભાખે રે ॥ શી૦ ॥ ૧૧ ॥ જો કણુ કંચન કામિની, ઈચ્છતા અને ભોગવતા રે ॥ ત્યાગી ન કહીયે તેહને, જો મનમેં સ્ત્રી ભોગવતારે ॥ શી૦ ॥ ૧૨ ॥ ભોગ સંયોગ ભલા લહિ, પરહરે જેહ નિરીહ રે ॥ ત્યાગી તેહજ ભાખિયે, તસ પદ નમું નિશદિન રે ॥ શી૦ ॥ ૧૩ ॥ એમ ઉપદેશને અંકુશે, મયગલ પરે મુનિરાજો રે ॥ સંયમ મારગ સ્થિર કર્યો, સાર્યું વંછિત

કાજો રે ॥ શી૦ ॥ ૧૪ ॥ એ બીજા અધ્યયનમાં, ગુરૂહિત શીખ પયાસે રે ॥ લાભ વિજય કવિરાયનો, વૃદ્ધિવિજય એમ ભાસે રે ॥ શી૦ ॥ ૧૫ ॥ ઇતિ ॥

॥ શ્રી તૃતીયાધ્યયનસજ્ઝાય પ્રારંભ ॥

॥ પંચ મહાવ્રત પાલીયે ॥ એ દેશી ॥ આધાકર્મી આહાર ન લીજિયે, નિશિભોજન નવિ કરી ॥ રાજપિંડને સજ્ઝાંતરનો, પિંડ વલી પરહરિયે કે ॥ ૧ ॥ મુનિવર એ મારગ અનુસરિયે ॥ જિમ ભવજલનિધિ તરીયે ॥ મુનિ૦ ॥ એ—॥ આંકણી ॥ સાહામો આણ્યો આહાર ન લીજે, નિત્ય પિંડ નવિ આદરીયે ॥ શી ઇચ્છા એમ પૂછી આપે, તેહ નવિ અંગીકરિયે કે ॥ મુ૦ ॥ ૨ ॥ કંદ મૂલ ફલ બીજ પ્રમુખ વલી, લવણાદિક સચિત્ત ॥ વર્જે તિમ વલી નવિ રાખીજે, તેહ સન્નિધિ નિમિત્ત કે ॥ મુ૦ ॥ ૩ ॥ ઉવટ્ટણું પીઠી પર હરિયે, સ્નાન કદી નવિ કરીયે ॥ ગંધ વિલેપન નવિ આચરિયે, અંગ કુસુમ નવિ ધરિયે કે ॥ મુ૦ ॥ ૪ ॥ ગૃહસ્થનું ભાજન નવિ વાવરિયે, પરહરિયે વલી આભરણ ॥ છાયા કારણ છત્ર ન ધરિયે, ધનઉપાનહ ચરણ કે ॥ મુ૦ ॥ ૫ ॥ દાતણ ન કરે દર્પણ ન ધરે, દેખે નવિ નિજ રૂપ ॥ તેલ ચોપડીયે ને કાંકસી નકીજે, દીજે ન વસ્ત્રે ધૂપ કે ॥ મુ૦ ॥ ૬ ॥ માંચી પલંગ નવિ બેસીજે, કિજે ન વિંજણે વાય ॥ ગૃહસ્થગેહ નહિ બેસીજે, વિણ કારણ સમુદાય કે ॥ મુ૦ ॥ ૭ ॥ વમન વિરેચન રોગ

ચિકિત્સા, અગ્નિ આરંભ નવિ કીજે ॥ સોગઠાં શેત્રંજ પ્રમુખ જે ક્રીડા, તે પણ સવિ વરજીજે ॥ મુ૦ ॥ ૮ ॥ પાંચ ઇંદ્રિય નિજવશ આણી, પંચાશ્રવ પચ્ચખ્ખીજે ॥ પંચ સમિતિ ત્રણ ગુપ્તિ ધરીને, છક્કાય રક્ષા તે કીજે કે ॥ મુ૦ ॥ ૯ ॥ ઉનાલે આતાપના લીજે, શીયાલે શીત સહીયે ॥ શાંત દાંત થઈ પરિસહ સહેવા, સ્થિર વરસાલે રહિયે કે ॥ મુ૦ ॥ ૧૦ ॥ ઈમ દુક્કર કરણી બહુ કરતાં, ધરતાં ભાવ ઉદાસી ॥ કર્મ ખપાવી કેઈ હુઆ, શિવ રમણીશું વિલાસી કે ॥ મુ૦ ॥ ૧૧ ॥ દશવૈકાલિક ત્રીજે અધ્યયને, ભાખ્યો એહ આચાર ॥ લાભવિજયગુરૂ ચરણ પસાયે, વૃદ્ધિવિજય જયકાર કે ॥ મુ૦ ॥ ૧૨ ॥ ઇતિ ॥

## ॥ શ્રી ચતુર્થાધ્યયનસજ્ઝાય પ્રારંભઃ ॥

॥ સુણ સુણ પ્રાણી, વાણી જિન તણી ॥ એ દેશી ॥ સ્વામી સુધર્મા રે કહે જંબુ પ્રત્યે, સુણ સુણ તું ગુણખાણિ ॥ સરસ સુધારસહૂંતી મીઠડી, વીર જિણેસર વાણી ॥ સ્વા૦ ॥ એ આંકણી ॥ ૧ ॥ સુક્ષ્મ બાદર ત્રણ થાવર વલી, જીવ વિરાહણ ટાલ ॥ મન વચ કાયા રે ત્રિવિધે સ્થિર કરી, પહિલું વ્રત સુવિચાર ॥ સ્વા૦ ॥ ૨ ॥ ક્રોધ લોભ ભય હાસ્યે કરી, મિથ્યા મ ભાખો રે વયણ ॥ ત્રિકરણ શુદ્ધે વ્રત આરાધજે, બીજું દિવસ ને રયણ ॥ સ્વા૦ ॥ ૩ ॥ ગામ નગર વનમાંહે વિચરતાં, સચિત્ત અચિત્ત તૃણ માત્ર ॥ કાંઈ અદીધાં મત અંગીકરો, ત્રીજું વ્રત ગુણપાત્ર ॥

સ્વા૦ ॥ ૪ ॥ સુર નર તિર્યંચયોની સંબંધીયાં, મૈથુન કર પરિહાર ॥ ત્રિવિધે ત્રિવિધે તું નિત્ય પાલજે, ચોથું વ્રત સુખકાર ॥ સ્વા૦ ॥ ૫ ॥ ધન કણ કંચન વસ્તુ પ્રમુખ વલી, સર્વ અચિત્ત સચિત્ત ॥ પરિગ્રહ મૂર્ચ્છા રે તેહની પરહરી, ધરી વ્રત પંચમ ચિત્ત ॥ સ્વા૦ ॥ ૬ ॥ પંચ મહાવ્રત એણીપરે પાલજો, ટાલજો ભોજન રાતિ ॥ પાપસ્થાનક સઘલાં પરહરી, ધરજો સમતાં સવિ ભાંતિ ॥ સ્વા૦ ॥ ૭ ॥ પુઢવી પાણી અગ્નિ વાયુ વનસ્પતિ, એ થાવર પંચ ॥ બિતિ ચઉ પંચિંદિ જલયર થલયરા, ખયરા ત્રસ એ પંચ ॥ સ્વા૦ ॥ ૮ ॥ એ છક્કાયની વારો વિરાધના, જયણા કરી સવિ વાણી ॥ વિણ જયણા રે જીવવિરાધના, ભાખે તિહુઅણ ભાણ ॥ સ્વા૦ ॥ ૯ ॥ જયણાપૂર્વક બોલતાં બેસતાં, કરતાં આહાર વિહાર ॥ પાપકર્મ બંધ કહિયે નવિ હુવે, કહે જિન જગદાધાર ॥ સ્વા૦ ॥ ૧૦ ॥ જીવ અજીવ પહિલાં ઓલખી, જિમ જયણા તસ હોય ॥ જ્ઞાનવિના નવિ જીવદયા પલે, ટલે નવિ આરંભ કોય ॥ સ્વા૦ ॥ ૧૧॥ જાણપણાથી સંવર સંપજે, સંવરે કર્મ ખપાય ॥ કર્મક્ષયથી રે કેવલ ઉપજે, કેવલી મુક્તિ લહેય ॥ સ્વા૦ ॥ ૧૨ ॥ દશવૈકાલિક ચઉથાધ્યયનમાં, અર્થ પ્રકાશ્યો રે એહ ॥ શ્રી ગુરૂલાભવિજયપદ સેવતાં, વૃદ્ધિવિજય લહે તેહ ॥ સ્વા૦ ॥ ૧૩ ॥

॥ પંચમાધ્યયનસજ્ઝાય પ્રારંભઃ ॥

॥ વીરે વખાણી રાણી ચેલણા ॥ એ દેશી ॥ સુઝતા

આહારની ખપ કરો જી, સાધુજી સમય સંભાલ ॥ સંયમ શુદ્ધ કરવા ભણી જી, એષણા દૂષણ ટાલ ॥ સુઝ૦ ॥ ૧ ॥ પ્રથમ સજ્ઝાયે પોરિસી કરી જી, અણુસરી વલી ઉપયોગ ॥ પાત્ર પડિલેહણ આચરો જી, આદરી ગુરૂ અણુયોગ ॥ સુ૦ ॥ ૨ ॥ ઠાર ધૂઅર વરસાદના જી, જીવ વિરાહણ ટાલ ॥ પગે પગે ઈર્યા શોધતાં જી, હરિકાયાદિક નાલ ॥ સુ૦ ॥ ૨ ॥ ગેહ ગણિકા તણાં પરિહરો જી, જિહાં ગયાં ચલ ચિત્ત હોય ॥ હિંસક કુલ પણ તેમ તજો જી, પાપ તિહાં પ્રત્યક્ષ જોય ॥ સુ૦ ॥ ૪ ॥ નિજ હાથે બાર ઉઘાડીને જી, પેસીયે નવિ ઘરમાંહિ ॥ બાલ પશુ ભિક્ષુક પ્રમુખને સંઘટ્ટે, જઇયે નહિ ઘરમાંહિ ॥ સુ૦ ॥ ૫ ॥ જલ ફૂલ જલણ કણ લૂણશું જી, ભેટતાં જે દિયે દાન ॥ તે કલ્પે નહિ સાધુને જી, વરજવું અન્ન ને પાન ॥ સુ૦ ॥ ૬ ॥ સ્તન અંતરાય બાલક પ્રત્યે જી, કરીને રડતો ઠવેય ॥ દાન દિયે તો ઉલટ ભરી જી, તોહિ પણ સાધુ વરજેય ॥ સુ૦ ॥ ૭ ॥ ગર્ભવતી વલી જો દિયે જી, તેહ પણ અકલ્પ હોય ॥ માલ નિસરણી પ્રમુખે ચઢી જી, આણી દીયે કલ્પે ન સોય ॥ સુ૦ ॥ ૮ ॥ મૂલ્ય આણ્યું પણ મત લીયો જી, મત લીયો કરી અંતરાય ॥ વિહરતાં થંભ ખંભાદિ કે જી, ન અડો થિર ઠવો પાય ॥ સુ૦ ॥ ૯ ॥ એણીપરે દોષ સર્વે છાંડતાં જી, પામીયે આહાર જો શુદ્ધ ॥ તો લહિયે દેહ ધારણ ભણીજી, અણલહે તો તપવૃદ્ધિ ॥ સુ૦ ॥ ૧૦ ॥ વયણ લજ્જા તૃષા ભક્ષના જી, પરિસથી સ્થિરચિત્ત ॥ ગુરૂપાસે ઇરિયાવહી પડિક્કમી

જી, નિમંત્રી સાધુને નિત્ય ॥ સુ૦ ॥ ૧૧ ॥ શુદ્ધ એકાંત ઠામે જઈ જી, પડિક્કમી ઇરિયાવહી સાર ॥ ભોયણ દોષ સવિ છાંડીને જી, સ્થિર થઈ કરવો આહાર ॥ સુ૦ ॥૧૨॥ દશવૈકાલિકે પાંચમે જી, અધ્યયને કહ્યો એ આચાર ॥ તે ગુરૂ લાભવિજય સેવતાં જી, વૃદ્ધિવિજય જયકાર ॥ સુ૦ ॥ ૧૩ ॥

## ॥ શ્રી ષષ્ઠાધ્યયન સજ્ઝાય પ્રારંભ ॥

॥ મ મ કરો માયા કાયા કારિમી ॥ એ દેશી ॥ ગણ-ધર સુધર્મ એમ ઉપદિશે, સાંભલો મુનિવરવૃંદ રે ॥ સ્થાનક અઢાર એ ઓલખો, જેહ છે પાપના કંદ રે ॥ ગ૦ ॥ ૧ ॥ પ્રથમ હિંસા તિહાં છાંડિયે, જૂઠ નવિ ભાખિયે વયણ રે ॥ તૃણ પણ અદત્ત નવિ લીજીયે, તજીયે મેહુણ સયણ રે ॥ ગ૦ ॥ ૨ ॥ પરિગ્રહ મૂર્ચ્છા પરિહરો, નવિ કરો ભોયણ રાતિ રે ॥ છંડો છક્કાય વિરાધના, ભેદ સમજી સહુ ભાંતિ રે ॥ ગ૦ ॥ ૩ ॥ અકલ્પ આહાર નવિ લીજીયે, ઉપજે દોષ જે માંહિ રે ॥ ધાતુનાં પાત્ર મત વાવરો, ગૃહીતણાં મુનિવર પ્રાહી રે ॥ ગ૦ ॥ ૪ ॥ ગાગીયે માંચીયે ન ન બેસીયે, વારિયે શય્યા પલંગ રે ॥ રાત રહિયે નવિ તે સ્થલે, જીહાં હોવે નારી પ્રસંગ રે ॥ ગ૦ ॥ ૫ ॥ સ્નાન મજ્જના નવિ કીજીયે, જિણે હુવે મનતણો ક્ષોભ રે ॥ તેહ શણગાર વલી પરિહરો, દંત નખ કેશ તણી શોભ રે ॥ ગ૦ ॥ ૬ ॥ છઠ્ઠે અધ્યયને એમ પ્રકાશીયો, દશવૈકાલિક એહ

રે ॥ લાભવિજય ગુરૂ સેવતાં, વૃદ્ધિવિજય લહ્યો તેહ રે ॥ ગ૦ ॥ ૭ ॥

## ॥ શ્રી સપ્તમાધ્યયન સજ્ઝાય પ્રારંભઃ ॥

॥ કપૂર હુવે અતિ ઉજલો રે ॥ એ દેશી ॥ સાચું વયણ જે ભાખિયેં રે, સાચી ભાષા તેહ ॥ સચ્ચા મોસા તે કહિયે રે, સાચું મૃષા હોય જેહરે ॥ ૧ ॥ સાધુજી કરજો ભાષા શુદ્ધ ॥ કરી નિર્મલ નિજબુદ્ધિ રે ॥ સા૦ ॥ કર૦ ॥ એ આંકણી ॥ કેવલ જૂઠ જિહાં હોવે રે, તેહ અસચ્ચા જાણ ॥ સાચું નહિં જૂઠું નહી રે, અસત્યા અમૃષા ઠાણ રે ॥ સા૦ ॥ ક૦ ॥ ૨ ॥ એ ચારેમાંહે કહી રે, પહેલી ભાષા હોય ॥ સંયમધારી બોલવી રે, વચન વિચારી જોય રે ॥ સા૦ ॥ ક૦ ॥ ૩ ॥ કઠિન વયણ નવિ ભાખિયે રે તુંકારો રેકાર ॥ કોઈના મર્મ ન બોલીયે રે, સાચા પણ નિર્ધાર રે ॥ સા૦ ॥ ક૦ ॥ ૪ ॥ ચોરને ચોર ન ભાખિયે રે, કાણાને ન કહે કાણ ॥ કહીયેં ન અંધો અંધને રે, સાચું કઠિન એ જાણ રે ॥ સા૦ ॥ ક૦ ॥ ૫ ॥ જેહથી અનરથ ઉપજે રે, પરને પીડા થાય ॥ સાચું વયણ તે ભાખતાં રે, લાભથી ત્રોટો જાય રે ॥ સા૦ ॥ ક૦ ॥ ૬ ॥ ધર્મ સહિત હિતકારીયા રે, ગર્વરહિત સમતોલ ॥ થોડલા તે પણ મીઠડા રે, બોલ વિચારી બોલ રે ॥સા૦॥ક૦॥૭॥ એમ સવિ ગુણ અંગિકરી રે, પરહરિ દોષ અશેષ ॥ બોલતાં સાધુને હુવે નહિં રે, કર્મનો બંધ લવલેશ રે ॥ સા૦ ॥

ક૦ ॥ ૮ ॥ દશવૈશાલિક સાતમે રે, અધ્યયને એ વિચાર ॥ લાભવિજય ગુરૂથી લહે રે, વૃદ્ધિવિજય જયકાર રે ॥ સા૦ ॥ ક૦ ॥ ૯ ॥

॥ શ્રી અષ્ટમાધ્યયન સજ્ઝાય પ્રારંભઃ ॥

॥ રામ સીતાને ધીજ કરાવે ॥ એ દેશી ॥ કહે શ્રીગુરૂ સાંભલો ચેલા રે, આચારજ એ પુણ્યના વેલા રે ॥ છક્કાય વિરાહણ ટાલો રે, ચિત્ત ચોખે ચારિત્ર પાલો રે ॥ ૧ ॥ પુઢવી પાષાણ ન ભેદો રે, ફલ ફૂલ પત્રાદિ ન છેદો રે ॥ બીજ કૂંપલ વન મત ફરજો રે, જીવ વિરાધનથી ડરજો રે ॥ ૨ ॥ વલી અગ્નિ મ ભેટશો ભાઈ રે, પીજો પાણી ઉનું સદાઈ રે ॥ મત વાવરો કાચું પાણી રે, એહવી છે શ્રી વીરની વાણી રે ॥ ૩ ॥ હિમ ધૂઅર વડ ઉંબરાં રે, ફલ કુંથુઆ કીડી નગરાં રે ॥ નીલ ફૂલ હરી અંકૂરા રે, ઇંડાલ એ આઠે પૂરા રે ॥ ૪ ॥ સ્નેહાદિક ભેદે જાણી રે, મત હણજો સુક્ષ્મ પ્રાણી રે ॥ પડિલેહી સવિ વારજો રે, ઉપકરણે પ્રમાદ મ કરજો રે ॥ ૫ ॥ જયણાયે ડગલાં ભરજો રે, વાટે ચાલતાં વાત મ કરજો રે ॥ મત જ્યોતિષ નિમિત્ત પ્રકાશો રે, નિરખો મત નાચ તમાસો રે ॥ ૬ ॥ દીઠું અણદીઠું કરજો રે, પાપ વ્યસન ન શ્રવણે ધરજો રે ॥ અણસૂજતો આહાર તજજો રે, રાતે સન્નિધ સવિ વરજો રે ॥ ૭ ॥ બાવીસ પરિસહ સહેજો રે, દેહ દુઃખે ફલ સદ્દહજો રે ॥ અણ પામે કાર્પણ્ય મ કરજો રે,

તપ શ્રુતનો મદ નવિ ધરજો રે ॥ ૮ ॥ સ્તુતિ ગતિ સમતા અહેજો રે, દેશ કાલ જોઈને રહેજો રે ॥ ગૃહસ્થશું જાતિ સગાઇ રે, મત કાઢજો મુનિવર કાંઈ રે ॥ ૯ ॥ ન રમાડો ગૃહસ્થનાં બાલ રે, કરો ક્રિયાની સંભાલરે ॥ યંત્ર મંત્ર ઔષધનો ભામો રે, મત કરજો કુગતિકામો રે ॥ ૧૦ ॥ ક્રોધે પ્રીતિ પૂરવલી જાય રે, વલી માને વિનય પલાય રે ॥ માયા મિત્રાઈ નસાડે રે, સવિ ગુણ તે લોભ નસાડે રે ॥ ૧૧ ॥ તે માટે કષાય એ ચાર રે, અનુક્રમે દમજો અણગાર રે ॥ ઉપશમશું કેવલ ભાવે રે, સરલાઇ સંતોષ સભાવે રે ॥ ૧૨ ॥ બ્રહ્મચારીને જાણજો નારી રે, જૈસી પોપટને માંજારી રે ॥ તેણે પરિહરો તસ પરસંગ રે, નવ વાડ ધરો વલી ચંગ રે ॥ ૧૩ ॥ રસલોલુપ થઇ મત પોષો રે, નિજકાય તપ કરીને સોષો રે ॥ જાણો અથિર પુદ્ગલ-પિંડ રે, વ્રત પાલજો પંચ અખંડ રે ॥ ૧૪ ॥ કહિયું દશવૈકાલિકે એમ રે, અધ્યયને આઠમે તેમ રે ॥ ગુરૂ લાભ વિજયથી જાણી રે, બુધ વૃદ્ધિવિજય મન આણી રે ॥ ૧૫ ॥ ઇતિ ॥

## ॥ શ્રી નવમાધ્યયનસજઝાય પ્રારંભઃ ॥

॥ શેત્રુંજે જઈયે લાલન, શેત્રુંજે જઈયે ॥ એ દેશી ॥ વિનય કરેજો ચેલા, વિનય કરેજો ॥ શ્રીગુરૂ આણા શીશ ધરેજો ॥ ચેલા૦ ॥ શી૦ ॥ આંકણી ॥ ક્રોધી માની ને પરમાદી, વિનય ન શીખે વલી વિષવાદી ॥ચે૦॥વિ૦॥૧॥

વિનયરહિત આશાતના કરતાં, બહુ ભવ ભટકે દુર્ગતિ ફરતાં ॥ ચે૦ ॥ વિ૦ ॥ અગ્નિ સર્પ વિષ જિમ નવિ મારે, ગુરૂ આસાયણુ તેથી અધિક પ્રકારે ॥ ચે૦ ॥ અ૦ ॥ ૨૦ ॥ દુઃખિયો બહુલ સંસારી, અવિનયી મુક્તિનો નહિ અધિકારી ॥ ચે૦ ॥ ન૦ ॥ કોહ્યા કાનની કૂતરી જેમ, હાંકી કાઢે અવિનયી તેમ ॥ ચે૦ ॥ અ૦ ॥ ૩ ॥ વિનય શ્રુત તપ વલી આચાર, કસીયે સમાધિનાં ઠામ એ ચાર ॥ ચે૦ ॥ ઠા૦ ॥ વલી ચાર ચાર ભેદ અકેક, સમજો ગુરુમુખથી સવિવેક ॥ ચે૦ થી૦ ॥ ૪ ॥ તે ચારમાં વિનય છે પહેલો, ધર્મ વિનય વિણુ ભાખે તે ઘેલો ॥ ચે૦ ॥ ભા૦ ॥ મૂલ થકી જિમ શાખા કહિયે, ધર્મક્રિયા તિમ વિનયથી લહિયે ॥ ચે૦ ॥ વિ૦ ॥ ૫ ॥ ગુરુ માન વિનયથી લહેસો સાર, જ્ઞાન ક્રિયા તપ જે આચાર ॥ ચે૦ ॥ જે૦ ॥ ગરથ પખે જિમ ન હોયે હાટ, વિણુ ગુરુ વિનય તેમ ધર્મની વાટ ॥ ચે૦ ॥ ધ૦ ॥ ૬ ॥ ગુરુ નાન્હો ગુરૂ મહોટો કહિયે, રાજા પરે તસ આણા વહિયે ॥ ચે૦ ॥ આ૦ ॥ અલ્પશ્રુત પણ બહુશ્રુત જાણો, શાસ્ત્રસિદ્ધાંતે તેહ મનાણો ॥ ચે૦ ॥ તે૦ ॥ ૭ ॥ જેમ શશી ગ્રહગણે વિરાજે, મુનિ પરિવારમાં તેમ ગુરુ ગાજે ॥ ચે૦ ॥ તે૦ ॥ ગુરુથી અલગા મત રહો ભાઈ, ગુરુ સેવ્યે લહેશો ગૌરવાઇ ॥ ચે૦ ॥ શો૦ ॥ ૮ ॥ ગુરુવિનયેં ગીતારથ થાશો, વંછિત સવિ સુખલખમી કમાશો ॥ ચે૦ ॥ લ૦ ॥ શાંત દાંત વિનયી લજ્જાલુ, તપ જપ ક્રિયાવંત દયાલુ ॥ ચે૦ ॥ વં૦ ॥ ૯ ॥ ગુરૂકુલવાસી વસતો

શિષ્ય, પૂજનીય હોયે વિસવા વીશ ॥ ચે૦ ॥ વિ૦ ॥ દશ-વૈકાલિક નવમે અધ્યયને, અર્થ એ ભાખ્યો કેવલી વયણે ॥ ચે૦ ॥ કે૦ ॥ ઇણિપરે લાભવિજય ગુરુ સેવી; વૃદ્ધિ વિજય સ્થિર લખમી લહેવી ॥ ચે૦ ॥ લ૦ ॥ ૧૦ ॥

॥ શ્રીદસમાધ્યયન સજ્ઝાય પ્રારંભઃ ॥

॥ તે તરીયા ભાઈ તે તરીયા ॥ એ દેશી ॥ તે મુનિ વંદો તે મુનિ વંદો, ઉપશમ રસનો કંદોરે ॥ નિર્મલ જ્ઞાન ક્રિયાનો ચંદો, તપ તેજે જેહવો દિણંદો રે ॥ તે૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ પંચાશ્રવને કરિ પરિહાર, પંચ મહાવ્રત ધારો રે ॥ ષટ્જીવ તણો આધાર, કરતો ઉગ્રવિ-હારો રે ॥ તે૦ ॥ ૨ ॥ પંચ સમિતિ ત્રણ ગુપ્તિ આરાધે, ધર્મધ્યાન નિરાબાધ રે ॥ પંચમગતિનો મારગ સાધે, શુભ ગુણ તો ઇમ વાધે રે ॥ તે૦ ॥ ૩ ॥ ક્રયવિક્રય ન કરે વ્યાપાર, નિર્મમ નિર હંકાર રે ॥ ચારિત્ર પાલે નિરતિચારે, ચાલંતે ખડ્ગની ધાર રે ॥ તે૦ ॥ ૪ ॥ ભોગ ને રોગ કરી જે જાણે, આપે પુણ્ય વખાણો રે ॥ તપ શ્રુતનો મદ નવિ આણે, ગોપવી અંગ ઠેકાણે રે ॥ તે૦ ॥ ૫ ॥ છાંડી ધન કણ કંચન ગેહ, થઈ નિસ્નેહી નિરીહ રે ॥ ખેહસમાણી જાણી દેહ, નવિ પોસે પાપે જેહ રે ॥ તે૦ ॥ ૬ ॥ દોષ રહિત આહાર જે પામે, જે લૂખે પરિણામે રે ॥ તે૦ ॥ ૭ ॥ રસના રસ રસીયો નાવ થાવે, નિર્લોભી નિર્માય રે ॥ સહે પરિસહ સ્થિર કરી કાયા, અવિચલ જિમ

ગિરિરાય રે ॥ તે૦ ॥ ૮ ॥ રાતે કાઉસ્સગ્ગ કરી સ્મશાને ॥ જો તિહાં પરિસહ જાણે રે ॥ તો નવિ ચુકે તેહવે ટાણે, ભય મનમાં નવિ આણે રે ॥ તે૦ ॥ ૯ ॥ કોઇ ઉપર ન ધરે ક્રોધ, દિયે સહુને પ્રતિબોધ રે ॥ કર્મ આઠ ઝીંપવા જોધ, કરતો સંયમ શોધ રે ॥ તે૦ ॥ ૧૦ ॥ દશવૈકાલિક દશમાધ્યયને, એમ ભાખ્યો આચાર રે ॥ તે ગુરૂલાભ વિજયથી પામે, વૃદ્ધિવિજય જયકાર રે ॥તે૦ ॥ ૧૧ ॥ ઇતિ॥

## ॥ શ્રી એકાદશાધ્યયનસજ્ઝાય પ્રારંભઃ ॥

॥ નમો રે નમો શ્રીશત્રુંજય ગિરિવર ॥ એ દેશી ॥

સાધુજી સંયમ સૂધો પાલો, વ્રત દૂષણ સવિ ટાલો રે ॥ દશવૈકાલિક સૂત્ર સંભાલો, મુનિ મારગ અજુઆલો રે ॥ સા૦ ॥ સં૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ રોગાદિક પરિસહ સંકટ, પરસંગે પણ ધાર રે ॥ ચારિત્રથી મત ચુકો પ્રાણી, ઇમ ભાખે જિનસાર રે ॥ સા૦ ॥ સં૦ ॥ ૨ ॥ ભ્રષ્ટાચારી મુંડો કહાવે, ઇહ ભવ પર ભવ હાર રે ॥ નરક નિગોદ તણાં દુઃખ પામે, ભમતો બહુ સંસાર રે ॥ સા૦ ॥ સં૦ ॥ ૩ ॥ ચિત્ત ચોખે ચારિત્ર આરાધે, ઉપશમ નીર અગાધ રે ॥ ઝીલે સુંદર સમતાદરિયે, તે સુખ સંપત્તિ સાધે રે ॥ સા૦ ॥ સં૦ ॥ ૪ ॥ કામધેનુ ચિંતામણિ સરિખું, ચારિત્ર ચિત્તમેં આણો રે ॥ ઇહ ભવ પરભવ સુખદાયક એ સમ, અવર ન કાંઇ જાણો ॥ સા૦ ॥ સં૦ ॥ ૫ ॥ સિજ્જંભવ સૂરિયેં રચીયાં, દશ અધ્યયન રસાલાં રે ॥

મનકપુત્ર હેતે તે ભણતાં, લહિયે મંગલમાલા રે ॥ સા૦ ॥ ॥ ૬ ॥ શ્રી વિજયપ્રભસૂરિને રાજ્યે, બુધ લાભવિજયને શિષ્યે રે ॥ વૃદ્ધિવિજય વિબુધ આચાર એ, ગાયો સકલ જગીશે રે ॥ સા૦ ॥ ૭ ॥ ઇતિ દશવૈકાલિકસજ્ઝાય સંપૂર્ણ.

---

# श्रीपंचमहाव्रतनी सज्झाय लिख्यतेः १ प्रथम प्राणातिपात विरमणनी सज्झाय.

॥ કપૂર હોયે અતિ નીરમલું રે ॥ એ દેશી ॥ સકલ મનોરથ પુરવે રે, સંખેશ્વર જિનરાય ॥ તેહ તણા સુ પસાયથી રે, કરૂં પંચ મહાવ્રત સજ્ઝાયરે ॥૧॥ મુનિજન એ પહેલું વ્રત સાર, એહથી લહિયે ભવને પાર રે ॥ મુ૦ આંકણી૦ ॥ પ્રાણાતિપાત વિરમણ કહ્યું રે, પહિલું વ્રત સુવિચાર ॥ ત્રણ થાવર બે જીવની રે, રક્ષા કરે અણગારરે ॥ મુ૦ ॥ ૨ ॥ પ્રાણાતિપાત કરે નહી રે, ન કરાવે કોઈ પાસ ॥ કરતાં અનુમોદે નહી રે, તેહને મુક્તિમાં વાસ રે ॥ મુ૦ ॥ ૩ ॥ જયણાએ મુનિ ચાલંતા રે, જયણાએ બેસંત ॥ જયણાએ ઉભા રહે રે, જયણાએ સુવંત રે ॥ મુ૦ ॥ ૪ ॥ જયણાએ ભોજન કરે રે, જયણાએ બોલંત ॥ પાપ કરમ બાંધે નહી રે, તે મુનિ મોટા મહંત રે ॥ મુ૦ ॥ ૫ ॥ પાંચે વ્રતની ભાવનારે, જે ભાવે ઋષિરાય ॥ કીર્તિવિજયમુનિ તેહનારે, પ્રેમે પ્રણમેં પાય રે ॥ મુ૦ ॥ ૬ ॥ ઇતિ ॥

---

# श्री बीजी मृषावाद विरमणनी सज्झाय.

ભીલોડાં હંસારે વિષય ન રાચીએરે ॥ એ દેશી ॥ અસત્ય વચન મુખથી નવિ બોલીએ, જિમનાવેરે સંતાપ ॥ મહાવ્રત બીજે રે જિનવર ઇમ ભણે, મૃષા સમું નહિ પાપ ॥ અ૦ ॥ ૧ ॥ ખારા જલથી રે તૃપ્તિ ન પામીએ, તિમ ખોટાની રે વાત ॥ સુણતાં શાતા રે કિમહી ન ઉપજે, વલી હોય ધર્મનો ઘાત ॥ અ૦ ॥ ૨ ॥ અત્યંત વચનથી રે વયર પરંપરા, કોન કરે વિસવાસ ॥ સાચા માણુસ સાથે ગોઠડી, મુજ મન કરવાની આશ ॥ અ૦ ॥ ૩ ॥ સાચા નરને રે સહુ આદર કરે, લોક ભણે જસવાદ ॥ ખોટા માણુસ સાથે ગોઠડી, પગીપગી હોય વિખવાદ ॥ અ૦ ॥ ૪॥ પાલી ન શકે રે ધર્મ વીતરાગનો, કરંતણે અનુસાર ॥ કાંતિવિજય કહે તે પરસંસીએ, જેહ કહે શુદ્ધ આચાર ॥ અ૦ ॥ ૫ ॥ ઇતિ શ્રી બીજુંવ્રત સમાપ્તમ્ ॥

---

# ॥ श्री त्रीजुं महाव्रत लिख्यते ॥

॥ ચંદન મલયાગર તણું ॥ એ દેશી ॥ ત્રીજું મહાવ્રત સાંભલો, જે અદત્તા દાન ॥ દ્રવ્ય ક્ષેત્રકાલ ભાવથી, ત્રિવિધ પચ્ચખ્ખાણ ॥૧॥ તે મુનિવર તારે તરે, નહી લોભનો લેશ ॥ કર્મને ક્ષય કરવા ભણી, પહેર્યો સાધુનો વેશ ॥ તે૦ ॥ ૨ ॥ ગામ નગરપુર વિચરંતા, તરણા માત્ર જે સાર ॥ સાધુ

હોય તે નવિ લીએ, અણુ આપ્યું લગાર ॥ તે૦ ॥ ૩ ॥ ચોરી કરતાં ઈહિ ભવેં, વધ બંધન પામંત ॥ રૌરવ તે નરકે પડે, ઈમ શાસ્ત્ર બોલંત ॥ ત૦ ॥ ૪ ॥ પરધન લેતાં પરતણા, લીધા બાહ્ય પરાણ ॥ પરધન પરનારી તજે, તેહના કરૂરે વખાણ ॥ તે૦ ॥ ૫ ॥ ત્રીજું મહાવ્રત પાલતાં, મોક્ષ ગયા કેઈ કોડ ॥ કાંતિવિજયમુનિ તેહના, પાય નમે કરજોડ ॥ તે૦ ॥ ૬ ॥ ઈતિ શ્રી ત્રીજું મહાવ્રત સમાપ્તમ્ ॥

---

## ॥ श्री चोथुं महाव्रत लिख्यते ॥

॥ સુમતિ જિણેસર સાહેબ પાંચમો ॥ એ દેશી ॥

સરસ્વતી કેરારે ચરણ નમી કરી, મહાવ્રત ચોથું રે સાર ॥ કહેશ્યું ભાવે રે ભવિયણ સાંભલો, સુણતાં જયજયકાર ॥ ૧ ॥ એહવા મુનિવરને પાયે નમું, પાલે શીયલ ઉદાર ॥ અઢાર સહસ સીલાંગ રથના ધણી, ઉતારે ભવપાર ॥ એ૦ ॥ ૨ ॥ ચોથા વ્રતને સમુદ્રની ઉપમા, બીજાં નદીઓ સમાન ॥ ઉત્તરાધ્યયને રે તે બત્રીસમે, ભાખે જિન વર્દ્ધમાન ॥ એ૦ ॥ ૨ ॥ કોશ્યા મંદિર, ચોમાસું રહ્યો. ન ચલ્યો શીયલે લગાર ॥ તે થુલિભદ્રને જાઉં ભામણે, નમો નમો રે સો વાર ॥ એ૦ ॥ ૪ ॥ સીતા દેખી રે રાવણ મોહીયો કીધાં કોડી ઉપાય ॥ સીતામાતા રે શીયલથી નવિ ચલ્યાં, જગમાં સહુ ગુણ ગાય ॥ એ૦ ॥ ૫ ॥

શિયલ વિહુણાં રે માણુસ કુટડાં; જેહવાં આવલ ફુલ ॥ શીયલ ગુણે કરી જે સોહામણાં, તે માણુસ બહુ મુલ ॥ એ૦ ॥ ૬ ॥ નીત ઊઠીને રે તસ સમરણ કરૂં, જેણે જગ જીત્યો રે કામ ॥ વ્રત લેઇને રે જે પાલે નહી, તેહનું ન લીજે રે નામ ॥ એ૦ ॥ ૭ ॥ દશમા અંગમાં રે શીયલ વખાણીએ, સકલ ધરમ માંહિ સાર ॥ કાંતિવિજય મુનિવર ઇણી પરે ભણે, શીયલ પાલો નરનાર ॥ એ૦ ॥૮॥ ઇતિ શ્રી ચોથું મહાવ્રત સંપૂર્ણમ્ ॥

---

# ॥ श्री पांचमा महाव्रतनी सज्झाय ॥

॥ હવે રાયશેઠ તે બેહુ જણા ॥ એ દેશી ॥ આજ સફલ મનોરથ અતિ ઘણો, મહાવ્રત ગાવા પાંચમા તણો ॥ જીહાં સર્વ થકી પરિગ્રહ તજે, તેહને સંજમ રમણી અતિ ભજે ॥ ૧ ॥ આ૦ ॥ જેથી સંજમ જાત્રા નિરવહિએ, તે તો પરિગ્રહ માંહિ નવિ કહિએ ॥ જેઊપરે મુરછા હોએ ઘણી, તેહને પરિગ્રહ ભાખે જગ ધણી ॥ આ૦ ॥ ૨ ॥ તૃષ્ણા તરૂણી સુમોહીયા, તેણે વિસે વીસવા ખોઇયા ॥ ॥ તૃષ્ણા તરુણી જસ ઘરબાલા, તે જગ સઘલાના ઓશીઆલા ॥ આ૦ ॥ ૩ ॥ તૃષ્ણા તરૂણી જેણે પરિહરી, તેણે સંજમ શ્રી પોતે વરી ॥ સંયમ રમણી જસ પટરાણી, તેહને પાય નમે ઇંદ્ર ઇંદ્રાણી ॥ આ૦ ॥ ૪ ॥ સંજમ રમણીશું જેરાતા, તેહને ઇહ ભવે પરભવે સુખ શાતા ॥

પાંચે વ્રતની ભાવના કહી, તે આચારાંગ સુત્રથી લહી ॥ આ૦ ॥ ૫ ॥ શ્રી કીર્તિવિજય ઊવજ્ઝાય તણો, જગમાંહે જસ મહિમા ઘણો ॥ તેહને શિષ્યકાંતિવિજય કહે, એ સજ્ઝાય ભણે તે સુખ લહે ॥ આ૦ ॥ ૬ ॥ ઇતિ શ્રી પાંચમા મહાવ્રતની સજ્ઝાય સંપૂર્ણઃ ॥

---

# ॥ श्री द्रौपदीजीनी सज्झाय ॥

સાધુજીને તુંબડું વહેરાવીયુંજી રે, કરમ હલાહલ થાય રે ॥ વિપરિત આહાર વહોરાવીયોજી, વધાર્યો અનંત સંસાર રે ॥ મુનિ૦ ॥ ૧ ॥ આહાર લઇને મુનિ પાછા વળ્યાજી, આવ્યા ગુરૂજીને પાસે રે ॥ ભાત પાણી આલો· વિયાજી, એ આહાર નહિ તુજ યોગરે ॥ મુનિ૦ ॥ ૨ ॥ નિરવદ્ય ઠામે જઇને પરઠવોજી, તુમે છો દયાના જાણ રે ॥ બીજો આહાર આણી કરીજી, તુમે કરો નિરધારરે ॥ મુનિ૦ ॥ ૩ ॥ ગુરૂવચન શ્રવણે સુણીજી, પ્રોત્યા વનમોજાર રે ॥ એકજ બિન્દુ તિહાં પરઠવ્યુંજી, દીઠા જીવોના સંહાર રે ॥ મુનિ૦ ॥ ૪ ॥ જીવ દયા મનમાં વસીજી, આવી કરૂણા વિચાર રે ॥ માસ ખમણને પારણેજી, પડિ વજ્યા શરણા ચાર રે ॥ મુનિ૦ ॥ ૫ ॥ સંથારે બેસી મુનિ આહાર કર્યોજી, ઉપની ઉપની દાહ જ્વાલ રે ॥ કાલ કરી સર્વાર્થ સિદ્ધેજી, પોહ્ત્યાં પોહ્ત્યાં સ્વર્ગ મોઝાર રે ॥ મુનિ૦ ॥ ૬ ॥ દુઃખણી દુર્ભાગિની બ્રાહ્મણીજી, તુંબડા

અનુસાર રે ॥ કાલ અનન્તા તે ભમીજી, રૂલિ રૂલિ તિર્યંચ મોઝાર રે ॥ મુનિ૦ ॥ ૭ ॥ સાતે નરકે તે ભમીજી, પામી પામી મનુષ્યની દેહ રે ॥ ચારિત્ર લેઈ તપસ્યા કરીજી, બાંધ્યું બાંધ્યું નિયાણું કર્મ રે ॥ મુનિ૦ ॥ ૮ ॥ દ્રુપદ રાજા ઘરે ઉપનીજી, પામી પામી યૌવન વેશ રે ॥ પાંચ પાંડવે તે વરીજી, હુઈ હુઈ દ્રૌપદી દેવ રે ॥ મુનિ૦ ॥ ૯ ॥ તે મનુષ્ય જન્મ પામી કરીજી, લેશે લેશે ચારિત્ર નિરધાર રે ॥ કેવલ જ્ઞાન પામી કરીજી, યશ કહે જાશે મુક્તિ મોઝાર રે ॥ મુનિ૦ ॥ ૧૦ ॥

---

## ॥ श्री अरिहंत पदनी सज्झाय ॥

॥ નણદલની એ દેશી ॥

વારી જાઉં શ્રી અરિહંતની, જેહના ગુણ છે બાર ॥ મોહન૦ ॥ પ્રાતિહારજ આઠ છે, મૂલ અતિશય છે ચાર ॥ મોહન૦ ॥ ૧ ॥ વારિ૦ ॥ વૃક્ષ અશોક કુસુમની, વૃષ્ટિ દિવ્ય ધ્વનિ વાણ ॥ મોહન૦ ॥ ચામર સિંહાસન દુંદુભિ, ભામંડલ છત્ર વખાણ ॥ મો૦ ॥ વારિ૦ ॥ ૨ ॥ પૂજા અતિશય છે ભલો, ત્રિભુવન જનને માન ॥ મો૦ ॥ વચનાતિશય જોજનગામી, સમજે ભાવઅસમાન ॥ મો૦ વા૦ ॥ ૩ ॥ જ્ઞાનાતિશય અનુત્તર તણા, સંશય છેદણહાર ॥ મો૦ ॥ લોકાલોક પ્રકાશતા, કેવલ જ્ઞાન ભંડાર ॥ મો૦ ॥ વા૦ ॥ ૪ ॥ રાગાદિક અંતરરિપુ, તેહનો કીધો અન્ત

॥ મો૦ ॥ જિહાં વિચરે જગદીશ્વર, તિહાં સાતે ઇતિ સમંત ॥ મો૦ ॥ વા૦ ॥ ૫ ॥ એહવા અપાયા પગમનો, અતિશય અતિ અદ્ભુત ॥ મો૦ ॥ અહર્નિશ સેવા સારતા, કોડિગમે સુર હુંત ॥ મો૦ ॥ વા૦ ॥ ૬ ॥ માર્ગ શ્રી અરિહન્તનો, આદરીયે ગુણગેહ ॥ મો૦ ॥ ચારનિક્ષેપે વાંદીયે, જ્ઞાનવિમલ ગુણ ગેહ ॥ મો૦ ॥ વા૦ ॥ ૭ ॥

॥ ઇતિ અરિહંત પ્રથમ પદ સજ્ઝાય સંપૂર્ણ ॥

---

## ॥ श्री सिद्ध पदनी सज्झाय ॥

॥ અલબે જો હાલી હલખેડે રે ॥ એ દેશી ॥

નમો સિદ્ધાણં બીજે પદે રે લાલ, જેહના ગુણ છે આઠ રે, હું વારી લાલ, શુકલ ધ્યાન અનલે કરી રે લાલ, બાલ્યા કર્મ કુઠાર રે ॥ ૧ ॥ હું વારી લાલ ॥ જ્ઞાનાવરણીક્ષયે લહ્યું રે લાલ, કેવલ જ્ઞાન અનંત રે ॥ હું૦ ॥ દર્શનાવરણી ક્ષયથી થયા રે લાલ, કેવલ દર્શન કંતરે ॥ હું૦ ॥ ન૦ ॥ ૨ ॥ અક્ષય અનન્ત સુખ સહજથી રે લાલ, વેદની કર્મનો નાશરે ॥ હું૦ ॥ મોહનીય ક્ષયે નિર્મલું રે લાલ, ક્ષાયિક સમકિત વાસરે, હું૦ ॥ ન૦ ॥૩॥ અક્ષય સ્થિતિ ગુણ ઉપન્યો રે લાલ, આયું કર્મ અભાવ રે ॥ હું૦ ॥ નામ કર્મ ક્ષયે નીપન્યોરે લાલ, રૂપાદિક ગતિભાવ રે ॥ હું૦ ન૦ ॥ ૪ ॥ અગુરૂ લઘુ ગુણ ઉપન્યો રે લાલ, ન રહ્યો કોઈ વિભાવરે ॥ હું૦ ॥ ગોત્ર કર્મના

નાશથી રે લાલ, નીજ પ્રકટયા જસભાવ રે ॥ હું૦ ન૦ ॥ ૫ ॥ અનન્ત વીર્ય આતમતણું રે લાલ, પ્રગટયો અંત-રાય નાશ રે ॥ હું૦ ॥ આઠે કર્મ નાશી ગયા રે લાલ, અનંત અક્ષય ગુણવાસરે ॥ હું૦ ન૦ ॥૬॥ ભેદ પન્નર ઉપચારથી રે લાલ, અનન્ત પરંપર ભેદ રે ॥ હું૦ નિશ્ચયથી વીતરાગનારે લાલ, કિરણ કર્મ ઉચ્છેદ રે ॥ હું૦ ન૦ ॥૭॥ જ્ઞાનવિમલની જ્યોતિમાં રે લાલ, ભાસિત લોકાલોક રે ॥ હું૦ ॥ તેહના ધ્યાન થકી થસ્યે રે લાલ, સુખીયા સઘલા લોક રે ॥ હું૦ ન૦ ॥ ૯ ॥

॥ ઈતિ સિદ્ધપદ સજઝાય ॥

---

## ॥ श्री स्थुलीभद्रजीनी सज्झाय ॥

વેષ જોઈને સ્વામી આપણો, લાગી મારા તનડામાં લાયજી ॥ અણધાર્યું રે સ્વામી આ શું કર્યું, લાજે સુંદર કાયજી; કોણેરે ધુતારે તમને ભોલવ્યા ॥ ૧ ॥ આવી રે ખબર જો હોત તો, જાવા દેત નહિ નાથજી ॥ છેતરી છેહ દીધો મને, પણ છોડું નહિ સાથજી ॥ કોણેરે૦ ॥ ૨ ॥ બોધ સુણી ગુરૂતણો, લીધો સંજમ ભારજી ॥ માત પિતા પરિવાર સહુ, જુઠો આળ પંપાળજી ॥ નથીરે ધુતારે મને ભોળવ્યો ॥ ૩ ॥ એવું જાણીરે કોશ્યા સુંદરી, ધર્યો સાધુનો વેષજી ॥ આવ્યો ગુરૂની આજ્ઞા લઈ, દેવા તને ઉપદેશજી ॥ નથીરે૦ ॥ કાલે સવારે ભેગાં રહી, લીધાં સુખ અપારજી

॥ તે મને બોધ દેવા આવીયા, જોગ ધરીને આવારજી ॥ જોગરે સ્વામીજી આંહિ નહિ, રહે ॥ ૫ ॥ કપટ કરીને મને છોડવા, આવ્યા તમે નિરધારજી ॥ પણ છોડું નહિ નાથજી, નથી નારી ગમારજી ॥ જોગરે૦ ॥ ૬ ॥ છોડયાં માત પિતા વળી, છોડયો સહુ પરિવારજી ॥ ઋદ્ધિ સિદ્ધિરે મેંતો તજી દીધી, માની સઘળું અસારજી ॥ છેટી રહી રે કર વાત તું ॥ ૭ ॥ જોગ ધર્યોરે અમે સાધુનો, છોડયો સઘળાનો પ્યારજી ॥ માત સમાન ગણું તને, સત્ય કહું નિરધારજી ॥ છેટી રહી રે ॥ ૮ ॥ બાર વરસની પ્રીતડી, પલમાં તૂટી ન જાયજી ॥ પસ્તાવો પાછળથી થશે, કહું લાગીને પાયજી ॥ ॥ જોગરે સ્વામી ॥ ૯ ॥ નારી ચરિત્ર જોઈ નાથજી, તુરત છોડશો જોગજી ॥ માટે ચેતો પ્રથમ તમે, પછી હસશે સઉ લોકજી ॥ જોગરે સ્વામી ॥ ૧૦ ॥ ચાળા જોઈને તારા સુંદરી, ડગું નહિ હું લગારજી ॥ કામ શત્રુ મેં કબજે કર્યો, જાણી પાપ અપારજી ॥ છેટી રહીરે ગમે તે કરો ॥ ૧૧ ॥ છેટી રહીરે ગમે તે કરો, મારા માટે ઉપાયજી ॥ પણ તારા સામું હું જોઉ નહી, શાને કરે તું હાયજી ॥ છેટી રહીરે ॥ ૧૨ ॥ માછી પકડે છે જાળમાં, જાળમાંથી જેમ મીનજી ॥ તેમ મારા નેત્રના બાણુથી, કરીશ હું તમને આધીનજી ॥ જોગ૦ ॥ ૧૩ ॥ ઢોંગ કરવા તજી દેઈ, પ્રીતે ગ્રહો મુજ હાથજી ॥ કાળજુ કપાય છે માહરૂં, વચનો સુણીને નાથજી ॥ જોગ૦ ॥૧૪॥ બાર વરસ તુજ આગલે, રહ્યો તુજ આવાસજી ॥ વિવિધ

સુખ મેં ભોગવ્યાં, કીધાં ભોગ વિલાસજી ॥ આશારે તજીદે હવે માહરી ॥ ૧૫ ॥ ત્યારે હતો અજ્ઞાન હું, હતો કામનો અંધજી ॥ પણ હવે તે રસ મેં તજ્યો, સુણી શાસ્ત્રના પ્રબંધજી ॥ આશારે૦ ॥ ૧૬ ॥ જ્ઞાની મુનિને ઋષિયો, મોટા વિદ્વાન ભૂપજી ॥ તે પણ દાસ બની ગયા, જોઈ નારીનું રૂપજી ॥ જોગરે૦ ॥ ૧૭ ॥ સાધુપણું સ્વામી નહી રહે, મિથ્યા વદું નહિ લેશજી ॥ દેખીરે નાટારંભ માહરો, ત્યજશો સાધુનો વેશજી ॥ જોગરે૦ ॥ ૧૮ ॥ વિવિધ ભૂષણો ધારીને, સજી રૂડા શણગારજી ॥ પ્રાણ કાઢી નાખે તાહરો, કૂદી કૂદી આ ઠામજી ॥ આશારે૦ ॥ ૧૯ ॥ તો પણ સામું જોઉં નહી, ગણું વિષ સમાનજી ॥ સૂર્ય ઉગે પશ્ચિમ કદી, તો પણ છોડું ન માનજી ॥ આશા૦ ॥ ૨૦ ॥ ભિન્ન ભિન્ન નાટક મેં કર્યા, સ્વામી આપની પાસજી ॥ તો પણ સામું જોઈ તમે, પુરી નહિ મન આશજી ॥ હાથરે ગ્રહોરે હવે માહરો ॥ ૨૧ ॥ હસ્ત જોડીરે હવે વિનવું, પ્યારા પ્રાણ જીવનજી ॥ બાર વરસની પ્રીતડી, યાદ કરો તુમે મનજી ॥ હાથરે ॥ ૨૨ ॥ ચેત ચેતરે કોશ્યા સુંદરી, શું કહું વારં વારજી ॥ આ સંસાર અસાર છે, નથી સાર લગારજી ॥ સાર્થક કરો હવે દેહનું ॥ ૨૩ ॥ જન્મ ધરી આ સંસારમાં, નહિ ઓળખ્યો ધર્મજી ॥ વિધ વિધ વૈભવ ભોગવ્યાં, કીધાં ઘણાં કુકર્મજી ॥ સાર્થક૦ ॥ ૨૪ ॥ તે સહુ ભોગવવું પડે, મુઆ પછી તમામજી ॥ અધર્મી પ્રાણીને મળે નહી, શરણું કોઈ ન ઠામજી ॥ સાર્થક૦ ॥ ૨૫ ॥

સિન્ધુ રૂપી આ સંસારમાં, માનવ મીન રૂપ ધારજી ॥ જંજાલ જાળ રૂપી ડગડગે, કાળ રૂપી મચ્છી મારજી ॥ સાર્થક૦ ॥ ૨૬ ॥ વિષય રસ વહાલો ગણી, કીધાં ભોગ વિલાસજી ॥ ધર્મનાં કાર્ય કર્યાં નહી, રાખી ભોગની આશજી ॥ ઉદ્ધાર કરો મુનિ માહરો ॥ ૨૭ ॥ વ્રત ચુકાવવા આપનું, કીધાં નાચને ગાનજી ॥ છેડ કરીરે મુનિ આપની, બની છેક અજ્ઞાનજી ॥ ઉદ્ધાર કરો૦ ॥ ૨૮ ॥ શ્રેય કરોરે મુનિવર મુજને, બતાવીને શુભ જ્ઞાનજી ॥ ધન્ય ધન્ય છે આપને, દીસો મેરૂ સમાનજી ॥ ઉદ્ધાર કરો૦ ॥ ૨૯ ॥ બાર વરસ સુખ ભોગવ્યું, ખરચ્યાં ખુબ દિનારજી, તો હું તૃપ્ત થઈ નહી, ધિક મુજ ધિક્કારજી ॥ ઉદ્ધાર કરો૦ ॥ ૩૦ ॥ છોડી મોહ સંસારનો, ધારો શિયલવ્રત ધારજી ॥ તો સુખ શાન્તિ સદા મળે, આ ભવ જળ પારજી ॥ સાર્થક કરો હવે દેહનું ॥ ૩૧ ॥ ધન્ય છે મુનિવર આપને, ધન્ય શકડાલ તાતજી ॥ ધન્ય સંભૂતિવિજય મુનિ, ધન્ય લાછન દે માતજી ॥ મુક્ત કરીરે મોહ જાળથી ॥ ૩૨ ॥ આજ્ઞા દીયોરે હવે મુજને, જાવું મુજ ગુરૂ પાસજી ॥ ચોમાસું પુરૂ થયા પછી, સાધુ છું કે આવાસજી ॥ રૂડી રીતે શિયલવ્રત પાળજો ॥૩૩॥ દર્શન આપજો મુજને, કરવા અમૃત પાનજી ॥ સૂરિઈન્દુ કહે સ્થુલિભદ્રજી, બન્યા સિંહ સમાનજી ॥ ધન્ય છે મુનિવર આપને ॥ ૩૪ ॥

---

# ॥ श्री पडिक्कमणानी सज्झाय ॥

ગોયમ પૂછે શ્રી મહાવીરનેરે, ભાખો ભાખો પ્રભુજી સંબંધરે, પડિક્કમણાથી શ્યું ફલ પામિએરે શ્યું શ્યું થાએ પ્રાણિને બંધરે, ગોયમ સાંભલો ॥ ૧ ॥ ગોયમ જે કહું પુન્યથીરે, કરણી કરતાં પૂન્યનો બંધરે, પુણ્યથી બીજો અધિકો કો નહિરે, જેથી થાએ સુખ સંબંધરે, ગો૦ ૨ ॥ ઇચ્છા પડિક્કમણું કરી પામીએરે, પ્રાણિને પુન્યનો બંધરે, પુન્યની કરણી જે ઉવેખશેરે, પરભવે થાસે અંધો અંધરે, ગો૦ ૩ ॥ પાંચહજારને ઉપર પાંચસેરે, દ્રવ્ય ખરચી લખાવે જેહરે, જીવા ભગવઇ પન્નવણારે, મુકે ભંડારે પુન્યનિરેહરે, ॥ ગો૦ ૪ ॥ પાંચ હજાર ને ઉપર પાંચસેરે, ગાયો ગર્ભવંતિ જેહરે; તેહને અભય દાન દેતાં થકાંરે, મુહપત્તિ આપ્યાનું પુન્ય એહરે, ॥ ગો૦ ૫ ॥ દસ હજાર ગોકુલ ગાયો તણારે, એકેકો દસ હજાર પ્રમાણ રે, તેહને અભયદાન દેતા થકાંરે, ઉપજે પ્રાણીને નિરવાણરે ॥ ગો૦ ૬ ॥ તેથી અધિકું ઉત્તમ ફળ પામીએરે, પરને ઉપદેશ દીધાનો જાણરે, ઉપદેશથી સંસારી તરેરે, ઉપદેશે પામે પરિમલ નાણરે, ॥ ગો૦ ૭ ॥ શ્રી જીન મંદિર અભિનવ શોભતારે, શિખરને ખરચીકરાવે જેહરે, એકેકો મંડપ બાવન ચૈત્યનોરે, ચરવલો આપ્યાનું પુન્ય એહરે ॥ ગો૦ ૮॥ માસ ખમણની તપસ્યા કરેરે, અથવા પન્નર કરાવે જેહરે, એહવા કોડ પંનર કરતાં થકાંરે, કાંબલિયુ આપ્યાનું ફલ એહરે ॥ ગો૦

॥ ૯ ॥ સહસ અઠયાસી દાનશાળા તણું રે, ઉપજે પ્રાણીને પુન્યનો બંધરે, સ્વામિ સંગાતે ગુરૂને થાનકેરે. પ્રવેશ થાએ પુન્યનું બંધરે, ॥ ગો૦ ૧૦ ॥ શ્રી જીન પ્રતિમા સોવન મય કરેરે, સહસ અઠ્ઠાશીનો પ્રમાણુરે, એકેકી પ્રતિમા પાંચસે ધનુષ્યનીરે, ઇરિયાવહિ પડિક્કમવાનો એ પ્રમાણુરે ॥ ગો૦ ॥ ૧૧ ॥ આવશ્યક નિર્યુક્તિ, ગ્રંથમાંરે, ભાખ્યોએ પડિક્કમણાનો સંબંધરે, જીવા ભગવઈ આવશ્યક જાઈનેરે, સ્વમુખ ભાખે વીરજીણંદરે, ॥ ગો૦ ૧૨ ॥ વાચક જસ કહે શ્રદ્ધા ધરેરે, પાલશે પડિક્કમણાનો વ્યવહારરે, અનુત્તર શમસુખ પામે મોટકું રે, પામશે ભવિજન ભવજલ પારરે, ॥ ગો૦ ॥ ૧૩ ॥

---

## ॥ श्री सीताजीनी सज्झाय ॥

જલજલતી મિલતી ઘણીરે લાલ, ઝાલો ઝાલ અપાર રે ॥ સુજાણ સીતા ॥ જાણે કેસૂ ફુલિયારે લાલ, રાતા ખેર અંગારરે, ॥ સુજા૦ ૧ ॥ ધીજ કરે સીતા સતીરે લાલ, શીલ તણે પરિમાણરે ॥ સુ૦ ॥ લક્ષ્મણ રામ ખુશી થયારે લાલ, નિરખે રાણો રાવરે ॥ સુ૦ ૨ ॥ સ્નાન કરી નિર્મલ જલેરે લાલ, પાવક પાસે આયરે ॥ સુ૦ ॥ ઊભી જાણે સુરાંગનારે લાલ, અનુપમ રૂપ દેખાયરે ॥ સુ૦ ૩ ॥ નર નારી મિલીયા ઘણારે લાલ ! ઊભા કરે હાય હાયરે

॥સુ૦॥ ભસ્મ હુસી ઇણુ આગમેંરે લાલ ॥ રામ કરે અન્યાયરે ॥ સુ૦ ૪ ॥ રાઘવ વિણુ વાંછ્યો હુવેરે લાલ, સુપનેહિ મન કોયરે ॥ સુ૦ ॥ તો મુજ અગ્નિ પ્રજાલજોરે લાલ, નહિતો પાણી હોયરે ॥ સુ૦ ૫ ॥ ઈમ કહી પેઠી આગમેરે લાલ, તુરત અગ્નિ થયો નીરરે ॥ સુ૦ ॥ જાણે દ્રહ જલશું ભર્યોરે લાલ, ઝીલે ધર્મ સુધીરરે ॥ સુ૦ ૬ ॥ દેવ કુસુમ વર્ષા કરેરે લાલ, એહ સતી શિરદારરે ॥ સુ૦ ॥ સીતા ધીજે ઉતરીરે લાલ, સાખ ભરે સંસારરે ॥ સુ૦ ૭ ॥ રલિયાયત સહુકો થયારે લાલ, સઘળે થયા ઉછરંગરે સુ૦ લક્ષ્મણુ રામ ખુશી થયારે લાલ, સીતા શીલ સુરંગરે ॥ સુ૦ ૮ ॥ જગ માંહે જસ જેહનોરે લાલ, અવિચલ શીલ કહાયરે ॥ સુ૦ ॥ કહે જિન હર્ષ સતી તણારે લાલ, નિત પ્રણમીજે પાયરે ॥ સુ૦ ૯ ॥ ઈતિ સીતા સતીની સજ્ઝાય.

---

# श्री गौतम पृच्छानी सज्झाय

ગૌતમ સ્વામી પૃચ્છા કરે, કહોને સ્વામી વર્ધમાનજીરે ॥ કેણે કર્મે નિર્ધન નિર્વંશી, કેણે કમે નિષ્ફલ હોય ॥ સ્વામી૦ ॥ ૧ ॥ ગૌતમ પર ઘર ભાંગેને પરદમે, તેણે કર્મે નિર્ધન હોય ॥ ગૌતમ૦ ॥ થાપણુ મોસો જે કરે, તેણે કર્મે નિર્વંશી હોય ॥ ગો૦ ૨ ॥ કેણે કર્મે વેશ્યાને વિધવા, કેણે કર્મે નપુંસક હોય ॥ સ્વામી૦ ॥ દુગંછા કરે જિન

ધર્મની, તેણે કર્મે વેશ્યા હોય ॥ ગો૦ ૩ ॥ શીયલ ખંડીને ભોગ ભોગવે, તેણે કર્મે વિધવા હોય ॥ ગો૦ ॥ વૈશ્યાનો સંગ જે કરે, કેણે કર્મે નપુંસક હોય ॥ ગો૦ ૪ ॥ કેણે કર્મે ગર્ભથી ગલી જાય, તેણે કર્મે પીઠી ભર્યા જાય સ્વામી ॥ વાડી વેલા કુણા મોગરા, તેણે કર્મે ગર્ભથી જાય ॥ ॥ ગો૦ ૫ ॥ ફુલ વિંધીને કર્મ બાંધીયા, તેણે કર્મે પીઠી ભર્યા જાય ॥ ગો૦ ॥ કેણે કર્મે ઠુંઠાને પાંગલા, કેણે કર્મે જાતિ અંધ હોય ॥ ગો૦ ॥ પાંખો કાટે પરજીવની, તેણે કર્મે પાંગલા હોય ॥ ગો૦ ॥ વધ કરે પરજીવનો, તેણે કર્મે જાતિ અંધ હોય ॥ ગો૦ ૭ ॥ કેણે કર્મે શોકચ જ ઉપજે, કેણે કર્મે કલંક ચડંત ॥ સ્વામી૦ ॥ વેરો વંચો જે કરે, તેણે કર્મે શોકચ ઉપજંત ॥ ગો૦ ૮ ॥ જુઠી સાખ ભરી કર્મ બાંધીયા, તેણે કર્મે કલંક ચડંત ॥ગો૦॥ કેણે કર્મે વિષધર ઉપજે, કેણે કર્મે જસ હીણ હોય ॥ ॥ સ્વામી૦ ૯ ॥ રોષભર્યામરે અણ બોલીયા, તેણે કર્મે વિષધર હોય ॥ ગો૦ ॥ જે જીવ રાગે વ્યાપીયા, તેણે કર્મે જસ હિણ હોય ॥ ગો૦ ૧૦ ॥ કેણે કર્મે જીવની-ગોદમાં, કેણે કર્મે તિર્યંચમાં જાય ॥ સ્વામી૦ ॥ જે જીવ મોહે વ્યાપીયા, તેણે કર્મે નિગોદમાં જાય ॥ ગો૦ ૧૧ ॥ જે જીવ માયામાં વ્યાપીયા, તેણે કર્મે તિર્યંચમાં જાય ॥ ગો૦ ॥ કેણે કર્મે જીવ એકેન્દ્રિયમાં, કેણે કર્મે પંચે-ન્દ્રિયમાં જાય ॥ હો૦ સ્વામી૦ ૧૨ ॥ પાંચ ઇંદ્રિય વશ નવિકરી, તેણે કર્મે એકેન્દ્રિયમાં હોય ॥ ગો૦ ॥ પાંચ

ઇન્દ્રિય જેણે વશ કરી, તેણે કર્મે પંચેન્દ્રિયમાં જાય ॥ હો૦ ગૌ૦ ૧૩ ॥ કેણે કર્મે જીવડા બહુ ભમે, કેણે કર્મે થોડો સંસાર ॥ હો૦ સ્વામી૦ ॥ જે જીવ મોહ મચ્છર કરે, વણે કર્મે સંસાર ફરંત ॥ ગૌ૦ ૧૪ ॥ જે જીવ સંતોષ પામીયા, તેણે કર્મે થોડેરો સંસાર ॥ ગૌ૦ ॥ કેણે કર્મે જીવડા નિચ કુલે, કેણે કર્મે ઊંચકુલે હોય ॥ ગૌ૦ ૧૫ ॥ દાન દીધા અણ સુજતા, તેણે કર્મે નિચકુલ હોય ॥ ગૌ૦ ॥ દાન દીધા સુપાત્રને, તેણે કર્મે ઉંચ કુલ હોય ॥ ગૌ૦ ૧૬ ॥ કેણે કર્મે જીવડા નરકમાં, કેણે કર્મે સ્વર્ગ વિમાન ॥ સ્વામી ॥ જે જીવલોભે વ્યાપીયા, તેણે કર્મે નરકમાં જાય ॥ ગૌ૦ ૧૭ ॥ દાન શીયલ તપ ભાવના, તેણે કર્મે સ્વર્ગ વિમાન ગૌતમ ॥ રાજગ્રહી પ્રભુ આવીયા, શ્રેણિક વાંદવા જાય ॥ ગૌ૦ ૧૮ ॥ ચેલણા કરે અતિ ગુંહલી, હયડે હરખ ન માય ॥ ગૌ૦ ॥ હો વચ્છ ગૌતમ સાંભલો, ગૌતમ કેવલ માગીયો, તે દીયો તે વીર વર્ધમાન ॥ સ્વામી૦ ૧૯ ॥ એણે મોહે કેવલ ન પામીયે, મોહે ન હોયે નિર્વાણ ॥ ગૌ૦ ॥ રૂપવિજય ગુરૂ ઈણી પરે, ભાખે શ્રી ભગવંત, ॥ ગૌ૦ ૨૦ ॥ જે નર ભણે જે સાંભલે, તસ ઘર મંગલ માલ હોય ॥ ગૌ૦ ૨૧ ॥

॥ ઇતિ શ્રી ગૌતમ પૃચ્છાની સજ્ઝાય ॥

---

# ॥ श्री चेतननी सज्झाय ॥

ચેતન સમજો રાજ, મન અભિમાન ન ધરીયે, એમ બોલે સુહાગણ કાયા, જીવ મ ધરો ખોટી માયા, કાયા માયા વાદલ છાયા, ફોગટ જગત લોભાયા, ચેતન સમજો રાજ, મન અભિમાન ન ધરીયે ॥ ૧ ॥ એ આંકણી ॥ લાખ કરોડ ધન ભેલા કીજે, જીવ કાંઈ ના આવે સાથે, ચેતનજી તુમે દૂર વિદેશી, પુન્ય કરો નિજ હાથે, ચેતન સમજો રાજ, મન અભિમાન ન ધરીયે ॥ ૨ ॥ પ્રાણીએ સંસાર અસ્થિર છે. દીસે આલ પંપાલ, કરોલીયાની જાલ તણી પરે, ક્ષણ માંહે વિસરાલ, ચેતન સમજો રાજ ॥ ૩ ॥ ॥ મન૦ ॥ અમલ તણે વશ હુકમ ચલાવે, પંગ માંહે પંકાએ, તે પણ પ્રાણી મરતી વેલા, અઢી વાંધે બંધાએ, ચેતન સ૦ ॥ ૫ ॥ મન૦ ॥ મેવા રૂડા ખાતા માતા, પેંડા લાગે મીઠા, તે પણ પ્રાણી મરતી વેલા, ભૂંએ ખણંતા મેં દીઠા ॥ ચેતન સમજો રાજ૦ ॥ ૫ ॥ મન૦ ॥ કચેરીમાં કામ પસારી, બેસે સરખી ટોલી, તે પણ પ્રાણી જમના આગલ, વચન ન શકે બોલી ॥ ચેત૦ ॥ ૬ મન૦ ॥ ખોટા સાચા ન્યાય કરીને, એક બાંધે એક છોડે, હું હું કરતા ઠાલા જાશે, પડશે જમને ખોળે ॥ ચેતન૦ ૭ મન૦ ॥ કોતલ ઘોડા આગલ હીંડે, બેસંતા સુખપાલે, મસ્તક ઉપર છત્ર ધરાવે, તે પણ લાધ્યા કાલે ॥ ચેતન૦ ૮ મન૦ ॥ માત પિતા સુત બંધવ બહિન, નારી કુટુંબ પરિવાર ॥

માલ મુલક સહુ મેલી જાશે, એકલડો કરી જુહાર. ચેતન૦ ॥ ૯ ॥ મન૦ ॥ તે માટે તમને વારૂં છું, વાત ન કરીયે કહેની, કુડા આલ ચઢાવે તે નર, જાત નવલ્લ હોયે તેહની ॥ ચેત૦ ૧૦ ॥ મન૦ ॥ પરનારીશું નેહ ન કીજે, સાત વ્યસન સંગ છોડો ॥ ચાર કષાયને દૂર નિવારી, કર્મ બંધનને તોડો ॥ ચેત૦ ૧૧ ॥ મન૦ ॥ દાન શિયલ તપ ભાવના ભાવો, જીવ દયા ધર્મ પાલો, પરભવ જાતાં સંબલ સાથે, માનવ ભવ અજુ આલો ચેહન૦ ॥ ૧૨ મન૦ ॥ ગોડીજીનું ભજન કરીને, સુખ સંપત્તિ દાતાર ॥ નિત્ય લાભ કહે પ્રભુ ચરણે રાખો, સેવક નિજસંભાર ॥ ॥ ચેત૦ ૧૩ ॥

---

# श्री गौतम स्वामीनी सज्झाय

આધાર જ હું તોરે એક મુજે તાહરો રે, હવે કુણ કરશે રે સાર; પ્રીતડી હતીરે પહેલા ભવતણીરે, તે કેમ વીસરીરે જાય. ॥ આ૦ ૧ ॥ મુજને મેલ્યોરે ટલવલતો ઇહાંરે, નથી કોઈ આંસુ લોવણહાર; ગૌતમ કહીને કુણ બોલાવશેરે, કુણ કરશે મોરી સાર. ॥ આ૦ ૨ ॥ અંતરજામીરે અણઘટતું કર્યુંરે, મુજને મોકલીયોરે ગામ; અંતકાલેરે હું સમજ્યો નહિરે, જે છેહ દેશે મુજને આમ. ॥ આ૦ ૩ ॥ ગઇ હવે શોભારે, ભરતના લોકનીરે, હું

અજ્ઞાની રહ્યો છું આજ; કુમતિ મિથ્યાત્વીરે જીમતિમ ઓલશેરે, કુણ રાખશે મોરી લાજ ॥ આ૦ ૪ ॥ વલી શુલપાણીરે અજ્ઞાની ઘણોરે, દીધું તુજનેરે દુઃખ ॥ કરૂણા આણીરે તેહના ઉપરેરે, આપ્યું બહોળું રે સુખ ॥ આ૦ ॥ ૫ ॥ જે અઈમત્તોરે બાલક આવીયોરે, રૂમતો જલસ્યુંરે તેહ ॥ કેવળ આપીરે આપ સમો કીયોરે, એવડો શો તસ સ્નેહ ॥ આ૦ ૬ ॥ જે તુજ ચરણે આવી ડંસીઓરે, કીધો તુજને ઉપસર્ગ ॥ સમતા વાળીરે તે ચંડકોશિયેરે, પામ્યો આઠમો સ્વર્ગ ॥ આ૦ ૭ ॥ ચંદનબાલારે અડદના આકુલારે, પડિલાભ્યા તુજ સ્વામ ॥ તેહને કીધીરે સાહુણીમાં વડીરે, પહોંચાડી શિવ ધામ ॥ આ૦ ૮ ॥ દીન બ્યાસીના માતપિતા હુવારે, બ્રાહ્મણ બ્રાહ્મણી દોય ॥ શિવપુર સંગીરે તેહને તેં કર્યારે, મિથ્યા મલ તસ ધોય ॥ આ૦ ૯ ॥ અર્જુનમાલીરે જે મહાપાતકીરે, મનુજનો કરતો સંહાર ॥ તે પાપીને પ્રભુ તમે ઉદ્ધર્યોરે, કરી તેહ સુપસાય ॥ આ૦ ॥ ૧૦ ॥ જે જલચારીરે હુંતો દેડકોરે, તે તુમ ધ્યાન સોહાય ॥ સોહમવાસીરે તેં સુરવર કીયોરે, સમકિત કેરે સુપસાય ॥ આ૦ ૧૧ ॥ અધમ ઉદ્ધાર્યારે એહવા તેં ઘણારે, કહું તસ કેતારે નામ ॥ માહરે તાહરા નામનો આશરોરે, તો મુજ સરશે કામ ॥ ૧૨ ॥ હવે મેં જાણ્યુંરે પદ વીતરાગનુંરે, જો તેં ન ધર્યોરે રાગ ॥ રાગ ગયેથી ગુણ પ્રગટ્યા સર્વેરે, તે તુજ વાણી મહાભાગ ॥ આ૦ ૧૩ ॥ સંવેગ ક્ષપકશ્રેણીએ ચઢ્યોરે, કરતો ગુણનો જમાવ ॥ કેવળ પામીરે

લોકાલોકનારે, દીઠા સઘળારે ભાવ ॥ આ૦ ૧૪ ॥ ત્યાં ઇંદ્રે આવીરે જિનપદે થાપીયોરે, દેશના દીયે અમૃતધાર ॥ પર્ષદા બુઝીરે આતમ રંગથીરે, વરીયા શિવપદ સાર ॥ આ૦ ૧૫ ॥

---

## ॥ श्री केशी अने गौतम गणधरनी सज्झाय ॥

એ દોય ગણધર પ્રણમીએ કેશી ગોયમ ગુણવંતરે મુણીંદ ॥ બહુ પરિવારે પરિવર્યા, ચઉનાણી ગુણ ગાજંતરે મુણીંદ ॥ એ૦ ૧ ॥ સંઘાડા દોય વિચરંતા એકઠા, ગોચરીએ મીલંતરે મુણીંદ ॥ પૂછે ગૌતમ શિષ્ય તિહાં તમે, કોણ ગચ્છના નિગ્રંથરે મુણીંદ ॥ એ૦ ૨ ॥ અમ ગુરૂ કેશી ગણધરા, પ્રભુ પાર્શ્વતણા પટધારરે મુણીંદ ॥ સાવથ્થી પાસે સમોસર્યા, તિહાં તિન્દુક વન મનોહારરે મુણીંદ ॥ એ૦ ૩ ॥ ચારે મહાવ્રત અમતણા, કારણે પડિક્કમણાં દોયરે મુણીંદ ॥ રાતા પીળા વસ્ત્ર વાવરૂં, વળી પંચ વર્ણના જે હોયરે મુણીંદ ॥ એ૦ ૪ ॥ શુદ્ધ મારગ એ મુક્તિનો, અમને કલ્પે રાજપિંડરે મુણીંદ ॥ પાર્શ્વ જિનેશ્વર ઉપદિશ્યો, તુમે પાળો ચારિત્ર અખંડરે મુણીંદ ॥ એ૦ ૫ ॥ ગૌતમ શિષ્ય કહે સાંભળો, અમે પંચ મહાવ્રત ધારરે મુણીંદ ॥ પડિક્કમણાં પંચ અમ સહી, વળી શ્વેત વસ્ત્ર મનોહારરે મુણીંદ ॥ એ૦ ૬ ॥ રાજપિંડે કલ્પે નહિં, ભાખ્યો પરખદા વીર સાંઈ રે મુણીંદ ॥ મારગ સાધે બહુ જણા તો, એવડો અંતર કાંઈ રે મુણીંદ ॥ એ૦ ૭ ॥ શંસયવંત મુનિ બહુ

થયા, જઈ પૂછે નિજ ગુરૂ પાસરે મુણીંદ ॥ ગૌતમ કોષ્ટક વન થકી, આવે કેશી પાસરે મુણીંદ ॥ એ૦ ૮ ॥ કેશી તવ સામા જઈ, ગૌતમ દે બહુ માનરે મુણીંદ ॥ ફાસુ પરાળ તિહાં પાથરી, બેહુ બેઠા બુદ્ધિ નિધાનરે મુણીંદ ॥ એ૦ ૯ ॥ ચર્ચા કરે જૈન ધર્મની, તિહાં મળીયા સુરનર વૃંદરે મુણીંદ ॥ બેહુ ગણધર શોભે અતિ ભલા, એક સૂરજ બીજો ચંદ્રરે મુણીંદ ॥ એ૦ ૧૦ ॥ એ મુક્તિએ જાવું બેહુ જણા, તો આચારે કાંઈ ભેદરે મુણીંદ ॥ જીવ વિશેષે જાણજો, ગૌતમ કહે મ કરો ખેદરે મુણીંદ ॥ એ૦ ૧૧ ॥ શંસય ભાંગવા સહુ તણો, કેશી પૂછે ગુણખાણરે મુણીંદ ॥ ગૌતમ જાણી ઈણ હિત ભણી, તવ બોલે અમૃત વાણરે મુણીંદ ॥ એ૦ ॥ ૧૨ ॥ વક્ર જડાદિ જીવ ચરમના, પ્રથમના ઋજુ મૂરખ સારરે મુણીંદ ॥ સરલ સ્વભાવી બાવીસના, તેણે જુદો આચારરે મુણીંદ ॥ એ૦ ૧૩ ॥ કેશી ગણધરે પ્રશ્ન પૂછીયો, ગૌતમે ટાળ્યો સંદેહરે મુણીંદ ॥ ધન્ય ધન્ય કેશી કહે ગોયમ, તમે સાચા ગુણમણિ ગેહરે મુણીંદ ॥ એ૦ ૧૪ ॥ મારગ ચરમ જિણંદનો, આદરે કેશી તેણીવારરે મુણીંદ ॥ કેશી ગોયમ ગુણ જપે, તે પામે ભવજળ પારરે મુણીંદ ॥ એ૦ ૧૫ ॥ કહે ઉત્તરાધ્યયન ત્રેવીશમેં, ભાખ્યો શ્રી વર્ધમાનરે મુણીંદ ॥ વિનયવિજય ઉવજ્ઝાયનો, શ્રી રૂપ-વિજય ગુણ ગાયરે ગુણીંદ ॥ એ૦ ૧૬ ॥

---

# ॥ श्री राजुल ने रहनेमिनी सज्झाय ॥

ધિગ મુનિ ધિગ તુમને, ધિગ તુમારા વેણજી ॥ ચારિત્ર તુમારૂં એળે ગયું, કુડા તમારાં કેણજી, મોહરે ઉતારો મુનિરાજજી. ॥ ૧ ॥ માતપિતા કુળ બોળીયું, બોળ્યું ચારિત્ર આજજી ॥ વિષય કારણ મોહ લાવીયા, કુડાં કૃત્ય ને કાજજી ॥ મોહરે૦ ૨ ॥ તપ જપ કરવો છોડી દીયો, રાણી રજુલ નારજી ॥ સંસારનાં સુખ ભોગવો, કરો સફળ અવતારજી, પ્રીતિરે ધરો પ્રમદા મુજથી ॥ ૩ ॥ મેવા ફળ ફૂલ લાવતો, હું તમારે આવાસજી ॥ હોંશ ધરીને લેતાં તમે, તેથી થઈ બહુ આશજી ॥ પ્રીતિરે૦ ૪ ॥ વસ્ત્ર ભૂષણ લીધાં પ્રીતથી, જાણી દેવર જાતજી ॥ વ્રત લેઈને જેણે ભાંગીયા, થયો નરકમાં પાતજી ॥ મોહરે૦ ૫ ॥ રૈવતનાથ નિહાળતાં, તુમહમ દોનુંને આજજી ॥ નિર્લજ્જ લાજ કિહાં ગઈ, ગયું જ્ઞાન મહારાજજી ॥ મોહરે૦ ૬ ॥ એથી અધિક કહો મુજને, રાજુલ પ્રાણ આધારજી ॥ વહાલ તમારૂં નવિ વીસરે, સુણો રાજુલ નારજી ॥ પ્રીતિરે૦ ૭ ॥ પિઉવિણ રાજુલ એકલી, જાણી તમારી દાઝજી ॥ હોંશ ધરીને અમે આવતા, કરવા તમારા કાજજી ॥ પ્રીતિરે૦ ૮ ॥ તારણ તંત્ર તોડી કર્યો, મોહ મંત્રનો સંગજી ॥ મોક્ષ પદવી તમે ખોઈને, કર્યો સંજમ ભંગજી ॥ મોહરે૦ ૯ ॥ સંસાર અસાર છોડી તુમે, લીધો સંજમ ભારજી ॥ ઉત્તમ પુરૂષ વંછે નહીં, ફરી સંસાર અસારજી ॥ મોહરે૦ ૧૦ ॥

માયા કરીજે મીલે નહીં, તે મૂરખનો રીતજી ॥ સંસારમાં શું લઈ જવું, એક પૂરણ પ્રીતજી ॥ પ્રીતિરે૦ ૧૧ ॥ કુંવારી કન્યાને કંથ કેટલા, સુણ સુણ રાજુલ ભામજી ॥ એકની ઉપર રાગ નવિ ઘટે, કરો મુજને સ્વામજી ॥ પ્રીતિરે૦ ॥ ૧૨ ॥ અમીરસ મૂકી કાં પીયો, નારી અવગુણ વિખજી ॥ સંસારમાં સાર કાંઈ નથી, ધરો સંજમ શીખજી ॥ મોહરે૦ ॥ ૧૩ ॥ દીક્ષા લઈ પ્રભુ પાસથી, પાળો શુદ્ધ આચારજી ॥ વિષ ફળ ખાવા વાંછા કરી, લેવો પૃથ્વીનો ભારજી ॥ મોહરે૦ ૧૪ ॥ મેં જાણ્યું રાજુલ એકલી, પતિ વિના મુંઝાયજી ॥ પરણીને સુખ આપશું, નહીં લેવા હઉં દીક્ષાયજી ॥ પ્રીતિરે૦ ૧૫ ॥ પુણ્ય પ્રતાપે મેં ભેટીયા, આજ કેટલે માસજી ॥ ચાલો ઘરે જઈએ આપણે, કરવા ભોગ વિલાસજી ॥ પ્રીતિરે૦ ૧૬ ॥ બંધુ તુમારે પરિહરી, જાણી અસ્થિર સંસારજી ॥ શ્વાન પરે ઈચ્છા કાં કરો, જમવા વમન વિકારજી ॥ મોહરે૦ ૧૭ ॥ શ્વાન કીયો તુમે મુજને, તો શો તુમથી સંસારજી ॥ દીક્ષા આપી સારી આધવી, કર્યો તમે ઉપગારજી, ક્ષમા કરો મોરી માતજી૦ ॥ ૧૮ ॥

---

# श्री हरिश्चंद्र नृपनी सज्झाय

દોહરો—શ્રી ગુરૂપદ પંકજ નમી, સમરી શારદા માય ॥ સત્યવાદી હરિશ્ચંદ્રની, ઉત્તમ કહું સજ્ઝાય. ॥

॥ પંથીડા સંદેશો કહેજો શ્યામને–એ રાગ ॥

સત્ત્વ શિરોમણિ હરિશ્ચંદ્ર પૃથ્વીપતિ, નગરી અયોધ્યા જેની સ્વર્ગ સમાન જો ॥ [1]સુરગુરૂ સમ વસુભૂતિ, મંત્રી જેહનો, રાણી સુતારાને કુમાર દેવ સમાન જો ॥ સત્ત્વ૦ ૧ ॥ અવસર જાણી [2]સુરપતિ એક દિન ઉચ્ચરે, હરિશ્ચંદ્રના ગુણ દેવને કરે જાણજો ॥ પ્રાણ જતાં પણ [3]સત્યપણું છોડે નહિં, મનુષ્ય છતાં પણ કેટલાં કરૂં વખાણ જો ॥ ॥ સત્ત્વ૦ ૨ ॥ સ્વામિ વચને શ્રદ્ધા નહિં બે દેવને, તેણે વિકુર્વ્યા તાપસો પુરની બાહ્ય જો ॥ [4]સુવર થઈને નાશ કર્યો [5]આરામનો, પોકાર કરતો ગયો તાપસ પુરમાંય જો ॥ સત્ત્વ૦ ૩ ॥ સાંભળી નૃપતિ ચાલ્યો તાપસ આશ્રમે, હાથમાં લઈને ખેંચ્યું તાણી તીર જો ॥ ગર્ભણી હરણીને વચમાં લાગી ગયું, હરણી મરતાં [6]કુલપતિ કુટે શિર જો ॥ સત્ત્વ૦ ૪ ॥ પશ્ચાતાપની સીમા ન રહી રાયને, કુળપતિ પાસે નૃપ નમાવી કાય જો ॥ પ્રાયશ્ચિત માટે રાજ્યપાટ દઉં આપને, પાપ હત્યા જો લાગેલી મુજ જાય જો ॥ સત્ત્વ૦ ૫ ॥ ઉપર લાખ સોનેયા આપું પુત્રીને, પોષેલી મૃગલી જેણે દિવસ ને રાત જો ॥ કુળપતિ કહે હું રાજા, આજથી પુરનો, લાખ સોનૈયા, દ્યો વેચી તુમ જાત જો ॥ સત્ત્વ૦ ૬ ॥ રાજ્યને તજતાં, આડો મંત્રી આવીયો, ત્યારે તાપસે કીધો મંત્રી [7]કીર જો ॥ કપિંજલ અંગ રક્ષક

---

૧ બુહસ્પતિ. ૨ સૌધર્મેન્દ્ર. ૩ સત્યપ્રતિજ્ઞા. ૪ ભુંડ. ૫ બગીચો. ૬ તાપસનો ગુરૂ. ૭ પોપટ.

વચમાં ઓર્લાચો, તેને પણ કીધો [8]જંબુક છાંટી નીર જો ॥ સત્ત્વ૦ ૭ ॥ [9]કસોટી કીધી દેવે રાજ્ય તજાવીયું, તો પણ સત્વમાં અડગ રહ્યો છે ભૂપ જો ॥ કાશી નગરીમાં જઈ ચૌટામાં રહી, વેચાણ માટે [10]ત્રણે ઊભાં ચૂપ જો ॥ સત્ત્વ૦ ૮ ॥ વેચાણ લીધી રાણીને એક બ્રાહ્મણે, કુમારને પણ વેચ્યો બ્રાહ્મણ ઘેર જો ॥ પોતે પણ વેચાણો ભંગીના ઘરે, કર્મરાજાએ કીધો કાળો કેર જો ॥ સત્ત્વ૦ ૯ ॥ જળ વહન કર્યું બાર વરસ લગે નીચનું, નોકર થઈને વર્ત્યો ચંડાળ ઘેર જો ॥ દુઃખ સહન કરવામાં મણા રાખી નહિં, તો પણ કર્મે જરા' ન કીધી મ્હેર જો ॥ સત્ત્વ૦ ૧૦ ॥ રાક્ષસીરૂપ કરાવી કીધી વિટંબના, તારામતિને ભરી સભાની માંય જો ॥ નાગ ડસાવી મરણ કર્યો રોહિતાશ્વને, [11]વિખુટો કર્યો તારામતિથી રાય જો ॥ સત્ત્વ૦ ૧૧ ॥ [12]મૃતક અંબર લેવાં [13]પ્રેતવને ગયો, ચંડાળના કહેવાથી નોકર [14]રાય જો ॥ આવી સુતારા કુમાર મૃતકને ઉંચકી, [15]દહન ક્રિયા કરવા મૂકી કાય જો ॥ સત્ત્વ૦ ૧૨ ॥ રૂદન કરતી છાટીફાટને કુટતી, ખોળામાં લઇને [16]બાળક ઉપર પ્રેમ જો ॥ એટલામાં હરિ આવ્યો દોડતો આગળે, ઓળખી રાણીને પૂછે છે કુશળ ક્ષેમ જો ॥ સત્ત્વ૦ ૧૩ ॥ સુતારા કહે પુત્ર મરણની આ દશા, ચંડાળ થઈને, મને વેચી [17]દ્વિજ ઘેર જો ॥ રાજ્યપાટ ગયું કુટુંબકબીલો વેગળો,

---

૮ શિયાળ. ૯ પ્રતિજ્ઞા. ૧૦ રાજા, રાણી, કુમાર. ૧૧ જુદો. ૧૨ મડદાનું વસ્ત્ર. ૧૩ સ્મશાન. ૧૪. હરિશ્ચંદ્ર ૧૫ બાળવું. ૧૬ રોહિતાશ્વરકુમાર. ૧૭ બ્રાહ્મણ.

પુત્ર મરણથી વર્ત્યો કાળો કેરજો. ॥ સત્વ૦ ૧૪ ॥ બાર વરસ લગે ભંગીપણું આપે કર્યું, ચાકરડીપણું થયું મારે શિર તેમ જો ॥ કુંવર ડસાયો વનમાં કાષ્ટ લેવા જતાં, સ્વામિ હવે શું પુછો છો કુશળ ક્ષેમ જો ? ॥ સત્વ૦ ૧૫ ॥ પ્રભુ હવે તો દુઃખની હદ આવી રહી, શિરપર ઉગવા બાકી છે હવે તૃણ જો ॥ દુઃખ લખ્યું હશે કેટલું આપણા ભાગ્યમાં, નાથ હવે તો માગું છું હું મરણ જો ॥ સત્વ૦ ॥ ૧૬ ॥ ગભરાયો નૃપ રાણીની વાતને સાંભળી, ધીરજ ધારી કર્યું હૃદય કઠીન જો ॥ સહન કરીશ હું જેટલું જે દુઃખ આવશે, પણ [18]સૂર્યવંશી, થાશે નહિ કદી [19]દીન જો ॥ સત્વ૦ ૧૭ ॥ આટલું બોલી પ્રેમનું બંધન તોડીને, મુખ ફેરવીને માગ્યું મૃતકનું વસ્ત્ર જો ॥ રાયની સમસ્યા સુતારા સમજી નહિં, ફરી ફરી નૃપના હાથમાં દે છે[20]પુત્ર જો ॥ સત્વ૦ ૧૮ ॥ પુત્રના [21]શબનું કામ નથી હવે માહરે, ત્યારે શું કહો છો બોલો થઈ સન્મુખ જો ॥ લજ્જા મૂકી, અશ્રુથી નેત્રો ભરી નૃપે, માગ્યું [22]અંબર, મૃતકનું કરી [23]ઉન્મુખ જો ॥ ૧૯ ॥ એટલામાં કરી, દેવે વૃષ્ટિ પુષ્પની, સત્યવાદી તમે જય પામો મહારાજ જો ॥ કસોટી કીધી, દુઃખમાં નાખી આપને, ક્ષમા કરો તે સત્વતણા શિરતાજ જો ॥ સત્વ૦ ૨૦ ॥ દીધું વરદાન દેવે રાજ્ય આબાદનું, *સંજીવન કરી પુત્રને ગયા દેવલોક જો ॥

---

૧૮ સૂર્યના દર્શન કરી જમનાર. ૧૯ ગરીબ—રાંક. ૨૦ પુત્રનું શબ. ૨૧ મડદું. ૨૨ વસ્ત્ર. ૨૩ ઊંચું મુખ કરવું. *જીવતો કરવો.

મંત્રીશ્વર–અંગરક્ષક બન્ને આવીયા, શ્લાઘા થઈ છે નૃપની ત્રણે લોક જો ॥ સત્ત્વ૦ ૨૧ ॥ ધન્ય છે ધન્ય છે સત્ત્વશિરોમણિ રાયને, જેમ જેમ કસીયે તેમ તેમ કંચનવાન જો ॥ સુરપતિ આગળ સ્તુતિ કરે હરિશ્ચંદ્રની, દીઠો ન જગમાં ધૈર્યમાં મેરૂ સમાન જો ॥ સત્ત્વ૦ ॥ વિચરંતા પ્રભુ શાન્તિ જિનવર આવીયા, રાયને રાણી વંદન અર્થે જાય જો ॥ દેશ નાંતે હરિશ્ચદ્રે પૂરવભવ પુછીયો, શ્યા કારણથી, ભંગીપણું મુજ થાય જો ? ॥ સત્ત્વ૦ ૨૩ ॥ બાર વરસ લગે દુઃખના ડુંગર દેખીયા, સુતારા શિરપર આવ્યું મહાન્ કલંકજો ॥ વિખુટો કર્યો પુત્ર ને રાણીથી મુજને, કારણ વિણ કદી કાર્ય બને ન નિઃશંકજો ॥ સત્ત્વ૦ ॥ ૨૪ ॥ પ્રભુ કહે રાય રાણી તુમ પુર્વે હતા, સાર્થ સાથે બે મુનિ આવ્યા તુમ ગામ જો ॥ રૂપ દેખીને રાણી વીંધાણી કામથી, બોલાવે દંભથી દાસી દ્વારા ભીડી હામ જો ॥ સત્ત્વ૦ ૨૫ ॥ હાવ–ભાવ દેખાડયા બહુ એકાંતમાં, પણ મુનિ કહે છે ભસ્મ થયો અમ કામ જો ॥ તેથી અમારો કામ હવે નથી જાગતો, વળી મળ–મૂત્રની કુડી કાયા છે ઉદ્દામ જો ॥ સત્ત્વ૦ ૨૬ ॥ નિરાશી થઈ રાણી નૃપ કને જઈ, આળ ચડાવ્યું મુનિ ઉપર નિરધાર જો ॥ તાડના પુર્વક બંધીખાને નખાવીયા, માસાંતે રાય કરે પસ્તાવો અપાર જો ॥ સત્ત્વ૦ ૨૭ ॥ દોષ ખમાવી મુનિથી સમકિત પામીયા, મુનિવર બન્ને કાળ કરી દેવલોક જો ॥ કસોટી મીષથી વૈર પુરવ તેણે વાળીયું, સુખદુઃખ

નિમિત્ત કર્મ જાણી તજો શોક જો ॥ સત્વ૦ ૨૮ ॥ રાય ને રાણી જાતિસ્મરણ પામીયા, અલ્પ નિદાનને દીઠો વિપાક મહાન જો ॥ જગતની વિચિત્રતા સર્વે અનુભવી, કર્મબંધનના છોડયા સકળ નિદાન જો ॥ સત્વ૦ ૨૯ ॥ સાકેતપુરનું રાજ્ય દઈ રોહિતાશ્વને, દીક્ષા લીધી સોળમા જિનવર પાસ જો ॥ કેવળ પામી શિવપુરમાં સીધાવીયાં, નીતિ-ઉદયનો કરજો શિવપુર વાસ જો ॥ સત્વ૦ ૩૦ ॥

## श्री कृष्णवासुदेवनी सज्झाय

(કર્મ ન છુટે રે પ્રાણીઆ) અથવા (કહે જીવ રૂડું તેં શું કર્યું—એ દેશી)

નેમિનાથ આવી સમોસર્યા, દ્વારિકા નગરીની બાર ॥ કૃષ્ણજી વંદન આવીયા, સાથે સકળ પરિવાર ॥ મોહને ત્યાગો રે માનવી૦ ૧ ॥ દેશના દિયે પ્રભુ નેમજી, જડ વસ્તુ અસાર ॥ દેખતાં મોહક લાગતાં, છેવટે છેહ દેનાર ॥ મો૦ ૨ ॥ વાસુદેવે એકદિન પુછીયું, આયુષ્ય પોતાનું ખાસ ॥ કોના થકી મુજ મરણ છે, દ્વારિકા નગરી વિનાશ ॥ મો૦ ૩ ॥ ઉત્તરમાં કહે નેમજી, આયુષ્ય વર્ષ હજાર ॥ ભોગવ્યું ઘણું ખરૂં યુદ્ધમાં, બાકી વર્ષ છે બાર ॥ મો૦ ૩ ॥ બાંધવ તુજ ઓરમાન છે, નામે જરાકુમાર ॥ મૃત્યુ લખ્યું તેના હાથથી, શંકા એમાં ન લગાર ॥ મો૦ ૫ ॥ દ્વારિકા નગરીના પ્રક્ષમાં, દ્વૈપાયન રૂષિ જેહ ॥ પુત્ર તમારા મદ્યપાનથી, નાશનું કારણ તેહ ॥ મો૦ ૬ ॥ પ્રભુ વચને ખેદ પામીયો,

નામે જરાકુમાર ॥ કૃષ્ણુના રક્ષણુ કારણે, રહ્યો ન ગામ મોઝાર ॥ મો૦ ૭ ॥ કૃષ્ણુજી ઢુંડી પીટાવીને, ઘેર ઘેર કીધો સંદેશ ॥ દારૂ છોડીદ્યો માનવી, જો હોય બચવા ઉદ્દેશ ॥ મો૦ ૮ ॥ નહીંતર નગરીનો નાશ છે, જાણુ જો પ્રભુનું વચન ॥ ધર્મસાધન કરો સામટું, જેથી નગરીનું જતન ॥ મો૦ ૯ ॥ વ્યસન તજાવીને દારૂનું, લોકોને જાગૃત કીધ ॥ ખીણુમાં દારૂ ફેંકાવીયો, ભયથી કોઈયે ન પીધ ॥ મો૦ ૧૦ ॥ એકદિન ચરના રે વાકચથી, શાંબ પ્રદ્યુમ્નકુમાર ॥ મદ્યપાન કીધું રે આવીને, ઉન્મત્ત થયા તેણીવાર ॥ મો૦ ૧૧ ॥ ફરતાં ફરતાં રે આવીયા, દ્વૈપાયન ઋષિ પાસ ॥ મારો કુટો રે એહને, જેનાથી નગરી વિનાશ ॥ મો૦ ૧૨ ॥ માર મારી નાશી ગયા, કુમાર ગામ મોઝાર ॥ ક્રોધની જ્વાળાથી ઋષિયે, કર્યું નિયાણું તે વાર ॥ મો૦ ૧૩ ॥ આ ભવમાં તપ જે કર્યું, તેનું ફળ કંઈ હોય ॥ નાશ કરૂં તો હું પૂરીનો, એમ કહી તપ ખોય ॥ મો૦ ૧૪ ॥ રામકૃષ્ણે વાત સાંભળી, આવ્યા ઋષિની પાસ ॥ નિદાન પાછું ખેંચી લીયો, પૂરો અમારી આશ ॥ મો૦ ૧૫ ॥ ઋષિ કહે બે ભાઈ તુમ વિના, કરીશ હું નગરી સંહાર ॥ વચન ન મારૂં હું ફેરવું, કહેશો નહી ફરીવાર ॥ મો૦ ૧૬ ॥ ઋષિ અણુસણુ કરી મરણુથી, અગ્નિકુમાર દેવ હોય ॥ કયા કારણે અહીં ઉપન્યો, વિભંગ જ્ઞાનથી જોય ॥ મો૦ ૧૭ ॥

# ઢાળ બીજી

( અહો અહો સાધુજી સમતા વરીયા ) એ રાગ

( ધન્ય ધન્ય સંપ્રતિ સાચો રાજા )

( ધ્યાન ક્રિયા મનમાં આણી જે—એ દેશી )

ક્રોધથી ધમધમી દ્વારિકા આવ્યો, દ્વૈપાયન ઋષિ જીવ રે ॥ બ્હાર જતાં અટકાવી નાંખ્યા, લોકોની પકડી ગ્રીવ રે કર્મબંધનના કડવા વિપાકો, ભોગવ્યા વિણ નહિ છુટે રે ॥ ૧ ॥ કોટના કપાટો બંધ કરીને, દ્વારિકપુરી સળગાવી રે ॥ મહેલ ઝરૂખા બાગ કચેરી, બાળીને કીધી દિવાળી રે ॥ કર્મ૦ ૨ ॥ કીકીયારી પશુના પોકારો, સુણી બન્ને ભાઈ દોડયા રે ॥ માત-પિતાને રથમાં બેસારી, અશ્વોને જલ્દીથી જોડયા રે ॥ કર્મ૦ ૩ ॥ પણ એક ડગલું નહીં ચાલવાથી, રામ ને કૃષ્ણ જોડાયા રે ॥ એટલામાં રથની ધરી ભાંગી, તો પણ ઘસડી દોડાયા રે ॥ કર્મ૦ ૪ ॥ કીલ્લા સુધી રથ ઘસડી લાવ્યા, ત્યારે થઈ આકાશવાણી રે ॥ રામ ને કૃષ્ણ વિના નહી મુકું, કેમ ખેંચો રથ તાણી રે ॥ કર્મ૦ ૫ ॥ ધર્મનું શરણ કરી માત પિતા, મરી ગયા દેવલોકે રે ॥ આપણું બળ કાંઇ કામ ન લાગ્યું, રડી પડયા પોકે પોકે રે ॥ કર્મ૦ ૬ ॥ નિરૂપાયે બન્ને નિરાશ થઈને, નગરીને બળતી છોડી રે ॥ પાછું વાળીને દૃષ્ટિ કરી તો, ભસ્મીભુત રાખોડી રે ॥ કર્મ૦ ૭ ॥ પાંડવ તરફનો આશ્રય લેવા, ચાલ્યા બન્ને ઉદાસી રે ॥ મહા

જંગલમાં આવીને પડયા, કૃષ્ણને લાગી [1]પ્યાસી રે ॥ કર્મ૦ ૮ ॥ વાસુદેવ પીતામ્બર ઓઢી, વૃક્ષની છાયામાં સુતા રે ॥ બળદેવ પાણીની શોધના માટે, જળના સ્થાને પહોતા રે ॥ કર્મ૦ ૯ ॥ મૃગની ભ્રાંતિયે બાણને છોડયું, જરાકુમારે વનમાં રે ॥ આવીને કૃષ્ણના પગમાં લાગ્યું, કાળ ન મૂકે જંગલમાં રે ॥ કર્મ૦ ૧૦ ॥ રૂદન કર્યું આવી જરાકુમારે, કૃષ્ણજી હીંમત આપે રે ॥ લેખ લખ્યા નહી મિથ્યા થાય, પ્રભુવાણી હૃદયમાં સ્થાપે રે ॥ કર્મ૦ ૧૧ ॥ મારા માટે થયો જંગલવાસી, બાંર વરસ દુઃખ ખમવું રે ॥ ખોટા પડે નહી જિનવર વચનો, મિથ્યા થયું તારૂં ભમવું રે ॥ કર્મ૦ ૧૨ ॥ દ્વારિકાપુરીની સઘળી બીના, [2]ભાઈને કૃષ્ણ જણાવે રે ॥ સર્વ યાદવમાં બળદેવને હું, જીવતાં છી એમ ગણાવે રે ॥ કર્મ૦ ૧૩ ॥ આખી નગરી કળકળતી સુકી, નિરૂપાયે અમે હાલ્યા રે ॥ એટલામાં મારો કંઠ સૂકાણો, જળ શોધે બળદેવ ચાલ્યા રે ॥ કર્મ૦ ॥ ૧૪ ॥ જરાકુમાર! તું પાછો વળી જા, અવસર કેમ તું ચુકે રે? બળદેવને જો ખબર પડી તો, માર્યા વિના નહી મૂકે રે ॥ કર્મ૦ ૧૫ ॥ મારા મૃત્યુથી સ્નેહને, લઈને, રામ ભુરી ઝુરી મરશે રે ॥ તું જો જીવતો રહીશ તો, યાદવ-વંશ વૃદ્ધિને કરશે રે ॥ કર્મ૦ ૧૬ ॥ લે આ કૌસ્તુભ રત્ન નિશાની, પાંડવને તું દેજે રે ॥ આપજે ખબર અમારી સઘળી, સાથે ક્ષમાપના કેજે રે ॥ કર્મ૦ ૧૭ ॥

---

૧ તરસ ૨ જરાકુમારને

કૃષ્ણુના હિતકારી વચનો માનીને, નીકળી ગયો તે વનથી રે ॥ પાછળથી વાસુદેવની લેશ્યા, બુદ્ધિ ફરી ગઈ મનથી રે ॥ કર્મ૦ ૧૮ ॥ સંકલ્પ વિકલ્પ જાળે ગુંથાયા, ધ્યાન અશુભને લઇને રે ॥ ત્રીજી પાતાળમાં આવી ઉપન્યા, દેહને છોડી દઈને રે ॥ કર્મ૦ ૧૯ ॥ પુર્વભવે નિયાણું કરીને, પદવી વાસુદેવ માગી રે ॥ પણ યુદ્ધ આરંભ લઇને તેની, અશુભગતિ પુંઠે રે ॥ કર્મ ૨૦ ॥ કર્મબંધનનું ફળ ભોગવવા, ત્રીજી પાતાળે પહોતાં રે ॥ અધોગતિ કીધી વાસુદેવોની, યુદ્ધના આરંભો જોતાં રે ॥ કર્મ૦ ૨૧॥ શુભાશુભના કર્મવિપાકો, ક્રોડ ઉપાય કરતાંરે; રૂદન કરતાં કર્મ ન મૂકે, ચારે ગતિમાં ફરતાં રે ॥ કર્મ૦ ૨૨ ॥ સાતે નરક ગતિ વાસુદેવની, જૈનના શાસ્ત્રમાં કીધી રે ॥ લૌકિક શાસ્ત્રમાં સાતપાતાળો, પર્યાય નામે લીધી રે ॥ ૨૩ ॥ રામ વાસુદેવ ચક્રવર્તીને, પાછળ કર્મો દોડયારે; તીર્થંકર જેવા ઉત્તમને પણ, કર્મે કદિ નવિ છોડયા રે ॥ કર્મ૦ ૨૪ ॥ સર્વ જીવો છે કર્મને આધીન, કર્મની સત્તા મોટી રે ॥ કર્મ બંધનનું ફળ ન મળે તો, ચારે ગતિ થાય ખોટી રે ॥ કર્મ૦ ૨૫ ॥ જીવોની ઉત્પત્તિ સ્થાનની સંખ્યા, ચોરાશી લાખની જાણો રે ॥ કર્મ ન હોય તો સુખ દુઃખ કેવા ? માટેજ કર્મ પ્રમાણો રે ॥ કર્મ૦ ૨૬ ॥

## ઢાળ ત્રીજી

( સમકિત દ્વાર ગભારે પેસતાંજી—એ દેશી )

પડીયો ભરીને જળને‌ા આવીઆ જી, બળદેવ કૃષ્ણુ-

જીની પાસ રે ા મુખે ગણુગણુતી મક્ષિકા ઘણી રે, દેખીને
થયા છે નિરાશ રે. મોરારી ! બોલો બંધવ માહરા રે ॥૧॥
આઘાત લાગ્યો રામ હ્રદયમાં રે, ક્ષ્વેડાના નાદે કીધું જાણ
રે ॥ શુરવીર હોય તો, સામે આવજો રે, કૃષ્ણના લીધા
કોણે પ્રાણ રે ॥ મોરારી૦ ૨ ॥ પડીયો મૂકીને શત્રુ
શોધવા રે, ચારે બાજુમાં દીધી દોટરે: કોઇને ન દેખ્યો
સામે આવતાં રે, ત્યારે પાછો આવ્યો પીસી હોઠ રે
ા મોરારી૦ ૩ ા કૃષ્ણ કલેવર પાસે આવીયો રે,
રડી પડયો મુકી મોટી પોક રે ॥ શબને ભીંજાવ્યું
આંસુડાં થકી રે, હ્રદયમાં માતો નથી શોક રે ા મો૦ ૪ ા
પીઠ ઉપર શબ ઉંચકી રે, મોહથી ફરે ષટ માસ રે ॥
ઉંઘી ગયો છે મારો બંધવો રે, હજુ જીવે છે એવી આશ
રે ॥ મો૦ ૫ ॥ બોલો બોલોને ગીરધર ! બંધવા રે ! કેમ
અબોલા લીધા આજ રે ॥ દેવકીનંદન ! જો નહી બોલશો
રે, તો જાશે દુનીયામાં મારી લાજ રે ॥ મો૦ ૬ ॥ કેમ
રીસાયા શામળીયા ! તમે રે, વીઠલજી ! માનો મારી વાત
રે ॥ કેટલું કહું હું, ત્રીકમ ! તુજને રે, પકડી જક્કડ
કેમ ભ્રાત રે ॥ મો૦ ૭ ॥ કાલાવાલા કરૂં છું કાનજી રે ?
વનમાં વનમાળી ! આ કેમ ભેદ રે ॥ હેત ધરીને હરિ !
બોલશોજી, તો જાશે મોરારી ! મારો ખેદ રે ॥ મો૦ ૮ ॥
દુઃખમાં દીલાસો દામોદર ! દીયો રે, વ્હાલાભ્રાત સુણને
વાસુદેવ રે ॥ જનાર્દન ! જાગીને જુવો જરા રે, નથી
ચુકયો તારી કદી સેવ રે ॥ મો૦ ૯ ॥ કેશવ ! કંસરિપુ !

કમલાપતિ રે, ગોપાળ! ગોવર્ધન! ગોવિંદ રે ॥ કહી કહી કંઠ રૂંધાયો કાનુડા રે, સામુ જોને મુકી રીસ ભુમીંદ રે ॥ મો૦ ૧૦ ॥ મોરલીધર! માધવ! શ્રીધર! શ્રીપતિરે, ત્રિપૂરારિ! દૈત્યસુદન દ્વારકેશરે, વિષ્ણુ! બંસીધર! વનમાં તું વિનારે, હિંમત હાર્યો છું હૃષિકેશ રે ॥ મો૦ ૧૧ ॥ દીશા શુન્ય લાગે મુકુંદ! તું વિના રે, જેમ અપુત્ર ઘર શુન્ય રે ॥ યાદવ કુળમાં રહ્યો એકલોજી, અધીર પામ્યું છે મારૂં મન રે ॥ મો૦ ૧૨ ॥ રડી રડી આંખ્યું મુઠી જેવડી રે, તોય ન બોલો મારા નાથ રે ॥ એટલામાં દેવે આવી બોધીયો જી, કલેવરને કેમ લગાડે હાથ રે ॥ મો૦ ૧૩ ॥ જન્મ થયો છે જગમાં જેહનોજી, તેની પાછળ મૃત્યુ લારો લાર રે ॥ ભાન આવ્યું છે ત્યારે રામને રે, ધર્મ વિના, સર્વ અસાર રે ॥ મો૦ ૧૪ ॥ સ્નેહ બંધન રામકૃષ્ણને રે, કારણ પુર્વભવનું ખાસ રે ॥ મોહે મુંઝાયા મોટા માનવી રે, પ્રેમ બંધન મોટો પાસ રે ॥ મો૦ ૧૫ ॥ સુર સંકેતે શબ લાષીને રે, સિંધુના તટે દીધો દાહ રે ॥ જડ વિનાશી સર્વે જાણીને રે, દીક્ષા લીધી ધરી ઉત્સાહ રે, ॥ મોરારી૦ ૧૬॥ નિરતિચાર ચારિત્ર પાળીને રે, બળદેવ દેવલોકે જાય રે ॥ મોહ ધંતુર કેફ નિવારતાં જી, સારાસાર વસ્તુ જણાય રે ॥ મો૦ ૧૭ ॥ એવું જાણી આસક્તિ છોડજ્યો રે, નિર્લેપથી તરે નરનાર રે ॥ ઉપદેશ એવો સુરિનીતિનો રે, ઉદય થવાથી ભવનો પાર રે ॥ મો૦ ૧૮ ॥

## કળશ

ઓગણીશ એકાણું સાલમાંહે, શત્રુંજય તીર્થે વશી,
જ્યેષ્ઠમાસે કૃષ્ણપક્ષે, તેમાં તિથિ ત્રયોદશી;
તીર્થોદ્ધારક **નીતિવિજય** ગુરૂ, સર્વ જીવ સુહંકરૂ,
તસ શિષ્ય બાળ **ઉદયવિજયે** ઢાલ કીધી મનોહરૂ.

---

# ॥ श्री भरत चक्रवर्तिनी सज्झाय

(એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે—એ દેશી)

ભૂપભરત વૈરાગી માનવપતિ ભૂપભરત વૈરાગી, ચૌદ રતન, નવનિધિ, રિદ્ધિ સિદ્ધિ પુરવર સહસ બત્રીશ વડભાગી ॥ સેવિત સહસ બત્રીસ નૃપ તો પણ, સુરતા ધર્મ શું લાગી ॥ માનવપતિ૦ ૧ ॥ હાથી ઘોડા રથ ડંકા નિશાનો, પ્રત્યેક લાખ ચોરાશી ॥ છન્નુ કોટી ગ્રામ તાબે કર્યા છે, ધ્વજાની દશ કોટી રાશિ ॥ માનવપતિ૦ ૨ ॥ અઢાર કોટી કહ્યા મોટા તુરંગો, કોટી ગોકુલની એક ॥ અંગમર્દકને સુદની સંખ્યા, છત્રીસ કોટી પ્રત્યેક ॥ માનવપતિ૦ ૩ ॥ છત્રીશ કોટી ભુષણ ધરનારા, ત્રણ લાખ ભોજનશાળા; ત્રણ ત્રણ કોટી હળ ને ગાડા, છન્નું કરોડ છે પાળા. માનવપતિ. ૪ રૂપ–સૌભાગ્યમાં રંભા સરિખી, પ્રમદા દુઃખ હરનારી, એક લાખ ઉપર બાણું સહસ છે, અંતે ઉર મનોહારી. માનવપતિ. ૫ સેવાતા સોળ સહસ

ચક્ષોથી, ચક્રવર્તી દિન-રાત; પુરવપુન્યઉદયથી પામી, ભોગવે વેદનીય શાત. માનવપતિ. ૬ વીશ હજાર છે સોના-રૂપાની, ખાણુ કહી મનગમતી, બોંતેર સહસ છે નગરો મોટા, ચોસઠ સહસ છે બંદી. માનવપતિ. ૭ સહસ નવાણું દ્રોણમુખો છે, ખેટ સહસ છે સોલ; સહસ ચોવીશ કર્બટ ને મંડપ સહસ છપન્ન વેળા કુલ માનવ. ૮ અડતાળીશ સહસની સંખ્યા, પત્તનની નિજ કબજે; સહસ બત્રીસ નાટક છે જેના, નરપતિનું મન રંજે. માન-વપતિ, ૯ વાજીંત્રધારક ત્રણ લાખ દિપક-ધારી કહ્યા પંચ લાખ; સંવાહ ગણના ચૌદ સહસની, લોકપ્રકાશની સાખ. માનવપતિ. ૧૦ ચિહ્ન શ્રી વત્સનું ઉરમાં શોભે, ચોસઠ સરોજેને હાર; કલ્યાણ નામ છે ભોજન જેનું, ધન્ય ધન્ય ચક્રી અવતાર. માનવપતિ. ૧૧ આટલી ઋદ્ધિ છતાં નિર્લેપી, ગૃહસ્થ છતાં પણ ત્યાગી; મોહનીસેના પાછળ લાગી, તોય ન હુઆ સરાગી. માનવપતિ. ૧૨ એક સમે આદર્શભુવનમાં, અનિત્ય ભાવના ભાવે; ક્ષપકશ્રેણી આરોહણ કરતાં, કેવળશ્રી પ્રગટાવે. માનવપતિ. ૧૩ રાજર્ષિ ભરતજી શિવપુર જાવે, શાશ્વતસુખ જમાવે; સુરિનીતિનો ઉદય નમે છે, બે કર જોડીને ભાવે. માનવપતિ. ૧૪

---

# ॥ श्री बाहुबळीनी दीक्षा वखते भरतचक्रीनो करुण विलाप सज्झाय-१ ॥

( ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ )

ભરત કહે કર જોડી બાહુબળી આગળે, તું છે મોટો સાગર સરખો અગાધજો; અજ્ઞાવવશ થઈ યુદ્ધમાં તુજને બોલાવીયો, ક્ષમા કરો તે સર્વે મુજ અપરાધજો. ભરત કહે. ૧ આયુધશાળે ચક્ર ન પેઠું તે કારણે, અઠ્ઠાણું ભ્રાતને બોલાવ્યા ધરી પ્રેમજો; મુજ આણામાં રહીને રાજ્યને ભોગવો, દૂત-મુખે મેં કેવરાવ્યું હતું એમજો. ભરત કહે. ૨ તેઓ સઘળા વિરૂપ કરી ચાલ્યા ગયા, તાત પાસે જઈ લીધો સંજમ ભારજો; તે તો ત્યાગી થયા ને તું પણ થાય છે, તો પછી મારે લેવો કોનો આધારજો ? ભરત કહે. ૩ વેષ ત્યજીને પાછો વળી જા રાજ્યમાં, રાજ્ય બીજા પણ હર્ષથી દઉં છું આજજો; નિર્ભય થઇને રાજ્ય તમારૂં ભોગવો, નહિંતર જગમાં કેમ રહેશે મુજ લાજજો ? ભરત કહે ૪ નામ ને ગુણથી બાહુબળી તુજ નામ છે. સત્ય કરી દેખાડયું તેં નિરધારજો; ગુણ તમારા એક મુખે ન કહી શકું, આપ છો મોટા ગુણમણિના ભંડારજો. ભરત કહે. ૫ મારી ભૂજા તો ખરી હતી બંધુ તમે, મુજને છોડી ચાલ્યા જશો નિર્ધારજો, તો મુજ શિર પર, ચડશે અપજશ ટોપલો, મુખ બતાવીશ કેવી રીતે હું બ્હારજો ? ભરત કહે. ૬ બાંધવ ! બાંધવ ! કહીને એકવાર બોલ તું,

નહિ બોલો તો તાતજી રૂષભની આણજો; સ્નેહભરી દષ્ટિથી મુજને ભેટશો, જેથી મારો જશનો ઊગે ભાણજો. ભરત કહે. ૭ શું મોઢું લઈ જાવું વિનીતાપુરીમાં ? ભાઈ વિના મને લાગે શૂન્ય સંસારજો; ધ્રુસકે રડતાં કંઠથી અક્ષર ત્રુટતાં, ચક્રીની આંખે અશ્રુની પડતી ધારજો. ભરત કહે. ૮ લઘુ ભ્રાતાના રાજ્ય કરાવ્યા ખાલસા, તુજ સાથે લડીરુધિરની કરી નીકજો; રાજ્ય-મદે ભાઈ ભાઈનો સ્નેહ તજાવીયો, લોભના વશથી ભવની ન રાખી બીકજો. ભરત કહે. ૯ રાંડયા પછી તો ડહાપણ આવે લોકમાં, એ કહેવત મને, લાગુ પડતી થાયજો; પશ્ચાત્તાપનો પાર નથી હવે ઉરમાં, મુજ અંતરમાં, સળગી ઉઠી લાયજો. ભરત કહે. ૧૦ મોહ ને ખેદના વાકય, ભરતના સાંભળી બોલે બાહુબળી સાંભળ ચક્રી નરેશજો; રાજ્ય રમા ને રમણી-રાગ ક્ષણિકતા, જાણી લીધો મેં સાચો સાધુ વેષજો. (બાહુબલી બોલે છે ભરતની આગળે). ૧૧ ખેદ તજીને રાજ્ય ભરતનું ભોગવો, મારું વ્રત છે હસ્તીની રેખા સમાનજો; લખ્યું હતું તે આવ્યું અમારા ભાગ્યમાં, સત્ય વસ્તુનું આજે થયું મુજ ભાનજો. બાહુબલી. ૧૨ ભગિની ભ્રાતા પિતાના માર્ગે સહુ ગયા, ત્યાગ વિરાગ ને ધર્મના થઈને જાણજો; તત્ત્વરમણતા અનુભવ જ્ઞાનની ભૂમિકા, મુનિ મારગ છે અમૂલ્ય ગુણની ખાણજો. બાહુબલી. ૧૩ મુનિ મક્કમતા જોઈ, ભરતજી વાંદતાં, સ્તુતિ કરતાં વિનીતાપુરમાં જાયજો, નિર્લેપ રહીને, નીતિથી રાજ્ય પાલતાં, ઉદય કરવા ગુણીના નિત્ય ગુણ ગાયજો. બાહુબલી. ૧૪

# अभिमान त्याग करवानी बाहुबळीनी सज्झाय

(અરિહંત પદ ધ્યાતો થકો દ્રવ્યગુણુ પરજાય રે—એ રાગ)

બાંધવ ! ગજથકી ઉતરો, ગજ ચડયા જ્ઞાન ન વિકાસે રે; બ્રાહ્મી સુંદરી બન્ને બ્હેનડી, બોલે બાહુબળી પાસે રે. બાંધવ૦ ૧ દાદાયે અમને કહાવીયું, પુત્રી તુમે જાઓ વનમાં રે; વીંટયો વેલડીયે ચોતરફથી, બાહુબળી એકલો જંગલમાં રે. બાંધવ૦ ૨ વર્ષ સુધી ઊભો ધ્યાનમાં, માથે બાઝી ગયા જાળા રે; ફરતા છે સર્પના રાફડા, પક્ષીયે બાંધ્યા છે માળા રે. બાંધવ૦ ૩ રાજ્ય રમા રમણી ત્યજી, ત્યાગી થયો મુનિ વેષે રે; લઘુ ભ્રાતાને કેમ વાંદવું ? મન અભિમાન પ્રવેશે રે બાંધવ૦ ૪ ભ્રાતા અઠાણું છે કેવળી, મારી છે છદ્મ અવસ્થા રે; કેવળી કેવળીને વંદે નહિં, જ્ઞાની જનોના એ રસ્તા રે. બાંધવ૦ ૫ માટે કેવળને પ્રગટ કરી, પછી જાઉં તાતની પાસે રે; મોટાપણું તોજ મુજ રહે, હજુ રહ્યો એહવી આશે રે. બાંધવ૦ ૬ નિશાની દઈ તાતે મોકલી, હિત શીખામણ દેવા રે; ભ્રાંતિ તમારી નિકાળવા, અમે આવી તુમને કે'વા રે. બાંધવ૦ ૭ ચમકયો બાહુબળી સાંભળી, તાતની વાત છે સાચી રે, હું ચડયો મગદજ ઉપરે, મારી બુદ્ધિ હતી કાચી રે. બાંધવ૦ ૮ તાતે કૃપા કરી મુજને, કાઢયો કષાય કાદવથી રે; અભિમાન ગજના સંકેતથી, ઉગાર્યો શલ્ય ગારવથી રે બાંધવ૦ ૯ ભગિનીદ્વારા તાતવાકયની, મહામૂલ્ય કિંમત આંકી રે;

મોહનું તિમિર ખસેડતાં, પછી શું રહે હવે બાકી રે ? બાંધવ૦ ૧૦ લઘુ ભ્રાતા પર્યાયે જ્યેષ્ટ છે, વળી થયા કેવળજ્ઞાની રે. ગુણીજન વંદન યોગ્ય છે, તેમાં શાની મુજ હાનિ રે ? બાંધવ૦ ૧૧ વાંદવા પગને ઉપાડતાં, મેળવવા આત્મ—વિભૂતિ રે; સાથે ઘાતી કર્મ ત્રુટતાં, પ્રગટી કેવલ ભાણુ જ્યોતિરે બાંધવ૦ ૧૨ રાજર્ષિ બાહુબળી કેવળી ભ્રાતા, અઠ્ઠાણુમાં ભળીયા રે; માન કેવળનું નિમિત્ત બન્યું, ધન્ય ધન્ય બાહુબળી બળીયા રે. બાંધવ૦ ૧૩ તાત ને કેવળીની સાથમાં, સમકાળે શિવપુર જાય રે; નીતિ રાખી નિત્ય વંદતા, વિજયોદય વરતાય રે. બાંધવ૦ ૧૪

---

# શ્રી છ ભાઇની ઢાળો

દુહા. નેમજીણંદ સમોસર્યા, ત્રણ કાળના જાણ; ભવિક જીવને તારવા, પ્રભુ બોલ્યા અમૃત વાણ. ૧ વાણી સુણી નેમની, બુજ્યા છએ કુમાર; માત પિતાને પુછીને, લીધો સંયમ ભાર. ૨ વૈરાગે સંયમ લીઓ; ધર્મ સામગ્રી નીવ; છઠ્ઠ છઠ્ઠને પારણે, પ્રભુ કર દીયો જાવ જીવ. ૩ નિરંતર તપસ્યા કરે, છએ મોટા અણગાર; આજ્ઞા લેઈ ભગવંતની, કરે આતમ ઉદ્ધાર. ૪ નેમજીણંદ સમોસર્યા, દ્વારિકા નગરી મોઝાર; એકદિન છઠ્ઠને પારણે, વૈરાગી અણગાર. ૫

ઢાળ ૧ લી. વીરે વખાણી રાણી ચેલણાજી. એ દેશી

આજ્ઞા લેઈ ભગવંતનીજી, છએ તે બાંધવ સાર;

ગોચરી કરવાને નિકળ્યાજી; દ્વારિકા નગરી મોઝાર. સાધુજી ભલેરે પધારીયાજી. ૧ એ આંકણી. અનેક સેન આદે કરી જી, છએ સરિખા અણગાર; રૂપ સુંદર અતિ શોભતાજી, નળ કુબેર અનુહાર. સા૦ ૨. ત્રણ સંઘાડા કરી સંચર્યાજી, મુનિવર મહા ગુણધાર; ઇર્યાસમિતિએ ચાલતાજી, ખટ કાયને હિતકાર. સા૦ ૩. પહાડે પહાડે ફિરતા થકાજી; ગોચરીએ મુનિરાય; મુનિવર દોય તિહાં આવીયાજી, વસુ દેવજીના ઘરમાંય. સા૦ ૪ દેવકી દેખી રાજી હુઇજી, ભલે પધાર્યા મુનિરાય; સાત આઠ પગ સાહમાં જઈજી, લળી લળી લાગેજી પાય. સા૦ ૫ હાથ જોડી વંદના કરેજી, તરણ તારણ મુનિ રાય; દરશન દીઠાં સ્વામી તુમ તણાંજી, ભવ ભવનાં દુઃખ જાય. સા૦ ૬ આજ ભલીરે જાગી દિશાજી, ધન્ય દિવસ માહરો આજ; મુનિવર અમ ઘર આવીયાજી, તરણતારણ જહાજ. સા૦ ૭ મોહ માગ્યા પાસા ઢળ્યાજી, દુધડે વુઠયા મેહ; આજ કિરતારથ હું થઇજી, આણી ઘણો ધરમ સ્નેહ. સા૦ ૮ મોદક થાળ ભરી કરીજી, વહોરાવ્યા ઉલટ ભાવ; કૃષ્ણ જીમણ તણા લાવીનેજી, દેવકી હરખિત થાય. સા૦ ૯ જાતાને વળી પહોંચાડીનેજી, મુનિવર ગયા પોળ બહાર; થોડી સી વાર હુઈ જીસેજી, વળી આવ્યા દોય અણગાર. સા૦ ૧૦ દેવકી રાણી મન ચિંતવેજી, ભુલી ગયા છે અણગાર; વડીય પુન્યાઈ છે માહરીજી, ભલે આવ્યા દુસરી વાર. સા૦ ૧૧ સાત આઠ પગ સામી જાયનેજી, લળાં લળી લાગેજી પાય; આજ કિરતારથ

હું થઇજી, મુનિવર ધર્યા ઘર પાય. સા૦ ૧૨ મોદક થાલ ભરી કરીજી. વહોરાવ્યા દુસરી વાર; કૃષ્ણ જીમણના લાવીનેજી, હૈડે હરખ અપાર. સા૦ ૧૩ જાતાને વળી પહોંચાડીયાજી, મુનિવર રૂપ અગાધ; થોડી સી વાર હુઈ જીસેજી, ત્રીજે સંઘાડે આવ્યા સાધ. સા૦ ૧૪ દેવકી તવ રાજી હુઈજી, મન માંહે ઉપન્યો વિચાર; આહાર નવિ મળ્યો એહનેજી, ભુલે આવ્યા અણગાર. સા૦ ૫ ભુલ્યાનું તો કારણ એ નહીંજી, દીસંતા મ્હોટા અણગાર; તિસરીવાર એ આવીયાજી, નહીં એતો સાધુ આચાર. સા૦ ૧૬ રૂપ કળા ગુણે આગળાજી, દીસંતા સમ આકાર; પહેલાં જો એહને પુછશુંજી, તો નહીં લે અમ ઘર આહાર. સા૦ ૧૭ મોદક થાળ ભરી કરીજી, વહોરાવ્યા તીસરીવાર; કૃષ્ણ જીમણ તણા લાવીનેજી, દેવકી મન ભાવ ઉદાર. સા૦ ૧૮

દુહા. મુનિ પ્રત્યે પ્રતિલાભીને, નિરખી મુનિ દીદાર, મનમાં સંશય ઉપન્યો, તે સુણજો સુવિચાર. ૧ વાત એ અચરિજ સારખી, મુખશું કહી ન જાય; કહ્યા વિણ સ્વાદ ન નીપજે, વિણ કહ્યું કેમ રહેવાય. ૨ દેવકી ઈમ મન ચિંતવી, પ્રણમી બે કરજોડી; સાધુ પ્રત્યે પુછતી હવી, આળસ અળગો છોડી. ૩

ઢાળ ૨ જી. રાગ ગોડી–મૃગાપુત્રની દેશી.

મુનિવર નગરી દ્વારિકાજીરે, બાર જોયણને માન, કૃષ્ણ નરેસર રાજીયોજીરે, જેહની ત્રણ ખંડમાં આણ,

મુનિસર એક કરૂં અરદાસ. ૧ એ આંકણી. બહુતેર ક્રોડ ઘર બાહેર છે જીરે, માંહે છે સાઠ કરોડ; લોક બહુ સુખીયા વસેજીરે, માંહે રામ કૃષ્ણની જોડ. મુ૦ ૨ લાખ કરોડોરા ધણી વસેજીરે, નયરીમાં બહુ દાતાર; માહરે પુન્ય તણે ઉદયેજીરે, મુનિવર આવ્યા ત્રીજી વાર. મુ૦ ૩ વડીય પુન્યાઇ છે તાહરી જીરે, ઈમ બોલ્યા મુનિરાય; દેવકી મનમાં જાણ્યોજીરે; એહને ખબર ન કાંઈ. મુ૦ ૪ હું પુછું ઇણકારણેજીરે, સાધ ન લીધો આહાર; માહારે પુન્યતણે ઉદયજી રે, મુનિવર આવ્યા ત્રીજીવાર. મુ૦ ૫ મુનિવર ઉત્તર ઈમ કહેજીરે, નયરીમાં બહુ દાતાર, ત્રણ સંઘાડાસું નીકળ્યા-જીરે, એમ છએ અણગાર. મુ૦ ૬ વળતાં મુનિવર ઈમ કહેજીરે, તું શંકા મત આણ; તાહરે પહેલા વહોરી ગયાજીરે, તે મુનિવર દુજા જાણ; દેવકી લોભ નહીં છે કાંય. મુ૦ ૭ દેવકી મન અચરીજ થઈજીરે, એ કિણ માએ જાયારે પુત; રૂપ સુંદર અતિ શોભતાં જીરે, મુનિવર કાંકડી ભુત. મુ૦ ૮ આડી ફરીને ઈમ કહેજીરે, સાંભળજો મુનિરાય; ઉત્પત્તિ તુમારી કિહાં છે જીરે, તે દેજો મુજ બતાય. મુ૦ ૯ કોણ નયરિથી નિકળ્યા જીરે, તુમ વસ્તા કુણ ગામ; કેહેના છો તુમે દીકરાજીરે, કહેજો તેહનો નામ. મુ૦ ૧૦ નાગ શેઠના અમે દીકરા જીરે, સુલસા અમારી માય; ભદ્દિલપુરના વાસીયાજીરે, સંયમ લીધો છયે ભાય. મુ૦ ૧૧ બત્રીસેરે રંભા તજી જીરે, બત્રીસ બત્રીસ દાય; કુટુંબ મેલ્યો અમે રોવંતો જીરે, વિલ વિલ કરતી માય. મુ૦ ૧૨

દુહા. મુનિ વચન શ્રવણે સુણી, ચિંતે ચિત્ત મોઝાર; એહવો પરિવાર તજી કરી, લીધો સંયમ ભાર. ૧ હાથ જોડીને વિનવે, સાંભળજો મુનિરાય: કિયા દુઃખથી તમે નિકળ્યા, તે દેજો મુજ બતાય. ૨

ઢાળ ૩ જી. ખમ ખમ મુજ અપરાધ એ દેશી.

જાતો કાલ ન જાણતાં, સાંભળરે બાઈ, રહેતા મોહો લ મોઝાર; દાસ દાસી પરિવારશુંજી, વળી બત્રીસ બત્રીસ નાર, સાંભળરે બાઈ, મ કરીશ મન ઉચાટ. એ આંકણી. ૧ ભગવંત નેમ પધારીયા, સાં૦ સાધુને પરિવાર; અમે ભગવંત નેમ વાંદીયાજી, વળી સુણીયો ધરમ વિચાર. સાં૦ મ૦ ૨ વાણી સુણી વેરાગીયા, સાં૦ જાણ્યો અથિર સંસાર; સુખ જાણ્યાં સહુ કારમાંજી, અમે લીધો સંયમ ભાર૦ સાં૦ મ૦ ૩ ચાર મહાવ્રત આદર્યાં, સાં૦ ચારે મેરૂ સમાન; તજી સંસાર સંયમ લીયોજી, દિયો છકાયનો અભેદાન. સાં૦ મ૦ ૪ માતા મેલી અમે ઝુરતી, સાં૦ તજી બત્રીસે નાર; સઘળાં વલવલતાં રહ્યાંજી, મેંતો છોડ દીયો સંસાર. સાં૦ મ૦ ૫ છઠ્ઠ છઠ્ઠને પારણે, સાં૦ જાવ જીવ નિરધાર; અંતર હમારે કો નહીંજી, છે એ તપ તણો વિચાર. સાં૦ મ૦ ૬ આજ છઠ્ઠને પારણે, સાં૦ આવ્યા નયરી મોઝાર; દોય દોય મુનિવર જુજુવાજી, સાં૦ ઈમ આવ્યા ત્રીજીવાર. સાંભળ રે બાઈ મ૦ ૭

દુહા. વળી વળી કીધ વિનંતિ, તુમે મોહોટા મુનિરાય; ઘરમાં તોટો શો પડ્યો, તે દેજો મુજ બતાય૦

૧ વળતા મુનિવર બોલીયા, તુમે સુણજો મોરી માય; ઘરમાં તોટો જે પડયો, તે દેઉ તુજ બતાય૦ ૨

ઢાળ ૪ થી. પુણ્ય તણાંરે ફળ મીઠાંરે જાણો. એ દેશી.

ઉંચા મોહોલ સુહામણા, રચિયા વિવિધ પ્રકારરે માઈ; તદ વદ રૂપે સારિખી, પરણાવી બત્રીસે નારરે માઈ. પુણ્ય તણાંરે ફળ મીઠાંરે જાણો. એ આંકણી. ૧ પરણીને જબ ઘર આવીયા, સાસુને લાગી પાયરે માઇ; તવ વહુને રિદ્ધિ જે ઘણી, આપી તે મુજ માયરે માઇ. પુણ્ય. ૨ બત્રીસ કરોડ સોનૈયા જાણો, બત્રીસ રૂપઇઆ સારરે માઇ; બત્રીસ બંધ નાટકનાં ટોળાં, રિદ્ધિ તણો નહી પારરે માઇ. પુણ્ય. ૩ બત્રીસ મુગટ મુગટ પરવારૂ, અંગ કુંડળને હારરે માઇ; એકાવળી મુક્તાવળી જાણો, કનક રયણ વળી સારરે માઇ પુણ્ય. ૪ બત્રીસ હાર મોતી તણા, બત્રીસ રતન તણા જાણુરે માઈ; તીસરા ચોસરા હાર અને વળી, એમ કડગ તુરીય જાણુરે માઇ. પુણ્ય૦ ૫ બત્રીસ સોનાના ઢોલીઆ, બત્રીસ રૂપાના જાણુરે માઈ; બત્રીસ સિંઘાસન સોનાનાં, ઈમહીજ કળશ વખાણુરે માઈ. પુણ્ય૦ ૬ બત્રીસ સોનાની કથરોટી, બત્રીસ રૂપાની જાણુરે મઈ; બત્રીસે વળી તવા સોનાના, તિમહીજ થાળ વખાણુરે માઇ. પુણ્ય૦ ૭ હય ગજ રથ દાસને દાસી, બત્રીસ ગોકુળ જાણુરે માઈ; બત્રીસ સોના રૂપાના દીવા, વળી આરીસી વખાણુરે માઈ. પુણ્ય૦ ૮ બત્રીસ પીઠ સોના રૂપાના, ઇમહીજ ઘરેણાં અમુલરે માઈ; પગે પડતાં સાસુએ દીધાં, એકસો બાણું

બોલરે માઈ. પુણ્ય૦ ૯ એમ છએ બંધવની મળી નારી, એકસો બાણુ જાણરે માઈ; એકસો બાણુ રિદ્ધિ આપણી, આગમ વચન પ્રમાણરે માઇ. પુણ્ય૦ ૧૦ ઈણીપરે સુખ ભોગવતાં, નિગમતા દીન રતરે માઇ; તોટો તો અમને કાંઈ ન હુતો, અમે છ ભ્રાતરે માઈ. પુણ્ય૦ ૧૧

દુહા. વાર વાર ઈમ વિનવે, તુમે મોહોટા મુનિરાય; વૈરાગ પામ્યા કિણ વિધે, તે દીઓ મુજ બતાય૦ ૧

ઢાળ ૫ મી. અરણિક મુનિવર ચાલ્યા ગોચરી. એ દેશી.

નેમજિણંદની મેં વાણી સાંભળી, જાણ્યો અથિર સંસારોજી; કાયા માયા એ જાણી કારમી, કારમો કુટુંબ પરિવારોજી; મુનિવર ભાંખે તું શંકા મત કરે૦ ૧ એ આંકણી. લાખ ચોરાશીરે માંહે આવીયો, ભમ્યો અનંતી વારોજી; જન્મ મરણ કરીને ફરસીઓ, ન રહી મણા લિગારોજી૦ મુનિ૦ ૨ કરમ નચાવે તિમ એ નાચીઓ, વિવિધ બનાવી વેશોજી; પાતિક કીધાંરે જીવે અતિઘણાં, ન સુણ્યો ધરમ ઉપદેશજી. મુ૦ ૩ એવી દેશના અમે સાંભળી, જાણી સરવે અસારોજી; છએ બાંધવ તતક્ષણ બુજીયા, લીધો સંયમ ભારોજી. મુ૦ ૪ પુણ્યને જોગેરે નરભવ પામીયો, લેઈ ધરમની આથોજી, એ સુખ જાણ્યાં અમે તો કારમાં, કીધો મુગતીનો સાથોજી, મુનિ ૫ એહવાં વયણ મુનિનાં સાંભળી, દેવકી કરે વિચારોજી; બાળવયમાંરે સંયમ આદર્યો, ધન એહનો અવતારોજી. મુ૦ ૬ છપ્પન્ન કોટીરે

માહેરી સાહેબી, સાડા ત્રણ કરોડ કુમારોજી, દીઠા સઘળા મહારા રાજમાં, કોઈ નહી ઈણુ અનુહારોજી. મુનિ૦ ૭ એણે વયમાંરે સંયમ આદર્યો, પાળે નિરતિચારોજી; ધન ધન માતારે તારી કુખને, જાયા રત્ન અમુલક સારોજી, મુનિ૦ ૮ અંગ ઉપાંગરે સઘળા સુંદરૂ, સૌમ્યવદન સુખ શીશોજી; જોળી પાતરાં લીધાં હાથમાં. તનુ સુકુમાળ મુનીશોજી. મુનિ૦ ૯ ગજ જીમ ચાલેરે મુનિરે મલપતા, બોલે વચન વિચારોજી; રાજકુંવરની દીજે ઓપમા, જાણે કોઈ દેવ કુમારોજી મુનિ૦ ૧૦ ધન ધન માતારે જેણે એ જનમીઆ, દરશણે દોલત થાયજી; નામ લીધાથીરે નવનીધિ સંપજે, પાતિક દુર પળાયજી. મુનિ૦ ૧૧

દુહા. આડી ફરી ફરી નિરખીઆ, ધન એહનો અવતાર;
છએ સહોદર સારિખા, દેખું એહને અનુહાર. ૧

ઢાળ ૬ ઠ્ઠી. ધારણી મનાવેરે મેઘ કુમારનેરે એ દેશી.

નયણે નિહાળેરે રાણી દેવકીરે, મુનિવર રૂપ રસાળ; લક્ષણ ગુણે કરીને શોભતારે, વાણી જેહની વિશાળ. નય ૧ જીણ ઘરથી એ પુત્ર નીકળ્યારે, શું રહ્યો હોશે લાર; દીસંતા દીસે ઘણું સોહામણારે, નળ કુબેર અનુહાર, નય. ૨. એણે અનુહારેરે માહરા રાજમાંરે, અવર ન દીસે કોય, જો છે તો એક માહરો કૃષ્ણ છેરે, ઈમ મન અચરિજ હોય. નય. ૩ સીધો સગપણ કોઈ દિસે નહીરે, માહારો હેવણાં

જેમ, સુધિ ખબરજ કાંઈ નવિ પડેરે, ઈમ કિમ જાગ્યો માહરો પ્રેમ. નય. ૪ શ્રાવકના સાધુને ઉપરેરે, હોવે છે ધરમ સ્નેહ; ઘણા સાધુ દીઠા મેં પુરવેરે, છલું જાગ્યો કિમ પુરવ નેહ. નય. ૫ જાતાં દીઠાં રાણી દેવકીરે, ઘણી થઈ દીલગીર; હિયડો ફાટે તેહને અતિ ઘણો, નયણે વિછુટે નીર. નય. ૬

॥દુહા॥ બાળપણે બોલ્યો હતો, અઈમંતો અણગાર; આઠ જણીશબાઇ દેવકી, નહીં કોઈ ભરત મજાર. ૧ આવા પુત્ર જનમ્યા વિના, કીમ થાએ આનંદ; માહરે સંયમ છે ઘણો તે ભાંખે નેમજીણંદ. ૨ દેવકી મન સાંસો થયો, જઈ પુછું ઇણીવાર, કેવળજ્ઞાની મન તણા, સંશય ભાગણ હાર ૩ ઈમ ચિંતવી રાણી દેવકી, વંદન શ્રી જીનરાય; સામગ્રી સરવે સજી કરી; હરષ ધરી મનમાંય. ૪

ઢાળ ૭ મી. હાંરે લાલ શીયલ સુરંગા માનવી એ દેશી.

હાંરે લાલ ચાકર પુરૂષ તેડાવીને, દેવી રાણી બોલે વાણરે લાલ; ખીપ્પામેવ ભો દેવાણુ પ્પિઆ, તું રથ વેગો જોતરાએરે લાલ. નેમ વંદણને જાયસું. ૧ એ આંકણી. હાંરે લાલ ચાકર સુણી હરખિત થયો, ગયો જીહાં જાનવર સાળરે લાલ; તિહાં જઈ ને સજ્જ કર્યા, રથ રૂડા વિસરાળરે લાલ નેમ. ૨ હાંરે ચાલી ઉતાવળ ઘણી વળી, ઉપગરણ હળવા જાણરે લાલ; બાહિરલી ઉવઠાણ શાલમેં, રથ ઉભો રાખી આણરે લાલ. નેમ. ૩ હાંરે ધોળાને માતા ઘણા, વળી છોટી સીંગણીઆ જાણરે લાલ; દીસે ઘણું સોહામણાં, એવો

વૃષભ તું 'આણુરે લાલ. નેમ. ૪ હાંરે સરિખાને ચાંદિ નહીં, જોવાને બળદની જોડરે લાલ; ચાલે ચાલ ઉતાવળી, જેહને સીંગે પુછે નહિ ખોડરે લાલ. નેમ. ૫ હાંરે બળદ ને જુલાં શોભતાં, વળી સોનારીના રથ રસાળરે લાલ; સોનાની ભલી શીંઘડી, વળી ગળે તે ઘુઘરમાળરે લાલ. નેમ. ૬ હાંરે ખાંચિત સોનાની રાસડી, વળી સોનાના પટા જોતરે લાલ; માથે તે ઘાલ્યો શેહરો, તું ઈણીપેરે કર ઉદ્યોતરે લાલ. નેમ૦ ૭ હાંરે. વળી તે રથ સીણુગારિયુ, તે સુત્ર છ વિસ્તારરે લાલ; બળદ જુગન શું જોતરી, લાવો ઉવઠાણ શાલા મજારરે લાલ. નેમ. ૮ હાંરે. નાઈ ધોઈ મજ્જન કરી, વળી પહેર્યાં નવા નવા વેશરે લાલ. નેમ. ૯ હાંરે આડંબર કરી અતિ ઘણો, આવી બેઠા રથ માંયરે લાલ; આગળ બાંધી સાંકરી, રથ બેઠી દ્રઢ થાયરે લાલ. નેમ. ૧૦ હાંરે સાથે તે લીધી સાહેલીયાં, વળી ચાલ્યા તે મધ્ય બજારરે લાલ; ચતુર તે બેઠાં સાંઘડી, એ ગ્રહસ્થીનો આચારરે લાલ. નેમ. ૧૧

॥ દુહા ॥ નગર મધ્યે થઇ નીકળ્યા, સાથે બહુ પરિવાર;
નેમજીણંદ જીહાં સમોસર્યા, ચાલ્યા તિણહિજ ઠામ. ૧

ઢાળ ૮ મી. ધજા પતાકા હો દીઠ રાણી દેવકીરે, એ પ્રભુ અતિશયની વાત; વિનયની આદરી હો ઉત્તમ સાધુનોરે, એ તો જગત વિખ્યાત. સાંસો નીવારો હો પ્રભુ નેમજીરે. ૧ એ આંકણી. રથને ઉપરથી હો હેઠે ઉતરીરે, દાસીયુને પરિવાર; પાએને અણુ આણે હો રાણી દેવકીને, સાચવી અભિ-

ગમ સાર. સાંસો. ૨ દેઇ પ્રદક્ષણા હો વાંદ્યા નેમજીરે, પાંચ અંગ ન માય; દો ગુદા ઢીંચણ હો ભુતળ થાપીનેરે, મસ્તક ભોંય લગાય. સાંસો. ૩ છએ મુનિવર દેખી હો, સાંસો ઉપન્યોરે, હું એમ થઈ રે ઉદાસ; સાંસોતો નિવારણ હો કારણ આયીયોરે, નેમ જીણેસર પાસ. સાંસો. ૪ ગુણ અનંતા કહીએ હો પ્રભુજી તુમ તણારે, જો હોય જીભડી અનેક; રાગ દ્વેષને હો સ્વામી નિવારિયારે, સહુ માથે મન એક. સાંસો. ૫. ધન દીવસ ધન વેળા હો ધન આજની ઘડીરે, ભેટયા તરણ તારણજહાજ; મનના મનોરથ હો પ્રભુજી માહારારે, તમે દેખી રહ્યા છો મહારાજ. સાંસો. ૬

॥ દુહા ॥ દેઈ પ્રદક્ષિણા વાંદતાં, બોલ્યા શ્રી જીનરાય; જીણ કારણ તુંમે આવીયા, તે સુણજો ચિત્તલાય. ૧ નેમ કહે સુણો દેવકી, સાંસો ઉપજ્યો તુજ; છએ મુનિવર દેખીને, તું પુછણ આવી મુજ. ૨ તરત કહે તવ દેવકી, જોડી દોનું હાથ; હા સ્વામી સાંસો પડયો, તે ભાંગો શ્રી જગન્નાથ. ૩ એ છએ તાહરા દીકરા, તું શંકા મ કરે કાય; છએ વોરણ જે આવીયા, તેહની તું છે માય. ૪

ઢાળ ૯ મી. પુત્ર તુમારા રાણી દેવકી. એ દેશી.

તીન સંઘાડે તુમ ઘર મુનિવર, આવ્યા ત્રીજી વાર; તે દેખીને સાંસો પડયો, છએ એકણ અનુહાર, રૂડે રૂપેરે પુત્ર તુમારા રાણી દેવકી. ૧ એ આંકણી. નાગ શેઠ સુલસા ઘર વધિયા, મ કરો શંકા લગાર; દેવકી રાણી તાહરા જન-

મ્યા, નળ કુબેર અનુહાર. રૂડે. ૨ નહીં નિશ્ચે સુલસાના જાયા, માનો વાત હમારી; ઉદર તમારે એ આળોટયા નહીં, કોઈ માત અનેરી. રૂડે. ૩ કીણ વિધ પુત્ર અમારા પ્રભુજી, જોડી દોનું હાથ; એ જાયાનું ભરમ જાણું, તે ભાખો મુજ નાથ. રૂડે ૪ જીત્ર જશા તાહરી ભોજાઈ, બોલી તે અણુ વીમાસી; અઈમત્તો રિષિ આવંતો દેખી તેહની કીધી હાંસી. રૂડે. ૫ ધન જોબનને મદની માતી, બોલી તે ખોટી રીત; આવોને અઈમંતા મુનિવર, મિલિને ગાઈએ ગીત. રૂડે. ૬ મુરખડી ગીતાની માની, ખબર પડી શી તાહરી; દેવકી ગરભ જે સાતસો થશે, તે તુજ કુળ ક્ષયકારી. રૂડે. ૮ જરાસંઘની તું થઇ પુત્રી, કંસ તણી ધણીઆણી; મારો બોલ્યો પાછો ન ફીરે, તે તેં વાત ન જાણી. રૂડે. ૭ એહવાં વચન સુણીને કાંને, કંસને જઈને પુકારી; અઈમંત રિષિએ વચન કહ્યાં જે, તે મુજને દુઃખકારી. રૂડે. ૯ તેહ સુણીને કંસે, કીધો એક ઉપાય; વસુદેવ પાસે બોલજ લીધો, દેવકી ગરભ જે થાય. રૂડે. ૧૦ તે બાળક તો અમ ઘર વાધે, તવ માને વસુદેવ; કંસરાય તિહાં રાજી હુવો, સુખ ભોગવે નિત મેવ. રૂડે. ૧૧ જે જે ગરભ ધરે છે દેવકી, તો તિહાં કંસરાય, સાત ચોકી તે ઉપર મુકી, કપટે ખેલે દાય. રૂડે. ૧૨

॥ દુહા ॥ તિણે કાળે તિણે સમે, ભદ્દિલપુર છે ગામ; નાગ શેઠ તિહાં વસે, સુલસા ઘરણિ નામ. ૧ ધન કણ કંચન છે ઘણો, રિદ્ધિ તણો નહીં પાર; પણ મૃત વાંછા તે સહી,

શોચે હૃદય મઝાર. ૨ તવ તે છોરૂ કારણે; હરિણ ગમેષી, દેવ, આરાધે એકે મને, નિત નિત કરતી સેવ. ૩

ઢાળ ૧૦ મી. કેટલે કાળે સેવા કરતાં, તુઠો દેવ તિહાં આયરે માઈ; કિણ કારણ તું મુજને સેવે, શ્યાની છે તુજ ચાહરે માઈ. પુણ્ય તણાં ફળ મીઠાંરે જાણો. ૧ એ આંકણી. વલતિ સુલસા ઈણી પેરે બોલે, જોડી દોનું હાથરે માઈ; જીણ કારણ મેં તુજને આરાધ્યો, તે સુણજો તુમે નાથ હો દેવા. પુણ્ય. ૨ ધનતો મહારે ભરીયા ભંડાર. તેહની ગરજ ન કાંઈ હો દેવા; મુવાં બાળક જીવતાં થાય, તે મુજ આપો વાય હો દેવા. પુણ્ય. ૩ વળતું દેવતા ઇણિપરે બોલે, તું સાંભળ મોરી વાતરે માઈ; મુવાં બાળક જીવતાં હુવે, તે શક્તિ ન કાંઈરે માઇ. પુણ્ય. ૪ વળતી સુલસા ઇણીપરે બોલે, સાંભળ મોરા ભાઈ હો દેવા; મુવાં બાળક જો તુજથી ન જીવે તો, દ્યો અવર ઉપાય હો દેવા. પુણ્ય. ૫ કોથળીમાં જે તું ઘાલે, તેટલું તે નિકળાયરે માઈ; પુરવ પુણ્યના સંચ જો હોવે, તો સરવે વાત થાયરે માઇ. પુણ્ય. ૬ વળતી સુલસા ઈણીપરે બોલે, સાંભળ તું ચિત્ત લાયરે દેવા; તુઠો પણ અણ તુઠા સરિખો, મહારી ગરજ ન સરી કાંઈ દેવા. પુણ્ય. ૭ વળતો દેવતા ઇણીપેરે બોલે, તુમે સુણજો ચિત્ત ઠાયરે માઈ; તતકાળ જે બાળક જન્મે, તે તુજને દેઉ લાઈરે માઈ. પુણ્ય. ૮ વળતી સુલસા ઈણીપરે બોલે, સાંભળ તું સુખદાઈ હો દેવા; હું શું જાણું તું કોઈના લાવે, તે મુજને ન સુહાય હો દેવા. પુણ્ય. ૯ કંસરાય જે મરણ

માગ્યા, દેવકી કેરા નંદરે માઈ; તે તુજને હું આણી દઈશ, કર હેશા આનંદરે માઈ. પુણ્ય. ૧૦ સુલસા સુણીને રાજી હુઈ, દેવ ગયો નિજ ઠામરે માઈ; અવધિજ્ઞાને વિચારી જોવે, અનુકંપા મન આણુરે માઈ. પુણ્ય. ૧૧

॥ દુહા ॥ દેવકીને સુલસા તણા, ગરભ સમ કાલે કીધ; જનમ સમય જાણી કરી, તુજ કુમાર તેણે લીધ. ૧ તે લેઈ સુલસાને દીયા, કુંઅર અતિ સુકમાલ; મૃતક બાળક સુલસા તણા, તે દેવ લીએ તતકાળ. ૨ તે લેઈ તુજ પાસે ઠવ્યા, છએ એણીપરે જોય; નિંદ્રા મુકી ગરભે પાલટયા, તે નવિ જાણે કોય. ૩ મૃતક બાળક કંસે લીઆ, તે જાણે સહુ કોય; છએ કુંવર મોટા થયા, ભણી ગણિ પંડિત હોય ૪ બત્રીસ બત્રીસ કન્યા વર્યા, એક લગન સુખકાર; પંચ વિષય સુખ ભોગવે, દેવકી ગંધક અનુહાર. ૫ વાણી સુણી વૈરાગ્યની, છએ લીધો સંયમ ભાર: એ છએ પુત્ર છે તાહરા, તું શંકા મ કર લગાર. ૬ તવ શંકા સહુએ ટળી, વાંદી નેમ જીણંદ; સાધુ સમિપ આવ્યા સહી, આણી ઘણું આણંદ. ૭

ઢાળ ૧૧ મી. ધન ધન જે મુનિવર ધ્યાને રમ્યાજી. એ દેશી.

દેવકી તે આવી નંદન વાંદવાજી, હૈડે ઉલ્લસી હરખિત થાયરે; નિજ વાછરૂઆને દેખી કરીને, જીમ નવ પ્રસૂતા ગાયરે. દેવકી૦ ૧ એ આંકણી. દેહ પ્રફુલ્લિત તિહાં અતિ ઘણીજી, રોમ રોમ ઉલસિત સારરે; તટકે તુટી કસ કંચુઆ

તણીરે. સ્તને વિછુટી દુધાં કેરી ધારરે. દેવકી. ૨ બળિયા માંહે તો બાહુ માયે નહીરે, જોતાં લોચન તૃપ્તિ ન થાયરે; તન મન રોમાંચિત હૈડો પ્રલ્લસેરે, નજર ન પાછી ખેંચી જાયરે. દેવકી૦ ૩ છએ સહોદર દીઠા સારિખારે, દેવકી તો રહી સામી નિહાળરે; નેત્ર ભરીયાં આંસુડાં થકીરે, જાણે તૂટી મોતી કેરી માળરે. દેવકી૦ ૪ વળી નિજ અંગજને નિરખી કરીજી, ઉલ્લસ્યો અતિ ઘણો નેહરે; ઘર જાતાં પગ વહે નહીજી, ફરી ફરી વાંદે તેહરે. દેવકી૦ ૫ વાંદી ભગવંતને ભલે ભાવશુંજી, દીઠાં બેઠાને ઉભાયરે, અધન્ય અપુન્ય અકૃત ચિંતવેરે, મહાવરાથી દુઃખ થાયરે. દેવકી૦ ૬ ઘેર આવી રાણી દેવકીજી, આર્ત રૌદ્ર મન ધ્યાયરે, એહવે અવસરે કૃષ્ણજી આવીઆરે, માતાના વાંદવા પાયરે. દેવકી૦ ૭

॥ દુહા ॥ કૃષ્ણે દુરથી દેખીયાં, આજ ખરી દીલગીર; પગે લાગ્યો જાણ્યો નહી, નયણે ઝરે તસ નીર. ૧ કહો માતા કિણે દુહવ્યાં, કિણે લોપી તુજકાર; વળી કૃષ્ણજી વિનવે, પણ ઉતર ન દીએ લગાર. ૨. હાથ જોડી માધવ કહે, સાંભળજો મોરી માય; મુજને વાત કહ્યા વિના, ગરજ ન સરશે કાંઈ. ૩

ઢાળ ૧૨ મી હું તુંજ આગળ શી કહું કાનૈયા, વીતક દુઃખની વાતરે ગીરધારીલાલ; દુઃખણી નારી નારી ઘણી છે કાનૈયા. પણ દુઃખણી ઘણી તાહરી માતરે, ગી૦ હું૦ એ આંકણી. જનમ્યા મેં તુજ સારિખા કાનૈયા, એકણના એ સાતરે ગી૦ એકે હુલરાવ્યો નહી કા૦ ગોદ લઈ બીણ માતરે

ગી૦ હું૦ ૨ એ છએ વાધ્યા સુલસા ઘરે; કા૦ હું નજરે આવી દેખરે; ગી૦ વાત કહી પ્રભુ નેમજી, કા૦ જીણમેં મીન ન મેખરે. ગી૦ હું ૩ છએ તો નાગ ઘર ઉછર્યા, કા૦ સુલસાની પુરી આશરે; ગી૦ રાજ રિદ્ધિ છોડી કરી, કા૦ દીક્ષા લીધી પ્રભુ પાસરે. ગી૦ હું૦ ૪ છએ તો હવે અળગા રહ્યા, કા૦ એક આવ્યો તું મારે પાસરે; ગી૦ તુજને મેં નવિ સાચવ્યો, કા૦ માહરે આવે તું છઠ્ઠે માસરે. ગી૦ હું૦ ૫. સોળ વરસ અળગો રહ્યો, કા૦ તું પણ યમુનાને તીરરે; ગી૦ નંદ જસોદાને ઘરે, કા૦ નામ ધરાવી આહેરરે. ગી૦ હું૦ ૬ સોલ વરસ છાનો વધ્યો. કા૦ પછે ઉઘડ્યાં તારાં ભાગ્યરે; ગી૦ જળ યમુનામેં જાયરે, કા૦ તેનાથી કાળી નાગરે. ગી૦ હું૦ ૭ બાળપણના બોલડા, કા૦ મેં એકે ન પુરી આશરે; ગી૦ આસ્યા વિલુધી હું રહી, કા૦ ભારે મુઈ સવા નવ માસરે. ગી૦ હું૦ ૮ હલક ન દીધો હાલરો, કા૦ પાલણીયેં પોઢાયરે; ગી૦ હાલરીયા દેવાતણી, કા૦ માહરી હોંશ રહી મનમાંયરે. ગી૦ હું૦ ૯ જગમેં મોટી મોહની; કા૦ ઉદય થઈ માહરી આજરે; ગી૦ તે જીવ જાણે માહરો, કા૦ કે જાણે જીનરાજરે. ગી૦ હું૦ ૧૦ આંગળીએ ન કરી ઘડી, કા૦ આંગળીયે વળગાયરે; ગી૦ શાહી શાહી ના મિલ્યો, કા૦ હું જાયણ કેમ કરાયરે. ગી૦ હું૦ ૧૧ કીધાં યાદ આવે નહીં કા૦ મેં કેઈ કરમ કઠોરરે; ગી૦ ભવાંતર કીધાં હશે, કા૦ મેં કીયાં પાપ અઘોરરે. ગી૦ હું૦ ૧૨ કે પંખીના માળા તોડીયા, કા૦

બાળક વિછોહા કીધરે; ગી૦ જીવ જયણા કીધી નહી, કા૦ કે કુડાં આળ મેં દીધરે. ગી૦ હું૦ ૧૩ કે મેં જીવાણી ઢોલીયા, કા૦ કે મેં મારી જુ લીખરે; ગી૦ તડકે જીવ મેં સેકીયાં, કા૦ બહુ જીવ કીધા સંહાર રે. ગી૦ હું૦ ૧૪ કઠિણ કરમ તે મેં કીયાં, કા૦ કે ત્રોડી સરોવર પાળરે; ગી૦ છાણે વિછી ચાંપીયા, કા૦ ન કરી મેં શીળ સંભારરે. ગી૦ હું૦ ૧૫ પાંતિ ભેદજ મેં કીયા, કા૦ ઇષી નિંદ્યા સરાપરે; ગી૦ કામની ગર્ભજ ગાળીયાં. કા૦ કે મેં કીધાં પ્રૌઢાં પાપરે. ગી૦ હું૦ ૧૬ અણગળ નીર મેં વાપર્યાં, કા૦ કે મેં પાડયાં અંતરાયરે; ગી૦ કે સાધુને સંતાપીયા, કા૦ તે ફળ આવ્યાં ધાયરે. ગી૦ હું૦ ૧૩

દુહા. માતા વયણ શ્રવણે સુણી, તવ તે જાદવરાય; હાથ જોડી વિનયે કરી, બોલે મધુરી વાણ. ૧ પુર્વ સંબંધિ દેવતા, તેડાવું મોરી માય; તુજ મનોરથ પુરવા, કરીશ કોડ ઉપાય ॥ ૨ ॥

## ઢાળ ૧૩ મી ચંદ્રાવળાની દેશી.

વળતા કૃષ્ણજી ઇમ કહે હો, માજી મ કરે ચિંતા લિગાર, જીમ તુમ નંદન થાયસે હો, તિમ હું કરીશ વિચાર. તિમ હું કરીશ વિચારરે માઇ. મનેમેં ચિંતા મ કરો કાંઇ; દેજો મુજને ભલીય વધાઇ, જબ જનમે મારો નાનોભાઇ. જીઓ માતાજી જીઓ. ૧ માતા ચરણે નમી કરી હો, આવ્યો પોષધશાળ; હરિણગમેષી દેવતા હો, મન

સમર્યો તતકાળ; મન સમર્યા તતકાળ મુરારી, અટ્ઠમ ભક્તિ જ ચિત્તમેં ધારી; દેવતા આવી કહે તિણવારી, એહવો કષ્ટ કિઓ કીમ ભારી. જીઓ કાનાજી જીઓ. ૨ દેવ કહે કૃષ્ણજી પ્રત્યે હો, કિમ તેડાવ્યો મુજ; કારજ કહો મુજને સહિ હો, જે કરવો હોય તુજ; જે કરવો હોય તુજ કામ ભારી, અમે છઉ તુજને ઉપકારી; આદેશ દ્યો અમને સુખકારી, કામ કહોને તે સુભસારી. જીઓ કાનાજી જીઓ. ૩ દેવ પ્રત્યે કૃષ્ણજી કહે હો, સુણો તુમે ચિત્તધાર; લઘુ બાંધવ માગું સહી હો, કૃપા કરો હરિણગમેષી. કૃપા કરો હરિણગમેષી સારી, આવે બાળક લીલાકારી; સુખ પામે જ્યું માત હમારી, જાદવકુળ માંહે જય જયકારી, જીઓ દેવાજી જીઓ. ૪ દેવકીનંદન આઠમો હો, જીમ થાયે તિમ જેમ; ઇણકારણ તુમ સમર્યો હો, ઓર નહિ કોય પ્રેમ. ઓર નહિ કોય પ્રેમ હમારે, બાળકની લીલા ચિત્તમેં ધારે; એહ સ્ત્રીને હોયે જગ આધાને, પુત્રને દેખે માતજી વારે, જીઓ દેવાજી જીઓ. ૫ અવધિજ્ઞાન પ્રયુંજીને હો, દેવ કહે તેણીવાર; દેવલોકથી ચવિ કરીહો, દેવકી કુખે અવતાર. દેવકી કુખે અવતારજ થાશે, સવા નવ માસ જીયારે થાશે; પુત્ર જનમ્યાથી સુખ થાસે, દરિશન જેહનો સહુને સુહાશે. જીઓ કાનાજી જીઓ. ૬ ભર જોબન વય પામસે હો, પુત્ર હોશે મહા મહોટા; પણ દીક્ષા લેશે તે સહિહો, વચન નહીં હમ ખોટા. વચન હમારા ખોટા ન થાઇ, માતાને આવી દીધ વધાઇ; માતાને હિયડે હરખ ન માવે,

કૃષ્ણજી મનમાં આનંદ પાવે. જીઓ માતાજી જીઓ; ૭ વળતા કૃષ્ણજી ઇમ કહે હો, સાંભળજો મોરી માઇ, દેવરૂપ કુંવર હોશે હો, દેજો મુજ વધાઇ. દેજો મુજ વધાઈ માત, પુત્ર હોશે જગત વિખ્યાત; મનમાંહે રાખો તુમે સુખશાતા, માતાજી થશે મુજ લઘુ ભ્રાતા. જીઓ માતાજી જીઓ. ૮ વચણ સુણી કૃષ્ણજી તણા હો, ઉપન્યો મન આણંદ; વળતિ દેવકી ઇમ કહે હો, તું તો મુજ કુળચંદ. તું તો મુજ કુળચંદરે ભાઇ, માહરી ચિંતા દુર ગમાઇ, કૃષ્ણે સંતોષી નિજ માઇ, પછે સુખ વિલસે આવસે જાઇ. જીઓ કાનાજી જીઓ. ૯ ઇણિ અવસરે દેવથી ચવિયો હો, દેવકી ઉદર ઉત્પન્ન, સિંહ સુપન દેખી કરી હો, મનમાં હુઈ સુપ્રસન્ન. મનમાં હુઈ સુપ્રસન્ન સોભાગી, જાઈ પિયુને પુછવા લાગી; પિયુ કહે સુણ તું વડભાગી, પુત્ર હોશી તુમ ગુણનો રાગી. જીઓ માતાજી જીઓ. ૧૦ એહ વચન દેવકી સુણી હો, સુખે ગમાવે કાળ; સવાનવ માસે જનમીયો હો, કુંવર અતિ સુકુમાળ. કુંવર અતિ સુકુમાળ દેખીને, નામ દીઓ ગજસુકુમાળ હરખીને; હરખ પામે દેવકી નીરખીને, રીજે સહુ કોઈ ગુણ પારખીને. જીઓ કુંઅરજી જીઓ. ૧૧ હવે માતા નિજ પુત્ર શું હો, રઈ રમાડે બાળ; મનના મનોરથ પુરવે હો હાથોહાથ વિશાળ. હાથોહાથ વિશાળરે બાઇ, રમાડે માતા હરખ ઉમાઇ; હાલરડાં ગાય, દીન ગમાવે રાજી થાય, જીઓ કુંવરજી જીઓ; ૧૨ ગજસુકુમાર મોટો થયો છે, બહુ ઉછરંગે ભણાય; રૂપ વિચક્ષણ જાણીને હો,

સોમલ ઘર મનાય. સોમલ ઘર વિવાહ મનાવીયો, દેવકી માતા આનંદ પાયો; દીન દીન વાધે તેજ સવાયો, જાતો ન જાણે કાળ ગમાયો. જીઓ કુંવરજી જીઓ. ૧૩

દુહા. ઇણે અવસર શ્રી નેમ જીન, કરતા ઉગ્ર વિહાર; ભવિક જીવ પ્રતિબોધવા, છોડાવતા સંસાર. ૧ એક દીન નેમ પધારીયા, સોરઠ દેશ ઉદાર; દ્વારિકા નયરી આવીયા, નંદન વન મોજાર. ૨ આજ્ઞા લેઈ વનપાળની, ઉતરીઆ તિણ ઠાય; સંયમ તપે કરી ભાવતા, બહુ ગુણ તણા ભંડાર. ૩

ઢાળ ૧૪ મી. રાણકપુર રળીયામણોરે લાલ. એ દેશી

નેમજીણંદ સમોસર્યારે લાલ, નિર્લોભી નિર્માય રે; ભવિક જન. દરિસન દીઠે તેહનાંરે લાલ, ભવોભવનાં દુઃખ જાયરે; ભવિક જન. નેમજિણંદ સમોસર્યારે લાલ. એ આંકણી ૧ સહસ અઢારે સાધુજી લાલ, સાધવી ચાલીશ હજારરે; ભ૦ જાણે આણ મનાવત,રે લાલ, શાસનના સિરદારરે. ભ૦ નેમ૦ ૨ ચોત્રીશ અતિશય વિરાજતારે લાલ, પાંત્રીસ વાણી સારરે; ભ૦ શુભ લક્ષણ સોહામણારે લાલ, આઠને એક હજારરે. ભ૦ નેમ૦ ૩ પ્રભુ દરિશન દેખી કરીરે લાલ, હરખે વાંદ્યા પાયરે; ભ૦ વનપાળક ઉતાવળોરે લાલ, કૃષ્ણ પાસે તે જાયરે ભ૦ નેમ૦ ૪ વનપાલક આવી કરીરે લાલ, જોડી દોનુ હાથરે ભ૦ કૃષ્ણજી પ્રત્યે આવી કહેરે લાલ, સાંભળજો નરનાથરે; સુગુણ જન. નેમ૦ ૫ દરિશન જેહનો ઇચ્છતારે લાલ, કરતા મનમે

ચાહુરે; ભ૦ વિચરીયાં છ કાયનારે લાલ, શ્રી નેમ જિનરાયરે. ભ૦ નેમ૦ ૬ નામ ગોત્ર સુણી રીઝતારે લાલ, ધરતા મન અભિલાખરે; ભ૦ તે શ્રી નેમ પધારીયારે લાલ, વનપાળે ઇમ દાખરે ભ૦ નેમ૦ ૭ દીજીયે દેવ વધામણીરે લાલ, પામી મન આણંદરે; ભ૦ તેહ વયણુ સુણી કરીરે લાલ, તવ તે હરખ્યા ગોવિંદરે. ભ૦ નેમ૦ ૮ આસનથી ઉઠી રાજીયોરે લાલ, સાત આઠ પગ સામો જાયરે; ભ૦ પ્રભુને કીધી વંદનારે લાલ, પછે બેઠો નિજ ઠાયરે. ભ૦ નેમ૦ ૯ કૃષ્ણે દીધી વધામણીરે લાલ, બોલે મધુરી વાણુરે, સુ૦ સોનૈયા દીયા સામટારે લાલ, સાડી બારે લાખરે. સુ૦ નેમ૦ ૧૦ વનપાળને વદાય કરીરે લાલ, પછે ચાકર નિજ તેડાયરે; સુ૦ કોમુદીભેર વજડાવીનેરે લાલ, તે સાંભળી સહુ સજ્જ થાયરે. સુ૦ નેમ૦ ૧૧ ઉઠોરે લોકો સંતાપશુરે લાલ, રખે અવલો થાયરે; સુ૦ એક ઘડી દરિશણુ વિનારે લાલ. ક્ષણુ લાખિણો જાયરે; સુ૦ નેમ૦ ૧૨ કોઈ કહે દરિશણુ દેખશું રે લાલ, કોઈ કહે સુણશું વાણુરે; સુ૦ કોઈ કહે સાંસો છેદસાંરે લાલ, કોઈ કુતુહલ જાણુરે. સુ૦ નેમ૦ ૧૩

દુહા; ઇમ વિવિધપરે ચિંતવી, બહુ નારીના વૃંદ; સ્નાન કરી સિણુગારીયા; મનમાં ધરી આણુંદ; ૧ નગરી મધ્યે થઈ નિકળ્યા, ચઢી હય રથ ગયંદ; પંચ અભિગમ સાચવી જઈ વાંદ્યા નેમ જીણુંદ. ૨

ઢાળ ૧૫ મી. શ્રી સુપાસ જીનરાજ,
તું ત્રિભુવન સિરતાજ. એ દેશી.

સોરઠ દેશ મોઝાર, દ્વારિકા નગરી સાર, આજ હો વસુદેવ રાજા રાજ કરે તિંહાંજી. ૧ ભાઈ દશે દશાર, બળભદ્ર કાન કુમાર; આજ હો દીપેરે સોહાગણ રાણી દેવકીજી. ૨ તસુ લઘુ પુત્ર રસાળ, નામે ગજસુકુમાળ; આજ હો માત પિતાને વાલ હો પ્રાણથીજી ૩ આવ્યા સુણી નેમજીણંદ, સાથે સુરનર વૃંદ; આજ હો સેવ્યા સુખદાયક સ્વામી સમોસર્યાજી. ૪ જાદવ બહુ પરિવાર, મન ધરી હરષ અપાર; આજ હો કૃષ્ણાદિક સહુ ઉછરંગે ભર્યાજી. ૫ કરી બહુ અતિ મામ, વંદન નેમિ સ્વામ; આજ હો ગજસુકુમાળ તે સાથે લેઈનેજી. ૬ વિધિશું વાંદી જીન પાય, તવ તે દોનું ભાય; આજ હો ઉચિતથાનક તિહાં આવી બેઠા સહીજી. ૭ તવ તે જીન હિત આણ, ભાખે મધુરી વાણ; આજ હો ધર્મ કથા કહી, બહુ વિબહુ નરનાર; આજ હો વાંદીને વૃત ગૃહિ, નિજ નિજ ઘર ગયાંજી. ૮ વાણી સુણી કૃષ્ણરાય, વાંદ્યાં જીનવર પાય; આજ હો જીમ આવ્યો તિમ નિજ ઘરે ગયોજી. ૧૦

દુહા; જીન વાણી શ્રવણે સુણી, બુજ્યો ગજસુકુમાલ; ઘર આવી માતા ભણી, બોલે વચન રસાળ. ૧

ઢાળ ૧૬ મી. નદી યમુનાકે તીર
ઉડે દોય પંખીયાં. એ દેશી.

વાણી સુણી જીનરાજ તણી કાને પડી, રે માડી અંતર હઇડાની આંખ મારી ઉઘડી; વળતી માતા બોલે

હું વારી તાહરી, રે જાયા સુણી પ્રભુજીની વાણ પુન્યાઈ તાહરી. ૧ કહીશ્રી જીનરાજ તે સાચી મેં સદ્દહી, રે માઈ લાગી મીઠી સાકર દુધને દહી; દીજે અનુમતિ જઈ સંયમ લેશું સહી, ન કરો આજ્ઞાની ઢીલ પુત્રે એસી કહી. ૨ આજ સભામેં જીનધર્મ વખાણ્યો જીનવરે, મુજને રૂચ્યો છે તેહ છેહ સકળ દુઃખનો કરે; એ સંસાર અસાર કે છાર સમો લખ્યો, જન્મ મરણ દુઃખ કરણ જલણ જાળે ધખ્યો. ૩ શ્રી જીન મારગ વાણ કારણ ઓળખ્યો, એ વિના અવર ન કોઈ સકળ શાસ્ત્રે લખ્યો; કારાગાર સમાન અગાર વિહાર છોતજવે, કોઇકવાર આખર પહેલાં પછે. ૪ એક ઇહાં અણગાર પણો સુખકાર છે, ધો અનુમતિ વાત નકો કરવી અછે; નંદન વચન સુણી ઇમ જનની જળ ફળી, હિત આણી દુઃખવાણી ભાખે થઈ ગળગળી. ૫ વાણી એ પુરવ વાત પુત્રની સાંભળી, ઘણું મુર્છાગત આય ધ્રુસકી ધરણી ઢળી; ભાગી હાથારી ચુડ માથે કેશ વિખરી વળી, હુઓારે ઓઢણો દુર ધ્રુસકી ધરણી ઢળી. ૬ મોહતણો વશ આય સુરત ઝાંખી થઈ, શીતળ વાય સચેત થઈ બેઠી ભઈ; કુંવરનાં મુખ સામો માય રહી જોવંતી, મોહતણે વશ બોલે માતા રોવંતી. ૭ તુજ મુખ માંહેથી વચ્છ વાણીયે કિમ પડી, મહારે છે તુજ ઉપર આસ્થા અતિ વડી; હું મુખથી તુજ નામ ન મેલુ અદઘડી, રે જાયા તું જીવન અંધા લાકડી. ૮ ચારિત્ર છે વચ્છ દુક્કર અસિધારા સહિ, સુર ગીરિ તોલવો બાહકે તરવો જળો દહિ; ઉપાડી લોહ ભાર

ગિરિ ચઢવો વહી, તું સુંદર સુકુમાલ પાળે કેમ થિર રહી. ૯ દોષ બેંતાલીસ ટાળી કરવી ગોચરી, ભમવું ભમરા જેમ ચિંતામાને ગોચરી; કનક કચોલા છોડ લેણી વચ્છ કામળી; જાવ જીવ લગે વાટ ન જોવી પાછલી. ૧૦ જે ઇહ લોકે આશંસકે પરલોકે પર ઈહા, કાયરનેકા પુરૂષને એ સવિ દુલ્લહા; ધીર વીર ગંભીરને શી દુક્કર કહા, માત કરી એ વાત બિહાવો સ્યો મુહા. ૧૧ પરિસહ કેરી ફોજ આવી જબ લાગશે, સંયમ નગર સભાવ, કોટ તવ ભાંગશે, તારે વચ્છ તુજ જોર કાંઇ નહીં ફાવશે, પુત્ર અમારૂં તામ વચન મન આવશે. ૧૨ કોટ શુભ મનોરથ સુભટ બેસાડશું. સત્વ રૂપપર કોઠો માંહે સમારશું: સમતા નાવે જ્ઞાન ગોળા ભરી મારશું, પરિસહ કેરી ફોજ આવતી વારશું. ૧૩ રાગ દ્વેષ દોય ચોર જોરાવર છુટશે, પુન્ય ખજાનો માલ અમુલખ લુંટશે; કાંત્યુ પીંજ્યું વચ્છ કપાસ તે થાય છે મન કેરી મનમાંહે, કે હુંશ સમાય છે. ૧૪ પહેરી ઉચ્છાહ સન્નાહ પ્રાસમ ધનુષ્ય ગ્રહી, થિરતા પણે છે વૈરાગ કે બાણ પુંખી કહી; સાહમાં પહેલી મુઠે હણશું તે સહી, વીર જનની તુજ નામ કહાવીશ તે વહી ૧૫

॥ દુહા ॥ વળતી માતા ઇમ કહે, ભોગવો સંસારી ભોગ; ભુક્તભોગી હુઆ પછી, તમે લેજો સંયમ ભોગ. ૩

ઢાળ ૧૭ મી માંકણ મુછાળો. એ દેશી.

સાંભળરે મોરી માતા, એતો વિષયારસ દુઃખ દાતા; હે નિજ મન સમજાયલો, મન સમજાયલો મોરી માતા.

એતો જન્મ મરણુ દુઃખ દાતા. હે નિજ. ૧ જીણે ન કીયો ધર્મ લીગાર, તે તો પહોંત્યા નરક મજાર; હે૦ જે જે કીધા ઇણે સંસાર, તે તેહની આવે લાર. હે નિજ૦ ૨ ઇણુ ભવ પીડા પાવે, તે તો મુલ કોય ન મીટાવે; હે૦ કુટુંબ મિલી સહુ આવે, પણ દુઃખ કોય નવીહ ચાવે. હે નિજ૦ ૩ તે પરભવ કુણુ આશી, જીવ કીધાં પાપ પુન્યવાશી; હે૦ તે એકલડો દુઃખ પાસી, બીજો આડો કોઈ ન થાસી. હે નિજ૦ ૪ ઇણુ ભવથી હું ડરીયો, લખ ચોરાસીમાં ફરીયો; હે૦ બાળ મરણુ હું મરીઓ, વાર અનંત અવતરીઓ. હે નિજ૦ ૫ રમણીરંગ પતંગ, નહીં પ્રીત અભંગ; હે૦ રમણી કરાવે બહુ જંગ, તેહ શું કુણુ કરે સંગ. હે નિજ૦ ૬ એમ જે પ્રાણી માંચ્યા, તે તો મુરખ કહીએ જાચા, હે૦ ઈણુ સંસારરો જગડો કુડો, મેંતો જીન મારગ પાયો રૂડો. હે૦ નિજ૦ ૭ હુ રાચું નહીં એમાં ઊંડો, જીમ પાંજરા માંહે સુડો; હે નિજ૦ ૮ માતાજી અનુમતી દીજે, ઘડી એકરી ઢીલ ન કીજે; હે૦ માતાજી મયા કરી જે, જેમ મુજ કારજ સીજે. હે નિજ૦ ૯ શ્રી નેમિસર પાસ, હું તો પુરીશ મનની આશ; હે૦ માએ જાણ્યો કુંવર ઉદાસ, કરે વળી ઉત્તર તાસ. હે નિજ૦ ૧૦

॥ દુહા ॥ ધનાદિક બહુ નિમંત્રી, ઉત્તર પડુતર બહુ કીધ; તે વિસ્તાર છે ઘણો, અંતગડ માંહે પ્રસિદ્ધ. ૧ વળતું કહે રાણી દેવકી, પુત્ર તું લઘુ વેશ; સંયમ દુક્કર છે સહિ, તે તું કિમ પાળીશ. ૨

॥ દુહા ॥ ઈમ કહી પાછાં વળ્યા, દેવકીને પરિવાર; પછે કૃષ્ણ પણ વાંદીને, પહોતા નગર મોઝાર, ૧ પ્રભુજીએ દીક્ષા દઈ, શીખવ્યો સર્વ આચાર; પ્રભુ પાસે વિનયે કરી, ભણ્યા અંગ અગીયાર, ૨ ઈર્યા સમિતિ શોભતા, થયા ગજ અણગાર; છ કાય તણી રક્ષા કરે, પાળે નિરતિચાર. ૩

ઢાળ ૧૯ મી. સોરઠ દેશ સોહામણો. એ દેશી.

દીક્ષા દિન પ્રભુ વાંદીને, મસાણે સંધ્યાકાળરે; પડીમા ઠાઈ કાઉસગ્ગ કર્યા, તિહાં સોમળ આવ્યો ચાલરે. સોભાગી શુકલધ્યાને ચઢ્યો. ૧ મુનિ દેખી વેર ઉલ્લસ્યો, થયો કોપાંતર કાળરે; વિણ અવગુણ મુજ પુત્રીનું, જનમ ખોયો તે આલરે. સો૦ ૨ ઇમ બહુ રીસે પરજળી, બાંધી માટી પાળરે; કેસુવરણા માથે ધર્યા, ધગધગતા ખેર અંગારરે. સો૦ ૩ તાપે તુમડી ખદખદે, ફડફડ ફૂટેજી હાડરે; ચામ ચડચડે નસા તડતડે, લોહી વહે નિલાડરે. સો૦ ૪ ધીર વીર મુનિ ધ્યાને ચડ્યા, કરે નિજ સંભાળરે; જે દાઝે તે માહરૂં નહીં, પણ નાણ્યો મને કરી કાળરે. સો૦ ૫ અનાદિ કાળનું જીવડો, કરી પ્રવર્તિનો સંગરે; પુદ્ગલ રાગે રીઝીયો; નવ નવે તે રંગરે. સો૦ ૬ કુમતિ સેનાને વશ પડ્યો, જીવ તું રઝળ્યો સંસારરે; અનાદિ કાળનો ભુલી ગયો, હવે કરો નિજ વિચારરે. સો૦ ૭ સુમતિ નિવૃત્તિ અંગી કરી, ટાળી અનાદિ ઉપાધિરે; ક્ષમા નીરે આતમા સિંચીયો, આણી પરમ સમાધિરે. સો૦ ૮ અપુરવ કરણ શુકલ ધ્યાનનો, ત્રીજો પાઈ એ ક્ષપકશ્રેણીરે; પરમ

શુકલ લેશ્યા વરી, તે શું બાળે અગ્નિ તૃણ ખીણુરે. સો૦ ૯ ઘાતિ કર્મ ખપાવીઆ, ટાળ્યો કરમ વિકારરે; કર્મ ટાળી કેવળ લહી, પહોતા મુક્તિ મોઝારરે. સો૦ ૧૦ કેવળ મહોચ્છવ સુરે કર્યો, પછે પુછ્યો દેવકી મોરારરે; સર્વ સર્વ વૃત્તાંત તવ કહ્યો, તે સુત્રે છે વિસ્તારરે. સો૦ ૧૧ સાત સહોદર મુકિત ગયા; વાંદી નેમજીણંદરે; નિત્ય મુનિ સંભારીએ, લહીએ પરમાનંદરે સો૦ ૧૨ ધરમ દલાલી કૃષ્ણે કરી, ખરચ્યો દ્રવ્ય અપારરે; ચાર તીરથને સાહ્ય કરી, વળી વધામણી દીધી સારરે. સો૦ ૧૩ તીણે તીર્થં-કર ગોત્ર બાંધીએ, સુણજો સહુ નરનારરે, ત્રીજીથી નીકળી અમર નામે, જીન હોશે જગ આધારરે. સો૦ ૧૪ કરમ ખપાવી કેવળ લહી, પહોંચશે મુકિત મોઝારરે, એહવું જાણી જે ધરમ આદરે, તે લેશે ભવજળ પારરે. સો૦ ૧૫

---

# वैराग्यनी सज्झाय

નથી સાર જગતમાં ભાઈ, હવે કરી લે સુકૃત કમાઈ, જીવ જોવું જરૂર તપાસી, ખુબ ભટકયો લાખ ચોરાશી. મળ્યો માનવ તન સરસાઈ ॥ નથી ૧ ॥ તું માતા ઉદરે આવ્યો, દશ માસ કેદ પુરાયો, તિહાં ભોગવી બહુ દુઃખદાઈ, નથી સાર. ॥ ૨ ॥ તું ઉંધે સીર લટકાયો, તું ઉંચો નીચો પછડાયો, આડો આવે તો જાય કપાઈ, નથી સાર૦ ॥૩॥ જન્મ પ્રસંગની પીડા, જાણે જીવતા નારકીના

ક્રીડા, કોઈ પત્તો ન પામે ભાઇ, નથી સાર૦ ॥ ૪ ॥ અહિં આધિ વ્યાધિ ને ઉપાધિ, તેં પાપની ગાંઠડી બાંધી, કહો છુટે કેમ છોડાઇ, નથી સાર૦ ॥૫॥ માત પિતા સૂત ત્હારા છે, સઘળા તુજથી ન્યારા, છે. સહુ સ્વાર્થની સગાઇ, નથી સાર૦ ॥ ૬ ॥ સંસાર સ્વપ્નના જેવું, ફોગટ પાણી વલોવું, ઠાલી શી કરે ઠકુરાઈ. નથી સાર૦ ॥ ૭ ॥ ધરે મેરૂ જેવો અભિમાન, પલમાંહે થશે સમસાન, ડુબી જશે સબ ચતુરાઇ, નથી સાર૦ ॥ ૮ ॥ સદ્‌ગુરૂ શીખડી દે છે, જેવું દેખે તેવું જ કહે છે, જો માને તો તારી ભલાઇ, નથી સાર૦ ॥ ૯ ॥ લાવ્યા પાપ કર્મના ગોદા, છે હાર જીતના સોદા, બધી અસ્થિર બાજી રચાઇ, નથી સાર૦ ॥૧૦॥ મળ્યો માનવનો અવતાર, હવે લગારેક ભાર ઉતાર, સવા કોડની કરી લે કમાઈ. નથી સાર૦ ॥ ૧૧॥ મન કેશર મંત્રી બનાવો, શુભ સુમતિ સોહાગણુ લાવો, છે. ધર્મ રત્ન સુખદાઇ, નથી સાર૦ ॥ ૧૨ ॥

## ॥ श्री चंदनबाळानी सज्झाय ॥

કોસંબી નયરી પધારિયા, વહોરવા તે શ્રી મહાવીર, અભિગ્રહ એમ ચિંતવ્યો, તમે શું જાણો જગદીશ હો સ્વામી. બ્રાહ્મણીએ જાઉં હો સદ્‌ગુરૂ૦ ॥૧॥ વહોરંતા નિત્ય દહાડલે, મુનિ ભમતા ઘર ઘર બાર, સુખડી ઘેબર ઢાંકી મેલ્યાં, એ તો મનમાં ન આણે લગાર, હો સ્વામી૦ ॥૨॥ રાજાના મહેલ લુંટાઈ ગયા, લુંટી તે ચંપા પોળ, નિજ

સ્થાનક આવી રહ્યા, ત્યાં તો હાથી ઘોડાના ગંજ. હો સ્વામી૦ ॥ ૩ ॥ રાજાના મહેલ લુંટાઈ ગયા, લુંટી કરી ઘેર જાય, સોપાલક મહેલે ચડ્યો, ત્યાં તો દીઠાં છે ચંદનબાળા. હો સ્વામી૦ ॥ ૪ ॥ ચંદનબાળા ધારણી, હેઠાં ઉતારી ત્યાંય, ખંધે ચઢાવીને લઈ ગયો, એ તો બોલે છે કડવા બોલ. હો સ્વામી૦ ॥ ૫ ॥ બાઈ તું મારે ઘેર ગોરડી, હું છું તારો નાથ, એવાં વચન જ્યારે સાંભળ્યાં, ત્યારે ધારણીએ કીધો કાળ. હો સ્વામી૦ ॥૬॥ જીભ કચરીને મરી ગઈ, મરતાં ન લાગી વાર, એ તો મરી ગઈ તત્કાળ, હો સ્વામી, બ્રાહ્મણીએ જાઉં હો સદ્‌ગુરૂ૦ ॥ ૭ ॥ ખંધેથી હેઠા પડ્યા, ટળવળે તે ચંદનબાળ, બાઈ તું મહારે ઘેર બેટડી, હું છું તાહરો તાત, બાઈ મ કરીશ આપઘાત. હો સ્વામી૦ ॥૮॥ ખંધે ચઢાવીતે લેઈ ગયો, ઘેર છે ચેતા નાર, જાઓ રે બજારમાં વેચવા, નકર જાઈશ રાજ પોકાર. હો સ્વામી૦ ॥ ૯ ॥ ખંધે ચઢાવી લેઈ ગયો, વેચવા તે બજાર માંહી, બજારમાંહી ઉભી કરી, એને મુલવે કોશ્યા નાર. હો સ્વામી૦ ॥ ૧૦ ॥ લાખ ટકાએ બાઈને મુલવે, મોં માગ્યાં તે આપે મૂલ, લાખ ટકાના બાઈ અધલાખ, બાઈ તુમ ઘર કેવો આચાર. હો સ્વામી૦ ॥ ૧૧ ॥ રાગ ઠાઠ બનાવવા, સજવા તે સોળ શણગાર, હિંડોળા ખાટે હીંચવા, અમ ઘેર ચાવવાં ચેલઈયાં પાન. હો સ્વામી૦ ॥ ૧૨ ॥ મારો ભઠ પડ્યો અવતાર હો સ્વામી, મેં શ્યાં કીધાં તાં પાપ. હો સ્વામી, મેં ના સમર્યા ભગવંત હો સ્વામી, મેં ન આરાધ્યા

અરિહંત હો સ્વામી, મેં તોડી પુન્યની પાળ હો સ્વામી, બ્રાહ્મણીએ જાઉં હો સદ્ગુરૂ,૦ ॥ ૧૩ ॥ આકાશે ઉભા દેવતા, સાંભળી એવા બોલ, એણે વિકુર્વ્યા વ્યંતર વાંદરા, હો સ્વામી૦ ॥ ૧૪ ॥ નાક કાન વલુરીયા, એ તો નાશી ગઈ તત્કાળ. હો સ્વામી૦ ॥ ૧૫ ॥ ખંધે ચઢાવીને લેઈ ગયો, વેચવા તે બજાર માંહી, ચૌટા માંહી ઉભા કરી, એને મુલવે ધનાવહ શેઠ. હો સ્વામી૦ ॥ ૧૬ ॥ લાખ ટકાએ બાઈને મુલવે, મ્હોં માગ્યાં તે આપે મૂલ, લાખ ટકાના ભાઈ અધલાખ, ભાઈ તુમ ઘર કેવો આચાર. હો સ્વામી૦ ॥ ૧૭ ॥ પોષહ પડિક્કમણાં અતિ ઘણાં, આયંબીલનો નહિ પાર, ઉપવાસ એકાસણાં નિત્ય કરવાં, અમ ઘેર પાણી ગળવાં ત્રણવાર. હો સ્વામી૦ ॥ ૧૮ ॥ મેં આરાધ્યા અરિહંત હો સ્વામી, મેં સમર્યા ભગવંત હો સ્વામી, મેં બાંધી પુન્યની પાળ હો સ્વામી, બ્રાહ્મણીએ જાઉં હો સદ્ગુરૂ૦ ॥ ૧૯ ॥ શેઠ વખારેથી આવીયા, ચંદનબાળા તે ધુવે શેઠના પાય, મૂળાએ મનમાં ચિંતવ્યું, એ તો નારી કરીને રાખી. હો સ્વામી. બ્રા૦ ॥ ૨૦ ॥ હાથે તે ઘાલ્યાં ડસકલાં, પગે તે ઘાલી હેડ, મસ્તકે મુંડા રે વેણીના કેશ હો સ્વામી, એમને ઘાલ્યાં છે ગુપ્ત ભંડાર હો સ્વામી૦ ॥ ૨૧ ॥ પહેલું તે દહાડું તિહાં થયું, કયાં ગઈ તે ચંદનબાળ, સરખી સહિયરોમાં ખેલવા, એ તો ઘરમાં ન આવે લગાર. હો સ્વામી૦ ॥ ૨૨ ॥ બીજો તે દહાડો તિહાં થયો, કયાં ગઈ તે ચંદનબાળ, તમે એને

મેઢે ચઢાવી મેલી. એ તો કહ્યું ન માને લગાર. હો સ્વામી. બ્રા. ॥ ૨૩ ॥ ત્રીજો તે દહાડો તિહાં થયો, ક્યાં ગઈ તે ચંદનબાળ, તમે એને લાડવાઈ કરી મેલી, એ તો અંતરમાં ન આણે લગાર. હો સ્વામી બ્રા. ॥ ૨૪ ॥ ચોથું તે દહાડું તિહાં થયું, ક્યાં ગઈ તે ચંદનબાળ, શેઠે કટારો કાઢિયો, હવે મારીશ મારે પેટ હો સ્વામી. મૂળા નાશી ગઈ તત્કાળ હો સ્વામી. બ્રા૦ ॥ ૨૫ ॥ શેઠે પાડોસીને પુછીયું, ક્યાં ગઇ તે ચંદનબાળ, હાથે તે ઘાલ્યાં ડસકલાં, પગે તે ઘાલી હેડ. મસ્તકે મુંડયા રે વેણીના કેશ, હો સ્વામી, બ્રાહ્મણીએ જાઉં હો સદ્ગુરૂ૦ ॥ ૨૬ ॥ શેઠે તાળાં તોડીયાં, કાઢયાં તે ચંદનબાળ, એમને બેસાર્યાં ઉમરામાંય હો સ્વામી, સુપડા ખૂણે બાકુલા બેસાડી ચંદનબાળ, શેઠજી લુવારને તેડવા જાય, હો સ્વામી. બ્રાહ્મણીએ જાઉં હો સદ્ગુરૂ૦ ॥ ૨૭ ॥ છ માસીને પારણે, મુનિ ભમતા તે ઘેર ઘેર બાર, સઘળી જોગવાઈ તિહાં મલી, પણ ન દીઠી આંસુની ધાર. હો સ્વામી. બ્રા૦ ॥ ૨૮ ॥ ત્યાંથી તે પ્રભુ પાછા વળ્યા, મારો ભઠ પડયો અવતાર. હો સ્વામી, મેં તોડી પુન્યની પાળ હો સ્વામી, મેં ન સમર્યા ભગવંત હો સ્વામી, મેં ન આરાધ્યા અરિહંત હો સ્વામી૦ ॥ ૨૯ ॥ પાછું વાળીને જુવે તિહાં, દીઠી આંસુની ધાર, સઘળી જોગવાઈ તિહાં મલી, ત્યાં તો વહોરાવે ચંદનબાળ, વ્હોરાવી કરો તુમે પારણું તમારો સફળ થયો અવતાર હો સ્વામી૦ ॥ ૩૦ ॥ હાથે તે થયો સોના

ચુડલો, પગે તે થઈ સોનાની હેડ, મસ્તકે થયા રે વેણીના કેશ હો સ્વામી, સેંથો તે થયો મોતીનો સેર હો સ્વામી૦ ॥ ૩૧ ॥ શેઠજી લુહાર તેડીને આવીયા. શું થયું તે ચંદનબાળ, પિતા તમારે પસાય હો સ્વામી, એટલે આવ્યા મૂળા માય, શું થયું તે ચંદનબાળ, માતા તમારે પસાય હો સ્વામી૦ ॥ ૩૨ ॥ દેશ દેશના રાજવી, ચંદનબાળાને વાંદવા જાય, તિહાં કને બાર ક્રોડ બત્રીશની વૃષ્ટિ થાય હો સ્વામી, તિહાં કને નાટારંભ ઘણા થાય હો સ્વામી, તિહાં કને દેવતાઈ વાજાં વાગે હો સ્વામી, તિહાં કને અટ્ટાઈ મહોત્સવ ઘણા થાય હો સ્વામી, તિહાં કને લબ્ધિ વિજય ગુણ ગાય, હો સ્વામી. બ્રાહ્મણીએ જાઉં હો સદ્ગુરૂ૦ ॥૩૩॥

## ॥ श्री चंदनबाळानी सज्झाय ॥

ચંપા રે નગરી દધિવાહન રાજા, ધારિણી તસ પટરાણી રે, આજ કાલ અઠ્ઠમ તપ છે ભારી૦ ॥ ૧ ॥ દધિવાહન સુલતાની સુલડીઓ, દધિવાહન ગયો હારી રે. આજ૦ ॥ ૨ ॥ ઉત્તમ જીવ કુંખે ઉપન્યા, વસુમતિ કુમારી રે. આજ૦ ॥ ૩ ॥ ધારિણી રાણી વસુમતી કુંવરી, સુભટે કરી અપહારી રે. આજ૦ ॥ ૪ ॥ રાણીજી પુછે અમને શું કરશો, કરશું ઘરની નારી રે. આજ૦ ॥ ૫ ॥ એવા વચન જેણે શ્રવણે સુણીને, મરણ કર્યો તત્કાળ રે. આજ૦ ॥ ૬ ॥ મરણની બીકે વેચવા લઈ ચાલ્યો, આવીને ચોટલે ઉપાડી રે. આજ૦ ॥ ૭ ॥ ચૌપદની પેરે ચૌટે

વેચાણી, મૂલ કરે વેશ્યા નારી રે. આજ૦ ॥ ૮ ॥ વસુમતી કુંવરી વેશ્યાને પુછે, તુમ ઘર કેશો આચારી રે. આજ૦ મદિરા માંસનો બાઈ આહાર જ કરવો, નીત નવા શણગારી રે. આજ૦ ॥ ૧૦ ॥ વસુમતી કુંવરી ચક્કેશ્વરી આરાધી, વેશ્યાને વાંદરે વલુરી રે. આજ૦ ॥ ૧૧ ॥ એવે સમયે શેઠ ધનવાહ આવ્યો, લઈ ચાલ્યા તત્કાળી રે. આજ૦ ॥ ૧૨ ॥ વસુમતિ કુંવરી શેઠને પુછે, તુમ ઘર કેશો આચારી રે. આજ૦ ॥ ૧૩ ॥ પોષહ પ્રતિક્રમણ બાઈ શુદ્ધ સામાયિક, અમ ઘર એ છે આચારી રે. આજ૦ ॥ ૧૪ ॥ દાહજ્વર રોગ શેઠ શરીરે, રોગ ગયો તવ નાશી રે. આજ૦ ॥ ૧૫ ॥ શેઠની સેવા કરે ઘણેરી રે, વિનીતા વિનીત કુમારી રે. આજ૦ ॥ ૧૬ ॥ ધન્નાજી શેઠે પુત્રી પણે રાખી, નામ દીધું ચંદનાકુમારી રે. આજ૦ ॥ ૧૭ ॥ એક દિન શેઠજીના ચરણ ધોવંતા, વેણી ઢળતી તેણી વાર રે. આજ૦ ॥ ૧૮ ॥ વેણી ઉપાડી શેઠે ઉંચેરી મેલી, વેણી છે સૂર્ય જેવી સારી રે. આજ૦ ॥ ૧૯ ॥ આડી તે આંખે મૂળા જોવંતી, શેઠને દીધા બગાડી રે. આજ૦ ॥ ૨૦ ॥ મારૂ માન એણે ઘટાડયું, જો કરૂં એની ખુવારી રે. આજ૦ ॥ ૨૧ ॥ એક દિન શેઠજી ગામ સિધાવ્યા, કરવાને વેપારી રે. આજ૦ ॥ ૨૨ ॥ અવસર જાણી એણે કામજ કીધો, માથાની વેણી ઉતારી રે. આજ૦ ॥ ૨૩ ॥ પગમાં બેડી હાથે ડસકલાં, પૂરી છે ઓરડી અંધારી રે. આજ૦ ॥૨૪॥ મનમાં સમતા આણે મહાસતી, અઠ્ઠમ પચ્ચખી ચોવિહારી

રે. આજ૦ ॥ ૨૫ ॥ ચંદનબાળા મનશું વિચારે, રહેવું તે પરઘર બારી રે. આજ૦ ॥ ૨૬ ॥ ત્રીજે દીવસે શેઠ જ ઘેર આવ્યા, ન દીઠી ચંદનાકુમારી રે. આજ૦ ॥ ૨૭ ॥ શેઠજી પુછે કુંવરી કિહાં ગઈ, ખબર કઢાવું તેણી વારી રે. આજ૦-॥ ૨૮ ॥ બરકીને મુળા દીએ જવાબ, શું જાણું ચંદનાકુમારી રે. આજ૦ ॥ ૨૯ ॥ મારો તો વેણ લગારે ન કરતી, રઝળતી પરઘર બારી રે. આજ૦ ॥ ૩૦ ॥ નારી રે જાતના દોષ ઘણેરા, સાસાઈ ન સહે લગારી રે. ॥ ૩૧ ॥ પાડોશમાં એક ડોસલડી રહેતી; એકલડી નીરધારી રે. ॥ ૩૨ ॥ શેઠજી પુછે કુંવરી કિહાં ગઈ, માતા ચંદનાકુમારી રે. આજ૦ ॥ ૩૩ ॥ ડોસીએ કહ્યું મને નવિ પૂછો, ખબર તુજ ઘરનારી રે. આજ૦ ॥ ૩૪ ॥ પાડોશમાં રહેવું રાજીપો રાખવો, તકની છું ઓશીયારી રે. આજ૦ ॥ ૩૫ ॥ તમને તો દુઃખ દેવા ન દઉં, વાત કરો વિસ્તારી રે. આજ૦ ॥ ૩૬ ॥ ડોસીએ વાત સર્વે સંભળાવી, શેઠજીને તેણી વેળા રે. આજ૦ ॥ ૩૭ ॥ તત્ક્ષણ શેઠજી ત્યાંથી રે ઊઠયા, નાખ્યા તાળાં ઉઘાડી રે. આજ૦ ॥૩૮॥ ચંદનબાળાની સ્થિતિ દેખીને, આંસુડે વર્ષે જળધારી રે. આજ૦ ॥ ૩૯ ॥ આંગળીએ વળગાડી શેઠ ઘેરજ લાવ્યા, આવીને ઉંબરે બેસાડી રે. આજ૦ ॥ ૪૦ ॥ અડદના આકુલા સુપડાને ખુણે, શેઠજી દીયે તેણી વેળા રે. આજ૦ ॥ ૪૧ ॥ સુખ સમાધે બાઈ પારણું કરો તુમે, બેડી ભંગાવું તુમારી રે. આજ૦ ॥ ૪૨ ॥ તત્ક્ષણ શેઠજી લુહાર તેડવા

ચાલ્યા, કુંવરી ભાવના ભાવે અતિસારી રે. ॥ ૪૩ ॥ ચંદનબાળા મન શું વિચારે, જો આવે સાધુ ઉપકારી રે. આજ૦ ॥ ૪૪ ॥ તેણી વેળાએ મહાવીરજી પધાર્યા, હુઆ તે અભિગ્રહ ધારી રે. આજ૦ ॥ ૪૫ ॥ તેર બોલમાં એક બોલજ ઉણો, વીરજી ફર્યા તેણી વારી રે. આજ૦ ॥૪૬॥ ચંદનબાળા મનશું વિચારે, હજી જીવનાં કર્મ ભારી રે. આજ૦ ॥ ૪૭ ॥ ચંદના રોતી વીરજી પાછા ફર્યા, બાકુલા વહોર્યા કલ્પ સારી રે. આજ૦ ॥ ૪૮ ॥ આકાશે દેવ દુંદુભી વાગી, સોવનવૃષ્ટિ હુઇ સાડીબાર કોડી રે. આજ૦ ॥ ૪૯ ॥ બેડી તુટીને ઝાંઝર થયાં, હાથમાં સોવન ચુડી સારી રે. આજ૦ ॥ ૫૦ ॥ તેવે સમયે રાય નરપતિ આવ્યા, આવી તે વળી મૂળા નારી રે. આજ૦ ॥ ૫૧ ॥ દેવે કીધું કે દૂર જ રહેજો, તારૂ નથી તલભાર રે. આજ૦ ॥ ૫૨ ॥ ચંદનબાળા દીક્ષાજ લેશે, ઓચ્છવ થાશે અતિ સારી રે. આજ૦ ॥ ૫૩ ॥ તેવે સમયે ધન ખર્ચાશેને, દેખશે નર ને નારી રે. આજ૦ ॥ ૫૪ ॥ છત્રીસ સહસમાં પ્રથમજ હોશે, ઉદય રત્નની વાણી રે. ॥ ૫૫ ॥

## ॥ श्री रोहिणीनी सज्झाय ॥

શ્રી વાસુપૂજ્ય જિણંદનો એ, મઘવા સૂત મનોહાર, રોહિણી નામે તસ સૂતા એ, શ્રી દેવી માત મલ્હાર, જયો તપ રોહિણી એ, કરે તસ ધન્ય અવતાર. જયો૦ ॥ ૧ ॥ પદ્મપ્રભુના વયણથી એ, દુર્ગંધી રાજકુમાર. જયો, રોહિણી

તપ કરતાં ભવે એ, સુજસ સુગંધ વિસ્તાર. જયો૦ ॥૨॥ નર દેવ સુર પદ ભોગવી એ, તે થયો અશોક નરિંદ. જયો, રોહિણી રાણી તેહની એ, દોયને તપ સુખ કંદ. જયો૦ ॥ ૩ ॥ દુરભિ ગંધા કામિનીએ, ગુરૂ ઉપદેશ સુણંત. જયો, રોહિણી તપ કરી દુઃખ હરીએ, રોહિણી ભવ સુખવંત. જયો૦ ॥ ૪ ॥ પ્રથમ પારણાદિન ઋષભને એ, રોહિણી નક્ષત્ર વાસ. જયો, દ્વિવિધે કરી તપ ઉચ્ચરો એ, સાત વરસ સાત માસ. જયો૦ ॥ ૫ ॥ કરો ઉજમણું પૂર્ણ તપે એ, અશોક તરૂ તળે ઠાય. જયો, બિંબ રયણ વાસુ પૂજ્યનું એ, અશોક રોહિણી સમુદાય. જયો૦ ॥ ૬ ॥ એકસો એક મોદક ભલા એ, રૂપા નાણું સમેત. જયો, સાત સત્તાવીસ કીજીએ એ, વેશ સંઘ ભકિત હેત. જયો૦ ॥ ૭ ॥ આઠ પુત્ર ચારે સુતા એ, રોગ સોગ નવી દીઠ. જયો, પ્રભુ હાથે સંયમ લહ્યો એ, દંપતી કેવળ દીઠ. જયો૦ ॥ ૮ ॥ કાંતિ રોહિણી પતિ જીસી એ, રોહિણી સુત સમરૂપ. જયો, એ તપ સુખ સંપત્તિ દીએ એ, વિજય લક્ષ્મી સૂરિ ભૂપ. જયો૦ ॥ ૯ ॥

## ॥ श्री सिद्धनी सज्झाय ॥

શ્રી ગૌતમ સ્વામી પૃચ્છા કરે, વિનય કરી શીસ નમાય, હો પ્રભુજી. અવિચળ સ્થાનક મેં સુણ્યે, કૃપા કરી મોય બતાય, હો પ્રભુજી, શિવપુર નગર સોહામણો૦ ॥૧॥ આઠ કરમ અળગા કરી, સાર્યા આતમ કાજ હો પ્રભુજી,

છુટયા સંસારના દુઃખ થકી, તેહને રહેવાનો કુણ ઠામ. હો. પ્ર, શીવ૦ ॥ ૨ ॥ વીર કહે ઉર્ધ્વ લોકમાં, મુક્તિ શીલા તસ ઠામ હો ગૌતમજી, સરગ છવ્વીસની ઉપરે, તેહનાં બારજ નામ. હો. ગૌ. શીવ૦ ॥ ૩ ॥ લાખ પીસ્તાલીશ જોજનની, લાંબી પહોળી જાણ, હો ગૌ. આઠ જોજન જાડી વચ્ચે છેડે, પાતળી અત્યંત વખાણ. હો. ગૌ. શીવ૦ ॥ ૪ ॥ ઉજ્વલ હાર મોતી તણો, ગાય દુધ શંખ વખાણ, હો ગૌ. તેનાથી ઉજળી અતિ ઘણી, સમચોરસ સંસ્થાન, હો ગૌ. શીવ૦ ॥ ૫ ॥ અર્જુન સોનામય દીપતિ, ઘઠારી મઠારી જાણ હો ગૌ. સ્ફટિક રત્નથી નિરમલી, સુંહાલી અત્યંત વખાણ. હો ગૌ. શીવ૦ ॥ ૬ ॥ સિદ્ધશીલા ઓળંગી આઘે ગયા, અદ્ધર રહ્યા વિરાજ, હો ગૌ. અલોકે શું જઈ અડયા, સાર્યા આતમ કાજ. હો. ગૌ. શીવ૦ ॥૭॥ જીહાં જન્મ નહિ મરણ નહિ, નહિ જરા નહિ રોગ, હો ગૌ. શત્રુ નહિ મિત્ર નહિ, નહિ સંજોગ વિજોગ હો. ગૌ. શીવ૦ ॥ ૮ ॥ ભુખ નહિ તૃષા નહિ, નહિ હરખ નહિ શોક, હો ગૌ; કરમ નહિ કાયા નહિ, નહિ વિષયારસ ભોગ હો. ગૌ. શીવ૦ ॥ ૯ ॥ શબ્દ રૂપ રસ ગંધ નહિ, નહિ ફરસ નહિ વેદ હો ગૌ. બોલે નહિ ચાલે નહિ, મૌન જ્યાં નહિ ખેદ. હો ગૌ. શીવ૦ ॥ ૧૦ ॥ ગામ નગર એકે નહિ, નહિ વસતિ નહિ ઉજ્જડ, હો ગૌ. કાલ સુકાલ વરતે નહિ, નહિ રાત, દિવસ, તિથિ વાર, હો ગૌ. શીવ૦ ॥ ૧૧ ॥ રાજા નહિ પ્રજા નહિ, નહિ ઠાકોર નહિ દાસ,

હો ગૌ. મુક્તિમેં ગુરૂ ચેલા નહિ, નહિ લઘુ વડાઇ તાસ. હો ગૌ. શીવ૦ ॥ ૧૨ ॥ અનુપમ સુખમેં ઝીલી રહ્યા, અરૂપી જ્યોતિ પ્રકાશ હો ગૌ. સઘળાને સુખ સારિખો, સહુને અવિચળ વાસ. હો ગૌ. શીવ૦ ॥ ૧૩ ॥ અનંતા સિદ્ધ મુકતે ગયા, ફેર અનંતા જાય હો ગૌ. ઓર જગ્યા રૂંધે નહિ, જોતમેં જોત સમાય હો ગૌ. શીવ૦ ॥ ૧૪ ॥ કેવળ જ્ઞાન સહિત છે, કેવળ દરિસણ પાસ હો ગૌ ખાયક સમક્તિ દીપતા, કદીય ન હોવે ઉદાસ હો ગૌ. શીવ૦ ॥ ૧૫ ॥ સિદ્ધ સ્વરૂપ જે કોઇ ઓળખે, આણી મન વૈરાગ હો ગૌ. શિવ રમણી વેગે વરે, નય કહે સુખ અથાગ હો ગૌ. શીવ૦ ॥ ૧૬ ॥

## ॥ श्री मरुदेवी मातानी सज्झाय ॥

ઇણહી જંબુદ્વિપે હો, ભરત ક્ષેત્રમાં રે, વિરહો મુક્તિનો હોય, અઢાર કોડાકોડી હો, સાગર માંહે રોકીયો હો, મુગતે ગયો નહિ કોય. ॥ ૧ ॥ માતાજી મરૂદેવા હો, મુગતિનો ખોલ્યો બારણો રે, પેલા પોત્યા નિરવાણ, અંતર ક્રિયા ભાખી હો, સૂત્ર ઠાણુંગમાં રે, આગમ વચન પ્રમાણ. માતાજી૦ ॥ ૨ ॥ કેળ સરીખી કાયા હો, ધનુષ્ય પાંચસોની, સોવન વરણ શરીર, સુપના માંહિ હો, કદીય ન જાણ્યો સાસરો રે, ન જાણ્યો કદીય ચીયર. માતાજી૦ ॥ ૩ ॥ ક્રોડ પુરવ લગે હો, સોહાગણ રહ્યા સતીજી, નિત નિત નવલે વેશ, ભર જોબન રહ્યા હો, માતાજી જીવ્યાં જ્યાં

લગેજી, કાલા ભ્રમર કેશ. માતાજી૦ ॥ ૪ ॥ ઓસડ એક ન લીધો હો માતાજી, જીવ્યાં જ્યાં લગેજી, કદી કસર ન હુઈ પેટ, માથું હાથ પગ હો પલક પણ નવી દુઃખીયાજી, કોડ પુરવ લગે ઠેઠ. માતાજી૦ ॥ ૫ ॥ કોડ પુરવમેહો, એક જોડલો જણ્યોજી, મરૂદેવાજી માત, તારા સરખો બેટો હો, કોઈ જનનીએ ન જણ્યોજી, ત્રણ ભુવનનો નાથ. માતાજી૦ ॥ ૬ ॥ દોનુ સુંદરી હો, સોવન વરણી શોભતી, પરણી તે ઋષભ જીણંદ, ભરત ક્ષેત્રમાં હો, વિવાહ પહેલો એ હુઓજી, સૂત્રમાં સરવ સંબંધ. માતાજી૦ ॥ ૭ ॥ એકસો પુત્ર હો, દાદીએ નયણે નીરખીયાજી, બ્રાહ્મી સુંદરી દોય, સર્વ કબીલો સુખીયો હો, દુઃખીયો કોઈ નવિ દેખીયોજી, એસો પુણ્ય કેનેરો ન કોય. માતાજી૦ ॥ ૮ ॥ પાંસઠ હજાર પેઢી હો, નયણે નીરખીજી આપણા દાદીએ, દાદાજી નામ, બેટા પોતાના હો, પડ પોતરા લડ પોતરાજી, દાદીને લાગે પાપ. માતાજી૦ ॥ ૯ ॥ ખટખંડ ભુક્તા હો, ભરતનો ધણીજી. અરજી કરે કરજોડ. દાદીને પાય લાગે હો, મુજરો લેજો માહરોજી. મુખ આગળ મદ મોડ. માતાજી ॥ ૧૦ ॥ હાથી હોદ્દે બેઠા હો. પેખે પુત્રનેજી, રહ્યા રિસભને જોય, મરૂદેવી માતા હો. મનશું જીત્યા મોહનેજી, કેણેરો સગો નહિ કોય. માતાજી. ॥ ૧૧ ॥ કેવળ પામ્યા હો. માતાજી મુગતે ગયાજી. હાથીને હોદ્દે વીતરાગ. પછે શીવ ગયા હો, અસંખ્યાતા કેવળીજી. ખોલ્યો મુગતિનો મારગ. માતાજી૦ ॥ ૧૨ ॥ તીર્થંકર ચક્રી હો,

હળદર રાણુજી, કેસવા રાણુા રાવણુ રાય. એસી કરણી માતા હો, લુગાઈ નહીજી, ભરતમાં એણુ ચોવીસી માંહ્ય માતાજી૦ ॥ ૧૩ ॥ સાધુ સાધવીમાં હો, ઇણુ ચોવીસીના મુગતે ગયાજી. સૂત્રસિદ્ધાન્ત મોઝાર, મરૂદેવી માતાએ હો. મુક્તિનો ખોલ્યો બારણોજી. જડીઓ જંબુકુમાર, માતાજી૦ ॥ ૧૪ ॥ સંવત અઢાર હો. વરસ પચ્ચાસમાંજી, પુષ્ય જેષ્ઠ જગમાલ. જશવિજય જોડી હો, સજ્ઝાય જુગતી શુંજી. આહો શહેર અજમેર, માતાજી૦ ॥ ૧૫ ॥

---

# श्री थावच्चा कुमारनी सज्झाय

દ્વારામતી નગરી વસે, થાવચ્ચા ગવિ ઈણુ નામ; થાવચ્ચો તસ પુત્ર છે. રૂપ ચતુર ગુણુ ધામ, ૧ બત્રીશેં કન્યા વર્યો. એક લગન સુખકાર, સુરની પરે સુખ ભોગવે, પંચ વિષય સુખકાર, ૨ એક દિન નેમ પધારીયા, વાણી સુણી હિતકાર, દિક્ષા લેવા મન થયું. સ્વામી અમને તાર, ઘરે આવી માતા પ્રત્યે, કહે થાવચ્ચા કુમાર, આજ્ઞા દ્યો મુજ માતજી, સંયમ લેશું સાર. ૪

ઢાળ—૧ ( રાગ–સાસુ નણુંદને પુછશે રે )

માય કહે થાવચ્ચા પ્રત્યે રે વાલા, સાંભળો માહરી વાત રે, આતમના પ્યારા માહરા રે, વાલા, સોભાગી સુમત રે પુત્ર વાલા રે, મીઠા બોલા રે, મોહનગારા રે, આજ્ઞા નહિ દઉં. એ આંકણી ૧ બત્રીશે ભલા ભામીની રે વાલા,

ભોગવો ઇણશું ભોગ રે, દિવસ નહિ એ યોગના રે વાલા, વૃદ્ધપણે લેજો યોગ રે, પુ મી. મો. આ. ૨ રયણ સોવન મોતી ઘણાં રે વાલા, ધનનો નહી છે પાર રે, ખાવો પીવો સુકૃત કરો રે વાલા, ખરચો ઇણ સંસાર રે, પુ. મી. મો. આ. ૩ સુખ આવ્યાં જે હાથમાં રે વાલા, પરભવ ચિત્ત કેમ જાય રે, કેડ ન મુંકું પુત્રની રે વાલા, સ્ત્રી મન આશા થાય રે, પુ. મી. મો. આ. ૪ સાધુ મારગ છે દોહિલો રે વાલા, જેહવી ખડ્ગની ધાર રે, પંચ મહાવ્રત મોટકાં રે વાલા, દુક્કરતા આચાર રે, પુ. મી. મો. આ. ૫ બાવીસ પરિસહ જીતવા રે વાલા, લોચે વાશિર કેશ રે, ભાતપાણી લેવાં સુજતાં રે વાલા, બ્રહ્મવ્રત કેમ પાલેશ રે, પુ. મી. મો. આ. ૬ મોહતણે વશ માય કહે રે વાલા; એણીપરે વચન સુહેતરે, ભોગ થકી જો ઓસર્યા રે વાલા, વાત ન આવે ચેત રે, પુ. મી. મો. આ. ૭

## ઢાળ–૨ (રાગ—આવો નેમજી નાહલા)

માવડી રે જે કહો છો તે સાચું સહી. માહરે ન આવે દાય, મોરી માતા, સંયમ લેશું માતજી, સાચાં જેમ સુખ થાય, મોરી માતા થાવચ્ચો કહે માતા પ્રત્યે ૧ માવડી રે વિષય ખૂતા જે માનવી, તેહને દોહિલો હોય, શુરાનરને સોહિલો, સંયમ વિચારી જોય. મોરી માત. થાવચ્ચો૦ ૨ એ સંસાર અસાર છે, દુઃખમાંહે પુર્યો છે લોક મોરી માત, જનમ જરાભય મરણુનો, દેહમાંહે છે બહુ રોગ,

મોરી માત, થાવચ્ચો૦ ૩ લખમી ચંચળ જાણીએ, વિજળી જેમ ઝબકાર મોરી માત, અથિર કુટુંબની પ્રીતડી, આખર ધર્મ આધાર મોરી માત, થાવચ્ચો૦ ૪ કામીની રંગ પતંગ છે, સાચો ન પાલે નેહ મોરી માત, મોક્ષ મારગની દ્વેષિણી, તિણ શું કિશ્યો સ્નેહ મોરી માત, થાવચ્ચો૦ ૫ લાખ ચોરાશી ફેરા ફર્યો, કર્મતણે પરિણામ મોરી માત, માનવ ભવ પુણ્યે પામીયો, હવે કેમ થાઉં અજાણ મોરી માત થાવચ્ચો૦ ૬ દીન મુખે રડતી કહે, લીયો દીક્ષા કુમાર મોરી માત, ધર્મયત્ન કરજો ઘણા, જેમ જીવને હિતકાર મોરી માત, થાવચ્ચો૦ ૭

ઢાળ–૩ ( રાગ—જીવડા તું મ કરીશ નિંદા પારકી )

થાવચ્ચા ગાહા વયણી રે, ભેટણું લેઈને આવ્યાં શ્રીકૃષ્ણની પાસ, હે સ્વામી મુઝ પુત્ર તે એક છે, લેશે સંયમ ભાર, થાવચ્ચો૦ ૧ તે માટે સ્વામી મુઝ દીજીએ, છત્ર ચામર વાજિંત્ર, દીક્ષા મહોત્સવ કરવા કારણે, મન ઉમાહ્યો વિચિત્ર, થાવચ્ચો૦ ૨ કૃષ્ણ કહે શેઠાણી સાંભળો, તમે પધારો રે ગેહ, દીક્ષા મહોત્સવ કરશું અમે સહી, તમારા કુમરનો રે જેહ, ૩ કૃષ્ણ આવ્યા તિહાં હર્ષે અતિ ઘણા, થાવચ્ચા કુમારને ગેહ, દીક્ષા લ્યો છો રે શ્યા કારણે, મુજને કહોને રે તેહ. કૃષ્ણ કહે રે થાવચ્ચા કુમારને. મુજ છત્ર છાયા કુમાર તુમે વસો, ભોગવો સુખ શીરતાજ. તુમને પીડાકારી રે જે હુવે, તેહને વારૂં રે આજ. કૃષ્ણ૦

૫ દુઃખકારી નર મુજને કે નહી, સ્વામી તુમ આધાર, પણ મુજ જીવને દુઃખ દીયે, ત્રણ જણા મુકું તેણે સંસાર, થાવચ્ચા કહે કૃષ્ણ પ્રત્યે૦ ૬ કૃષ્ણ કહે રે તેહ નર કેણ છે રે, નામ કહો ને કુમાર, જન્મ જરા ને મરણ એ દુઃખ દીયે, કાયા દુઃખનો ભંડાર, થાવચ્ચા૦ ૭ એહને વારો રે જો સ્વામી તુમે, તો હું રહુ સંસાર, તેહને વારી રે હું પણ નવિ શકું, મનુષ્યને વારૂં કુમાર, કૃષ્ણ૦ ૮ જિનવર સુરવર ચક્રી જે થયા, તેણે નવિ વાર્યા રે એહ, કર્મક્ષયે કરી છુટે એ સહી, લ્યો દીક્ષા ધરી નેહ. કૃષ્ણ૦ ૯ સાદ પડાવ્યો રે નગરી દ્વારિકા, રાજા અથવા કુમાર, શેઠ સેનાપતિ દીક્ષા જે લીયે, પાલું તસ પરિવાર, કૃષ્ણ કહે રે નિજ લોકો પ્રત્યે૦ ૧૦ થાવચ્ચા કુમાર દીક્ષા લે સહી, મુકી ધન પરિવાર, તેહના રાગી રે સહસ પુરૂષ થયા, સંયમ લેવા ઉદાર૦ ૧૧ ઉત્સવ મહોત્સવ કૃષ્ણ રાજા કરે, ખરચે બહુલા રે દામ, શિબિકા બેસી રે નિજનિજઘર થકી, આવ્યાં રૈવતવન ઠામ, કૃષ્ણ૦ ૧૨ સ્વહસ્તે દીક્ષા દીધી નેમજી, હુઆ થાવચ્ચા અણગાર, શિષ્ય પોતાના રે કરીને થાપીયા, મહિયલ કરે વિહાર, કૃષ્ણ કહે ધન્ય થાવચ્ચા સાધુને૦ ૧૩ અનુક્રમે આવ્યા રે સેલંગપુર સહી, સેલંગરાય શ્રાવક કીધ, સૌગંધિકા નગરી રે થાવચ્ચા આવીયા, સુદર્શને પણ વ્રત લીધ૦ ૧૪ વાત સુણીને શુક તિહાં આવીયો, સહસ સન્યાસી સંઘાત, મહારો શિષ્ય એણે ભોલવ્યો, કરે થાવચ્ચા શું વાત, કૃષ્ણ૦ ૧૫ પ્રશ્ન પડુતર શુક બહુ

પુછીયા, કુટીલ પણે રે ઉલ્લાસ, ચઉદ પુરવ ધારી થાવચ્ચા મુનિવરૂ, પહોંચાયે કેમ તાસ, કૃષ્ણ૦ ૧૬ ખોટો ધર્મ મિથ્યાત્વનો મુકીને, શ્રી શુક થયો અણગાર, સહસ સન્યાસી રે દીક્ષા લે તીહાં, હુઆ ચૌદ પુરવ ધાર, કૃષ્ણ૦ ૧૭ માસ અણુસણ રે સહસ સાધુ શું, શેત્રુંજે દીધ સંથાર, થાવચ્ચા મુનિવર કેવળ પામીને, લીધું શીવપદ સાર. કૃષ્ણ૦ ૧૮

કલશ

થાવચ્ચા ગાયા, સુજસ પાયા, હર્ષ મનમેં અતિઘણા, ઋદ્ધિ વૃદ્ધિ સંપત્તિકારક, શ્રી સંઘ કોડી વધામણા, ઈતિ.

## श्री नंदमणीयारनी सज्झाय

ઢાળ—૩ સરસ્વતી શ્રી કમલા ભજે, જસ ધ્યાયકના પાય, તે શ્રી વીરજીણંદના, પદ નમતાં સુખ થાય૦ ૧ જસ ધ્યાને દર્દુર થયો, સોહમવાસી દેવ, તે સેવો ભવિ ભાવશું, ચરમપ્રભુ નિતમેવ૦ ૨

ઢાળ—પહેલી (રાગ-અનુમતિ દીધી માંયે રોવંતા)

રાજગૃહી નગરી ભલી, ગુણુશીલ વને જીનવીર રે, તિહાં સમવસર્યા ભવિહિત ભણી, કામિત પ્રભુ કામ કરીર રે, સોભાગી જીનવર સેવિએ૦ ૧ સમવસરણુ સુરવર રચે, મિલે પર્ષદા બાર પ્રકાર રે, જિન દે દેશના ભવિજન તણે, મનગમતીને મનોહર રે, સોભાગી૦ ૨ એહવે પહેલાં દેવલોકથી, આવે તિહાં દર્દુર દેવ રે, જીનપદ પંકજ વંદે

ભાવશું, હિયડે બહુ હર્ષ ધરેવ રે, સોભાગી૦ ૩ બત્રીસબદ્ધ નાટક કરે, અતિભાવે સુર સસનેહ રે, સેવા સારી જિનવર તણી, નિજ ઠામે પહોંચે તેહ રે, સોભાગી૦ ૪ તવ પુછે ગૌતમ વીરને, કહો ભગવંત કરી સુપસાય રે, કુણ કર્મે દર્દુર ભોગવે, સુર ઋદ્ધિ ભલી સુખદાય રે, સોભાગી૦ ૫ સહુ પર્ષદા, સાંભળતા થકાં, ભાખે તવ વીર જીનેશ રે, સુણ ગૌતમ ઇણ રાજગ્રહે, હુતો તે બહુ ધનેશ રે, સોભાગી૦ ૬ નંદ નામે મણિયાર એ, મુજ સંગતિ એ પામ્યો ધર્મ રે, જીવ જીવાદિક તત્ત્વના સદા, સમજવા લાગ્યો મર્મ રે, સોભાગી૦ ૭ અન્યદા સંગ અસાધુનો, કરતો સેવાને વળી વાત રે, સમક્તિના પર્યાય હારિયો, સબળો થયો મિથ્યાત રે, સોભાગી૦ ૮ ઇણ શેઠે ગ્રિષ્મ ઋતુ સમે, અઠ્ઠમનો વરતપ કીધો રે, પોષહમાં તૃષ્ણા ઉપની, તવ આરત શું મનદીધોરે, સોભાગી૦ ૯ મુજ ઘેર બેઠા જો ઉપની, તૃષ્ણા એહવી અસરાળ રે, પંથીજનને કુણ આશરો, જબ દુઃષહ ગ્રીષ્મકાળ રે સોભાગી૦ ૧૦ ચિંતે ધન્ય ધન્ય તે નરવરા, ધન્ય તેહની માયને તાય રે, જીવન સફળ પણ તેહનું, જે કુવા વાવ કરાય રે, સોભાગી૦ ૧૧ સર ખોદાવી શુભગતિ ગયા, તેહના જશ આજ ગવાય રે, હવે હું પણ શ્રેણીકને કહી, કરૂં વાવ તણો ઉપાય રે, સોભાગી૦ ૧૨ તે પોષહ પારી તતક્ષીણ ગયો, વીનવીઓ શ્રેણિક રાય રે, વાવ ખણાવી સુંદર બહુ, ધન ખરચી શુભ કાય રે, સોભાગી૦ ૧૩ ચિંહુ દિશી ઘર વાવડી શોભતી, તે માંહી

શીલા ચાર રે, પૂર્વ દિશી રંધન ઘર કર્યું, વળી નાટક ઘર સુખકાર રે, સોભાગી૦ ૧૪ બહુજન આવે તિણુ થાનકે, કોઈ આસ્વાદે ફળફુલ રે, કોઈ જન જલક્રીડા કરે, કેઈ રસવતી જમે અમુલ રે, સોભાગી૦ ૧૫ બહુ જનમન ઇમ સંતોષીયા, બહુ લોક પ્રશંસે શેઠ રે, તેહ સુણીને મન ચિંતવે, ધન્ય હું સહુ મારે હેઠ રે, સોભાગી૦ ૧૬

દુહા

એહ શરીરે અન્યદા, સોળ રોગ ઉત્પન્ન, તિણે વાવે આરતે મરી, દેડકો હુઓ સુપ્રસન્ન. ૧ લોકમુખે કીર્તિ સુણી, જાતિ સ્મરણ સાર, ઉપન્યું જબ શુભ ભાવશું, અણુ-વ્રત કરે ઉચ્ચાર. ૨ ગૌતમ હું તિહાં આવીયો, સાંભળે દેડક રાય, ચાલ્યો રાજપંથે જઈ, મુજને વંદન કાજ. ૩ શ્રેણિક પણ આવે તિહાં, વંદન લેઇ પરિવાર, એક કિશોરે દેડકો, ચાંપ્યો તે નિરધાર. ૪ લુલો ક્ષિણબલી યયો, ચાલી ન શકે જામ, એકણ દિશે જઈ થયો, વીરજિન સન્મુખ તામ. ૫

---

ઢાળ–૨ જી ( રાગ સા કાજલ કહેવાત )

તવ તે દેડકરાય, કરજોડી ચિત્ત લાય. જિનજીએ થુણેએ, કે નમુથ્થુણું ભણે એ. ૧ અતિશયવંત મહંત, તુંહિજ શ્રી અરિહંત, કરૂણા સાગરૂં એ કે, મહિમા આગરૂં એ, ૨ પુરૂષોત્તમ ભગવંત, તું પરમાતમ સંત, ભવિહિત કારણ એ, કે ભવજલ તારકાએ, ૩ એટલા દિન જીનરાય,

નાંખ્યો હું તુજ પાય, ભવસાગર રૂલ્યો એ કે, દુઃખ પણ નવિ ટલ્યો એ. ૪ હવે તું મલિયો સહિ, તો મુજ શી પરિવાહ, કર્મગણે ભીતીઓએ, કે હવે હું જીતીઓએ. ૫

## ઢાળ ૩ જી

ઈણીપરે જિનની સ્તવના કરતો, કાળ કરી શુભભાવે રે, ચ્યાર પલ્યોપમ આયુ પ્રમાણે, સૌધર્મે સૂર થાવે રે. ૧ મિથ્યા સંગતિ દૂર નિવારો, સમક્તિ દઢ કરી ધારો રે સમક્તિ વિણ ભવજલમાં પડતો, કોઇ ન રાખણ હારો રે. ૨ ક્ષેત્ર વિદેહે સંજમ લેશે, હોંશે પંચમ નાણી રે, બહુ નરનારી પાર ઉતારી, પરણશે શીવ નારીરે. ૩ એ દર્દૂરની ઉત્પત્તિ ગોયમ, વીર વદે ઈમ વાણીરે; ઈણ કારણ મિથ્યાત નિવારો, જિન આણામન આણીરે. ૪ સંવત સત્તર છાસઠ વરસે, રહી રાજનગર ચોમાસે રે, ભાદ્રવા સુદી દશમને દિવસે, ગુરૂવારે ઉલ્લાસે રે. ૫ શાહ ધરમશી તસસુત માણેક, શ્રાવક સમક્તિ ધારીરે, શુદ્ધ પરંપર ધર્મ ધુરંધર, જિન આણા જસ પ્યારી રે. ૬ એહ પ્રબંધ મેં તામ કથનથી, છઠ્ઠા અંગથી લીધો રે, તેરમે અધ્યયને જે પ્રસિધ્ધો, તસ સજઝાયે કીધો રે ૭ વિમલ વિજય ઉવજઝાય પસાયે, શુભવિજય બુદ્ધરાયા રે, રાજવિજય તસ ચરણ પસાયા, એ ઉપદેશ સુણાયા રે. ૮ જે નરનારી ભાવે ભણશે, તેહના કારજ સરશે રે, દુઃખ દોહગ સવિ દૂરે નિવારી, અનુક્રમે શિવસુખ વરશે રે. ૯

---

# श्री संगतनी सज्झाय

લોઢું લાલ બને અગ્નિસંગથી, પણ રાતુ રહે ક્ષણવાર, નીકળે જો બહાર સંગત એને શું કરે, જેના અંતર જાણો કઠોર. સંગત ૧ બારે મેઘ વરસે બહુ જોરથી, મગશેલીઓ ન ભીંજાય, બીજા ગળી જાય, સંગત. ૨ દુધ સાકર ઘીથી સિંચો સદા, લીંબડાની કડવાસ ન જાય, મધુરો ન થાય. સંગત ૩ ચંદન વૃક્ષના મુખે વસી રહ્યો, ફણીધરે ન છોડયો સ્વભાવ, જાણ્યો ન પ્રભાવ. સં૦ ૪ પાણીમાંહે પડયો રહે સદા, કાલમિંઢ તણું એવું જોર, ભીંજાય ન કોર. સં૦ ૫ આધન ઉકળતા માંહે ઓરીએ, પણ કોરડું ન રંધાય, બીજા ચઢી જાય. સં૦ ૬ સો મણ સાબુએ સાફ કર્યા છતાં, કોલસાની કાળાશ ન જાય, ઉજ્વલ નવિ થાય. સં૦ ૭ ખરને નિર્મળ જલે નવરાવીએ, પણ રાખ દેખી તત્કાળ, ધરે બહુ વાલ. સં૦ ૮ કાળા રંગનું કપડું લેઈ કરી, રાતા રંગમાં બોલે ઝબોળે, ભારે નહિ ડોળ. સંગત ૯ ઝરમર ઝરમર મેહુલો વરસી રહ્યો, વનસ્પતિઓ બધી લીલી થાય, જવાસો સુકાય. સં૦ ૧૦ કાગે હંસ તણી સોબત કરી, પણ ચુકયો નહિ પોતાનુ ચરિત્ર, જોજો એની રીત. સં૦ ૧૧ કસ્તુરીને કપુરના ગંજમાં, કદી દાટે ડુંગળીને કોય, સુગંધી ન હોય. સં૦ ૧૨ કસ્તુરીના કયારામાંહે રોપતાં, નવિ જાયે લસણ કેરી વાસ, દુષ્ટ જેની પાસ. સં૦ ૧૩ સતી સદ્‌ગુણવંતના સંગમાં, કુભારજાને કદી નવિ જાય, ખોટા જેના ઢંગ. સં૦ ૧૪ દુર્જને સજ્જનની

સોબત કરી, પણ કપટપણું નવિ જાય, સિદ્ધો નવિ થાય. સં૦ ૧૫ ગાઢ અજ્ઞાની જ્ઞાન પામે નહિં, મળે સંત સમાગમ આમ, કહે મુનિ રામ. સં૦ ૧૬

# श्री छठ्ठा रात्रिभोजन विरमण व्रतनी सज्झाय

( સુણો મેરી સજની, રજની ન જાવેં રે–એ દેશી )

સકળ ધરમનું સાર તે કહીએરે, મનવંછિત સુખ જેહથી લહિએ રે, રાત્રિ ભોજનનો પરિહાર રે, એ છઠ્ઠું વ્રત જગમાં સાર રે. મુનિજન ભાવે એ વ્રત પાલો રે, રાત્રિ ભોજન ત્રિવિધે ટાલો રે. મુનિ. ૧ દ્રવ્ય થકી જે ચારે આહારરે, ન લીએ રાત્રે તે અણગારરે, રાત્રિ ભોજન કરતાં નિરધાર રે, ઘણા જીવનો થાય સંહારરે. મુનિ. ૨ દેવપૂજા નવિ સૂઝે સ્નાન રે, સ્નાન વિના કેમ ખાઇએ ધાનરે, પંખી જનાવર કહીએ જેહરે, રાત્રે ચુણ નવિ કરતાં તેહરે. મુનિ. ૩ મારકંડ રૂષિસર બોલ્યા વાણીરે, રૂધિર સમાન તે સઘળાં પાણી રે, અન્ન તે આમિષ સરખું જાણોરે, દિનાનાથ જબ થાય રાણોરે. મુનિ. ૪ સાબર સુઅર ઘુઅડ કાગ રે, મંજાર, વીંચ્છુ ને વલી નાગરે, રાત્રિ ભોજનથી એ અવતાર રે, સર્વ શાસ્ત્રમાં એસો વિચારરે. મુનિ. ૫ જુકાથી જલોદર થાય રે કીડી આવે બુદ્ધિ પલાયે રે. કોલી આવડો જો ઉદરે આવેરે, કુષ્ટ રોગ તે નરને થાવે રે. મુનિ. ૬ શ્રી સિદ્ધાન્ત જીનાગમ માંહીરે, રાત્રિ ભોજન દોષ બહુ ત્યાંહિ રે, કાન્તિવિજય કહે એ વ્રત સારરે, જે પાસે તસ ધન અવતારરે. મુનિ. ૭

# श्री दश चंदरवानी सज्झाय

## ઢાળ ૧ લી (રાગ ચોપાઈ)

સમરી સિદ્ધ અનંત મહંત, કેવળજ્ઞાની સિદ્ધિ વરંત, ચંદરવા ઘરમાં દશ ઠામ, તેહ તણા કહું સુણજો નામ. ૧ ભોજન પાન પીંષણુ ખાંડણે, શય્યા સંથારે અન્નતણે, દેરાસર સામયક જાણુ, છાસ, દહીં વિગયાદિક ઠામ, ૨ ચુલા ઉપર ચતુર સુજાણ, ચંદરવા બાંધો ગુણખાણુ, તેહ તણા ફલ સુણજો સહું, શાસ્ત્રાન્તરથી જાણી કહું. ૩ જંબુ દ્વિપ ભરત મંડણો, શ્રીપુર નગર દુરિત ખંડણો, રાજ કરે શ્રી જિન મહારાજ, તસ નંદન કુષ્ટિ દેવરાજ ૪ ત્રિક ચોક ચાચરને ચોતરે, પડહ વજાવી એમ ઉચ્ચરે, કોઢ ગમાવે નૃપ સુત તણો, અર્ધરાજ દેઉ તસ આપણો. ૫ જસોદિત્ય વ્યવહારી તણી, એણીપરે કુંવરી સબલી ભણી, પડહ છબી તેણે ટાલ્યો રોગ, પરણ્યાં તે બહુ વિલસે ભોગ, ૬ અભિનંદનને આપી રાજ, દિક્ષા લહે શ્રી જીનરાજ, દેવ-રાજ હુઆ મહારાજ, અન્ય દિવસે આવ્યા મુનિરાજ. ૭ સુણી વાત વંદન સંચર્યો, હય, ગય, રથ, પાયક પરવર્યો, અભિગમ પાંચે તિહા અનુસરી, નૃપ બેઠો તવ વંદન કરી. ૮ સુણી દેશના પુછે વાત, વિલસી સાત વરસ જે વ્યાય, કિમ કુંવારી ફરસે ટલી, કિમ કરપીડ એહસુ વલી ૯ જ્ઞાની ગુરૂ કહે સુણ તું ભૂપ, પુરવ ભવનું એહ સ્વરૂપ, મિથ્યા-મતિ વાસિત પ્રાણીઓ, દેવદત્ત નામે વાણિઓ ૧૦ મહેશ્વરી

નંદન તસ સુત ચાર, લઘુ બંધવનું તેહ મોઝાર, કુડ કપટ કરી પરણી હુઆ, મૃગ સુંદરી શ્રાવકની છુહાં ૧૧ લઘુ વયથી તેણીને નિયમ, જીનવંદન વિણુ નવિ ભોજન, શુભ ગુરૂને વલી દેઈ દાન, રાત્રિ ભોજનનું પચ્ચખ્ખાણુ ૧૨ પરણીને ઘરે તેડી વહુ, રાતે જમવા બેઠા સહુ; મૂળાં મોઘરી ને વંતાક, ઈત્યાદિક તિહાં પીરસ્યો શાક. ૨૩ તેડે વહુ જમવા પાંતમાં, તે કહે હું ન જમું જિહાં લગે આતમાં, સસરો કહે તું મ ચડ ફંદમાં, મત વાંદો જીનવર મહાતમા ૧૪ ત્રણ દિવસ કીધા ઉપવાસ, ચોથે દિન ગઇ મુનિવર પાસ, વાંદી કહે નિશિ ભોજન તજું. કિમ જિન ચરણ કમલને ભજું. કીણી પરે દેઉં મુનિવરને દાન મિથ્યામતિ ઘરમાં અસમાન. ૧૫

## ઢાળ ૨ જી (પુન્ય પ્રશંસિયે એ દેશી)

શાસ્ત્ર વિચારી ગુરૂ કહે રે, સુણુ મૃગસુંદરી બાલ, ચૂલા ઉપર ચંદ્રવોરે, તું બાંધે ચોસાલ રે, લાભ અછે ઘણો ૧ પંચ તીર્થદિન પ્રતિ કરેરે, શત્રુંજય ગિરનાર, આબુ અષ્ટાપદ વલીરે, સમ્મેતશિખર શિરદારરે. લાભ. ૨ પાંચ મુનિવરને ભાવથીરે, પડિલાભે જે ફલ હોય, તેટલું ફળ તું જાણજે રે, એક ચંદરવે થાય રે. લાભ. ૩ ગુરૂ વાંદી નિજ ઘર જઈ રે, ચૂલા ઉપર ચંગ, ચંદરવો તેણે બાંધાયોરે, જીવદયા મનરંગ રે. લાભ. ૪ સસરે નિજસુતને કહ્યું રે, દેખી તેણે તત્કાળ, તુજ કામિનીએ કામણ કીધાં રે, તેણે

તે નાખ્યો જ્વાલરે. લાભ. ૫. વલી વલી બાંધે કામિનીરે, વલી વલી જ્વાલે રે કંત, સાતવાર એમ જ્વાલીયોરે, ચંદરવો તેણે તંતરે. લાભ. ૬ સસરો કહે શું માંડિયો રે, એ ઘરમાંહે રે ધંધ, સ્યો ચંદરવો શું કરે રે, નિશિ ભોજન તુમે માંડો રે. લાભ. ૭ સા કહે જીવજતના ભણીરે, એ સઘળો પ્રયાસ, નિશિ ભોજન હું નવિ કરૂં રે, જો કાયામાં શ્વાસ રે. લાભ. ૮ શેઠ કહે નિશિ ભોજન કરોરે, તો રહે અમ આવાસ, નહિ તો પીયર પહોંચજો રે, તુમ શ્યું શ્યો ઘરવાસ. લાભ. ૯ સા કહે જેમ જન પરવર્યો રે, તેડી લાવ્યો રે ગેહ. તિમ મુજ પરિવારે પરિવર્યોરે, પહોંચાડો સસનેહ રે. લાભ. ૧૦

ઢાળ ત્રીજી (કપુર હોય અતિ ઉજળો રે—એ દેશી)

દેવદત્ત વ્યવહારીયો રે, આણી મનમાં રીશ. વહુ વર વન ચાલીયો રે, લેઈ સાથે જગીશ. પ્રાણી જીવદયા મન આવી. ૧ એ સઘલા જીનની વાણીરે પ્રાણી. એ તો ધર્મરાય પટરાણીરે પ્રાણી. એ તો આપે ક્રોડી કલ્યાણીરે. પ્રા૦જી૦ ૨ અનુક્રમે મારગ ચાલતાં રે, શેઠ સહોદર ગામ. જામિની જમવા તેડિયારે, તે તેણે નિજ ધામ. પ્રાણી ૩ ન જમે શેઠ તે વહુ વિનારે, વહુ પણ ન જમે રાત, સાથે સર્વે નવિ જમ્યારે, વાધિ બહુલિ રાત રે. પ્રાણી ૪ શેઠનાં સગાં રાત્રે જમ્યા રે, મરી ગયાં તે આપ, ચોખાના ચરૂમાં

દેખીયોરે, રાંધે રંધાણો સાપ. પ્રાણી ૫ શેઠ કહે અમ કુલ તણીરે, તું કુલદેવી માય, કુટુંબ સહુ જીવાડીયોરે, એમ કહી લાગ્યો પાય. પ્રાણી ૬ નવકાર મંત્ર ભણી કરીરે, છાંટીયાં સહુને નીર, ધર્મપ્રભાવે તે થયારે, ચેતન સઘળા જીવ. પ્રાણી. ૭ મૃગસુંદરીએ પ્રતિ બુજવ્યોરે. શેઠ સયલ વડ ભાગ, જીનશાસન દીપાવીયોરે, પામી તે સયલ સોભાગરે. પ્રાણી ૮ રયણી ભોજન પરિહર્યો રે, ચંદરવા સુવિશાલ, ઠામ ઠામ બંધાવીયારે, વર્ત્યો જય જયકારરે. પ્રાણી ૯ શુલ ઘરંટી ઉખલો રે, ત્રસની સમાર્જની જેહ, પાણીઆરૂં એ ઘર કેરૂંરે, પાંચે આખેટક એહરે. પ્રાણી ૧૦ પાચે આખટક દિન પ્રત્યેરે, કરતા પ્રતિક જેહ, ચુલા ઉપર ચંદરવોરે, નવિ બાંધે તસ ગેહરે. પ્રાણી. ૧૧ સાત ચંદરવા એમ બાલીયા રે, તેણે કારણ ભવ સાત, કોડ પરાભવ તે સડયો રે, ઉપર વરસ સાતરે. પ્રાણી ૧૨ જ્ઞાની ગુરૂમુખથી સુણીરે, પૂર્વભવ વિસ્તાર, જાતિ સ્મરણ ઉંપન્યું રે, જાણ્યો અથિર સંસાર પ્રાણી ૧૨ પંચ મહાવ્રત આદરીરે, પાલી નિરતિચાર, સ્વર્ગે સિધાવ્યા દંપતીરે, જીહાં માદલનાં ધોંકાર રે. પ્રાણી ૧૪ સંવત (૧૭૩૮) સત્તર અડત્રીશમેરે, વદિ દશમી બુધવાર, રત્નવિજય ગણિવર તણોરે, એ રચિયો અધિકારરે. પ્રાણી ૧૫ તપગચ્છ નાયક સુંદરૂં રે, શ્રી વિજય પ્રભ સુરીંદરે, કીર્તિ વિજય વાચકતણો રે, માનવિજય કહે શિષ્ય રે. પ્રાણી ૧૬

---

# श्री श्रेणिकनृपनी सज्झाय

શ્રેણિકને સમકિત નહીં, તેહ સમેરી વાત, શ્રોતા સુણજો કાંઈ દઇ, સ્થિર કરી મન વચકાય ॥ ૧ ॥ રાજગ્રહી નગરી વસે, શ્રેણિક તીહાં રાજન, રાણી તેહની ચેલણા, સકલ ગુણોની ખાણ ॥ ૨ ॥

## ઢાળ ૧ લી

રાણી ચિત મોઝાર, કરે અનેક વિચાર, આ છે લાલ રાજા સમકિત કિમ લહેજી૦ ૧ રાજા ચિત્ત મિથ્યાત, ભાવે અધિકી વાત, આ છે લાલ એક દિન રાણીને કહેજી૦ ૨ આજે ગયો ગુરૂ પાસ, ઉપન્યું કેવળ જ્ઞાન, આ છે લાલ માત પિતા સ્વર્ગે ગયાજી૦ ૩ તારા તાતનો તાત, વળી ચેડાની માત, આ છે લાલ ઇણુહીજવન હિરણ્ય થયાંજી૦ ૪ રાણી કહે એ વાત, વાત, સાચી હશે શું નાથ, આ છે લાલ કેવળી દેખવા જાવશુંજી૦ ૫ વાંદવા ગયા દોય સાથ, પૂછી સઘળી વાત, આ છે લાલ નોતરૂ દેઈ ઘેર આવીયાજી૦ ૬ તાપસ બહુ પરિવાર, આવતા હર્ષ અપાર, આ છે લાલ રાણીને સમજાવશુંજી૦ ૭ રાણી દાસીને કહે આપ, મોજડી તાપસની કાપ, આ છે લાલ, ખીર બનાવો ઉમદાજી૦ ૮ તાપસ સહુ પરિવાર, જમતાં હર્ષ અપાર, આ છે લાલ રાણીના ગુણ ઉચ્ચરેજી૦ ૯ જમીને ચાલ્યા જાય, ગુરૂ કરો કહે રાય, આ છે લાલ આજે દહાડો નહીં ભલોજી૦ ૧૦ મોટો તાપસ તેણીવાર,

મોજડી જુએ વારંવાર, આ છે લાલ રાજા મન શંકા પડીજી૦ ૧૧ રાણીને પુછે રાય, મોજડી કિસવિધ જાય, આ છે લાલ રાણી કહે એ કેવળીજી૦ ૧૨ શરમાણો તિહાં રાય, ધર્મ તાપસનો જાય, આ છે લાલ જીવ લઈ કોલે પડયોજી૦ ૧૩ તારો મેલો ધર્મ, ભુંડો જેહનો ભર્મ, આ છે લાલ રાણી તેં કેમ ધારીયોજી૦ ૧૪ રાણી ભાખે તામ, ઈમ મત બોલો સ્વામ, આ છે લાલ કર્મ બંધન છે આકરોજી૦ ૧૫ તારો ધર્મ છે જેહ, બૌદ્ધ કહાવે તેહ, આ છે લાલ ભક્ષ કરાવે હાથી તણોજી૦ ૧૬ એહવા ગુરૂ તુમ રાય, જેહના સાથી થાય, આ છે લાલ તે કિમ તરશે બાપડાજી૦ ૧૭ રાજા ભાખે એમ, નહીં તારા ગુરૂને નેમ, આ છે લાલ પરનારીને ભોગવીજી૦ ૧૮ અવસરે દેશું બતાય, અભક્ષ તે નિત્ય ખાય, આ છે લાલ રાણી કહે તે મારા નહીંજી૦ ૧૮ છલ દેખે નિત્ય રાય, જૈન મુનિ કોઈ આય, આ છે લાલ લાજ ગુમાવું તેહનીજી૦ ૨૦ નવિ દેખે કોઈ ગુજ, રાજા થયો અબુજ, આ છે લાલ એક દીન રમવા નીકળ્યોજી૦ ૨૧ વનમેં મંદિર એક, કાઉસ્સગ્ગ રહ્યો મુનિ દેખ, આ છે લાલ વેશ્યા આણી તેણે સમેજી૦ ૨૨ ઘાલી મંદિર માંહી, તાળું દીધું ત્યાંહી, આ છે લાલ રાજા આવાસે ગયોજી૦ ૨૩ કાઉસ્સગ્ગ પાર્યો મુનિરાય, જાણ્યો સર્વ અભિપ્રાય, આ છે લાલ જૈન ધર્મની હાંસીહુએજી૦ ૨૪ અવસરે આશ્યો કપટ, કરી મુનિ વેષ પલટ, આ છે લાલ સર્વકુશલ શ્વેતાંબરાજી૦ ૨૫

દુહા—મુનિવર મનમાં ચિંતવી, જાલા ગુંથી રાય,
લબ્ધિ ઈહાં નહિ ફેરવું, ધર્મની હાનિ થાય. ૧

## ઢાળ ૨ ૭

લબ્ધિ ફેરવી મુનિ કીયો વિસ્તાર, અગ્નિ લગાઇ તેણી-વાર, ભભૂતિ ચોલી અંગ, બની બેઠો બાવાનો ધંગ ૧ સીંગી છટા બનાઇ મજબુત, બની બેઠો જોગી અવધૂત સિંદુર ટીકી અખીયાલાલ, બીછાઇ બેઠો ચિત્રશાળ. ૨ હાથ કમંડલ પગપાવડી સેલી, જટા બનાઈ બેવડી, રૂદ્રાક્ષની માળા લોહનો કડો, આગળ લઈ બેઠો લાખનો ઘડો. ૩ મુજ કંદોરો કાષ્ટ લંગોટ, વળી બનાયા ભુભુતના ગોટ, વિજયા કુંડીને ત્રીદંડીયું, લોહ તણો કીધો ચીપીયો. ૪ વલ્કલ ચીરીની વીંટીં છાલ, ઓઢી બેઠો ચિત્રકી ખાલ, ધગ ધગ ધુની ધીખાઈ તામ, ચલમ તમાકુ મિલ્યા ઠામ. ૫ અડગ હોઈ જબ માંડયો જાપ, અલખ જગાવી બોલ્યા આપ, મુજથી આગળ રહેજે નાર, રખે કાયા હોવે તારી છાર. ૬ થર થર ધ્રુજે વેશ્યા નાર, કઠીન એ મુજ લાગ્યો લાર, જો જો હવે નીકળું દહેરા બાર, તો હું આવી નવે અવતાર. ૭ રાજા રાણીને બોલીયો, તારા ગુરૂનો ચરિત્ર જુઓ, વેશ્યા ઘાલી મંદિર માંહી, પ્રત્યક્ષ જઈને જુઓ ત્યાંહી ૮ રાણી કહે રાજા તીણુ ઠાય, તારા ગુરૂ હશે મહારાય, મારા ગુરૂની પુરી પતિત, ધર્મ તણી એ રાખે રીત. ૯ રાજાએ ઢંઢેરો ફેરીઓ, લોક બહુ તિહાં જોવાને મિલ્યો, રાજા રાણી હરખ અપાર,

જઈ ખોલ્યા દહેરાના બાર. ૧૦ અલ્લખ જગાવી નીકળ્યો બાર, ધક્કે જોગે બારે વેશ્યા નાર. રાજાજી હાંકોબાંકો થયો, કઠીન પેડાને કઠીન ગયો. ૧૧ રાણી રાયને બોલી હસી, તારા ગુરૂની વાત જ ઈસી, ઈશ્યા ગુરૂ તાહરા મહારાજ, પરનારી શું કરે અકાજ. ૧૨ રાજાએ મુખ નીચો ઢાલીયો, રાણીએ સમક્તિ સન્મુખ કીધો, ધન્ય ધન્ય હો મોટા ઋષિ-રાય, ધર્મતણી તેં રાખી લાજ. ૧૩ એક દીન રાજા વનમાં જાય, મુનિ અનાથી દેખ્યા ત્યાંય, પુછી વૃત્તાંતને જાણ્યો ધર્મ, મિથ્યાત્વ તણો તિહાં ભાગ્યો ભર્મ. ૧૪ સમક્તિ પામ્યો તેહની પાસ, ઉત્તરાધ્યયને જો જો એ ખાસ, પાંચ પ્રકારે કુગુરૂ વળી, અવંદનીય ત્યાં ભાખ્યા કેવળી. ૧૫ સુણી વાત સમક્તિ દ્રઢ કરે, તો તે નિશ્ચે શિવપદ વરે, વીરજીણંદની એ છે વાણ, ધન્ય ધન્ય પ્રાણી તે ગુણખાણ. ૧૬ રૂચિ પ્રમોદે સમક્તિ લહે, કીર્તિવિજય સમ શોભા કહે સર્વ ધર્મમેં સમક્તિ સાર, નિશ્ચે પામી મોક્ષ દુવાર. ૧૭

---

## श्री सुदर्शन शेठनी सज्झाय ढाळ-६

### ઢાળ-પહેલી ( ચોપાઈની દેશી )

સંયમીધીર સુગુરૂ પાયવંદી, અનુભવ જ્ઞાન સદા આનંદી, લલના લોચન બાણે ન વિંધ્યો, શેઠ સુદર્શન જેહ પ્રસિધ્ધો. ૧ તેહ તણી ભાખું સજઝાય, શીલવ્રત જેહથી દ્રઢ થાય,

મંગલ કમલા જીમ ઘર આવે, ત્રિભુવન તિલોક સમાન કહાવે. ૨ ઇતિ ઉપદ્રવે જેહ અકંપા, જંબુ ભરતમાંહે પુરી ચંપા, દધિવાહન નૃપ અભયા રાણી, માનુ લલિતાદિક ગુણે ઇંદ્રાણી. ૩ ઋષભદાસ નૃપ અભિમત શેઠ, લચ્છિ કરે નિત જેહની વેઠ, ઘરણી નામ તસ અરિહા દાસી, બેહુની જૈન મતે મતિ વાસી. ૪ સુભગ નામે અનુચર સુકુમાળ, તેહ તણે ઘર મહિષી પાલ, માઘ માસે એક દિન વન જાયે, સુવિહિત મુનિ દેખી સુખ પાવે. ૫ નિરાવરણુ સહે શીત અપાર, મુખે કહે ધન્ય તેહનો અવતાર, વંદી વિનય થકી આણંદ, એહવે તેજે તપ્યો દિણંદ. ૬ નમો અરિહંતાણં મુખે ભાખી, તિહાં મુનિ જિમ ગગને પંખી, આકાશ ગામિની વિદ્યા એહ, સુભગે નિશ્ચય કીધો તેહ. ૭ સુવે જાગે ઉઠે બેસે, એહિજ પદ કહેતો હૃદયે હિંસે, શેઠ કહે વિદ્યા કેમ આપી, મુનિ સંબંધ કહે શિરનામી. ૮ રે મહા ભાગ સુભગ વળી એહથી, દૂરે કર્મ ટલે ભવ ભયથી, એહ વિદ્યા ગુણ પાર ન લહીએ, ધન પ્રાણી જેહને હિઅડે વહીએ. ૯ એમ કહી આખો મંત્ર શીખવ્યો, સાધર્મિકનો સંબંધ ભાખ્યો, એ દિન ઘનવૃષ્ટિ નદી પુરે, ઘરે નવિ આવ્યો થયું અસુ રે. ૧૦ મહિષી સવિ પહેલાં ઘર આવી, સુભગે મનમાં વિદ્યા ભાવી, નદી ઉતરી પર તટ જાવે, લોહ કિલકે હિયડે વિધાવે. ૧૧ તો એ પણ તસ ધ્યાન ન ચૂકે, ચિત્ત સમાધિ તેહ ભવ મુકે, શેઠ તણે ઉપકારે ભરિઓ, અરિહા સ્ત્રી ગર્ભે અવતરીઓ. ૧૨.

## ઢાળ ૨ જી (સા કાજલ કહેવાત–એ દેશી)

અનુક્રમે ગર્ભ પ્રભાવ, શ્રીજીનબિંબ જુહારૂં, સંઘભક્તિ કરૂં ખાસ, શાસન શોભા વધારૂં, ઉત્તમ દોહલા તેહ, પુરે જન્મ થયોરી, નામ સુદર્શન દીધ, ઘર ઘર હર્ષ ભર્યોરી. ૧ સકલ કલા આવાસ, યૌવન વય પ્રસર્યોરી, નામે મનોરમા નારી, પરણી હેજે વર્યોરી, એહિજ નયર મોઝાર, કપિલ પુરોહિત છેરી, રાજમાન્ય ધન્યવંત, કપીલા ઘરણી અછેરી. ૧ શેઠ સુદર્શન સાથ, કપીલને પ્રેમ વહેરી, અહનિશ સેવે પાય, કપિલ તાસ કહેરી, ષટકર્માદિ આચાર, મુકીઅ દૂર ઘણુંરી, એહવું શું છે સ્વામી, દાખો તેહ સુણુંરી. ૩ કપીલ કહે સુણ નાર, શેઠ સુદર્શન છેરી, જસ ગુણ સંખ્ય ન પાર, કહેવા કવણ હવેરી, રૂપે મદન રવિ તેજ, જલધી ગંભીર પણેરી, સૌમ્ય ઈન્દુ સુરવૃક્ષ, અધિક તસ દાન ગુણેરી. ૪. કિં બહુના ગુણરાશી, વાસિત દેહ અછેરી, ઈમ નિસુણી તે નારી, તેહ શું કર્મ રૂએરી, એક દિન રાય આદેશ, કપીલ તે ગામ ગયોરી, કુટીલા કપીલા દેહ, મન્મથ પ્રગટ થયોરી. ૫ શેઠ તણે ઘેર જાઈ, કહે તુમ મિત્ર તણેરી, દેહે છે અસમાધિ, દેખણ આવો ભણેરી, આવ્યો તત ક્ષિણ તેહ, કહે તે મિત્ર કિહાંરી, સૂતા છે ઘરમાંહી, શય્યા સેજ જિહાંરી. ૬ દેઈ ઘરના બાર. વલગી નારી તીસેરી, દેખાવે નિજભાવ, હાવ વિલાસ હસેરી, જાણી કપટ પ્રપંચ, શીલ સનાહ ધર્યોરી, હું છું ષંઢ પુરૂષ, મુધા નરવેષ કર્યોરી. ૭ વિલખી થઈ ને તેહ, કાઢચો ગેહ થકીરી, આજ પછી પરગેહે, જાવા

નિયમ ન કીરી, શેઠ સુદર્શન એમ, રહે નીત શીલ વહેરી, અવનિ તલે ઉપમાન, એહનું કવણ લહેરી. ૮

ઢાળ ૩ જી ( શ્રી સુપાર્શ્વજીન વંદીએ-એ દેશી )

એક દિન ઇંદ્ર મહોચ્છવે, રાજાદિક સવિલોક લલના, ક્રીડા કારણ આવીયા, સજ્જ કરી સઘળા થોક લલના, શીલ ભલીપરે પાળીએ-એ આંકણી. ૧ શેઠ સુદર્શનની પ્રિયા, નામે મનોરમા જેહ લલના, દેખે દેવકુમાર સમા, ષટ્સુત સુગુણ સનેહ લલના. શીલ. ૨ અભયા રાણીને કહે, કપિલા દેખી તામ લલના, પ્રિયા પુત્ર એ કુણ તણા, તે દાખો મુઝ નામ લલના. શીલ. ૩ અભયા કપીલાને કહે, લક્ષ્મી અધિક અવતાર લલના, શેઠ સુદર્શનની પ્રિયા, પુત્ર તણે પરિવાર લલના. શીલ. ૪ કહે કપિલા એ કિંહા થકી, એહને પુત્ર અચંભ લલના, અભયા કહે અચરજ કિશ્યું, શચીપતિ પતિ એરંભ લલના. શીલ. ૫ કહે કપિલા તે કલીબ છે, જુઠ ધરે નરવેશ લલના, કિમ જાણ્યું રાણી કહે, કહે વૃત્તાંત અશેષ. લલના. ૬ મુગ્ધે વંચી ઇમ કહી, તુજને ઈણ નિરધાર લલના, પરસ્ત્રી સાથે ષંઢ છે, નિજ તરૂણી ભરથાર લલના. શીલ. ૭ સુણ અભયા જો નર હોવે, તો ભજે કામ પ્રચંડ લલના, લોહ પુરૂષ સરિખો ગળે, પણ નિશ્ચય એ ષંઢ લલના. શીલ. ૮ કહે કપીલા મદ મત કરો, એ નિશ્ચે અવિકાર લલના, કહે અભયા મુજ ફંદમાં, કવણ ન પડે નિરધાર લલના. શીલ. ૯ કપીલા કહે હવે જાણશું, એ તુઝ વચન વિલાસ લલના, કોઈ પ્રપંચે એહને, પાડો મન્મથ પાસ

લલના. શીલ. ૧૦ કીધી પ્રતિજ્ઞા આકરી, જલ જલણાદિ પ્રવેશ લલના, અનુક્રમે ક્રીડા વન થકી, પહોંચ્યા નિજ નિજ વેશ લલના. શીલ ૧૧.

**ઢાળ ૪ થી** ( એક દિન બેઠા માળીએ રે લોલ. એ દેશી )

હવે અભયા થઇ આકરી રે લોલ, ચુકવવા તસ શીલ રાય જાદી રે. ધાય માતા તસ પંડિતા રે લોલ, કહે સવિ વાત સલીલ રાયજાદી રે, ખલ સંગતિ નવિ કીજીએ રે લોલ. ૧ સુણ પુત્રી કહે પંડિતા રે લોલ તુજ હઠ ખોટો અત્યંત રાયજાદીરે. નિજ વ્રત એ ભંજે નહિ રે લોલ, જો હોવે પ્રાણાન્ત, રાયજાદીરે. ખલ. ૨ કહે અભયા સુણ માવડી રે લોલ, મુજ ઉપરોધે એ કામ રાયજાદીરે, કરવું છલ બલથી ખરૂં હો લોલ, ન રહે માહરી મામ રાયજાદીરે. ખલ. ૩ માની વચણ એમ પંડિતા રે લોલ, રાખી મનમાં ચુપ રાયજાદીરે, કૌમુદી મહોત્સવ આવીયો રે લોલ, પડહ વજાવે ભૂપ રાયજાદીરે. ખલ. ૪ કાર્તક મહોત્સવ દેખવા રે લોલ, પૂર બાહિર સવિ લોક કહે રાજા રે, જોવા કારણ આવજો રે લોલ, આપ આપની મલી થોક કહે રાજારે. ખલ. ૫ ઈમ નીસુણી શેઠ ચિંતવે રે લોલ, પર્વ દિવસનું કાજ કિમ થાશે રે, રાય આદેશ માગીં કરી રે લોલ, ઘેર રહ્યો ધર્મને કાજ દુઃખ જાશેરે. ખલ. ૬ સવિબિંબ પૂજા કરીરે લોલ, ચૈત્ય પરિ પાટી કીધ મનોહારીરે, પોષહ નિશિ પ્રતિમા રહ્યો રે લોલ, એકાન્તે ચિત્તવૃદ્ધિ સુખકારીરે. ખલ. ૭ અભયા શિર દુઃખણુ મિષેરે લોલ, ન ગઈ રાજા સાથ રાયજાદીરે,

કપટે પંડિત પંડિતા રે લોલ, મુરતિ કામની હાથ રાયજાદીરે. ખલ. ૮ ઢાંકી પ્રતિમા વસ્ત્ર શું રે લોલ, પેસાડે નૃપગેહ રાયજાદીરે, પુછે તિહાં કને પોળીઓ રે લોલ, કહે અભયા પૂજન એહ રાયજાદીરે. ખલ. ૯ એક દોય ત્રણ ઈમ કામિની રે લોલ, મુરતિ આણી તામ રાયજાદીરે. પ્રતિમા ધર ઈમ શેઠને રે લોલ, કપટે આણ્યો ધામ રાયજાદીરે. ખલ. ૧૦.

## ઢાળ ૫ મી

અભયા કામવિકાર, કરી આલિંગતી હો લાલ, કરી આલિંગતી, કોમલ મૃણાલ, ભુજાશ્યું વિંટતી હો લાલ, ભુજાશ્યું વિંટતી. ૧ નિજ સ્તન મંડલ પીડે, તસ કરશું ગ્રહી હો લાલ, કે તસ કરશું ગ્રહી, અંગોપાંગે સર્વાંગે, ફરસે તે સહી હો લાલ, ફરશે તે સહી. ૨ અનુકુળને પ્રતિકુળ, કર્યા પરિસહ બહુ હો લાલ, કર્યા પરિસહ બહુ, કોપ્યા પહેરી લોક, પોકાર્યા તે સહુ હોલાલ, પોકાર્યા તે સહુ ૩ રાજા આવ્યો તામ, કહે અભયા કિહાં હોલાલ, કહે અભય કિહાં. મુજ એકલડી જાણી, કે એ આવ્યો ઈહાં હોલાલ, એ આવ્યો ઈહાં. ૪ ધર્મ પિશાચી એણે, કદર્થી હું ઘણું હોલાલ, કદર્થી હું ઘણું, એણે કીધો અન્યાય, મુખે કેટલું ભણું હોલાલ, મુખે કેટલું ભણું ૫ નિસુણી રાજા વાત કે, સંશય મન ધરે હોલાલ, સંશય મન ધરે, એહથી એમ નવિ થાય, પ્રગટ દીસે પરે હોલાલ, પ્રગટ દીસે પરે. ૬ કહે રાજા અન્યાય, ઈણે મોટો કીધો હોલાલ, ઇણે મોટો કીધો, પુરમા કરી વિડંબના, કે શુલીએ દીઓ.

હોલાલ, શુલીએ દીઓ. ૭ ફરતા એમ પુરમાંહી, ઋષભદાસ મંદિરે હોલાલ, ઋષભદાસ મંદિરે, નિસરીયો તે વિરૂપ, પ્રિયા દેખી દુઃખ ધરે હોલાલ, પ્રિયા દેખી દુઃખ ધરે. ૮ મેરૂ ડગે પણ કંત, ન ક્ષોભે શીલથી હોલાલ, ન ક્ષોભે શીલથી, કોઈ અશુભ વિપાક, ઉદયના લીલથી હોલાલ, ઉદયના લીલથી. ૯ એ ઉપસર્ગ ટળે, તો મુજ પારણું હોલાલ. તો મુજ પારણું, નહિતર અણસણ મુજ, દેઇ ઘર બારણું હોલાલ, દેઈ ઘર બારણું. ૧૦ કરી કાઉસ્સગ્ગ રહી ધ્યાન, ધરી શાસન સુરી હોલાલ, ધરી શાસન સુરી, શુલીએ દીધો શેઠ, આરક્ષકે કર ધરી હો લાલ, આરક્ષકે કર ધરી. ૧૧ કનક સિંહાસન તે, થયું દેખી તીસે હો લાલ, થયું દેખી તીસે, તવ મુકયું કરવાલ, કુસુમ પરે ગલે હોલાલ કુસુમ પરે ગલે. ૧૨ તેહ ચરિત્ર, પવિત્ર કહે રાજા પ્રત્યે હોલાલ કહે રાજા પ્રત્યે, ગજ ચઢી આવ્યો ભૂપ, ખમાવે માન તે હોલાલ, ખમાવે માન તે. ૧૩ નારી વયણથી કાજ, કર્યું અવિચારીને હોલાલ, કર્યું અવિચારીને, એહ ખમજો અપરાધ, કરી મનોહારને હોલાલકરી મનોહારને. ૧૪.

ઢાળ ૬ ઠ્ઠી ( ભુદેવ ભાઈ ઘેર આવીયાજી—એ દેશી )

શેઠ સુદર્શન ગજ ઉપર ચઢયાજી. વિંજે તિહાં ચામર છત્ર પવિત્ર રે. જિત નિશાન બજાવે નયરમાંજી, નાટક બત્રીસ બદ્ધ વિચિત્ર રે, મોટો મહિમા છે મહીયલ શિયળનોરે. ૧ દાન અવારિત દેતાં બહુ પરે જી, આવે નિજ મંદિર કેરે બારરે, શોભા જીનશાસનની થઇ ઉજળીરે, ધન ધન મનોરમા

જસ નારરે, કાઉસ્સગ્ગ પાર્યો તેણી વાર રે, મોટો મહિમા છે મહીયળ શીયળનોરે. ૨ અભયા ગળે ફાંસો ખાઈને મરીજી, દાસી પાટલી પુત્ર ધાઈ જાય રે, દેવદત્તા ગણિકાના ઘરમાં રહી રે, ચરિત્ર સુણીને અચરિજ થાય રે. મોટો૦ ૩ શેઠ સંવેગે સંયમ આદરી રે, શીક્ષા ગ્રહી ગીતારથ થાય રે, તપ દુર્બળ તનુ એકાકી પ્રતિમા ધરે રે, વિચરંતાં પાટલી પુર તે જાય રે. મોટો૦ ૪ શેઠ સુદર્શન રૂપ વખાણથી રે, ગણિકા થઈ ઉત્સુક મુનિને દેખી રે, ભિક્ષા ભમતાં ઘરમાંહે રાખીયો રે, કીધા કપિલા પરે ઉપસર્ગ અશેષ રે. મોટો૦ ૫ એમ કદર્થી સાંજે મુકીયો રે, આવી મનમાંહે ધ્યાન ધરંત રે, અભયા મરીને હુઈ વ્યંતરી રે, દીઠો તેણે તિહાં મુનિ મહંત રે. મોટો૦ ૬ ઉપસર્ગ તેણે અનેકવિધે કર્યા રે, ચઢયો તવ ક્ષપક—શ્રેણિ મુણીંદરે, ઘાતીકર્મ ક્ષયે કેવળ પામીયા રે, આવ્યા તિહાં સુરનર કેરા વૃંદ રે. મોટો૦ ૭ દેશના આપે જન પ્રતિબોધવા રે, કાપે સવિ પાપ કેરા વૃંદ રે, ગણિકા પંડિતાને અભયાવ્યંતરી રે, પામે તિહાં સમકિત અમંદ રે. મોટો૦ ૮ પહેલાં એક ભવને અંતરે રે, હું તો સ્ત્રી સંબંધે અભયાજીવ રે, શુલી ગાલીથી કર્મ બાંધીયું રે, આવ્યું તેહનું ફળ ઉદયે અતીવ રે. મોટો૦ ૯ અનુક્રમે વિચરંતાં ચંપાએ ગયા રે, પ્રતિબોધવા રાજાદિ બહુ પરિવાર રે, ધન ધન મનોરમા તસ સુંદરીજી, સંયમ ગ્રહી પહોતી મુક્તિ મોઝાર રે. મોટો૦ ૧૦ પરમપદ પામે સુદર્શન કેવળી રે, જયવંતો જેહનો

જગમાં છે જશવાદ રે, નીત નીત હોજો તેહને વંદના રે, પહોંચે સવિ વંછિત મનની આશરે. મોટો૦ ૧૧ સહજ સોભાગી સમક્તિ ઉજળું રે, ગુણીના ગુણ ગાતા આનંદ થાય રે, જ્ઞાન વિમળ ગુણવાધે અતિઘણો રે, અધિક ઉદય હુવે સુજશ સવાય રે. મોટો મહિમા છે મહીયલ શીયળનો રે૦

# श्री मेघकुमारनी सज्झाय

ઢાળ—૧ લી. સમરી શારદ સ્વામીની, વંદી વીર જીણંદ લાલ રે, ઉલટ આણી અતિ ઘણો, મોટો મેઘ મુણીંદ લાલ રે, ઢીલ ન કીજે ધર્મની. ૧ નરભવ નિગમો આલિ લાલ રે, યૌવનવયમાં જાગીઓ, સાચાબોધો પાલી લાલ રે. ઢીલ૦ ૨ રાજગ્રહી રાજેપુરી, સબળ શ્રેણિક તિહાં રાય લાલ રે, ધર્મની રાણી ધારિણી, શીલ સુચંગી સદાય લાલ રે. ઢીલ૦ ૩ જગવંદ્ય તેહનો જાઈઓ, નામે મેઘકુમાર લાલ રે, યૌવનવયમાં પરણી જેણે, કન્યા આઠ ઉદાર લાલ રે. ઢીલ૦ ૪ કન્યા આઠ ઉદાર ઝીલતો, આણંદમાં નિત્યમેવ લાલરે, સુખવિલસે સંસારનાં, દોગુંદક જેમ દેવ લાલ રે. ઢીલ૦ ૫ એ હવે આપણે પાઉલે, કરતા મહિપાવન લાલ રે, વીરજીણંદ સમોસર્યા, રાજગૃહી થઈ ધન્ય લાલ રે. ઢીલ૦ ૬ મેઘકુમારે તાત શું, જઈ વાંદ્યા જીનચંદ લાલ રે, દેઈ દેશના જીનવીરજી, બુઝયો ધારિણી નંદલાલ રે. ઢીલ૦ ૭

ઢાળ—૨ જી. મેઘ જઈ કહે માને ઉમાહ્યો, આજ

લાગ મેં પાયો રે, મા મુને ઘો દીક્ષા આણા, પુન્યે પાયો એ ટાણો રે. મા મુને૦ ૧ જોગ ગુરૂનો મળ્યો એ દોહિલો, એહનો થઇશ ચેલો રે, માતા કહે વચ્છ એકચ મેલ્હો, ખાઓ પીઓ ખેલો રે. મા મુને૦ ૨ વચ્છ વાત દીક્ષાની મોટી, ચુંટાવવી એ ચોટી રે, વચ્છ દીક્ષાના દહાડા નહિ, આજે ખેલવાના દહાડા રે. મા મુને૦ ૩ વચ્છ કહે માજી ચોવનીયો, દશ દિનનો પ્રાહુનીયો રે, મા સંસાર તણી એ ક્રિડા, અતિ પ્રાય એ પીડા રે. મા મુને૦ ૪ વચ્છ વિલસો સાધીન સુખડાં, હું લહું તુમહ દુઃખડાં રે, વચ્છ તું મને પ્રાણથી પ્યારો, વિરહ કેમ ખમું તાહરો રે. માતા કહે૦ ૫ એહવા સુખ મેં મા અનંતી, પામ્યો વાર અનંતી રે, માજી એ મલે જનને જ્યારે, પ્રાણ ન દીએ ત્યારે રે. મા મુને૦ ૬ માડી બગતર ચઢી ગજ બલીયે, દુર્જનને જે દલીયે રે, વચ્છ લઘુ વયમાં કીર્તિ કમાયો, આપણી આણ મનાઓ રે. માતા કહે૦ ૭ ઉપશમ જહાજ કરી અશવારી, શીલ સન્નાહ ધારી રે, મા અંતરંગ દ્વેષીને ટાળું, મોહને આણ મનાવું રે. મા મુને૦ ૮ તું જો સરસ ભોજન સુખડલી, દોહીલી દીખલડી રે, વચ્છ કહે જ્ઞાન ભોજન કરશું, દેશ વિદેશે ફરશું રે. મા મુને૦ ૯ વૃદ્ધ થઈ વચ્છ લેજો જોગા, અબ ભોગવો ભોગા રે, લાહો યૌવન લેઈ જાયા, અંતે જાગે તે ડાહ્યા રે. માતા૦ ૧૦

ઢાળ—૩ જી (સેવો ભવિયણ વિમલ જીનેશ્વર એ દેશી)

ભણે મેઘ ધર્મની ઢીલ ન કીજે, કાલ કોણે દીઠી

માતા રે, વાત સુણી મા મોરી હો લાલ રે, હે ભવ સમુદ્ર અપાર બે, કયાં કરૂં વિલંબ લગાર બે–વાત સુણી માત મોરી હો લાલ રે૦ ૧ આપની કરણી પાર ઉતરણી, કીનકી માતને તાત બે, સરસ વિસમ એ સુખ દુનિયાકાં, દુઃખ હે મેરૂ સમાન બે. વાત૦ ૨ સમજુ નર તિહાં કીમ રાચે, જસ હુએ હઇડે સાન બે, વીરે વખાણ્યા શીવસુખ તેહવાં, ઘરઘરની કયું લહુ આશ બે વાત૦ ૩ સરોવર સુખ દેખી ખાવડ લે, કયું રતિ થાવે હંસ બે, આપે શ્રી વીરજીન ઉપદેશ્યાં, વિરૂઆનરક નિગોદ બે. વાત૦ ૪ તે માટે ધો દીક્ષાની આણ, તો મેં પાકુ મોદ બે, ભિક્ષા ભોજન કરતાં માજી, ગામોગામ સદાય બે. વાત૦ ૫ ભમું અખધૂત એકલડો, તપ તપી ગાળુ કાય બે, શુદ્ધ દિલ સુતનું લહી કહે માડી, તમને ગમે તેહ કરપુત બે. વાત૦ ૬ માતાની આણા લહી મેઘો, હરખ્યો દિલ અદ્‌ભૂત બે, વીરજીનેશ્વર પાસે જઇને, ચારિત્ર લીધું ઉલ્લાસ બે. વાત૦ ૭

**ઢાળ—૪ થી.** ઉઠી ઉલટ મામસું પરમ હરખપુર એ, મોહ મદ મોહીને વીરજી હજુર રે, કાંઈ તું મેઘા મસ્તી કરે, મેઘલીયે દીખડી તો શીખડી ધરે. વીરજી૦ ૧ વિશ્વવંદ્ય વીરજી મેઘને તેણીવાર રે, સુંપે સ્થવીર સાધુને શીખવા આચાર રે. કાંઈ તું૦ ૨ પભણે રાત્રિ પોરસિ, સઘળા અણુગારરે, આવીયો તવ બારણે મેઘનો સંથાર રે. કાંઈ તું૦ ૩ કોઈ હણે કુણીએ, કોઈ દીએ ઠેસેરે, કોઈ

નડચો ઢીંચણે, મેઘમુનિ એસ રે. કાંઈ તું૦ ૪ ચૌદ સહસ સાધુજી આવે, અને જાય રે, તાસ ચરણ રેખથી મેઘજી ખેદાય રે. કાંઈ તું૦ ૫ પુરવે હું આવતો, સાધુ સહુતામ રે, માન દેતા બહુ મુને, આજ કરે આંમ રે. કાંઈ તું૦ ૬ વ્હાણે પૂછી વીરજી, જાઉં પરો ઘેર રે, મહાનુભાવા એ મુનિ, દોહિલો એ પેર રે. કાંઈ તું૦ ૭ આહો આટલી પરષદા, એહને નમસ્કાર રે, દુરથી રળીયામણા, ડુંગરા નિરધાર રે. કાંઈ તું૦ ૮ એ હવે મન ચિંતવે, ધારણી કિશોર રે, નમાય નયણે નિદ્રડી, દોહિલો ભયે મોર રે, કાંઈ તું૦ ૯ શીખડી તવ માગવા, વીરજી કને જાય રે, મધુર વયણે વીરજી, મેઘને બુલાય રે. કાંઈ તું૦ ૧૦

**ઢાળ–પાંચમી.** ધારણી ઉરસર હંસલો, તું ગુણમણી ખાણ, મેઘા સમજી શુદ્ધાવટ ચાલીએ, શુભમતિ હૈડે આણી મેઘા. વચ્છ૦ ૧ વચ્છ તું તો રે ઉત્તમવંશી, સાંભળ તું અમ શિખરે મેઘા, જગવંદ્ય યતિની રે, પગરજે શું તુજને ચઢી રીસ, મેઘા. વચ્છ૦ ૨ રત્ન ચિંતામણી પામીને, કુણ ગ્રહે કાચની ગુણ મેઘા, ચક્રવર્તી પદ વીરે પરિહરી, દાસ પણું ગ્રહે કુણ, મેઘા. વચ્છ૦ ૩ અગ્નિમાં પડવું તે ભલું, પણ ન ભલું વ્રતભંગ મેઘા, જીવિત જલબિંદુ જેહવું, સુપન સરિખો એ રંગ, મેઘા. વચ્છ૦ ૪ ત્રીજે ભવે વચ્છ તું હતો, ગિરિ વૈતાઢયજી હાથિણી મેઘા, સહસનો રે ધણી ધોલો, ષટદંતો ગજરાજ. મેઘા વચ્છ૦ ૫ નામિ સુમેરૂ પ્રભુ તું તો, એકદા ગ્રીષ્મમેં ત્યાંહ મેઘા, દવ

બળતો અતિ તરસ્યો, તું ગયો એક સરોવર માંહિ. મેઘા. વચ્છ૦ ૬ નીર ન પામ્યો રે તિહાં કને, અલ્પજળ વધુ પંક મેઘા, તિહાં પુરવ વયરી ગજે, હણીયો તું નિશ્શંક મેઘા. વચ્છ૦ ૭ છેક થયો તું રે જજરો, પીડ ખમી દીન સાત મેઘા, વરસ એકસો વીસનું, ભોગવી આયુ સુજાત મેઘા. વચ્છ૦ ૮ ચ્યવી વળી તું વિંધ્યાચળે, એ તો કરત અવાજ, મેઘા, સાતસેં હાથણીઓમો, ધણી થયો ચઉદંતો ગજરાજ. મેઘા. વચ્છ૦ ૯

**ઢાળ—૬ ઠ્ઠી.** એક દિન દવ બળતો બહુ, દેખી જંગલમાંહી, જાતિસ્મરણ ઉપન્યું, તેહ ગજરે હો ત્યાંહી૦ ૧ દવ દુઃખ દેખી પાછલું, વર્ષાઋતુ થઈ જામ, હાથિણી સહિત તે હાથીઓ, ઉદ્યમે આયો ત્યાંહિ૦ ૨ તે વર્ષાઋતુને કાળે, આદિને મધ્ય અંતરાઈ, વન સુંઢીને કીધલું, માંડલું જોજન ત્યાંહિ૦ ૩ વર્ષા વીતી રે એકદા, વ્યાપ્યો દેવ વિકરાળ, વેગે જવાલા રે જાળતો, દહતો મહાતરૂડાળ૦ ૪ દવથી ડરતો રે તું તદા, માંડલું કર્યું તેં હો ત્યાંહિ, હાથિણી સાથે વેગસ્યું, આવી તું રહ્યો. ત્યાંહી૦ ૫ દવ બલીયા સબ જંગલી, આવી વસીયા હો ત્યાંહી, એક સસલો તિહાં બાપડો, ન લહે ઠામ જ કયાંહિ. દવ૦ ૬ એ હવે કાન ખંજોળવા, ઉપાડયો તિહાં પાય, સસલો આવીને તિહાં રહો, રાંક સહી જીવ રાય. દવ૦ ૭ તે પાછો પગ મુકતો જાણી, સસલો સુકુમાલ, જીવદયાને કારણે, રાખ્યો પગ અંતરાલ. દવ૦ ૮ અઢી દીવસે તે દવ

શમ્યો, સાથી જ સહુ ગયાં છોડી, તાહરા પગ તળે જે સસો, તે પણ ગયો એક મોરી. દ૦ ૯ ઠવે પગ હેઠો જે હવે, ગબડી તું પડ્યો તામ, ત્રણ દિન પીડા તેં સહિ, અંતે શુભ પરિણામ. દ૦ ૧૦ સો વરસનું રે આઉખું, ભોગવી શ્રેણિક ગેહ, ધારિણી ઉરે ઉપન્યો, મેઘા તું જીવ તેહ. દ૦ ૧૧ પૂર્વ ભવે જીવદયા પાળી તેં, અંગ દુઃખ ખમ્યું તેમ, ૠષિપગ રજ લાગી તેહથી, ખેદાણો ઇહાં કેમ. દ૦ ૧૨ વયણ સુણી એમ વીરનાં, મેઘો કરે ઇહાપોહ, જાતિસ્મરણ પામીને, લાગ્યો વીરને પાય. દ૦ ૧૩ ધન ધન તું જીનવરજી, જીણંદ રવિ ચંદ ત્યાંહિ, ઉવટ જાતા રે મુજને, આણ્યો મારગ માંહિ. દ૦ ૧૪ તું ખરો ધર્મહ સારથી, દેવ હું હવે નિત્યમેવ, જગવંદ્ય એ સહુ સાધુની, શીર ધરૂ પગરજ હેવ. દ૦ ૧૫ હવે પછી મેં એક નયનની, કરવી સાર સંભાળ, ન કરૂં સાર એ અંગની, અભિગ્રહ કરૂં એ કૃપાળ. દ૦ ૧૬ ફિર વીરજીકને મેઘજી, લેઈ સંયમ સાર, તપી દુસ્તર તપ દેહડી, પાલી વરસાં હો બાર. દ૦ ૧૭ અનુત્તર વિજય વિમાનમાં, તે થયો દેવ અનુપ, શ્રી વૃદ્ધસાગરસુરિજી, જાગે તપગચ્છ ભૂપ. દ૦ ૧૮ રાજે તે સહુના રાજમાં, જીનસાગર કવિરાય, શિષ્ય જયસાગર સાધુના, પ્રેમે પ્રણમો હો પાય. દ૦ ૧૯

## श्री सूरिकान्तानी सज्झाय

સરસ્વતી સ્વામીને વિનવું, સદ્ગુરૂ લાગુજી પાય,

ભવિયણ સાંભળો, સૂરિકાન્તા મનમાં ચિંતવે, નકામો ભરથાર, ભવિયણ૦ ૧ સૂરિકાન્તા પુછે પુત્રને, કેવા વ્હાલા તારા તાત. ભવિયણ૦ એ શું બોલ્યો રે મોરી માવડી, પિતા પિતા રે પિતા ગુરૂ, પિતા ગુરૂને ઠામ. ભવિ૦ ૨ છઠ્ઠ અઠ્ઠમના રાયને પારણી, જમવા તેડું રાય, ભવિ૦ વિખ ઘોળુંને વિખ કેળવું, જમવા આવે રાય. ભવિ૦ ૩ સોના કચોળે વિખ ઘોળીયા, જમવા આવ્યા રાય, ભવિ૦ રત્ન કચોળે વિષ પિરસ્યા, જમવા બેઠા રાય. ભવિ૦ ૪ ચતુરે એ વિષ ઓળખ્યા, ક્ષમા આણિ ત્યાંહિ, ભવિ૦ અરિહંત મનમાં સમરીને, અહણ કર્યું ઇણ ઠામ. ભવિ૦ ૫ નારી તે વિષની વેલડી, નારી નરકની ખાણ, ભવિ૦ ચળુ કરીને રાય ઉભા થયા. ગયા પૌષધ શાળ. ભવિ૦ ૬ ભોંય સંથારો રાયે કર્યો, લોચે એકાએક. ભવિ૦ પરંપરાએ વાત સાંભલી, સૂરિકાન્તા આવે ત્યાંહી. ભવિ૦ ૭ મારગ હીંડે મલપતિ, મુકી છુટી વેણ, ભવિ૦ મિત્રને કહે ખાસ આધાર હો, આ શું થયું તત્કાળ. ભવિ૦ ૮ હૈહ કરતી હૈડે પડી, નખ દીધો ગળા હેઠ, ભવિ૦ અરિહંત મનમાં સમરીયાં, દેવલોકે પહોત્યાં તેણે ઠામ. ભવિ૦ ૯ હીરવિજય ગુરૂ હીરલા, ધન્ય એના પરિણામ. ભવિયણ સાંભલો૦

# श्री सुकुमालिकानी सज्झाय

ઢાળ પહેલી. વસંતપુર સોહામણું રે, રાજ્ય કરે તિહાં રાય, સિંહસેન નૃપતિ રાજીયો રે, રાણી સીહલ્યા

નામરે. પ્રાણી જુઓ જુઓ કર્મની વાત, છાંડે પણ છુટે નહિરે, કર્યાં કર્મ વિશેષ રે. પ્રાણી ૧ રસિક બસિક તેહના રે, ઉપન્યા તે બાલકુમાર, બાલિકા એક સુકુમાલિકા રે, રૂપ તણો ભંડાર રે. પ્રાણી ૨ સસિક ભસિક સુકુમાલિકા રે, વાધે તે રૂપ વિવેક, અનુક્રમે મોટા થયારે, જ્ઞાનાદિ ગુણ સુવિશેષ રે. પ્રાણી ૩ સાધુ સમીપ દીક્ષા ગ્રહીરે, સસિક ભસિક સુકુમાર, પછી તેહનું શું થયું રે, જુઓ જુઓ કર્મવિટંબરે. પ્રાણી ૪ ગામ નગર પર વિચરંતા રે, પાળે જીનવર આણ, તપ કરતા અતિ આકરારે, તોડે કર્મ નિદાન રે. પ્રાણી ૫ બાલિકા એક સુકુમાલિકારે, તેહનું અનુપમ રૂપ, વિવરીને હું વર્ણવુંરે, જોવા આવે છે ભૂપરે. પ્રાણી ૬ ભ્રાતા દોય ચોકી કરે રે, મેલી કુલ આચાર, રૂતુ ધરીને ખમાવીયારે, અઠ્ઠમ નપ અનુસાર રે. પ્રાણી ૭ અંગોપાંગ હાલે નહિરે, જીવ થયો અસરાલ, કંઠે તો કાંટા પડે રે, મરણ જાણ્યું સુકુમાલ રે. પ્રાણી ૮ મરણ જાણી મેલી ગયા રે, થઈ ઘડી એક દોય, શીતલ વાયો વાયરો રે, પ્રાણ સચેતન હોય રે. પ્રાણી ૯ ચાર દિશાએ જુએ વળીરે, વન મોટું વીકરાળ, નયણે તો આંસુ ઝરે રે, બેઠી વડતરૂં છાંય રે. પ્રાણી ૧૦

ઢાળ ૨ જી. હવે એક સમયે આવ્યો, પરદેશી વેપારી વ્હેપારરે, પાંચસે પોઠ ભરીને તે લાવ્યો, સાર્થવાહ શિરદાર. જુઓ જન્મ જરા જગજોરો, કર્મ ન મેલે કેડો. ૧ પોઠ ઉતારી સરોવર તીરે, ભર્યું ઘોર ગંભીર રે, વડતળે મોટી

વાદળી બીછાવી, તેમાં ભર્યાં નીર. જુઓ ૨ ઈંધણ પાણી જોવા સારૂ, ફરે અનુચર જોતાં રે, બેઠી બાળા વનમાં દેખી, ત્યાં કણે જઇ પહોંચ્યા. જુઓ ૩ રે બાઈ તું એકીલી વનમાં, ઈહાં કેમ જ આવી રે, કહે બેની સાંભળ વીરા, કર્મે મુજને લાવી. જુઓ. ૪ અનુચરે જઈ ને સંભળાવ્યું. સારથવાહની પાસે રે, મહાવનમાં એક નારી અનુપમ, બેઠી વડતરૂ છાંય. જુઓ. ૫ ઈંદ્રાણીને અપસરા સરીખી, રૂપા રૂપી ગાત્ર રે, કહો તો અહીયાં તેડીને લાવું, જોયા સરખી પાત્ર રે. જુઓ ૬ સારથવાહ કહે તેડીને લાવો, ઘડી ન લગાડો વિલંબ રે, અનુચર તેહને તેડી લાવ્યો, સારથવાહની પાસરે. જુઓ ૭ વાત વિનોદની કરી સમજાવી, ભોળવી તે નારી રે. સારથવાહે ઘરમાં બેસાડી, કર્મતણી ગતિ ન્યારી રે. જુઓ ૮ કર્મ કરે તે કોઈ ન કરે, કર્મે સીતા નારીરે, દમયંતી છોડી નળ નાઠો, જુઓ જુઓ વાત વિચારી. જુઓ, ૯ સુકુમાલિકાએ મનમાં વિમાસી, છોડ્યો સંજમ જોગરે, સારથવાહના ઘરમાં રહીને, ભોગવે નિત્ય નવા ભોગરે. જુઓ ૧૦ ભાઈ પોતાના સંજમ પાળે, દેશ દેશાન્તર ફરતારે, અનુક્રમે તેહના ઘરમાં આવ્યા, ઘેર ઘેર ગૌચરી ફરતારે. જુઓ ૧૧ મીઠા મોદક ભાવ ધરીને, મુનિને વ્હોરાવ્યા રે, મુનિ પણ મનમાં વિસ્મય પામ્યા, સમતા શું મન લાવી રે. જુઓ ૧૨ કહે બહેની સાંભળ વીરા, શી ચિન્તા છે તુમને રે, મનમાં હોય તે કહો મુજ આગળ, જે હોય તમારા મનમેં. જુઓ ૧૩ તારા જેવી એક બેન

અમારી, શુદ્ધો સંજમ પાળીરે, મોટું ફળ મરીને પામી, તે મનમાં શું વિમાશી. જુઓ ૧૪ સુકુમાલિકા કહે સાંભળ વીરા, જે બોલ્યા તે સાચુંરે, કર્મે લખ્યું તે મુજને થયું છે, તેમાં નહી કાંઇ કાચું. જુઓ ૧૫.

ઢાળ ત્રીજી. મનમાં સમજ્યા હોય ભ્રાત વડેરો એમ કહે, સાંભળ બ્હેની વાત, તે તો તું નવિ લહે, નહિ કંઈ તારો વાંક, પૂર્વભવ અંતરો, નહીં કંઇ તારો દોષ, રખે કંઇ મન ધરો. ૧ આગળ સિધ્યા અનંત સંજમથી લડથડ્યા, તપને બળે વળી શીવમંદિરમાં તે ગયા, આ સંસાર અસાર નાટક નવલો સહિ, તે દેખી મત રચ્યો તુમે કાંસી મતિ. ૨ જેવો રંગ પતંગ કે સુખ સંસારનું, ઝાકળ વરસ્યો પાન કે, મોતીઠારનું એમ મીઠે વયણે બ્હેની પ્રત્યે બુઝવી, સંયમ લહી મન શુદ્ધ વૈરાગી મન રૂળી. ૩ સમેતશિખર ગિરનાર આબુની યાત્રા કરી, વળી શત્રુંજય ગિરિરાજ, તેણે ફરસી કરી, વનમાં રહ્યા એકાએકી કે કાયા કેળવી, વનચર જીવ અનેક, તેને પ્રતિ બુઝવી. ૪ છઠ્ઠ અઠ્ઠમ ઉપવાસ, આંબીલ એકાસણું, પાળે જીનવેર આણ કે, સમક્તિ સોહામણું, એમ કરતાં કેઈ માસ થયા દિન કેટલા, કર્મ રૂપી સુભટ હણ્યા તેણે કેટલા. ૫ એમ અઘોર તપ કરતાં, કાયા થઈ દુબળી, નરહ્યા લોહી માંસ કે હાડ ગયાં ગળી, સંલેખણ એક માસનું અણસણ આદરો, એમ કરતાં સુકુમાલિકા આયુ પુરણ કરી. ૬ એમ ચારિત્ર આરાધી ત્રિકરણ યોગથી, પહોંચી દેવલોક માંહિ અંતે શીવગતિ લહી, સુમતિ વિજયનો

શિષ્ય રામવિજય એમ કહે, ઘેર ઘેર મંગલ માલ કે સુખ સંપતિ લહે. ૭.

---

# श्री अमरकुमारनी सज्झाय

રાજગૃહી નગરી ભલી, તિહાં શ્રેણિક રાજા રે, જિનધર્મનો પરિચય નહિં, મિથ્યામત માંહે રાચ્યા રે, કર્મ તણી ગતિ સાંભળો. ૧ કર્મ કરે તે હોય રે, સ્વાર્થનાં સહુકો સગાં, વિણ સ્વારથ નહીં કોયરે કર્મ ૨ રાજા શ્રેણિક એકદા, ચિત્રશાળા કરાવેરે, અનેક પ્રકારે મંડણી, દેખંતાં મનમોહે રે. કર્મ ૩ દરવાજો ગિર ગિર પડે, રાજા મન પસ્તાવે રે, પૂછે જોષી પંડિતા, બ્રાહ્મણ એમ બતાવે રે. કર્મ ૪ બાળક બત્રીસ લક્ષણો, હોમીજે ઈણ ઠાણે રે, તો એ મહેલ પડે નહીં, ઇમ ભાખે વયણ અજાણોરે. કર્મ ૫ રાજા ઢંઢેરો ફેરવે, જે આપે બાળ કુંવારો રે, તોળી આપું બરોબરી, સોનૈયા ધન સારોરે. કર્મ ૬ ઋષભદત્ત બ્રાહ્મણ તિહાં વસે, ભદ્રા તસ ઘરણી જાણો રે, પુત્ર ચાર સોહામણા, નિર્ધનીયો પુણ્યહીનો રે. કર્મ. ૭ ઋષભદત્ત કહે નારને, આપો એક કુંવારોરે, ધન આવે ઘર આપણે, થઈએ સુખીયાં સારો રે. કર્મ ૮ નારી કહે વેગે કરો, આપો અમર કુમારો રે, મ્હારે મન અળખામણો, આંખ થકી કરો અળગોરે. કર્મ ૯ વાત જણાવી રાયને, રાજા મનમાં હરખ્યોરે, કહે માગે તે આપીને, લાવો બાળ

કુંવારોરે. કર્મ ૧૦ સેવક પાછા આવીયા, ધન આપ્યો મન માગ્યો રે, અમર કહે મોરી માતજી, મુને મત આપીજે રે. કર્મ ૧૧ માતા કહે તુને શું કરૂં, મ્હારે મન તું મુવો રે, કામકાજ કરે નહિ, ખાવાને જોઇએ સારો રે. કર્મ ૧૨ આંખે આંસુ નાંખતો, બોલે બાળ કુંવારો રે, સાંભળો મોરા તાતજી, તુમે મુજને રાખો રે, કર્મ ૧૩ તાત કહે હું શું કરૂં, મુજને તો તું પ્યારો રે, માતા વેચે તાહરી, માહરો નહીં કાંઈ જોરો રે. કર્મ ૧૪ કાકા પણ પાસે હતા, કાકી મુજરે રાખો રે, કાકી કહે હું શું જાણું, મ્હારે તું શું લાગે રે. કર્મ ૧૫, બાળક રોતો સાંભળી, માસી ફુવા તે આવેરે, બ્હેન પણ તિહાં ખડી હતી, કિણુહી મુજને રાખોરે. કર્મ ૧૬ જો જો ધન અનરથ કરે, ધન પડાવે વાટો રે, ચોરી કરે ધન લોભીયા, મરીને દુર્ગતિ જાયરે. કર્મ ૧૭ હાથ પકડીને લઈ ચાલ્યા, કુમાર રોવણ લાગ્યો રે, મુજને રાજા હોમશે, ઇમ બાળક બહુ ઝુરે રે. કર્મ ૧૮ બાળકને તવ લેઇ ચાલ્યા, આવ્યા ભર બજારરે, લોક સહુ હા હા કરે, વેચ્યો બાળ ચંડાળેરે. કર્મ ૧૯ લોક તિહાં બહુલા મળ્યા, જોવે બાળ કુંવારોરે, બાળ કહે મુજ રાખી લ્યો, થાસું દાસ તુમારો રે. કર્મ ૨૦ શેઠ કહે રાખું સહી, ધન આપી માગ્યોરે, રાયે મંગાવ્યો હોમવા, તે તો નહિ રખાયરે. કર્મ ૨૧ બાળકને તે લેઈ ચાલ્યા, રાજાજીની પાસેરે, ભટજી પણ બેઠા હતા, વેદ શાસ્ત્રના જાણોરે. કર્મ ૨૨ ભટજીને રાજા કહે, દેખો બાળ કુંવારોરે. બાળકને શું દેખવો, કામ

કરો મહારાજારે. કર્મ ૨૩ બાળ કહે કર જોડીને, સાંભળો શ્રી મહારાજા રે, પ્રજાના પ્રિય તુમે, મુજને કિમ હોમીજેરે, કર્મ ૨૪ રાજા કહે મુલે લીયો, મહારો નહિ અન્યાયો રે, માતાપિતાએ તુને વેચીયો, હોમવા આણ્યો આજે રે. કર્મ ૨૫ ગંગોદકે નવરાવીને, ગળે ઘાલી ફુલની માળારે, કેસર ચંદન ચરચીને, બ્રાહ્મણ ભણે તવ વેદોરે. કર્મ ૨૬ અમરકુમાર મન ચિંતવે, મુજને શીખવીઓ સાધુ રે, નવકાર મંત્ર છે મોટકો, સંકટ સહુ ટળી જાસેરે. કર્મ ૨૭ નવપદ ધ્યાન ધરતાં થકાં, દેવ સિંહાસન કંપ્યો રે, ચાલી આવ્યો ઉતાવળો, જીહાં છે બાળ કુંવારોરે. કર્મ ૨૮ અગ્નિજવાળા ઠંડી કરી, કીધો સિંહાસન ચંગો રે, અમરકુમારને બેસાડીને, દેવ કરે ગુણગ્રામ રે. કર્મ ૨૯ રાજાને ઉંધો નાંખીઓ, મુખે છુટચાં લોહીરે, બ્રાહ્મણ સહુ લાંબા પડચા., જાણે સુકાં કાષ્ટોરે. કર્મ ૩૦ રાજસભા અચરિજ થઇ, એ બાળક કોઈ મોટો રે, પગ પૂંજીજે એહના, તો એ મુવા ઉઠે રે. કર્મ ૩૧ બાળકે છાંટો નાંખીઓ, ઉઠચો શ્રેણિક રાજારે, અચરિજ દીઠો મોટકો, એ શું હુવો અકાજો રે. કર્મ ૩૨ બ્રાહ્મણ પડીઆ દેખીને, લોક કહે પાપ જુઓરે, બાળહત્યા કરતા થકા, તેહનાં ફળ છે એહોરે. કર્મ ૩૩ બ્રાહ્મણ સહુ ભેળા થયા, દેખે એમ તમાસો રે, કનક સિંહાસન ઉપરે, બેઠો અમરકુમારો રે. કર્મ ૩૪ રાજા સહુ પરિવાર શું, ઉઠચો તે તત્કાળરે, કર જોડી કહે કુમારને, એ રાજ્યઋદ્ધિ સહુ તારી રે. કર્મ

૩૫ અમર કહે સુણો રાજવી, રાજશું નહિ મુજ કાજેરે, સંયમ લેશું સાધુનો, સાંભળો શ્રી મહારાજેરે. કર્મ ૩૬ રાયલોક સહુ ઈમ કહે, ધન ધન બાળકુમારોરે, ભટજી પણ સાજા હુઆ, લાજ્યા તે મનમાંહે રે. કર્મ ૩૭ જય જયકાર હુઓ ઘણો, ધર્મતણે પરસાદે રે, અમરકુમાર મન શોચતો, જાતિસ્મરણ જ્ઞાનો રે. કર્મ ૩૮ અમરકુમાર સંયમ લીધો, કરે પંચમુષ્ટિ લોચરે, બાહિર જઈ મશાણમેં, કાઉસ્સગ્ગ રહ્યો શુભ ધ્યાનેરે. કર્મ ૩૯ માતાપિતા બાહિર જઈને, ધન ધરતીમાંહે ઘાલ્યો રે, કાંઈક ધન વ્હેંચી લીયો, જાણે વિવાહ મંડાણો રે. કર્મ ૪૦ એટલે દોડતો આવીને, કોઈક બાળકુંવારો રે, માતાપિતાને ઈમ કહે, આ અમરકુમારની વાતોરે. કર્મ ૪૧ માતાપિતા વિલખાં થયાં, ભુંડો થયો એ કામોરે, ધન રાજા લેશે સહુ, કાંઈક કરીયે ઉપાયો રે. કર્મ ૪૨ ચિંતાતુર થઈ અતિ ઘણી, રાતે નિંદ ન આવે રે, પૂરવ વૈર સાંભરતી, પાપિણી ઉઠી તિણ વારોરે. કર્મ ૪૩ શસ્ત્ર હાથ લેઈ કરી, આવી બાળક પાસેરે, પાળીયે કરીને પાપિણી, માર્યો બાળ કુંવારો રે, કર્મ ૪૪ શુકલધ્યાન મન સાધતો, શુભ મન આણી ભાવેરે, કાળ કરીને અવતર્યો બારમા દેવલોક મોઝારો રે. કર્મ ૪૫ બાવીસ સાગર આઉખે, ભોગવી વાંછિત ભોગોરે, મહાવિદેહમાં સીઝશે, પામશે કેવળ નાણોરે. કર્મ ૪૬ હવે તે માતા પાપિણી, મનમાંહી હરખી અપારરે, ચાલી જાય આનંદમેં, વાઘણ મળી તે વારો રે. કર્મ ૪૭ ફંફેડી નાખી તિહાં,

પાપિણી મુઈ તિણ વારોરે, છઠ્ઠી નરકે ઉપની, બાવીસ સાગર આયુરે. કર્મ ૪૮ જુઓ જુઓ મંત્ર નવકારથી, અમરકુમાર શુભ ધ્યાનોરે, સુરપદવી લહી મોટકી, ધરમ તણે પરસાદોરે. કર્મ ૪૯ નરભવ પામી જીવડા, ધરમ કરો શુભ ધ્યાનોરે, તો તુમે અમરતણી પરે, સિદ્ધ ગતિ લેશો સારીરે, કર્મ ૫૦ કર જોડી કવિયણ ઈમ ભણે, સાંભળો ભવિજન લોકોરે, વેર વિરોધ કોઈ મત કરો, જીમ પામો ભવ પારોરે. કર્મ ૫૧ શ્રી જિનધર્મ સુરતરૂ સમો, જેહની શીતળ છાંયારે, જેહ આરાધે ભાવશું, થાશે મુક્તિના રાયા રે. કર્મતણી ગતિ સાંભળો ૫૨.

## श्री सामान्य सज्झाय

એક માસ કેડે માસ જાય, ત્યારે માતાને હરખ ન માય, પુત્ર ઉદર રહ્યા નવ માસ, ત્યારે માતાને પહોંચી છે આશ, પુત્ર ઉંધે મસ્તકે પોષ્યા, ત્યારે માતાના હ્રુદય શોષ્યા, પુત્ર જન્મ વેળા એ માતા મરણ, ત્યારે માતા શીકોત્તર શરણ. એક માસ૦ ૧ એમ શીતળ ગર્ભની વાત, ત્યારે ભીનામાં પોઢતાં માત, પુત્ર શરીરની વેદના દમતી, ત્યારે માતા છતે લુખું જમતી, પુત્ર શરીરની વેદના જાણી, ત્યારે માતા પીયે મગપાણી, જ્યારે પુત્રનું મુખડું જોયું, ત્યારે હરખે મળમૂત્ર રે ધોયું. એક માસ૦ ૨ જ્યારે પુત્ર હતા રે નાના, ત્યારે માતાને ચઢતા પાના, એમ ગોત્રજ ચેલી થાય, ત્યારે માતાને હરખ ન માય, સ્વામી પુત્ર પરણાવો તો રૂડું, વહુવર વિના સંસારમાં સુનું, મારો

વાલે હસી હસી બોલે, એની અક્કલ બાળક તોલે. એક માસ૦ ૩ પિતા પુત્રને પરણાવે, કુંવર વહુ લઇને ઘરે આવે, મા બાપની શરમ ન આણે, એ તો કુલ મર્યાદા ન જાણે, બાઈને પગચાંપ્યાની ઘણી હેવા, વહુ આવે તો કરે મારી સેવા, વહુને બાઇના બોલ્યા ન સહેવાય, એ અન્યાય તો કેમ વેઠાય. એક માસ૦ ૪ હવે બડબડ તમે નહિ કરજો, માન પોતાનું નહિ ગમજો, અમે બૈજીથી જુદા રે રહીશું, નહીંતર અમારે મૈયરીએ જઇશું, જ્યારે દીકરાને આવી છે મુછો, ત્યારે માબાપને શીંદ પુછો, જ્યારે દીકરાને આવી છે દાઢી, ત્યારે માબાપને મુકે કાઢી. એક માસ૦ ૫ જ્યારે દીકરા થયા છે મોટા, ત્યારે માતાનાં દર્શન ખોટાં, જ્યારે દીકરા થયા છે કમાતા, ત્યારે માતાના અવગુણ ગાતા, વૃદ્ધ અવસ્થામાં શું કરશું, હવે પેટ શી રીતે ભરશું, માતા બળે તે મેલો ગઇણું, તમે ઘેર માગોને દઇણું. એક માસ૦ ૬ માતા બળે તે નાખોને રાશ, તમે ઘેર ઘેર માગોને છાશ, માતા ઘર વચ્ચે મેલોને દીવો, તમે કાંતી પીતીને ઘણું જીવો, દીકરા એવું તે નોતું જાણ્યું, નહિતર ગાંઠે રાખત નાણું, અમે સારૂં જાણીને વાવ્યા મગ, ત્યારે ગળું ચાંપીને લીધા છે ભાગ, એવી વીરવિજયની વાણી, સજ્ઝાય જોડી છે અમૃતવાણી, એક માસ૦ ૭

# श्री रात्रि भोजननी सज्झाय

અવની તળે વારૂ વસેજી, કુંડનપુર ઉદાર, શેઠ યશોધન

જાણીએજી. કરે વ્યવસાય અપારરે, માનવી, રાત્રિ ભોજન વારરે. ૧ રંભા ઘરણી રૂયડીજીરે, પુત્ર સલુણારે દોય, હંસ-કુમર ભાઈ વડોજીરે, લઘુભાઇ કેશવ હોય રે. માનવી૦ ૨ દોષ અનંતા ઓળખ્યાજીરે, જીમ ન પડે સંસારરે, એક દિન રમતાં ભેટીયાજી. સાધુ શિરોમણિ સૂરિ, ધર્મઘોષ નામે નમીજી, આવી આણંદ પૂર રે. માનવી૦ ૩ સૂરિ કહે રજની તણુંજી, ભોજન છંડે જેહ, તસ સુરનર સેવા કરેજી, લહે મુક્તિ નિઃસંદેહ રે. માનવી૦ ૪ સાંજે રાંધી રાત્રે જમેજી રે, તે ઉત્કૃષ્ટ દોષ, દિવસે રાંધી રાત્રે જમેજી રે, પાપ તણો બહુ દોષ રે. માનવી૦ ૫ રાત્રે રાંધી મુકીયુંજી, દિવસે તે કરે આહાર, તે જીવિત પ્રાયે બાહિરાજી રે, અતિ જીવ તણો સંહાર રે. માનવી૦ ૬ દિવસે રાંધી દિવસે જમેજી, ઘડીય તજે દોય દોય, પુણ્યવંત તે પૂજીએજી, જે નર એહવા હોય રે. માનવી૦ ૭ ઘેર આવ્યા માતા કનેજી, ભોજન માંગે રે દીશ, ચાર ઘડી છે પાછલીજી, પિતા કરે બહુ રીશ રે. માનવી૦ ૮ માતા ખ્હીતી નવિ દીયેજી, મૌન કરે તે ત્યાંય, લાંઘણ કરતાં દહાડાજી, પાંચ ઈણી પરે જાય રે. માનવી૦ ૯ છટ્ઠે દિવસે સહોદરાજી, મળીયા એકણુ ચિત્ત, રાતે જમો કે બાહિર રમોજી, નહીં અમ ઘર એ રીત રે. માનવી૦ ૧૦ હંસ કુમર તિહાં ખોભીયોજી, વાળું કીધું રે જામ, વિષહર ગરલે મુંકીયુંજી, માંહે જમાણું તામ રે. માનવી૦ ૧૧ કેશવકુમર વનમાં ગયોજી, તીહાં કીધો વિશ્રામ, યક્ષદેવ તિહાં આવીયોજી, ચઢી નિહાળે તામ

રે. માનવી૦ ૧૨ એક પુરૂષ મ્હોટો અછેજી, વ્રત નવિ ભાંજ્યાં રે જેણ, ભંજાવું હું તેહનાજી, માયા માંડી તેણ રે. માનવી૦ ૧૩ સુરજ રચિયો કારમોજી, માણુસ રચ્યાં બહુ થોક, કેશવકુમાર જગાવીયોજી, ઊઠ જમે છે સહુ લોક રે. માનવી૦ ૧૪ કેશવ મનમાં ચિંતવેજી, હજીય ન થયા પ્રભાત, એ કંઈક કૌતુક અચ્છેજી, અમે ન જમશું રાત રે. માનવી૦ ૧૫ ત્રણ પ્રદક્ષિણા દેઈ કરીજી, લાગ્યો કેશવને પાય, ભણ વચ્છ તુઠયો તનેજી, કાંઈક કરૂં પસાય રે. માનવી૦ ૧૬ મુજ ભાઈએ વ્રત ભાંજીયુંજી, વિષધર ગ્રહિયો જેણ, હું માગુ છું તુજ કનેજી, જો જીવાડો એણ રે. માનવી૦ ૧૭ યક્ષદેવ તિહાં આવીયોજી, લેઈ માણસનું રૂપ, વમન કરી છાંડીયોજી, ઢાંકી ઊઠયો ભૂપ રે. માનવી૦ ૧૮ રાત્રિ ભોજન પરિહરેજી, હુઓ સાકેતપુર રાજ રે, સંયમ લેઈ તપ કરે જી, સાર્યાં આતમ કાજ રે. માનવી૦ ૧૯

## ॥ श्री कुणिकनो राज्यलोभ ॥

કીયા રે ભવનું વેર, કચુત આ તે વળ્યું, તારા જનકને પિંજર નાંખી, પેટ જ મારૂં બાળ્યું રે. કીયા રે૦ ૧ આવું કરતાં તુજને, પાપી લાજ ન આવી કાંઇ, બુદ્ધિ કુબુદ્ધિ ત્હેં ઉપજાવી, રાજ્ય લોભે લલચાય રે. કીયા રે૦ ૨ ગર્ભ આવ્યો તું મુંજ જ્યારે, તેની શું વાત જ કેવી, તુજ પિતાનું માંસ જ માંગ્યું, બુદ્ધિ તે એવી કીધી રે. કીયા રે૦ ૩ પાપિષ્ઠ તારો જનમ થાતાં, રીસ ચઢેલ અપારી, ઉકરડે તુજને નંખાવ્યો, દુષ્ટ પુત્ર મેં ધારી રે. કીયા રે૦

૪ શ્રેણિકરાયે વાત જ જાણી, તુર્ત તુને મંગાવ્યો, પુત્રપ્રતિ અતિ હેત જ આણી, અતિ તને હુલરાવ્યો રે. કીયા રે૦ ૫ સ્નેહ આવો તુજ ઉપર રાખ્યો, ત્યારે આવું કીધું, ફીટ ફીટ હો પાપિષ્ઠ તુજને, કલંક કુળને દીધું રે. કીયા રે૦ ૬ આવું સમજી મેં તો તુજને, પેલાં નાખી દીધો, તુજ પિતાએ સ્નેહે તુજને, તોએ મોટો કીધો રે. કીયા રે૦ ૭ હર્ષ ધરે શું તું મુજ પાસે, તાતને પિંજર નાંખી રે, લાજી મરૂં છું હું તુજ થકી, વાત સુણતાં આખી રે. કીયા રે૦ ૮ નિજ પિતાનો સ્નેહ ન જાણ્યો, રાજ લેવાને ધાયો, સ્વાર્થ થકી તેં જગમાં પાપી, અપયશ અધિકો પાયો રે. કીયા રે૦ ૯ દુષ્ટ દુર્મૂખ તું જા અહિંયાંથી, શું તુજ મુખ બતાવે, અપકૃત્યો સહુ તારા દેખી, દુઃખ જ મુજને થાએ રે. કીયા રે૦ ૧૦ અપ્રિય વાચા સુણી માતાની, કુણીક ત્યાંથી જાએ, કરવા બંધન મુક્ત પિતાને, દોડતો તે તો આવે રે. કીયા રે૦ ૧૧ આવતો પાસે પુત્રજ દેખી, શ્રેણિક મનમાં બીધો, તાલકુટ મુદ્રિકા મુખે, ચૂમી કાળ જ કીધો રે. કીયા રે૦ ૧૨ સ્વાર્થ જુઓ આ દુનિયા કરે, કોઈ તણું નવ કોઈ રે, હર્ષ ધરી મન શોધો સુખને, જગની રચના જોઇ રે. કીયા૦ ૧૩

## ॥ શ્રી સોળ સ્વપ્નની સજ્ઝાય ॥

( વીર જીનેશ્વરની દેશના એ દેશી )—સુપન દેખી પહેલડે, ભાંગી છે કલ્પવૃક્ષની ડાળ રે, રાજા સંજમ લેશે નહિ, દુષમ પંચમ કાળ રે. ચંદ્રગુપ્ત રાજા સુણો૦ ૧ અકાલે

સૂરજ આથમ્યો, તેનો શ્યો વિસ્તાર રે, જન્મ્યો તે પંચમ કાળમાં, તેને કેવળ નવિ હોશે રે. ચંદ્રગુપ્ત૦ ૨ ત્રીજે ચંદ્રમા ચારણી, તેનો શ્યો વિસ્તાર રે, સમાચારી જુદી જુદી થશે, બારે વાટે ધર્મ હોશે રે. ચંદ્રગુપ્ત૦ ૩ ભૂત ભૂતાદિ દીઠા નાચતા, ચોથા સુપનનો વિસ્તાર રે, કુદેવ કુગુરૂ કુધર્મની, માન્યતા ઘણી હોશે રે. ચંદ્રગુપ્ત૦ ૪ નાગ દીઠો બાર ફેણો, તેનો શ્યો વિસ્તાર રે, વરસ થોડાને આંતરે, હોશે બાર દુકાળ રે. ચંદ્રગુપ્ત૦ ૫ દેવ વિમાન છઠ્ઠે વર્યાં, તેનો શ્યો વિસ્તાર રે, વિદ્યા તે જંઘા ચારણી, લબ્ધિતે વિચ્છેદ હોશે રે. ચંદ્રગુપ્ત૦ ૬ ઉગ્યું તે ઉકરડા મધ્યે, સાતમે કમળ વિમાશ્યે રે, એક નહિ તે સર્વ વર્ણીયા, જુદાં જુદાં મન હોશે રે. ચંદ્રગુપ્ત૦ ૭ થાપના થાપશે આપ આપણી, પછી વિરાધક ઘણા હોશે રે, ઉચ્છેદ હોશે જૈન ધર્મનો રે, વચ્ચે મિથ્યાત્વ ઘોર અંધાર રે. ચંદ્રગુપ્ત૦ ૮ સુકાં સરોવર દીઠા ત્રણ દિશે, દક્ષિણ દિશે ડોળાં પાણી રે, ત્રણ દિશે ધર્મ હોશે નહિ, દક્ષિણ દિશે ધર્મ હોશે રે. ચંદ્રગુપ્ત૦ ૯ સોનાની થાળી મધ્યે, કુતરડો ખાવે ખીર રે, ઊંચ તણી રે લક્ષ્મી, નીચ તણે ઘેર હોશે રે. ચંદ્રગુપ્ત૦ ૧૦ હાથી માથે બેઠો રે વાંદરો, તેનો શ્યો વિસ્તાર રે, મ્લેચ્છી રાજા ઉંચા હોશે, અસલી હિન્દુ હેઠા હાથ રે. ચંદ્રગુપ્ત૦ ૧૧ સમુદ્રે મર્યાદા મુકી બારમે, તેનો શ્યો વિસ્તાર રે, શિષ્ય ચેલા ને પુત્ર–પુત્રીઓ, નહિ રાખે મર્યાદા લગાર રે. ચંદ્રગુપ્ત૦ ૧૨ રાજકુંવર ચઢયો પોઠીએ, તેનો

શ્યો વિસ્તાર રે, ઊંચો તે જૈન ધર્મ છાંડીને, રાજા નીચ ધર્મ આદરશે રે. ચંદ્રગુપ્ત૦ ૧૩ રત્ન ઝાંખાં રે દીઠાં તેરમે, તેનો શ્યો વિસ્તાર રે, ભરત ક્ષેત્રના સાધુ સાધવી, (તેને) હેત મેળવવા થોડા હોશે રે. ચંદ્રગુપ્ત૦ ૧૪ મહારથે જુત્યા વાછડા, તેનો શ્યો વિસ્તાર રે, બાળક ધર્મ કરશે સદા, બુઢ્ઢા પરમાદી પડયા રહેશે રે. ચંદ્રગુપ્ત૦ ૧૫ હાથી લડે રે માવત વિના, તેનો શ્યો વિસ્તાર રે, વરસ થોડાને આંતરે, માગ્યાં નહિ વરસે મેહ રે. ચંદ્રગુપ્ત૦ ૧૬ વ્યવહાર સૂત્રની ચુલિકા મધ્યે, ભદ્રબાહુ મુનિ એમ ભાખે રે, સોળ સુપનનો અર્થ એ, સાંભળો રાય સુધીર રે. ચંદ્રગુપ્ત૦ ૧૭

## ॥ श्री देवकीजीना छ पुत्रनी सज्झाय ॥

મનડું તે મોહ્યું મુનિવર માહ્યરૂં રે, દેવકી કહે સુવિચાર રે, ત્રીજી તે વાર આવ્યા તુમે રે, મારો સફળ કર્યો અવતાર રે. મનડું૦ ૧ સાધુ કહે સુણ દેવકી રે, અમો છીએ છએ ભ્રાત રે, ત્રીહિ સંઘાડી ઘર તાહરી રે, અમો લેવા આહારની દાત રે. મનડું૦ ૨ સરખી વય સરખી કળા રે, સરખા સંપ શરીર રે, તનવાન શોભે સરિખા રે, જે દેખી ભૂલી ધીર રે. મનડું ૩ પૂર્વનેહ ધરી દેવકી રે, પૂછી સાધુની વાત રે, કોણ ગામ વસતા તુમે રે, કોણ પિતા કોણ માત રે. મનડું૦ ૪ ભદ્દિલપુર વસે પિતા રે, નામ ગાહાવઈ સુલસા માત રે, નેમિ જીણંદ વાણી સુણી રે, પામ્યા વૈરાગ્ય વિખ્યાત રે. મનડું૦ ૫ બત્રીશ કોડી

સોવન તજી રે, તજી બત્રીશ નાર રે, એક દિન સંયમ લીયો રે, જાણી અથિર સંસાર રે. મનડું૦ ૬ પૂર્વ કર્મને ટાળવા રે, અમે તપ ધર્યો છઠ્ઠ ઉદાર રે, આજ તે છઠ્ઠને પારણે રે, આવ્યા નગર મોઝાર રે. મનડું૦ ૭ નાનાં મોટાં બહુ ઘરે રે, ફરતાં આવ્યા તુજ વાસ રે, એમ કહી સાધુ વળ્યા રે, ચાલ્યા નેમિજીણંદની પાસ રે. મનડું૦ ૮ સાધુ વચન સુણી દેવકી રે, ચેત્યા હૃદય મોઝાર રે, બાળપણે મુજને કહ્યું રે, નિમિત્ત પોલાસપુરી સાર રે. મનડું૦ ૯ આઠ પુત્ર તાહરે થશે રે, તેહવા નહી જન્મે રે અનેરી માત રે, આ ભરતક્ષેત્ર મધ્યે જાણજે રે, છે તો જુઠ્ઠી નિમિત્તની વાત રે. મનડું૦ ૧૦ એ સંશયનેમિ ટાળશે રે, જઈ પૂછું પ્રશ્ન ઉદાર રે, રથમાં બેસી ચાલ્યા દેવકી રે, જઈ વાંદ્યા નેમિજીન પાય રે. મનડું૦ ૧૧ તવ નેમિ જીણંદ કહે દેવકી રે, સુણો પુત્રની વાત રે, છ અણગાર દેખી તિહાં રે, તવ ઉપજ્યો સ્નેહ વિખ્યાત રે. મનડું૦ ૧૨ દેવકી સુત છએ તાહરા રે, તેં ધર્યા ઉદર નવ માસ રે, હરિણ ગમેષી દેવતા રે, જન્મતાં હર્યાં ઉદર નવ માસ રે. મનડું૦ ૧૩ સુલસાની પાસે ઠવ્યા રે, પહોંચી સુલસાની આશરે, પુણ્ય પ્રભાવે તે પામીયા રે, સંસારના ભોગવિલાસ રે. મનડું૦ ૧૪ નેમિ જીણંદ વાણી સુણી રે, પામી હર્ષ ઉલ્લાસ રે, વળી છ અણગાર જઈ વાંદીઆ રે, નીરખે નેહ ભરી તાસ રે. મનડું૦ ૧૫ પાહાનો પ્રગટ્યો રે તિહાં કને રે, વિકસ્યા રોમ કુપ દેહ રે, અનિમેષ નયણે નિર-

ખીયાં રે, ધરી પુત્ર પ્રેમ સ્નેહ રે. મનડું૦ ૧૬ વાંદી નિજઘેર આવીયાં રે, હોંશ પુત્ર રમાડણ જાસ રે, કૃષ્ણજીએ દેવ આરાધીઓ રે, માતને સુખ નિવાસ રે. મનડું૦ ૧૭ ગજસુકુમાળ ખેલાવતી રે, પોંહોતી દેવકીની આશ રે, કર્મ ખપાવી મુકતે ગયાં રે, છ અણગાર સિદ્ધ વાસ રે. મનડું૦ ૧૮ સાધુ તણાં ગુણ ગાવતાં રે, સફળ હોવે નિજ આશ રે, ધર્મ સિંહ મુનિવર કહે રે, સુણતાં લીલ વિલાસ રે. મનડું૦ ૧૯

## श्री महावीर स्वामीनो चुडो

તારા મુખડા ઉપર જાઉં વારી રે, વીર મારા મન માન્યા૦ તારા દર્શનની બલીહારી રે, વીર. મુઠી બાકુલા માટે આવ્યા રે, વીર. મને હેત ધરીને બોલાવ્યા રે. વીર૦ ૧ પાયે કીધી ઝાંઝરની ઝેણ રે, વીર. માથે કીધી મુગટની વેણ રે, વીર. પ્રભુ શાસનનો એક રૂડો રે, વીર. મેં તો પહેર્યો તારા નામનો ચુડો રે. વીર૦ ૨ એ ચુડો સદા કાળ છાજે રે, વીર. મારે માથે તે વીર ધણી ગાજે રે, વીર. મને આપી જ્ઞાનની હેલી રે, વીર. પહેલા થયા ચંદનબાળા ચેલી રે. વીર૦ ૩ એને ઓધોને મુહપત્તિ આપ્યા રે, વીર. તિહાં મહાવીર વિચરતાં આવ્યા રે, વીર. મને આપી જ્ઞાનની હેલી રે, વીર. બીજા થયા મૃગાવતી ચેલી રે. વીર૦ ૪ તિંહાં દેશના અમૃત ધારો રે, વીર. ભવિ જીવને કીધો ઉપગારો રે, વીર. ચંદ્ર સૂર્ય મૂળ વિમાને આવ્યા રે, વીર. ચંદનબાળા ઉપાશ્રયે આવ્યાં રે. વીર૦ ૫ ચંદ્રસૂર્ય

સ્વસ્થાને જાય રે, વીર૦ મૃગાવતી ઉપાશ્રયે આવ્યા રે, વીર. ગુરૂણીજી દ્વાર ઉઘાડો રે, વીર. ગુરૂણીજીએ કીધો તાડો રે. વીર૦ ૬ ગુરૂણીજી ખમાવવા લાગ્યા રે, વીર. કેવળ પામ્યાં ને કર્મ ભાગ્યાં રે, વીર. તીહાં આવંતા સર્પને દીઠો રે, વીર. ગુરૂણીજીનો હાથ ઉંચો કીધો રે. વીર૦ ૭ ગુરૂણીજી ઝબકીને જાગ્યા રે, વીર. સાધ્વીને પૂછવા લાગ્યા રે, વીર. તને એ શું કેવળ થાય રે, વીર. ગુરૂણીજી તમારે પસાય રે. વીર૦ ૮ ચંદનબાળા ચેલીને ખમાવ્યા રે, વીર. તિંહાં ખામતા તે કેવળ પામ્યા રે, વીર. ગુરૂણીને ચેલી મોક્ષ પાયા રે, વીર તેમ પદ્મવિજય ગુણ ગાયા રે. વીર૦ ૯

## श्री शंखेश्वर पार्श्वनाथनो सलोको

માત ભુવનેશ્વરી ભુવનમાં સાચી, જેહની જગતમાં કીરતિ જાચી, દેવી પદ્માવતી ધરણેન્દ્ર રાણી આપો શુભ મતિ સેવક જાણી૦ ૧ પાસ શંખેશ્વર કેરો સલોકો, મન ધરીને સાંભળજો લોકો, દેશ વઢિયાર માંહે જે હતો, કલીકાલમાં જાલિમ પ્રગટ્યો૦ ૨ જરાસંઘ ને જાદવ વઢીયા, બાંધિ મોરચા દલ બેહુ લડીયા, પડે સુભટને ફાજુ મરડાય, કાયર કહેતાં તિહાં નાસીને જાય૦ ૩ રાગ સિંધુયે સરણાઈ વાગે, સુણી સુભટને સુરાતન જાગે, થાયે જુઝને કોઈએ ન થાકે, ત્યારે જરાસંઘ છલ એક તાકે૦ ૪ છપ્પન્ન કુલ કોડી જાદવ કહીએ, એક એકથી ચઢિયાતા લહીએ, પ્રાણ આપે પણ પાછા ન ભાગે, એક મારે તો એકવીશ જાગે૦ ૫ વઢતાં એહનો અંત ન આવે, કરૂં કપટ તો રમત ફાવે, એમ

ચિંતવીને મેલી તિહાં જરા, ઢલિયું જાદવનું સૈન્ય તિહાં ધરા૦ ૬ જરા લાગીને જાદવ તિહાં ઢલીયા, નેમ કૃષ્ણ ને બલભદ્ર બલિયા, ત્રણ પુરૂષ ને જરા ન લાગી, કહે નેમને કૃષ્ણ પાય લાગી૦ ૭ એવો કોઈક કરો ઉપાય, જેણે જરા તે નાસીને જાય, કહે કૃષ્ણને નેમ કુમાર, કરો અઠ્ઠમ તપ ચોવિહાર૦ ૮ પહેલાં ધરણેન્દ્ર તમે ઉપાસો, તેહને દેરાસરે દેવ છે પાસો, નેહે આરાધો આપશે બિંબ, સરસે આપણું કામ અવિલંબ૦ ૯ મુખથી મહોટો બોલ ન ભાખું, ત્રણ દિવસ લગે સૈન્ય હું રાખું, જીનવર ભક્તિનો પ્રભાવ ભારી, થાશે સકળ વિઘ મંગળકારી૦ ૧૦ ઈન્દ્રે સારથિ માતુલી નામે, મેલ્યો જીનવરની ભક્તિને કામે, આસન માંડીને દેવ મોરારી, અઠ્ઠમ કરીને બેઠા તિણે ઠારી૦ ૧૧ તુઠ્યો ધરણેન્દ્ર આપે શ્રીપાસ, હરખ્યા શ્રીપતિ અતિ ઉલ્લાસ, નમણ કરીને છાંટે તેણી વાર, ઉઠ્યું સૈન્ય ને થયો જયકાર૦ ૧૨ દેખી જાદવનો જાલમ જોરો, જરાસંધનો તુટ્યો તિહાં તોરો, ત્યારે લેઈ ને ચક્ર તે મેલ્યું, વંદે કૃષ્ણને આવી તે પહેલું૦ ૧૩ પછી કૃષ્ણના હાથમાં બેઠું, જરાસંધને શાલનો પેઠું, કૃષ્ણે ચક્ર મેલ્યું તિહાં ફેરી, જરાસંધને નાંખ્યો તે વેરી૦ ૧૪ શિશ છેદ્યું ને ધરણી તે ઢળીયો, જય જય શબ્દ તે સઘળે ઉછળીયો, દેવ દુંદુભી આકાશે વાજે, ઉપર ફુલની વૃષ્ટિ બિરાજે૦ ૧૫ તુમે વાસુદેવ ત્રણ ખંડ ભોક્તા, કીધા ધર્મના મારગ મુક્તા, નયર શંખેશ્વર વસાવ્યું ઉમંગે, થાપી પાર્શ્વની પ્રતિમા શ્રીરંગે૦ ૧૬ શત્રુ જીતીને સોરઠ દેશ,

દ્વારિકા નગરીમાં કૃષ્ણ નરેશ, પાલે રાજ્યને ટાલે અન્યાય, ક્ષાયિક સમકિતધારી કહેવાય૦ ૧૭ પાસ શંખેશ્વર પ્રગટ મલ્લ, અવનિમાંહે તું એક અવલ્લ, નામ તાહરૂં જે મનમાંહે ધારે, તેહના સંકટ દૂર નિવારે૦ ૧૮ દેશી પરદેશી સંઘ જે આવે, પૂજા કરીને ભાવના ભાવે, સોના રૂપાની આંગી રચાવે, નૃત્ય કરીને કેશર ચઢાવે૦ ૧૯ એક મને જે તુમને આરાધે, મનના મનોરથ સઘળા તે સાધે, તાહરા જગતમાં અવદાત મોટા, ખરો તુંહી જ બીજા સહુ ખોટા૦ ૨૦ પ્રતિમા સુંદર સોહે પુરાણી, ચંદ્ર પ્રભુને વારે ભરાણી, ઘણે સુરનરે સેવ્યા તુમ પાય, તેહને મુગતિના દીધા પસાય૦ ૨૧ ઓગણસાઠ ને ઉપર શત વરસે, વઈશાખ વદી છઠ્ઠને દીવસે, એહ શલોકો હરખે મેં ગાયો, સુખ પાયોને દુરગતિ પલાયો૦ ૨૨ નિત્ય નિત્ય નવલી મંગળમાલા, દિન દિન દીજે દોલત સવાયા, ઉદયરત્ન કહે પાસ પસાય, કોડિ કલ્યાણ સન્મુખ થાય૦ ૨૩

## ॥ श्री सिद्धाचलनी स्तुति ॥

આનંદાનમ્રકમ્રત્રિદશપતિશિરઃ સ્ફારકોટીરકોટી ।
પ્રેંખન્માણિક્યમાલાશુચિરૂચિલહરીધૌતપાદારવિન્દમ્ ॥
આદ્યં તીર્થાધિરાજં ભુવનભવભૃતાં કર્મમર્માપહારમ્ ।
વન્દે શત્રુંજયાખ્યં ક્ષિતિધરકમલાકણ્ઠશૃંગારહારમ્ ॥ ૧ ॥
માદ્યન્મોહદ્વિપેન્દ્રસ્ફુટકરટિતટીપાટને પાટવં યે ।
બિભ્રાણાઃ શૌર્યસારા રૂચિરતરરૂચાં ભૂષણં યોચિતાનાં ॥

સદ્વૃત્તાનાં શુચિનાં પ્રકટનપટવઃ મૌક્તિકાનાં ફલાનાં ।
તેઽમી કંઠીરવાભા જગતિ જિનવરા વિશ્વવંદ્યા જયન્તિ ॥ ૨ ॥
સદ્બોધાવન્ધ્યબીજં સુગતિપથરથઃ શ્રીસમાકૃષ્ટિવિદ્યા ।
રાગદ્વેષાહિમંત્રઃ સ્મરદવદવથુ પ્રાવૃષેણ્યાંમ્બુવાહઃ ॥
જીયાજ્જૈનાગમોઽયં નિલિડતરતમસ્તોમતિગ્માંશુબિંબમ્ ।
દ્વીપઃ સંસારસિંધૌ ત્રિભૂવનભૂવનજ્ઞેયવસ્તુપ્રદીપઃ ॥ ૩ ॥
યઃ પૂર્વં તન્તુવાયઃ કૃતસુકૃતલવૈઃ પૂરિતો દૂરિતૌઘૈઃ ।
પ્રત્યાખ્યાનપ્રભાવાદમરમૃગદશામાતિથેયં પ્રપેદે ॥
સેવાહેવાકશાલી પ્રથમજિનપદામ્ભોજયોસ્તીર્થરક્ષા ।
દક્ષઃ શ્રીયક્ષરાજઃ સ ભવતુ ભવિનાં વિઘ્નમર્દી કપર્દિઃ ॥ ૪ ॥

## ॥ श्री सिद्धचक्रनी स्तुति ॥

શ્રીવીરો રાજગેહે કિલ સમવસૃતો ધર્મવાર્તાભિધીતા ।
તં નન્તું શ્રેણિરાજઃ સપરિકર ઇતસ્તેન તસ્યાગ્ર ઉક્તમ્ ॥
માહાત્મ્યં સૈદ્ધચક્રં ત્રિભુવનવિતતં ધ્વસ્તસંસારકૃચ્છ્- ।
સશ્રીપાલપ્રબન્ધં પ્રભવત ભવિકાઃ સેવિતું તન્નિશમ્ય ॥ ૧ ॥
અર્હદ્રૂપં વિચાલેઽનુપમગુણમયં સિદ્ધગચ્છાધિનાથો- ।
પાધ્યાયાઽપરસ્ત્યબિંબં હૃદયસલિલજે પણ્ડિતૈન્યસ્યનીયમ્ ॥
સમ્યક્ત્વં જ્ઞાનવાચં યમચરણતપો દિક્ષુ યસ્યાદ્રિદિક્ષુ ।
ૐ હ્રીં ભાજોઽક્ષમાલાં ગણયત સુધિયો વિંશતિં તન્નવાનામ્ ॥ ૨
આચામ્લાનાં વિધેયં દિતદુરિતતપો દગ્ધસંસારમૂલમ્ ।
આશ્વિને માસિ ચૈત્રે પ્રતિદિવસમસૌ સાદરં જૈનસારમ્ ॥
શ્રોતવ્યાશ્ચાગમાબ્ધિઃ સ્વહિતમુનિમુખાત્ સિદ્ધચક્રાસપૂર્વ- ।
સ્તત્ર પ્રોક્તા ક્રિયા યા ભવચર્યાનચિતં ધ્વંસયેત્ સા ચ કર્મ ॥ ૩

સંપૂર્ણેંડરશ્મિન્નવિઘ્ને તપસિ ભવભિદા ચંદ્રહાસોપમાને ।
દીર્ઘં સુદ્યાપનં યે વિદધતિ મુદિતાઃ સિદ્ધચક્રાર્ચિનો હિ ॥
હંસારૂઢા વિહંસા વિમલસૂરપતિ વ્યાપ્તકીર્તિશ્ચ તેષાં ।
દેવી ચક્રેશ્વરી ત્વં કુરૂ ગુરૂમુદયં સાધુ લક્ષ્મીપ્સુકાનામ્ ॥ ૪ ॥

## ॥ श्री पंचकल्याणकनी स्तुति ॥

નાભેયં સંભવં તં અજિયસુવિહિયં નંદણું સુવ્વયં વા ।
સુપ્પાસં પોમ્મનાહં સુમઈસસિપહં સીયલં વાસુપુજ્જં ॥
સેયંસં ધમ્મસંતિં વિમલઅરજિણું મલ્લિકુંથું અણુંતં ।
નેમિં પાસં ચ વીરં નમિ ચ વિનમિમો પંચકલ્લાણએસુ ॥ ૧ ॥

ગબ્ભાહાણેસુ જમ્મે વયગહણખણે કેવલાલોયકાલે ।
પચ્છા નિવ્વાણઠાણોપગમણસમયે સંથુયા ભાવસારમ્ ॥
દેવેહિં દાણવેહિં ભવણવણસમં કિંનરેહિં નરેહિં ।
તે મજ્ઝં દિન્તુ મુક્ખં સયલ જિનવરા પંચકલ્લાણએસુ ॥ ૨ ॥

હેઉં તિત્થંકરાણું જમિહ અણુવમં ભાવતિત્થંકરત્ત ।
સવ્વન્નૂણું ચ યાસા અહમવિ નિયમા જાયએ સવ્વકાલં ॥
અન્નુન્નુપ્પત્તિહેઉ નયગમગહણંબીય અંકૂરરૂવં ।
અવ્વાબાહં જિણાણું જયઉ પવયણું પંચકલ્લાણએસુ ॥ ૩ ॥

ગોરીગંધારીકાલીનરત્તરમહિસી હંસસગ્ગોરહત્થા ।
સવ્વત્થા માણવી વા વરકમલકલ્લા રોહિણી સંતિઅંબા ॥
પણુત્તિચ્છુતિપોમ્મા ધણસરસયા ખિત્તગેહાઈવાસા ।
સંતિં સંઘે કુણંતુ ગહગણસહિયા પંચકલ્લાણએસુ ॥ ૪ ॥

# श्री रात्रिक अतिचार

સંથારા ઉવટ્ટણકી અ ॥ પરિઅટ્ટણકી અ ॥ આઉટ્ટણકી અ ॥ પસારણકી અ ॥ છપ્પઇ સંઘટ્ટણકી, સંથારા ઉત્તરપટ્ટા ટાલી, અધિકું ઉપગરણ ઘાલ્યું. ॥ ઠાણાઓ ઠણં સંકામિયા ॥ સંથારે જીવ કોઈ વિણટ્ઠો ॥ કુસ્વપ્ન દુસ્વપ્ન લાધ્યા ॥ ઓઘો મુહપત્તિ સંઘટ્ટો. ॥ માત્રું અવિધિએ પરઠવ્યું ॥ સંથારા વિધિ ભણવી વિસારી. ॥ આહટ્ટ દુહટ્ટ ચિંતવ્યું ॥ આર્ત રૌદ્ર ધ્યાન ધ્યાયાં ॥ રાત્રી સંબંધી જે કોઈ અતિચાર લાગ્યો હોય ॥ તે સવિ હું મન, વચન, કાયાએ કરી મિચ્છામિ દુક્કડં ॥

# २ जो अतिचार

દિવસના અતિચાર લિખ્યતે ॥ ઠાણે કમણે, ચંકમણે, આઉટ્ટે, અણાઉટ્ટે હરિયક્કાયસંઘટ્ટે ॥ બીયક્કાય સંઘટ્ટે ॥ ત્રસકાય સંઘટ્ટે ॥ થાવરકાય સંઘટ્ટે ॥ છપ્પઈ સંઘટ્ટે ॥ ઠાણાઉ ઠાણું સંકામિયા ॥ દેહરે ગોચરી બાહિર ભૂમિ માર્ગે જતાં આવતાં ॥ નીલ, ફૂલ, સેવાલ, હરિયક્કાય, બીયક્કાય, ત્રસ-કાય તણાં સંઘટ્ટ, પરિતાપ ઉપદ્રવ હુઆ ॥ પૃથ્વીકાય ચાંપ્યા ॥ કાચા પાણી તણા છાંટા લાગ્યા ॥ દેહરા ઉપાસ-સરામાંહિ ॥ પેસતા નિસરતા નિસીહિ, આવસ્સહિ ન કહી ॥ સ્ત્રી તિર્યંચતણા સંઘટ્ટ હુઆ ॥ ઓઘો, મુહપત્તિ, ચોલપટ્ટો સંઘટયો ॥ ઉઘાડે મુખે બોલ્યા ॥ વાત વિકથા કીધી ॥ સાવદ્ય વચન બોલ્યાં ॥ અણપુંજે હિંડયા ॥ અણપુંજે

એઠા ॥ પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ આશ્રયિ કાંઈ વિરાધના હુઈ હોય. ॥ અણ શોધ્યું સ્થંડિલ માત્રું અવિધિએ પરઠવ્યું ॥ દિવસ સંબંધિ જે કોઈ અતિચાર પાપ દોષ લાગ્યો હોય ॥ તે સવિ હું મન, વચન, કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં.

## साधुना पाक्षिक अतिचार

ૐ નમઃ ॥ **અતિચાર** ॥ ૧ ॥ નાણંમિ દંસણંમિ અ, ચરણંમિ તવંમિ તહય વીરિયંમિ ॥ આયરણં આયારો, ઇઅ એસો પંચહા ભણિઓ. ॥ ૧ ॥ જ્ઞાનાચાર, દર્શનાચાર ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર, એ પંચવિધ આચારમાંહિ, અનેરો જે કોઈ અતિચાર, પક્ષ દિવસમાંહિ, સુક્ષ્મ, બાદર જાણતાં અજાણતાં હુઓ હોય તે સવિ હું મન, વચન, કાયાએ કરી મિચ્છામિ દુક્કડં.

**અતિચાર** ॥ ૨ ॥ તત્ર જ્ઞાનાચારે આઠ અતિચાર, કાલે વિણએ બહુમાણે, ઉવહાણે તહ અનિન્હવણે ॥ વંજણ અત્થ તદુભએ, અટ્ઠવિહો નાણમાયારો. ॥ ૧ ॥ જ્ઞાન કાલ-વેલામાંહિ, ભણ્યો, ગણ્યો, વિનયહીન, બહુમાન હીન, યોગ ઉપધાન હીન, અનેરા કન્હે ભણી, અનેરો ગુરૂ કહ્યો. ॥ દેવ, ગુરૂ, વંદન, વાંદણે, પડિક્કમણે, સજ્ઝાય કરતાં ભણતાં, ગણતાં, કૂડો અક્ષર, કાનો માત્ર, આગળ ઓછો ભણ્યો. ॥ સૂત્ર કૂડું કહ્યું, અર્થ કૂડો કહ્યો, તદુભય કૂડાં કહ્યાં. ॥ મહાત્માતણે ધર્મે, કાજો અણઉધર્યે, દાંડો અણપડિલેહે, વસ્તી અણશોધે, અણપવેઇએ, શ્રીદશવૈકાલિક પ્રમુખ

સિદ્ધાંત ભણ્યે. સજ્ઝાય કીધો. ભણ્યો, ગણ્યો, શ્રાવકતણે ધર્મે, ઉપદેશમાલા થિરાવલિ પ્રમુખ. જ્ઞાનોપગરણ, પાટી, પોથી, ઠવણી, કવલી, નોકારવાલી, સાપડા, સાપડી, દસ્તરી, વહી, ઓલિયા, પ્રમુખ પ્રત્યે પગ લાગ્યો, થુંક લાગ્યું, થુંકે કરી અક્ષર માંજ્યો, ઓસીસઈ જ્ઞાન દીધો, જ્ઞાન કન્હે છતાં, આહાર, નિહાર કીધો. પ્રજ્ઞાહીન, તોતડો, કુણહી, કાણો, બોબડો, દેખી હસ્યો, વિતકર્યો, આપણા જાણપણાં તણો ગર્વ ચિંતવ્યો, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન, એ પંચવિધ જ્ઞાનતણી, આશાતના હુઈ હોય, જ્ઞાનાચાર વ્રત વિષયિઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ૦

## ॥ अतिचार २ जो ॥

દર્શનાચારે આઠ અતિચાર ॥ નિસ્સંકિઅ નિઃકંકિખઅ, નિવ્વિતિગિચ્છા અમૂઢદિટ્ઠી અ ॥ ઉવવુહ થિરિકરણે, વચ્છલ્લ પભાવણે અઠ ॥ ૧ ॥ દેવ, ગુરૂ, ધર્મતણે વિષે, નિઃશંકપણું ન કીધું, તથા એકાંત નિશ્ચય ધર્યો નહિ, ધર્મ સંબંધીઆ ફલ તણે વિષે, નિઃસંદેહ બુદ્ધિ ધરી નહિ, સાધુ, સાધ્વી તણી નિંદા કીધી, મિથ્યા દૃષ્ટિ તણી, પૂજા પ્રભાવના દેખી, મૂઢ દૃષ્ટિપણું કીધું. તથા સંઘમાંહિ ગુણવંતતણી, અનુપબૃહણા કીધી, અસ્થિરિકરણ, અવાત્સલ્ય, અપ્રીતિ, અભકિતતણી, ભકિત કીધી. તથા દેવદ્રવ્ય, ગુરૂદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, સાધારણ દ્રવ્ય, ભક્ષિત, ઉપેક્ષિત, પ્રજ્ઞાપરાધે વિણાસ્યો, વિણસતાં ઉવેખ્યો, છતી શકિતએ સાર સંભાલ ન કીધી, તથા સાધર્મિકશું, કલહ, કર્મબંધ કીધો, અપવિત્ર દેહ,

નિર્મલ ધોતિ, મુખકોશ વિના દેવપૂજા કીધી, બિંબ પ્રત્યે, વાસકુંપી, ધૂપધાણા કલશતણો ઠબકો લાગ્યો, બિંબ હાથ થકી વિછુટો, પડિલેહણા વિસારી, જિન ભુવન તણી ચોરાશી આશાતના, ગુરૂ, ગુરૂણી પ્રત્યે તેત્રીશ આશાતના કીધી હોય, ગુરૂવચન, તહત્તિ કરી પડિવજ્યું નહિ, દર્શનાચાર વ્રત વિષયિઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ.

## ॥ अतिचार ४ थो ॥

ચારિત્રાચારે આઠ અતિચાર ॥ પણિહાણ જોગ જુત્તો, પંચહિં સમિઈહિં તીહિં ગુત્તીહિં ॥ એસ ચરિત્તાયારો, અટ્ઠવિહો હોઈ નાયવ્વો. ॥ ૧ ॥ ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાન ભંડમત્ત નિક્ષેપણા સમિતિ, પારિષ્ટાપનિકા સમિતિ, મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, એ અષ્ટ પ્રવચન માતા, મહાત્માતણે ધર્મે, સદૈવ, શ્રાવકતણે ધર્મે સામાયિક, પોસહ લીધે, રૂડી પેરે પાલ્યા નહિ, ખંડન, વિરાધના, હુઈ હોય, ચારિત્રાચાર વ્રત વિષયિઓ, અનેરો જે કોઈ અતિચાર, પક્ષ દિવસમાંહિ.

## ॥ अतिचार ५ मो ॥

વિશેષતઃ ચારિત્રાચારે તપોધનતણે ધર્મે, વયછક્કં, કાયછક્કં, અકપ્પો ગિહીભાયણં, પલિયંક નિસિજ્જાએ, સિણાણં સો ભવજ્જણં, વ્રતષટ્કે, પહેલે પ્રાણાતિપાત વિરમણ મહાવ્રતે, સુક્ષ્મ, બાદર, ત્રસ, સ્થાવર તણાં, સંઘટ્ટ પરિતાપ, ઉપદ્રવ હુઓ, બીજે મહાવ્રતે, ક્રોધ, લોભ, ભય, હાસ્યલગે, જુઠું

ઓલ્યા, ત્રીજે અદત્તાદાન વિરમણ મહાવ્રતે, સ્વામી જીવાદત્તં, તિત્થયરદત્તં, તહેવ ગુરૂહિં, એવં અદત્ત દાનં ચઉવ્વિહં વિત્તિ જગ ગુરૂણો, સ્વામીઅદત્ત, જીવઅદત્ત, તીર્થંકરઅદત્ત, ગુરૂઅદત્ત, એ ચતુર્વિધ અદત્તમાંહિ, સાધુ, સાધ્વીતણું, કાંઈ, અણમોકલાવી વાવર્યું, ચોથે મૈથુન વિરમણ મહાવ્રતે, વસહિ કહ, નિઃસિજીંદીઅ, કુડુંતર, પૂવ્વ કીલિય, પણીએ, અહિમાયાહાર, વિભુસણાએ, નવ બંભચેર ગુત્તીઓ, નવ બ્રહ્મચર્ય ગુપ્તિતણે વિષે, દૃષ્ટિ વિપર્યાસ હુઓ, સુહણે સુપનાંતરે, પાંચમે પરિગ્રહ વિરમણ મહાવ્રતે, ધર્મોપગરણ તણે વિષે, ઇચ્છા, મુર્છા, ગૃદ્ધિ, આસકિત ધરી હોય, અધિકું ઉપગરણ રાખ્યું, પર્વતીથે પડિલેહ્યું નહિ, છટ્ઠે રાત્રીભોજન વિરમણ વ્રતે, અસુરૂં પાણી કીધું, પાત્રા પાત્રી બંધ, તકાદિકતણો ખરહટ્ટો રહ્યો, લેપ, ઔષધાદિક તણો, સંનિધિ રહ્યો, પાંચ મહાવ્રત, છટ્ઠે રાત્રીભોજન વ્રત વિષયિઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૦

## ॥ अतिचार ६ ट्ठो ॥

કાય ષટ્કે, ગામતણે પેસારે નિસારે, પગ પડિલેહવા વિસાર્યા, માટી, મીઠું, મરડ, ખડી, ધાવડી, અરણેટ્ટો, પાષાણતણી ચાતલી ઉપર પગ આવ્યો, અપકાયતણી વિરાધના હુઈ હોય, સુક્ષ્મ, બાદર, મધ્યમ, વાગારી ફૂસણા હુઆ, વહોરવા ગયા, ઉલકો હાલ્યો, લોટો ઢોલ્યો, કાચા પાણી તણા છાંટા લાગ્યા, ચાંપ્યા, વિરાધના હુઇ હોય, તેઉકાય વીજ દીવાતણી ઉજેહી હુઇ, રાખ વહોરતાં ઉબાડું હાલ્યું,

